
સાહિત્યવિચાર



આનન્દશંકર
બાપુભાઈ
ધ્રુવ





સાહિત્યવિચાર

લેખક :

આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ


એમ. એ., એલએલ. બી., ડી. લીટ્.




ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય


ગાંધીરસ્તો : અમદાવાદ.










ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા
ગાંધીરસ્તાઃ અમદાવાદ.





આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ
એમ. એ., એલએલ. બી., ડી. લીટ્.

સાહિત્યવિચાર

લેખક :

આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ

એમ. એ., એલએલ. બી., ડી. લીટ્.

•

સંપાદકો :

રામનારાયણ વિ. પાઠક

ઉમાશંકર જોશી



પ્રાપ્તિસ્થાન

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરસ્તો : અમદાવાદ.

આવૃત્તિ પહેલી : ૧૯૪૧
આવૃત્તિ બીજી : ૧૯૪૭
કિંમત : સાડા પાંચ રૂપિયા

પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
ગાંધી રસ્તો : અમદાવાદ

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ
શારદા મુદ્રણાલય,
પાનકોર નાકા : અમદાવાદ

બીજી આવૃત્તિનો ઉપોદ્‌ઘાત

આરંભમાં જ અમારા કૈલાસવાસી પૂજ્ય પિતાશ્રીના 'સાહિત્ય-વિચાર'ના લેખોની પ્રથમ આવૃત્તિનું સંપાદનકાર્ય શ્રીયુત રામનારાયણ પાઠક અને શ્રીયુત ઉમાશંકર જોષીએ ગૂજરાત વર્નાક્યુલર સોસાઈટી દ્વારા જે પરિશ્રમ લઈને કર્યું છે તે માટે અમે એ બન્ને વિદ્વાનોનો તથા સોસાઈટીનો ઉપકાર માનીએ છીએ. વળી, આ ગ્રન્થની પ્રથમ આવૃત્તિના મહત્ત્વના ઉપોદ્‌ઘાત માટે શ્રીયુત રામનારાયણભાઈના અમે ઉપકૃત છીએ. આ ઉપરાંત આ બીજી આવૃત્તિ છપાવવા બદલ અમે ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલયનો આભાર માનીએ છીએ. આ આવૃત્તિમાં અમે સુધારોવધારો કર્યો નથી. અમે આશા રાખીએ છીએ કે આચાર્યશ્રી આનન્દશંકરભાઈના આ લેખો લોકોમાં સારા પ્રમાણમાં વંચાશે.

ધ્રુભાઈ આનન્દશંકર ધ્રુવ
પ્રહ્‌લાદભાઈ આનન્દશંકર ધ્રુવ

ઉપોદ્‌ઘાત

આચાર્યશ્રી આનંદશંકરભાઈના વિવેચનલેખોનું આ બીજું પુસ્તક બહાર પડે છે. હજી ત્રીજું પુસ્તક થાય એટલા વિવેચનાત્મક લેખો બાકી છે, જે અનુકૂળતા હશે તો આ સંસ્થા તરફથી જ બહાર પડશે. પણ જેટલું બહાર પડ્યું છે તેટલું અભ્યાસીને એમના સાહિત્યની વિશિષ્ટ મહત્તા સમજવા માટે પૂરતું છે.

એમના લખો વાંચતાં प्रसन्नगंभीरपदां सरस्वती એવા ઉદ્‌ગાર સહેજે નીકળી જાય છે. એમના માનસનાં પ્રસાદ અને ગાંભીર્ય, એમાંથી નીકળી વહેતી સરસ્વતીમાં પૂરેપૂરાં ઊતર્યાં છે. એમની સાહિત્યમીમાંસા એમના તત્ત્વજ્ઞાન જેટલે ઊંડે જાય છે અને એ હમેશાં પ્રસન્ન હોય છે,—બન્ને અર્થમાં તે સ્વસ્થ પણ છે અને સ્વચ્છ પણ છે.

આપણા સંસ્કૃત કાવ્યશાસ્ત્રકારોના ગ્રંથો જુઓ, કે પશ્ચિમના એરિસ્ટોટલથી માંડીને ક્રોચે સુધીના મહાન કાવ્યમીમાંસકોનાં ગ્રંથો જુઓ, તો જણાશે કે તેમની વિવેચના તેમના તત્ત્વજ્ઞાન જેટલી ગહનતાને પહોંચે છે. કાવ્યને બ્રહ્માની સૃષ્ટિથી સ્વતંત્ર અને ઉત્કૃષ્ટતર સૃષ્ટિ કહેલી છે, તો તેની મીમાંસા પણ એટલી ગહન ન થાય તો જ નવાઈ, અને આચાર્યશ્રીએ ઘણી જગાએ કહ્યું છે તેમ કાવ્યજગત વાસ્તવિક જગત કરતાં વધારે સત્ય છે, અને તત્ત્વજ્ઞાન વાસ્તવિક જગતમાંથી

આકસ્મિક અને ક્ષણિકને દૂર કરીને તત્ત્વભૂત શાશ્વતને શોધવાનો પ્રયત્ન કરે છે, એટલે બન્ને જગતનું તત્ત્વજ્ઞાન એક જ હોય એ સ્વાભાવિક છે. આચાર્યશ્રીની વિવેચનચર્ચામાં બન્નેના તત્ત્વજ્ઞાનનું અભેદ-દર્શન વાચકને વારંવાર થશે.

આચાર્યશ્રીનું તત્ત્વજ્ઞાન અલબત્ત શાંકર અદ્વૈતવાદ છે. પણ, એમના ધર્મ અને તત્ત્વજ્ઞાનના નિબંધો જોતાં જણાય છે તેમ, એ અદ્વૈતવાદને પોતે પશ્ચિમના વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનથી પરિષ્કૃત કરી, નવીન અને જીવન્ત કરી સ્વીકારેલો છે. એમની કાવ્યની ગહન ચર્ચામાં આ તેમનું તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાન્તો જણાય છે, અને ચર્ચા જ્યાં એટલે ઊંડે ન જતી હોય ત્યાં પણ તેની નીચે એ જ સિદ્ધાન્તો અધિષ્ઠાનભૂત છે એમ જણાયા વિના રહેશે નહિ. એમના જેટલી મૂળગત સિદ્ધાન્તોની એકસરખી વફાદારી બહુ ઓછા લેખકોમાં મળશે. લગભગ ચાળીશ વર્ષના લાંબા પટ પર અનેક વિષયો ઉપર એમણે લખ્યું છે છતાં ક્યાંય પણ મૂળ સિદ્ધાન્તોનું તેમનું અનુસંધાન તૂટેલું માલૂમ પડશે નહિ.

મહનતા જેટલું જ તેમનાં ચિંતનનું મહત્ત્વનું લક્ષણ દૃષ્ટિની વિશાલતા કે ઉદારતા છે. એ વિશાલતા તે માત્ર રુચિની જ વિશાલતા નથી. આપણે સર્વ જાણીએ છીએ કે ગુજરાતી સાહિત્યમાં થોડાં વરસ સુધારક અને સનાતની, પશ્ચિમના પક્ષપાતી અને પૂર્વના પક્ષપાતી, એવાં સામસામાં તડો કે પક્ષો કે પેઢીઓ હતી, તેમાં તેઓ બન્નેના મિત્ર હતા અને બન્નેના રસજ્ઞ હતા. તેમ જ અત્યારે આપણા સર્જનાત્મક સાહિત્યમાં ઉપદેશપ્રધાન અને કેવલ કલાપ્રધાન એવા, અને રોમૅન્ટિક અને ક્લાસિકલ એવા ભેદો થાય છે ત્યારે, તેઓ બન્નેનું યથાર્થ નિરૂપણ કરે છે અને તેમાં પણ ઉભયની રસજ્ઞતા બતાવે છે. પણ એમની ખરી દૃષ્ટિવિશાળતા તો એ છે કે તેઓ પૂર્વના અને પશ્ચિમના સર્વ ઉત્તમ સાહિત્યને અને વિવેચનને સમત્વથી સમજે છે. સત્ય ગ્રહણ કરવામાં તેમને પૂર્વ કે

પશ્ચિમનો કે પ્રાચીન કે અર્વાચીનનો પક્ષપાત નથી. તાત્ત્વિક ગહનતાથી અને દૃષ્ટિની વિશાલતાથી તેમના લેખોમાં અનેક વિરોધી મતોનો સંગ્રહ થાય છે, અનેકનો સમન્વય થાય છે. વૈવિધ્યના અનાદરથી કે ઉપેક્ષાથી નહિ, પણ સ્વીકારથી, તેની પાછળ જઈ, તેમાં ઊંડા ઊતરી, તેઓ તેની પાર રહેલા એકત્વનું દર્શન કરાવી વિરોધનું શમન કરે છે.

એમની વિષયગ્રહણ અને વિષયનિરૂપણની પદ્ધતિનું એવું જ મહત્ત્વનું એક લક્ષણ એમની ઐતિહાસિક દૃષ્ટિ કે ઐતિહાસિક પદ્ધતિ છે. તેમની નજર જેમ વિસ્તારમાં આડી દૂર સુધી જાય છે, તેમ સમયમાં ઊભી કે ઊંડી પણ દૂર સુધી જાય છે. કાવ્ય અને તેની મીમાંસા મનુષ્યની સર્વ પ્રવૃત્તિઓમાં એક અત્યન્ત જીવન્ત વ્યાપાર છે. જીવનને કે તેની પાછળ રહેલા તત્ત્વને ભલે એક, સનાતન, અક્ષર અને શાશ્વત કહો, પણ એ તત્ત્વ અનંત સમયમાં સ્ફુરાયમાણ થતું અનેક રૂપો ધરતું, ક્ષણે ક્ષણે નવીનતાની લીલા કરતું જ સંભવે છે. ખરું તો, તેના વૈવિધ્યના ભાન વિના તેના એકત્વનું દર્શન જ અશક્ય છે. જીવનના અભ્યાસમાં તેનું ઐતિહાસિક દર્શન અનિવાર્ય છે, તો કાવ્યને પણ તેનાં ઇતિહાસગત અનેક રૂપોમાં જોવું જ જોઈએ. અને તેના અભ્યાસની એ સાચી પદ્ધતિ ગણાય. એથી ઘણી ગૂંચોનો ઉકેલ આવી જાય છે.

દરેક લેખક જાણતાં કે અજાણતાં પોતાની પરિસ્થિતિની ભૂમિકા ઉપર જ વિચાર કરતો હોય છે, અને પોતાના સમકાલીનોને નજર આગળ રાખીને લખતો હોય છે. એટલે એ પરિસ્થિતિ સાથે તેના અભિપ્રાયોનો અન્વય કરવાથી તે અભિપ્રાયનું કારણ અને તેનું સાચું મૂર્ત સ્વરૂપ જોઈ શકાય છે. અને એ યથાર્થ દર્શનથી તે અભિપ્રાયમાં રહેલો ખરો જીવન્ત અને વિસ્તારક્ષમ અંશ પકડી આગળ ચલાવી શકાય છે; અને તેની મર્યાદા પણ જોઈ શકાય છે. આ પુસ્તકોમાં આવતી ચર્ચાઓમાં આચાર્યશ્રીએ ઘણી ગેરસમજૂતો અને ઘણા મતભેદોનો ઉકેલ આ પદ્ધતિથી આણેલો જણાશે. એટલું

જ નહિ, માનવજાતિની મહાન પ્રવૃત્તિઓનાં આંદોલનો લાંબા ઇતિહાસપટ જોવાથી જ સમજી શકાય છે. સત્યનું ખંડદર્શન ઘણીવાર ભ્રામક હોય છે. રોમેન્ટિક અને ક્લાસિકલના ભેદની ચર્ચા કરતાં તેઓ પશ્ચિમના ઇતિહાસમાં અંકાયેલી આખી સાહિત્યરેખા જોઈ વળે છે, અને એમાંથી બન્ને પ્રકારોનો સંબંધ, ઊગમ અને તારતમ્ય સ્પષ્ટ કરે છે. એ જ રીતે કોઈપણ લેખકના સાહિત્યફાળાનું મૂલ્ય પણ તેઓ લાંબી ઇતિહાસદૃષ્ટિએ મૂલવે છે. આ બીજા સંગ્રહમાં આપણા અને સાહિત્યકારોના જીવનના સારામાઠા પ્રસંગે તેમણે વ્યકિત ઉપરથી ઇતિહાસ ઉપર પ્રકાશ પાડયો છે અને ઇતિહાસ ઉપરથી વ્યકિત ઉપર પ્રકાશ પાડયો છે.

તેમની સાહિત્યની રુચિ અને સાહિત્યનાં ધોરણો પૂર્વ પશ્ચિમની મહાનમાં મહાન સાહિત્યકૃતિઓથી ઘડાયાં છે. એમની દૃષ્ટિએ સાહિત્યકારોની પહેલી પંક્તિમાં વાલ્મીકિ, વ્યાસ, હોમર, શેક્સપિયર, ગેટે, એથી વધારે ભાગ્યે જ આવી શકે. કાવ્યને તેઓ આત્માની—સમગ્ર આત્માની કલા માને છે, તો કાવ્ય પણ જે સમગ્ર આત્માને—સમગ્ર 'સંવિત્' ને, રસાનંદ આપે, સર્વ ભાવનાને સંતુષ્ટ કરે, તે ઉત્તમ. અને પ્રસંગવશાત્ તેમણે અનેક કોટિની કૃતિઓની સમાલોચનાઓ કરી છે પણ તેમની સ્વાભાવિક વૃત્તિ તો વ્યાસ, વાલ્મીકિ, શેક્સપિયર જેવાની કૃતિઓની સમાલોચના કરવા તરફ જ પ્રેરાય.* પણ એનો અર્થ એ નથી કે કાલિદાસની વિશેષતા તે સ્વીકારતા નથી.

---

* સદ્ગત નરસિંહરાવભાઇ નવલરામ વિશે લખતાં પ્રશ્ન કરે છે જે જર્વાઇનસ જેવા પશ્ચિમના મહાન વિવેચકો જેવા તેમને ગણી શકાય? અને પછી જવાબ આપે છે કે શેકપિયરના જેવી મહાન કૃતિઓ વિના આપણો વિવેચક પોતાની શક્તિ કેવી રીતે બતાવે? ગુજરાતીમાં શેક્સપિયર જેવી કૃતિઓ નથી, પણ આપણું સંસ્કૃત સાહિત્ય કંઇ દરિદ્ર નથી. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે અને આચાર્યશ્રીએ પોતાની શક્તિ વ્યાસ અને કાલિદાસની સમાલોચના કરી દર્શાવી છે, અને એ મહાન કૃતિઓ હજી ઘણા સમર્થ વિવેચકોની કલમને સહી શકે એવી છે.

એના સૌંદર્યને એ સ્વીકારે છે અને એની એમને કેટલી ઝીણવટભરી અને ઊંડી પારખ છે તે કાલિદાસનાં વારંવાર આવતાં અવતરણો અને દૃષ્ટાન્તો ઉપરથી, અને કાલિદાસનાં નાટકોના ભાષાન્તરની સમીક્ષા ઉપરથી તરત જણાઈ આવશે. પ્રસંગ મળતાં તેમની દૃષ્ટિ પૂર્વ અને પશ્ચિમના સમસ્ત કવિમંડળ ઉપર ફરી વળે છે. કાલિદાસ અને ભવભૂતિની પેઠે જ વર્ડ્ઝવર્થ અને બ્રાઉનિંગનાં અવતરણો આવે છે. અને પશ્ચિમના સાહિત્યના કરુણ પ્રસંગોની સાથે જ નળદમયંતી, સીતાવનવાસ વગેરે તેમની કલમે ચઢે છે,

તેમની વિષયનિરૂપણપદ્ધતિ પણ એમની આ સર્વ દૃષ્ટિઓને બરાબર બંધબેસતી આવે એવી છે. તેઓ હરકોઈ વિષયને ચર્ચતાં તેને અનેક દૃષ્ટિબિન્દુઓથી જુએ છે. તે વિશે જે જે મતો પ્રચલિત હોય તેને મહત્ત્વ પ્રમાણે રજૂ કરે છે. પોતાનાથી વિરોધી મતને પણ તેઓ પૂરેપૂરા વિશદ સ્વરૂપમાં મૂકે છે. તત્ત્વાભિનિવેશી દૃષ્ટિથી ગમે તેવા મોટા ગ્રંથકારનું દૃષ્ટિબિન્દુ પણ તેઓ બે કે ચાર જ પંક્તિઓમાં રજૂ કરે છે. પૂર્વ અને પશ્ચિમ બન્નેના મતોનો તેઓ યથાયોગ્ય ઉપયોગ કરે છે, જુદાજુદા મતોનો વિરોધ બતાવે છે, તેને ઐતિહાસિક દૃષ્ટિએ જુએ છે, ભવિષ્યપદ્ધતિએ નવો અર્થ કરે છે—અર્થવિસ્તાર કરે છે, વિરોધી મતોનો સંગ્રહ કે સમન્વય કરે છે. એમ કરતાં ગમે તેવા મહાન લેખકની, તે પૂર્વનો હોય કે પશ્ચિમનો હોય, જગન્નાથ હોય કે એ એરિસ્ટોટલ હોય કે ક્રોચે હોય, તેની પણ સત્યની ખાતર ટીકા કરતાં તેઓ સંકોચ ધરતા નથી. ગમે તેટલાં વિચારજાળાં કે વિચારધૂમ કે વિચારવમળની પાર જઈ તેઓ સત્યને જુએ છે, અને પોતે જુએ છે તેવું તેને સંપૂર્ણરૂપે વિશદ રીતે મૂકે છે. તેમની બુદ્ધિની સૂક્ષ્મતા આગળ કશું દુર્ભેદ્ય નથી, તેમની બુદ્ધિની વિશાળતા—ઉદારતા આગળ કશું દુર્ગ્રાહ્ય નથી.

તેમની શૈલી ઘન, ગંભીર, મિતાક્ષરી, સીધી, લક્ષ્યગામી, સમતાવાળી અને એકસરખી ઔચિત્યવાળી છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ અર્થને

તે બરાબર વ્યક્ત કરે છે, ઝાંખામાં ઝાંખી અર્થચ્છાયા દર્શાવે છે, યથાપ્રસંગ સંસ્કૃત પારિભાષિક તેમજ ઘરગતુ ગુજરાતી શબ્દ વાપરે છે, જરૂર પડે ત્યાં બરાબર બંધ બેસતું દૃષ્ટાન્ત આપે છે, અને અર્થને બરાબર પ્રકાશે એવા, પ્રૌઢિને હાનિ ન કરતાં પોષે એવા અલંકારો આપે છે. પણ ઉત્તમ ગદ્યનું આ રીતે બતાવી ન શકાય તેવું મુખ્ય લક્ષણ ગદ્યલય છે, જે કોઈ એક વાક્ય, કે માત્ર પારિગ્રાફથી જ નિષ્પન્ન નથી થતો, પણ આખા લેખમાં અનુભવી શકાય છે. અને ઉત્તમ ગદ્ય ભાષાના બાહ્ય સ્વરૂપ ઉપર આધાર રાખે છે તેટલું જ કે તેથી પણ વિશેષ, વિચારની સુશ્લિષ્ટતા, વિષયજન્ય કે વિષયોચિત ક્રમ, નિરૂપણને બઢાવતો, વિકસાવતો, પુષ્ટ કરતો, વિચારોને લક્ષ્ય તરફ કૂચ કરાવતો ઉપાડ, એ ઉપર આધાર રાખે છે. અને આચાર્યશ્રી આનંદશંકરના ગદ્યનું એક પ્રબળ લક્ષણ એ છે.

આ લેખો એક માસિકમાં જુદે જુદે પ્રસંગે લખાયેલા છે. એ સર્વની પછવાડે એક મહાન પ્રયોજન રહેલું છે—પણ એ બધા, એક સળંગ નિરૂપણના નથી, એટલે એમાં કોઈ કોઈ વિચારોનું પુનરાવર્તન થાય એ અનિવાર્ય છે. પણ એમની ભાષા એટલી મિતાક્ષરી છે, અને વક્તવ્ય એટલું મહત્ત્વનું છે કે કોઈ પણ જગાએ એ ક્લેશકર થવાનો લેશ પણ સંભવ નથી. ઊલટું તે અભ્યાસીને અનેક દૃષ્ટિએ ઉપકારક થશે. તેથી, કઈ વાત અભ્યાસમાં વારંવાર કહેવાની જરૂર પડી છે, કઈ વાત વારંવાર દૃષ્ટિબહાર રહી જાય છે, તે જાણવા મળે છે. પહેલા પુસ્તકના પ્રારંભમાં કાવ્ય એ માત્ર હૃદયના સંક્ષોભથી થતું નથી, પણ આત્માની, સમગ્ર 'સંવિત'ની કલા છે એમ એમણે સદ્ગત રમણભાઈનો હૃદયસંક્ષોભ-મત ચાલતો હતો ત્યારે કહ્યું, તે અમુક વરસે પાછું શ્રી મુનશીના 'નીતિ એ કલાની વિષકન્યા છે' એ મતની ચર્ચા કરતાં તેમને ફરી કહેવું પડ્યું. એકનો એક પ્રશ્ન આપણા બૌદ્ધિક જીવનમાં કેવી

રીતે ફરી ફરીને જુદેજુદે સ્વરૂપે આવે છે તે આવા લાંબા સમય પર વિસ્તરેલા એક જ વ્યક્તિના લેખોમાં વધારે સરલ રીતે જોઈ શકાય છે.

આ લેખો આ વિષયના અભ્યાસીને અમૂલ્ય ધન છે. ધરતીને વધારે ખેડીએ ને તે વધારે વધારે ફળદાયી થાય તેમ આ લેખોને અભ્યાસી જેમ વધારે ખેડશે તેમ તેને વધારે ફળદાયી નીવડશે. આના જેવો ક્ષોદનક્ષમ ગ્રંથ આ વિષયમાં હજી ગુજરાતીમાં પ્રસિદ્ધ થયો નથી, અને ઘણાં વર્ષો તે એવો જ રહેશે.*

'વસન્ત' માસિક જેમાંથી આ લેખો એકત્રિત કર્યા છે તે શરૂ કરવાનો અને ચલાવવાનો મુખ્ય હેતુ, ગુજરાતમાં પોતાની યુનિવર્સિટી નથી તેની ખોટ પૂરી પાડવાનો હતો એમ આચાર્યશ્રીએ અનેક વાર કહ્યું છે. અનુમાનને નૈયાયિકોએ સ્વાર્થ અને પરાર્થ એમ બે પ્રકારનું કહ્યું છે, તેમ, ઉપર કહ્યો તે આચાર્યશ્રીની સાહિત્ય—પ્રવૃત્તિનો પરાર્થ હેતુ હતો. તેનો સ્વાર્થ હેતુ, તે બીજું કાંઈ નહિ પણ સત્યભક્તિ, સત્યસેવન, સત્યોપાસના કે નામફેરે વિદ્યોપાસના છે. તેમને મન દેશસેવા અને સત્યસેવા એ ભિન્ન નથી. અને આ બાબતમાં તેમની એકસરખી નિષ્ઠા અત્યારે પૂજ્ય મહાત્માજી વિના બીજા કોની સાથે સરખાવી શકાય તે હું જાણતો નથી.

આ પુસ્તકોમાં, આચાર્યશ્રી ગુજરાતના છેલ્લા લગભગ અરધા સૈકાના બૌદ્ધિક ઇતિહાસના એક સહૃદય દ્રષ્ટા થયા છે, અને ઇતિહાસને

---

* અનેક પ્રકારના અધિકારીઓ આ ગ્રંથ વાંચશે, અને સંભવિત છે કે કોઇ આની વિશાળતાથી મુગ્ધ થઈ તેનું અનુકરણ પણ કરે. દરેક સાચો લેખક પોતપોતાની શૈલી શોધી રહે છે, પણ કોઈ અનુકરણ કરવા પ્રેરાય તો એટલી ચેતવણી આપવી જરૂરની ધારું છું કે આચાર્યશ્રીની વિચારસમૃદ્ધિ વિના તેમનું અનુકરણ પોકળ અને કેવળ આડંબરી નીવડશે.

તેમણે એવું ધન આપ્યું છે જે ઇતિહાસ મમતાથી ઘણાં વરસો સાચવી રાખશે, એમ માનું છું.

ગુજરાતમાં ઘણા વિદ્વાનો, અભ્યાસીઓ અને વિચારકોના આચાર્યશ્રી ગુરુ થયા છે. મને તે લાભ મળ્યો નથી. તો આ ગ્રન્થ-પ્રકાશનને નિમિત્તે તેમના અંતેવાસી થવાનો મને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ લાભ આપ્યો તેને માટે હું તે સંસ્થાનો ઋણી છું.

તા. ૧૫–૨–'૪૧ રામનારાયણ વિશ્વનાથ પાઠક

અનુક્રમણિકા

સાહિત્યવિચાર

છઠ્ઠી ગૂજરાતી સાહિત્યપરિષદ્—અમદાવાદ
સત્કારમંડળના પ્રમુખ તરીકેનું ભાષણ

*

इदं कविभ्यः पूर्वेभ्यो नमोवाकं प्रशास्महे ।
विन्देम देवतां वाचममृतामात्मनः कलाम् ॥

કવિકુલાવતંસ શ્રીયુત ડૉ. રવીન્દ્રનાથ ટાગોર, ગુર્જરસાહિત્યવિલાસી બ્હેનો અને બંધુઓ—

આ છઠ્ઠી ગૂજરાતી સાહિત્યપરિષદ્ મેળવનાર અમદાવાદના સાહિત્યપ્રેમી મંડળ તરફથી હું આપને સ્વાગત દઉં છું. એ કાર્ય કરવાનું મને પ્રાપ્ત થયું છે, એ મ્હારૂં સુભાગ્ય છે. પણ, વિશેષમાં મ્હારે સ્વાગત કરવાના મ્હેમાનોમાં હિન્દના બલ્કે વર્તમાન સમયના અખિલ ભૂમંડળના અગ્રગણ્ય કવિવર રવીન્દ્રનાથ ટાગોર છે એમ હું જોઉં છું ત્યારે મ્હારૂં હૃદય અનન્યસાધારણ અહોભાગ્યના અનુભવથી, પુષ્પના ભારથી ડાળ લચે એમ, લચે છે; હું એ ક્રાન્તદર્શી મહાપુરુષને આ પરિષદ્‌ના સત્કારમંડળ તરફથી સ્વાગત દઈ પ્રણામ કરૂં છું, અને આશાથી ભરાઉં છું કે એમના આગમનથી આપણી ગુર્જરગિરા વસન્ત આવતાં વનલક્ષ્મી ખીલે એમ ખીલશે, અને એમને પોતાને પણ ઘણે વર્ષે આ ભૂમિનું બીજી વારનું દર્શન થતાં ઉત્તરરામચરિતમાં રામે જેવો પુરાનુભૂત ‘પંચવટી–સ્નેહ’ અનુભવ્યો હતો

એવો આ સાબરમતીની ભૂમિપ્રત્યે એ અનુભવશે, અને શાહીબાગ પાસે સાબરમતીના નિર્મળ વ્હેતાં નીર જોતાં જોતાં, યૌવનનાં મધુરાં સ્મરણ તાજા થઈ, એમની હૃદયવીણામાંથી કોઈક અવનવા જ અને કાળની વિદૂરતાથી અધિક કોમળ બનેલા સૂર નીકળશે.

'સ્મરણ'–શબ્દ મુખે આવતાં જ આ ક્ષણે મ્હારા હૃદયમાં કાંઇક સ્મરણો થઈ આવે છે! સૌને થયાં હશે. આ પરિષદ્‌ની ભાવના ઊપજાવનાર, અને આ જ નગરમાં એની પહેલી પરિષદ્ યોજનાર રા. રણછોડરામ ક્યાં? એ જ બેઠકના પ્રમુખ રા. ગોવર્ધનરામની અવિસ્મરણીય આકૃતિ ક્યાં? ઉભયની ખોટ ગૂજરાતને કેટલી બધી છે! પણ "ન ભૂલાતું, તું ભૂલી જા" એવી પ્રકૃતિની ક્રૂર અને દયાળુ આજ્ઞા છે. એને આપણે અનુવર્તવું પડશે, અનુવર્તીએ છીએ જ! ભાવી ગૂજરાતમાં એ આત્માઓ ભાવી યુગને અનુરૂપ રૂપમાં પ્રગટ થાઓ એટલું જ પ્રભુ પાસે માગીને આગળ ચાલીશું.

અતિથિને અર્ઘ્યપાદ્ય આપવાનો આપણો પ્રાચીન વહીવટ છે, અને તે આપતાં આપતાં આપની વધારે કિંમતી ભોજનવેળા વ્યતીત થવા નહિ દઉં, તોપણ થોડુંક વધારે પડતું રોકાણ થાય તો આપ ક્ષમા કરશો.

બ્હેનો અને બન્ધુઓ! હું આ પ્રસંગે અમારા અમદાવાદનાં લાંબાં લાંબાં યશોગાન નહિ ગાઉં–જો કે, જ્યાં પરિષદ્ મળે ત્યાં ભૂમિદેવતાની સ્તુતિ કરવાનો સામાન્ય રિવાજ છે. અમારી નગરી હિંદુસ્થાનના ઇતિહાસની પરિભાષામાં જેને "પ્રાચીન" કહીએ તેવી નથી. તેમ અમારી નગરી માટે રસિકતાનું અભિમાન ધરાવવાની પણ અમારી હિંમત ચાલતી નથી. અખો ભગત અને સામળભટ એ અમારા ખરા; અને વર્તમાન ગૂજરાતના કવિઓમાં ભક્તિરસ અને સૃષ્ટિસૌન્દર્યના પ્રેમમાં સહજે અગ્રસ્થાન ભોગવતા—સ્વ. ભોળાનાથ સારાભાઈ અને રા. નરસિંહરાવ ભોળાનાથ માટે અમને અમારાપણાનો ભાવ છે. તોપણ કુટિલ લોકમતે અમને રસિકતાના

ગુણ ઉપર કદી દાવો કરવા દીધો નથી, તેથી એ દાવો કરતાં અમે અચકાઈએ છીએ, પણ એક બીજા ગુણનું અભિમાન તો છાતી ઠોકીને અમે કરીશું, અને તે અમારી આકર્ષકતા. અમે આપણા સાક્ષર બન્ધુઓમાંથી ઘણા મ્હેમાનોને અહીંના વતની કરી દીધા છે. રા. ન્હાનાલાલ પોતાને અમદાવાદી કહેવડાવે છે કે કાઠિયાવાડી એ હું જાણતો નથી (હું ધારૂં છું કે અમદાવાદી જ કહેવડાવતા હશે), પણ એમના પિતાશ્રીને તો અમે વઢવાણના નહિ જ ગણવા દઈએ. રા. સા. મહીપતરામ અને રા. બા. કમળાશંકર એ બેને પણ અમે અમારા જ ગણીશું અને રા. રમણભાઈને પણ અમે સૂરત ભૂલાવી દીધું છે. કિં બહુના—મહાત્મા ગાંધીજીના સમ્બન્ધનું માન પણ ઇતિહાસ પોરબંદરને નહિ લેવા દે: "નવજીવન" અને "સત્યાગ્રહાશ્રમ" ની ભૂમિને જ એ માન આપશે.

હવે, બન્ધુજનો! અસંખ્ય રાજકીય, સામાજિક અને આર્થિક પ્રવૃત્તિઓથી વ્યાપ્ત વર્તમાન સમયમાં અમે આપને સાહિત્યવિષયક ચર્ચા કરવાને નોતર્યા છે. તે માટે આપ સાહિત્યપ્રેમી જનોની તો ક્ષમા યાચવાની જરૂર નથી, પણ જે વિશાળ જનસમાજના આપણે સૌ અંગ છીએ તે અમને ખુલાસો પૂછશે અને અમારે જવાબ આપવો પડશે કે–શા માટે અમે તમને અહીં એકઠા કર્યા છે, અને દેશનાં અન્ય અન્ય મહાન કાર્યમાંથી તમારો વખત રોક્યો છે? નવી ધારાસભાઓ માટે આપણે અત્યારથી શરૂ કરી દેવાનું કામ થોડું છે? એમાં ઉપસ્થિત કરવાના પ્રશ્નો જેવા તેવા છે? યુદ્ધ પછી પશ્ચિમની પ્રજાઓએ પોતાના દેશમાં ધનનો દુકાળ ટાળવા માટે પરદેશ ઉપર જે ઔદ્યોગિક હલ્લા કરવાની યોજનાઓ ઘડી છે તે સામે ટકી શકવા સારૂ આપણે સ્વદેશી ઉદ્યોગોને થોડા જમાવવાનો છે? આવી સ્થિતિમાં, સાહિત્યની વાતો કરવી એ કેટલાકને મન, રોમ બળતું હોય ત્યારે નીરોની માફક સારંગી વગાડવા બેસવા જેવું લાગશે. આનો ઉત્તર કેવલ સાહિત્યના જ રસમાં મ્હાલતા

અને એ રસથી જ જીવતા રસિક જનો તો એમના જીવન માત્રથી જ આપશે. સુદામા કે તુકારામને કહેવું કે કોઠીમાં દાણા નથી માટે કમાવા નીકળી પડો, એ ઉપદેશ સામાન્ય જન માટે ગમે તેટલો ખરો હોય પણ એમના જેવા ભક્તજનો માટે તો અસ્થાને છે. એઓ તો એમના પ્રભુના જ તાનમાં રહેશે, અને પ્રભુ જ એમના યોગક્ષેમનું વહન કરશે. તે પણ, કરો વા ન કરો ! તે જ પ્રમાણે, સરસ્વતીના ઉપાસકોને એમની ઉપાસનાનું ફળ મળો વા ન મળો, એમના કાર્યથી લાભ છે કે હાનિ એવો નફા—તોટાનો હિસાબ કર્યા વગર તેઓ એ દેવીની સેવા કર્યા જ કરશે. બેશક, રોમ બળતું હતું તે વખતે સારંગી વગાડવા બેસનાર નીરોનું કૃત્ય આપણે નિન્દ્ય ગણીશું, પણ નેપોલિયનની તોપના મારાથી શહેર સળગ્યું અને અગ્નિ સળગતો સળગતો ઘર સુધી આવી પહોંચ્યો, ત્યારે જ સમાધિમાંથી જાગી, પોતે લખવા માંડેલા પુસ્તકનાં કાગળીઆં ગજવામાં ઘાલી ચાલવા માંડનાર જર્મન ફિલસુફ (હેગલ)ને પણ આપણે એ જ હારમાં મૂકીશું ? એ ફિલસુફ રાષ્ટ્રના સ્થૂલ દેહનો વિધ્વંસ જોતો હતો તે જ ક્ષણે એ રાષ્ટ્રના સનાતન આત્માનું સ્વરૂપ આલેખતો હતો, અને સ્થૂલ દેહની ભસ્મમાંથી રાષ્ટ્રીય આત્માને ફરી ઉત્થાન પામવાની મૃતસંજીવની ઔષધિ બનાવતો હતો. સરસ્વતીજીની પાસે આપણે સેવા લઈશું ? કે સરસ્વતીજીની આપણે સેવા કરીશું ? એ પક્ષમાંથી કયો પક્ષ આપણે આપણો કરીએ છીએ એ ઉપર આપણા જીવનના સ્વરૂપનો આધાર રહેશે. એ પક્ષ એક જ નથી. બેનો ભેદ અકિંચિત્કર યાને તુચ્છ નથી. સેવા કરવાને આપણે આપણા જીવનમાં પહેલું પદ આપીએ છીએ કે સેવા લેવાને—એટલા સાદા દેખાતા પ્રશ્નના ઉત્તરમાં આપણા જીવનનું પાસું સવળું છે કે અવળું એવડો મ્હોટો ભેદ રહેલો છે. સરસ્વતીની આપણે સેવા કરવાની છે, એનો અનુગ્રહ પામવાનો છે. એ આપણી કરે એમ બોલતાં તો જીભ કપાઈ જવી જોઈએ. આમ

કહેવામાં તાત્પર્ય એ છે કે સાહિત્ય, કલા, તત્ત્વજ્ઞાન એ જનસમાજની સેવા અર્થે રચાએલી કૃતિઓ નથી, અને તેથી એની કિંમત જનસમાજને થતા લાભ પૂરતી થવી ન જોઈએ. એ લાભ તે તો જગન્માતા સરસ્વતીના ઊભરાતા પ્રેમનો પ્રસાદ છે. જ્યારે કવિતાપ્રતિભારૂપ "अमृता आत्मनः कला" (આત્માની અમર કલા) પૃથ્વી ઉપર ઊતરે છે, ત્યારે "हन्त मण्डितः संसारः," અને પાઠાન્તરે—पण्डितः संसारः," સંસાર મંડિત અને પંડિત ઉભય થાય છે. પણ આ મંડન અને આ પાંડિત્ય—અથાત્ સંસારને શોભાવવો, સંસારને વધારે ડાહ્યો કરવો તે "Seek ye first the Kingdom of God and His Righteousness: and all these things shall be added unto you."—એ ન્યાયે થતો 'ઊમેરો' યાને અનુગ્રહ, એટલે કે આનુષંગિક લાભ છે, એ એનું જીવાનુભૂત તત્ત્વ કે કિંમતની કસોટી નથી. પરંતુ નફાતોટાની દૃષ્ટિને, અને તે પણ રાષ્ટ્રીય લાભાલાભ રૂપ ધારણ કરે છે ત્યારે, આ ઉપાસના યા નિષ્કામ સેવાનું તત્ત્વજ્ઞાન એને ધ્યાનમાં બેસવું કઠણ છે. સુભાગ્યે પ્રભુએ નફાતોટાની અને નિષ્કામ સેવાની દૃષ્ટિ ભિન્ન રાખી છે, તો પણ બંનેને પામવાનું સત્ય લગભગ એક જ રાખ્યું છે, અને તેથી જે એક દૃષ્ટિએ સિદ્ધ થાય છે તે ઘણે ભાગે બીજી દૃષ્ટિએ પણ સિદ્ધ થાય છે જ. કવિનું કવિત્વ રાષ્ટ્રીયત્વથી સ્વતંત્ર હોવા છતાં, રાષ્ટ્રીયત્વને ઉપકારક થાય છે. હોમરનાં વીરપાત્રનું બુદ્ધિપૂર્વક અનુકરણ કરીને એલેક્ઝાંડર જગવિજેતા થયો, અને ગ્રીક સંસ્કૃતિને એશિયામાં વિસ્તારી. શિવાજી અને રજપૂતો રામાયણ અને મહાભારતની કથાના દૂધ ઉપર ઊછરી દેશનું સ્વાતન્ત્ર્ય રક્ષી તથા ઉદ્ધારી શક્યા. બંકિમચન્દ્રના એક કાવ્યે આખા હિન્દુસ્થાનને એકતાન કર્યું, અને સ્વદેશીનો મહામંત્ર પઢાવ્યો. અને આપણા આજના મ્હેમાન — ડૉ. રવીન્દ્રનાથ ટાગોરનાં કાવ્યો જેટલાં શુદ્ધ સૌન્દર્યથી તેટલાં જ અલૌકિક રાષ્ટ્રીયત્વથી અંકાએલાં છે. પણ આવાં પ્રકીર્ણ દૃષ્ટાન્તો—જેમાં બીજાં ઘણાંનો ઊમેરો થઈ શકે

એમ છે—એના કરતાં વધારે ઊંડા જઈને આપણે જોઈ શકીએ છીએ કે આપણા આગામી રાષ્ટ્રીય પુનર્ઘટનના યુગમાં કવિની ઘણી જરૂર પડશે. આ દેશના રાષ્ટ્રીય દેહની પુનર્ઘટના થશે, દેશ "નવપલ્લવ" ધારણ કરશે, અને એનો આત્મા જરઠ પડ્યો રહેશે? એના દેહમાં નવચૈતન્યનો સંચાર નહિ જોઈએ? એ ચૈતન્ય સમાજનું કે રાજ્યનું યન્ત્ર બદલવાથી પ્રાપ્ત થશે? થશે,—જેટલે અંશે ચૈતન્યને વધારે સ્વતન્ત્ર અને બન્ધનરહિત થઈને સંચરવાની સરળતા મળશે તેટલે અંશે. પરંતુ ચૈતન્યના સંચરવાનો મૂળ આધાર તો ચૈતન્યના પોતાના જ ઉપર છે. ઇટાલિને સંબોધીને કહેલા ડૅન્ટીના શબ્દો સાચા છે કે:—"Ah! servile Italy! hostel of grief!...what avails it for thee that Justinian readjusted the bridle, if the saddle be embty?" ઘોડા ઉપર ઘોડેસ્વાર નહિ હોય તો લગામ આમ તેમ ગોઠવ્યે શું થવાનું હતું? રાષ્ટ્રનું ચૈતન્ય 'પોલિંગ બૂથ'માંથી નહિ આવે; ત્યાં તો એ ફક્ત પ્રગટ થશે. સુપ્રસિદ્ધ ઉદાહરણ લઈએ તો, ફ્રેન્ચ રેવોલ્યૂશનનું ચૈતન્ય બૅસ્ટીલ ઉપર હલ્લો કરનાર ટોળાના હોકારામાં કે શસ્ત્રમાં જન્મ્યું નહતું, એનો જન્મ તો ફ્રેંચ ફિલૉસોફર્સ્ અને એન્સાઇક્લોપીડિસ્ટ્સની શાન્ત બુદ્ધિમાં થયો હતો. આ જ સત્ય વધારે પ્રબલ અને ગંભીર આકારમાં પ્રતિપાદન થએલું સાંભળવું હોય તો સાયણાચાર્યનું મંગળાચરણ છે—જેમાં એ મહાન વિદ્વાન્ એક પ્રાચીન વચનને પોતાની વાણીમાં ગૂંથીને કહે છે:—

"यस्य निःश्वसितं वेदा यो वेदेभ्योऽखिलं जगत् निर्ममे—"

રહસ્યાર્થ કે જ્ઞાન અને સાહિત્ય એ પરમાત્માનું નિઃશ્વસિત—પ્રાણ જેવી ચૈતન્યની સ્વાભાવિક ક્રિયા—છે, અને સમસ્ત જગત્ જ્ઞાન અને સાહિત્યમાંથી ઉત્પન્ન થાય છે.

પછી બુદ્ધિએ એક વખત નવા યુગને જન્મ આપ્યો, પછી એનું શું પ્રયોજન? આનો ઉત્તર કે સઘળા મહાન યુગપરિવર્તમાં

થાય છે તેમ હિન્દુસ્થાનમાં હાલ ચાલી રહેલા પરિવર્તમાં પણ નવા યુગનું તત્ત્વ સમજનાર, એની ભાવનાઓને અને આકાંક્ષાઓને પોતાની વાણીમાં વ્યક્ત કરનાર, એના આંધળા જીવનને નેત્ર અર્પનાર કવિની જરૂર પડશે. એટલું જ નહિ, પણ એ યુગની ક્ષણિકતા ભેદી, એ યુગની પાર જઈ, જીવનનાં સનાતન સત્યો પ્રગટ કરનાર મહાકવિની પણ જરૂર પડશે.

કવિ એ જનતાનું મુખ છે. અંગ્રેજી સાહિત્યનો ફ્રેંચ ઈતિહાસકાર ટેઈનિ કહે છે કે કોઈ પણ કવિ કયી પ્રજાનો છે (race) એનો યુગ કયો છે (epoch), અને એની પરિસ્થિતિ શી છે (surroundings), એ કહો, એટલે એની કવિતાનું સ્વરૂપ હું તમને ભાખી આપીશ. પણ આ સૂત્ર પર યોગ્ય વાર્તિક થયું છે કે કવિ ઉપર જમાનાની અસર વિષે બોલતાં, કવિની જમાના ઉપર કેટલી અસર થાય છે એ વાત જોવી એ વિદ્વાન ભૂલી ગયો હતો. પણ મૂળ સૂત્ર અને વાર્તિક ઉભય એકઠાં કરીને આપણે ભાષ્ય રચી શકીએ છીએ કે યુગને દ્રષ્ટા અને સ્રષ્ટા–યુગપ્રકાશક અને યુગપ્રવર્તક ઉભયવિધ કવિની જરૂર છે. એક તો એ યુગને "આ હું" એમ આત્મદર્શન કરાવનાર કવિ જોઈશે–જે વિના આપણે પણ આપણા યુગને પૂરો ઓળખી શકીશું નહિ, ભવિષ્યના ઈતિહાસકારે તો ઓળખવાની વાત જ શી? બીજું–આ નવો યુગ બેસતાંની સાથે જનસમાજની વૃત્તિઓમાં ભારે ઊછાળો આવશે–અત્યારે એ શરૂ થઈ ચૂક્યો છે–એમાં વિશુદ્ધિ, સુન્દરતા અને ઉચ્ચતાનાં તત્ત્વો પ્રવેશવાનું કર્તવ્ય સાહિત્યને શિર રહેશે. નહિ તો જીવન જાડું, કદરૂપું અને પ્રાકૃત બની જશે. ચોમાસું કોણ નથી ઇચ્છતું? પણ તે માટે, એ ઋતુનાં ડહોળાએલાં પાણી પીવાનું કોણ પસંદ કરશે? એ નવા જીવનને સૂક્ષ્મ, સુન્દર અને સંસ્કારી બનાવવા સારૂ કવિપ્રતિભારૂપી નિર્મળી, બીજું રૂપક આપીએ તો શરદ ઋતુની ચાંદની, અવશ્ય જોઈશે. નવા જીવનનાં સૂક્ષ્મ ભયસ્થાન, અને એના તારની વિષમ

ગૂંથણી બલ્કે ગૂંચવણો કવિ નહિ સમજાવે તો કોણ સમજાવશે? મેથ્યુ આર્નોલ્ડે કવિતાને "Criticism of life" કહી છે એ વર્ણનમાં ગમે તેટલી અપૂર્ણતા હો, પણ એક ગંભીર સત્યાંશ છે કે કવિ જ જીવનની સમાલોચના કરી એને વિશુદ્ધ બનાવે છે. ઇંગ્લાંડની શાળાઓ સુધારવાનું જે સો ઇન્સ્પેક્ટરના રિપોર્ટ ન કરી શકત તે ડિકન્સની નવલકથાઓએ કર્યું.

આટલું જ નહિ, પણ આવતા જમાનાના સ્થૂલ રાજકીય અને આર્થિક જીવનમાં પણ તાત્કાલિક ઉપયોગની પાર સનાતન શાસ્ત્રીય સિદ્ધાન્ત જોનાર વિદ્વાનોની જરૂર પડશે. મંત્રના દ્રષ્ટા ઋષિઓ જુદા હોય છે, અને એનો 'જીવનયજ્ઞમાં વિવિધ ક્રિયાઓમાં વિનિયોગ કરનાર પુરોહિતો જુદા હોય છે. ઋષિઓના મન્ત્રો જ યુગપરિવર્તન કરી શકે છે, અને યુગનાં પ્રધાન ગાન પૂરાં પાડે છે. બેન્થમ અને મિલ વગર કોબ્ડન અને ગ્લેડ્સ્ટન શક્ય નથી; કાર્લાઇલ, રસ્કિન અને માર્ક્સ વગર સોશ્યાલિઝમ સમઝવું કઠણ છે.

વળી, નાદિરશાહે છાવણીમાં જેમ આખો જન્મારો ગાળ્યો હતો, તેમ શું આ નવો યુગ પણ 'પોલિંગ બૂથ' અને 'કાઉન્સીલ ચેમ્બર'-માં જ સ્વજીવન ક્ષપણ કરશે? એને ગૃહજીવનની શાન્તિ અને મીઠાશ બતાવનાર કોઈ કવિતા નહિ જોઈએ? સિંહ હરિકુમ્ભ વિદારતો શોભે છે, પણ સિંહિકાની પાસે કોમળ બનતો થોડો શોભતો નથી, તેથી રાષ્ટ્રના વિશાળ હકમાં ગૃહજીવનનો હક ડૂબી ન જાય તેની સંભાળ રાખવાની છે. એ સંભાળ કોઈ પણ તરેહની દલીલોથી કે કાયદાઓથી રાખી શકાવાની નથી. એને માટે કવિપ્રતિભામાંથી ઉદ્ભવેલાં ગૃહજીવનમાં મધુરાં ચિત્રો જ જોઈશે જે આપણા હૃદયને આકર્ષશે, અને આપણા જીવનમાં નિઃશબ્દ ઉન્નતિ પ્રેરશે. એમ કહેવાય છે કે પ્રાચીન ગ્રીસમાં મહાન દેવ વા મનુષ્યની મૂર્તિ ઘરમાં રાખવામાં આવતી, એટલા હેતુથી કે એનું દર્શન કરતી ગૃહિણી-તત્સદૃશ પુત્ર ઉત્પન્ન કરે; અને અગ્રગ સ્ત્રીઓ પોતાના ઓરડામાં મૃગલાં

પાળતી, એટલા માટે કે એનું ચિન્તન કરતી પોતે મૃગનયનાં છોકરાંને જન્મ આપે; આવો ભાવનાનો મહિમા મનાયો છે.

અસ્તુ; સાહિત્યની ઉપયોગિતા સ્વીકારી; પણ સાહિત્યપરિષદ્ કવિઓ કે વિદ્વાનો ઊપજાવી શકશે? સાક્ષાત્ કવિઓ કે વિદ્વાનો ઊપજાવવાનો દાવો આ સંસ્થાએ કદી કર્યો નથી, અને કરતી નથી. પણ આષાઢનાં વાદળાં જોઈ કૃષિકાર-એમાંથી જળનું એક બિન્દુ પણ ટપકાવી શકવાનું એનું સામર્થ્ય ન હોય તોપણ-ઊંચી ડોકે એના સામું જોઈ રહે છે; તેમ યુગધુરન્ધર કવિ અને તત્ત્વવેત્તા માટે આપણી પરિષદ્ પણ તલસે તો એ સ્વાભાવિક નથી ? મહાપ્રસંગો ઊપજાવવાનું કામ એક પરમાત્માના અવતારભૂત જનસમાજના ચૈતન્યનું છે. આમાંથી પરમાત્માના સામર્થ્યને તો કોઈ દેશકાલના ઉપાધિ ઘેરી શકતા નથી; "The spirit of God bloweth as it listeth." પણ જનસમાજનું ચૈતન્ય અત્યારે સર્વ પ્રકારના સાહિત્યના વિકાસને અનુકૂલ છે. જેમ ગ્રીસમાં નવાં નગરો બંધાયાં, ગ્રીક પ્રજા બહાર ફેલાઈ અને સંસ્થાનો વસ્યાં, તે વારે એના સાહિત્યની પણ અનેકવિધ શાખાઓ જન્મ પામી હતી: અને તે પછી, પંદરમા-સોળમા સૈકામાં જેમ યૂરોપનું ચૈતન્ય ઊભરાતાંની સાથે એનું સાહિત્ય પણ ઊભરાવા લાગ્યું હતું, તેમ આપણે ત્યાં પણ પૂર્વે આર્યો પંજાબમાંથી પૂર્વ તરફ ફેલાયા તે વારે, ત્યાર પછી ગૌતમબુદ્ધનું ધર્મચક્રપ્રવર્તન થયું તે પછી ચન્દ્રગુપ્તે રાજકીય અને સામાજિક પરિવર્ત કર્યો તે વારે, તે પછી, હૂણોને હાંકી કાઢી ગુપ્તવંશના રાજાઓએ સ્વરાજ્ય સ્થાપ્યું તે વારે અને છેવટે રજપૂત-મુસલમાન રાજ્યના સન્ધિકાળમાં જનસમાજનું ચૈતન્ય હાલ્યું હતું, અને સાહિત્યની વાડી ખીલી હતી. તે જ પ્રમાણે, અર્વાચીન સમયમાં બ્રિટિશ સંબન્ધ થતાંની સાથે, અને જનસમાજમાં નવું જીવન પ્રકટ થતાં વેંત, આપણે ત્યાં બંગાળી, મરાઠી અને ગૂજરાતી સાહિત્યને નવો મોર બેઠો હતો, અને તે જ પ્રમાણે આ નવા યુગમાં પણ જીવનની વિવિધતા અને વિપુલતા થતાંની

સાથે સાહિત્યમાં પણ પુષ્કળ ફાલ આવશે એમ આશા રાખી શકાય છે.

પણ આ સંબન્ધમાં પરિષદ્નું કર્તવ્ય થોડું નથી. નવા યુગના જીવનપ્રભાતમાં મળેલ આ પરિષદ્ એના ચઢતા પહોરના કાર્યની કાંઈક રૂપરેખા દોરે એમ અમે અમદાવાદી સાહિત્યપ્રેમી જનો ઇચ્છીએ છીએ; અને આપના અન્ય વ્યવસાયમાં વિઘ્ન પાડી આ ગરમીના દિવસોમાં અમે આપને શ્રમ આપ્યો છે તે એટલા જ માટે છે. એ રૂપરેખા, આપ જે અનુભવી અને ગુર્જરસાહિત્ય પ્રત્યે અતુલ પ્રેમ ધરાવનાર પ્રમુખ મહાશયની પસંદગી કરવાના છો તેમની દેખરેખ નીચે, બહુ સારી દોરશો એમ અમને ખાતરી છે, તો પણ અત્યારે ગૂજરાત આગળ આપણા વિષયને લગતાં શાં શાં મ્હોટાં કાર્યો પડેલાં છે એતું અમે આપને સ્મરણ આપવા ચાહીએ છીએ, જેથી અમારી આકાંક્ષાઓ કેમ સફળ કરવી એ આપ વિચારી શકો.

(૧) જ્યારે જ્યારે પરિષદ્ ભરાય છે ત્યારે ત્યારે, અને વચલા ગાળામાં પણ જ્યાં સાંભરી આવે છે ત્યારે, આ ફરિયાદ થાય છે કે નર્મદાશંકર અને ટેલરના પ્રથમ પ્રયત્ન પછી ગૂજરાતી ભાષાનો એકે સારો કોષ થયો નથી, અને એકે સારૂં વ્યાકરણ થયું નથી. (હમણાં જ બહાર પડેલું રા. બ. કમળાશંકરભાઈનું વ્યાકરણ બાદ કરીને બોલતાં) પરન્તુ, એ માટે અત્યારે શોક કરવો પડે તેમ નથી. આપણે પહેલાં ધાર્યાં હતાં તેવાં એ થયાં હોત તો પણ તે ફરી રચવાં પડત. અત્યારે હિન્દુસ્થાનની અસાધારણ એકતાનો યુગ બેઠો છે. ગુજરાતના સત્ત્વગુણની મૂર્તિ મહાત્મા ગાંધીજીની અમદાવાદ—અમૃતસર—દિલ્હી—કાશી—કલકત્તા અને મુંબઈ વચ્ચેની મુસાફરી એક ઓરડામાંથી બીજા ઓરડામાં જવા જેવી સરળ અને સામાન્ય થઈ ગઈ છે. બંગાળાના મહાકવિ રવીન્દ્રનાથ ટાગોરની ગૂજરાતી સાહિત્યપરિષદ્માં પધરામણી કરવી એ આપણે આપણા કાર્યનો એક મામુલી ભાગ ગણીએ છીએ, આ સ્થિતિમાં ગૂજરાતી ભાષાનો કોષ તેમજ વ્યાકરણ 'Comparative method' યાને તે તે ભાષાના સાધર્મ્ય—વૈધર્મ્યનિરૂપણપૂર્વક

થાય તો જ તે વર્તમાન સમયને યોગ્ય ગણાય. એ કોષ અને વ્યાકરણમાં ગૂજરાતી ભાષાનું પ્રાધાન્ય અને વિશિષ્ટત્વ બેશક રહેશે જ. પણ અત્યારે દરેક ભાષાને જે 'એકાન્તવાસ'ની શિક્ષા ભોગવવી પડે છે તે દૂર થશે.

(૨) બીજું—ગૂજરાતને વ્યાકરણ અને કોષની ખામી છે તેવી બલ્કે તે કરતાં પણ વધારે મહત્ત્વની ખામી સારા ઇતિહાસની છે. ગૂજરાતનાં બાલકો રસથી વાંચી શકે, એના વિદ્વાનો સૂક્ષ્મતાથી મનન કરી શકે, અને સામાન્ય પ્રજા ઉત્સાહ અને સ્વભૂમિનું અભિમાન પામી શકે,–એવાં વિવિધ જાતનાં ઇતિહાસનાં પુસ્તકો ઉત્પન્ન થવાની જરૂર છે. વળી પ્રતિષ્ઠિત અને પ્રમાણિક ઇતિહાસ રચવા માટે આજદિન સુધી જેટલાં સાધનો જડયાં છે તેટલાં પણ એકત્ર કરી ગૂજરાતી વાચક આગળ મૂકવાનો હજી સુધી પ્રયત્ન થયો નથી! તો એ સાધનોનો ઉપયોગ કરી ગૂજરાતનું જીવન્ત ચિત્ર ખડું કરનાર ઇતિહાસકારની પીંછી વિષે તો બોલાય જ શું? વળી આ ઇતિહાસ પણ, કોષ અને વ્યાકરણની માફક, વર્તમાન ગૂજરાત કરતાં વધારે વિશાળ પ્રદેશનો થવો જોઇએ. આ વાત સારી રીતે જાણીતી છે કે ગુર્જર પ્રજા એક વખતે કનોજ, માળવા, પશ્ચિમ રાજસ્થાન, સૌરાષ્ટ્ર, લાટ અને ખાનદેશ પર્યન્ત વસતી હતી. આ કારણથી એની પ્રાચીન ભાષાનો ઇતિહાસ પણ તે તે પ્રાન્તની હાલની ભાષાઓ સાથે મૂળમાં ગૂંથાએલો છે. એ ભાષાઓના પરસ્પર સંબંધ માત્રનો ઉલ્લેખ કરીને કે એનાં છૂટાં છવાયાં ઉદાહરણો આપીને હવે સન્તોષ મનાશે નહિ: ઉદાહરણ તરીકે વ્રજભાષાની ગૂજરાતી સાહિત્ય ઉપર અસર થઈ છે કે મીરાંબાઈનાં કાવ્યો ગૂજરાતી અને હિન્દી બંને ભાષામાં ઉપલબ્ધ થાય છે–એ વાત એક ઐતિહાસિક અકસ્માત તરીકે નોંધીને હવે બેસી રહેવાશે નહિ. એ હકીકતની પાર કનોજથી લાટ પર્યન્તના પ્રદેશની મૂળ જે ઐતિહાસિક એકતા હતી તે વિગત વાર સમઝાવવી પડશે. તે માટે ભાષાનાં અને સાહિત્યનાં સાધનો એકત્ર કરવાં પડશે, તથા એમાંથી અનુમાન કાઢવાં પડશે. વળી

એટલેથી પણ નહિ અટકાય. બૌદ્ધ જાતક, અને વધારે ચોકસાઈથી બોલીએ તો એ જાતકના પૂર્વરંગથી માંડી, પ્રાકૃત બૃહત્કથા અને સંસ્કૃત દશકુમારચરિતાદિકમાંથી પસાર થઈ, પ્રાચીન ગૂજરાતી જૈન રાસા બલ્કે સામળભટની વાર્તાઓ સુધી–નો જનસમાજના જીવનનો ઇતિહાસ એક અખંડ ધારામાં ઉપસ્થિત કરવો જોઈશે. આ લાંબા ઇતિહાસમાં,સંસ્કૃતની સાથે સાથે ચાલતું, સંસ્કૃત ઉપર અસર કરતું અને સંસ્કૃતથી અસર પામતું જનસમાજના વાસ્તવિક જીવનના સંપર્કમાંથી ઉત્પન્ન થતું પ્રાકૃત સાહિત્ય હતું. એ કેટલું વિશાળ હશે એનો કાંઈક ખ્યાલ ગુણાઢ્યની બૃહત્કથા સંબંધી દન્તકથામાંથી, નાટ્યશાસ્ત્રના ગ્રન્થોમાં મળતા ઉલ્લેખો તથા પારિભાષિક શબ્દો ઉપરથી; સંસ્કૃતમાં એ સાહિત્યની પડેલી પ્રતિચ્છાયા ઉપરથી, હજી જે જે પ્રાકૃત ભાષાના ગ્રંથો સચવાઈ રહ્યા છે, મધ્ય એશિયામાંથી જડતા જાય છે, તથા જૈન ભંડારોમાંથી ડોકીયાં કરે છે–એ સર્વ ઉપરથી, તથા એ સર્વની આપણી પ્રાન્તિક ભાષામાં ઊતરેલી સન્તતિ ઉપરથી–આપણને મળી શકે છે. પ્રાકૃતની આ મહાન જીવનકથાનાં વાક્યો, બલ્કે એના અક્ષરો પણ તૂટેલા છે. તોપણ એને ભૂતાર્થદર્શી કલ્પનાશક્તિથી ગોઠવી, સાંધી, એ કથાનો વાંચનાર નવા યુગમાં કોઈક ગિબન કે મોમ્સન જન્મે તો આપણા ઇતિહાસની એક નવી જ દુનિયા પ્રત્યક્ષ થાય. સંસ્કૃત સાહિત્યનો છેલ્લો સૂનેરી યા રૂપેરી યુગ તે બાણ અને ભવભૂતિનો એટલે કે હર્ષ અને યશોવર્માના રાજ્યકાળનો; તે પછી સંસ્કૃત સાહિત્યની મન્દતા થઈ અને રાજશેખરના સમયમાં (ઈ. સ. ૯૦૦) આવતાં આપણે જોઈએ છીએ કે સંસ્કૃત અને પ્રાકૃતના એ મહાન કવિએ—

फरुसा सक्कअबन्धा पाउअबन्धो वि होइ सुउमारो ।
पुरुसाणं महिलाणं जेत्तियमिहन्तरं तेत्तियमिमाणं ॥

અર્થાત્, " સંસ્કૃતની રચના કઠોર અને પ્રાકૃતની સુકુમાર છે. સુકુમારતાની બાબતમાં પુરુષ અને સ્ત્રી વચ્ચે જેટલું અન્તર છે

તેટલું આ બે વચ્ચે છે—" એમ સંસ્કૃતની સ્તુતિ ગાઈ, અને પ્રાકૃત યુગનું મંગળાચરણ કર્યું. એના જ પછીના અંશ આપણા પ્રાન્તની ભાષાના ઈતિહાસમાં આપણે જેને અપભ્રંશ અને જૂની ગૂજરાતીના યુગ કહીએ છીએ તે. અપભ્રંશ અને જૂની ગૂજરાતીનું સાહિત્ય અમુક પ્રકારનું જ કેમ છે, જૂના રાસાઓ જૈનોના કરેલા કેમ છે,–ઈત્યાદિ આ વિષયને લગતા વિવિધ પ્રશ્નોના ઉત્તર પ્રાકૃત ભાષામાં કયી જાતનું જીવન આલેખાતું હતું, એના આલેખનાર મૂળ કોણ હતા ઇત્યાદિમાંથી મળશે. એ જ સાહિત્યનો સંપ્રદાય અઢારમા સૈકામાં કવિ સામળમાં પુનઃ અવતરે છે–જેમ સંસ્કૃત સાહિત્યનો સંપ્રદાય પ્રેમાનન્દમાં અવતરે છે તેમ. આમ આપણી ભાષાનો ઈતિહાસ એના મૂળ પર્યન્ત શોધતા જવું જોઈએ.

આ સર્વ વિષયનો વિગતવાર અને સૂક્ષ્મતાથી અભ્યાસ કરવા અને કરાવવા માટે હવે વ્યક્તિઓના પ્રયત્નો બસ થવાના નથી; જે વ્યક્તિઓએ આજ પર્યન્ત એકલહાથે આ વિષયમાં કાર્ય કર્યું છે તેમને ધન્યવાદ હો, પણ સુપ્રતિષ્ઠિત સંસ્થાને અભાવે એમના પ્રયત્નો છૂટાછવાયા, અધૂરા, અને થોડાં સાધનો ઉપરથી અતિ–અનુમાનના દોષથી ડંખાએલા છે. સાહિત્યપરિષદે હવે આ કાર્ય માટે અનુકૂળતા રચવી જોઈએ. તે માટે આ નીચેની સંસ્થાઓ સ્થાપવાની જરૂર છે.

૧. પ્રાચીન ગૂજરાતી સાહિત્ય પ્રકાશક મંડળી: એ ગૂજરાતી વ્યાકરણ, કોષ અને ભાષાશાસ્ત્ર રચાવે; પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ કરે. અને એની 'ગાઈડ' યાને સૂચીપત્ર બનાવરાવે: આ કાર્યને અંગે ડેક્કન કોલેજ (ભાંડારકાર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ), ગૂજરાત વર્નાક્યુલર સોસાઈટિ, ફોર્બ્સ ગૂજરાતી સભા, વડોદરા સેન્ટ્રલ સ્ટેઇટ લાઇબ્રેરી, પાટણ, અમદાવાદ, ખંભાત અને જેસલમેરના જૈન ભંડાર, રા. બ. હરગોવિન્દદાસ, રા. ઈચ્છારામ, રા. કેશવલાલ, રા. મનસુખલાલ કીરતચંદ, રા. જીવણચંદ, રા. મણિલાલ બકોરભાઈ, રા. છગનલાલ રાવળ, રા. હીરાલાલ પારેખ, વગેરે વગેરેના ખાનગી

સંગ્રહો–મૂળ અથવા નકલરૂપે એક જ સ્થળે સ્થાપી શકાય એમ ન હોય તો એમની સંપૂર્ણ એકઠી સૂચી, કક્કાવાર અને વિષયવાર એમ બે વિભાગમાં તૈયાર કરાવવી જોઈએ.

૨. બીજી, પ્રાચીન ગૂજરાત અને તેને લગતા હિન્દુસ્થાનના ઇતિહાસની પ્રકાશક અને સંશોધક મંડળી. આ મંડળીએ વર્તમાન અને પ્રાચીન ગૂજરાતના ઇતિહાસનાં સઘળાં સાધનો–શિલાલેખ, તામ્રપટ્ટ અને સિક્કાઓના ઊતારા, અને તે ઉપરથી કરવામાં આવેલ અનુમાનોની ટૂંક નોંધ તૈયાર કરાવવી. વળી, લોકકથા, દુહા, કવિતા વગેરે પ્રકીર્ણ લોકસાહિત્ય, જે ઘણું લુપ્ત થઈ ગયું છે તો પણ હજી કાંઈક રહ્યું છે, તેનો, તથા લગ્નાદિક સંબન્ધે લોકરિવાજની હકીકતનો સંગ્રહ કરવા માટે યોગ્ય વિદ્વાનની દેખરેખ નીચે તે તે સ્થળે માણસો મોકલવાં: દક્ષિણ ધ્રુવની ભૂમિ શોધવા માટે જેવી સાહસિક મંડળીઓ નીકળી પડે છે તેના સહસ્રાંશ ઉત્સાહ, સાહસ અને ધૈર્યવાળી પાર્ટી હશે તો બસ.

આ બે માંગણીઓ તો પ્રાચીન શોધને લગતી છે, પણ એ ઉપરાંત એક—

૩. ત્રીજી માગણી એક વિજ્ઞાનપ્રસારક મંડળી માટે અમે કરીએ છીએ: લોકમાં વિજ્ઞાન (Science) નો શોખ અને માહિતી પ્રસારવા માટે આવતા યુગમાં આપણે વિશાળ પ્રયત્ન કરવો જોઈશે–કારણ કે ગયું મહાયુદ્ધ લેબોરેટરિ યાને વિજ્ઞાનની પ્રયોગશાળામાં જ લઢાયું હતું એ સુપ્રસિદ્ધ છે, અને આવતા યુગની સંસ્કૃતિમાં વિજ્ઞાન મ્હોટો ભાગ લેશે.

પણ આ સર્વ આપણી પાસે ગૂજરાતનાં જૂનાં લ્હેણાં છે. હવે હું આપણા નવા જીવનની એક મ્હોટામાં મ્હોટી આકાંક્ષા ઉપર આવું છું–જે વિના ઉપર કહેલી માગણીઓ જોઈએ તેવી પૂરી પાડી શકાશે નહિ. આપમાંથી કેટલાકને મ્હારે મુખેથી એ નીકળતી સાંભળીને આશ્ચર્ય લાગશે, પણ એના ખુલાસામાં ઊતર્યા વગર હું

કહું છું કે—અત્યારે આપણી વર્તમાન સમયની મ્હોટામાં મ્હોટી જરૂર દરેક પ્રાન્ત માટે એક એક સ્વદેશી ભાષાની કૉલેજની છે, અને ગૂજરાતી ભાષા પરત્વે આ મહાન પ્રશ્નની ચર્ચા આ પરિષદ્ હાથ ધરે એમ મ્હારૂં હૃદય ઇચ્છે છે; પણ આ વિચાર મ્હારો અંગત અને ચર્ચાસ્પદ હોઈ, એ માટે હું મ્હારા સ્વાગતમંડળના બન્ધુઓને જવાબદાર કરતો નથી. તોપણ મને આશા છે કે એના ઉપર યોગ્ય ધ્યાન અપાશે. આ પ્રશ્ન જો કે એક રીતે કેળવણીપરિષદ્‌ના કાર્યપ્રદેશમાં પડે છે, તોપણ દેશના સાહિત્ય યાને વાઙ્મય સાથે એ એવો ગૂંથાએલો છે કે એના સમાધાનને અંગે સાહિત્યપરિષદે ઘણી સેવા કરવી પડશે. કલકત્તાકમિશને હાલની મેટ્રિક્યુલેશન પર્યંત દેશી ભાષાદ્વારા શિક્ષણ આપવાની અને પરીક્ષામાં વિદ્યાર્થીઓને વિકલ્પે માતૃભાષામાં અગર અંગ્રેજીમાં ઉત્તર લખવા દેવાની ભલામણ કરી છે—તેનાથી ઉક્ત દિશામાં એક પગલું ભરાઈ ગયું છે એમ કહીએ તો ચાલે; અને તે પછી આગળ એક પગલું ભરવું તે કાળના ગાળાનો જ સવાલ છે. મુંબઈ યુનિવ્હર્સિટીમાં 'Oriental Studies' (પ્રાચ્યવિદ્યા) માટે કૉલેજ નથી, પણ બીજી કેટલીય યુનિવ્હર્સિટીઓમાં છે, એ જ પ્રમાણે જો ચાલુ દેશી ભાષાદ્વારા શિક્ષણ આપનારી કૉલેજોના શિક્ષણનું ધોરણ અન્ય કૉલેજો જેટલું જ ઊંચું રાખવામાં આવે તો તે પણ યુનિવ્હર્સિટીને અંગે કેમ ન સ્વીકારી શકાય એ સમઝાતું નથી. આવી કૉલેજોમાં અંગ્રેજી ભાષા હાલની રીતે જ શીખવાય અને એની પરીક્ષાનું ધોરણ પણ હાલ જેટલું જ ઊંચું રખાય, બલ્કે યૂરોપની બીજી પ્રજાઓના સાહિત્યના અંગ્રેજી અનુવાદો દાખલ કરીને હાલ કરતાં પણ વધારે ઊંચું કરી શકાય (આ વિસ્તાર નવા યુગમાં ખાસ જરૂરનો છે.) એમાં દેશી ભાષાનો શાસ્ત્રીય રીતે, અને એના સાહિત્યનો વિશાળ રસિકતાથી અભ્યાસ કરાવાય, તે સાથે ભાષા અને સાહિત્ય (Arts) ના વિભાગમાં અન્ય પ્રાન્તની ભાષામાંથી પણ એકાદ ભાષાનું સાહિત્ય

મૂકી શકાય. સંસ્કૃત ભાષા માતૃભાષાદ્વારા શીખવાય, અને એના આનુષંગિક વિષયો જેમ કે શિલાલેખ, સિક્કા, વગેરેનો અભ્યાસ તે પણ અંગ્રેજીની માફક માતૃભાષા મારફત કરાવી શકાય. ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનાં નિરૂપણો પણ દેશી ભાષાદ્વારા વધારે સાચાં અને પાકાં થાય. સાયન્સ અને ગણિતમાં પારિભાષિક શબ્દો અંગ્રેજી રાખવાને અડચણ નહિ; વિશેષમાં, સાયન્સ તે તો ભાષાનો વિષય નથી, પ્રયોગશાળાનો વિષય છે; એમાં ભાષા અને વિશેષતઃ પરભાષા વિનાકારણ આડખીલ કરે છે એ કષ્ટ પણ દૂર કરાય. પરંતુ આવી કૉલેજ સ્થાપવા સામે એક મહત્ત્વનો વાંધો એ લેવામાં આવશે-હું પોતે લઉં છું, જો કે એનું સમાધાન હમણાં જ સૂચવું છું-કે એવી કૉલેજો દેશી ભાષાની ટ્રેઇનિંગ કૉલેજો અને પંડિતોની પાઠશાળા જેવી નિર્માલ્ય અને કાલાતીત નીવડવાનો ભય છે. આ ભય સાચો છે અને તેથી એ સાચો ન પડે એવી કાળજી રાખવાની જરૂર છે પણ એ ભય માત્રથી પાછા હઠી, મૂળ વસ્તુ પરિહરવી એમાં પૌરુષ નથી અને ડહાપણ પણ નથી. એ રીતે તો દરિયો ઓળંગાય જ નહિ, અને કુદરતનાં વિષોનો ઔષધમાં ઉપયોગ થાય જ નહિ. ત્યારે એ ભય શી રીતે નિવારવો ? આ રીતે કે અંગ્રેજી શિક્ષણ ઊંચા પ્રકારનું રાખવું, અધ્યાપકો વિશાળ અંગ્રેજી જાણનારા રાખવા, અને તેઓની શિક્ષણપદ્ધતિમાં 'Tutorial system' યાને વિદ્યાર્થીના વાંચન ઉપર દેખરેખ રાખી એને યોગ્ય માર્ગે દોરવું એ અંશને મહત્ત્વ આપવું—જેથી વિદ્યાર્થીઓને તે તે વિષયને લગતાં અંગ્રેજી પુસ્તકોનું જ્ઞાન દેશી ભાષાદ્વારા પ્રકટ કરતાં આવડે. અંગ્રેજીના અભ્યાસ માટે આવડો આગ્રહ રાખવાનું કારણ એ છે કે વિદેશી ભાષાનું જ્ઞાન અને એનું વાંચન આપણા જનસમાજમાં વિસ્તરે તો તેથી આપણા દેશી સાહિત્યને હાનિ નથી, ઉલટો લાભ છે. ઓગણીસમી સદીના મધ્યમાં અંગ્રેજી સાહિત્ય ઉપર જર્મન સાહિત્યની અસર થયેલી તે વિષે બોલતાં એ સમયનો ઇતિહાસકાર લખે

છે: " 'Every literature,' says De Quincey, 'unless it be crossd by some other of different breed, tends to superannuation;' and he points to the French as an example of one which has suffered so as to be, in his opinion, of the point of extinction; because it has 'rejected all alliance with exotic literature' "—અર્થાત્, સાહિત્યના વિકાસ અર્થે એનો અસગોત્ર વિવાહ અભીષ્ટ છે. આ ભલામણનો અર્થ એવો નથી કે આપણા સાહિત્યે અંગ્રેજી ભાષાનું અનુકરણ કર્યા કરવું. કહેવાનું એ છે કે ચૈતન્ય જેમ જડમાં પોતાનું કિરણ નાંખીને એને પોતાના રસથી રસી લે છે, તેમ પશ્ચિમની વિદ્યા અને કલામાં પણ હિન્દે પોતાનું કિરણ નાંખીને એ વિદ્યા અને કલાને સ્વરસવાહિની કરવી જોઈએ. આ રીતે ચૈતન્યરસથી રસેલું વ્યવહારજીવન જેમ વ્યાવહારિક રહીને પણ વ્યાવહારિક મટી શકે છે, તેમ પશ્ચિમની વિદ્યાકલા પણ પશ્ચિમની મટી આપણી પોતાની થઈ જશે. આમાં પરઅધીન થવાનું નથી, પણ પરને વશ કરવાનું છે. તેમ એમાં પરનો ત્યાગ નથી પણ સ્વીકાર છે. આ જ ઉચ્ચ વિદેશી શિક્ષણ ગ્રહણ કરવામાં આપણું ખરું દૃષ્ટિબિન્દુ હોવું જોઈએ. આ દૃષ્ટિબિન્દુને ઉભયપક્ષે ન્યાય થાય એવી ઉચ્ચ અધ્યાપક અને અધ્યાપનની યોજના રાખવામાં આવે તો યુનિવર્સિટિને એ સ્વીકાર્યા વિના ચાલે જ નહિ. અને આવતા નવયુગના વાતાવરણમાં એ માટે જે પ્રયત્ન થશે તે સફળ થવાનો સંભવ છે. હિન્દુસ્થાનના અત્યારે દેશી ભાષાના અભ્યુત્થાન માટે કેવી પ્રબળ લાગણી જાગી છે એનો ખ્યાલ ગૂજરાત કરતાં અન્ય પ્રાન્તોમાં વધારે સારી રીતે આવી શકે છે. અને અન્ય પ્રાન્તો કરતાં ગૂજરાત જુદી તરેહનું જીવન જીવી શકે એ બનવાનું નથી. તે માટે સાહિત્યપરિષદે સાહિત્યના અભ્યુત્થાન ખાતર આ નવીન માર્ગે હિંમતથી વિચરવું જોઈએ.

સામાન્ય રીતે, પ્રકૃતિના પ્રવાહને ક્રિયમાણના બળથી પકડીને

એનો મનુષ્યજીવનની સેવામાં ઉપયોગ કરવાના નિશદિન અસંખ્ય પ્રસંગો આપણી સમક્ષ એક અખંડ ધારામાં વહ્યાં જ કરે છે, પણ આપણી દૃષ્ટિ એવી નિર્બળ હોય છે તથા આપણા હાથ એવા થરથરતા હોય છે કે એ પ્રસંગોને જોવા અને પકડવા તે આપણાથી બનતું નથી. પણ જ્યારે એ પ્રસંગોનો ઓઘ જબરો થાય છે, જીવનપ્રવાહ જોરથી ઊછાળા મારતો વહે છે, અને એના તરંગ આપણા દેહ સાથે અથડાય છે, ત્યારે આપણાં નેત્ર ઊઘડી જાય છે, અને આપણી અનિચ્છાએ પણ જીવનના પ્રસંગો આપણા હાથમાં અને ખોળામાં આવીને પડે છે. આવો એક સમય અત્યારે આવ્યો છે, અને એવે વખતે પણ આપણે જાગીશું નહિ તો નાડીઓ આપણી રુધિરહીન થઈ ગઈ છે, અને પ્રજા તરીકે આપણું જીવન પૂરૂં થયું છે એમ સમજવું. પણ આવો અમંગળ ભય રાખવાનું કારણ નથી. આપણા જીવનના અન્ય પ્રદેશમાં હૃદયદ્રવ્ય ઊકળી પર્વતો ઊછળવા માંડ્યા છે, ત્યાં સાહિત્યનો પ્રદેશ મન્દ કેમ પડી રહેશે ?

(તા. ૩–૪–૧૯૨૦)

[વસન્તઃ પુ. ૧૯, અંક ૨, માર્ગશીર્ષ, સં. ૧૯૭૬]

નવમી ગૂજરાતી સાહિત્યપરિષદ્—નડિયાદ

પ્રમુખ તરીકેનું ભાષણ

*

इदं कविभ्यः पूर्वेभ्यो नमोवाकं प्रशास्महे ।
विन्देम देवतां वाचममृतामात्मनः कलाम् ॥

આપણા ક્રાન્તદર્શી પ્રાચીન સાહિત્યકારોને પ્રણામ કરી પ્રાર્થીએ કે એ વાણી આપણી હો, કે જેનાં અંગે અંગ તેજે ઘડ્યાં હોય, જે સદા જીવંત હોય, અને જે 'આત્માની કલા'—નામ, સુકલિત અંશ, અને તે પણ આત્માનો અંશ—હોય. પાંડિત્ય અને સહૃદયતાના સમન્વયરૂપ, અક્ષર તત્ત્વના મહાન ઉપાસક, કવિ ભવભૂતિનું આ મંગલાચરણ, જે જગત્‌ની સર્વ સાહિત્યપરિષદ્‌નું એક સનાતન મંગલાચરણ થવાને યોગ્ય છે, એ જ આપણી આ નવમી ગૂજરાતી સાહિત્યપરિષદ્‌ની પણ મંગલ પ્રાર્થના હો! આટલી પ્રાર્થના કરી, આજનું કાર્ય આરંભીએ.

સાહિત્યપ્રેમી ભાઈઓ અને બ્હેનો,

૧

ઉપકારપ્રદર્શન

આપે મને આ નવમી ગૂજરાતી–સાહિત્ય–પરિષદ્‌માં પ્રમુખ-પદનું માન આપ્યું છે તે માટે હું આપ સર્વનો અંતઃકરણથી ઉપકાર માનું છું; ખાસ કરીને એટલા માટે કે આપ મ્હારી ખામીઓ અને મુશ્કેલીઓ જાણો છો, છતાં પણ આપે મ્હારી પસંદગી કરી છે.

હું વર્ષમાં ઘણો ભાગ દૂર પ્રાન્તમાં રહું છું, અને તેથી આપણી પ્રિય ગૂર્જરભૂમિની સેવા મ્હારાથી થોડી જ બને છે, તથા એની સાહિત્યવિષયક પ્રવૃત્તિ સંબંધી પણ હું કાંઇક અજ્ઞાન હોઉં એ સ્વાભાવિક છે. એટલું જ નહિ, પણ ભૂતકાળમાં તેમ જ અત્યારે વખતોવખતના મ્હારા અત્રેના વાસમાં જે કાંઈ મ્હેં જાણ્યું છે, સંગ્રહ્યું છે, વિચાર્યું છે, એને પણ બરાબર ગોઠવી એનો આપની સેવામાં આવે મહાન પ્રસંગે ઉપયોગ કરૂં એટલો સમય હું મેળવી શક્યો નથી. તે માટે મ્હારી સર્વ ખામીઓ ઉદારતાથી સહી લેવા આરંભમાં જ હું આપને વિનંતિ કરૂં છું. આવે પ્રસંગે મ્હારા દૂરવાસ માટે મને તીવ્ર ખેદ થાય છે, પરંતુ તેમાં સંતોષનું કાંઈ પણ મિશ્રણ હોય તો તે એટલું જ છે કે ગૂજરાતની પ્રાચીન સીમા જે હું દશ વર્ષ પહેલાં માત્ર પુસ્તકોથી જ જાણતો હતો તેનો હવે મને સાક્ષાત્કાર થયો છે. આપણે 'ગૂજરાત' અને 'બૃહદ્‌ગૂજરાત' એવા શબ્દો વાપરીએ છીએ ત્યારે, વર્તમાન ગૂજરાત અને પૂના-કાશી કલકત્તા મદ્રાસ–બ્રહ્મદેશ આદિ આપણા ભાઈઓએ હાલમાં કરેલાં નિવાસસ્થાન એવો ભેદ વિવક્ષિત હોય છે. પણ મધ્યકાલીન ગૂજરાતનો ઇતિહાસ જોતાં જણાય છે કે ગૂજરાતની તે સમયની એક સીમા ઉત્તરમાં બહુ દૂર સુધી પહોંચતી. આ વાત ઉપર સ્વર્ગસ્થ ભાષાપંડિત ટેસિટોરીએ પશ્ચિમ રાજસ્થાનની ભાષાના અન્વેષણથી જે પ્રકાશ નાંખ્યો છે તેનું સ્વરૂપ હસ્તામલકવત્ હું હવે જ દેખતો થયો છું. ગુર્જરભૂમિનો પ્રદેશ એક વખતે રાજસ્થાનને અન્તર્ગત કરતો એ વાત, જે સ્થળે 'ગુર્જરત્રા'–શબ્દવાળા શિલાલેખ મળ્યા છે અને એમાં જે સ્થળોનો ઉલ્લેખ છે તેનાથી, અત્યારે સુવિદિત થઈ ચૂકી છે. અને શૌરસેની અપભ્રંશ, શૌરસેની પ્રાકૃત અને સંસ્કૃત ભાષા દ્વારા, તથા રાજસ્થાન અને મથુરાની આસપાસના શૂરસેન દેશ દ્વારા, હિન્દની ભૂમિ સુધી જૂની ગૂજરાતીનો સંબંધ પહોંચે છે એ જોતાં, બહુ દૂર સુધીના ભાગને પ્રાચીન પરિભાષામાં ગૂજરાત જ ગણવો જોઈએ એ સાચું છે. એને આપણે હાલ 'ગૂજરાત' અને 'બૃહદ્-

ગૂજરાત'થી ભિન્ન પાડીને ઓળખાવવા 'મહાગૂજરાત' કહી શકીએ. આપે ઇતિહાસવિભાગના પ્રમુખ તરીકે મ્હારા મિત્ર મહામહોપાધ્યાય પંડિત ગૌરીશંકરજી ઓઝાને સ્વીકાર્યા છે એ આ દૃષ્ટિબિંદુને અનુરૂપ છે.

નિવાપાંજલિ

નડિયાદની ભાગોળમાં પેસતાં જ કેટલા બધા વિદ્વાનો વિદ્યોત્તેજકો અને સાહિત્યવિલાસી સજ્જનોનાં નામ સ્મરણગોચર થાય છે! દેસાઈશિરોમણિ હરિદાસભાઈની સાક્ષરો ઉપરની પ્રીતિ જાણીતી છે. ઝવેરીલાલભાઈ, મનઃસુખરામભાઈ, મણિલાલ, બાળાશંકર, ગોવર્ધનભાઈ. તનસુખભાઈ, દોલતરામ, આવી સાક્ષરરત્નમાળા કોઈ પણ એક શહેરમાં મળવી કઠણ છે. તેથી સાક્ષરરત્નોની ખાણ હોવાનું અભિમાન નડિયાદ યથાર્થ રીતે રાખી શકે છે, પછી ભલે એ રત્નોના ઝવેરી બજાર થવાનું સૌભાગ્ય અન્ય શહેરોને પ્રાપ્ત થયું હોય. બીજું, છેલ્લાં બે વર્ષમાં આપણે જે ગુર્જર સાક્ષરરત્નો ગુમાવ્યા છે એમના વિના પણ આપણી આજની સભામાં ખામી પડે છેઃ સ્વર્ગસ્થ ભાઈ રમણભાઈની સંસ્કારી સાહિત્યસેવા અનુપમ હતી, અને એમની શાંત, સીધી અને ઝીણી સલાહની ખોટ તો ગૂજરાતને પગલે પગલે જણાયાં કરશે. તે સાથે ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ, રતિપતિરામ પંડ્યા, મૂળચંદ તેલીવાળા, સૌ. ચૈતન્યબાળા અને ગજેન્દ્રરાય બુચ જેવા કુમળા છોડ ઉપર પણ ક્રૂર મૃત્યુનો અગ્નિ પડ્યો એ જોઈ ગૂજરાતના સહુ સાહિત્યરસિક સજ્જનોને તીવ્ર શોક થયા વિના રહેશે નહિ. આવી સ્થિતિમાં કાંઈ પણ આશ્વાસન મળતું હોય તો તે એટલા જ મનનથી અને શ્રદ્ધાથી મળે છે કે—મરણ એ મનનશીલ પ્રાણીને જીવનની સીમા વિસ્તારનારી, બાંધનારી નહિ પણ વિસ્તારનારી, પરમાત્માની મ્હોટામાં મ્હોટી બક્ષીસ છે; અને ઉક્ત સહુ વડીલો, ભાઈઓ અને બ્હેનો પરલોકને ઝરૂખે બેસીને આ સરસ્વતીસત્ર જુવે છે જ, અને આપણે પણ એમની દૃષ્ટિ અને સમાગમમાં રહીને જ આપણું કર્તવ્ય કરીએ છીએ.

આ પરિષદ્ ધાર્યા પ્રમાણે, તેમ જ ધારા પ્રમાણે, વખતસર મેળવી શકાઈ નહિ તેમાં નડિયાદનો દોષ નથી;

ચરોતરને ધન્યવાદ બલ્કે વિલમ્બનું કારણ જોતાં નડિયાદ આપણા અભિનંદનને પાત્ર છે. ગયા વર્ષની રેલમાં અને આ વર્ષના બારડોલી પ્રકરણમાં ચરોતરે અને એના કેન્દ્રભૂત નડિયાદે જે દેશસેવા કરી છે, એમાં ઉત્સાહ પરાક્રમ ધૈર્ય સંયમ બન્ધુસેવા આદિ ઉદાત્ત ગુણોના આવિષ્કારથી ગૂજરાતના જીવનને એણે વધારે તેજસ્વી કર્યું છે, અને જે ઉપાદાનકારણથી સાહિત્ય બને છે એમાં સત્ત્વ પ્રેરી, સાહિત્યપરિષદ્ મેળવવી એના કરતાં જરા પણ ન્યૂન નહિ એવી સાહિત્યસેવા આ બે વર્ષથી ચરોતર બજાવી રહ્યું છે. એ સેવા માટે તેને ધન્યવાદ હો !

૨

આ મહાન સંસ્થાના મ્હારા પૂર્વગામી પ્રમુખોએ પ્રમુખપદેથી ગૂજરાતની પ્રાચીન અને અર્વાચીન સાહિત્ય-

ઉદ્દેશવિચાર સમૃદ્ધિનાં, આપને આંખ ભરીને દર્શન કરાવ્યાં છે, તથા આપણા આગળના કર્તવ્યપંથ ઉપર પુષ્કળ પ્રકાશનાં કિરણો નાંખ્યાં છે. એમાં મ્હારી ન્હાની દીપિકા નહિ ઉમેરૂં. સહુ કોઈ જોઈ શકશે કે હવે પરિષદ્નો ઊર્મિકાળ બલ્કે પાંડિત્યકાળ પણ ગયો છે, અને કર્મકાળ—ઊર્મિથી નહિ પણ વિચારથી અને દૃઢતાથી કામ કરવાનો કાળ—આવ્યો છે. પાંડિત્યભર્યાં અનેક વ્યાખ્યાનો થયાં છતાં આપણે ઇચ્છીએ છીએ તેવો સાહિત્યવિકાસ થયો નથી. તેથી આપણા ભાઈઓ હવે કાંઈક કરવું કરવું એવા વિચાર ઉપર આવ્યા છે. આજકાલ તો વિચારથી કંટાળેલા જગતની જીવનના સર્વ પ્રદેશમાં પ્રભુ પ્રત્યે એક જ પ્રાર્થના થતી સાંભળીએ છીએ;

"Knowledge we ask not—knowledge Thou hast lent,
But, Lord, the will—there lies our bitter need,

Give us to build adove the deep intent
The deed, the deed."

"The deed, the deed"–કાંઈક કરવું, કરવું, એ ખરૂં; પણ કર્મ વિનાનું જ્ઞાન જેમ પાંગળું છે તેમ જ્ઞાન વિનાનું કર્મ આંધળું છે. જ્ઞાનનો અત્યન્ત તિરસ્કાર જીવનના ઇતર પ્રદેશોમાં કદાચ નભે–જોકે ત્યાં પણ મને લાગે છે કે ન નભે–પણ આપણા આ મંડળના કાર્યમાં તો તે નિઃસંદેહ ન જ નભે. આપણું તો કર્મ પણ જ્ઞાનથી ભરેલું જ હોઈ શકે, તેમ આપણા કર્મની રૂપરેખા ઉપર અસર કરે એટલું જ્ઞાન, એટલો વિચાર–તો આપણે પહેલો જ કરી લેવો જોઈએ.

સાહિત્યપરિષદ્‌નું ઉદ્દેશ્ય—એના અસ્તિત્વનું પ્રયોજન શું? લગભગ પચીસ વર્ષ જૂની અને આઠ બેઠકો બેઠી ચૂકેલી એવી આ સંસ્થા માટે આ પ્રશ્ન ઘણાને પ્રથમ દૃષ્ટિએ કાલાતીત યાને અસૂરો લાગશે. પણ વસ્તુતઃ જગજૂનું મનુષ્યજીવન જો એના ઉદ્દેશ્યના પ્રશ્નથી આજ પણ મુક્ત નથી, તો આપણી આ બાલસંસ્થા જેને કાંઈક ભાંગ્યું તૂટ્યું બોલતાં આવડ્યું છે પણ ચાલતાં બિલકુલ નથી આવડ્યું, અને જેને માટે આપણે ચાલણગાડી કરી છે પણ તેમાં હજુ એને બેસતાં શીખવવાનું બાકી છે—એ બાલસંસ્થાનો જીવનઉદ્દેશ વખતોવખત દેશકાલાનુસાર વિચારાતો અને ઘડાતો આવે એ સ્વાભાવિક તેમ જ આવશ્યક છે. એ ઉદ્દેશ સંબંધી અપૂર્ણ કે અસ્પષ્ટ વિચાર રહેવાથી આપણા ભાઈઓમાં એના કાર્ય વિષે વારંવાર આ પ્રશ્ન પૂછાયાં કરે છે કે સાહિત્યપરિષદે આજસુધીમાં કર્યું શું? એને એ પ્રશ્નમાં હંમેશ જોડાયેલું એક પ્રિય વિશેષણ સંભારીએ તો 'સંગીન' કાર્ય કર્યું શું? પરિષદ્‌ના ઉદ્દેશ વિષે આપણે જ્યાંસુધી એકમત નહિ થઈએ ત્યાંસુધી એના કાર્ય પરત્વે અશક્ય આશાઓ અને ખોટી કાર્યકલ્પનાઓ બંધાયા કરશે, અને સામસામા પવનથી આમતેમ ખેંચાતા વહાણની માફક આપણી પરિષદ્ એનો માર્ગ કાપી શકશે નહિ. તે માટે (૧) પ્રથમ તો આપણે એક વાત એ

સ્પષ્ટ સમઝી લેવી જોઈએ કે આપણે વખતોવખત શા સારૂ મળીએ છીએ? સાહિત્યનો ઉત્કર્ષ સાધવા માટે કે સાહિત્યને લોકપ્રિય કરવા માટે? કે બંને માટે? એમાંથી એક અમુક જ એમ ઝટ નિર્ણય કરી એ ઉદ્દેશ સાધવા આપણે તન મન ને ધનથી મચી શકીએ, અને એ ઉદ્દેશમાં જેટલા સાથે રહે તેટલા ખરા, અને ન રહે તેટલા માટે હર્ષ શોકનું કારણ નહિ—એવી આત્મસંતોષની વૃત્તિ રાખી શકીએ. અથવા તો એમાંથી એકજ નહિ, પણ બંને એમ પણ આપણે નિર્ણય કરી શકીએ. પરંતુ એમ કરવામાં સામસામા કારણથી અસંતોષનો ધૂમાળો અગ્નિ વખતોવખત સળગ્યાં કરવાનો અને આપણા કૂળા પ્રયત્નને બાળ્યાં કરવાનો સંભવ છે, તે માટે કાર્ય કરવું હોય તો તેની સ્પષ્ટ રૂપરેખા દોરી લેવી જોઇએ, અને તે માટે જે કાંઈ યોજના ઘડવી તથા અમલમાં મૂકવી પડે તે વિષે વિચાર અને નિર્ણય કરી લેવો જોઈએ. આમ કર્યા પછી અસંતોષનું કારણ નહિ રહે. અને રહેશે તો તે એટલું નિયમન કરવા કામ લાગશે કે જેથી વહાણ એક બાજુના ભારથી નમી ન પડે, અને ઉભય તરફ સરખું વજન રહી સમતાથી ચાલે.

(૨) બીજું—કાર્યની રૂપરેખા વિષે કાંઈ વિચાર કરતાં પહેલાં, મતભેદનો એક બીજો વિષય પણ આપણે ચોખ્ખો કરી નાંખવો જોઈએ; સાહિત્યપરિષદે કેળવવાનું, પોષવાનું, સંવર્ધવાનું સાહિત્ય કયું? સકલ વાઙ્મય, એનો એક પ્રદેશ કવિતા—નામ, શબ્દ, અર્થ અને રસમાં આવિર્ભૂત થતી આત્માની કલા? અહીં પણ તેમ પાછો બે વચ્ચે વિકલ્પ-એમાંથી એક પસંદ કરી લેવાનો પ્રસંગ-ઉત્પન્ન થાય છે. પણ તેમ ન કરતાં એનો સમુચ્ચય—બંનેનો એક સાથે સ્વીકાર—કરીએ તો શું? પરંતુ એમાંનું બીજું, સંકુચિત અર્થમાં સાહિત્ય યાને કવિતા, એને સાહિત્યપરિષદ્ કેટલે અંશે ઉપજાવી શકે એ પણ એક વિચારવા યોગ્ય પ્રશ્ન છે.

(૩) ત્રીજું—પૂર્વોક્ત કાર્ય માટે સ્થાયી અને સુઘટિત એવી સંસ્થાની જરૂર? કે પરિષદ્ ... વિચાર, મંત્રી અને પ્રમુખ

દ્વારા અન્ય સ્થાયી સંસ્થાઓને જણાવી, એની પાસે કામ કરાવવું એ ઠીક? અહીં પણ બે જુદી જુદી ભાવના સંભવે છે: એક 'સદ્યોવધૂ'ની અને બીજી 'બ્રહ્મવાદિ'ની; અર્થાત્ એક મત એવો કે પરિષદે તુરત ગૃહસ્થાશ્રમ માંડવો અને એના ક્લેશ, કઠણાઈ, અને કર્તવ્યભારથી ડરી ન જતાં, એને સુન્દર રીતે ધીરતાથી અને વીરતાથી ચલાવવો; બીજો મત એવો કે પરિષદે ગૃહસ્થાશ્રમની જંજાળમાં ન પડવું, બ્રહ્મવાદિની રહેવું, અને બ્રહ્મોદ્યના સ્વતન્ત્ર કાર્યમાં જ સર્વ શક્તિ વાપરવી. મને લાગે છે કે પરિષદે પોતાના બંધારણનો કાયદો ઘડ્યો, પોતાનું મંડળ બાંધ્યું અને ધનપરિગ્રહ કર્યો ત્યારથી એનું સ્વતંત્ર છૂટું જીવન પૂરૂં થયું, અને પ્રથમ પક્ષ જ હવે વિચારવાનો રહ્યો. પરંતુ ઉપનયન સંસ્કાર પામી ઝટઝટ બ્રહ્મચર્ય સંકેલી લઈ વિવાહિત થઈ જવું એ એક અન્તની કોટિ છે, તેમ યાવજ્જીવ બ્રહ્મવાદિની જ રહેવું એ બીજા અન્તની કોટિ છે. બે કોટિની વચ્ચે મધ્યમ પ્રતિપદા (મધ્યમ માર્ગ) એ છે કે બ્રહ્મચર્ય પળાઈ તદન્તર્ગત વિદ્યાભ્યાસ થઈ જાય એટલે સંસારમાં જોડાવું. પરિષદ્‌નો આ શાસ્ત્રોક્ત બીજો કાળ આવી ગયો છે એમ એનું વય (૨૩ વર્ષ) જોતાં માની શકાય. અને બ્રહ્મચારી કરતાં ગૃહસ્થાશ્રમી વધારે લોકોપકાર કરી શકે એ પણ સ્પષ્ટ છે.

આ ત્રણે વિચારણીય પ્રશ્નોમાં સમુચ્ચયનું દૃષ્ટિબિન્દુ ધ્યાનમાં રાખી, તેમ જ એક એક પક્ષની મર્યાદા બતાવી મ્હેં ગઈ પરિષદ્ વખતે પરિષદ્‌ના કાર્ય સંબન્ધી જે ચર્ચા કરી હતી એનું સ્મરણ આપવામાં આપનો કાંઈક સમય લઉં તો તે ક્ષમા કરશો. મ્હેં કહ્યું હતું:—

"અત્યાર સુધીમાં સાહિત્યપરિષદ્‌માં નિબન્ધો ઘણા વંચાઈ ગયા, હવે તો સાહિત્યપરિષદે કાંઈ કામ કરી બતાવવું જોઈએ એવા ઉદ્‌ગાર આપણે ઘણીવાર સાંભળીએ છીએ, અને પરિષદ્‌ની દૃષ્ટિ સંસ્થાઓ રચવા તરફ અત્યારે વળતી અને વાળવામાં આવતી આપણે

જોઈએ છીએ. હાલનો જમાનો વિશેષતઃ યન્ત્રોનો, સંસ્થાઓનો છે. અને એ દ્વારા ઘણું કાર્ય થઈ શકે છે એ અમે માનીએ છીએ. પણ અનાજ ઓર્યા વિનાની ઘંટી ઘર્ષણ જ કર્યા કરે, એમાંથી લોટ નીકળે નહિ—એટલું ધ્યાનમાં રાખીને જ ઘંટી ફેરવવા અમારા ભાઈઓને અમારી વિનંતિ છે. કોઈ કહેશે કે અનાજ પણ ઘંટીમાં આકાશમાંથી ઊતરશે ? અનાજ ઉત્પન્ન કરવા માટે પણ ખેતીની યાન્ત્રિક યોજના જરૂરની છે. આ કહેવું ખરૂં છે; પણ અર્ધું જ ખરૂં છે મનુષ્ય જીવે છે–સુન્દરતાથી જીવે છે—તે માત્ર અનાજ ખાઈને જ નહિ; પણ સુન્દર વૃક્ષો ઉપરથી લચતાં ફળ ખાઈને પણ. એ ફળ ઘંટીમાં ઓરાતાં નથીઃ प्रीतिर्मधुरसार्द्रासु मञ्जरीष्विव जायते । તેમ તે સાથે મનુષ્યને અનાજની પણ જરૂર છે. આ રીતે સાહિત્યસૃષ્ટિના બે ભાગ પડે છે; એક અનાજ અને એક ફળ, એક યાન્ત્રિક યોજના યાને સંસ્થાઓ દ્વારા ઉત્પન્ન થતો જ્ઞાનરાશિ, અને બીજો નૈસર્ગિક રીતે કવિપ્રતિભાના કલ્પતરુ ઉપર ફળરૂપે જામતો રસપ્રવાહ. આ બેમાંથી રસપ્રવાહ ઉત્પન્ન કરવામાં પરિષદ્ બહુ ન કરી શકે, અને એ ન કરી શકે એમાં એની હીનતા પણ નથી, કારણ કે એ કાર્ય એના ઉદ્દેશમાં હોઈ જ ન શકે. એનું વિશેષ કાર્ય જ્ઞાનરાશિ ઉપજાવવાનું છે—જો કે જ્ઞાન અને રસ વચ્ચે જેટલો સંબન્ધ છે તેટલા પૂરતી જ્ઞાનને કરેલી સેવા રસને પણ ઉપકારક થાય છે. ઉપરની ઉપમા ફરી ઉપયોગમાં લઈને બોલીએ તો વનનાં ફળ પણ હવે બગીચામાં પ્રયત્નપૂર્વક ઊગાડીને વધારે રસીલાં અને સુન્દર બનાવવામાં આવે છે, તેટલા પૂરતી પરિષદ્ પણ કુશળ બાગવાનનું કામ કરે તો કવિપ્રતિભાનાં ફળને પણ તેવાં જ બનાવી શકે. પણ આ કાર્ય એને માટે હજી કઠણ છે, એનું વિશેષ કાર્ય જે જ્ઞાનરાશિ ઊપજાવવાનું તે પરિષદ્ વધારે સારી રીતે કરી શકે. પરિષદ આગળ બહોળાં અણખેડયાં ક્ષેત્ર પડ્યાં છે, અને અમે આશા રાખીએ છીએ કે એ ખેડવા માટે, એમાં ખાતર પૂરવા માટે ન્હાના ન્હાના

જમીનના કકડા એકઠા મેળવવા માટે, નવા કૂવા ખોદવા માટે, પાણીની નહેરો ખેતરમાં વાળવા માટે, ખેડુતોનાં પરસ્પર સહાયક મંડળો રચવા માટે, પરિષદ્‌ વિશાળ અને વિવિધ યોજના પરિષદ્‌ આગળ રજુ કરશે."

ગઈ પરિષદે પરિષદ્‌મંડળ સ્થાપીને અને તે સાથે પોતાનું અસ્તિત્વ અને નિયામક શક્તિ કાયમ રાખીને, યન્ત્ર અને જીવન બંનેનો સમન્વય કરવા પ્રયત્ન કર્યો છે. આ રીતે આપણે અત્યારસુધી અશરીરી રહેલા આત્માને શરીરી કર્યો છે, જેથી એ વિશેષ કાર્યસાધક થઈ શકે. (જૂની વાંચનમાળામાં "ત્રણ દૈત્યની વાત"માં ઉદક-પ્રવાહના પુત્ર વરાળીઆની વાત સ્મરણમાં લાવવા જેવી છે.)

આપ પૂછશો કે પરિષદ્‌ના આત્માએ દેહ ધારણ કર્યા પછી શું શું કાર્ય કર્યું? પરિષદ્‌મંડળના આવેદનપત્રથી એ આપના જાણવામાં આવશે. પણ એટલા કાર્યથી આપને અસંતોષ રહેશે તો એ 'દિવ્ય અસંતોષ' અભ્યુદયનું જ બીજ છે એમ વિચારી અધિકારીમંડળ આનન્દ પામશે. પણ હું એક વાત આપને ધ્યાનમાં લેવા વિનવું છું. પરિષદ્‌મંડળ એટલે આપણે પોતે જ. આપણે જો ધાર્યા જેટલી ગૂજરાતી સાહિત્યની સેવા કરી શકયા નથી તો તેનું કારણ શું? આપણા આ ક્ષેત્રમાં તેમ જ અન્ય દિશામાં અનેક પ્રયાસો ઢીલા પડે છે એ કોઈ પણ સાચા દેશહિતચિન્તકને જણાયા વિના રહે એમ નથી. એનું કારણ જરા તપાસીએ.

૩

સાહિત્યના ઉત્થાન માટે આવશ્યક જીવન

કવિ મિલ્ટને કહ્યું છે કે કવિ થવા માટે કવિનું જીવન એક કાવ્ય હોવું જોઈએ. અને એમ હોય તો વ્યષ્ટિ–સમષ્ટિ-ન્યાયે આ પણ સત્ય નથી કે જનસમાજના હૃદયમાંથી કાવ્ય ઉદ્‌ભવવા માટે જનસમાજ પોતે કાવ્યરૂપ હોવો જોઈએ? અને કાવ્યરૂપ હોવું એટલે Epic, Dram-

atic અને Lyric ત્રણે તત્ત્વોથી ભરપૂર હોવું: અર્થાત્, એના જીવનમાં વીર-અને-અદ્ભુતપ્રધાન મહાકાવ્યના સર્ગો સર્જાવા જોઈએ, એનાં પત્રોમાં વિશિષ્ટતા વિવિધતા અને અલૌકિક સંવિધાન ભર્યાં જીવનનાં નાટકો-અનુકરણ નહિ, પણ ભાવનાચિત્રો-પ્રકટ થવાં જોઈએ, તથા એનું હૃદય રસના ઉછાળાથી ઉભરાવું જોઈએ. આ અત્યારે આપણા જીવનમાં છે? આવું જીવન હોય અને તે પુષ્કળ હોય તો તેમાંથી સાહિત્યના ધોધ-કાંઈ નહિ તો જોશદાર ઝરણાં-વહ્યા વગર રહે નહિ. પણ તે વહે છે? આત્મજુગુપ્સાના દોષ વિના અને વિષાદને વશ થયા વિના, આપણે કહી શકીએ છીએ કે જગતને ચકિત કરે કે મોહ પમાડે એવી ભવ્યતા કે સુન્દરતા હજી આપણા જીવનમાં આવી નથી. આપણા જીવનમાં વિશિષ્ટતા કે વિવિધતા નથી, જે તે ઘણું સામાન્ય-commonplace-અને એક તેવું બીજું છે. અને આપણી વૃત્તિઓ પણ નચિકેતાના બાપે યજ્ઞના દાનમાં આપી હતી તેવી દૂબળી ઘરડી અને વસુકેલી ગાયો જેવી છે. આવી સ્થિતિમાં સાહિત્યની લક્ષ્મી-સાદો મરાઠી શબ્દ વાપરીએ તો 'ભરભરાટી'-ક્યાંથી સંભવે! અત્યાર સુધી તો મોહ-નિદ્રામાંથી જાગી, આંખો ચોળી, ઊંઘ ઊરાડી આસપાસ દૃષ્ટિ ફેરવવામાં અને બહુ તો પથારીમાંથી ઊભા થવામાં આપણો વખત ગયો છે. પરાક્રમને પંથે તો પ્રજા હજી હવે જ ચઢે છે. ઉત્થાનકાળની ઝાડી અને ડુંગરાની કરાડોમાંથી પસાર થઈને શાન્તિની અધિત્યકાએ પહોંચ્યા વિના સાહિત્યનો યુગ જામતો નથી. જગતના સાહિત્યસમુલ્લાસના સુપ્રસિદ્ધ મહાન યુગો-જેવા કે યૂરોપમાં ગ્રીસનો પેરિકિલસ યુગ, રોમન સામ્રાજ્યનો વર્જિલ-હોરેસ યુગ, મધ્યયુગની મૂર્છામાંથી જાગતા ઇટાલિનો ડૅન્ટી-પેટ્રાર્ક યુગ, લાલ સફેદ ગુલાબનાં યુદ્ધથી ખુવાર થઈ ગયા પછી પરદેશી સાહિત્ય અને સ્વદેશી પરાક્રમના અમૃતસિંચનથી ફુલ્યો-ફાલ્યો એલિઝાબેથ યુગ, અને આપણા દેશના ઇતિહાસમાં દૈવાસુરસંગ્રામમાંથી આર્યતાની જીવનની

મૂર્તિ ઘડનાર રામાયણ અને મહાભારત યુગ, સંસ્કૃત અને પ્રાકૃતના સમુલ્લાસથી અંકિત ગુપ્ત યુગ, હર્ષવર્ધન યુગ, યશોવર્મા યુગ, રાષ્ટ્રકૂટ ચાલુક્ય અને અર્વાચીન સમયમાં આવતાં મોગલ પાદશાહી અને હિન્દુપાદશાહીના ભાષાયુગ—ઇત્યાદિ સર્વ યુગો એક જ મહાન નિયમ પોકારી રહ્યા છે કેઃ ક્ષોભ–મન્થન–વિગ્રહ એ વિના ખરી શાન્તિ નથી, અને શાન્તિ વિના સાહિત્ય નથી. આમ ક્ષોભ અને અને શાન્તિ ઉભય પરસ્પર વિરુદ્ધ દીસતાં કારણોમાંથી સાહિત્યનાં અમૃત નીકળે છે જડ જર્જર જીવનનો નાશ એ જીવનના પુનરુલ્લાસ માટે આવશ્યક છે. પાન ખરે છે ત્યારે જ નવી કુંપળો ફૂટે છે. આમ જીવનની વિષમતા એ સાહિત્યની માતા બને છે. અત્યારે આપણા દેશનું જીવન એવી વિષમતામાંથી પસાર થઈ રહ્યું છે, અને એ વિષમતથી પ્રજામાં જે નવજીવન પ્રકટ્યું છે–ભાઈ મુનશીનો શબ્દ વાપરૂં તો જે 'મૂલ્યપરિવર્તન' ('change of values') થઈ રહ્યાં છે, એમાં જ આપણા ભવિષ્યના સાહિત્યની આશા રહેલી છે. આથી એમ ન સમઝાવું જોઈએ કે આપણા જીવનનું વ્હાણું હજી હવે જ વ્હાય છે. દુર્ગારામ મ્હેતાજીના સમયથી જે પ્હો ફાટવા માંડ્યો હતો એમ થી હવે ધીમે ધીમે 'અરુણું પ્રભાત' થતું આવે છે, અને જીવનના જે પ્રદેશોમા જોશો તેમાં એ જીવનનો વિસ્તાર અને વિકાસ થતો જ અત્યારે નજરે આવશે. પરન્તુ સ્મરણમાં રાખવું પડશે કે મનુષ્યજીવનનાં ઉત્સર્પણ એક સીધી લીટીમાં, ઉભી સીડીનાં પગથીઆં પેઠે આકાશમાં ચઢતા સૂર્યની પેઠે, એકસરખાં થતાં નથી, ઘણી વાર એનું દર્શન અને ઘણીવાર એનું વિનશન (લોપ) થાય છે. પણ એ વિનશનમાં આગળની ગતિ માટે બળસંચય થતો હોય છે. ભાવના પણ કેટલીક વાર દીપ્તિમંત તો કેટલીક વાર ઝાંખી થાય છે, તેમાં ઝાંખપનો કાળ એ ઘણી વાર વિશ્રામનો હોય છે, એટલે જેટલો વિશ્રામ તેટલી જ એમાં આગળ વધવાની તૈયારી વા કોઈ નવા માર્ગની શોધ ગૂઢ રીતે ચાલતી હોય છે.

૪

મીરાંનાં પદ, નરસિંહ મહેતાનાં પ્રભાતીયાં, પ્રેમાનન્દનાં આખ્યાન, સામળભટના છપ્પા અને વાર્તા, અખાની જ્ઞાનવાણી, ભોજા ભગતના ચાબખા, દયારામની ગરબીઓ ઇત્યાદિ મધ્યકાલીન ગૂજરાતનું ઘેરે ઘેર ગવાતું અને પ્રેમથી સંગ્રહાતું સાહિત્ય છે. એના ગુણ અને ગુણની મર્યાદાનું ચિન્તન રસિક છે. પરંતુ એ સર્વ અત્યારે 'દૈવતરૂપાંકિત' યાને લક્ષ્મીપૂજનમાં પ્રતિષ્ઠિત થઈ ગએલું એવું સાહિત્યદ્રવ્ય છે. વ્યવહારમાં ઉપયોગી થાય-જેના આધાર ઉપર આપણા નવા જમાનાનો વ્હેવાર ખેડીએ—એવું એ દ્રવ્ય નથી. ભવિષ્યની આશા કેટલે અંશે સકારણ છે એનો જ્યાં વિચાર કરવાનો છે ત્યાં વર્તમાન સ્થિતિની જ સમાલોચના ઉપયોગી અને પ્રાસંગિક છે. તે માટે એની ન્યૂનતાના કારણથી નહિ, પણ પ્રસ્તુત વિચાર માટે અનુપયોગિતાના કારણથી એ જૂના સાહિત્યને રહેવા દઈ— આપણા અર્વાચીન સાહિત્યની ગઈ સાદીના ઇતિહાસ ઉપર જ નજર ફેરવીએ. એ સાહિત્યને આપણે કાલક્રમના ત્રણ ખંડમાં વ્હેંચી શકીએ છીએ:

ગઈ સાદીની સાહિત્ય પ્રવૃત્તિનું અવલોકન

પહેલા ખંડનું ખાસ લક્ષણ જ્ઞાનવૃદ્ધિ માટે સભાઓનું સંસ્થાપન: ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાઈટિ, બુદ્ધિવર્ધક સભા, જ્ઞાન પ્રસારક સભા, ફૉર્બ્સ સભા અને એમાં ગૂજરાતી સાહિત્યની સેવા કરનાર મહાપુરુષો+ ફૉર્બ્સ, ભોળાનાથ, મહીપતરામ, નન્દશંકર, દલપતરામ, નર્મદાશંકર, મનઃસુખરામ, રણછોડભાઈ, ઝવેરીલાલ, નવલરામ, વ્રજલાલ શાસ્ત્રી, ભગવાનલાલ ઈન્દ્રજી, ઈત્યાદિ: એ પુરુષોને હાથે ઐતિહાસિક શોધ, કવિતા, નવલકથા, નાટક, તત્ત્વજ્ઞાન અને વિવેચનશાસ્ત્રના પાયા નંખાયા. એમાંના એક ભગવાનલાલ ઈન્દ્રજીનું સ્થાન તો પ્રાચીન શિલાલેખના શોધક અને

+ આને અંગે સાહિત્યકારોના નામસંકીર્તનમાં માનવાચક, આદ્ય રા. રા. અને અન્ત્ય 'ભાઈ' વગેરે પદાંશ હું સગવડ ખાતર છોડી દઈશ.

અભ્યાસક તરીકે અર્વાચીન હિન્દુસ્તાનના મહાન વિદ્વાનોમાં છે. પરંતુ એ જમાનામાં અંગ્રેજીનો અભ્યાસ હાલ જેટલો વિશાળ ન હતો, અને જીવન હાલ કરતાં ઘણું ઓછું સંકુલ હોઈ એના વિચારમાં સાદાઈ હતી. એનું પ્રતિબિમ્બ તે વખતની કવિતામાં નાટકમાં તેમ જ નવલકથામાં આપણે જોઈએ છીએ. ઘડીકમાં સભાનું મનરંજન કરી દે એવી દલપતરામની કવિતા. નર્મદનાં સૃષ્ટિસૌંદર્યનાં અને ઋતુવર્ણનનાં કાવ્યો વિગતભર્યાં પણ મર્મગ્રાહી નહિ, એમના શૃંગાર વીર અને દેશભક્તિરસના ઉછાળા તેમાં કૃત્રિમતા નહિ તેમ કલા પણ નહિ. માત્ર સીધો અને પ્રબળ આવેશ. "જયજય ગરવી ગૂજરાત! દીપે અરુણું પ્રભાત.' એ ઉત્થાનિકામાં આપણી માતૃભૂમિની ઉચ્ચ ઉદાર અને મનોહર સ્વરે જયઘોષણા, પણ તે પછી એ ઘોષણાના સ્વરને આકાશમાં ટકાવી રાખે એવી બલવતી પ્રતિભા નહિ; ગૂજરાતનાં ઇતિહાસ અને ભૂગોળ ઉદાત્તાલંકારથી જે કાંઈ ઊંચાં સ્મરણો કરાવી શકે તે કરાવીને, અન્તે 'કોની કોની છે ગૂજરાત?' એમ નિશાળીઆઓ એકે અવાજે ઉચ્ચારે એવું કથન. રણછોડભાઈના 'લલિતાદુઃખદર્શક' નાટકની કળા સહજ સમઝી લેવાય એવી. 'કરણ ઘેલો' અને 'વનરાજ ચાવડો' એમાં, વિશેષરૂપે 'કરણઘેલા'માં ઐતિહાસિક સમયનું ચિત્ર સાદું અને સુંદર; તથા તે વખતના આચારવિચાર તથા કોમળ સ્ત્રીપુરુષના મનોભાવના વર્ણનની શક્તિ સારી; અને સાદી પણ ઊંચવર્ણી ભાષાનું બળ ધ્યાન ખેંચે એવું. નવલરામ ગૂજરાતી ભાષાના વિદ્વાન, પણ એમની વિશિષ્ટતા સાહિત્યવિવેચનમાં. એમનામાં સાહિત્યના ગુણદોષ સમતોલબુદ્ધિથી પારખવાની અદ્‌ભુત સ્વાભાવિક શક્તિ, પણ બહુ વિશાળ સાહિત્યના જ્ઞાનથી એ સંસ્કાર પામેલી નહિ, તેમ વિશાળ બનેલી પણ નહિ; જેવું તે સમયનું સાહિત્ય, તેને અનુરૂપ એમની વિવેચના; પરંતુ તે સાથે આગામી સમય સમઝવા જેટલી ઉદાર સહૃદયતા ખરી. અને તેથી 'કુસુમમાળા'નું ગુણદર્શન. મનઃસુખરામભાઈનું વેદાન્ત તે વિચારસાગર પંચદશી અને શાંકરભાષ્યનો શબ્દાર્થ અને વાકયાર્થ અને 'સંપ્રદાય-

સિદ્ધ' અર્થ જાણવા પૂરતું, અને એમની પિપાસા પણ સાંપ્રદાયિક જ્ઞાન માટે જ; પણ તે માટે ખરા હૃદયનો પ્રેમ અને આગ્રહ. આ સમયમાં ઝવેરલાલભાઈએ શાકુન્તલ અને મનુસ્મૃતિનાં ભાષાન્તર કર્યાં એની કિંમત આ માર્ગની આદ્ય કૃતિઓ તરીકે સારી. એ જમાનાના કાર્યની મ્હારી આ વિહંગદૃષ્ટિથી આપને કદાચ લાગશે કે હું એની કદર કરવામાં મન્દ છું પણ વસ્તુતઃ તેમ નથી. હું એટલી જ દૃઢતાથી માનું છું કે નર્મદાશંકરમાં સાચું હૃદયનું કવિત્વ હતું, કવિત્વના અનેક પ્રદેશમાં એમણે પોતાની શક્તિ પ્રસારી છે. એમના અનન્ય-સાધારણ કવિજીવન માટે, એમના નીડર સાંસારિક જીવન માટે, એમણે ઉત્તર કાળમાં દર્શાવેલી વિરલ સત્યનિષ્ઠા અને ઐતિહાસિક દૃષ્ટિ માટે, (પછી ભલે એમાં આપણે સંમત થઈએ વા ન થઈએ) તેમ જ એકલ હાથે ગૂજરાતી ભાષાની એમણે કરેલી સેવા માટે, મ્હારૂં શિર એમને ચરણે નમે છે. દલપતરામની શાણી કવિતા—એનાં સાદાં સીધાં રમુજી વર્ણન, વર્તાશૈલી અને મીઠો હાસ્યરસ મને આનન્દ આપે છે. સાદી ગૂજરાતની ભાષા કેટલું કામ આપી શકે છે એ દલપતરામ અને નન્દ-શંકર જેવું કોઈએ બતાવ્યું નથી. નન્દશંકરનો કરણઘેલો આપણે આનન્દથી વાંચીએ છીએ, અને વર્તમાન સમયની સંકુલતાથી કંટાળેલા આપણે ઘણીવાર એ ભૂતકાળની સાદાઈ તરફ વળીએ છીએ—જેમ બ્રાઉ-નિંગ શેલી કાર્લાઇલ કે મેરેડિથની ઊંડી ખીણોમાંથી નીકળી કોઈવાર ગોલ્ડસ્મિથ અને સ્કૉટની સપાટ ભૂમિમાં વિહરવાનું મન કરીએ તેમ. નવલરામની પારખ અને સમતોલપણું વિવેચનના કામમાં આજ પણ દુર્લભ છે. મનઃસુખરામે દેશી રાજ્યની ખટપટ અને જાહોજલાલીમાં વિચરતાં છતાં, વિદ્યા પ્રત્યે જે સાચો પ્રેમ અને આદર, સંસ્કૃત ઉપર અભિરુચિ અને શ્રમ, ભાષાનું વલણ તથા આવશ્યકતા સમજ-વામાં દીર્ઘદર્શિતા દર્શાવ્યાં છે એ ભૂલાય એમ નથી. રણછોડભાઈએ સમયોચિત રસિક નાટકોથી ગૂજરાતમાં સંસારસુધારાના પ્રશ્નો જોવા પ્રજાને જાગૃત કરી હતી.

હરગોવિન્દદાસભાઈ પ્રથમ ખંડના હોઈને એમનું કામ બીજા ખંડમાં થયું છે, એમનો સંસારસુધારાનો, કેળવણીનો, અને પ્રાચીન ગૂજરાતી કાવ્યોનો શોખ સાચો અને પુષ્કળ છે, પણ એમાં વિચારની ઊંડી ગડમથલમાં એ ઊતર્યા નથી. પણ નાથાશંકરની સહાયતાથી અને મહારાજાશ્રી સયાજીરાવ તથા મણિભાઈ જશભાઈની ઉદાર રાજ્યનીતિના આશ્રયથી પ્રાચીન ગૂજરાતી કાવ્યમાળા પ્રસિદ્ધ કરવામાં એમણે જે શ્રમ ઉઠાવ્યો છે અને હજી પણ સ્વાશ્રયભાવે ઉઠાવે છે, તે માટે ગૂજરાત એમનું સદાનું ઋણી રહેશે. આ સર્વ લેખકોમાંથી હરગોવિન્દદાસ ઉપરાંત નર્મદાશંકર અને નવલરામ તે પછીના યુગ સાથે પોતાના યુગને સાંધે છે. આ બીજા યુગના સાહિત્યકારો તે ગોવર્ધનરામ, મણિલાલ, હરિલાલ, બાળાશંકર, નરસિંહરાવ, કેશવલાલ, ડાહ્યાભાઈ, નૃસિંહાચાર્ય, કમળાશંકર, ઇત્યાદિ. અને એમના ન્હાના ભાઈઓ—રમણભાઈ, મણિશંકર, કૃષ્ણલાલ, બળવંતરાય, કલાપી વગેરે. આ યુગની મહાન્ કૃતિ ગોવર્ધનરામનું સરસ્વતીચંદ્ર પ્રાચીન આર્ય ભાવના, વર્તમાન જનસમાજ; અને પાશ્ચાત્ય અંગ્રેજી કેળવણીની અસર-એ ત્રિવેણીની ભમરીઓનું આપણને દર્શન કરાવે છે. એની અદ્‌ભુત કલ્પના. પાત્રાલેખન, અને ચિત્રણકલા, ગૌરવભરી બુદ્ધિ, સૂક્ષ્મ વિચારશક્તિ, અને યુગાનુરૂપ ભાષા તથા શબ્દભંડાર, આ ગુણો ગૂજરાતી સાહિત્યના ઇતિહાસમાં એ મહાન કૃતિને અદ્વિતીય પદ અપાવે છે, અને મ્હારા નમ્ર મત પ્રમાણે જગતના સાહિત્યમાં અત્યારે કોઈ પણ ગૂજરાતી પુસ્તકને સ્થાન મળવું યોગ્ય હોય તો તે 'સરસ્વતીચન્દ્ર'ને જ છે. એ કૃતિ ગૂજરાતી સાહિત્યમાં—સંસ્કૃત સાહિત્યમાં કાદમ્બરીની પેઠે—જો કે જુદા જ ગુણોથી-અમર રહેશે. છતાં પણ કહેવું જોઈએ કે આજે એ પુસ્તક વિષે બહુ બોલાતું લખાતું નથી, કારણ કે પ્રજાની સહૃદયતા કાંઇક બીજે માર્ગે વહેવા લાગી છે, જેમાં વિસ્તીર્ણ કથાનું સ્થાન ટૂંકી વાર્તાએ અને જ્ઞાનભરી કલાનું સ્થાન કેવલ કલાએ લીધું છે. અત્યારનાં વિવેચનશાસ્ત્રમાં વિચાર કરતાં કલાની સમરેખતા અને ભાવના કરતાં યથાસ્થિત જીવન વધારે પસંદ થાય છે. જો કે 'સરસ્વતીચન્દ્ર'માં પૂરેલા ભાવનાના

જગતમાં વિહરતા, મનુષ્યહૃદયની વૃત્તિઓના રંગ કદી પણ ઝાંખા પડશે નહિ, તથાપિ એની વિચારમાલાનાં ફૂલ હવે વાશી થવા લાગ્યાં છે એમ ઘણાને જણાય છે. નરસિંહરાવે 'કુસમમાળા 'માં ગૂજરાતને એક નવી જ ભૂમિનું દર્શન કરાવ્યું. અને ગૂજરાતમાં જો કીટ્સ જેવો કવિ હોત તો ચૅપમેનનો હોમર વાંચીને એના મનમાં સ્ફુરેલા ભાવ એક સૉનેટમાં જેમ એણે અમર કર્યા છે તેમ આપણો કવિ કરત. માત્ર એ ભૂમિના લાક્ષણિક સ્વરૂપમાં ભવ્યતાને બદલે સૌન્દર્ય છે એ જુદી વાત. 'કુસુમમાળા' એક અપૂર્વ કૃતિ છે અને નથી; એ સર્વથા અપૂર્વ પ્રતિભાથી સર્જાએલી નથી. એમાં પશ્ચિમની કવિતાનું, વિશેષ ભાગે પાલગ્રેવની ગોલ્ડન ટ્રેઝરીની ચોથી કરંડિકાની કવિતાનું, અને તેમાં સહુથી વિશેષ વર્ડ્ઝવર્થના કવિહૃદયનું, અનુકરણ છે. અનુકરણ છે, પણ તે અનુવાદ નથી. અર્થાત્ એ નિર્જીવ ફોટોગ્રાફ નથી, પણ મૂળમાંથી પ્રેરણા પામી ઉપજાવેલું સ્વતન્ત્ર જીવતું ચિત્ર છે. પણ હજી આ કૃતિમાં આગલા જમાનાની સાદાઈ છે. કુસુમમાળામાં પ્રગટ થએલી ન્હાનીશી શક્તિ 'હૃદયવીણા'માં અને 'નૂપુરઝંકાર'માં વધારે સમર્થ થાય છે, નવા આકાર પણ રચે છે. તે પછી કવિએ સ્મરણસંહિતામાં ટેનિસનના 'ઈન્મેમોરિયમ'ની માત્ર આકૃતિ લઈ એમાં સ્વતન્ત્ર બળથી જ્ઞાન શ્રદ્ધા અને કરુણરસની ત્રિવેણી વહેવરાવવી છે. નરસિંહરાવની 'કુસુમમાળા' અને હૃદયવીણા' એ બે કૃતિઓએ એમની પાછળના ઘણા ન્હાના મ્હોટા કવિઓમાં કવિતા પૂરી છે. આ સર્વ હોઈ ને પણ, એમની કવિતાનું સ્વરૂપ અને ભાષાની વિશિષ્ટતા એવી છે કે સર્વને આકર્ષક ન થાય. જો કે જેને થાય તેને મુગ્ધ કરી મુકે. નરસિંહરાવની કવિતામાં વિચાર કે ભાવનું વૈવિધ્ય, હૃદયનો જોસ કે નર્માળી આનન્દવૃત્તિ એ ગુણોની ખોટ છે. આ જાતની આનન્દવૃત્તિ જે ઊંચી કવિતા કરતાં ગદ્યને વધારે શોભે એ 'સ્મરણમુકુર' માં ભરપૂર ભરેલી છે. પણ એ સ્વાનુભવરસિક કવિમાં સામાના હૃદયનું ભાન થોડું હોઈ અજાણ્યે એમણે

કેટલાંક હૃદયને ડુલાવ્યાં છે, અને તેથી સાહિત્યના એક વિશિષ્ટ પ્રકાર તરીકે એની કિંમત ઊંચી હોવા છતાં એની પૂરી કદર થવામાં વાંધો છે. 'વસન્ત'માં પ્રકટ થતી 'વિવર્તલીલા' ગંભીર આકાશમાં સ્વચ્છન્દે ઊડતા વિચારપંખીઓની શ્રેણિ છે. એ ઉપરાંત અભિનય સંગીત આદિ ઉપરના એમના નિબન્ધગ્રન્થ તે તે વિષયનો પૂરો અભ્યાસ બતાવે છે. નરસિંહરાવની સાહિત્યકાર તરીકે જેઓ ઊંચી કદર કરતા નથી તે પણ એક ઊંચા ભાષાશાસ્ત્રી તરીકે અને જોડણીના આગ્રહી આચાર્ય તરીકે એમને સ્વીકારે છે, અને વિવાદમાં એમની બુદ્ધિની એવી ઝીણવટ અને ચોકસાઈ છે કે એમને પહોંચી વળવું એ પૂર્વ પક્ષ-ઉત્તર પક્ષમાં જીવન ગાળતા કાશીના પંડિતને પણ ભારે પડે. મણિલાલને બાહ્ય પ્રકૃતિ આકર્ષતી ન હતી: 'કુસુમમાળા'નાં કુસુમો એમને નિર્ગન્ધ વિલાયતી ફૂલ લાગ્યાં. કારણ એ હતું કે એમની કાવ્યરુચિ મનુષ્યહૃદયના ભાવ ઉપર જ હતી. અને એ ભાવમાં પણ પ્રેમ, પ્રેમના ઘા, પ્રેમની દગાઇ, સાચાઈ, નિખાલસપણું, નિર્વેદ, આત્મનિમજ્જન, અભેદપિપાસા એમાં જ એમનું કવિહૃદય ડૂબેલું રહેતું. એમણે એ એકતારા ઉપર જ કામ કર્યું છે, અને તે થોડું કર્યું છે, પણ જેટલું કર્યું છે, તેટલું હૃદયવેધક છે. કવિ તરીકેની એગની ખામી એમની વિવેચકદૃષ્ટિમાં પણ ઊતરી છે. ગૂજરાતના સાહિત્યના ઈતિહાસમાં એમનું સ્મરણ કવિ કે વિવેચક તરીકે નહિ—જો કે એમનાં કેટલાંક કાવ્યો અને વિવેચનો ચિરાયુ રહે એવાં છે પણ એક મહાન તત્ત્વજ્ઞાની અને સમર્થ ગદ્યકાર તરીકે રહેશે. એમનાથી દશ પંદર વર્ષ પછીનો અમારો જમાનો—બલ્કે ફિલોસોફિના તે વખતના ગ્રેજ્યુએટો પણ હજી મિલના જનહિતવાદમાં અને બુદ્ધિવાદમાં ભરાઈ રહ્યા હતા, તે વખતે મણિલાલે નિઓ-હેગેલિયનિઝમ યાને અભિનવ હેગલના તત્ત્વજ્ઞાનનું પાન કરી લીધું હતું, અને એમનો અભિનવ વેદાન્ત ગૂજરાતને પાઇ રહ્યા હતા. એમના પહેલાંના ગદ્યસાહિત્યમાં, નર્મદાશંકર અને નવલરામની ભાષામાં કેટલીક ખૂબી

હતી, પણ અદ્ભુત બળ, વીર્ય અને અભિમાનભરી મણિલાલની ગદ્યશૈલી ગૂજરાતી ભાષામાં એકલી જ વિરાજે છે. સુફી હૃદયનો અને સુફી કાવ્યનો ગૂજરાતને પરિચય કરાવનાર કવિ બાળાશંકર. મણિલાલના એ મિત્ર અને મણિલાલને સુફી ગઝલનો શોખ લગાડનાર પણ એ જ. જાતઅનુભવ અને દિલદર્દથી એમની કવિતા અંકાએલી છે. હરિલાલ ધ્રુવની સાહિત્યસેવા જુદા જ પ્રકારની છે. ભાષાની કર્કશતા, સંગીતની વિષમતા, એ એમની કવિતાના દોષો છે, તેમ તે ગુણ પણ છે. એ ગુણોએ જ એમના કાવ્યમાં અનન્ય સાધારણ જુસ્સો પૂર્યો છે. એમનો દેશભક્તિનો વેગ નર્મદાશંકરનું સ્મરણ કરાવે છે, પણ એમના કરતાં એ બહુ આગળ જાય છે. જેમ બાયરનનાં પુષ્કળ લખાણમાંથી ચિરસ્થાયી થાય એવું થોડું જ રહે છે, તેમ હરિલાલ ધ્રુવના 'કાવ્યકુંજ'માંથી સૂકી ગૂંચવાએલી લતાઓ ઘણી નીકળી જશે; છતાં છેવટે કેટલીક ડાળીઓ રહેશે, જે દેશભક્તિના રસથી ઉછળતી સદા ઝૂલ્યાં કરશે.

આ યુગના બીજા સાહિત્યસેવકોમાં ભીમરાવ, કેશવલાલ, ડાહ્યાભાઈ, છગનલાલ, નરસિંહાચાર્ય, કમળાશંકર અને વયમાં પછીના યુગના હોઈને પણ પૂર્વયુગના ઉત્તરાર્ધમાં જેમણે સાહિત્યસેવા કરી છે એવા નગીનદાસ સંઘવી. એમાં ડાહ્યાભાઈનું "બુલબુલ" એના હૃદયના આવેશથી નિખાલસ ઉદ્ગારથી અને લલિત પદાવલીથી અને ભીમરાવનું 'આ અણગણતારાવૃન્દ દીપે શ્યામ નિશામાં' ઇત્યાદિ સુરપાળની છાવણીનું ચિત્ર એની મર્મગ્રાહી ભવ્યતા અને વિષયાનુરૂપ પદ્યબન્ધથી મન હરે છે. એ કાવ્યના કવિઓએ એમની અન્ય કૃતિઓ હોઈને પણ—એક એક કાવ્ય થકી જ ગૂજરાતી સાહિત્યમાં ચિરંતન સ્થાન પ્રાપ્ત કર્યું છે. દોલતરામની પ્રભાવશાલી સંસ્કૃત સરણિ અને નગીનદાસ સંઘવીની દલપતશાહી છતાં સંસ્કૃત પાંડિત્યવાળી કવિતા એ પણ આ યુગમાં ધ્યાન ખેંચે છે. નૃસિંહાચાર્યે નવી કેળવણીના ધોરી માર્ગથી જુદી જ શ્રેણિએ કામ કર્યું છે.

સામાન્ય તેમ જ કાંઈક વિચારશીલ જનની ધાર્મિક તૃષા છીપાવે, અને વર્તમાન જમાનાના વ્હેણમાં ન તણાતાં કુશળ રીતે સંસાર ચલાવવાનો સ્ત્રીઓને પણ માર્ગ બતાવે, એવા વાર્તાનિબન્ધો સાદી ભાષામાં અને આકર્ષક સ્વરૂપમાં એમણે લખ્યા છે. મણિલાલ પેઠે એ પણ આપણા જનસમાજને પ્રાચીન સંસ્કૃતિ તરફ વાળવા યત્ન કરે છે, પણ તે મણિલાલ કરતાં વધારે મીઠાશથી, પણ ઓછા વિદ્યાબળથી, અને ઓછા ભાષાબળથી. કમળાશંકરભાઈની શિષ્ટતા અને પ્રતિષ્ઠા અસાધારણ છે. પણ એમની સાહિત્યસેવા ઘણે ભાગે સંસ્કૃતને કરવામાં આવી છે અને તેથી ગૂજરાતી વાચકોનું ધ્યાન એણે ઘણું ખેંચ્યું નથી. પણ એમની વિદ્વતાએ સંસ્કૃત વિદ્યાને કરેલી સેવાથી હિંદુસ્તાનના વર્તમાન વિદ્વાનોમાં ગૂજરાતને અભિમાન લેવા યોગ્ય સ્થાન અપાવ્યું છે તે માટે ગૂજરાત એમનું ઋણી છે. કેળવણીકાર તરીકે પણ ગૂજરાતમાં એમનું સ્થાન મ્હોટું છે. ડોળ નહિ પણ સત્ય; ગતાનુગતિકતા નહિ પણ સ્વમતમાં દઢતા; શિષ્ટતા, પણ તે સાથે પુરાણાપણું કાંઈક વિશેષ જમાનાને રુચે તે કરતાં વધારે; પણ સર્વમાં સત્યનિષ્ઠા; એ એમની ખાસિયતો. ભાષાન્તરકાર તરીકે છગનલાલ અને કેશવલાલે મણિલાલ કરતાં અધિક યશ પ્રાપ્ત કર્યો છે. છગનલાલનું કાદમ્બરીનું ભાષાન્તર એ ગૂજરાતી ભાષાનું મહાન પરાક્રમ છે. કેશવલાલ બીજા ખંડના હોઈને પણ એમનું ઘણું ખરૂં કાર્ય એના ઉત્તરાર્ધમાં અને ત્રીજા ખંડમાં થયું છે. છતાં એની અત્રે જ નોંધ કરી લેવી ઠીક પડશે. ભાષાન્તર એ નિશાળીઆ-નો તરજુમો નથી પણ સાહિત્યનો એક માનવંતો પ્રકાર છે એનું ભાન પૂરેપૂરૂં ગૂજરાતી વાચકને કેશવલાલભાઈએ જ કરાવ્યું છે. એમની ભાષાન્તરપ્રવૃત્તિ અમરુશતક અને ગીતગોવિન્દથી શરૂ થઈ મુદ્રારાક્ષસ વિક્રમોર્વશીય પ્રિયદર્શિકા અને ભાસનાં નાટકો ઉપર ફરી વળી છે. એમાં યથાર્થ શબ્દશક્તિ, અને નાટકોનું સૂક્ષ્મ સંશોધન, તથા ઉપોદ્‌ઘાત માટે પુષ્કળ શોધ અને શ્રમ એ એમની કૃતિનાં

લક્ષણ છે. આ ઉપરાંત પ્રાચીન ગૂજરાતીનો અભ્યાસ, એને લગતી શોધખોળ, નિર્જીવ કવિના કાવ્યની એક હસ્તલિખિત પ્રત જડતાં પણ 'એકમાત્રાલાઘવથી પુત્રોત્સવ માનનાર વૈયાકરણ' જેટલો આનન્દ, આ એમના મ્હોટા ગુણો છે. આ બીજી પ્રવૃત્તિમાં કેશવલાલભાઈ સાથે ડાહ્યાભાઈનો સહયોગ પણ ચાલુ જ છે.

બીજા જમાનાના ન્હાના ભાઈઓમાં, નવલરામનું સ્થાન રમણભાઈએ લીધું. નવલરામની સુન્દર વિવેચક બુદ્ધિ તેમ જ સીધી વિશદ ભાષા રમણભાઈમાં આવી. પણ નવલરામ કરતાં રમણભાઈની વિદ્વત્તા ઘણી વધારે, તેથી એમનાં વિવેચન વધારે ઊંડાં, વિશાળ, અને ઉદાહરણથી સંપન્ન; અને ભાષાની સંસ્કૃતિ પણ વધારે ઊંચી; તથા શબ્દભંડાર વધારે મ્હોટો: પણ રમણભાઈની વિવેચનશક્તિની કદર એમના યુવાવસ્થાના લેખોથી થાય છે એમાં કાંઈક ભૂલ દેખાય છે. એ લેખો અમુક પ્રકારની જ કવિતાથી પ્રેરાયા હતા, અને તેટલા પૂરતી એમની કવિતાની કસોટી એકદેશી થઈ છે. પાશ્ચાત્ય વિવેચનનાં તત્ત્વોની પોતાની બુદ્ધિમાં મિલાવટ, અને આપણા સાહિત્યનાં ઉદાહરણોથી એની પરિપુષ્ટિ, એ એમનાં વિવેચનોનો વિશિષ્ટ ગુણ હતો. અને તેથી વર્તમાન જમાનાના વિવેચકોમાં એ આજ સુધી પ્રથમ સ્થાને રહ્યા છે. રમણભાઈની પ્રકૃતિ ગંભીર સંસ્કારી અને શિષ્ટ હતી, અને તદનુસાર એમની સાહિત્યસેવા પણ એ જ પ્રકારની છે. 'રાઈનો પર્વત' વર્તમાન શિષ્ટ નાટકોમાં સર્વોત્તમ છે. ભાવના અને વાસ્તવિકતાનો એમાં વિરલ સંયોગ છે. પણ શિષ્ટતાની બહુ દરકાર ન કરનારો વર્ગ 'ભદ્રંભદ્ર'ને જ ઊંચું પદ આપશે. 'ભદ્રંભદ્ર' એ અત્યુક્તિદ્વારા ઊપજાવતા હાસ્યરસના પ્રકારનું આપણા સાહિત્યમાં એકનું એક ઉદાહરણ છે. ગોલ્ડન ટ્રેઝરીનું સ્મરણ જેમ નરસિંહરાવે કરાવ્યું તેમ પિકવિક પેપર્સનું રમણભાઈએ કરાવ્યું. પણ એથી એ મહાન સાહિત્યકારોની હીનતા સમઝવાની નથી. કારણ કે શેક્સપિયર ટેનિસન વગેરે અગણિત કવિઓ એ જ રીતે અન્ય કવિ-

એમાંથી પ્રેરણા લઈને કવિઓ બન્યા છે, છતાં એમની પ્રતિષ્ઠા ઓછી ગણાઈ નથી. રમણભાઈ સાથે બળવંતરાય અને મણિશંકરનાં નામ ઉપસ્થિત થાય છે. મણિશંકરનાં 'વસન્ત વિજય,' 'સાગર અને શશી' વગેરે કાવ્યો સુરેખ સૌન્દર્યના કટકા છે. એમાં શબ્દની અને અર્થની સુન્દરતા એક બીજા સાથે એવી મળી-ભળી છે કે એમને છૂટી પાડવી અશક્ય છે. એમણે સંગીતકલ્પ કાવ્યની સૂચના નરસિંહરાવમાંથી લીધી; સામે, 'વસન્તવિજય'ની અપૂર્વ આકૃતિને 'હૃદયવીણા'ના કવિએ અનુકરણનું માન આપ્યું. 'થોડું પણ તે અતીવ સુન્દર' એટલા શબ્દો 'કાન્ત'ની મનોહર કાવ્યકૃતિ ઉપર સદા લખાએલા રહેશે. એમના ધાર્મિક પરિવર્તને એમની કવિત્વશક્તિમાં વધારો ન કર્યો: એ સમયનાં કાવ્યોમાંથી થોડાં જ ચિરંજીવ રહે એવાં છે. બળવંતરાય ઠાકોર જેવી અનેકપ્રદેશસંચારી બુદ્ધિ નરસિંહરાવ અને રમણભાઈને બાદ કરતાં કોઈની જ નથી. કાવ્ય નાટક ગદ્ય નિબન્ધ ઇતિહાસ વિવેચન આદિ વાઙ્મયની ઘણી શાખામાં એમણે ગૂજરાતની સેવા કરી છે. પ્રોફેસરને શોભતો વિચારનો પરિપાક એ એમની બુદ્ધિનું ખાસ લક્ષણ છે. એમનાં કાવ્યોમાં એના બંધારણને અનુકૂળ અસાધારણ અર્થગૌરવ હોય છે, અને કલાની 'technique' પારિભાષિક વિગત ઉપર પુષ્કળ લક્ષ્ય દેવાય છે. પણ એમના કાવ્યમાં મોહકતા થોડી છે-એમનો રસ દ્રાક્ષનો નહિ પણ શેરડીનો છે. કલા ઉપર પુષ્કળ લક્ષ્ય છતાં, એમનો ઉદ્દંડ વિલક્ષણતાનો પ્રેમ એવો છે કે એને પરિણામે એમની કૃતિઓ ઘણીવાર વિષમ બને છે, અને ચૂંટી ચૂંટીને મૂકેલા અર્થભર્યા સુન્દર શબ્દોને અન્તે કે વચમાં એકાદ એડોળ શબ્દ આવીને બેઠો હોય છે. પણ બળવંતરાય જે કરે છે તે બુદ્ધિપૂર્વક કરે છે. એમની ખામીઓ પણ પોતે જાણી જોઈને ગુણ માનીને ઉત્પન્ન કરેલી હોય છે. 'કલાપી'-ઠાકોરશ્રી સુરસિંહજી-મણિલાલ અને મણિશંકરમાંથી પ્રેરણા પામ્યા છે. પોતે સ્વભાવે નમ્ર અને ઉમદા હોઈ એ પ્રેરણા લેતાં સંકોચાયા નથી, પણ વસ્તુતઃ કવિત્વનો

સ્ફુલિંગ એમનો પોતાનો જ છે અને પ્રેમ વિશ્વાસ સ્વાર્પણ અનુકમ્પા-આદિ આત્મગુણના અનેક ટહુકા 'સુરતાની વાડી'ના એ 'મીઠા મોરલા'ને કંઠેથી નીકળ્યા છે. એમની ભાષામાં વિદ્વાનો સંસ્કાર નથી, પણ સાચી સીધી સાદી વાણીનો પ્રસાદ મન હરે છે. 'કલાપી'ના મંડળના 'જટિલ' અને ત્રિભુવન પ્રેમશંકર અહીં યાદ આવે છે. જટિલના અકાળ અવસાનથી ગૂજરાતે એક આશાજનક કવિ અને એથી પણ વિશેષ વિવેચક ખોયો છે, જો કે નવું ગૂજરાત કદાચ એમને ઓળખતું પણ નહિ હોય. ત્રિભુવન એક મસ્ત કવિ હતા. તે વખતના બીજા સૌરાષ્ટ્રવાસી સેવકોમાં 'કાઠીઆવાડી'એ ગૂજરાતને એમર્સનના નિબન્ધો અને શેક્સપિયરનાં કેટલાંક નાટકો ગૂજરાતીમાં ઊતારીને આપણા સાહિત્યની બહુ કિંમતી સેવા કરી છે. તેવું જ એક સ્મરણીય નામ જો કે સાહિત્યના જુદા જ ક્ષેત્રમાં અમૃતલાલ પઢીયારનું છે. સામાન્ય મનુષ્યજીવનને ઉચ્ચતર કરવા માટે એ ખરા હૃદયથી તલસતા હતા, અને યથાશક્તિ એમની સાધુ વાણીથી એ માર્ગે સેવા કરતા હતા. આ સમયના ઉત્તરાર્ધના સાહિત્યકારોમાં કૃષ્ણલાલની સાહિત્યસેવા સહુ કરતાં જુદા જ પ્રકારની છે. પણ એ કાર્ય આ સાઠીના ત્રીજા ખંડમાં થયું છે. ગૂજરાતના અત્યાર સુધીના સહુ સાક્ષરોમાં એમણે એકલાએ જ ગૂજરાતના સાહિત્યનો પરિચય પરદેશી અને પરપ્રાન્તી વાચકોને કરાવ્યો છે, અને એ રીતે ગૂજરાતી સાહિત્યની પ્રતિષ્ઠા વધારી છે.

ત્રીજા ખંડના સાહિત્ય ઉપર આવતાં પ્રથમ નામસ્મરણ આ મહાન સંસ્થાના આદ્યસ્થાપક રણજીતરામનું કરવાનું છે. એ અને એમના ઉત્સાહી સહયોગી ઠાકોરલાલ મ્હારે ઘેર ગોવર્ધનભાઈને મળવા આવ્યા અને સાહિત્યપરિષદ્‌ની યોજના વિષે વાત કરી ત્યારે અમે વૃદ્ધજનોએ (? હવે મને યાદ આવે છે કે હું તો ૩૫ વર્ષનો જ હતો!) અમારી લાક્ષણિક રીતે એમના ઉત્સાહ ઉપર કેટલું ટાઢું પાણી રેડ્યું હતું, એ જે જાણશે તે જ એ યુવકભાઈઓની

સેવાનું પૂરૂં માપ લઈ શકશે. રણજીતરામ એટલે તે સમયના 'ગૂજરાતની ભાવના.' બીજા ખંડના ઉત્તરાર્ધમાં ગૂજરાતી વાચકને એમની અપૂર્વ પ્રતિભા અને શૈલીથી ચકિત કરનાર કવિ તે ન્હાનાલાલ. એમની છન્દ વિનાની કવિતાથી મૂંઝાએલું ગૂજરાત પણ એમના રાસને ગરબે ચઢ્યું છે, અને અર્થસૌન્દર્ય શબ્દમાધુર્ય અને ભાવનાપ્રકર્ષના વિરલ સંયોગથી ન્હાનાલાલે રાસનું એક અનેરૂં સાહિત્ય ઉત્પન્ન કર્યું છે. એ વર્ગ ઉપર એ કવિના આયુષ્યનો સુવર્ણમહોત્સવ ઊજવીને ગૂજરાતે એમના કવિત્વની પૂરી કદર કરી છે. ન્હાનાલાલ જેટલા 'તેજે ઘડયા' શબ્દો ગૂજરાતી ભાષાને કોઈએ આપ્યા નથી. દેશભક્તિ અને આર્યસંસ્કૃતિનો પ્રેમ એમની કૃતિઓમાં વ્યાપી રહ્યો છે. પ્રાચીન અને મધ્યકાલીન સૌરાષ્ટ્ર અને ગૂજરાતનું જીવન એમણે તન્મયતાથી પ્રત્યક્ષ કર્યું છે. લગ્નની વિશુદ્ધ ભાવના એમણે તેજસ્વી રંગે રંગી છે. અને ભાવનાના જીવનનો મધુર રસ એમનાં નાટકોમાં અને રાસમાં ગૂજરાતને ખૂબ પાયો છે. નાટકોમાં એમની ભાવનાની પ્રેરણા ગોવર્ધનરામમાંથી આવેલી લાગે છે, પણ ગોવર્ધનરામ નવલકથાકાર હોઈ ભાવનાનાં ગિરિશૃંગ ઉપરથી જીવનની વાસ્તવિક ભૂમિ ઉપર પણ ઊતરે છે, કવિ ન્હાનાલાલ હમેશાં હિમાલયને શિખરે જ વસે છે. એમની કવિતા 'તેજે ઘડયાં મુજ અંગ' એમ જગતને કહી શકે છે, પણ એમાં પાર્થિવ અંશની જેટલી ખોટ છે તેટલી એની મનુષ્યજીવનની વિદૂરતા છે. એમના કવિહૃદયમાં દૈવી તેજ પુષ્કળ છે, મનુષ્યહૃદયનો જુસ્સો થોડો છે, જો કે ભાવનાબળ અમાપ છે; એ જ એમની કવિતાનો ગુણ અને ખામી. કવિતા ઉપરાંત ગૂજરાતી સાહિત્યને એમણે બીજી મ્હોટી સેવા એ કરી છે કે કેટલાક જૂના કવિઓ અને ઈતિહાસોનાં ચિત્રો ઉપરથી ધૂળ ખંખેરી એને ઉજ્જવળ કરી ગૂજરાત આગળ મૂક્યાં છે. ખબરદારના આદ્યગુરુ એક મલબારી અને બીજા પારસીભાઈઓના પ્રિય કવિ દલપતરામ. દલપતરામનો પ્રિય છંદ મનહર ખબરદારને પણ પ્રિય છે. સૃષ્ટિસૌન્દર્યની

એમની કવિતા, આરંભમાં એમાં ઊંડો ભાવ શોધનારને બહુ પસંદ પડે એવી નહોતી, પણ નવા જમાનાનો શોખ એ તરત જ સમજી ગયા, અને એમનાં પછીનાં કાવ્યો ગૂજરાતને બહુ ગમ્યાં છે. સાદી ભાષાથી કામ કરવાની એમની શક્તિ એમણે પૂરેપૂરી ખીલવી છે. એમનો અંગ્રેજી કવિતાનો પરિચય પણ સારો છે, અને બળવંતરાયની માફક એમણે પણ છન્દોવિચ્ચિતિ ઉપર સારી પેઠે ધ્યાન દીધું છે, પણ એમની સર્વોત્કૃષ્ટ સેવા આ છે કે એમણે હિન્દનો વર્તમાન પ્રજા-શુદ્ધનો ધ્વનિ બહુ જોસ અને આદરપૂર્વક ઝીલ્યો છે, તથા એનાં રણગીત ગાયાં છે, જેમાંનાં કેટલાંક ગૂજરાતી સાહિત્યની કિંમતી સમૃદ્ધિ થઈ પડશે. વીર અને શૃંગારથી ભરપૂર કાવ્યો લખવા ઉપરાંત કૉન્ગ્રેસના આદિકાળનાં પ્રજાગીત જેમ હરિલાલ ધ્રુવે ગાયાં; વિશિષ્ટ પ્રકારનાં સ્વાનુભવરસિક અને સર્વાનુભવરસિક ઊર્મિગીત અને ખંડ કાવ્યની કુસુમાંજલિ ગૂજરાતને અર્પવા ઉપરાંત બંગાળાની સ્વરાજ્ય અને સ્વદેશી જાગૃતિનાં ગીત જેમ મગનભાઈએ ગાયાં; તેમ અન્ય કાવ્યપ્રવૃતિ ચાલતી રાખીને ગાંધીજીના સમયનાં પ્રજાગીત ખબરદારે ગાયાં. પણ જે એક કાવ્યથી ખબરદારની કીર્તિ ગુર્જરસાહિત્યમાં સદા ઝળકતી રહેશે તે વીસ વર્ષ ઉપર મુંબઈની સાહિત્યપરિષદ્ વખતે એમણે સર્જેલું ‘ ગુણવંતી ગૂજરાત." ગુર્જર માતાને કંઠે ધરેલી એ પુષ્પમાળ કદી કરમાશે નહિ. ન્હાનાલાલ અને ખબરદાર એ બીજા જમાનાના ઉત્તરાર્ધમાંથી ત્રીજા જમાનાના પૂર્વાર્ધમાં ઊતરી આવેલા કવિઓ છે. અને એમની કાવ્યપ્રવૃત્તિ પહેલાં કરતાં ઊતરતી વા મન્દ, પણ હજી ચાલતી, છે. ત્રીજા જમાનામાં ‘લલિત’ ના મંજીરાનો મંજુલ ધ્વનિ આપણે સાંભળીએ છીએ. ગૃહજીવનની પવિત્રતા અને બાલો-દ્યાનની સુન્દરતા ગાનાર અને એમાં પ્રભુનાં દર્શન કરાવનાર આ ન્હાના કવિની કદર હજી ગૂજરાતે જોઇએ તેવી કરી નથી. પણ ‘મઢૂલી સઝાની પેલે તીર’ એટલા અંગુલિનિર્દેશથી એ કવિએ ગૂજરાતને ઘણું સૂચવ્યું છે. આ જ ખંડના ઉત્તરાર્ધમાં બોટાદકર એ નવા વ્હેણમાં

ન ખેંચાએલા, પણ વર્તમાન વાતાવરણમાં છુટથી શ્વાસોચ્છ્વાસ લઈ શકતા, અને અંગ્રેજીની ખોટ સંસ્કૃતથી પૂરી પાડતા એવા શુદ્ધ શબ્દસંસ્કાર અને કોમળ ભાવ દર્શાવનારા કવિ; એમણે પણ ઘણાનું ધ્યાન ખેંચ્યું છે. આ કવિઓની સમાલોચનાને અન્તે એક સુન્દર સહૃદય વિવેકી માલાકાર—હિમ્મતલાલ અંજારીઆ—નું નામ ભૂલવું ન જોઈએ. એમનું "કાવ્યમાધુર્ય,' એ પાલગ્રેવની ગોલ્ડન ટ્રેઝરીના જેવી જ સહૃદયતાની સુન્દર કૃતિ છે. આ જ સમયમાં સંસ્કૃતના પ્રેમથી કીલાભાઈએ જેમ મેઘદૂત અને વિક્રમોર્વશીયનાં ભાષાન્તર કર્યાં છે તેમ બળવંતરાયે અને મગનભાઈએ શાકુન્તલનાં કર્યાં છે. એ સર્વ કેટલાક અંશમાં કેશવલાલભાઈનાં ભાષાન્તરનાં સમાનકક્ષ ન ગણી શકાય, છતાં સર્વ સફળ છે અને કીલાભાઈનો પ્રસાદ કેશવલાલભાઈ કરતાં પણ કોઈ કોઈ સ્થળે ચઢી ગયો છે. કીલાભાઈના સમાનવયસ્ક મણિલાલ છબારામે વાર્તા નવલકથા વગેરે રચીને ગૂજરાતને જે સેવા કરી છે તેમાં ભાષાની સરળતા શુદ્ધતા અકૃત્રિમતા આગલા જમાનાનું સ્મરણ કરાવે છે. ઉત્તમલાલ કેશવલાલની સાહિત્યસેવા માટે હું શું કહું? ગૂજરાતે એ સાક્ષરનું સ્વરૂપ પૂરેપૂરૂં જાણ્યું જ નથી—જાણવાનો પ્રસંગ જ આવ્યો નથી. જે વાંચન જ્ઞાન વિચારનો ખજાનો એ પુરુષમાં ભર્યો હતો, એમાંથી થોડું થોડું જ બહાર આવ્યું છે. પણ એમની સંસ્કારી કલમ જ્યારે જ્યારે ચાલી છે ત્યારે ત્યારે પુખ્ત વિચારથી ભરેલી ચાલી છે. કૃષ્ણરાવ દીવેટીયા અને સત્યેન્દ્રરાવ દીવેટીઆ—એમનામાં એમના કુટુંબની સુન્દર સાહિત્યરુચિ હતી. એકે નવલકથાથી અને બીજાએ લઘુકાવ્યોથી ગૂજરાતની સેવા કરી છે. સત્યેન્દ્રરાવ યુવાવસ્થામાં જ પરલોકવાસી થયા અને તે જ પ્રમાણે નલિનકાન્ત દીવેટીઆ સાહિત્યની સેવા કરવા માંડતાં જ છેક ન્હાની ઉમ્મરે મૃત્યુથી ઝડપાઈ ગયા. મોહનલાલ દવેએ સાહિત્ય પ્રવૃત્તિ કવિતામાં તેમ જ વિવેચનમાં સુન્દર રીતે શરૂ કરી પણ વ્હેલી છોડી દીધી. પણ તે ફરી ગ્રહણ કરશે એમ આશા રાખીએ

છીએ. અતિસુખશંકર અને જયેન્દ્રરાવ દૂરકાળે ગૂજરાતીમાં અંગ્રેજી ઢબનો Essay યાને સ્વૈરવિહારી અનિબદ્ધ નિબન્ધ દાખલ કર્યો છે. જનાર્દન પાઠકજી અને વ્યોમેશચન્દ્ર જુનાં સ્મરણો અને અવલોકન લખે છે. સ્વ. વિભાકર અને ઉમરવાડીઆ—એમણે પશ્ચિમના સાહિત્યની છાયાવાળાં જોરદાર નાટકો રચ્યાં છે. વિભાકર તો તરુણ વયમાં જ પરલોકવાસી થયા એટલે એમની કલાની પરિપાકદશા જોવાનો ગૂજરાતને પ્રસંગ જ ન આવ્યો. ઉમરવાડીઆ એમની સાહિત્યપ્રવૃત્તિ ચાલુ રાખશે તો સાહિત્યને સારી સેવા થશે એમ આશા રહે છે. રંગભૂમિની અદ્વિતીય સેવા કરનાર બીજા ખંડના સાક્ષર ડાહ્યાભાઈ ધોળશા, અને મૂળશંકર પછી, હાલમાં ગજેન્દ્રશંકર પંડયાએ એ કર્તવ્ય ઉપાડ્યું છે અને તેમની સાહિત્યશક્તિ સાથે સારાસારતત્ત્વગ્રાહી બુદ્ધિ જોડશે તો ઊગતી પ્રજાની સારી સેવા કરી શકશે. ગદ્યલેખકમાં ચન્દ્રશંકરનું ગદ્ય આરસપહાણનાં સુન્દર ઘડેલાં ચોરસાંની ફરસબંદી છે. એની કૃત્રિમતા ખુલી છે, પણ કૃત્રિમતા સાથે ભાષાની જડતા કે વિચારની નિર્માલ્યતા નથી, તેથી એ કૃત્રિમતા પણ સુન્દર હોઈ સાહિત્યમાં સ્થાન પામે છે. એથી ઉલટી જ, સીધી અને જુસ્સાદાર શૈલી ઈન્દુલાલની. રમણીયરામ ચાલુ રાજકીય પ્રશ્નો ઉપર ઉત્સાહથી લખે છે. ગૂજરાતમાં ઘણા વર્ષો જેણે સાહિત્યસેવા કરવા માંડી હતી તેવું અમદાવાદમાં સ્થપાએલું એક યુવક મિત્રમંડળ 'બન્ધુસમાજ'. એ મંડળમાંથી ભોગીન્દ્રરાવ, શિવાભાઈ, ડાહ્યાભાઈ યુવાન વયમાં જ મૃત્યુથી ઝડપાઈ ગયા, રામમોહનરાય અને શંકરરાય સેવા કરે છે. પણ ઉચ્ચભાવના અને સેવાવૃત્તિથી પ્રેરાએલા એ સાહિત્યપ્રેમી મંડળના કેટલાક બન્ધુઓ ઉપર ક્રૂર મૃત્યુનો હાથ ન પડ્યો હોત તો એ મંડળ ગૂજરાતી સાહિત્યને સારી સેવા કરી શકત એમ લાગે છે. આ મંડળની મુખ્ય સેવા સ્ત્રી-ઉપયોગી સાહિત્યમાં તથા સંસારસુધારાની નવલકથા અને લઘુવાર્તા રચવામાં છે.

આ—અન્યવ્યવસાયપરાયણ હોડાહોડના યુગમાં પશ્ચિમમાં લઘુ વાર્તાનું સાહિત્ય પુષ્કળ ઉત્પન્ન થયું છે. એમાં ઉચ્ચ કલાના નમૂના પણ છે, અને ટૂંકાણ સિવાય બીજો કોઈ જ ગુણ નહિ એવાં નિર્માલ્યતાનાં દૃષ્ટાન્તો અસંખ્ય છે. આનો પડઘો આપણા દેશમાં પણ પડયો છે. એના અનેક લેખકોમાંથી સારા લેખક તરીકે વિશિષ્ટ રૂપે 'ધૂમકેતુ'નું નામ યાદ આવે છે. કવિશિરોમણિ રવીન્દ્રનાથ ટાગોરે ગૂજરાતમાં લઘુ વાર્તાનું અને વિશેષમાં ગદ્યકાવ્યના સ્ફુલિંગોનું કેટલુંક સાહિત્ય પ્રેર્યું છે. એમાં પૃથુ શુકલનું 'ફુલપાંદડી' જાણીતું છે. સૌંદર્યનું પાન કરીને અને કરાવીને વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કેટલીક સેવા કરી છે. મંજુલાલ દવે, વિજયરાય કલ્યાણરાય, મુનિકુમાર અને ગગનવિહારી અને રમણલાલ યાજ્ઞિક અંગ્રેજી સાહિત્ય અને વિવેચકતાનો ગૂજરાતને પરિચય કરાવતા રહે છે. અને 'કુસુમાકર' પણ વખતોવખત ઊર્મિકાવ્યો તથા સૂચક વિચાર-માળાનું ગદ્ય ગૂજરાતને આપે છે. ઊછરતા લેખકોમાં જ્યોતીન્દ્ર દવેએ હાસ્યરસથી અંકાએલી અવલોકનનીવિશિષ્ટ શૈલી દાખલ કરી છે.

ઈતિહાસના વિષયમાં આજકાલ નવી જાગૃતિ ઉત્પન્ન થઈ છે. રાયચુરા અને મેઘાણી વગેરે સૌરાષ્ટ્રભાઈઓએ જે લોકગીત અને રાસાનું સાહિત્ય પ્રકાશમાં મૂક્યું છે એ કાંઈક ઇતિહાસ (તવારીખ) કરતાં વિશાળ અર્થમાં ઇતિહાસ તેમ જ સાહિત્યને ઉપયોગી થાય એવું છે. શુદ્ધ ઈતિહાસ–માર્ગે રત્નમણિરાવે ગૂજરાતનાં શહેરો મસ્જિદો અને બીજાં શિલ્પકામનો ઈતિહાસ ઉકેલવા માંડયો છે. એ બાલ પાદપ વિસ્તરશે તો ભવિષ્યમાં મ્હોટું વૃક્ષ થવાની આશા પડે છે. મહાપુરુષનાં ચરિત્રલેખમાં સાહિત્યની કોટિમાં આવી શકે તેવું માત્ર વિનાયકભાઈનું 'નન્દશંકરનું જીવનચરિત્ર' છે. આધારભૂમિ અને પરિસ્થિતિભૂમિના ચિત્ર સાથે મુખ્ય પુરુષનું જીવનચિત્ર એમાં આલેખ્યું છે. નર્મદાશંકરનું નવલરામે લખેલું અને નવલરામનું ગોવર્ધનરામે લખેલું જીવન એ બે વિચારની બાબતમાં બહુ ઉચ્ચ કલાની

કૃતિઓ છે. કાન્તિલાલનું ગોવર્ધનરામનું જીવનચરિત્ર એની ભાષાથી મન હરે છે. કાન્તિલાલે ‘ગૂજરાતી’ પત્રમાં જે ‘વિજ્ઞાનમન્દિર’ ઉઘાડયું છે તેની નૂતનતાથી ગૂજરાતમાં વિજ્ઞાનનો પ્રેમ જાગશે એમ આશા રહે છે. એમના સહકારી પોપટલાલ શાહ, પર્જન્યરાય મેઢ, ખંડુભાઈ નાયક, વીરમિત્ર દીવેટીઆ અને વિજયલાલ ધ્રુવ વગેરે મળીને ગૂજરાતમાં એક સુન્દર વૈજ્ઞાનિક મંડળ બાંધવા ધારે છે એ હર્ષનું કારણ છે. વર્તમાનયુગમાં પુરાતત્ત્વમન્દિરે અને રાષ્ટ્રીય વિદ્યાપીઠના અન્ય સજ્જનોએ પણ ગૂજરાતી સાહિત્યને બહુ સેવા કરી છે. કાલેલકરની મધુર પ્રાસાદિક અને સંસ્કારી શૈલી વાચકને મુગ્ધ કરે છે. મહાદેવભાઈએ પણ મધુર સાદી અને અસરકારક, કાંઈક ગાંધીજીને અનુસરતી, એક વિશિષ્ટ શૈલી કેળવી છે. જિનવિજયજી, બહેચરદાસ અને સુખલાલ પંડિતે પ્રાકૃત અને અપભ્રંશ ભાષા અને પ્રાચીન જૈન દર્શનના ગ્રન્થો ઉપર સારો પ્રકાશ નાંખવા માંડયો છે. રસિકલાલ અને રામનારાયણ પાઠકે સાહિત્ય અલંકાર અને નાટયશાસ્ત્રનાં ક્ષેત્ર ખેડયાં છે. વાલજી દેસાઈ એમની લાક્ષણિક શૈલીમાં પ્રાચીન આર્ય સંસ્કૃતિની વાતો કહે છે. નરહરિ વિનયમન્દિરને યોગ્ય સાહિત્ય રચે છે. ભાવનગરમાં દક્ષિણામૂર્તિભવનમાં બાલશિક્ષણનાં શાસ્ત્ર અને કલાને નૃસિંહપ્રસાદ ભટ્ટ અને ગીજુભાઈ બધેકા અપૂર્વ સેવા કરી રહ્યા છે. બાલોપયોગી સાહિત્ય ઉત્પન્ન કરવામાં જેમ એમણે ભાગ લીધો છે તેમ રવિશંકર રાવળે કુમારાવસ્થાના શિક્ષણમાં કલાના રંગ પૂર્યાં છે.

ગયા ખંડમાં પ્રાચીન ગૂજરાતી કાવ્યો શોધવામાં હરગોવિન્દદાસની સેવા ગણાવી તે સાથે ઈચ્છારામ સૂર્યરામ અને છગનલાલ રાવળની પણ ગણાવવી જોઈએ. અને એ જ વર્ગની સેવા ત્રીજા યુગમાં રામલાલ મોદી, અને કેશવલાલ અને ડાહ્યાભાઈ સાથે હીરાલાલ પારેખ કરે છે, અને ઈચ્છારામ સૂર્યરામનો એ સેવાનો પ્રેમ અંબાલાલ જાનીમાં ઊતર્યો છે. મટુભાઈ કાંટાવાળા પોતે ‘સાહિત્ય’-

ના તન્ત્રી તરીકે જે સેવા કરે છે તે ઉપરાંત મધ્યકાલીન ગૂજરાતીના ઝીણા અભ્યાસી છે; તથા આમ વર્ગની જોડણીના પ્રબળ હિમાયતી છે. જૂની ગૂજરાતી અને અપભ્રંશના ગ્રન્થોનો ઉદ્ધાર કરવામાં ચમનલાલ દલાલનો વિદ્વત્તાભર્યો પરિશ્રમ જગજાહેર છે, તે ઉપરાંત મોહનલાલ દલીચંદ શાહે પણ આ દિશામાં બહુ ઉપયોગી સેવા કરી છે. દુર્ગાશંકર શાસ્ત્રી મધ્યકાલીન ધાર્મિક સંપ્રદાયનો ઇતિહાસ અને એના ગ્રન્થોના કાલનિર્ણય સંબંધી મનનભર્યા લેખ લખે છે. આમ પ્રાચીન સાહિત્ય શોધવામાં આપણી પ્રવૃત્તિ મંદ પડી નથી પણ ભગવાનલાલ ઇન્દ્રજીએ શરૂ કરેલું અને બીજા ખંડના આરંભમાં હરિલાલ ધ્રુવ, રતિરામ દુર્ગારામ અને વલ્લભજી આચાર્યે ચાલુ રાખેલું કામ એ જ જમાનાના ઉત્તરાર્ધથી બંધ થઈ ગયું છે, તે હવે ગિરિજાશંકર આચાર્ય ફરી ઉપાડશે એમ આશા રાખીએ છીએ. તત્ત્વજ્ઞાનના વિષયમાં મણિલાલની ગાદી સૂની જ છે. તોપણ નર્મદાશંકર મહેતાની વિદ્વત્તાએ ગૂજરાતી વાચકને હાલમાં આપણા તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ પૂરો પાડ્યો છે, અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી તરીકે તથા એના પ્રવાચક તરીકે અત્યારે ગૂજરાતમાં એમનું ઊંચું સ્થાન છે. હીરાલાલ ઑફે પૂર્વના તત્ત્વજ્ઞાનના અભ્યાસ સાથે પશ્ચિમના તત્ત્વજ્ઞાનમાંથી કેટલાક અંશો જોડ્યા છે, અને એક તત્ત્વચિન્તક તરીકે એમણે પ્રતિષ્ઠા મેળવી છે, તેમ જ કેળવણીના કામમાં યશસ્વી ભાગ લીધો છે. હરસિદ્ધભાઈ દીવેટીઆએ પશ્ચિમના માનસશાસ્ત્રનો એક મહાન ગ્રન્થ ગૂજરાતીમાં ઉતાર્યો છે. મગનલાલ શાસ્ત્રી અને મૂલચંદ્ર તેલીવાળા એમણે શ્રીવલ્લભાચાર્યના સાંપ્રદાયિક ગ્રન્થો પ્રગટ કરવામાં તથા એ સંપ્રદાયના સિદ્ધાન્ત પ્રતિ પ્રજાનું ધ્યાન ખેંચવામાં બહુ પ્રશંસાપાત્ર શ્રમ ઉઠાવ્યો છે. નથુરામજી જેમનું કાર્ય ત્રીજા ખંડના પૂર્વાર્ધથી આગળ પડતું થયું છે એમણે બ્રાહ્મણધર્મને એમનાં ભાષાન્તરોથી તેમ જ પ્રવચનોથી ઊજાળ્યો છે. અખંડાનન્દજીએ કેટલાક અર્વાચીન રસના ગ્રન્થો ઉપરાંત પ્રાચીન ધર્મગ્રન્થો ભાષાન્તર કરાવીને પ્રકટ કર્યાં છે.

ગૂજરાતનાં દૈનિક સાપ્તાહિક માસિક ત્રૈમાસિકનો ઇતિહાસ લખવા બેસીએ તો એક પુસ્તક રચાય એટલું વસ્તુ છે. પારસી ભાઈઓને જેમ ગૂજરાતીમાં સાંસારિક નવલકથા ઉત્પન્ન કર્યાનું માન છે તેવું જ વર્તમાનપત્રોનો પાયો નાખ્યાનું માન છે. બીજા યુગમાં 'ગુજરાતી'ના તન્ત્રી ઇચ્છારામ સૂર્યરામે, 'પ્રજાબન્ધુ' અને 'ગુજરાતી પંચે' ઐતિહાસિક અને સાંસારિક નવલકથાનું બહોળું સાહિત્ય ઉત્પન્ન કર્યું છે. માસિક ત્રૈમાસિકોએ સાહિત્ય વિજ્ઞાન તત્ત્વજ્ઞાન આદિ શાખાઓમાં કરેલી સેવા જાણીતી છે. પ્રથમ યુગમાં 'બુદ્ધિપ્રકાશ,' 'બુદ્ધિવર્ધક' 'વિજ્ઞાનવિલાસે' બુદ્ધિનો પ્રકાશ કરવા માંડ્યો; આ સાંકડી કર્તવ્યભાવનાને બીજા યુગમાં 'પ્રિયંવદા' 'સુદર્શન' અને 'જ્ઞાનસુધા'એ વિસ્તારી; ત્રીજા યુગમાં સુદર્શન અને જ્ઞાનસુધાના વિવાદથી તટસ્થ એવો સાહિત્યસેવાનો માર્ગ 'સમાલોચકે' લીધો. જતે દહાડે 'વીસમી સદી'એ પશ્ચિમના લોકપ્રિય માસિકોની ઢબનો ગૂજરાતને પરિચય કરાવ્યો, અને અત્યારે ગૂજરાતની આશાનાં અસંખ્ય કિરણો ગૂજરાત, શારદા, નવચેતન, સાહિત્ય, પ્રસ્થાન, કૌમુદી આદિ માસિક ત્રૈમાસિકમાંથી સમસ્ત ગૂજરાતમાં પ્રસરી રહ્યાં છે. આ ત્રીજા યુગનું એક ખાસ લક્ષણ છે. સાઠીના ત્રણ યુગોનું લાક્ષણિક સ્વરૂપ તપાસીએ તો પ્રથમ યુગ અંગ્રેજી કેળવણીથી પ્રાપ્ત થએલી સામાન્ય વિદ્યાનો અને માહિતીનો, બીજો ધર્મ અને તત્ત્વજ્ઞાનનો, અને ત્રીજો સાહિત્ય અને કલાનો અને વિશેષ રૂપે માસિકોનો જોવામાં આવશે.

છેવટે આપણા સાહિત્યમાં આપણા મુસલ્માન અને પારસી ભાઈઓનો હિસ્સો અલગ ગણાવવા જેવો છે, પણ તે ભૂલવા જેવો નથી. પારસીઓ પૈકી પહેલા જમાનામાં મલબારીએ રચેલું દેશભક્તિનું અને સંસારસુધારાનું કાવ્યસાહિત્ય એ સમયના લાક્ષણિક ગુણ અને ખામીઓ ધરાવે છે. કાબરાજીની સેવા પણ એ જ જમાનાના ઉત્તરાર્ધમાં શરૂ થઈ છે અને એમની કેટલીક નવલકથાઓ એનાં

સાંસારિક ચિત્ર અને બોધથી પારસીઓમાં તેમ જ હિન્દુઓમાં પ્રિય થઈ પડી છે. ત્રીજા યુગના આરંભથી ખબરદારે કરવા માંડેલી સાહિત્યસેવા જે આપણે અવલોકી ગયા એ હિન્દુ લેખકને પણ અભિમાન કરાવે એવી છે. તે ઉપરાંત આ નવીન યુગમાં સંજાણા અંગ્રેજી સાહિત્યના વિશાળ પરિચયનો અને તજ્‌જ્ઞ વિવેચક દૃષ્ટિનો ગૂજરાતને કોઈ કોઈ વાર લાભ આપે છે. મુસલમાન ભાઈઓ પૈકી પહેલા બીજા યુગના નાનજીયાણીનું નામ સહુને જાણીતું છે. એમના પછી ત્રીજા યુગમાં કરીમ મહમ્મદ માસ્તરે ગૂજરાતી ભાષાને સેવા કરવા માંડી છે, પરંતુ એ વર્ગમાંથી આ નવીન યુગમાં મ્હોટામાં મ્હોટી સેવા 'વીસમી સદી'ના યોજક અને પ્રકાશક મર્હૂમ હાજી મહમ્મદ અલારખીઆએ કરી છે. હાલમાં સાદિક અને શયદા એ બે મુસલમાન ભાઈઓએ આરંભેલા કાર્યમાં બે ઘડી મોજ સાથે એક ઘડી ગંભીર વિચારની પણ ઉમેરાશે તો ગૂજરાતને સારી સેવા થશે એમ લાગે છે, કારણ કે ભૂલવું ન જોઈએ કે આપણી મીઠામાં મીઠી મોજ એ જ છે કે જેમાં એકાદ ક્ષણ પણ ચિન્તનની હોય.

સ્ત્રીલેખકો એ આ યુગનું વિશિષ્ટ લક્ષણ છે. વિદ્યાબ્હેન અને સૌ. શારદાબ્હેનની ગંભીર અને ઉત્સાહી સેવા આ ત્રીજા ખંડના આરંભથી શરૂ થઈ ચૂકી છે. તેમાં એ જ માર્ગે સૌ. સરોજિની બ્હેને પણ જોસદાર લખાણથી ઉમેરો કર્યો છે. કવિ તરીકે સ્વ. સુમતિ બ્હેને પહેલ કરી હતી તે પછી સ્વ. કનુબ્હેન ચૈતન્યબાળા અને સૌ. દીપકબાનાં નામ પ્રસિદ્ધ છે. સૌ. હંસા બ્હેને ત્રણ નાટક સારાં લખ્યાં છે. તે ઉપરાંત સૌ. જયમનબ્હેને પિતા અને માતામહના યશને શોભતી સાક્ષર જીવનની શરૂઆત કરી છે. સૌ. લીલાવતીએ લેખક તરિકે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને સંસ્કારી ભાવ । સાથે વિચાર અને કલ્પનાની હિંમતનો સંયોગ એમનાં રેખાચિત્રને સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન અપાવે છે. સૌ. લવંગિકા બ્હેને એમની ડિગ્રીના વિષયને શોભતી રીતે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનની સેવા આરંભી છે.

પણ આ યુગના સાહિત્યના નભોમંડળમાં flashlight યાને ચમકતા તેજઃપટ પેઠે વિસ્તરી રહેનાર, અને પોતાના પ્રભાવથી અન્ય સર્વ જ્યોતિર્ગણને દાબી દેનાર વર્તમાન સાહિત્યજ્યોતિ તે કનૈયાલાલ મુનશી. એમની નવલકથાઓએ એની સત્યાતિક્રામી કલ્પનાથી, એના વિશાળ ચિત્રપટથી, અને પ્રભાવશાલી પાત્રાલેખનથી, તેમ જ વૃત્તાન્તના બાહુલ્યથી ગૂજરાતને ચકિત કરી નાંખ્યું છે. એમનાં નાટકો એમની નવલકથા જેટલાં આકર્ષક થયાં નથી, પરંતુ એમાં પણ એમની કલ્પનાનો અને ભાષાનો જુસ્સો ઊભરાય છે. નિર્માલ્યતા જેવું પાપ જેમ પ્રકૃતિમાં તેમ મુનશીના નીતિશાસ્ત્રમાં બીજું નથી, એમનામાં સંસ્કારી બલ્કે કાંઈ પણ સંયમ ભાગ્યે જ છે, અને જીવનનો ઉલ્લાસ પુષ્કળ છે. ભાષા જોડણી શબ્દશુદ્ધિ એ સહુને મુનશીએ, ન્હાનાલાલે વૃત્તનાં ઝાંઝર તોડીને ફેંકી દીધા હતાં તેટલા જ જુસ્સાથી, ફેંકી દીધાં છે. પણ અત્યારે તો જ્યારે નરસિંહરાવ, ન્હાનાલાલ, ખબરદારનાં નીર કંઈક થંભ્યાં લાગે છે તે વારે વહેતો પ્રવાહ મુનશીનો જ દેખાય છે. પહેલા ત્રણ વિષે છેવટનો મત ઉચ્ચારવાનો કાળ પાકી ગયો છે, પણ મુનશીનું સાહિત્ય હજી યુવાવસ્થામાં હોઈ, એ ઉપર સમગ્રદૃષ્ટિનો મત્ત બાંધવાને વાર છે. અન્તમાં એક મહાપુરુષ—જેનું સઘળું અન્ય સહુથી અનેરું જ છે—એની નોંધ લેવી બાકી રહે છે. ગાંધીજી કવિ નથી, વિદ્વાન નથી, ગ્રન્થકાર નથી, એક સાદા પત્રકાર છે. પણ પત્રકાર તરીકે એમણે ગૂજરાતી ભાષામાં સાદી સીધી અને સચોટ છતાં તળપદી નહિ, કિન્તુ આત્મસંસ્કારની સાદી શોભા ધરાવતી એવી, કોઈક અવર્ણનીય શૈલી દાખલ કરી છે, જે વિદ્વાન અને અવિદ્વાન સર્વને સરખી રીતે મુગ્ધ કરી મૂકે છે.

આ અવલોકન—જે આપને કંટાળો આપે એટલું લાંબું છે, અને વ્યક્તિઓને અન્યાય કરે એટલું ટૂંકું છે

અત્યારનો જમાનો —એનો હેતુ તે તે સાહિત્યકારની કૃતિઓને ઠીક કસોટીએ ચઢાવીને એનું મૂલ્ય આંક-

વાનો નથી. હું જાણું છું કે આ આંકણી પર્યાપ્ત નથી. અને જેટલી છે તેટલીમાં પણ મતભેદને પુષ્કળ અવકાશ છે. મ્હોટા લેખકોને ન્હાનાની સાથે બેસાડ્યા છે, એકની પણ સઘળી કૃતિઓનો નિર્દેશ કરી શકાયો નથી. અને વિસ્મરણ થઈ ગયું હોય એ પણ સંભવિત છે. અને ઉપરનું લખ્યા પછી એવાં વિસ્મરણ કોઈ કોઈ સ્મૃતિગોચર થયાં પણ છે. હું આ અવલોકનથી જે એક વાત બતાવવા માગું છું, ને હું બતાવી શક્યો છું, તે એ કે ગઈ સાઠીના લગભગ વીસ પચીસ વર્ષના ત્રણ ખંડ પાડીએ તો પહેલો ખંડ બાલપાદપનો હતો, બીજા ખંડમાં વૃક્ષ ખૂબ ફુલ્યું ફાલ્યું છે, અને ત્રીજા ખંડમાં કાંઈક સુકવણો વાયુ વાઇ જઈ ને અન્તે નવી કુંપળો ડાળીઓ નીકળે છે, પણ તે બીજા ખંડની ઉન્નતિને પહોંચી નથી. એક વૃક્ષને બદલે વનનું રૂપક લઈએ તો પહેલા ખંડમાં ઉમદા વૃક્ષો હતાં, પણ તે બહુ પત્ર શાખા કે ફળના ભારથી લચેલાં નહિ, બીજા ખંડમાં વૃક્ષો વધારે ઊંચાં, વધારે વિસ્તીર્ણ, તેમ એનાં ફળ પણ મ્હોટાં, ત્રીજા ખંડમાં ધ્યાન ખેંચે એવાં મ્હોટાં વૃક્ષો થોડાં, પણ ઝાડી વધારે ગાઢી : એમાંથી ઊમદા ફળ આપે એવાં મ્હોટાં વૃક્ષો આગળ જતાં કેટલાં નીકળે એ જોવાનું: છતાં, સ્થિતિ, અવનતિની હોઈને પણ, નિરાશા ઊપજાવે એવી નથી. પ્રત્યક્ષ દેખાતી અવનતિમાં જ આગામી ઉન્નતિનાં બીજ રોપાતાં દેખાય છે. અત્યારે સાક્ષાત્‌ને બદલે આડકતરી રીતે, અને એકને બદલે અનેકને હાથે સાહિત્યસેવા ચોતરફ ચાલી રહી છે. મેઘાણી અને રાયચુરા સૌરાષ્ટ્રની રસધાર ગૂજરાતમાં રેલાવી રહ્યા છે; મુનિ જિનવિજયજી, મોહનલાલ દલીચંદ વગેરે જૈનભાઈઓ જૂની ગૂજરાતી અને અપભ્રંશ યુગનાં પડ ઊકેલવા મથી રહ્યા છે; રત્નમણિરાવ, હીરાલાલ વગેરે મુસલમાન સમયના ગૂજ-રાતના ઇતિહાસનું અન્વેષણ કરી રહ્યા છે; હરિપ્રસાદ ડૉક્ટર, રવિ-શંકર રાવળ અને ન્હાનાલાલ મહેતા કલાની કદર કરવા પ્રજાનાં નેત્રો ઊઘાડી રહ્યા છે; કાન્તિલાલ વગેરે [illegible] ઊભું

કરી ગૂજરાતની સેવા કરવા તલપી રહ્યા છે; અને અન્ય ન્હાના મ્હોટા લેખકો નવી ઢબની વાર્તાઓ, નવી ઢબનાં નાટકો, ગદ્યના નવા પ્રકારો ગૂજરાતને આપવા નીકળી પડયા છે. આપણી બ્હેનો પણ એમને હાથે એમનો સંસાર અને ગૃહજીવન સુધારી રહ્યાં છે. સ્ત્રીકેળવણી અને સ્ત્રીસ્વતન્ત્રતા વધતાં આવે છે અને ગૂજરાતના સામાજિક જીવનમાં પણ સ્ત્રીઓએ ભાગ લેવા માંડયો છે. કેળવણીના વિવિધ પ્રયોગો થાય છે, એના પાયા વિસ્તારવાની અને શિખર ઊંચાં કરવાની ઇચ્છા પ્રકટ થવા માંડી છે, અને આ નવજીવનના પ્રત્યક્ષ પ્રમાણ તરીકે આપણા માસિકોમાં થએલો અસાધારણ વધારો અને સુધારો છે. આ સર્વ ચિહ્નો શુભસૂચક છે.

પણ અહીં પ્રશ્ન થશે કે સાહિત્ય—ખરૂં અને ઊંચું સાહિત્ય—એક બગીચાની રીતે કૃત્રિમતાથી ઊત્પન્ન કરી શકાય ખરૂં ? જગતના મહાન સાહિત્યના ઇતિહાસ ઉપર દૃષ્ટિ નાંખીએ છીએ તો જણાય છે "यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्"—એ અક્ષર પદાર્થ—જેને રાજશેખર 'કાવ્યપુરુષ' કહે છે—તે જ્યાં પ્રકટ થવા ઇચ્છે ત્યાં પ્રકટ થાય છે, અને કોઈ બલાત્કારે પ્રકટાવી શકતું નથી. આ ખરૂં છે, તથાપિ એના પ્રાકટ્યના કાંઇક નિયમો આપણે જાણી શકીએ છીએ, અને એના ઉપર આપણી આશાઓ બાંધી શકીએ છીએ, તથા યોગ્ય વાતાવરણ રચી શકીએ છીએ. ઇતિહાસમાં એવા દાખલા દેખાય છે કે જ્યારે દેશમાં ભૂરામાં ભૂરી સ્થિતિ ચાલતી હોય તેવે વખતે—પ્રતિકૂલ વાતાવરણમાં—પણ મહાન કવિ કે સાક્ષરનો અવતાર થાય છે. પરંતુ વસ્તુતઃ જેમ કવિનો આત્મા કાવ્યરૂપ હોવો જોઈએ એ વચનની યથાર્થતા સમઝવા માટે આપણે કવિનું સ્થૂલ જીવન ભેદી એનું સૂક્ષ્મ યાને આન્તર જીવન જોવું પડે છે, તેમ સાહિત્યને પ્રતિકૂળ એવા વાતાવરણમાં પણ ધ્યાનમાં રાખવાનું છે કે ખરૂં જોતાં ઉપરના પડની નીચે ગૂઢ શક્તિઓ કામ કરી રહી હોય છે, જે કવિ યાને સાક્ષરના આત્મા-

માં પ્રકટ થાય છે, અને સમય પાકતાં એ પરિસ્થિતિમાં પરિવર્ત કરે છે. વૉલ્ટેર, રૂસો, ટૉલ્સ્ટૉય એ આ જાતના પરિવર્તક ક્રાન્તદર્શી આત્માઓ છે. ઉચ્ચ સાહિત્યના ઉત્થાન માટે પ્રજાજીવન સુખી જ હોવું જોઈએ અથવા તો રાષ્ટ્રીય ઐક્યતા સિદ્ધ કરી ચૂક્યું હોવું જોઈએ એમ કાંઈ નથી. ડૅન્ટી અને ગેટે જન્મ્યા તે સમયે ઈટાલિ અને જર્મનીનું રાષ્ટ્રીય જીવન અને સામાજિક દશા છિન્નભિન્ન હતાં. પણ મનુષ્ય ભાવનાથી જીવે છે, સ્થૂલ દેહ કે બુદ્ધિથી જીવતો નથી, એ કવિદૃષ્ટિનું સૂત્ર એમને પ્રત્યક્ષ થયું હતું. એલિઝાબેથના સમયમાં ઇંગ્લંડની લોકસ્થિતિ કેવી હતી તે એક ઇતિહાસકારના નીચેના શબ્દોથી સમજાશે "At the first glance the political and moral situation in England does not present that aspect of civilisation which one would expect at the time of Shakespeare. The population hardly amounts to five millions, and stagnates under conditions of revolting inequality fostered by the violence of the nobles, the profound demoralisation of clergy and the idleness of the lower classes. On the one hand there are the magnificent gardens and verdant lawns of the abbeys, of the majestic castle walls of the bloodthirsty baron, on the other the miserable collection of huts which constitute the village. There are endless marshes and wide expanses of heath, which cover the greater part of the country. Neither industries nor commerce exist to ward off the menace of famine. The inhabitants of town and country are a prey to epidemics and the victims of

extortion. Finally, ignorance among high and low was so great the the mijority of the peers of the realm were unable to read and write."

પરંતુ આ ઉપરથી સાહિત્ય અને પ્રજાજીવનની ઋતુઓ એક બીજાથી વિરુદ્ધ છે અથવા તો એમનો પરસ્પર સંબન્ધ નથી એમ માનવું બરાબર નથી. એ વચ્ચેનો કાર્યકારણભાવ કેટલીકવાર પૂર્વાપરસંબન્ધે અને કેટલીકવાર સહચારસંબન્ધે હોય છે. પ્રજાજીવનના કેટલાક અંશો આગલા જમાનામાંથી ઊતરી આવેલા તે જીર્ણ થતા જાય છે, અને નવું જીવન જે પૃથ્વી ફાડી બહાર નીકળવાનું તે હજી સ્થૂલ નેત્રે જોઈ શકાતું નથી.

વસ્તુતઃ સામાન્ય રીતે, સાહિત્યના મહાન યુગો એ પ્રજાજીવનની વિશાલતા અને વિપુલતાના યુગો જોવામાં આવ્યા છે. ગ્રીક સાહિત્યનો પેરિકિલસ યુગ યુદ્ધમાં જય અને દરિયાઈ વ્હેપાર સફર સંસ્થાન આદિ ક્ષાત્ર અને વૈશ્ય જીવનના પ્રાકટ્યનો હતો અને રોમનો ઑગષ્ટન યાને વર્જિલ યુગ પણ રોમન સામ્રાજ્યના વિસ્તાર અને ઘટનાનો હતો. મધ્યયુગની યોગનિદ્રામાંથી યૂરોપની જાગૃતિનો યુગ, અને એની અસર તળે જન્મેલો ઈંગ્લંડનો એલિઝાબેથ યુગ—એમાં મનુષ્યજીવન કેવું પ્રબળ પરાક્રમી અને પ્રભાવશાળી થવા લાગ્યું હતું એ સુપ્રસિદ્ધ છે. આ પ્રશ્નના વિચારમાં આપણા દેશના ઇતિહાસ ઉપર પણ દૃષ્ટિ ફેરવવી ઉપયોગી થશે. રામાયણ અને મહાભારત એ પ્રજાજીવનના જ ઉદયાસ્તની કથા છે એ કોણ નથી જાણતું? એક ક્રૌંચપક્ષીના વધથી વાલ્મીકિ મુનિના હૃદયમાં પ્રકટેલો કરુણરસ જ્યાં પ્રકટ્યો ત્યાં જ શમી જાત, અને પરિણામે બહુ તો એક કરુણરસનું ઊર્મિગીત જગતને મળ્યું હોત, પણ પ્રજાના અન્તરાત્મામાં જે આર્યતાની ભાવના વિરાજતી હતી તે જ વાલ્મીકિની પ્રતિભામાં પ્રકટ થઈ શબ્દદેહરૂપે પરિણમી. મહાભારતકાલમાં આર્યપ્રજા જે આત્મઘાત કરી રહી હતી એનું કરુણ અને ભવ્ય ચિત્ર વ્યાસ મુનિએ દોર્યું છે; અને એ

કરુણતાને, સામા, પડછામાં પ્રાચીન આર્યજીવનની ભાવનાનાં કેટલાંક આખ્યાનો ઉપદેશો વગેરે મૂકીને, ઘેરી બનાવી છે. એક દ્રષ્ટા ઋષિનું તો બીજું મનનશીલ મુનિનું કાવ્ય છે: પણ ઉભય હિન્દની ઊગતી અને આથમતી રાષ્ટ્રીય એકતામાંથી જન્મેલાં કાવ્યો છે. બૌદ્ધ કાળનું સાહિત્ય ખીલ્યું વિસ્તર્યું તે સમયે હિન્દુસ્થાનની પ્રજા કેટલી પરાક્રમી હતી તે અશોકના શિલાલેખથી અને મધ્ય એશિયા ગાંધાર તિબેટ ચીન જાવા આદિ સ્થળે મળતાં પુસ્તકો ચિત્રકામ બાંધકામ ઇત્યાદિથી સિદ્ધ થાય છે: બૌદ્ધ ત્રિપિટકની સ્થાપના, જાતકની રચના, જૈનશાસનનો સંગ્રહ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, ભરતનું નાટ્યશાસ્ત્ર, વાત્સ્યાયનું કામશાસ્ત્ર, પતંજલિનું મહાભાષ્ય, અશ્વઘોષનાં કાવ્યો તથા નાટકો, ગુણાઢ્યની બૃહત્કથા, બૌદ્ધ મહાયાનનો પ્રાદુર્ભાવ, ધમ્મપદ, મિલિન્દપ્રશ્ન; લલિતવિસ્તાર, લંકાવતાર, સદ્ધર્મપુંડરીક, માધ્યમિકકારિકા, બ્રાહ્મણ ધર્મસૂત્ર ગૃહ્યસૂત્ર ન્યાયયોગાદિદર્શનસૂત્ર આદિ સર્વ સાહિત્ય એ યુગમાં પ્રકટ્યું છે. ઈ. સ. બીજા સૈકા પછી સો દોઢસો વર્ષનો ઇતિહાસ અંધારામાં પડેલો છે. પરંતુ એ સમય સાહિત્યની પાનખર ઋતુનો હોય તો નવાઈ નહિ. એ પછી ગુપ્ત રાજાઓના સમયમાં ફરી બહાર (વસન્ત) આવ્યો. એ સમય હિન્દના ઇતિહાસમાં ઇંગ્લંડના એલિઝાબેથના યુગ કરતાં પણ વધારે તેજસ્વી છે. બ્રાહ્મણ અને બૌદ્ધના સમત્વનો એ સમય; પુરાણ સ્મૃતિ આદિ ધર્મશાસ્ત્રોના પુનરુજ્જીવન અને પુનર્ઘટનાનો એ સમય; બૌદ્ધ મહાયાનના વિકાસનો એ સમય; કાવ્ય કોષ જ્યોતિષ આદિ શાસ્ત્રોમાં કાલિદાસાદિ નવરત્નોના ઝગઝગાટનો એ સમય; ભામહાદિ આલંકારિકોનો એ સમય; વસુબન્ધુ દિઙ્‌નાગ વગેરે ન્યાયશાસ્ત્રાચાર્યોનો એ સમય; દર્શનસૂત્રોના અન્તિમ ગ્રન્થનનો એ સમય; દેવર્ધિગણિ સિદ્ધસેન દિવાકર આદિ જૈનશાસ્ત્રોના ઉદ્ધારક અને પ્રવર્તકનો એ સમય; આ સમયમાં ગુપ્ત રાજ્યની અને એના પ્રભાવની સીમા એક વખતે પશ્ચિમે કાઠિયાવાડના ... સુધી ... તિબેટ

અને લગભગ ચીનની સરહદ સુધી પહોંચતી હતી. અને તેથી એનો વ્યવહાર પશ્ચિમે ઈરાન એશિયામાઈનર સુધી રોમ સુધી અને પૂર્વે ઈશાન-કોણમાં ચીન અને અગ્નિકોણમાં જાવા સુધી ચાલતો હતો. આ કારણથી હિન્દુસ્થાનમાં વિવિધ શાસ્ત્રો ઉપર પરદેશી અસર થએલી કહેવાય છે તેટલી બધી તો નથી જ થઈ, તોપણ પરદેશ સાથેના વ્યવહારમાં હિન્દુસ્થાનનો ગુપ્ત સામ્રાજ્યનો સમય એલિઝાબેથના સમયને મળતો હતો એમાં સંશય નથી. આટલો દેદીપ્યમાન યુગ હિન્દુસ્થાનમાં ફરી આવ્યો નથી. તોપણ યશોવર્મા અને હર્ષવર્ધનનાં રાજ્ય તેમ જ ગુર્જર પ્રતિહાર રાષ્ટ્રકૂટ પરમાર અને સોલંકી રાજ્યો પણ એમનાં રાજકીય પરાક્રમો માટે તેમ જ સાહિત્યની પ્રફુલ્લતા માટે યશસ્વી થયાં છે. ભવભૂતિ બાણ અને રાજશેખર, ઉદ્યોતકર ધર્મ-કીર્તિ કુમારિલ શંકર અને વાચસ્પતિ, હેમાદ્રિ, બોપદેવ, સાયણ, માધવ, સોમદેવ અને હેમચન્દ્ર એ સમયના નભોમંડળના તેજસ્વી તારાઓ છે.

આપણી આશાનાં કારણ

આપણા વર્ત્તમાન યુગના સાહિત્યના ભવિષ્ય માટે મોટી આશાઓ પડે છે. કારણ કે જગત્‌ના સાહિત્યોત્થાનના મ્હોટામાં મ્હોટા યુગો સાથે એનું અનેક રીતે મળતાપણું છે. સાધારણ રીતે યૂરોપની ૧૩ થી ૧૬ મી સદીની જાગૃતિનો યુગ અને એનાં લક્ષણો સહુને સારી રીતે જાણીતાં હોઈ એની સાથે આપણા અર્વાચીન સાહિત્યના જન્મકાળની સરખામણી કરીએ. યૂરોપનો એ કાળ ધાર્મિક સુધારાનો કાળ હતો. પણ એટલું જ હોત તો એ પછીનું યૂરોપીય સાહિત્ય આપણા સંતયુગના સાહિત્ય જેવું ઘણે ભાગે ધાર્મિક સાહિત્ય જ નીવડત. પણ વસ્તુત; એ યુગનાં પ્રાચીન ગ્રીક અને લૅટિન સાહિત્યનો ઉદ્ધાર થયો. ઈતિહાસ-કાર કહે છે કે ઇટાલિની ભૂમિ ઉપર એક ચમત્કાર બન્યો. સૌંદર્યની દૃષ્ટિ જે ઘણા સમયથી લોક ગુમાવી બેઠા હતા તે તેમને

જડી. તેઓ જેને મરી ગઈ માનતા હતા તે માત્ર નિદ્રાવશ થઈ હતી. ૧૪૮૫ ના એપ્રીલની ૧૮ મી તારીખે વસન્ત ઋતુ બેસતી હતી તેવે એક દિને લૉમ્બર્ડીના મજૂર લોકો રોમમાં કાંઈ ખોદાણ કામ કરતા હતા. તેમાંથી એમને એક શ્વેત સંગેમરમરની કબર નજરે પડી. ઉપરનું આચ્છાન દૂર કર્યું ત્યાં એક દેવી સૂતેલી દેખાઈ; જાણે જીવતી! એઓએ એના ઉપર સુગન્ધી વનસ્પતિઓ ફેરવી. એટલામાં એ જાણે આંખ ઉઘાડતી હોય એમ એમને દેખાયું. એના ગાલ ગુલાબી, અને અધર ઉપર સ્મિત રમતું હતું. આ મધુર ચમત્કારથી જનતાનું હૃદય હાલ્યું, લોકોનાં ટોળેટોળાં ભરાયાં. દેવીને ભક્તિભાવથી કૅપિટૉલ યાને રોમના ટાઉનહૉલમાં લઈ ગયા. ત્યાં આખું શહેર એને જોવા ઉલટયું અને એ દૈવી આકૃતિ જોઈ મુગ્ધ બન્યું. પાદરીઓને ભય પેઠો; રખેને લોકમાં મિથ્યાત્વ અને પ્રતિમાપૂજા ઉત્પન્ન થાય. પોપે રાતોરાત એને ત્યાંથી ઉપાડીને અન્યત્ર દાટી દેવાનો હુકમ કર્યો, પણ લોકોએ એ દેવીનાં દર્શન એક વખત કર્યાં તે કર્યાં જ. એક લેખક કહે છે તેમ; "She had a beauty of ancient time; through having simply gazed upon her the world began to blossom once more." આમ પ્રાચીન ગ્રીક અને લૅટિન સાહિત્યના ઉદ્ધાર અને સૌન્દર્યદેવીના પ્રાકટ્ય સાથે, શુષ્ક ધાર્મિકતાની બેડીઓ પણ તૂટવા લાગી; અને પ્રાચીન ગ્રીક રોમન સંસ્કૃતિનું જે ખાસ લક્ષણ—ઐહિક જીવનમાં રસ—તે ફરી ઉત્પન્ન થયો; અને પ્રજા પરાક્રમને પંથે ચઢી. આ સર્વના પ્રતિધ્વનિ ઈંગ્લંડ સુધી પહોંચ્યા. પ્રાચીન સાહિત્યના અનુવાદો ઈટાલિયન અને ફ્રેંચ ભાષામાં થયા અને ત્યાંથી અંગ્રેજીમાં ઊતર્યા. આપણા અર્વાચીન સાહિત્યના જન્મની પણ એ જ હકીકત છે. અહીં પણ ગયા શતકમાં આપણી પ્રાચીન ભાષાને જે સ્થાન અપાયું તથા પરદેશી (અંગ્રેજી) સાહિત્ય સાથે સંપર્ક શરૂ થયો, એમાંથી ધાર્મિક સુધારો, નવી સ્વાતન્ત્ર્યની ભાવના, ઐહિક

જીવનમાં રસ અને એ રસથી તરબોળ એવું નવીન સાહિત્ય ઉત્પન્ન થયું. એ યૂરોપના સંજીવનના યુગમાં, અને વિશેષે કરી એલિઝાએથના ઇંગ્લંડમાં, પ્રજાજીવનમાં જેમ અપૂર્વ વેગ પરાક્રમ અને સમુલ્લાસનો પ્રાદુર્ભાવ એ એના સાહિત્યનું કારણ બન્યું હતું, તે જ પ્રમાણે આપણા અર્વાચીન સાહિત્યમાં પણ બન્યું છે. માત્ર આપણી નસોમાં એ વેગ પરાક્રમ અને સમુલ્લાસનું બળ જેટલું ઓછું તેટલું આપણું સાહિત્ય પણ એલિઝાબેથના સમયના ઇંગ્લંડના સાહિત્ય કરતાં ઊતરતું છે. ઇંગ્લંડનો વહાણવટી નવી ભૂમિ શોધવા લૂટવા તાબે કરવા સમુદ્ર ખેડતો હતો, કષ્ટમાં આનન્દ પામતો હતો, અને પોતે સ્વતંત્ર છે એ અદ્ભુત બલદાયી લાગણીથી ભરેલો રહેતો. આપણે ત્યાં આ સર્વ સ્થિતિ શરૂ થવા લાગી છે, પણ તે કુંપળ અવસ્થામાં છે, સિદ્ધને બદલે સાધ્ય અવસ્થામાં છે. પૂરી વસ્તુસ્થિતિને બદલે ઘણું આકાંક્ષામાં છે, પણ જે છે તે ઉત્સર્પણને માર્ગે હોઈ આશાજનક છે.

સાહિત્ય પરિષદ્‌નું કર્તવ્યઃ સાહિત્યને અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરવું

સાહિત્યવિભાગે વિચારવાનું 'સાહિત્ય' તે વિશેષ અર્થમાં 'સાહિત્ય'. સામાન્ય અર્થના સાહિત્યની ઇતર શાખાઓથી વિલક્ષણ એવું, વિશેષ અર્થમાં સાહિત્યનું સ્વરૂપ 'સાહિત્ય' શબ્દની યોજનાથી આપણા પૂર્વજોએ બતાવ્યું છે. "शब्दार्थौ सहितौ काव्यम्" જેમાં શબ્દ અને અર્થ વિશિષ્ટ રૂપે એક બીજાની સાથે મળેલા હોય. "वागर्थाविव सम्पृक्तौ" શિવપાર્વતીવત્ જ્યાં અર્થ અને વાણી એક બીજાનાં અર્ધાંગ હોય એ કાવ્યસાહિત્ય. આ કાવ્યસાહિત્ય એ સાહિત્ય સામાન્યનો આત્મા છે. ભાષા, ઇતિહાસ, વિજ્ઞાન તત્ત્વજ્ઞાન સઘળાં શાસ્ત્રનું પર્યવસાન કાવ્યમાંઃ કાવ્ય એ ક્રાન્તદર્શીની દૃષ્ટિ; પછી એ ગદ્ય હો વા પદ્ય હો. પદ્યમાં અર્થસંગીત સાથે શબ્દસંગીતનો સહચાર, તેટલું પદ્ય ગદ્ય કરતાં કાવ્યને વિશેષ અન્તરંગ, અને ગદ્યમાં જેટલો શબ્દ-

સંગીતનો અભાવ તેટલું તે કાવ્યને બહિરંગ. અન્ય શાસ્ત્ર અને વિદ્યાથી કાવ્યનો વ્યાવર્તક ધર્મ એ કે શાસ્ત્ર અને વિદ્યા મનુષ્ય બુદ્ધિના અમુક અમુક ખંડને ઉજાળે, ત્યારે કાવ્ય અખંડ વસ્તુનું–વસ્તુના ઊંડા અન્તરમાં વિરાજતા દિવ્ય તત્ત્વનું–સાક્ષાત્ દર્શન કરાવે. પ્લેટોની ગુફાના ઉદાહરણથી સમઝવા યત્ન કરીએ તો બહાર જતાં આવતાં મનુષ્યોના ગુફાની ભીંતે પડતા પડછાયા ઉપરથી અનુમાન કરવું તે શાસ્ત્ર અને વિદ્યા, અને ગુફાના મુખ સામે બેસી જનતાને સાક્ષાત્ નિહાળવી એ કવિધર્મ; અને એ સાક્ષાત્ દર્શન પણ અખંડ વસ્તુનું, એના અમુક અમુક પાસાનું નહિ. બેશક, એ અખંડતાને કવિ તરફ વળેલું પાસું કહેવું હોય તો તે જુદી વાત. આમ કાવ્ય એ શાસ્ત્ર અને વિદ્યાથી ભિન્ન છે છતાં સર્વનો વાસ મનુષ્યના આત્મામાં છે, અને તેથી તેમની પરસ્પર અસર થયા વિના રહેતી નથી.

રાજશેખર કવિઓના ત્રણ ભેદ પાડે છે: સારસ્વત, આભ્યાસિક અને ઔપદેશિક. સારસ્વત કવિઓ તે કે જેઓ ઉપર સરસ્વતીનો અનુગ્રહ હોઈ, એમની કવિત્વશક્તિ 'સહજા' છે, અર્થાત્ પૂર્વજન્મમાંથી ઉતરી આવી છે, અને આ જન્મમાં માત્ર થોડોક જ સંસ્કાર મળતાં ખીલી ઊઠે છે. આભ્યાસિક કવિઓ તે કે જેની કવિત્વશક્તિ 'આહાર્યા' એટલે કે આ જન્મના અભ્યાસથી—અર્થાત્ સંસ્કારથી કેળવણીથી—પ્રાપ્ત કરવામાં આવી છે. અને ઔપદેશિક કવિઓ તે કે જેઓમાં સ્વાભાવિક કવિત્વશક્તિ બિલકુલ નથી પણ જેઓ મહેનત કરી કરીને કાવ્ય રચતાં શીખ્યા છે. આ ત્રીજા વર્ગને તો આપણે લક્ષ્યમાં જ નહિ લઈએ. પણ જગતના મહાન કવિઓ બધા સારસ્વત યાને કેવલ સરસ્વતીના પ્રસાદ થકી જ કવિ થયેલા છે એમ નથી. ઘણાં મ્હોટાં નામો—મિલ્ટન ટેનિસન ભવભૂતિ રાજશેખર આદિ અસંખ્ય—આ જન્મમાં પ્રાપ્ત કરેલી ઊંચી કેળવણીથી કવિ બન્યા છે. અને આ જાતના કવિઓ માટે ફળદ્રુપ ભૂમિ રચવાનું જનસમાજના હાથમાં છે. બીજા બે વર્ગમાંથી પહેલા વર્ગના–

'સારસ્વત'-કવિઓ આપણી ભૂમિમાં નીપજાવવાની પ્રભુની ઇચ્છા હશે તો તે સાહિત્યપરિષદ્‌ના કાર્યની વાટ નહિ જુવે. ગૂજરાતમાં સૃષ્ટિસૌન્દર્ય અને જનસ્વભાવનું વૈવિધ્ય અર્થાત્ કવિતાની સામગ્રી થોડી નથી. છતાં, વર્તમાન જમાનામાં સર્વથા સ્વાભાવિક કવિત્વ-શક્તિ ધરાવનાર એવા સારસ્વત કવિઓ ઉત્પન્ન ન થાય તો તેમાં આશ્ચર્ય નથી. કારણ કે, સારસ્વત કવિઓનો જમાનો તો એક રીતે ક્યારનોએ વહી ગયો છે. જેમ મનુષ્યજાતિનો સુધારો વ્યવસાયી અર્થાત્ વસ્તુગ્રાહી મટીને અનુવ્યવસાયી-અર્થાત્ જ્ઞાનગ્રાહી-થયો છે, અને અત્યારે એનાં સઘળાં પગલાં અનુવ્યવસાયી દશામાં જ ભરવામાં આવે છે, તે જ પ્રમાણે વર્તમાન યુગમાં વ્યવસાયી કવિની એટલે કે માત્ર કાવ્યસામગ્રીના સાંનિધ્ય થકી જ પ્રજ્વળી ઊઠનાર એવા હોમરની જાતના કવિની ઉત્પત્તિ થવાનો સંભવ થોડો છે; વર્તમાન કવિઓમાં તો થોડીક સ્વાભાવિક શક્તિ ઉપર આ જન્મના સંસ્કારો-એટલે કે જીવનનો અનુભવ અને વાચનની કેળવણી-એની છાપ પુષ્કળ પડે છે, અને એમાંથી એમનું કવિત્વ સ્ફુરે છે. બેજહૉટ 'Primary' અને 'secondary' અર્થાત્ સહજ અને આહાર્ય એવા કવિઓના બે વર્ગ પાડે છે તે આ રીતે જ; હોમર શેક્સપિયર આદિ પ્રથમ વર્ગમાં આવે છે, વર્જિલ મિલ્ટન વગેરે દ્વિતીય વર્ગમાં આવે છે. પણ પ્રથમ વર્ગના સર્વ કવિઓ દ્વિતીય વર્ગના સર્વ કવિઓ કરતાં ચઢીઆતા હોય એમ કાંઈ નિયમ નથી. માત્ર આ બે વર્ગ એ કવિતાની ઉત્પત્તિનું કારણ લક્ષમાં લેતાં પડેલા બે પ્રકાર છે. અને પહેલા વર્ગના એક કવિના કરતાં બીજા વર્ગનો એક કવિ ચઢી-આતો હોય એ તદ્દન સંભવિત છે. સ્પેન્સરને અંગ્રેજી કાવ્યસાહિત્યના ઇતિહાસમાં "Poets' Poet" નો ઇલ્કાબ મળ્યો છે. અને અગણિત અંગ્રેજ કવિઓ ગ્રીક લૅટિન ઇટાલિયન કવિઓમાંથી ઉત્પન્ન થયા છે એ કોણ નથી જાણતું? નવીનતાના મોહને વખોડી કવિસંપ્રદાયનો મહિમા વર્ણવતાં મિ. ન્યૂબોલ્ટ એક ઠેકાણે કહે છેઃ—

"To be in the tradition is not to be obsolete, either in civilization or in poetry; to be 'derivative' is not necessarily to be inferior, even in the aeroplane factory. The truth on the other side is that the human spirit grows not by singularity but by admiration and assimilation; that the deepest waters of human life come from no private well, but from an underlying hool, vast and immemorial, and that poetry, as Shelley knew, is not an unrelated collection of separate inventions, but a vision of the eternal which all poets like the co-operating thoughts of one great mind, have built up since the biginning of the world." આ જાતનું કાવ્યવાતાવરણ સાહિત્યપરિષદ્ રચી શકે છે. આ માટે ઊંચી જાતના વિવેચનશાસ્ત્રની જરૂર છે—જે સામાન્ય વાચકમાં ઊંચી વિવેચન દૃષ્ટિ ઉત્પન્ન કરે એટલું જ નહિ, પણ જેને આધારે શાળામાંથી બાળકોને શિક્ષણશાસ્ત્રની ભાષામાં જેને 'Appreciation lesson' કહે છે તેવા પાઠદ્વારા કવિતાના સૌન્દર્યનો ઉપભોગ કરતાં શીખવી શકાય. વામનમાંથી સૂચના લઈ રાજશેખરે 'ભાવક' યાને સહૃદયના પ્રથમ બે વર્ગ પાડ્યા છેઃ અરોચકી અને સતૃણાભ્યવહારી; એટલે એક તો એવા કે જેમને કશું રુચે જ નહિ; અને બીજા એવા કે જે ઘાસ સુદ્ધાંત ગમે તે ખાઈ જાય. આ બંને અવિવેચક છે. તેમાં ત્રીજો વર્ગ એક 'મત્સરી' એટલે કે અદેખા અને સામાના દોષ જોયા કરે એવાનો ઉમેરે છે, અને ચોથો વર્ગ 'તત્ત્વાભિનિવેશી' એટલે ખરા તત્ત્વ ઉપરે ચિત્ત લગાડનારનો જણાવે છે. આ છેલ્લો વર્ગ જ સાહિત્યને ઉપકારક થઈ પડે છે. હજુ સુધી ગૂજરાતીમાં કાવ્યકલાની

તત્ત્વાભિનિવેશી મીમાંસા બહુ થોડી જ થઈ છે, પ્લેટો અને ઍરિસ્ટોટલથી માંડીને કિવલર કૂચ સેઈન્ટ્સબરિ જૅાસ ન્યુબોલ્ટ અને સ્કવાયર સુધી, સૂર્યથી માંડી ન્હાના દીવા સુધી, કાવ્ય અને એના વિવિધ ભેદનાં તત્ત્વ ઉપર પ્રકાશ નાંખનાર જ્યોતિઓ અસંખ્ય થયા છે, અને જેમ જેમ કાવ્યનાં નવાં નવાં રૂપ પ્રકટ થયાં છે તેમ તેમ એ તત્ત્વોના વિવેચનમાં તેમ જ એના પ્રયોગના વિચારોમાં ઘણું કામ થયું છે. આપણે ત્યાં પણ પ્રાચીન આલંકારિકોએ કેટલું બધું કર્યું છે એનું જ્ઞાન સામાન્ય પ્રજાને બલ્કે સુશિક્ષિત જનોમાં પણ થોડું છે. આ ખોટ પૂરી પાડવા સાહિત્યપરિષદ્ બહુ સારો પ્રબન્ધ રચી વા રચાવી શકે છે. આવી સારાસારગ્રાહી ઉચ્ચ વિવેચનની વિદ્યાને અભાવે-કાવ્યક્ષેત્રમાં પુષ્કળ ઘાસ ઊગે છે, અને બિચારા ઘાસને હું ઘાસ છું એટલું ભાન થવું પણ અશક્ય રહે છે. રાજશેખર કવિઓનું તારતમ્ય બતાવતાં નોંધે છે કે—

"एकस्य तिष्ठति कवेर्गृह एव काव्य-
मन्यस्य गच्छति सुहृद्भवनानि यावत् ।
न्यस्याविदग्धवदनेषु पदानि शश्वत्
कस्यापि संचरति विश्वकुतूहलीव ॥"

—કોઈ કવિનું કાવ્ય તો એના ઘરમાં જ રહે છે; બીજાનું મિત્રોના ઘર સુધી પહોંચે છે; કોઈકનું જ એવું હોય છે કે જે અવિદગ્ધજનના મુખ ઉપર પગ મૂકીને—એમના વચનની દરકાર કર્યા વગર—જાણે વિશ્વ જોવાના કુતૂહલથી બહાર નીકળી પડે છે. આવા ગૃહકવિઓની અને મિત્રકવિઓની અપેક્ષા કરી, બહુ તો એમને સહી લઈ, વિશ્વકવિઓના ગુણ પારખી, એનો આસ્વાદ લઈ જાણવો એ ખરા વિદગ્ધનું કામ છે. એ કર્તવ્યને અંગે, આપણા ગુર્જર કવિઓ અને કાવ્યો ઉપર આપણે સવિશેષ આદર ધરાવીએ એ સ્વાભાવિક છે અને કેટલેક દરજ્જે ઠીક પણ છે. પણ ઘરદીવડાના પ્રેમથી મુગ્ધ બની આપણી રસવૃત્તિને સાંકડી કરી રાખીએ તો તેથી આપણી

વિદગ્ધતાને હાનિ થાય છે એટલુંજ નહિ પણ કવિઓના રસાત્માને પણ જોઈતું પોષણ મળતું નથી. ખરૂં છે કે કવિ અને ભાવક (સહૃદય વિદગ્ધજન) એક હોતા નથી; "एकः सूते कनकमुपलस्तत्परीक्षा क्षमोऽन्यः" સુવર્ણ એક જાતના પત્થરમાંથી પેદા થાય છે અને એની કસોટી કાઢનાર પત્થર જુદો હોય છે. તથાપિ કવિ જ્યાં સુધી પોતાના કાવ્યનો વિવેચક ન થાય અને વિવેચક કવિનું હૃદય અનુભવવા પૂરતો કવિ ન થાય, ત્યાં સુધી કાવ્ય આત્મશુદ્ધ પ્રાપ્ત ન કરે, અને વિવેચન મર્મગ્રાહી ન બને. આપણાં કાવ્યો આપણી ભૂમિમાં જ પાકવાં જોઈએ, અને આપણાં વિવેચન પણ સ્વદેશી હોવાં જોઈએ એ દૃષ્ટિબિન્દુ સ્વાભાવિક છે. તથાપિ મનુજ આત્મામાં સ્વ અને પરનો અદ્‌ભુત સમન્વય હોય છે—મનુજ પોતાની ભૂમિનો વતની છે તે સાથે મનુજ હોઈ સમસ્ત બ્રહ્માંડનો વાસી છે, અને તેથી એને પોતાનું વૈશિષ્ટ્ય કેળવવાનું છે તે સાથે એના વિશેષણમાં સ્વ અને પર ઉભય તત્ત્વો રહેલાં છે એ ભૂલવાનું નથી. જગત્‌માં સર્વ મહાન સાહિત્યો એ રીતે જ ઉદ્‌ભવેલાં છે. કોઈ પણ પ્રજા જે પરદેશી સાથે આત્માની આપ-લે કરવા તૈયાર નથી તે પોતના આત્માને કદી ખીલવી શકતી નથી. જેમ પરદેશી રસ ચૂસ્યા કરનાર પોતાના આત્માને ખુવે છે, તેમ એ રસથી વિમુખ રહેનાર પોતાના આત્માને ગૂંગળાવે છે. વર્તમાન સમય સંક્રાન્તિનો હોઈ સ્વ અને પરનાં ઉભય તત્ત્વ યોગ્ય માપમાં રહેવાં કઠણ છે. અત્યારે પશ્ચિમની નવલકથાઓનું ટૂંકી વાર્તાઓનું અને નાટકનું અનુકરણ પુષ્કળ થવા લાગ્યું છે, પણ ધીમે ધીમે એમાંથી ઊભરો નીકળી જઈ માત્ર સારજ રહેશે અને આપણા સાહિત્યના વિશિષ્ટ આત્મામાં ભળી શકે એટલુંજ પરદેશી તત્ત્વ છેવટે રહી જશે. તેથી આપણા સાહિત્યે ધારણ કરેલા વર્તમાન વલણથી આપણે ક્ષોભ પામવા કારણ નથી. જો કે કાંઈક ચેતતા રહેવાની અને સ્વદેશાભિમાનને જાગતું રાખવાની તો જરૂર છે જ. પશ્ચિમના જે રસસ્વરૂપને આપણા સાહિત્યમાં સત્કાર આપવો ઈષ્ટ

છે તે એ રસસ્વરૂપને કે જે એના મહાન સાહિત્યમાં મૂર્તિમન્ત થએલું છે. હેલ્લી આગબોટમાંથી ઉતરેલાં નૉવેલો વા માસિકોની વાર્તાઓ એ યૂરોપનું મહાન સાહિત્ય નથી; એનું ચર્વણ એ તો ઘણીવાર ઘાસનું ચવણ કરવા સમાન હોય છે. એના મોટા ઈક્ષુદંડ વર્તમાન સમયમાં પણ Dynasts કે Saint Joan જેવી કૃતિઓ જ ગણાય છે, અને વસ્તુતઃ એનાં અમર ફળ તો એ કરતાં પણ જુદાં હોય છે. આ વિષયમાં ખરી વિવેકભરી રસવૃત્તિ ઉત્પન્ન કરવી એ નવીન વિવેચનશાસ્ત્રનું, અને તે માટે યોગ્ય પ્રબન્ધ કરવો એ સાહિત્યપરિષદ્‌નું કામ છે.

નાટક વિષે લખતાં ડાઈડને ત્રણ જાતના 'publics' યાને ભોક્તા ગણાવ્યા છે. એક તો ખરા વિદગ્ધ અને સંસ્કારી, જેની સંખ્યા સહુથી ઓછી; બીજા 'warm young men' ઉત્સાહી યુવકો, જેમનો કલાવિષય ઉત્સાહ સાચો પણ કેટલીકવાર ઉપરછલ્લો અને ભ્રાન્ત; એમની સંખ્યા વધારે; અને ત્રીજા સામાન્ય લોક, જે સાહિત્યની કૃતિમાંથી કેવળ આનન્દ જ માગે છે—એમની સંખ્યા બહુ મ્હોટી. આમ વિદ્વદ્‌ભોગ્ય, યુવકભોગ્ય અને લોકભોગ્ય એમ સાહિત્યના ત્રણ વર્ગો પડે છે. અહીં વિવેચનશાસ્ત્રનો વિકટ પ્રશ્ન આવીને ઊભો રહે છે કે આમાંથી કયા વર્ગના પ્રેક્ષક કે વાચક માટે કવિએ કાવ્ય નાટક કે નવલકથાઓ રચવી? વર્તમાન સમયમાં આ ત્રીજા વર્ગ તરફ તાણી જનારાં બે જબરાં વહેણ છે; એક તો આ જમાનો democratic યાને લોકસામાન્યના મતની દરકાર કરનારો છે; બીજું એ દ્વારે ધનની પ્રાપ્તિ હોઈ કવિને પણ એ માર્ગે જ સરવાનું મન થાય છે. યુવકો એ ભવિષ્યની પ્રજા હોઈ, અને નવી રસભાવનાની ઉત્પત્તિનું સ્થાન હોઈ, એમની દૃષ્ટિમાં નવાં તેજ પ્રકટ થતાં હોય એ સ્વાભાવિક છે; પણ સાહિત્ય એ જીવનનું પરિપક્વ દર્શન હોય તો યુવકોની સાહિત્યભાવના કાચી હોવાને પણ સંભવ છે જ. ખરા વિદગ્ધ અને સંસ્કારી વિવેચકો જડ ન થઈ જાય તો એમની દૃષ્ટિ સહુથી ઉત્તમ છે, અને ખરા કવિને એમના જ મતની દરકાર

હોવી જોઈએ. પણ એઓ પણ ઊગતી ભાવનાને જોઈ ન શકે એવી ટૂંકી દૃષ્ટિવાળા અને જડ હૃદયના થઈ જવાનો સંભવ છે. તેથી ઉત્તમ વિવેચકો પહેલા અને બીજા વર્ગના સમન્વય રૂપ છે. પણ તેથી લોકભોગ્ય યાને 'democratic' સાહિત્ય અવગણનાયોગ્ય છે એમ કહેવાનું તાત્પર્ય નથી. જગતનું પરમ મહાન સાહિત્ય રામાયણ અને મહાભારત, પંચતંત્ર અને ઈસપની વાર્તા—એ લોકભોગ્ય નથી? એ લોકભોગ્ય છે તેવું જ વિદ્વદ્‌ભોગ્ય પણ છે. પ્રાકૃતજન પણ મનુષ્ય જ છે અને તેથી મનુષ્યની બુદ્ધિ અને રસના શાશ્વત અંશો એનામાં પણ રહેલા છે. અને શાશ્વત અંશને એ સાહિત્ય સ્પર્શે છે એમાં એની મ્હોટાઈ છે. પણ પ્રાકૃત જનની પ્રાકૃતતાને પરિણામે એનામાં જે ભ્રાન્ત અને ઉપરછલ્લી દૃષ્ટિ હોવાનો સંભવ છે, જે ક્રાન્તદૃષ્ટિગમ્ય ઊંડાં તત્ત્વ જોવાની એનામાં અશક્તિ છે, તેને પણ પૂજવી એ democracy અને mob rule વચ્ચે ભેદ ન સમઝવા જેવી ભૂલ છે.

વિવેચનશાસ્ત્રમાં આપણે ઘણું કરવું બાકી છે. સાપ્તાહિક કે માસિક પત્રમાં જે ગ્રન્થાવલોકન થાય છે તેમાં આ વિશાળ ક્ષેત્રની સીમા પણ ભાગ્યે જ ખેડાય છે. વિવેચનશાસ્ત્રની રચનાને અંગે, કલાના અને તે ઉપરથી સાહિત્યના તત્ત્વનું અન્વેષણ કરવું એ એનો એક પ્રકાર છે; સાહિત્યના વિવિધ પ્રકાર લઈ એનાં સ્વરૂપલક્ષણ બાંધવાં એ બીજો પ્રકાર છે; અમુક કૃતિના ગુણ દોષ કે ગુણની મર્યાદા અવલોકવી એ ત્રીજો પ્રકાર છે; તેમ ગુણ દોષનો વિચાર પડતો મૂકી માત્ર એનું સૂક્ષ્મ સ્વરૂપ ઊંડા ઉતરીને સમઝવા યત્ન કરવો એ ચોથો પ્રકાર છે; સર્વાનુભવરસિકથી ભિન્ન સ્વાનુભવરસિક વિવેચન—જેમાં વાચકના બોધ માટે નહિ પણ પોતાના જ ઉપભોગ માટે અમુક સાહિત્યકૃતિનું નિરીક્ષણ થાય છે અને, એ રીતે વિવેચનરૂપ એક વિશિષ્ટ સાહિત્યનો પ્રકાર ઉત્પન્ન કરવામાં આવે છે, એ એનો પાંચમો પ્રકાર છે—ઇત્યાદિ અગણિત રૂપે વિવેચનકલા ખીલવવાની

જરૂર છે. કારણ કે જેમ ઊંચું સાહિત્ય વિવેચનશાસ્ત્ર માટે નવું વસ્તુ ઉત્પન્ન કરે છે, તેમ ઊંચું વિવેચન સાહિત્યને નવા માર્ગ સૂઝાડે છે.

કાવ્યના અર્થમાં સાહિત્યની ઉત્પત્તિ માટે, અને એને અંગે ઊંચી વિવેચનશક્તિ કેળવવા માટે આ પરિષદનું શું કર્તવ્ય છે એ આપણે જોયું. પરંતુ એ જાતના સાહિત્યને ખીલવવા માટે બુદ્ધિ અને હૃદયના સંસ્કાર પણ ઊંચા કરવાની જરૂર છે. એ સંસ્કારની પોતાની કિંમત—સાહિત્ય સાથે એના સંબન્ધ વિના સ્વતન્ત્રરૂપે પણ—થોડી નથી. પણ સાહિત્ય એ 'finer breath of all knowledge' જ્ઞાન માત્રનો વધારે સૂક્ષ્મ અને સુંદર પ્રાણ છે, તો એ પ્રાણને વસવા માટે સ્થૂલ દેહ પણ જોઇએ. પંકજ પણ પંક વિના થતું નથી, તો કવિતાસાહિત્ય પણ બુદ્ધિ અને હૃદયને કેળવે એવાં શાસ્ત્રના ક્યારા વિના કેમ ઊગે? તે સારૂ બીજાં શાસ્ત્રની કેળવણી માટે પણ આ પરિષદે ભગીરથ પ્રયત્ન કરવાની જરૂર છે.

૭

ઇતિહાસ-સંશોધન

આપણા ઇતિહાસવિભાગે વિચારવાના પ્રશ્નો ઘણા છે; પ્રથમ તો ગૂજરાતનો પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસ ધ્યાનમાં રાખી, એનું નિરૂપણ જે અત્યાર સુધી ગૂજરાતની વર્તમાન ચતુઃસીમાની દૃષ્ટિએ જ કરાવવામાં આવ્યું છે એમાં મૌલિક પરિવર્ત કરવો જોઈએઃ ગૂજરાતનો પ્રાચીન ઇતિહાસ એટલે ઉત્તરમાં પંજાબ સુધીના પ્રદેશનો, અને દક્ષિણમાં દક્ષિણના ઉત્તર વિભાગના પ્રદેશનોઃ એ ઇતિહાસનાં ઘણાં ખાકાં હજી હવે પૂરવાનાં છે. ઘણાં વર્ષો પૂર્વે આપણા ઇતિહાસનું શિક્ષણ મોઘલ અને બ્રિટિશ અમલની જ દરકાર કરતું. તે પછી મહમદ ઘોરી અને મહમદ ગિજની સુધી (અને તે પછી પ્રાચીન ઇતિહાસ સંશોધનની કિંમત થતાં સિકંદરની સવારી સુધી) આપણે ભૂતકાળમાં ગયા. પરંતુ તે પહેલાંનો સમય કેવળ પૌરાણિક એટલે ઇતિહાસદૃષ્ટ્યા અપ્રમાણિક એવી વાર્તાઓથી જ ભરેલો હોઈ ઇતિહાસના અભ્યાસ

માટે નકામો છે એવી સમઝણ ઘણો વખત ચાલી. પરંતુ વધતી જતી શોધને પરિણામે સમઝાયું કે પુરાણમાં કરેલી નોંધ, હિન્દુસ્થાન ઉપર આક્રમણ કરનાર પશ્ચિમની પ્રજાઓના ઇતિહાસકારોએ તથા અન્ય મુસાફરોએ જે નોંધ કરી છે તેની સાથે અદ્ભુત રીતે મળતી આવે છે. આથી પુરાણની પ્રમાણ તરીકે પ્રતિષ્ઠા વધી, અને પુરાણના મહાન અભ્યાસી પાર્જિટરે એ પ્રતિષ્ઠાનું સારાસારવિવેચનપૂર્વક એટલું બધું ગૌરવ વધારી દીધું કે વેદાદિક ગ્રન્થ કરતાં પણ એનું પ્રમાણ વધારે માન્યું. આટલે સુધી જવું મધ્યસ્થ ઇતિહાસકાર માટે અશક્ય છે, પણ અન્ય પ્રમાણથી બાધિત ન હોય, અથવા અન્ય પ્રમાણને બાધિત કરે એટલું સંભવિત હોય તો પુરાણના કથનને ઇતિહાસરૂપે માનવાને અત્યારે સહુ ઇતિહાસકારો તૈયાર છે. તે જ પ્રમાણે તે પછીના સમયમાં આવતા કેવળ શિલાલેખ, સિક્કા અને તામ્રપટ્ટના જ પ્રામાણ્યને વળગી ન રહેતાં ઇતિહાસ રચવામાં બાધાબાધના સામાન્ય નિયમાનુસાર સાહિત્યનો ઉપયોગ કરવો પણ ઉચિત છે; વળી વિશેષ, સાહિત્ય જ્યારે તારીખો નક્કી કરવામાં ઉપયોગી નથી થતું, ત્યારે પણ પ્રજાના વાસ્તવિક કે ભાવનાત્મક જીવનની ઝાંખી કરવા માટે બહુ કામનું થઈ પડે છે. પરંતુ આપણા ઇતિહાસના પ્રકાશનું એક મ્હોટું સાધન હજી હવે જ આશાક્ષિતિજ ઉપર ઊગતું દેખાય છે. સિંધ અને પંજાબની સરહદો ઉપર મોહન–જો–ડારો અને હરપ્પાનાં ખોદાણકામથી ઋગ્વેદના બલ્કે તેથી પણ પૂર્વના મનાતા કાળ ઉપર પ્રકાશનાં કિરણો ફુટયાં છે. પણ હજી એ માત્ર કિરણો જ છે, એટલામાં તો ઇન્ડિયન આર્કિઑલોજીના ડિરેક્ટર સર જૉન માર્શલ લખે છે કે:

"The opinion has lately been gaining ground that the cradle of Sumerian and Egyptian civilisation is to be sought somewhere east of Mesopotamia. If indeed, such a cradle ever existed, it is as likely as not to have been in the

vast richly watered plains of Northern India. Migration there undoubtedly were-and those on a large scale, and nothing is more probable than that the teeming populations of Northern India expanded westward through Seistan across the Iranian plateau and northward to the plains of Transcaspia.' આ અનુમાન જે અત્યાર સુધી ચાલતી આવેલી પાશ્ચાત્ય ઇતિહાસકાર અને પુરાતત્ત્વવિદ્‌ની માન્યતાથી તદ્દન વિપરીત છે એ પુરાણની હકીકત સાથે મળે છે, અને પરિણામે હિન્દુસ્થાન ઉપર આક્રમણ કરનાર અને એની વસ્તીમાં ભળી જનાર 'Forgien Tribes' યાને પરદેશી જાતિઓ સંબન્ધી આપણા અર્વાચીન વિદ્વાનોના લેખો જુદી દૃષ્ટિથી તપાસવા પડશે એમ સૂચવે છે. કાઠીઆવાડની ઐતિહાસિકરત્નગર્ભા વસુન્ધરા હજી ખોદવી તદ્દન બાકી છે. સૌરાષ્ટ્ર, દ્વારકા અને વલભીપુરના ઇતિહાસનાં કેટલાંએ પડ એ ભૂમિમાં દટાએલાં કોઇવાર બહાર નીકળશે એ કહેવાતું નથી. અને એ નીકળશે ત્યારે આપણા અત્યાર સુધી માનેલા ઇતિહાસને ટેકો આપશે કે–ઉથલાવશે એ વિષે અત્યારે કાંઈ પણ પ્રામાણિક કલ્પના થઈ શકતી નથી. પણ એ શોધ ઇતિહાસના યથાર્થજ્ઞાન માટે અત્યન્ત આવશ્યક છે એટલું તો નક્કી જ છે. બીજું, આપણા ઇતિહાસનાં રાજવંશો અને એમની તારીખો આપણે ચોક્કસ રીતે જાણી શકયા છીએ તેમાં પણ હજી લોકસ્થિતિ વિષે ઘણું જ્ઞાન ઉમેરવું બાકી છે. સાહિત્ય એ આ જાતના કાર્ય માટે એક મ્હોટું સાધન હોય છે, પણ દુર્ભાગ્યે, આપણા તે કાળના ઘણાખરા કવિઓએ એમના સાહિત્યને, ધર્મ સિવાય કોઈપણ રસથી ભીંજાવા દીધું નથી. આથી લોકસ્થિતિ જાણવાના વિષયમાં આપણને ઘણી મુશ્કેલી પડે છે.

રત્નમણિરાવે મુસલમાન સમયના ગૂજરાતના ઇતિહાસનો અભ્યાસ શરૂ કરવા માંડ્યો છે, તથા એને અંગે માત્ર સામાન્ય

નિરૂપણથી સંતોષ ન માનતાં વિગતવાર માહિતી એકઠી કરવા માંડી છે, એ પદ્ધતિએ ઘણું કામ કરવા જેવું છે. રાયચુરા અને મેઘાણી કાઠિયાવાડની જૂની વાર્તાઓ રાસા વગેરે સાહિત્ય એકઠું કરે છે એનું મૂલ્ય ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું ન હોય પણ સમયનું ચિત્ર દોરવામાં તો ઘણું જ કામનું છે, વળી એક સંસ્કૃત અલંકારશાસ્ત્રી લખે છે તેમ 'સર્વશાસ્ત્રો કાવ્યમુખપ્રેક્ષી' છે–અર્થાત્ કાવ્યનું જ મુખ નિહાળતાં કાવ્યનાં સેવક છે–અને તે પ્રમાણે ઇતિહાસ પણ કાવ્યરૂપ થયા વિના એનું તત્ત્વ પૂરેપૂરૂં પ્રકટ કરી શકતો નથી. કવિપ્રતિભા વિનાનો ઇતિહાસ એ જીવંત માંસ અને રુધિર વિનાનું માત્ર કાલનું મૃત હાડપિંજર છેઃ તે માટે આપણો ઇતિહાસ ખરી રીતે જાણવા માટે આપણે નન્દશંકર તુળજાશંકર અને કનૈયાલાલ મુનશીની અપેક્ષા રાખીએ છીએ. કલા ખાતર સત્યનો ભોગ આપવાની જરૂર હોય તો ગૂજરાતના ઇતિહાસ ખાતર કલાનો ભોગ આપવા પણ ભાઈ મુનશીને આપણે વિનંતિ કરીશું. આપણે એમને કહીશું કે સત્ય અને કલા–ઇતિહાસ અને કલા–ઉભયનો સુન્દર સમન્વય કરી શકે એવું એમનામાં સામર્થ્ય છે, એકનો ભોગ આપવો પડે એવા એ કલામાં અનિપુણ કે ઇતિહાસમાં યથાર્થતાની કિંમત ન સમજી શકે એવા પ્રાકૃત નથી. છતાં ભોગ આપવો પડે એટલા એ અશક્ત હોય તો કલાનો ભોગ આપે, ઇતિહાસનો નહિ; કારણ કે કલાનાં ક્ષેત્ર ઘણાં છે, ઇતિહાસનું એક છે.

વળી, એક પ્રશ્ન ઇતિહાસ અને ભાષાશાસ્ત્રની સીમા ઉપર આવેલો અને તેથી ઉભય વિદ્યાના વિદ્વાનોએ વિચારવાનો એ છે કે આપણા પ્રાન્તના નામની વ્યુત્પત્તિ શી? બોમ્બે ગેઝેટીયરે ગુર્જર રાષ્ટ્ર (સં) ગુજ્જરરટ્ટ (પ્રા) ઉપરથી ગુજરાત શબ્દની વ્યુત્પત્તિ માની હતી. પરંતુ 'ગુર્જરરટ્ટ' ઉપરથી 'ગૂજરાઠ' કે 'ગૂજરાટ' થાય, 'ગૂજરાત' ન થાય; એ શબ્દો કોઈ પણ લેખમાં મળતા નથી અને ગૂર્જરરાષ્ટ્ર ઉપરથી ગૂજરાત કાઢ્યું એ વ્યુત્પત્તિશાસ્ત્રના નિયમથી

વિરુદ્ધ છે તેથી પછીના વિદ્વાનોએ ગુર્જરત્રા શબ્દ જે ડેડવાણકના તથા મંગલાનકના લેખમાં મળે છે તે ઉપરથી વ્યુત્પત્તિશાસ્ત્રાનુસાર એ શબ્દ ઊપજાવ્યો છે. વ્યુત્પત્તિશાસ્ત્રને અવગણી શકાતું નથી એ ખરૂં પણ તે સામે થોડાક વિચાર પણ આવ્યા વિના રહેતા નથી. એક તો 'ત્રા'નો આવો પ્રયોગ, સર્વનામને त्र (अत्र, तत्र, सर्वत्र, अन्यत्र) લાગે છે તે સિવાય, કોઈ દેશવાચક શબ્દમાં થયો જાણ્યો નથી. તે સાથે સુરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, અને રાષ્ટ્ર એ નામ એક બીજાની પાસે આવેલા ત્રણ દેશવિભાગના વાચક છે તેથી પાસેનો એક વિભાગ 'ગુર્જરરાષ્ટ્ર' કહેવાયો હોય તો આશ્ચર્ય છે? વ્યુત્પત્તિશાસ્ત્રનો વાંધો વજનદાર છે, પણ અશોકના धंमयुतस च योणकंबोज गधारानं रिस्टक पेतेणिकानं ये वापि अंञे आपरा त (ગિરનાર) धंमयुतस्य योनकंबोजगधालेषु लठिकपितेनिकेषु ए वा पि अंने आपलंता (ધૌલી) ध्रमयुतस योनकंबोय-गंधरनं रस्टिकनं पितिनिकनं ये वपि अपरंत (સહબાઝગઢી) ध्रमयुतस योनकंबोजगंधरनं रट्रकपितिनिकन ए व पि अञे अपरत (માનસેરા) એમ ચાર જુદાં જુદાં સ્થળના લેખમાં पेतेणिक, पितेनिक वितिनिक શબ્દ છે તેનો મૂળ સંસ્કૃત શબ્દ દેવદત્ત ભાંડારકર સિવાય સર્વ વિદ્વાનોએ प्रतिष्ठानिक માન્યો છે, ત્યાં પૂર્વોક્ત વ્યુત્પત્તિશાસ્ત્રનો નિયમ કે ष्ठ નો ઠ થાય 'त' ન થાય એ વાંધો ગણ્યો નથી. દેવદત્ત ભાંડારકરે વ્યુત્પતિશાસ્ત્રને ત્યાં પણ માન આપીને पितनिक શબ્દનો જુદો જ અર્થ કર્યો છે. અંગુત્તર નિકાયમાં रट्ठिकस्स पेत्तनिकस्स અને रट्ठिको पेत्तनिको એમ એ શબ્દયુગલ બે વાર આવે છે ત્યાં એનો સહચાર गामगामिकस्स पूगगामणिकस्स गामगामिको पूगगामणिको ઈત્યાદિ રાજ્યના અધિકારી વાચક શબ્દો સાથે થયો છે, અને ત્યાં પિતાથી પ્રાપ્ત અધિકાર ભોગવતો રાષ્ટ્રિક કહેવાતો રાજ્યાધિકારી એવો અર્થ ટીકાકારે કર્યો છે. એટલે અશોકના શિલાલેખમાં પણ रिस्टिक पेतेणिकनो એ જ અર્થ થવો ઘટે છે. અર્થાત્ पेतेणिक એ प्रतिष्ठानिक=પેઠણનું એમ નહિ; પરંતુ દેવદત્ત ભાંડારકરના આ पेतनिक=पैतृक સામે એક વિદ્વાન

તરફથી વ્યુત્પત્તિશાસ્ત્રનો બીજો વાંધો લેવામાં આવ્યો છે કે તૃ નું ત્ત કેમ થાય? પણ તૃ નો ત્રુ ઉચ્ચાર થવાથી ત્ત થાય એ સંભવિત હોઈ એ વાંધામાં માલ દેખાતો નથી. તથાપિ એક વિકટ સ્થિતિ એ આવીને રહી છે કે અંગુત્તર નિકાયમાં रट्ठिकपेत्तनिक्कનો સહચારી શબ્દ જોતાં અમુક રાજ્યાધિકારી એવો અર્થ બંધ બેસે છે, ત્યારે અશોકના લેખમાં સ્પષ્ટ 'યવન–કમ્બોજ— ગાંધાર — રાષ્ટ્રિક—પેતેણિક (પિતિનક) બીજા અપરાન્ત (સામ્રાજ્યના સામા છેડાના વા પશ્ચિમ સમુદ્રકંઠાના દેશ) એમ દેશ તરીકે રાષ્ટ્રિક પેતેણિકની ગણના કરી છે. બંને પક્ષનું સમાધાન એ રીતે થઈ શકે કે અમુક રાજ્યાધિકારીઓ મૂળ ધણીથી સ્વતન્ત્ર થઈ રાજ્ય વસાવે ત્યારે પણ મૂળ રાજ્યાધિકારી વાચક નામથી ઓળખાયાં કરે, અને એ રીતે રાજ્યાધિકારી વાચક શબ્દ લોકવાચક અને દેશવાચક થઈ જાય. આ રીતે रट्ठिकपेत्तनिक्क શબ્દની ગતિ થઈ હોય. ગમે તેમ હોય પણ पेतनिक्क શબ્દનો प्रतिष्ठान શબ્દ સાથે સંબન્ધ સર્વમાન્ય ન રહ્યો એટલે અશોકના લેખના ઉદાહરણથી गुजरराष्ट्र ઉપરથી ગૂજરાત શબ્દ અવતારવાનો આપણો યત્ન સફળ થયો નથી—જો કે ઉપર કહ્યું તેમ દેવદત્ત ભાંડારકર સિવાય સહુ વિદ્વાનોએ અશોકના લેખમાં એ વ્યુત્પત્તિની મુશ્કેલી અવગણી છે. હજી 'રાષ્ટ્ર' ઉપરથી 'રાત' ઉપજાવવાનો એક મન્દ યત્ન સંભવે છે અને તે એ કે—મૂર્ધન્ય ण નો દન્ત્ય न થાય છે અને ष નો स થાય છે, તેમ—અહીં મૂર્ધન્ય ट નો—દન્ત્ય त કેમ ન થાય? વળી પ્રકૃતસ્થળમાં ट પણ મૂળ त (राज्+त्र=राष्ट्र) જ હતો. એટલી મુશ્કેલી ઓછી છે. વળી ભરતે કહ્યું છે કે चर्मण्वती-नदीपारे ये चार्बुदसमाश्रिताः। तकारबहुलां नित्यं तेषु भाषां प्रयोजयेत्— અર્થાત્ ચંબલ નદીની પારના અને આબુના વાસીઓ त—વધારે બોલે છે; એ વાક્ય પણ કાંઈ પ્રકૃત પ્રશ્ન ઉપર પ્રકાશ ન નાંખે? આ વિચારપરંપરાનું બીજ गुर्जत्रा શબ્દની વિચિત્રતા અને દેશવાચક રાષ્ટ્ર શબ્દની સ્વાભાવિકતા એ છે; વ્યુત્પત્તિશાસ્ત્રની મુશ્કેલીનું

વિસ્મરણ નથી. વળી એક બીજી સૂચના પણ કરવાની સૂઝે છે: ગૂજરાત=ગુર્જરરાષ્ટ્ર હોય તો તે=ગુર્જરોનું રાષ્ટ્ર એમજ શા માટે હોવું જોઈએ ? ગુર્જર (ઉત્તર ગૂજરાત) અને રાષ્ટ્ર જે લાટ (દક્ષિણ ગૂજરાત) નામે પ્રસિદ્ધ છે તે મળીને થએલો દેશ અથવા ગુર્જરોનો લાટ, દક્ષિણ લાટથી ભિન્ન ઉત્તર લાટ એમ અર્થ પણ ન હોઈ શકે ? લાટ એ રાષ્ટ્ર ઉપરથી થએલો શબ્દ છે, અને ટૉલેમી, વાત્સ્યાયન વગેરેને જાણીતો હોઈ, અશોકના લેખમાં લઠિક નામનો જે એક 'અપરાન્ત' (સામ્રાજ્યમાં અપર નામ સામે અંતે કે પશ્ચિમ છેડે આવેલા પ્રદેશ દેશમાંનો એક) કહ્યો છે તે લાટ જ હોવાનો સંભવ છે. લાટ–અન્તર્ગત ભરૂચ નગરમાં ગુર્જરોની એક શાખાએ રાજ્ય સ્થાપ્યું હતું, અને તેજ પ્રમાણે રાષ્ટ્રકૂટ અથવા રટ્ટ જાતિના રાજાઓ, જેઓ મૂળ ઉત્તરના હતા કે દક્ષિણના એ અનિશ્ચિત છે તથાપિ ઉત્તરના હોય એમ વિશેષ સંભવ છે, એમણે દક્ષિણમાં મ્હોટું રાજ્ય સ્થાપ્યું હતું અને ગૂજરાતમાં આવેલા લાટ ઉપર પણ એમની સત્તા કોઈ કોઈવાર પહોંચી જતી. આપણો પ્રાન્ત ઉત્તર અને દક્ષિણ હિંદુસ્થાનના પશ્ચિમ ભાગના દક્ષિણ ઉત્તર પ્રદેશ મળીને બનેલો છે, અને એમાં ત્રીજો ખંડ સૌરાષ્ટ્રનો ઉમેરતાં, એકતા અને અનેકતાની એક અદ્ભુત ત્રિમૂર્તિ—બ્રહ્મા વિષ્ણુ અને શિવ સમી અને કાંઈક એમને મળતી—આપણી દૃષ્ટિ આગળ ચીતરાઈ જાય છે.

આ રાજકીય ઇતિહાસમાંથી ફલિત થતો ગૂજરાતના જનસમાજના બંધારણનો અને એની ભાષાનો ઇતિહાસ પણ ઇતિહાસના ગવેષકોએ હજુ પુષ્કળ શોધવાનો છે. ગૂજરાત જેટલી જ્ઞાતિઓ હિન્દુસ્થાનના બીજા કોઈ ભાગમાં નથી, અને જ્ઞાતિવિભાગનાં જે કારણો બીજા ભાગમાં પ્રવર્તેલાં છે તે ઉપરાંત અહીં બહુ વિશેષ છે. એ સર્વ જ્ઞાતિઓના ઇતિહાસ અને રિવાજ સંબંધી ઘણી માહિતી બોમ્બે ગેઝેટયરમાં સંકલિત કરેલી છે, તથાપિ ઘણાં વર્ષો ઉપર થએલા એ કાર્યને અત્યારે ફરી શોધવા વધારવાની જરૂર છે.

તેમજ ગૂજરાતને એક અલગ પ્રાન્ત માનીને એની જ્ઞાતિઓનો ઇતિહાસ લખાયો છે તેને પણ ઉત્તર દક્ષિણ હિન્દુસ્થાનની જ્ઞાતિઓના ઇતિહાસ સાથે જોડીને ફરી રચવાની જરૂર છે.

૮

ભાષા

ત્રીજું આપણી ભાષાનો ઇતિહાસ પણ હજી ઘણો વધારે શોધવાનો છે. સર જ્યોર્જ ગ્રીયર્સન એમનાથી જે બન્યું તે ફરીને લખે છેઃ—

"We have thus a connected chain of evidence as to the grawth of the Gujarati language from the earliest times. We can trace the old Vedic language through Prakrit down to Apabhramsa and we can trace the development of Apabhramsa from the verses of Hemachandra, down to the language of a Parsi newspaper. No single step is wanting for nearly four thousand years." આ આપણી ગરવી ગૂજરાતની ગરવી ભાષાની વિંશિષ્ટતા છે. અને તેથી જ એને માટે આપણું કર્ત્તવ્ય ઘણું છે. ગ્રીયર્સને તો ભાષાશાસ્ત્રીઓની શોધના આધારે માત્ર થોડીક લીટીઓ જ દોરી છે. પરંતુ ટેસિટોરી અને નરસિંહરાવભાઈએ એમાં ઘણું વધારે કામ કર્યું છે. પણ તેઓએ કર્યું છે તે કરતાં હજી ઘણું ઘણું વધારે કરવું બાકી છે. અપભ્રંશ સાહિત્યના છૂટક અવશેષો કેટલાક સમયથી ઉપલબ્ધ હતા, પણ સળંગ કાવ્યો હજી હવે જ પ્રસિદ્ધ થવા લાગ્યાં છે, અને અપભ્રંશ એટલે એક સ્થિર અવિકારી ભાષા—જેનું વ્યાકરણ હેમચન્દ્રે ઘડી આપ્યું છે—એમ મનાઈ રહ્યું છે, તેને બદલે હવે એનો એક જીવંત અને વિકારી ભાષા તરીકે અભ્યાસ થવો ઘટે છેઃ જેટલું અપભ્રંશ સાહિત્ય ઉપલબ્ધ છે એ પ્રકાશમાં મૂકી — આ અભ્યાસ શરૂ કરી દેવો જોઈએ. અત્યારે ઉત્તર હિન્દુસ્થાન રાજસ્થાન—થી માંડી દક્ષિણમાં રાષ્ટ્રકૂટ રાજ્યના પ્રદેશ સુધીના ભાગમાં

જે અપભ્રંશ સાહિત્ય જડયું છે તે રચવામાં પણ મ્હોટા અંશ જૈનોનો છે. પણ હેમચન્દ્ર વગેરેએ ઉચ્ચરેલાં ઉદાહરણો જોતાં કેટલુંક સાહિત્ય જૈનેતર થકી પણ રચાયેલું હોય તો તે સંભવિત છે. એ સઘળું સાહિત્ય શોધવાનો આપણે પ્રબળ પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે અપભ્રંશ સાહિત્ય મૂળ હિંદુસ્થાનના ઉત્તર દક્ષિણ 'અપરાન્ત'નું છે, તથાપિ એના સૌથી વિશેષ ઉત્તરાધિકારીઓ આપણે ગૂજરાતી છીએ. આપણા ગૂજરાતમાં આવ્યાના ઇતિહાસ ઉપરથી આપણી ભાષાનો ઉદ્ભવ—પ્રાચીન આર્ય ભાષા, પછી સંસ્કૃત, પછી પાલી, પછી શૌરસેની પ્રાકૃત, પછી શૌરસેની અપભ્રંશ, અને તે ઉપરાંત ગુર્જરોની મૂળ ભાષા દર્દસ્તાની યા પૈશાચીઃ આટલાં તત્ત્વોમાંથી થએલો મનાય છે. હવે આ સઘળાં તત્ત્વોને પૃથક્ કરી આપણી ભાષાના પ્રત્યેક શબ્દની ઉત્પત્તિ આપણા કોષમાં આપણે બતાવવી જોઈએ. તેમાં પૈશાચીનું તત્ત્વ શોધવું કઠણ છે તથાપિ તે માટે યત્ન થવો જોઈએ, અને અશિષ્ટ મનાતા એના ખૂણા ખોચરાની બોલીના શબ્દો પણ એકઠા કરીને તપાસવા જોઈએ. આ સઘળું કાર્ય અસાધારણ મહત્ત્વનું છે તેવું જ ખર્ચનું છેઃ વળી વર્તમાન જમાનામાં કોઈ પણ કોષ જ્યાં સુધી સંસ્કૃત પ્રાકૃત અને અપભ્રંશ રૂપી મૂળ ઉપરાંત, હિન્દી મરાઠી અને બંગાળી સાથેના સમાનતા અંશો નહિ દર્શાવે ત્યાં સુધી એ અપૂર્ણ જ ગણાશે. Political Federation ની ભાવના સાથે Linguistic Federationની ભાવનાને જોડવી જ પડશે.

૯

વિજ્ઞાન

હવે વિજ્ઞાનવિભાગના વિષયમાં આપણે શું કરવાનું છે એ જોઈએ. આ વિષયમાં જે કાર્ય કરવાનું હોઈ શકે તેના બે પ્રકાર છેઃ એક નવી શોધ, અને બીજો લોકપ્રચાર. નવી શોધની બાબતમાં તો ગૂજરાતે આખા હિંદના બલ્કે સમસ્ત પૃથ્વીના વિજ્ઞાન-

શાસ્ત્રીઓની સાથે રહીને કામ કરવાનું છે. પણ જે ન્હાનું કામ—છતાં અતિ આવશ્યક કામ—સાહિત્ય પરિષદ્ પોતે ઉપાડી શકે એવું છે તે વિજ્ઞાનના લોકપ્રચારનું છે. છેલ્લા દશ પંદર વર્ષમાં આપણા પ્રથમ અને મધ્યમ કક્ષાના શિક્ષણમાં વિજ્ઞાનશાસ્ત્રને આપણે સ્થાન આપ્યું છે, અને સારી નિશાળોમાં એ કામ થતું હશે એમ પણ આપણે માનીએ લઈએ, તોપણ એની બહાર સામાન્ય લોકમાં વિજ્ઞાનનો પ્રચાર હજુ નહિ જેવો છે. અને એ પ્રચાર સારી પેઠે થાય તે માટે સાહિત્યપરિષદે ખરા અન્તઃકરણથી મ્હોટી યોજના રચવાની આવશ્યકતા છે. મ્હારા મિત્ર મિ. કોઈલાં—જે હમણાં થોડા વખત ઉપર બનારસ હિંદુ યુનિવ્હર્સિટિમાં એન્જીનિયરિંગ કૉલેજના વાઈસ પ્રિંસિપાલ હતા અને હાલમાં પટણાની એન્જીનિયરિંગ કૉલેજના પ્રિંસિપાલ થયા છે—એમણે કલકત્તા રિવ્યૂમાં ઔદ્યોગિક કેળવણી ઉપર લેખ લખવા માંડ્યા છે, એમાં એક સ્થળે કહ્યું છે કે ઇંગ્લંડનો ઔદ્યોગિક વિકાસ ઔદ્યોગિક શાળાને નહિ પણ ઔદ્યોગિક કારખાનાંને આભારી છે. આ કહેવું ઇંગ્લંડ પરત્વે ખરૂં છે, પણ અન્ય પ્રાણી કરતાં મનુષ્યમાં વિશેષ એ છે કે જે સ્વાભાવિક હોય એને પણ એ પ્રયત્નજન્ય કરી શકે છે. ઔદ્યોગિક કારખાનાંથી ઇંગ્લંડનો ઔદ્યોગિક વિકાસ થયો એ ખરી વાત, પણ એ કારખાનાંને સુધારવામાં ઔદ્યોગિક શાળાનું વિજ્ઞાન અત્યારે મ્હોટો ભાગ લે છે; બલ્કે ઇંગ્લંડ પણ શાળા અને કારખાનાંને પરસ્પર જોડવામાં અન્ય દેશોથી—ઉદાહરણ તરીકે જર્મનીથી—પશ્ચાત છે તેટલી એની ઔદ્યોગિક સ્થિતિ પણ હાનિ સહન કરે છે. આપણા દેશમાં કારખાનાંના કામમાં શાળામાં મેળવેલી વૈજ્ઞાનિક કેળવણી બહુ ઉપયોગી થશેઃ બલ્કે, આપણા દેશની સ્થિતિ એવી છે કે જ્યાં સુધી વૈજ્ઞાનિક શિક્ષણથી આપણી હવાને ભરી દેવામાં નહિ આવે, ત્યાંસુધી આપણાં કારખાનાં પણ ગતાનુગતિક અને જમાનાથી પચાસ વર્ષ પશ્ચાત રહેવાનાં. તે માટે સાહિત્યપરિષદે વિજ્ઞાનને લોકપ્રિય કરવા સારૂ જે કાંઈ યત્ન થઈ શકે તે કરવા મચી

પડવું જોઈએ. આરંભમાં વિજ્ઞાનનાં લોકપ્રિય ભાષણો અને પ્રયોગો ગૂજરાત અને કાઠિયાવાડનાં અમુક શહેરોમાં કરવા માટે ગોઠવણ કરી દેવી જોઈએ, અને એ કામમાં પ્રજાની સેવા કરવા ડૉ. કાન્તિલાલ, ડૉ. નાયક, પ્રોફેસર વીરમિત્ર દીવેટીઆ, રા. પોપટલાલ શાહ, રા. સાંકળચંદ શાહ, રા. પર્જન્યરાય મેઢ, અને રા. વિજયલાલ ધ્રુવ તૈયાર છે એમ હું જાણું છું. અન્ય પણ ઘણા ભાઈઓ સાહાય્ય કરશે.

૧૦

તત્ત્વજ્ઞાન

ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિષયમાં આપણું બે જાતનું કર્તવ્ય છે. એક તો આપણા ગૂજરાતી સાહિત્યમાં મીરાં અને નરસિંહ મહેતાથી માંડી આજ પર્યંત જે જે વિચાર આપણા સાહિત્યમાં પ્રકટ થયા છે, એ તારવવાનું, એનો ઇતિહાસ રચવાનું, તથા એને હિંદુસ્તાનમાં અન્યત્ર પ્રકટ થએલા ધર્મ અને તત્ત્વવિચાર સાથે સાંકળવાનું મ્હોટું કાર્ય છે. પણ એટલેથી જ સંતોષ પામવાનો નથી. જેમ સાહિત્યમાં જૂના સાહિત્યના પાનથી સંતુષ્ટ થવાનું નથી, પણ નવું સાહિત્ય રચવાનું છે, તે જ રીતે તત્ત્વજ્ઞાનમાં પણ આપણે આગળ પ્રગતિ કરવાની છે. આપણા પ્રાચીન પૂર્વજોએ જેમ ઇતિહાસ તેમ તત્ત્વજ્ઞાન સાહિત્ય સાથે ગૂંથ્યું હતું. પરંતુ એ કાર્ય મહાન કવિઓ જ કરી શકે. આપણે તો, એજ કાર્યની સામગ્રી તરીકે, તત્ત્વજ્ઞાનને એક સ્વતંત્ર શાખારૂપે કેવળ પોષી સંવર્ધી શકીએ, તત્ત્વજ્ઞાન એ સંસારને વિલોકવાની એક દૃષ્ટિ છે, અને તે જેમ જ્ઞાનીને સિદ્ધ છે તેમ આપણ સહુને સાધ્ય છે અને આવશ્યક છે. તત્ત્વજ્ઞાન એ જ્ઞાનની અન્ય શાખાઓની સમાન કક્ષાનું એક શાસ્ત્ર છે એ સમઝણ પણ ભૂલભરેલી છે. જ્ઞાનની સર્વશાખામાં તત્ત્વજ્ઞાન પ્રવેશ કરે છે, કારણ કે એ સર્વના મૂળરૂપે એનું સ્થાન છે. તેથી જીવજગત્ અને પરમાત્માના સ્વરૂપનું, જ્ઞાનની એક સ્વતંત્ર શાખારૂપે, ચિંતન; એટલામાં

જ તત્ત્વજ્ઞાન સમાપ્ત થતું નથી. ઇતિહાસ અને વિજ્ઞાનનાં મૂળ શોધવા તથા એનો અર્થ કરવામાં પણ તત્ત્વજ્ઞાન પ્રવર્તે છે. આ દૃષ્ટિએ મનુષ્યનું બંધારણ, એનો આ પરિદૃશ્યમાન વિશ્વ સાથે સંબંધ, એની સ્વાભાવિક પ્રવૃત્તિ નિવૃત્તિની ભાવનાઓ–ઇત્યાદિ સર્વ વિચાર તત્ત્વજ્ઞાનના પેટામાં પડે છે. એ વિચારનું બહોળું પણ સુચિન્તિત સાહિત્ય ઉત્પન્ન કરવાની જરૂર છે. એ જ ભવિષ્યના કાવ્યસાહિત્યમાં ઉચ્ચતા અને ગંભીરતા, એ સાહિત્યના પ્રાણરૂપે, પ્રેરી શકશે. અને એ વિના આપણું સાહિત્ય રંગબેરંગી પરપોટા જેવું જ રહેશે.

૧૧

કેળવણી

કેળવણીનો વિભાગ સાહિત્યપરિષદ્‌નું આવશ્યક અંગ છે. આપણી કેળવણીનું સ્વરાજ્ય આપણને નામનું તો મળી ચૂક્યું છે; પરંતુ એને વાસ્તવિક કરવામાં અત્યારે મ્હોટી મુશ્કેલી આ ખાતા માટે સરકાર પાસેથી નાણાં મેળવવાની છે. એ મેળવવાના માર્ગો પરિષદ્‌ના પ્રદેશની બહાર છે, પરંતુ એના પ્રદેશની અંદર પણ ઘણું કરવાનું બાકી છે. જેટલાં સાધન આપણને પ્રાપ્ત છે તેટલાંનો પણ પૂરેપૂરો ઉપયોગ કરવા માટે પ્રજામાં કેળવણી સંબંધી વિચાર કરનારાં મંડળો હોવાં જોઇએ. મિ. સારજિને કહેલું મને યાદ આવે છે કે—ઇંગ્લાંડમાં દર અઠવાડિયે સ્થળે સ્થળે કેળવણી માટે ઉત્સાહ ધરાવનારાં મંડળો મળે છે, ચર્ચા કરે છે, કેળવણીના વિસ્તાર અને સુધારા માટે ઠરાવો કરે છે, યોજનાઓ ઘડે છે ત્યારે આ દેશમાં તો સઘળું શૂન્યવત્ પડ્યું છે! આપણે આપણા પ્રાન્તમાં કેળવણીના અનેક પ્રયત્નો આરંભ્યા છે, પણ તે હજી પરસ્પર અસૂત્રિત છે. પરિષદ્‌નું કામ એમાં સૂત્ર પરોવવાનું, અને એક મુખ્ય કેળવણી-મંડળ સ્થાપી એ દ્વારા ગૂજરાતીની કેળવણી ઉપર દેખરેખ રાખવાનું અને એના વિસ્તાર તેમ જ ગુણમાં દિન પર દિન સુધારા કરવાનું છે.

ક્ષણવાર વિચારો કે આજકાલ પશ્ચિમમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને સરળ સુબોધ અને રસિક કરવા માટે કેટલા પ્રયત્નો ચાલી રહ્યા છે! કેળવણીના કાર્યમાં પડેલાને જાણીતું છે કે અત્યારે સેંકડો પુસ્તકો જગતના મહાન સાહિત્યને બાલ વિદ્યાર્થીના જીવનમાં ઉતારવા માટે રચવામાં આવે છે. તેમ, વર્તમાન વિજ્ઞાનની પ્રગતિથી પણ તેઓ અજાણ્યાં ન રહે તે માટે કઠિન વિજ્ઞાન પણ સુગ્રાહ્ય રૂપમાં મુકવામાં આવે છે. આ કાર્ય સફળ રીતે કરવા માટે વિદ્વાન લેખકોની તેમજ બાહોશ પ્રકાશકોની જરૂર છે. બીજું: કેળવણી એ શાળાના શિક્ષણને અંતે જ સમાપ્ત થતી નથી એ શિક્ષણશાસ્ત્રનો એક સુવિદિત સિદ્ધાન્ત છે, પણ એ સૂત્રનો અત્યાર સુધી એ જ અર્થ થયો છે કે શાળામાંથી નીકળી મનુષ્ય જીવનમાં પડે છે ત્યારે જીવનરૂપી મહાશાળામાં એનું શિક્ષણ ચાલ્યાં કરે છે. આ સત્ય છે. પરંતુ પશ્ચિમમાં એક બીજા અર્થ ઉપર પણ હવે ધ્યાન દેવાવા લાગ્યું છે તે એ કે જીવનના વ્યવસાયમાં પડ્યા પછી પણ મનુષ્યને આત્મશિક્ષણ માટે કાંઈક રૂપાંતર સાથે શાળા કાયમ રાખવાની જરુર છે. આ 'adult education' નો સિદ્ધાન્ત ગરીબોને જ માટે છે એમ નથી; ધનિકોને પણ શાળા છોડ્યા પછી મૂર્ખ બની જવાનો એટલોજ સંભવ છે. ત્રીજું કૃષ્ણ ભગવાને જેટલા પ્રેમથી ગોપાલ આહીરોને પોતાના માન્યા હતા તેટલાજ પ્રેમથી ગામડાંની વસ્તીની સાથે એકતા કરવાની જરૂર છે. અને તેથી ગામડાંની કેળવણીનો પ્રશ્ન,—એ કેળવણી કેવી હોવી જોઈએ તથા એને કેવી રીતે રોચક તેમજ હિતપ્રદ અને ઉપયોગી કરી શકાય એ પ્રશ્ન—પણ મન લગાડીને વિચારવાનો છે.

૧૨

પરિષદ્‌ના સામાન્ય ઉદ્દેશ સંબંધી સાહિત્યના સમુલ્લાસ માટે જોઈતી વસ્તુસ્થિતિ સંબધી, અને તે તે વિભાગમાં કરવાના કાર્યની દિશા સંબંધી, યથાશક્તિ અને યથાવકાશ મ્હારા વિચારો આપની સમક્ષ મેં મૂક્યા. અંતમાં હવે પૂર્વોક્ત કાર્ય સિદ્ધ કરવા માટે શાં

શાં સાધનોની અપેક્ષા છે એ વિષે બે શબ્દો બોલીને મ્હારૂં નિવેદન સમાપ્ત કરીશ. પરંતુ તે કરતાં પહેલાં આપણા કર્તવ્યપથમાં પડેલી એક બે મુશ્કેલીઓ નોંધવા જેવી છે. ગયા માર્ચ માસના મૉડર્ન રિવ્યુમાં એક સ્થળે હિન્દુસ્થાનની જુદી જુદી ભાષા બોલનારની સંખ્યા આપી છે તેમાં પ્રકૃતમાં ઉપયોગી મ્હોટી ચાર ભાષાના આંકડા આ પ્રમાણે છેઃ—

હિન્દી બોલનારની સંખ્યા			૯૮,૧૧૫,૦૦૦
બંગાળી	,,	,,	૪૯,૨૯૪,૯૦૦
મરાઠી	,,	,,	૧૮,૭૯૮,૦૦૦
ગૂજરાતી	,,	,,	૯,૫૫૨,૦૦૦

અર્થાત્ હિન્દી બોલનારની સંખ્યાનાં પ્રમાણમાં બંગાળી બોલનારની સંખ્યા લગભગ અડધી છે, મરાઠી બોલનારની પૂરી એક પંચમાંશ પણ નથી, અને ગૂજરાતી બોલનારની એક દશાંશ પણ નથી. આ કારણથી અન્ય પ્રાંતોમાં લેખકોને એમના પુસ્તકના વિક્રયથી જે પરિતોષ મળી શકે છે તે આપણે ત્યાં દુર્લભ છે વિશેષમાં આપણે ત્યાં બીજા પ્રાંતો જેવા આર્થિક જવાબદારી માથે લઈને પુસ્તક છાપનારા ('ગૂજરાતી' અને 'સસ્તુ સાહિત્ય' એ બેને ગણીએ તો તે સિવાય) પ્રકાશકો નથી, તેથી મ્હોટે ભાગે ગ્રન્થકર્તાને પોતાને ખર્ચે પોતાને આર્થિક જોખમે જ પુસ્તક છપાવવાં પડે છે, અને તેથી એક પુસ્તકની જાળમાંથી એ મુક્ત ન થાય ત્યાંસુધી એ બીજામાં પડી શકતો નથી. દેખીતી રીતે જૂજ અને હલકું જણાતું આ આર્થિક કારણ વસ્તુતઃ આપણા સાહિત્યના વિકાશમાં એક મ્હોટું પ્રતિબંધક છે. એની સામેના ત્રાજવામાં મૂકી શકીએ એવી બે બાબતો છે. એક તો આપણા પ્રાંતમાં મધ્યમ વર્ગની જનસંખ્યા અન્ય પ્રાન્તોના કરતાં વધારે ધનિક છે, અને બંગાળી બોલનારનાથી અડધી હોઇને પણ હિન્દી કરતાં ચઢીઆતું સાહિત્ય બંગાળા ઉત્પન્ન કરી શક્યું છે તેમ ગૂજરાત પણ ધારે તો કરી શકે. અને પ્રકાશક મંડળની

ખામી પણ આપણી સાહિત્યસંસ્થાઓ જરા ઉદારતાથી કામ કરીને પૂરી શકે. તે માટે આ પ્રતિબંધક કારણથી મૂંઝાઈ ન રહેતાં, આપણી કાર્યસિદ્ધિ માટે શાં શાં સાધનોની અપેક્ષા છે એનો વિચાર કરીએ તો–'श्लोकार्धेन प्रवक्ष्यामि' એ ન્યાયે સઘળો ઉત્તર ત્રણ શબ્દોમાં શમાવી શકાય છે: (૧) માતૃભાષા; (૨) ગૂજરાત યુનિવ્હર્સિટિ; અને (૩) તે તે વિષયનાં મંડળો. આમાં, માતૃભાષા એટલે ગૂજરાતીમાં સારી રીતે લખતાં આવડે, અથવા તો એનો એક સ્વતંત્ર વિષય તરીકે અભ્યાસ થાય, અથવા તો ગૂજરાતીને સંસ્કૃત પ્રત્યે માતૃબુદ્ધિને બદલે સપત્નીબુદ્ધિથી જોતાં શીખવાય એ વિવક્ષિત નથી. વિવક્ષિત એ છે કે જ્યાંસુધી આપણાં વિદ્યાલયો અને છાત્રાલયો ગૂજરાતી ભાષામાં જ ચાલતા ઉચ્ચ શાસ્ત્રના ઊહાપોહથી ગાજે નહિ, ત્યાંસુધી એ ભાષામાં ઉચ્ચ વાઙ્મય ઉત્પન્ન થવાની આશા રાખવી મિથ્યા છે. પરંતુ આ કરવા માટે ગૂજરાતના સ્વતંત્ર વ્યક્તિત્વને પોષે એવી એક યુનિવ્હર્સિટિ ગૂજરાતમાં સ્થાપવાની જરૂર છે. ૧૮૫૭ માં આપણી મુખ્ય યુનિવ્હર્સિટિઓ સ્થપાઈ તે વખતે સર ચાર્લ્સ વૂડે પ્રકટ કરેલી આશા કે ગ્રૅડ્યુએટો પોતાનું જ્ઞાન નીચેના વર્ગમાં ઊતારશે એ અત્યાર સુધી સફળ થઈ નથી તેનું કારણ ગ્રૅડ્યુએટોનો દોષ નથી, પણ યુનિવ્હર્સિટિના શિક્ષણમાં સર્વ શાસ્ત્રના મણિગણમાં માતૃભાષા સૂત્રવત્ પરોવાએલી નથી એ જ છે. રાજા રામમોહનરાય અને મૅકૉલેએ સ્થાપેલી અને સર ચાર્લ્સ વૂડે અભિષિક્ત કરેલી શિક્ષણપ્રણાલી લગભગ સો વર્ષ સુધી એના એ રૂપમાં જ ચાલ્યાં કરે એ જ એની જડતાની પૂરી નિશાની છે: સુભાગ્યે હવે એ પ્રણાલી બદલવા તરફ વિદ્વન્મત વળ્યો છે, અને ગૂજરાત યુનિવ્હર્સિટિ સ્થાપીને ઉચ્ચ શિક્ષણનો નવો યુગ આપણે આરંભીએ તો તે માટે સમય પાકી ચૂક્યો છે.

મુંબઈમાં યુનિવ્હર્સિટિ છે તો પછી ગૂજરાતમાં શા માટે જોઈએ એમ પૂછવામાં આવે તો એનો ઉત્તર બે વર્ષ ઉપર મ્હેં આપ્યો હતો એ જ આજ આપું છું. રાજ્ય—અર્થ—અને મનુષ્ય સંસ્કૃતિનાં

શાસ્ત્રોથી સ્વીકારાએલું આ સત્ય છે કે હરેક પ્રજાની સંસ્કૃતિ સમ-પ્રમાણ વિસ્તરવી જોઈએ. ગામડાં તૂટીને ગામ વસે કે ગામ તૂટીને શહેરો વસે, કે શહેરો તૂટીને રાજધાની જ પરિપુષ્ટ થાય એમાં દેશનું કલ્યાણ નથી. માત્ર સંખ્યાની દૃષ્ટિએ જ એમાં અપૂર્ણતા છે એમ નથી, પણ રાષ્ટ્રદેહના અમુક અમુક અવયવોનો એમાં પક્ષાઘાત છે અને પક્ષાઘાતવાળું રોગી શરીર માત્ર અમુક અવયવ જ રોગી રહીને અટકતું નથી, પણ આખા દેહની તંદુરસ્તીને બગાડે છે, અને પરિણામે એનો વિનાશ કરે છે. ગૂજરાતની બુદ્ધિશક્તિ કે નૈતિક સામર્થ્ય કે ધન-સંપત્તિ બધી મુંબઈમાં જ જઈ વસે એ કદાપિ ઇષ્ટ નથી. ગૂજરાતના દરેક શહેર ગામ અને ગામડામાં આ શક્તિ સામર્થ્ય અને સંપત્તિનું રુધિર ફરતું રહેવું જોઈએ, જેથી એનો લાભ દરેક અવયવને મળતો જ રહે. કેટલાક તરફથી આ સામે વિચારવા લાયક પણ વસ્તુતઃ ઊંડા વિચાર વિનાની એક દલીલ સાંભળશો કે મુંબાઇની કૉલેજમાં ભણવા જવાથી ચાલાકી આવે છે, અને કેટલાક વિદ્યાર્થીઓ જેમનું દુર્ભાગ્ય રજવાડાની સાંકડી ખટપટમાં ઉછરવાનું છે તેમને માટે આ મુક્તિ પણ છે. પણ આવી દલીલ કરનારને પૂછશો કે આ સ્થિતિ શાથી ઉદ્‌ભવી છે? એ દૂર કરવાનું મુખ્ય સાધન એ છે કે મુંબાઇની ઉચ્ચ કેળવણી અને સ્વતંત્રતાનું વાતાવરણ જે મુંબાઈમાં જ ભરી ચૂક્યું છે એનો વિસ્તાર ગૂજરાતના સર્વ ભાગમાં થવો જોઈએ; અને એ જ ખરું જીવન છેઃ રાજધાની એ જ પ્રજા નથી. કૂપમંડૂકવૃત્તિ બેશક ખોટી છે, પણ કુવા અને નદીઓ વિનાનું મનુષ્ય-જીવન કેવું? સાગરથી નદીઓની ગરજ સરે? બલ્કે નદીઓ વિના સાગર કેવો? ગૂજરાત વિના મુંબાઈ પણ તેવું જ. મુંબાઈ માથે ભાર ઘણો છે, એ ભાર ઘટાડો. ગૂજરાત યુનિવ્હર્સિટિ સ્થપાવવા માટે ઘણાં કારણો છે, પણ અન્ય કોઈ પણ કારણ ન હોય તોપણ આ એક કારણ મુંબાઈના હિતખાતર પણ થોડું નથી. મુંબાઈને પોતાને પોતાનું કામ સારી રીતે કરવા દેવું હોય તો એને માથે પડેલા ભારની વ્હેંચણી થઈ જવી જોઈએ. મુંબાઈથી પણ વિશિષ્ટતા વગરની, મુંબાઈની જ

પ્રતિબિમ્બભૂત, ગૂજરાત યુનિવ્હર્સિટિ થાય તો તે પણ મુંબાઈનો ભાર ઘટાડવા માટે ઇષ્ટ છે. જો કે તેવી જ થશે એમ માનવાને કારણ નથી.

અત્યારે પ્રશ્ન યુનિવ્હર્સિટિ માટે જોઈતા ધનનો જ રહ્યો છે અને ધન પણ ગૂજરાતમાં નથી એમ નથી. તેથી ખરો પ્રશ્ન તો ધનનો પણ નહિ કિંતુ ધનને દાનમાં વહેવરાવવાનો જ છે. તે માટે પ્રબળ લોકમત ઉત્પન્ન કરવો, સર ચિમનલાલ જેવા અનુભવી જનોને અગ્રેસર કરવા, અને આપણા ધનિકોને, રાજારજવાડાઓને અને બ્રિટિશ અધિકારીઓને કર્તવ્યપરાયણ કરવા એ કામ પરિષદે વિના વિલંબે ઉપાડી લેવું જોઈએ. પરંતુ એ મ્હોટું કર્તવ્ય કરવામાં ગૂંથાતાં આપણાં ન્હાનાં કર્તવ્ય ભૂલવાં ન જોઈએ. એવું એક ન્હાનું કર્તવ્ય તે વિવિધ જ્ઞાનવર્ધક મંડળોની સ્થાપના છે. આ કાર્ય માટે આપણા અર્વાચીન યુગના પહેલા ખંડના પૂર્વજોની પદ્ધતિમાંથી દાખલો લેવાનો છે. એ જમાનો મંડળસ્થાપનાનો હતો: ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાઇટિ, બુદ્ધિવર્ધક સભા, ફૉર્બ્સસભા વગેરે મંડળ રચીને સહકારની પદ્ધતિએ સાહિત્યસેવા કરવા માટે એણે ઊંડા પાયા નાંખ્યા છે. એ જમાનાએ એના સમયને ઉચિત મંડળો રચવાનાં હતાં. પશ્ચિમની વિદ્યા પૂર્વમાં કેમ ઉતારવી એટલો જ એનો આગળ પ્રશ્ન હતો, વર્તમાન જમાનાનો પ્રશ્ન એ વિદ્યાને પણ અનેક રીતે કસોટીએ ચઢાવી શુદ્ધ કરી અત્રે વસાવવાનો છે, એટલું જ નહિ પણ પ્રાચીન આર્ય સંસ્કૃતિને પણ પૂરો ન્યાય આપવા એણે તત્પર થવાનું છે. તે માટે તત્ત્વચિંતક, ઇતિહાસશોધક, વિજ્ઞાનપ્રચારક, શિક્ષણસુધારક, સાહિત્યસંવર્ધક, કલાપ્રરોચક આદિ અનેક વિષયનાં મંડળો સ્થાપી ગૂજરાતની બુદ્ધિને અને એની ભાષાને ઉચ્ચતર ભૂમિકાએ ચઢાવવાની છે.

આપણી પરિષદ્ એની એક પ્રણાલિકામાં ઘણાં વર્ષો ચાલી. હવે યુગપરિવર્તનનો કાળ આવ્યો છે. અને સઘળી સ્થિતિ એ

પરિવર્તનને અનુકૂળ છે, ક્ષણવાર વર્તમાનને ભેદી ભવિષ્યમાં દૃષ્ટિ નાંખો. ચર્મચક્ષુ સીંચી, પ્રતિભા–ચક્ષુથી આપણો સારસ્વત-ઉદ્યાન નિહાળો. સર્વત્ર વસન્તના વાયુ વાઈ રહ્યા છે, વૃક્ષો નવપલ્લવ થઈ ગયાં છે, આંબે મ્હોર બેઠો છે, ભ્રમરો ગુંજે છે— શ્રદ્ધા રાખો કે થોડા સમયમાં આમ્રફળ પણ આવશે, ડાળો ફળ-ભારથી લચશે, અને વૃક્ષે વૃક્ષે કોયલ ટહુકશે. આ આપણાં સ્વપ્નાં નથી, આપણા સાચા મનોરથ છે, આપણી આશાઓ છે, આ સુંદર આસો માસની શરદ્ પૂનમની સંનિધિમાં વિશ્વના રાસેશ્વર બંસીધરને આપણી પ્રાર્થનાઓ છે.

આ પ્રાર્થના સફળ થાય, પ્રભુના અનુગ્રહના અધિકારી થઈએ તે માટે શું કરીશું? મીરાં પ્રાર્થતી હતી તેમ પ્રભુના બાગના બાગ-વાન થઈશું. ક્યાં નવા રોપ રોપવા, ક્યાં પાણી પાવું, ક્યાં શું ખાતર પૂરવું, ડાળીઓ ક્યાં કેવી વાળવી, કેવી ટેકાવવી, ક્યાં કાતર મૂકવી, કોની કલમ કાપવી, ક્યાં ચોટાડવી ઇત્યાદિ અસંખ્ય વિગતો-વાળી બાગવાનની કલા આપણે શીખીશું અને પ્રયોજીશું.

એ જ્ઞાન અને શક્તિ આપણને પ્રાપ્ત થાય તે માટે સહુ પ્રાર્થના કરીએ કે—

सह वीर्यं करवामहै। तेजस्विनोऽप्यधीतमस्तु मा विद्विषामहै
मा विद्विषामहै
मा विद्विषामहै ॥

शान्तिरस्तु पुष्टिरस्तु आत्मकलासमृद्धिरस्तु ॥
सर्वे मेधाविनः सन्तु सर्वे सन्तु निरामयाः
आत्मज्योतिश्च पश्यन्तु मा कश्चित्तम आप्नुयात् ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

સાહિત્ય-પરિષદ્ (૧ લી)

[જોડણી ચર્ચા]

આપણા પ્રસિદ્ધ વિદ્વાન રા. રા. રમણભાઈ મહીપતરામથી અધિષ્ઠિત "ગૂજરાત સાહિત્ય સભા" નામના એક ન્હાના પણ ઉત્સાહી મંડળના સ્તુત્ય પ્રયાસને પરિણામે અત્રે તા. ૩૦ જૂન તથા તા. ૧-૨ જૂલાઈ એમ ત્રણ દિવસ આખા ગુજરાતના વિદ્વાનોનો મેળાવડો ભરાવાનો છે. તે પ્રસંગે ગુજરાતના સાક્ષરશિરોમણિ રા. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી પોતાના નિવૃત્તિસ્થાન નડિયાદથી અત્રે આવી પ્રમુખસ્થાને બિરાજવાના છે, અને કેટલાક સાક્ષરો તરફથી નીચેના વિષયો ઉપર લેખ વંચાવાના છે:—

(૧) જોડણી
(૨) લિપિ
(૩) લોકકથા
(૪) લોકગીત
(૫) ઇતિહાસ અને સાયન્સનું સાહિત્ય શી રીતે ઉત્પન્ન કરવું.
(૬) સાયન્સની પરિભાષા ગુજરાતીમાં શી રીતે ઉતારવી.
(૭) પ્રાચીન કાવ્યોની ખોળ-શોધન અને પ્રસિદ્ધિ.
(૮) પ્રાચીન શોધખોળ.
(૯) સસ્તું સાહિત્ય.
(૧૦) નાટકો અને રંગભૂમિ.
(૧૧) વાગ્વ્યાપાર.
(૧૨) વર્ણવિધાન: એક નવીન વ્યંજન (Z ને મળતો ઉચ્ચાર).

(૧૩) સાહિત્યની ઉન્નતિનું એક સાધન.
(૧૪) આપણું નવીન કાવ્યસાહિત્ય.
(૧૫) ગુજરાતી સાહિત્યના વિસ્તીર્ણ ઇતિહાસની અગત્ય.

આપણા સાક્ષરમંડળનો આ પહેલો મેળાવડો છે, એટલે હાલ તો પૂર્વોક્ત વિષયની માત્ર પ્રસ્તાવના જેવું જ કાંઈક થઈ શકશે એમ લાગે છે. પણ આ સંબંધમાં હાલના ઉત્સાહને અનુરૂપ ખંત, વ્યવહારકુશળતા અને 'કાંઈક કરવું છે' એવો નિશ્ચય રાખવામાં આવશે તો હવે પછીના મેળાવડામાં ઘણું કાર્ય સિદ્ધ થએલું રજુ કરી શકાશે એમ આશા છે. આવાં જ બીજમાંથી ભવ્ય વૃક્ષો ઉત્પન્ન થયાં છે, અને તેથી ભવિષ્યના સર્વ યશના અધિકારી એવા આ યુવકમંડળને અમારી સૂચના છે કે આજ એમણે "સાક્ષર–પરિષદ્" રૂપી જે મહાપુસ્તકની પ્રસ્તાવના માંડી છે એનાં હવે પછી આવવાનાં વિવિધ પ્રકરણો પણ સારી દૃઢતાથી અને ડહાપણથી રચવાં જેથી ગુજરાતના સાહિત્યને ઘણી ઉપયોગી સેવા થશે.

પૂર્વોક્ત વિષયો ઉપર પરિષદ્માં શી ચર્ચા થાય છે એ જોઈએ. ચર્ચા ઉપર અમારા શા વિચારો છે એ અમે હવે પછીના અંકમાં જણાવીશું. પણ અત્યારે ઉપોદ્ઘાતરૂપે એ સંબંધી થોડુંક શરૂ કરવાની ઈચ્છા રાખીએ છીએ.

૧. જોડણી

પરિષદ્ના કાર્યક્રમમાં પહેલો વિષય જોડણીનો છે. આ અત્યંત વિકટ પ્રશ્ન છે. અને એ સંબન્ધી કાંઈ પણ તાત્કાલિક નિર્ણયો થવા અશક્ય છે. હાલ થઈ શકે એમ છે તે એટલું જ કે આજ સુધીમાં આ વિષય ઉપર સર્વ લેખોનો સંગ્રહ પ્રસિદ્ધ કરવો, સર્વ વાદીઓ અને થોડાક તટસ્થ વિદ્વાનોની એક કમિટી નીમવી, એમણે પુખ્ત વિચાર કરી જોડણી સંબંધી એક "ડ્રાફ્ટ બિલ" એટલે કે ખરડો તૈયાર કરવો, એ બહાર પાડવો, એ ઉપર લોકની ચર્ચા સાંભળવી, અને છેવટે તેની દરેક કલમ ઉપર હવે પછીની પરિષદ્માં વધુ મતે ઠરાવ કરવા,

અને એ ઠરાવ પ્રમાણે પરિષદ્દના સભાસદો વર્તશે એમ આશા રાખવી. ચાલતી અન્ધાધુનીમાંથી કાંઈ પણ વ્યવસ્થા ઉત્પન્ન કરવી હોય તો બહુમાં બહુ આટલું જ થઈ શકે એગ છે. દરમિયાન, આ પ્રશ્નની વર્તમાન સ્થિતિ શી છે, અને એમાંથી ભવિષ્યમાં શું થવાનો સંભવ છે એ વિષે અમારા વિચાર અત્રે ટુંકમાં જણાવીએ છીએ.

સર્વને જાણીતું છે કે આ વિષયમાં હોપવાંચનમાળાના નિયમો એ સૂત્રસ્થાને છે. અને એ ઉપર રા. નવલરામે "જોડણીના નિયમનું અર્થગ્રહણ" એ નામે એક અતિ પ્રૌઢ અને વિચારશીલ વાર્તિક લખેલું છે. દેખાતી રીતે તો એ વાંચનમાળાના નિયમોનું સ્પષ્ટીકરણ જ છે. પણ વસ્તુતઃ એ લેખ આ વિષયના ઇતિહાસમાં એક અમૂલ્ય ગ્રન્થ જેટલી પ્રતિષ્ઠાને યોગ્ય છે. આ લેખમાં શબ્દનાં ઉચ્ચાર અને વ્યુત્પત્તિ એ બે ધોરણ સ્વીકારવામાં આવ્યાં છે, અને ઉચ્ચારને અંગે 'accent' (અમુક સ્વર ઉપર દેવાતો ભાર) અને 'quantity' (માપ)નાં તત્ત્વ પણ એમના સૂક્ષ્મ વિચારમાં આવી ગયાં છે. આ જ સમયમાં નર્મકોશની મુખમુદ્રામાં કવિ નર્મદાશંકરે જોડણી સંબન્ધી નિયમો પ્રસિદ્ધ કર્યા તેમાં ઉચ્ચારને માન આપી અનુનાસિક, હકાર અને ચિહ્નયોજના એ ત્રણ બાબતો ખાસ કરીને સ્વીકારી છે. રા. નવલરામ પછી કેટલેક વર્ષે રા. નરસિંહરાવે-એક ઉત્સાહી અને તે જ ઑફિસર જૂનો તુમાર નિકાલ માટે કઢાવે એમ-આ ચર્ચા ઉપાડી, અને એમાં એમણે લોકની સગવડની તથા ચાલતા વહીવટની દરકાર ન કરતાં સખ્ત કાયદા પ્રમાણે ન્યાય શો છે એનો જ વિચાર કર્યો. રા. નવલરામના વિચારો આજ સુધી કેમ અમલમાં નથી આવ્યા એ માટે આશ્ચર્ય બતાવ્યું, અને જે વિચાર રા. નવલરામે હોપવાંચનમાળાના નિયમોને માન આપતાં આપતાં સંકોચથી પ્રકટ કર્યા હતા તેને વિશેષ ધાર ચઢાવી હોપવાચનમાળાના નિયમોનું ખંડન કરવામાં વાપર્યા. રા. નરસિંહરાવે ઉચ્ચારનું ધોરણ મુખ્ય માન્યું અને વ્યુત્પત્તિ પણ ઉચ્ચારને અનુસરતી જ છે એમ વિગતવાર

સિદ્ધ કરીને વ્યુત્પત્તિનું ધોરણ પણ સ્વીકાર્યું, અને જૂના નિયમોમાં આ બંને તત્ત્વોની કેવી અવગણના થઈ છે એ સવિસ્તાર બતાવ્યું. અને ખાસ કરીને હકાર, યકાર, અને અમુક વર્ણોના બે બે ઉચ્ચાર થાય છે, એ ઉપર ભાર મૂકયો. ત્યાર પછી કેટલેક વર્ષે, પાઠકની અંગ્રેજી—ગુજરાતી ડિક્ષનેરી રચાવા માંડી તે વખતે એ ડિક્ષનેરીના ગુજરાતી શબ્દો માટે રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવે નિયમો રચ્યા. એમાં એમણે રા. નરસિંહરાવ પ્રમાણે એ, ઓ, ડ, ઢ. ઙ, ય, અનુસ્વાર વગેરેના બે બે ઉચ્ચાર તથા હકાર જોડવાની સૂચના પણ સ્વીકારી, અને એક જ વર્ણના ઉચ્ચારભેદ દર્શાવવા માટે ચિહ્નોની જરૂર બતાવી (ચિહ્નભેદની યોજના ડિક્ષનેરી માટે હતી એટલો પ્રસંગ અત્રે યાદ રાખવા જેવો છે.) આ અરસામાં પ્રોફેસર ગજ્જરે "જ્ઞાનમંજૂષા" માટે "કલા ભવનના જોડણીના નિયમ" પ્રસિદ્ધ કર્યા એમાં Accent ('અક્ષરભાર') નું તત્ત્વ અને તજ્જન્ય હ્રસ્વ-દીર્ઘનો નિયમ સ્વીકાર્યો છે, અમુક હકાર માટે એપોસ્ટ્રોફીનું ચિહ્ન દાખલ કર્યું છે (ઉદા. મો'ટું; કા'ડવું), કેટલેક સ્થળે ગુંચવણ નિવારવા તથા રૂઢિને માન આપીને ચાલતી પદ્ધતિ કાયમ રાખી છે (ઉદા. કહે છે; દોરડું; ખાંડણી; ગળણી; વિદ્વાન), કેટલેક ઠેકાણે યૂ વ્નો આગમ દાખલ કરવાની વ્યવસ્થા કરી છે (ઉદા. ખડિયો; પણ સ્ત્રીઓ, કરીએ), તથા અનુસ્વારને બદલે જરૂર પડે ત્યાં અનુનાસિક કબુલ કર્યો છે. પણ એ લેખમાં ખાસ ધ્યાન ખેંચનાર ત્રણ બાબત છે: (૧) 'થએલું' કે 'થયેલું' ને નિષેધીને સૂરતી 'થયલું' 'જોયલું' 'પાયલું' નો સ્વીકાર; અને (૨) બે અક્ષરના શબ્દોમાં પણ દીર્ઘ ઊ (ઉદા. બાજૂ, લાડૂ.) દાખલ કરવાનો વિધિ, તથા (૩) અક્ષરાન્ત્ય અ નહીં બોલવાને લીધે તેની પૂર્વના અક્ષરમાંનો ઊ દીર્ઘ કરવાનો વિધિ (ઉદા. ફૂળ, પૂર.) ત્યાર પછી કેટલેક વર્ષે ગુજરાત વર્નાક્યુલર સોસાયટિએ એક શબ્દસંગ્રહ બહાર પાડયો અને એની જોડણી ઉપર વિદ્વાનોના અભિપ્રાય માગ્યા. એના જવાબમાં

રા. માધવલાલ હરિલાલ દેસાઈએ એક ટિપ્પણ પ્રસિદ્ધ કર્યું અને એમાં 'એ' 'ઓ'ના બે બે ઉચ્ચાર માટે જુદાં ચિહ્નો યોજવાની તથા અનુસ્વાર અને અનુનાસિકના ઉચ્ચારનો ભેદ પણ ટપકું અને વર્તુલાકાર મીંડું એમ જુદાં ચિહ્નોથી દર્શાવવાની ભલામણ કરી. વળી તે વખતે સુદર્શનમાં રા. મણિલાલે પણ એક ટુંકો લેખ લખ્યો, એમાં એમણે ઉચ્ચારવાદની અને નવાં ચિહ્નો યોજવાની સ્હામે મત દર્શાવ્યો, અને જોડણીનો નિર્ણય કરતાં પહેલાં વ્યાકરણ શુદ્ધ કરવાની જરૂર બતાવી એક વિષયની મુશીબત બીજા વિષયમાં ઉતારી. આજ અરસામાં વિવિધ પ્રાન્તજનોના સંગ્રહસ્થાન રૂપ મુંબઈ નગરીના નિવાસી અને 'factum valet'ના તત્ત્વનો નિત્ય પરિચય ધરાવનાર રા. ગોવર્ધનરામ – એમણે જોડણીના નિયમો ઘડ્યા, તેમાં ખાસ મુદ્દા આ હતા :—

(૧) જે જોડણી ગુજરાતના સર્વ પ્રાન્તના ઉચ્ચારથી વિરુદ્ધ હોય તે, અત્યારે દઢ હોય તો પણ ત્યજવી; (૨) જે એકદેશી ઉચ્ચારથી વિરુદ્ધ હોય તે સાક્ષર રૂઢિ પ્રમાણે કરવી; (૩) જે એકદેશી ઉચ્ચારથી વિરુદ્ધ હોય, છતાં જેમાં સાક્ષરરૂઢિ જામેલી ન હોય ત્યાં વિકલ્પ સમજવો; (૪) તત્સમ સિવાયના શબ્દોમાં દીર્ઘ ઈ અને હ્રસ્વ ઉ અને ષકારને સ્થાને શકાર, એમાં કોઈપણ તરેહના તર્ક વિતર્ક કરવા નહિ; અને (૫) હકાર સર્વાનુમતે સંભળાતો હોય તો તે પ્રમાણે લખવો, નહિ તો ચાલતી રીત ચાલવા દેવી. રા. ગોવર્ધનરામ જોડણીમાં વ્યુત્પત્તિવિચાર અસ્થાને ગણે છે, અને એમાં વ્યુત્પત્તિવાદી એમના ઉપર 'આલસ્ય'નો દોષ મૂકે છે તો તે 'આલસ્ય' ને પ્રકૃત વિષયમાં શાસ્ત્રીય અને કર્ત્તવ્ય ગણી ઇષ્ટાપત્તિ જણાવે છે.

ત્યાર પછી હાલમાં રા. કમળાશંકરે શાળાપત્રમાં જોડણી સંબન્ધી કેટલીક મુશીબતો બતાવી છે. તથા 'વાંચનમાળા રિવિઝન કમિટિ'એ કેટલાક નિયમો ઘડ્યા છે. આ નવા નિયમોમાં ક્વચિત

અતિસરલતા ખાતર અને ક્વચિત્ અતિશાસ્ત્રીયતા ખાતર હોપવાંચનમાળાના નિયમો ત્યજવામાં આવ્યા છે. ઘણે ભાગે એ જૂના નિયમોને અવલંબે છે.

આ પ્રમાણે જોડણી પરત્વે વર્તમાન સ્થિતિ છે. એમાં ઉચ્ચાર, વ્યુત્પત્તિ, રૂઢિ, સરળતા, શાસ્ત્રીયતા આદિ અનેક ગ્રહોની અસરો માંહોમાંહ્ય અથડાય છે. સર્વના બલાબલનો વિચાર કરી નિશ્ચયપૂર્વક ભવિષ્ય ભાખી શકે એવો જોશી તો કોઈજ નથી. છતાં એ સર્વે શક્તિઓ ધ્યાનમાં રાખી તર્ક બાંધતાં અમને જે ભવિષ્ય સૂઝે છે તે અત્રે જણાવીએ છીએ. અમને અવકાશ હોત તો દરેક વિષય ઉપર જુદા જુદા વિદ્વાનોના શા શા મત છે એ દૃષ્ટિ નાંખતાં વાર જણાઈ આવે એવું એક પત્રક રચી એ ઉપર વિચાર ચલાવત. પરંતુ આવું પત્રક સાહિત્યસભા ઉપર જણાવેલો લેખસંગ્રહ પ્રસિદ્ધ કરતી વખતે તૈયાર કરશે એમ આશા રાખીએ છીએ. અમે આ સ્થળે સૂત્રસ્થાનીય હોપવાંચનમાળાના નિયમો અને રા. નવલરામનું વાર્તિક એમાંથી થોડાક અગત્યના મુદ્દા લઈ એ ઉપર ચર્ચા કરીશું.

૧. મૂળ શબ્દમાં થોડો જ ફેર થઈ ગયો હોય તો મૂળ રૂપ વાપરવું. ઉદા. 'દાશી' નહિ, પણ 'દાસી;' 'પરમાણે' નહિ, પણ 'પ્રમાણે;' 'મારગ' નહિ, પણ 'માર્ગ'; 'વના' નહિ, પણ 'વિના'.

આ નિયમનો અર્થ નવલરામ એવો કરે છે કે જ્યાં તકરાર હોય એટલે જ્યાં એક ભાગના અથવા એક વર્ગના લોકો એક શબ્દનો ઉચ્ચાર એક રીતે અને બીજા બીજી રીતે કરતા હોય ત્યાં જ આ નિયમ વાપરવાનો છે. બાકી જ્યાં સર્વાનુમતે ફેરફારવાળું રૂપ જ સ્વીકારતું હોય ત્યાં તો તે જ રાખવું. નહિ તો (ઉદા.) 'હુકમ' ને બદલે 'હુકૂમ' લખવાનો પ્રસંગ આવે.

આ નિયમ અને એની મર્યાદા હમેશાં ચળ જ રહેશે. 'વિરોધે त्वनपेक्षं स्यात्' (ઋષિઓએ રચેલી સ્મૃતિઓમાં પરસ્પર વિરોધ પડે ત્યારે શ્રુતિ—જે સ્મૃતિઓનું મૂળ હોઈ જેને બીજા પ્રમાણની

અપેક્ષા નથી—તેનો સ્વીકાર કરવો.) એ મીમાંસાના ન્યાયનો અત્રે યોગ્ય ઉપયોગ થયો છે, અને એનો ઉદ્દેશ વિરોધને પ્રસંગે મૂળ ઉપર જઈ સમાધાન કરવાનો અને એકરૂપતા પ્રાપ્ત કરવાનો છે. પરન્તુ જે લેખકોને પોતાના પ્રાન્તનાં વિકૃત રૂપો માટે ખાસ મમત્વ હશે તેઓ એ રૂપો પકડી રહેશે, અને તેથી પરિણામે આ નિયમ વૈકલ્પિક નીવડી ઉભય રૂપો પ્રવર્ત્યાં કરશે. વળી જેમને મૂળ રૂપનો રાતદિવસનો પરિચય હશે તેમને એ રૂપો કઢંગાં નહિ લાગે, અને પ્રચલિત રૂપોની સાથે એ હરીફાઈમાં ઉતરશે. રા. નવલરામને જે રૂપો નિર્વિવાદ રીતે ત્યાજ્ય લાગતાં હતાં, તે અત્યારે ભાષામાં દાખલ થઈ ગયાં છે. જેમકે—માલિક, યવ, જાતિ, કાલ, બલ, ક્ષાર વગેરે. ધ્યાનમાં રાખવાનું કે આ નિયમ સર્વત્ર સરખી રીતે લાગુ પાડવામાં આવે એમ પણ સંભવતું નથી. મોચીને આપવાનું તે જોડાનું 'પરમાણુ'જ કહેવાશે; ('પ્રમાણુ' કે 'પ્રમાણ' નહિ) અને 'ઘરુણી' શબ્દમાં પૂરતો ફેરફાર કરી મૂળનું 'ગૃહિણી' જ વપરાશે.

૨. અસલ (મૂળ) અને ચાલતા ઉચ્ચારમાં ઘણો ફેર હોય તો ચાલતા ઉચ્ચાર પ્રમાણે શબ્દ લખવા.

રા. નવલરામ કહે છે કે આનો અર્થ એવો ન કરવો કે સર્વત્ર 'અચરજ' શબ્દ વાપરવો અને 'આશ્ચર્ય' ન જ વાપરવો. વાંચનમાળામાં સરળતા જોઈએ એ ઉદ્દેશથી શબ્દ પસન્દગી માટે આ નિયમ છે, ખરૂં જોતાં જોડણીનો આ નિયમ નથી એટલે પરિણામે આ નિયમ વૈકલ્પિક જ રહેશે. 'નાચ' પણ લખાય અને 'નૃત્ય' પણ લખાય; તે જ પ્રમાણે 'સૂરજ' અને 'સૂર્ય' ઈત્યાદિ. ભાષાનું હાલનું વલણ સર્વથા 'ઘરગથ્થુ' કે સંસ્કૃતમયી શૈલી તરફ નથી, અને તેથી આ નિયમ પણ વૈકલ્પિક જ રહેશે. અને વિવેકી લેખકોમાં એ વિકલ્પ પ્રસંગની ગંભીરતા આદિના ઔચિત્યવિચારથી નિયમાશે; સામાન્ય પ્રસંગે વિકૃત રૂપ ઠીક લાગે અને મૂળનું સ્વરૂપ ચાંપલું લાગે, અને જ્યાં પ્રૌઢ વાણીનું પ્રયોજન હોય ત્યાં કેટલીક વાર મૂળ સંસ્કૃત રૂપ વાપરવાથી જ અર્થ સરે.

૩. શુદ્ધ સંસ્કૃત કે ફારસી શબ્દ આવે તે અસલ પ્રમાણે લખવા જેમકે, સૂક્ષ્મદર્શક, દૂરબીન.

અત્રે નવલરામ પ્રશ્ન ઉઠાવે છે કે અસલ જોડણી પ્રમાણે કે અસલ ઉચ્ચાર પ્રમાણે ? જોડણી અને ઉચ્ચાર વચ્ચે સંસ્કૃતમાં ભેદ પડતો નથી એ સુપ્રસિદ્ધ છે, અને ફારસીમાં પણ 'લિપિના નિયમ ચોખ્ખા છે અને તે બરાબર ઉચ્ચારને અનુસરતા છે' એમ રા. નવલરામ કહે છે. એટલે એમણે ઉઠાવેલી શંકા માત્ર અંગ્રેજી શબ્દોને જ લાગુ પડે છે અને એ સંબન્ધમાં એ એવો નિર્ણય કરે છે કે ત્યાં 'ઉચ્ચાર પ્રમાણે લખવું.' અત્રે એટલું ઉમેરવું જોઈએ કે આ નિયમનો આશય એવો નથી કે 'કલાક' ને બદલે 'કલૅાક' લખવું. એટલે આ નિયમ પણ કેટલેક દરજ્જે લોકમત ઉપર જ આધાર રાખશે. વળી આ નિયમ પ્રમાણે 'વિદ્વાન્' બુદ્ધિમાન્ 'જગત્' વગેરે શબ્દો હલન્ત (વ્યંજનાન્ત) લખવા જોઈએ. પણ એ બાબતમાં બૂક કમિટિનો ઠરાવ એવો છે કે "વ્યંજનાન્ત શબ્દો શુદ્ધરૂપે બોલાતા હોય, તો એ તેમાં 'અ' મેળવીને જ લખવા—જેમકે વિદ્વાન ઇત્યાદિ." આ રીતે લખવાની તરફેણમાં એક દલીલ એ છે કે 'દેવ' 'રામ' આદિ શબ્દો અજન્ત (સ્વરાન્ત) છતાં ગુજરાતીમાં હલન્ત જેવા ઉચ્ચારાય છે તેજ રીતે 'જગત' અને 'વિદ્વાન' લખ્યા છતાં ઉચ્ચાર 'જગત્' અને 'વિદ્વાન્' એ પ્રમાણે એની મેળે થવાનો તો પછી છેવટે ખોડો અક્ષર લખવાની ગુંચવણ શા માટે પેદા કરવી ! આના ઉત્તરમાં રા. નવલરામ ભવિષ્ય એવું બતાવે છે કે "હવે પછીના લોકો આ ધારણા કબુલ કરશે કે નહિ એ શક ભરેલું છે. વ્યુત્પત્તિજ્ઞાન દેશમાં દિન પર દિન વધતું જાય છે, અને વખતનું વલણ શુદ્ધ સંસ્કૃત શબ્દો લખવા તરફ સ્પષ્ટ જણાય છે."

શુદ્ધ સંસ્કૃત કે ફારસી શબ્દ આવે તો તેને અસલ ઉચ્ચાર મુજબ લખવાનો આગ્રહ બરાબર છે. એક સારો કોષ રચી એમાં આ શબ્દોના અસલ ઉચ્ચાર આપવામાં આવે અને એ કોષ લોકમાં

સારી પ્રસિદ્ધિ પામે તો આ નિયમ પળાવાનો સંભવ પણ છે. પરંતુ તેમ થતા પહેલાં શુદ્ધ સંસ્કૃત કે શુદ્ધ ફારસી ઉચ્ચાર શો છે એ સંબન્ધી સામાન્ય વાચક કે લેખક વર્ગને જ્ઞાન હોવું અશક્ય છે. અને તેથી આ નિયમ સંપૂર્ણ રીતે અમલમાં આવે એમ લાગતું નથી. કદાચ આ નિયમનો અર્થ એવો કરવામાં આવે કે ગુજરાતીમાં અસલના જે શુદ્ધ રૂપો ઉચ્ચરાતાં હોય તેને માટે જ આ નિયમ છે. પણ આમ અર્થ લેવાથી આ નિયમ અકિંચિત્કર–નિષ્પ્રયોજન–થઈ જાય છે, કારણ કે ગુજરાતીમાં અસલના જ ઉચ્ચાર કાયમ છે તો લખવામાં બીજાં રૂપો આવવાનું પ્રાપ્ત જ થતું નથી. સંસ્કૃતનો અભ્યાસ દિન પર દિન વધતાં 'વિદ્વાન્' એવી હલન્ત જોડણીનો વિજય થશે એમ નવલરામ ધારે છે. પણ સંસ્કૃતનો અભ્યાસ વધ્યા છતાં આવી જોડણી સ્હામે એક દલીલ ઉભી રહે છે. વાંધો એવો છે કે 'વિદ્વાન' 'મહાન' વગેરે શબ્દો મૂળ સંસ્કૃત છે, પણ તે જ ગુજરાતીમાં દાખલ થઈ ગુજરાતી થઈ ગયા છે, સંસ્કૃત રહ્યા નથી: અને તેથી એમને મૂળરૂપ માનવા એ ઉચ્ચારસાદૃશ્યથી ઉત્પન્ન થતો ભ્રમ છે. 'વિદ્વાન બાઈ' એ પ્રયોગ 'વિદ્વાન્' (પુલ્લિંગ પ્રથમાન્ત એકવચન) શબ્દને સંસ્કૃત ગણતાં ઘણો કઢંગો લાગવો જોઈએ, અને 'વિદુષી બાઈ' એવો પ્રયોગ પ્રચલિત થવા લાગ્યો છે તેનું બીજ પણ આ જ છે. છતાં હજી પણ "એ બાઈ ઘણી વિદ્વાન છે" એમ સર્વત્ર બોલાય છે. અને 'મહાન સ્ત્રીઓ' એ પ્રયોગ મટી હજી 'મહતી સ્ત્રીઓ' એવો પ્રયોગ શરૂ થયો નથી. આનું કારણ 'વિદ્વાન' 'મહાન' આદિ શબ્દોનું ગુજરાતીપણું છે. અને તે છેલ્લો અક્ષર ખોડો ન કરીને જણાવી શકાય છે. 'જગત્ ક્ષણભંગુર છે' એ સ્થળે 'જગત' લખો તો પણ ઠીક છે; સંસ્કૃત આકાર ('જગત્') રાખતાં પણ કાંઈ વિચિત્રતા ઉત્પન્ન થતી નથી. 'કદાચિત્' 'અર્થાત્' વગેરે શબ્દો–જેનો સંસ્કૃત ગંધ હજી ગયો નથી–તેમાં 'ત્' (છેલ્લો વર્ણ) ખોડો કરવો જ જોઈએ. જતે દહાડે એ શબ્દો ઘણા રૂઢ થઈ જશે તોપણ એક વખત

દાખલ થએલો 'ત્' ખોડો લખવાનો રિવાજ ફરવાનો નથી. ગુજરાતીમાં એટલે અંશે 'હલન્ત' શબ્દ (છેડે ખોડા અક્ષરવાળા શબ્દ)નું નવું તત્ત્વ દાખલ થયું ગણાશે. હાલમાં આ વિષયમાં આમ બે પક્ષો પ્રવર્તે છે, અને સંસ્કૃતનો અભ્યાસ વધ્યા છતાં પણ 'મહાન' 'વિદ્વાન' આદિ શબ્દોમાં છેલ્લો 'ન' ખોડો જ લખાશે એમ નિશ્ચય થતો નથી; ઉલટું, સંસ્કૃતનો અભ્યાસ, ખોડા નકારવાળો 'મહાન્' શબ્દ જોતાં જ, એના સંસ્કૃત ધર્મનું ઉત્કટ રીતે ભાન કરાવે છે; અને એની સાથે બહુવચન કે સ્ત્રીલિંગનું વિશેષ્ય પ્રયોજતાં આંચકો ખવરાવે છે.

૪. 'ગૂજરાતી શબ્દો ગૂજરાતના ઘણા ભાગમાં જે પ્રમાણે બોલાતા હોય તે પ્રમાણે લખવા.'

રા. નવલરામ સ્પષ્ટીકરણ કરે છે કે 'ગૂજરાતી' એટલે 'ઘણા ફેરફાર થએલા શબ્દો.' શુદ્ધ સંસ્કૃત નહિ, અને થોડા ફેરફારવાળા સંસ્કૃત જેને મૂળરૂપે લખવાનું પહેલા નિયમમાં કહ્યું છે તે પણ નહિ.

આમ વધુ મતને જોડણીનો નિયામક કરી એકરૂપતા સાધવા યત્ન કર્યો છે. પણ જ્યાં વધુમતને માન આપી પ્રાન્તિક ઉચ્ચારથી સ્વતંત્ર અને સર્વત્ર એકાકાર એવી સાક્ષર રૂઢિ સ્થપાઈ નથી, ત્યાં ઉચ્ચારમાં અને તેથી જોડણીમાં વિકલ્પ જ ચાલવાનો. રા. ગોવર્ધનરામે પોતાના નિયમોમાં આ સત્ય સ્વીકાર્યું છે.

૫. "કહે, રહે વગેરે હકારવાળા ધાતુઓ આવે ત્યારે પાછલા અક્ષર સાથે હ ને ન જોડી દેવો."

આ મૂળ નિયમ નથી, પણ મૂળ નિયમને અર્થરહિત બતાવી તેને સ્થાને રા. નવલરામે રચેલો નિયમ છે. રા. નવલરામ પોતે આમ 'હ' છૂટો પાડવાનું પસન્દ નથી કરતા. રા. નરસિંહરાવ, ગોવર્ધનરામ અને કેશવલાલ પણ 'હ' જોડવાની તરફેણમાં છે. 'હ' છૂટો પાડવાના પક્ષમાં એક કારણ એ છે કે મૂળ વ્યુત્પત્તિમાં (कथ्=कह्માં)

'હ' છૂટો છે. પણ વ્યુત્પત્તિમાં છૂટો છે માટે ગુજરાતી શબ્દ સ્વરૂપમાં પણ સર્વત્ર છૂટો જ રહેવો જોઈએ એ આવશ્યકતા સર્વ સ્વીકારે એવી નથી. 'હ' જળવાઈ રહે છે એટલું જ તેઓને મતે બસ છે. પણ, આ "હ" છૂટો પાડવાની તરફેણમાં બીજું મોટું કારણ એ છે કે, 'કહ્યુ' 'કહીએ' વગેરે રૂપાખ્યાનમાં 'હ' છૂટો પડે છે–એટલે કેટલાંક રૂપ 'ક્' સાથે 'હ્' જોડીને, તો કેટલાંક એને છૂટો પાડીને કરવાં પડશે. એટલે આ સંબન્ધી વ્યાકરણમાં એક ગુંચવણ ઉમેરવી પડશે. પણ રા. નવલરામ પાણિનિ જેટલા ઉત્સાહથી કહે છે કે–"સંસ્કૃત ભાષાના રૂપાખ્યાનમાં આટલું બધું અનિયમિતપણું છે તે છતાં તેના વ્યાકરણકારો થાક્યા નહિ તો આપણે આટલી હરકતથી કેમ ડરી જવું જોઈએ ?"

રા. નવલરામનો ઉત્સાહ સ્તુત્ય છે, ગુજરાતી ભાષાના વ્યાકરણ માટે પાણિનિનો દાખલો કેવી રીતે લેવો ઘટે છે એ અમે આગળ જણાવીશું, અત્રે તો એટલું જ કહીએ છીએ કે ગુજરાતી ભાષાનું વ્યકરણ આવા અટપટા નિયમો ભરીને કઠિન કરવું એ ગુજરાતી ભાષાના લાક્ષણિક સ્વરૂપથી ઘણાને ઉલટું લાગે છે. સંસ્કૃતમાંથી પ્રાકૃત આદિ ભાષાઓ ઉત્પન્ન થઈ એ સંસ્કૃતને વધારે શાસ્ત્રીય કરવાના પ્રયત્નમાંથી ઉત્પન્ન થઈ નથી, પણ સંસ્કૃત નિયમો ન સહન થવાથી ઉપજેલી છે. સરળતા તરફ વલણ એ એ ભાષાઓનું ખાસ લક્ષણ છે. કદાચ એમ કહેવામાં આવશે કે ગુજરાતી ભાષાનું નિમ્નગામી વહન પૂરૂં થયું, અને હવે સમય એની ઉત્ક્રાન્તિનો અને તેથી વિવિધ નિયમોની સંકુલતાનો છે. પરંતુ અમને તો હાલની ગુજરાતી ભાષાના સ્વરૂપનું આ યથાર્થ ગ્રહણ લાગતું નથી. આપણી વર્તમાન ભષાનું ઉત્ક્રાન્તિ તરફ વલણ છે એ ખરી વાત; પણ એ ઉત્ક્રાન્તિ શબ્દોની સંખ્યામાં, એમની વાક્યરચનામાં, તથા એમાં પ્રતીત થતા પ્રૌઢત્વ સૌકુમાર્ય આદિ ગુણોમાં ઇત્યાદિમાં દેખાવ દે છે. વ્યાકરણમાં અધિક કડાકૂટ દાખલ કરવી એમાં ગુજરાતી ભાષાનો

ઉત્કર્ષ મનાય એવો સંભવ જણાતો નથી. પૂર્વોક્ત મુશીબતમાંથી નીકળવા માટે. 'કહે છે' અને 'કહીએ' એમ રૂપાખ્યાનમાં 'ક્હ્' અને 'ક્' એમ બે રૂપ સ્વીકારવાં ન પડે તે માટે-કેટલાક 'ક્હે છે' અને 'ક્હઈએ' 'ર્હે છે' અને 'ર્હઇએ' એમ સર્વ રૂપોમાં 'ક્' કે 'ર્' સાથે 'હ્' જોડવાની સૂચના કરે છે. આ યોજનાથી સર્વત્ર એકરૂપતા આવશે. પણ સર્વ સુધારકો એ ઉપર એકમત થશે? વળી ક્ કે 'ર્' સાથે 'હ્' જોડેલો બતાવવો કઠણ છે. લખવામાં એ સૂક્ષ્મતા જળવાવાનો સંભવ નથી. અને પગલે પગલે ખોડા અક્ષરનું ચિહ્ન (~) સ્વીકારાય કે નર્મદાશંકરની માફક નીચે નુકતો મુકીને 'કે છે' લખવાની રીત દાખલ થાય એ પણ અસંભવિત લાગે છે. ઉચ્ચારમાં સ્પષ્ટ સંભળાતા 'હ'ને નેત્રગોચર કરવાને બદલે માત્ર એક નુક્તાની નિશાની કરીને લેખક સંતોષ માનશે? અમને તો આ સંભવ દૂરાપાસ્ત લાગે છે. જેઓ ગુજરાતીમાં ઉચ્ચાર પ્રમાણે જ લેખન માગે છે તેમને બેશક 'કહે છે' માં 'ક અને હ' છૂટા પડેલા જોઈ કંપારો આવે, પણ ઉચ્ચાર અને લેખનનો વિસંવાદ ઘણી વાર નજરે પડતો હોવાથી લોકની આંખ એ વિષમતા પ્રત્યે ટેવાઈ ગઈ છે, અને જ્યાંસુધી કોઈ વિદ્વાન ઉચ્ચાર અને લેખનનું સર્વત્ર મળતાપણું કરી ન આપે ત્યાં સુધી ચાલુ માર્ગમાંથી ખસવાને લોકને પૂરતું કારણ રહેતું નથી. અને તેથી લાગે છે કે ભવિષ્યમાં આ સંબન્ધી વિકલ્પ જ ચાલવાનો બલ્કે ઘણે ભાગે ચાલુ પદ્ધતિ જ ('ક' અને 'હ' જુદા લખવાની) કાયમ રહેવાની.

૬. હવે આપણે 'ઇ'-'ઉ' સંબન્ધી મહાચર્ચાનું અવલોકન કરીએ,

"ઉ પ્રત્યયમાં ઉકાર બધે ઠેકાણે હ્રસ્વ જ છે" એ ગ. નવલરામે રચેલા નિયમમાં કોઈને વાંધો તથી: જેમકે, હું, તું, રાયતું, વાંચવું ઇત્યાદિ.

"શબ્દના છેડાનો ઈકાર દીર્ઘ અને ઉકાર હ્રસ્વ લખવા, પણ એકાક્ષરી શબ્દમાંનો ઉકાર દીર્ઘ લખાય છે."

જેઓ સરળતા ખાતર ગુજરાતી (પૂર્વોક્ત અર્થમાં ગુજરાતી) શબ્દોમાં સર્વત્ર દીર્ઘ 'ઈ' અને હ્રસ્વ 'ઉ' ઇચ્છે છે, તેમને આ નિયમનો પૂર્વાર્ધ અનુકૂલ છે. 'તેમ જ ઘણા ઈકારાન્ત શબ્દમાં વ્યુત્પત્તિ તરફ જોતાં ઈ દીર્ઘ જ છે' એમ નવલરામ કહે છે. એટલે આ બાબતમાં કોઈ પક્ષનો વિવાદ રહેતો નથી. પણ શબ્દને છેડે ઉકાર હ્રસ્વ લખવાનો આ નિયમ કલાભવનને ગ્રાહ્ય નથી- એની નિયમાવલિમાં 'બાજૂ' 'લાડૂ' એમ દીર્ઘ ઊ લખવાનો જ વિધિ છે. ઉત્તરાર્ધ અપવાદ રૂપે છે. એમાંના (એકાક્ષરી શબ્દોમાંના) 'કેટલાંએક શબ્દોમાં, રા. નવલરામ જણાવે છે કે, 'વ્યુત્પત્તિ પ્રમાણે ઊ દીર્ઘ જ છે, અને વળી તેઓ પ્રથમ અક્ષર હોવાને લીધે તેના ઉપર જે ભાર આવે છે તેથી બોલવામાં પણ દીર્ઘ જેવા જ સંભળાય છે' આ રીતે અપવાદને વ્યુત્પત્તિ અને ઉચ્ચારનો આધાર છે. પણ જ્યાં ઉચ્ચાર સંદિગ્ધ હોય અને વ્યુત્પત્તિ જડે નહિ ત્યાં શું કરવું? બીજા ઉકારાન્ત એકાક્ષરી શબ્દોની માફક, ત્યાં પણ 'ઊ' દીર્ઘ કરવું કે, સામાન્ય નિયમ ઉપર જઈ ઉ હ્રસ્વ રાખવું? આવી મુશ્કેલીઓમાંથી બચવા સરળતાવાદી સર્વત્ર હ્રસ્વ 'ઉ'નો ઉપદેશ કરે છે; અને ઉચ્ચાર અને વ્યુત્પત્તિને માન આપનાર દીર્ઘ 'ઊ' પસંદ કરે છે. જ્યાં ઉચ્ચારમાં દીર્ઘતા સ્પષ્ટ છે ત્યાં સરળતાવાદી કૃત્રિમતા (સરળતા ખાતર, સકારણ કૃત્રિમતા એમ કબૂલ કરવાને બાધ નથી) ધારણ કર્યા વિના હ્રસ્વ 'ઉ' લખી શકાશે નહિ. અને ઉચ્ચાર ઘણી વાર સંદિગ્ધ હોય અને વ્યુત્પત્તિ જડે નહિ તેવે પ્રસંગે સરળતાવાદીને વિજય સહજ છે. આવા શાશ્વત વિરોધમાંથી પરિણામ શું થશે એ જોવાનું છે. પ્રથમ દૃષ્ટિએ સરળતાવાદનો વિજય નક્કી લાગે છે, પણ જરા ઊંડો વિચાર કરતાં જણાય છે કે સરળતા પણ જ્યાં કૃત્રિમ હોય ત્યાં તે અસરળ—એટલે કે કઠિન—થઈ પડે છે—અને સરળતાની

ઉચ્ચાર ન કરતાં ઉચ્ચાર પોતાનું પ્રતિબિમ્બ લેખનમાં પાડી લે છે.

અત્રે એક બાબત નોંધવા જેવી છે. દીર્ઘ ઈ સંબંધી આ વિધિ પૂર્વે જણાવ્યું છે તેમ માત્ર ઘણા ફેરફારવાળા ગુજરાતી શબ્દોને જ લાગુ પાડવો જોઈએ. છતાં-રિવિઝન કમિટિએ હરિ મણિ શાન્તિ આદિ સ્ત્રીઓનાં વિશેષ નામો દીર્ઘ ઈથી લખવાં એમ ઠરાવ કર્યો છે પુલ્લિંગ હરિ મણિ વગેરે શબ્દોને સ્ત્રીલિંગ ગણતાં કઢંગું લાગે છે, તેથી એમને ગુજરાતી આકાર આપવો એમ કમિટિનો આશય હશે. પણ હ્રસ્વ ઇકાર સ્ત્રીલિંગમાં ચાલે છે એમ વિચાર કરી મૂળ સંસ્કૃત રૂપોને જ ગુજરાતીમાં નભાવી લીધાં હોત તો ચાલી શકત. રિવિઝન કમિટિનો આ નવો નિયમ અકારણ નથી, પણ તે ચાલતા રિવાજને ઉથલાવી શકે એમ લાગતું નથી.

"શબ્દને છેડે નહિ આવ્યા હોય એવા ઈકાર કે ઉકાર લખવાનો નિયમ એ છે, કે જો તેની પછી લઘુ અક્ષર આવે તો દીર્ઘ અને ગુરુ અક્ષર આવે તો લઘુ લખવા; પણ બે અક્ષરના શબ્દમાં પછીનો અક્ષર ગુરુ હોય તોપણ એ ઘણું કરીને દીર્ઘ જ લખાય છે." ઉદા, દૂધ, રીસ; દુધાળું; રિશાળ; મૂક; ચૂનો.

આ નિયમને રા. નવલરામ ઉચ્ચારણનો "સ્વાભાવિક નિયમ" કહે છેઃ સ્વાભાવિક એટલા માટે કે બોલનાર પોતાની મેળે એક ઉચ્ચારણ લઘુ હોય છે તો બીજાને ગુરુ કરે છે. અને એક ગુરુ હોય છે તો બીજાને લઘુ કરે છે. અને આ છેવટે આપેલો અપવાદ (ઉદા. ચૂનો) "વ્યુત્પત્તિ ઉપર નજર રાખીને કહાડ્યો હશે" એમ કહે છે પણ છેવટે નિયમની એકરૂપતા ખાતર "તકરારી ઉપવાક્ય જ મૂકી દેવું અને સઘળે ઠેકાણે એ નિયમને લાગુ પાડવો." એમ સૂચના કરે છે. ઉપરનો નિયમ "accent (ભાર) અને "quantity" (માપ) ના તત્ત્વ ઉપર રચાએલો છે અને ગુજરાતી ભાષામાં આ તત્ત્વ સ્વીકારાય છે એમાં પણ સંશય નથી. જ્યાં સુધી એ ભાષા ઘણે ભાગે માત્ર બોલાતી જ અને લખવાનું આજના

એટલું નહોતું, તેમ જ જ્યાંસુધી ઉચ્ચારનું સ્વરૂપ સ્વાભાવિક રીતે ઘડાયાં જતું અને એ તરફ પાછી ડોક ફેરવીને જોવામાં આવતું નહિ, ત્યાંસુધી "accent"નું તત્ત્વ નિશ્ચલ હતું. પણ આજ તો હવે, ઉચ્ચાર પ્રમાણે જોડણી થાય છે એટલું જ નહિ પણ, લખેલી જોડણી ઉચ્ચાર ઉપર અસર કરે છે, અને ઉચ્ચાર તપાસવા જતાં જ સન્દેહમાં પડી જવાય છે કે—આ ઈ–ઉ હ્રસ્વ બોલાય છે કે દીર્ઘ ? આ વસ્તુસ્થિતિ ધ્યાનમાં લેતાં, પૂર્વોક્ત નિયમને સિદ્ધ કરવો કઠિન છે. આ નિયમ જોડણીમાં બરાબર પળાશે તો તદનુસાર ભવિષ્યમાં ઉચ્ચાર થયાં જશે-પણ અત્યારે કેવળ ઉચ્ચારને આધારે એનું સમર્થન કરવું અશક્ય છે. આ નિયમના એક ભાગનું બીજ વ્યુત્પત્તિમાં છે (ઉદા. દુગ્ધ=દૂધ) એમ બતાવવામાં આવે તો એ દલીલ વાજબી છે અને તદનુસાર ઉચ્ચાર થાય છે વા થવા જોઇએ એમ કહેવામાં બાધ નથી. પણ આ નિયમના બીજા ભાગમાં (ઉદા. રિસાળ) વ્યુત્પત્તિનું નહિ, પણ ભાર અને માપનું—એટલે કે ઉચ્ચારનું —ધોરણ આવે છે. અમને લાગે છે કે આ સ્થળે ઉચ્ચારાનુસાર લખવાનું ધોરણ ઉપયોગી થાય એમ નથી; એ ધોરણ સ્વીકારતાં, આ વર્ગના દરેક શબ્દની એક સર્વસંમત જોડણી સ્થાપવી અશક્ય છે. ઉચ્ચારને જ આધારે ઈ ઈ- ઉ હ્રસ્વ તો કોઈ દીર્ઘ, લખશે. અત્રે એકલું વ્યુત્પત્તિનું ધોરણ લેવાથી સર્વસંમત જોડણી કરી શકાય, પણ વ્યુત્પત્તિ પણ બધા શબ્દની હાથ લાગવી મુશ્કેલ છે. એટલે કેટલેક ભાગે તો ઉચ્ચારનો જ આધાર લઈ ત્યાં-ઉચ્ચાર પ્રમાણે જ-એટલે જુદા જુદા ઉચ્ચાર લાગતા હોય તો જુદી જુદી રીતે લખવાનું રહેશે. જે શબ્દમાં ઇ-ઉનું રૂપ વ્યુત્પત્તિથી નક્કી થઈ શકે એમ છે, ત્યાં વ્યુત્પત્તિનું ધોરણ સ્વીકારવું, અને એટલે દરજ્જે સર્વસંમત એકરૂપતા પ્રાપ્ત કરવી. આ બની શકે એમ છે. પણ તે એટલા થોડા અંશમાં કે રા ગોવર્ધનરામ વ્યુત્પત્તિની માથાકૂટ મૂકી દઈ, સર્વત્ર દીર્ઘ ઈ અને હ્રસ્વ ઉ એવી સરળ વ્યવસ્થા સ્વીકારવાનું

ઉપદેશે છે. આ રીતે પ્રકૃત વિષયમાં ત્રણ ધોરણની હરીફાઈ ચાલે છેઃ—

(૧) કેવળ ઉચ્ચારણનું ધોરણ; એનું ભવિષ્ય અવ્યવસ્થા.

(૨) વ્યુત્પત્તિ જોઈને લખવું. પણ વ્યુત્પત્તિ બધે મળવી મુશ્કેલ, એટલે બાકીને સ્થળે ભવિષ્યમાં અવ્યવસ્થા જ.

(૩) સર્વત્ર દીર્ઘ ઈ અને હ્રસ્વ ઉ–એવો વ્યુપત્તિ અને ઉચ્ચાર ઉભયથી સ્વતંત્ર એવો એ કૃત્રિમ–સરલતા અને એકરૂપતા ખાતર ઉત્પન્ન કરેલો એટલા અર્થમાં કૃત્રિમ–નિયમ. આના પરિણામમાં વ્યવસ્થા ખરી, પણ ઘણીવાર ઉચ્ચાર અને વ્યુત્પત્તિ ઉભયને અવગણીને. આ બાબતમાં વાજબી એ દેખાય છે કે જ્યાં વ્યુત્પત્તિ સ્પષ્ટ છે ત્યાં એને માન આપવું, અને અન્યત્ર રા. ગોવર્ધનરામનું "શાસ્ત્રીય આલસ્ય" પ્રવર્તવા દેવું. રા. ગોવર્ધનરામ આટલો પણ વિરોધ નહિ સહન કરે. અને જોડણી (વર્તમાન) ની બાબતમાં વ્યુત્પત્તિ (ભૂત) નો વિચાર સર્વથા અસ્થાને છે એમ કહે છે પણ આ ઈવોલ્યૂશનવાદના યુગમાં જ્યારે મનુષ્યની ઉત્પત્તિ વિષેનો વિચાર મનુષ્યના સ્વરૂપનો નિર્ણય કરવામાં કામે લગાડાય છે, તે વખતે ભૂત અને વર્તમાનને તદ્દન અલગ રાખવાની રા. ગોવર્ધનરામની સલાહ સર્વથા કેમ માન્ય થશે એ સમજાતું નથી. કેટલાક તત્ત્વચિન્તકોની માફક રા. ગોવર્ધનરામ એમ માનશે કે–ઉત્પત્તિ ઉપરથી વર્તમાન સ્વરૂપ વિષે વિચાર કરવો એ ભૂલભરેલી પદ્ધતિ છે. પરંતુ એ પદ્ધતિ મનુષ્યવિચારમાં રૂઢ છે એ સ્પષ્ટ છે, તો પછી રા. ગોવર્ધનરામ જેઓ પ્રકૃત વિષયમાં વસ્તુસ્થિતિને માન આપે છે, અને ઈષ્ટાર્થવાદી છે. તેમનાથી એ પદ્ધતિની તદ્દન અવગણના કેમ થઈ શકશે?

વળી બીજો મહાચર્ચાનો વિષય નીચેનો નિયમ છેઃ-

૭. "મૂળ શબ્દ ઉપર પ્રત્યય અથવા સામાસિક શબ્દ આવેથી તેની મૂળ જોડણીમાં કોઈ નિયમને અનુસરી ફેર પડવા દેવો નહિ; પણ ઈકારાન્ત શબ્દની પછી સ્વર પ્રત્યય આવે તો તે "ઈ" ને મરજીમાં આવે તો હ્રસ્વ કરીને જોડેના સ્વરમાં "ય" ઉમેરાઈ શકે

અને તેમ જ "સ" માં "ઈ" કે "ય" મળતો હોય ત્યાં તેને ઠેકાણે "શ" થાય છે." ઉદા. ગાડીવાન; નદીઓ અથવા નદિયો; માશી; પીરસ્યું.

"પહેલા ભાગમાં તેના બે અપવાદ બતાવ્યા છે." નવી વાંચનમાળાની જોડણી કમિટિએ આ બંને અપવાદો રદ કર્યા છે.

પહેલો અપવાદઃ— નદીઓ અથવા નદિયો. રા. નવલરામ નદિયો રૂપ વધારે પસન્દ કરે છે અને એના સમર્થનમાં લખે છે કે "ઉચ્ચારમાં ઈ બેશક હ્રસ્વ થઈ જાય છે. અને તેની ખાત્રી કરવી હોય તો કવિતા કે જેમાં લખનારાઓ કાને પરખાતાં ઉચ્ચારણો ઉપર જ ધ્યાન આપીને લખે છે, તેમાં આપણે જોઈશું તો ઘણે ઠેકાણે નદિયે, કરિયે, બોલાવિયે વગેરે જોડણી જ માલમ પડશે" પરન્તુ તે સાથે પોતે કબુલ કરે છે કે "કેટલાએકનો એવો વિચાર છે કે ભાષણની ત્વરાથી ટૂંકા થઈ ગએલા રૂપને વ્યાકરણનિયમે સ્વીકારવા ન જોઇએ, અને એક પક્ષે એ કહેવું ખરૂં છે." વિશેષમાં "નદીઓ" લખવાના પક્ષમાં એકરૂપતાની દલીલ છે. આવી સ્થિતિમાં "लोपः शाकल्यस्य–हर एहि, हरयेहि" એ ન્યાયે ઉભય રૂપ સ્વીકારવાં ઠીક છે.

બીજો અપવાદ— ગુજરાતના મોટાભાગમાં ડોશી, પીરસ્યું વગેરે રૂપો એવાં દૃઢ થઈ ગયાં છે કે વ્યાકરણની સરળતા ખાતર પણ આ નિયમ ખસે એમ નથી. જ્યાં ઉચ્ચાર અસ્પષ્ટ, અને એનો બીજો ખુલાસો સંભવે છે, ત્યાં વ્યાકરણની સરળતાનો વિચાર કામમાં આવે; પણ જ્યાં ઉચ્ચાર ઉત્કટ રીતે જુદો છે ત્યાં વ્યાકરણે ઉચ્ચારને નમ્યા શિવાય છુટકો નથી. રિવિઝન કમિટિએ અતિ સરલતા ખાતર આ આ અપવાદ તજ્યો છે, પણ રા. નરસિંહરાવે બતાવ્યું છે તેમ વ્યુત્પતિ અને ઉચ્ચાર ઉભય વિરુદ્ધ છતાં અને લેખનની કાંઈ પણ કડાકૂટ વધવાનો સંભવ ન છતાં—"ડોશી" નહિ પણ "ડોસી" એવી આજ્ઞા કાઢવી વૃથા છે, આથી અમારૂં એમ કહેવું નથી કે ગુજરાતના

જે ભાગમાં સકાર બોલાય છે ત્યાં "ડોસી" રૂપ નહિ માન્ય થાય. વાંચનમાળાના ઐકાન્તિક નિયમ છતાં પરિણામે વિકલ્પ ચાલશે એમ કહેવાનું તાત્પર્ય છે.

૮. ત્રીજો મહાચર્ચાનો વિષય કેટલાક શબ્દોમાં થતી હકારશ્રુતિ અને તદનુસાર લેખનવિધિ છે. આ સંબન્ધમાં જૂની વાંચનમાળાનો નિયમ (રા. નવલરામે આપ્યો છે તે પ્રમાણે) નીચે મુજબ છે:—

"ઘણા અપભ્રંશ શબ્દોમાં હનું કાંઈક ઉચ્ચારણ થતું હોય તો પણ તેનો લોપ થયો છે એમ સમજીને તેને જોડાક્ષરમાં લેવો નહિ," ઉદા. 'મ્હારૂં નહિ પણ મારૂં.'

આ "સ્વચ્છન્દી" દેખાતા નિયમનું રા. નવલરામ નીચે પ્રમાણે નિદાન બતાવે છે:—

"મી. હોપ, જેના નામથી આ વાચનમાળા ઓળખાય છે, અને જેના સક્ત ઉપરી પણા નીચે લખાએલી છે, તે સાહેબના સમજવામાં કંઈ એવું આવી ગયું હતું કે ઘણા શબ્દોમાં હકારનું ઉચ્ચારણ થાય છે તે ફક્ત સુરતી લોકો જ કરે છે. અને બીજા ભાગમાં એમ બોલાતું નથી, અને એ ટેવ મુસલમાનોના સહવાસથી સુરતીઓને પડી બાકી એ વિચાર કેવળ ખોટો છે. મુસલમાનોએ હિન્દુસ્તાનમાં પગલું એ નહોતું મૂક્યું અને તેનો ધર્મ પણ સ્થાપન થયો ન હોતો તે પહેલાં જે પ્રાકૃત ભાષા આ દેશમાં બોલાતી હતી તેમાં નિઃસંશય અહ્મે, તહ્મે વગેરે લખાતું હતું. અને વળી એ હકાર પ્રાકૃત બોલનારાની ગાંઠનો ન હોતો, પણ સંસ્કૃતમાંના સ વગેરે કેટલાએક અક્ષરોનો બરાબર ઉત્સર્ગાનુસાર અપભ્રંશ હતો. એ હકારનો ગૂજરાતી ભાષાએ કોઈ વખત પણ ત્યાગ કીધો ન હોતો."

આ પ્રમાણે ઉચ્ચાર અને વ્યુત્પત્તિ ઉભયના કારણથી રા. નવલરામ "હ" કારની હિમાયત કરે છે. આ "હ"કારશ્રુતિ લેખનમાં બતાવવાની આપણા વિદ્વાનોએ જુદી જુદી રીતો બતાવી

છે. નર્મદાશંકર 'હમારૂં' કેટલાએક 'અહ્માર્રૂં' અને રા. નરસિંહરાવ 'હમારૂં' લખવા કહે છે, અને કેટલાક નીચે એક ટપકું મૂકીને 'હ' કારનો ભાવ બતાવવા માગે છે. તેમ જ 'મ્હારૂં' માં હકાર દાખલ કરવાની પણ વિવિધ રીતો છે. તેમાં મુખ્ય 'મ઼ાહારૂં' (અસલ રીત ચાલતી તે પ્રમાણે) અને 'મ્હારૂં' એ બે રૂપ છે. વળી કેટલાક 'હ' ને બદલે એકાદ ચિહ્ન લખવાની (ઉદા. મા'રૂં, મારૂં) ભલામણ કરે છે.

આ પ્રમાણે ઉચ્ચારાનુસાર લખવા જતાં, જ્હેને યા જે'ને, જ્યહાં યા જ'યાં ઇત્યાદિ રૂપો લખવાં જોઈએ. આમાં બે વાંધા છે. એક તો, મૂળરૂપ 'જે'-'તે' હોય અને એને પ્રત્યયો લાગતાં 'જ્હેને' 'ત્હેને' એમ હકાર દાખલ થાય, એવો નિયમ કરવો પડે. જેઓને ઉચ્ચારથી થોડુંક ભિન્ન લેખન સહન કરવાની ટેવ પડેલી છે (અને ગુજરાતના દરેક ભાગમાં એ ટેવ ચાલે છે*) તેમને આ નિયમ વધારે પડતો લાગે છે. બીજું-સામાન્ય લખાણમાં 'જહાં' 'ત્હાં' જેવા સ્થળે સ્થળે જોઈતા શબ્દો ત્રણ જોડાક્ષરથી લખવા એ આજ્ઞા અમલમાં આવવી કઠિન છે, હકારના હિમાયતીઓને એમ લખવામાં કાંઈ જ મુશ્કેલી લાગતી નહિ હોય, પણ અમારૂં એમને એટલું જ નિવેદન છે કે સામાન્ય પ્રજાને એમની કે એમના હકારની સ્હામે કાંઈ જ વૈરભાવ નથી. આજ સુધી આવે સ્થળે હકારનો અસ્વીકાર રહ્યો છે એ જ બતાવી આપે છે કે આ લેખનમાં કેટલી મુશીબત છે. આમ હોવાથી, હકારને ઉપર જણાવેલે બધે ઠેકાણે તો લખી શકાતો નથી, માત્ર 'મ્હારૂં' 'ત્હારૂં' વગેરેમાં એ દાખલ થવા લાગ્યો છે, અને આ વલણ દિન પર દિન વધતું જાય છે માટે અમે ધારીએ છીએ કે અમુક શબ્દમાં 'હ' ખરો અને અમુકમાં—સંગતિ ખાતર, ન્યાય ખાતર, હોવો જોઈએ છતાં-નહિ, એવો અન્યાયી નિયમ હજી પ્રવર્ત્યો

---

* બંગાળમાં ઑકાર જેવો ઉચ્ચાર કર્યો છતાં અકાર લખાય છે. ઉદા૦ બલ.

કરશે આ વસ્તુસ્થિતિ સ્વીકારીને જ રા. ગોવર્ધનરામે નિયમ રચ્યો છે કે "જે શબ્દોમાં હ સર્વત્ર બોલાતો હોય ત્યાં લખવા અને હ પ્હેલાંનો સ્વર ન બોલાતો હોય ત્યાં તે સ્વર ન લખવો. જેમકે ત્હારૂં, ર્‌હેવું, ઇત્યાદિ. તેમ જ મ્હેં ત્હેં વગેરેમાં 'હે' ને ઠેકાણે 'એ' કરી નાંખવાનો પ્રચાર ઉચ્ચાર વિરુદ્ધ છે તે ન સ્વીકારતાં (અ) નિયમથી મ્હેં ત્હેં લખવું. પણ 'અમારા' 'અમ્હારા' એવા બે ઉચ્ચાર થાય છે તો (આ) નિયમ પ્રમાણે 'અમારા' લખવું."

હકારની બાબતમાં બીજો નિયમ એવો છે કે – હકારની પહેલાંના અક્ષરનો સ્વર કહાડી લઈને અથવા ત્યાં રહેવા દઈને હકાર ઉપર તે લખવોઃ– જેમકે શહેર, વહાલો વગેરે.

રા. નવલરામ કહે છે કે "આ બંને રીતિઓ ખરૂં જોઈએ તો ઉચ્ચારની વિરુદ્ધ છે. 'શહેર' નથી બોલાતું, પણ 'શેહર્' બોલાય છે, તેમ જ 'વાહાલો' નહિ, "વા્લો." વાંચનમાળાના નિયમની ઉચ્ચાર-વિરુદ્ધતા નવલરામને એટલી બધી લાગી છે કે તેઓ કહે છે કે "કોઈપણ કવિએ 'શહેર'ની ચાર માત્રા અને 'વાહલા'ની છ કે ગમે તો પાંચ પણ ગણી હોય એમ અમને કોઈ બતાવી આપે તો અમે અમારો વાદ છોડી દેવાને કબુલ છઈએ." રા. નવલરામનું આ કહેવું બગાબર છે. પરંતુ અત્રે પાછો ઉચ્ચારવાદની મર્યાદાનો પ્રશ્ન આવીને ઊભો રહે છે અને ઉપર 'કહેવું'–'રહેવું' ના સંબન્ધમાં જે ટીકા કરી છે એ ઘણીખરી આ પ્રશ્નને પણ લાગુ પડે છે.

હકારને લગતો ઢકારનો એક પ્રશ્ન છેઃ 'મોઢું' લખવું કે 'મ્હોડું'? 'કહાડવું' કે 'કાઢવું'? 'મોહોડું' લખવાનો પક્ષ તો હવે જતો રહ્યો છે. પણ ઉપરના બે પક્ષ હજી ચાલે છે. જૂની વાંચન-માળાનો નિયમ નવલરામે આ પ્રમાણે બતાવ્યો છેઃ—

"એવા હકારની જોડે ડકાર આવ્યો હોય તો હ કહાડી નાંખીને ડનો ઢ કરવોઃ—જેમકે કાઢવું વઢવું વગેરે." અને

રિવિઝન કમિટિએ પણ એ જ નિયમ પાળ્યો છે. પણ રા. નવલરામ ઢકાર રાખવાનો મત ધરાવે છે; અને જ્યાં વ્યુત્પત્તિમાં પણ હ સ્પષ્ટ છે ત્યાં 'ઢઢાને ખોળવા જવું એ ઢઢાના જેવું જ કઢંગું છે' એમ કહે છે.

રા. નવલરામ 'મોઢું' આદિનો ઢકાર ઉચ્ચાર અને વ્યુત્પત્તિ ઉભયથી વિરુદ્ધ છે એમ કહે છે. રા. નરસિંહરાવ ઢકારના બે ઉચ્ચાર ગણી 'મોઢું' અને 'મ્હોડું' (મૂર્ધન્યન્તર ઢકારનો) ઉચ્ચાર થતો માને છે-પણ વ્યુત્પત્તિનું ભાન કરાવવા 'મ્હોડું' 'લ્હોડું' એમ લખવું પસન્દ કરે છે. અને જ્યાં 'વ્યુત્પત્તિથી જ વારસામાં ઢ મળેલો હોય' (જેમકે-પઢવું, વઢવું) ત્યાં ઢ રાખે છે. અન્ને નર્મદાશંકર નુકતો દાખલ કરે છે (ઉદા. કાડ઼વું). કલાભવનની નિયમાવલિ એપોસ્ટ્રોફી વાપરે છે (ઉદા. કા'ડવું). અમને લાગે છે કે માત્ર ચિહ્નથી હકાર દર્શાવવાની પદ્ધતિ નિર્બળ છે. ઉચ્ચાર સ્વાભાવિક રીતે હકારનું સ્પષ્ટ લેખન માગી લે છે. જ્યાં ઢ લખાય છે ત્યાં હકાર એની મેળે આવી જાય છે. હ અને ડ વિરુદ્ધ ઢ ના વાદમાં ઢના પક્ષમાં અક્ષરલાઘવ છે. અને તેથી વ્યુત્પત્તિનો હકાર જાળવવા માટે ખાસ યત્ન કરવામાં આવે તો જ તે ડની સંગતિમાં ઢ માં ભળી જતો અટકે છે.

૯. અનુસ્વાર અને અનુનાસિકનો પણ જાણવા જેવો વાદ છે. એમાં એક છેડે અનુનાસિકવાદી (ઉદા. દન્ત, દાંત) અને ચિહ્નભેદવાદી રા. માધવલાલ છે. અને બીજે છેડે ચાલતી અપાણિનીય પદ્ધતિ (સર્વત્ર અનુસ્વારથી ચલાવી લેવાની) છે. અપાણિનીય પદ્ધતિ ઘણીવાર સંસ્કૃત લેખમાં પણ જોવામાં આવે છે—એનું કારણ ઙ ણ ઞ આદી જોડવાની મુશ્કેલી, અને અનુસ્વાર લખવાની અતિ સરલતા છે. રા. નરસિંહરાવનો તેમ જ મણિલાલનો નિર્ણય ઉચ્ચાર અને સરળતા ઉભયનો ઘટતો સત્કાર કરવાનો છેઃ અર્થાત્ જ્યાં ઉચ્ચારમાં ભ્રાન્તિ થવાનો સંભવ હોય ત્યાં જ અનુસ્વાર અને અનુનાસિકનો ભેદ રાખવો, અન્યત્ર નહિ.

૧૦. હજી એક વિવાદનો વિષય નોંધવો રહે છે. આંખ કે આંખ્ય ? આવ કે આવ્ય ?

રા. નરસિંહરાવ 'આંખ્ય' 'આવ્ય' એ પ્રમાણે લખે છે–અને ઉચ્ચાર અને વ્યુત્પત્તિ ઉભય એ જોડણીને અનુકૂલ છે એમ બતાવે છે. વ્યુત્પત્તિ અનુકૂલ છે એમાં કોઈનો વાંધો નથી. પણ ઉચ્ચાર માટે મતભેદ છે. કેટલાક–તેમાં ખાસ કરીને સૂરતી લોકો–'આંખ' 'આવ' એ પ્રમાણે બોલે છે. અને કેવળ ઉચ્ચારનું ધોરણ લઈએ તો તેઓને રા. નરસિંહરાવની જોડણી ન સ્વીકારવાને પૂરતું કારણ છે. આ રીતે પ્રાન્તભેદને લીધે ઉચ્ચારભેદ અને તેથી જોડણીનો ભેદ ઉપજે છે. વળી જેઓ ઉચ્ચારમાં કાંઈક યકારનું અસ્તિત્વ કબુલ કરે છે તેઓમાંના પણ કેટલાક આ 'ય' માં કાંઈ વિશિષ્ટિતા જુવે છે અને તેથી બીજા 'ય' ની માફક લખવા ના પાડે છે, અને તેને બદલે એક નુકતો મૂકીને ચલાવી લેવા માગે છે. ય કાંઈક સંભળાયા છતાં છેક ઉડાવી દેવો એમ પણ કેટલાકની સૂચના છે–અને તેઓની દલીલ એવી છે કે આપણે 'આંખ' બોલાતા નથી તેમ 'આંખ્ય' પણ બોલતા નથીઃ ત્યારે ચાલતું રૂપ 'આંખ' શું કરવા ન રહેવા દેવું ? રા. નરસિંહરાવ કહે છે કે આપણે 'આંખ્ય' જ બોલીએ છીએ, પણ ય કાર 'લઘૂચ્ચારણ' હોવાથી આપણને ભ્રમ થાય છે. આ લઘૂચ્ચારણ યકારને બીજા યકારથી જુદો પાડવા ભલે કંઈ ટપકું કે એવું બીજું ચિહ્ન યોજો પણ યકાર બોલાય છે અને તેથી તે જોડણીમાં દર્શાવ્યા વિના ચાલશે નહિ.

કેવળ વ્યુત્પત્તિ જ જોઈએ તો યકારની જરૂર સ્પષ્ટ છે પણ એકલી વ્યુત્પત્તિ લેખનની નિયામક થઈ શકતી નથી, અને તેથી જ રા. નરસિંહરાવને પણ ઉચ્ચારનું શરણ લેવું પડયું છે. ઉચ્ચાર વિચારતાં–વિકલ્પ પ્રાપ્ત થય છે. એક તો સાક્ષર લેખમાં 'આંખ' વગેરે રૂપો રૂઢ થઈ ગયાં છે, અને સુરતમાં પણ એવો જ ઉચ્ચાર હજી પ્રચલિત છે એટલે આ પક્ષને તદ્દન અવગણી શકાય એમ

નથી. પણ આ બે કરતાં પણ એક વધારે પ્રબલ દલીલ 'આંખ'ની તરફેણમાં છેઃ જુઓ કે ગુજરાતીમાં આ તરેહના શબ્દો કેટલા બધા છે! શું એ બધે સ્થળે યકાર લખવો? 'લઘૂચ્ચારણ' સંભળાતા યકારને ખાસ શ્રમ લઈ આટલા બધા શબ્દોમાં પ્રકટતા આપવાનો વિધિ ગ્રાહ્ય થાય એમ લાગતું નથી. રા. નરસિંહરાવ કહે છે કે 'આવ્યો' 'લખ્યું' 'માર્યો' એમાં યકાર લખતે અડચણ નથી આવતી તો 'આવ્ય', 'લખ્ય', 'માર્ય' 'આંખ્ય', એમાં શા માટે આવવી જોઈએ? રા. નરસિંહરાવે આ વસ્તુ બીજે છેડેથી તપાસવી જોઇતી હતી. 'આવ્ય' 'લખ્ય' એમ યકાર લખતે અડચણ આવે છે એ વસ્તુસ્થિતિ છે–જો કે 'આવ્યો' 'લખ્યું' એમાં કોઈ ને નથી આવતી. આ ભેદનું સ્વચ્છન્દ અને રૂઢિપૂજા (જોકે રૂઢિપૂજા પણ મનુષ્યનો સ્વાભાવિક ધર્મ હોઈ છેક તિરસ્કારને પાત્ર નથી) શિવાય કાંઈ અન્ય કારણ છે? આ વિષે વિચાર કરતાં જણાય છે–કે એકમાં યકાર એવો તો સ્પષ્ટ છે કે તે દર્શાવ્યા વિના ચાલે એમ નથી, બીજામાં લઘૂચ્ચારણ હોઈ અધ્યાહૃત માની લેવાય એમ છે. અને જેમ વ્યુત્પત્તિના અમુક નિયમાનુસાર 'અક્ષિ'નું 'આંખ્ય' થયું, તેમ જ બીજા નિયમાનુસાર (ઉચ્ચારશૈથિલ્યથી) 'આંખ્યનું' 'આંખ' થયું. જેમ વરસાદ અને પવનની અસરથી બચવા માટે દિવાલને વાછંટીઆની જરૂર છે તેમ શબ્દના છેડાના વર્ણને લુપ્ત થતા અટકાવવાને સંરક્ષક વર્ણની જરૂર છે, ગુજરાતીમાં અન્તનો અકાર લગભગ અનુચ્ચરિત જેવો હોય છે અને તેથી આંખ્ય શબ્દ આંખ્ય જેવો થઈ રહે છે–અને છેલ્લા 'અ' ને અભાવે ય અસંરક્ષિત (unprotected) ઉઘાડો (exposed) પડી જાય છે અને કાલક્રમે એ ખરી પડે છે. આ રીતે આંખ્ય=આંખ્ય=આંખ્=આંખ થાય છે. 'અક્ષિ'માંથી 'આંખ્ય' થવાનો વ્યુત્પત્તિનો નિયમ છે તેવો જ આ 'ય' ઘસાઈ જવાનો પણ વ્યુત્પત્તિશાસ્ત્રનો જ નિયમ છે એ વાત ભૂલવી જોઈતી નથી.

આ પ્રમાણે જોડણીના કેટલાક મહત્ત્વના મુદ્દા ઉપર અમારો નમ્ર અભિપ્રાય બતાવી હવે ઉપસંહાર કરીએ.

પણ અમે અમારો અભિપ્રાય જ ક્યાં બતાવ્યો ? અમે તો માત્ર સામસામા પક્ષ લઈ એના ગુણદોષ જ વિચાર્યા! આ કહેવું કાંઈક કહેવું ખરૂં છે. પણ એમાં જ અમારો અભિપ્રાય સમજાવ્યો છે, જુદા જુદા મતની પાછળ જોડણીના શાં શાં ધોરણો રહ્યાં છે એ તારવી કાઢ્યાં, એને તે તે જોડણી ઉપરનો મતભેદ એ ધોરણોના મતભેદ રૂપે નિરૂપણ કર્યો. પણ એમાંથી એકે ધોરણને અમે સર્વથા અમારૂં ધોરણ માન્યું નહિ એનું કારણ એમ નથી કે બધાંનું થોડું થોડું મન (Ecclecticism) રાખ્યું હોય તો ઠીક. ખરી વાત એવી છે કે ભાષા એ નિર્જીવ પદાર્થ નથી. અને તેથી અનેક શક્તિઓની અસર તળે એનો દેહ બંધાતો જાય છે, અને એ સર્વ શક્તિઓને માનવાથી જ યથાર્થ વસ્તુગ્રહણ થાય છે, એમાંથી એક-નો જ અંગીકાર કરવો, યા સર્વત્ર એકને જ પ્રધાન સ્થાને સ્થાપવી, એ તત્ત્વજ્ઞાનની પરિભાષામાં જેને ‘ abstraction ’ (ખંડગ્રહણ) કહે છે તે છે. ભાષાનું સ્વરૂપ ઉચ્ચારથી, વ્યુત્પત્તિથી, તેમ જ સગ-વડથી ઘડાય છે. ઉચ્ચાર વ્યુત્પત્તિની દરકાર ન કરે અને લખાણમાં કલમને પોતાનું દૃષ્ટિ પ્રતિબિમ્બ પાડવા તરફ દોરે; વ્યુત્પત્તિ પોતાની મેળે જ ઉચ્ચારનું સ્વરૂપ રચે અને વ્યુત્પત્તિ સંબન્ધી મીમાંસા કરીને જે સિદ્ધાંત બાંધવામાં આવે એ પણ ઉચ્ચાર ઉપર અસર કરે; તેમ જ સરલતા અને સગવડ ખાતર વ્યુત્પત્તિની અવગણના પણ થાય, અને ઉચ્ચાર અને લેખન વચ્ચે સહજ વૈષમ્ય રહે તો તે પણ વૈયાકરણો કેટલીકવાર એકમાત્રા ભેદ સહી લે છે એમ સહી લેવાય. સર્વત્ર અમુક શક્તિ નિયામક ઠરે એવો સાર્વત્રિક નિયમ બાંધી શકાતો જ નથી. અને તેથી ભાષામાં સ્વાભાવિક રીતે વિકલ્પ ઉપજે છે. આ વિકલ્પ તે અવ્યવસ્થા નથી, પણ અનેકતાનો યથાર્થ સ્વીકાર છે. પાણિનિ જેવા ઉદાર અને સર્વસંગ્રહી મનથી ગુજરાતી

ભાષાનું વ્યાકરણ રચો; इति 'शाकल्यस्य' इति 'शाकटायनस्य' इति 'गालवस्य' એ ન્યાયે ચાલી વિકલ્પને પણ સંગ્રહો અને નિયમમાં આણો.

हरे+एहि=हरयेहि ની સન્ધિમાં य કાર એવો ઉચ્ચારતો હશે કે हर एहि જેવું જ સંભળાય અને તેથી શાકલ્ય મુનિએ આ બીજી જ જોડણી સ્વીકારી. શું પાણિનિએ આ મતને ભૂલભરેલો ગણી એની ઉપેક્ષા કરવી? તે જ પ્રમાણે 'આવ્ય' માં યકાર કેટલાકને મન્દ લાગતો હોય કે ન જ સંભળાતો હોય ત્યાં યકારના પક્ષને જ યથાર્થ માની બીજા પક્ષને સ્થાન ન જ આપવું? જોવું એટલું જ જોઈએ કે ઉપર જણાવેલાં ધોરણમાંથી કોઈ પણ ધોરણનો એ પક્ષને આધાર છે કે નહિ. જોડણી સ્વચ્છન્દી ન હોવી જોઈએ; સકારણ હોય તો બસ. સકારણ હોય તેને વિકલ્પમાં દાખલ થવાનો અધિકાર આ અમારી વિકલ્પવાદની-અને ભગવાન પાણિનિનો અર્થભર્યો શબ્દ વાપરીએ તો 'વિભાષા' વાદની વ્યવસ્થા. વિકલ્પમાં સ્વીકાર્યા છતાં જતે દહાડે એક પક્ષ લુપ્ત પણ થઈ જાય; પાણિનિએ સ્વીકારેલા ઘણા વિકલ્પો પછીના સાહિત્યમાં વિકલ્પ રહ્યા નથી. એ જ પ્રમાણે આપણા વિકલ્પો પણ કેટલાક ખરી જશે. તે પ્રસંગે તેવી વ્યવસ્થા થશે. આજથી પચાસ વર્ષ ઉપર જે ઉચ્ચાર થતા તેમાંના કેટલાક આજ ફરી ગયા છે. રા. નરસિંહરાવ જેને પ્રાકૃત ઉચ્ચાર કહે છે (ઉદા, 'ચ' વર્ગના બે ઉચ્ચાર) તેમાંના કેટલાક સંસ્કૃતના પરિશીલનને પરિણામે બદલાઈ પણ ગયા હશે. હોપવાંચનમાળા જેવી શક્તિએ પણ આપણા ઉચ્ચારમાં કેટલાક ફેરફાર કર્યા છે એ રા. નરસિંહરાવને જાણીતું છે. પચીસ વર્ષ ઉપર જે શબ્દો બહુ ભારે સંસ્કૃત લાગતા, તેનો સરલ પ્રવાહ આજ કોઈની દૃષ્ટિ પણ ખેંચતો નથી. આજ 'શકવુ" પ્રયોગ જરાપણ આડમ્બરવિના થઈ શકે છે, તો પછી 'સકવુ" લખવાનો આગ્રહ-અને અત્યારની દૃષ્ટિએ તો આડમ્બર એમ પણ કહી શકાય-તે શા માટે જોઈએ?

આવતા દસકામાં ફારસીનો શોખ જાગે અને એ ભાષાથી ભરાએલા પ્રૌઢ વિદ્વાનો 'એહવાલ' લખવાનું પસંદ કરે અને એમનાં પુસ્તકો લોકપ્રિયતા મેળવે તો 'હેવાલ'ને વ્યુત્પત્તિના નિયમાનુસાર બતાવ્યા છતાં પણ એ રૂપ કોણ પસન્દ કરશે?

આ સર્વ વસ્તુસ્થિતિ સ્વીકારીને નિયમો રચો અને ભાષામાં જે ફેરફાર થાય તે સ્વીકારતા જાઓ એટલી જ અમારી વિનંતિ છે,

[વસંત : વર્ષ ૪, અંક ૫, જ્યેષ્ઠ, સં. ૧૯૬૧]

આવતી (૩જી) સાહિત્ય પરિષદ્

એક જણના દ્રવ્યથી જે કામ ન થઈ શકે તે અનેક જણનું દ્રવ્ય એકઠું કરીને કરી શકાય-આ હેતુથી અર્વાચીન કાળમાં બેંકો અને કંપનીઓ ઊભી કરવામાં આવે છે. એક જણના દાનથી જે લોકોપકાર ન બની શકે તે અનેક જણનાં દાન એકઠાં કરીને કરી શકાય—આ સમજણથી વિવિધ પ્રકારનાં ધર્માદા ફંડો સ્થપાય છે. રાજ્યકાર્યમાં પણ ઘણાં મગજોનો ઉપયોગ લેવાના હેતુથી લોકલ-બોર્ડો અને મ્યુનિસિપલ કૉર્પોરેશનોથી માંડીને પાર્લામેન્ટ અને મન્ત્રિમંડળ પર્યન્તની રચના એ જ ધોરણે બનેલી છે. પણ આ સંઘબળનો મહિમા જે અત્યારે પશ્ચિમ દેશમાંથી અત્રે ઉતરી આવતો દેખાય છે તે વસ્તુતઃ આપણા પ્રાચીન પૂર્વજોને અજાણ્યો નહતો. આત્માના ધાર્મિક અને વ્યાવહારિક શ્રેય માટે કેવળ વ્યક્તિના પરાક્રમ ઉપર આધાર ન રાખતાં, તેઓએ એની સિદ્ધિ માટે વર્ણાશ્રમની સંસ્થાઓ રચી તે તેઓની આ ઊંડી દૃષ્ટિનું જ પરિણામ હતું. એ સંસ્થાઓના અવાન્તર વિશેષ રૂપે યજ્ઞસમારંભો અને તે પ્રસંગે મળતા વિદ્વત્સમાજો, સાધુ–સંન્યાસીઓના મઠો અને ગચ્છો, યાત્રાનાં તીર્થો અને પર્વો, વણિક્-કારીગરોના સાર્થો અને શ્રેણીઓ, ગામ અને શહેરના પંચો અને મહાજનો—ઈત્યાદિ અનેક સંસ્થાઓ અસ્તિત્વમાં આવીઃ પરંતુ કાલક્રમે એમાંની ઘણીખરી જીર્ણ થઈ ગઈ, એમનું ચૈતન્ય મંદ પડી ગયું, શરીરનો બંધ શિથિલ થઈ

ગયો, અવયવભૂત પરમાણુઓ વિખરાવા માંડયા. પણ મનુષ્યદષ્ટિએ જે મૃત્યુ ભાસે છે તે વસ્તુતઃ ચૈતન્યની જૂના દેહમાંથી નવા દેહમાં સંક્રાન્તિ માત્ર જ હોય છે. તદનુસાર, આપણી પ્રાચીન સંઘશક્તિ જે મધ્ય યુગમાં મૃતપ્રાય થઈ ગઈ હતી, તે અત્યારે 'કૉન્ગ્રેસો' અને 'કૉન્ફરન્સો,' 'એસોસિએશનો' અને 'સોસાઈટિઓ' ઈત્યાદિ અનેક નવાં નવાં નામ-રૂપ ધારણ કરી પુનર્જન્મ પામી છે, અને તેથી એ પ્રાચીન આત્માનો નવીન અવતાર જ્યાં જ્યાં નજરે પડે ત્યાં ત્યાં એને પ્રેમથી, હર્ષથી, આશાથી વધાવી લેવાની આપણી ફરજ છે.

પરંતુ આ સામાન્ય કથન સાહિત્યપરિષદ્‌ને લાગુ પાડવા જતાં જ, એક પ્રશ્ન ઊઠશે કે સાહિત્ય અનેક જણ એકઠા મળીને ઉત્પન્ન કરી શકે એવો પદાર્થ છે ખરો ? કુદરતની એ સ્વયંભૂ વનલતાને ઉત્પન્ન કરવાની કલા અને શક્તિ મનુષ્યના હાથમાં આવી છે ખરી ? આ પ્રશ્નનો કાંઈ પણ ખુલાસા વગર એકાન્તતઃ હા કે ના ઉત્તર આપવો ભ્રમજનક છે. આ સ્વયંભૂ વનલતાને ઉત્પન્ન કરવી એનો અર્થ એવો હોય કે એનું પૃથક્કરણ કરી, એનાં રાસાયનિક તત્ત્વો નક્કી કરી, એ તત્ત્વોનું પુનઃ રાસાયનિક મિશ્રણ કરીને એ લતા ઉપજાવવી—તો કહેવું જોઈએ કે આવી ઉત્પત્તિ મનુષ્યને હાથે શક્ય નથી. અને તેથી સાહિત્યપરિષદ્ જેવા સર્વ પ્રયત્નો આ કાર્ય માટે વૃથા છે. પરંતુ એક બીજી રીતે જોઈએ તો એ સ્વયંભૂ દીસતી વનલતા મનુષ્ય ઊગાડે છે, એટલું જ નહિ, પણ એના આત્મારૂપી વનસ્થલીમાં જ એ ઊગે છે; અને તેથી જેવો વનસ્થલીનો રસકસ તેવો જ વનલતાનો ફાલ. પણ તમે કહેશો કે રસ-કસ ઉત્પન્ન કરવાનું મનુષ્યના પોતાના હાથમાં કયાં છે? આનો ઉત્તર પણ પૂર્વની માફક જ છે અને નથી એમ ઉભય શબ્દમાં આપવો જોઈએ. જનસમાજના આત્માનો પ્રબોધ અને પ્રસ્વાપ એ પરમાત્માની દુરવગાહ્ય લીલા છે, અને એના નિયમો મનુષ્યને અર્ધસ્પષ્ટ જ છે. પરમાત્માએ જેમ પોતાના ત્રણ પાદ જગત્‌થી

પર રાખી માત્ર એક જ પાદ જગત્માં પ્રકટ કર્યો છે. પાદોઽસ્ય વિશ્વા ભૂતાનિ ત્રિપાદસ્યામૃતં દિવિ, તેમ એની લીલા પણ એણે છેક અન્ધકારથી છાઈ રાખી નથી અને હસ્તામલકવત્ સંપૂર્ણ ગ્રહી લેવાય તેવી પણ કરી નથી. અને તેથી જેમ એક પાસ એ તદ્દન વેરાન દીસતી ભૂમિમાં પણ અણધારી રીતે ચૈતન્યની 'લીલી નાઘેર' ઉત્પન્ન કરી દે છે, તેમ બીજી પાસ એણે એ ચૈતન્યના આવિર્ભાવ અને તિરોભાવના કેટલાક નિયમો પણ આપણા આગળ પ્રકટ કર્યા છે, જેને અનુસરીને આપણે ધારીએ ત્યારે એને આપણામાં પધરાવી શકીએ.

સાહિત્ય એ જનસમાજના ચૈતન્યનું વાઙ્મય શરીર છે. એ સ્થૂલ શરીરના અન્તર્માં જનસમાજની વાસનાઓનું બનેલું સૂક્ષ્મ શરીર (લિંગદેહ) રહેલું છે. જેમ સ્થૂલ શરીરના વ્યાપાર વાસનાત્મક સૂક્ષ્મ શરીર ઉપર અસર કરે છે (સદાચારથી સદ્વૃત્તિ અને દુરાચારથી દુર્વૃત્તિ બંધાય છે) તેમ કીટભ્રમરન્યાયે* સૂક્ષ્મ શરીર ઉપર અસર કરે છે–અને આ રીતે એ બે શરીર વચ્ચે–સાહિત્ય અને જનસમાજની વાસનાઓ વચ્ચે–કાર્યકારણભાવનો સંબન્ધ છે.

હવે, આ સંબન્ધ ધ્યાનમાં રાખતાં આપણા સાહિત્યનો ઉત્કર્ષ શી રીતે કરવો એનો માર્ગ આપણને જડે છે. ઉપરનું રૂપક લેતાં લતાને ફળફૂલથી સમૃદ્ધ બનાવવા માટે જોઈતા પૃથ્વીના રસકસ તે જનસમાજની વાસનાઓ છે, એટલે એનું પોષણ સર્વથા આપણી શક્તિની બહાર નથી. જેમ પાંદડાં ઉપર પાણી ચોપડવાથી વૃક્ષ ફાલતું નથી, ફાલવા માટે તો એનાં મૂળીઆંમાં ખાતર–પાણીનો પ્રવેશ થવો જોઈએ, તેમ સાહિત્ય–વૃક્ષના વિકાસ માટે પણ એના

* કીડો ભમરીનો વિચાર કરતાં કરતાં ભમરી બની જાય છે એમ કહેવાય છે. એટલે સુધી ન જઈએ તોપણ વિચાર ઉપર—આહાર-વિહારાદિક ઉપર—અસર કરે છે એ તો સ્પષ્ટ જ છે.

બાહ્ય શરીર ઉપર જેટલા સંસ્કાર કરીશું તેટલા ઘણે ભાગે નકામા છે, એનાં મૂળીઆંને સ્પર્શ કરે—જનસમાજની વાસનાઓને પોષે—એવાં પોષણબળો પ્રવર્તાવવાં જોઈએ. જ્યાંસુધી મૂળીઆંની આસપાસ પત્થર જેવું જડતાનું પડ બાઝેલું રહેશે ત્યાંસુધી એને પાણી પહોંચવું મુશ્કેલ છે. એની આસપાસની જમીન ગોડીને પોચી—જલગ્રાહી—કરવી જોઈએ, અને એ ક્રિયાને અંગે એ જમીનની માટી જરા ઉપર નીચે થાય તોપણ તે ઇષ્ટ છે. વિશ્વમાં કોઈ પણ સ્થળે ક્ષોભ વિના ગતિ નથી, અને ગતિ વિના વિકાસ નથી, જ્યાંસુધી આપણા જનસમાજનું હૃદય (આત્મા) કોઈપણ ઉચ્ચ ભાવનાથી ક્ષુબ્ધ થશે નહિ, ત્યાંસુધી એ ગતિ ઉત્પન્ન થવાની નથી, અને તે થયા વિના તેનો વિકાસ થવાનો નથી: અને જેવો અને જેટલો એ હૃદયનો વિકાસ તેવો અને તેટલો જ એના સાહિત્યનો વિકાસ પણ સમજી લેવો. બીજું—જેમ જીવન્ત વૃક્ષ અને સૂકા લાકડા વચ્ચે ભેદ એ છે કે જીવન્ત વૃક્ષમાં બહારથી સિંચાતા જળ વગેરે પદાર્થો પોતાનામાં મેળવી લેવાની અને મેળવી લઈને પોતાના કાર્યમાં નિયોજવાની શક્તિ હોય છે, અને સૂકા લાકડામાં તે હોતી નથી, તેમ જે જન-સમાજનું હૃદય જીવતું છે તે બહારની અસર ગ્રહણ કરવાને સમર્થ હોય જ છે, અને એ અસર ન ગ્રહણ કરવી એ બળની નહિ પણ નિર્જીવતાની નિશાની છે; તેમ એ સાથે એ પણ ખરૂં છે કે એ બહારની અસરને અન્તર્માં મેળવી લઈ એને પોતાના કાર્યમાં નિયોજવાની જો એનામાં શક્તિ ન હોય તો તે પણ એક શાહીચૂસ કાગળના જેવી નિર્જીવ સ્થિતિ જ છે. આ દૃષ્ટાન્તોથી સાહિત્યનો અન્ય પ્રવૃત્તિઓ સાથે કેવો સંબન્ધ હોવો જોઈએ એ સમઝાશે. દેશની ધાર્મિક સાંસારિક રાજકીય વગેરે પ્રવૃત્તિઓથી જે સાહિત્ય નિર્લેપ રહેશે તે કદી ફાલી શકવાનું નથી. એમાં કાંઈ પણ એની ભૂમિનો પ્રાચીન પરંપરાપ્રાપ્ત રસ હશે તો તે પણ થોડા વખતમાં સૂકાઈ જઈ, એ ઝાડ કરમાઈને મરી જશે. વળી તે જ પ્રમાણે, ખરા

જીવન્ત સાહિત્યનો બીજો ધર્મ એ છે કે બહારની પ્રવૃત્તિઓને એ જ્યારે પોતાના શરીરમાં લે છે ત્યારે તે તેને પોતાનું વિલક્ષણ રૂપ આપે છે. જે વખતે પશ્ચિમની પ્રજાઓનાં નેત્રો આપણા દેશની સમૃદ્ધિથી ચકિત થઈ લોભાતાં હતાં, તે વખતે મિલ્ટનની સાત્ત્વિક પ્યુરિટન પ્રતિભામાં એ નવીન પ્રવૃત્તિએ દાખલ થઈ કેવું રૂપ લીધું એ નીચેની પંક્તિઓથી જણાય છે:

"High on a throne of royal state, which far-
Outshone the wealth of Ornus and of Ind.
Or where the gorgeous East with richest hand,
Showers on her kings barbaric pearl and gold,
Satan exalted sat."

તેમ જ, જે વખતે "સ્ત્રી-પુરુષોના સમાન હક" ના લાભાલાભનાં જમે ઉધાર પાસાં તપાસાતાં હતાં, તે વખતે ટેનીસનની આગળ એ પ્રશ્ન "The Princess" કાવ્યનાં મધુર ચિત્રો રૂપે પરિણામ પામ્યો. વળી ખરા જીવન્ત સાહિત્યની આ ગ્રાહકશક્તિ અને પરિણામકશક્તિ જનસમાજની અન્ય પ્રવૃત્તિઓ પરત્વે જોવામાં આવે છે એટલું જ નહિ પણ અન્ય દેશના અને અન્ય કાળના સાહિત્યને પણ એ એ જ રીતે પોતામાં ગ્રહે છે, અને રૂપાન્તર પમાડે છે. પ્રાચીન ગ્રીસ અને રોમના સાહિત્યના અભ્યાસે તેરથી સોળ-સત્તરમા સૈકાની વચ્ચે યુરોપના દેશોમાં ઉજ્જવળ સાહિત્ય ઊપજાવ્યું. તેમાં આ ગ્રહણ અને રૂપાન્તર ઉભય અંશો પ્રતીત થાય છે; અને તે જ પ્રમાણે, આપણા પોતાના પ્રાન્તમાં મહાકવિ પ્રેમાનન્દે પ્રાચીન સંસ્કૃત સાહિત્યનો ઉપયોગ કરીને જે આખ્યાનો અને નાટકોની વાડી ખીલાવી છે તેમાં પણ એક પાસથી એ સાહિત્યનું પુષ્કળ પાન જણાઈ આવે છે અને બીજી પાસ, રગે રગે ગુર્જર,

અને ગુર્જરી વાણીનું અભિમાન ધરાવનાર, આ કવિના અન્તરમાં પ્રવેશ થવાની સાથે, પ્રાચીનકાળ રૂપાન્તર પામી ગયો છે, અને તેથી મહાભારતઆદિકનાં પાત્રોને એણે પોતાના સમયનાં સ્ત્રીપુરુષો જેવાં કલ્પ્યાં છે—જે એનું દૂષણ નથી પણ ભૂષણ છે.

ત્યારે હવે, આ મનનને પરિણામે આપણા સાહિત્યનો ઉત્કર્ષ કરવાનાં મુખ્ય સાધનો શાં શાં ઠર્યાં અને તે સાહિત્યપરિષદ્દ્વારા કેટલે અંશે પ્રાપ્ત કરી શકાય એવાં છે એ જોઈએ:—

(૧) પ્રથમ તો જનસમાજની વાસનાઓ વધારે વિવિધ વિશાળ ઊંડી અને ઉદાત્ત બનવી જોઈએ. તે માટે અત્યારે હિન્દુસ્થાનમાં જે અનેક પ્રવૃત્તિઓ ચાલી રહી છે તે આપણા પ્રાન્તમાં ઝીલાવી જોઈએ, અને એનાં વહેણ અહીં તહીં મન્દ મન્દ વહેતાં જણાય છે તે વધારે વિપુલ અને પ્રબલ થવાં જોઈએ. આનો અર્થ એવો નથી કે આપણા રાજકીય સાંસારિક ઔદ્યોગિક મેળાવડાઓમાં ચર્ચાતા વિષયો ઊપાડી લઈને તે ઉપર જે લેખો લખાય તે જ ખરૂં સાહિત્ય; પરંતુ એ અને બીજી અનેક પ્રવૃત્તિઓદ્વારા જનસમાજની વાસનાઓ ખીલે છે અને એમાં જ્યારે કવિની પ્રતિભાનું કિરણ પડે છે ત્યારે એનાં અસંખ્ય ચિત્રો બંધાઈ એનાં નેત્ર આગળ તે ખડાં થાય છે. આ ચિત્રો ખડાં કરવાનું તો સાહિત્યપરિષદ્ના હાથમાં નથી, પણ આ વાસનાઓ તરવરતી કરવા માટે તે તે વિષયો ઉપર પ્રબળ અને પ્રતિષ્ઠિત લેખો ઉત્પન્ન કરાવી જનસમાજમાં એ લેખો રમતા કરવા એટલું કાર્ય તો સાહિત્યપરિષદ્ના પ્રદેશમાં છે જ. પરંતુ હજી એ પરિષદ્ની સંસ્થા એટલી પ્રૌઢ થઈ નથી કે એટલે સુધી એ હાથ લંબાવી શકે. માટે અત્યારે તો તે પ્રવૃત્તિઓને અંગે જે પરચુરણ લેખો ભાષણો તથા વર્તમાનપત્રોના આર્ટિકલો પ્રકટ થાય છે એટલાથી જ આપણે સંતોષ માનવો પડશે.

(૨) આપણા સાહિત્યનું બીજું પોષક બળ આપણા દેશનું

પ્રાચીન સાહિત્ય અને આપણો પ્રાચીન ઇતિહાસ છે. પ્રેમાનન્દના સમય કરતાં આપણા સમયમાં પ્રાચીન સાહિત્યનું જ્ઞાન ઘણું વધ્યું છે, છતાં એ જ્ઞાન જોઈએ તેવું ફલદ્રૂપ નીવડ્યું નથી, એનું કારણ આપણા પ્રાચીન સાહિત્ય પરત્વે આપણી મમત્વબુદ્ધિની મન્દતા હોય એમ જણાય છે. જેમ જેમ પ્રાચીન વધારે શોધાતો જાય અને ગૂજરાતીમાં ઊતારાતો જાય તેમ તેમ આપણી ભાષાનું ઐતિહાસિક સાહિત્ય વધતું જાય એટલું જ નહિ, પણ સાહિત્ય શબ્દનો વિશેષ અર્થમાં પણ આપણો જૂનો ઇતિહાસ આપણા સાહિત્ય ઉપર કેવી અસર કરે એનો ખ્યાલ ફૉર્બ્સ રાસમાલા અને ટૉડ્ઝ–રાજસ્થાન જેવા ગ્રન્થોએ ગૂજરાતી એમ જ અન્ય ભાષામાં પ્રેરેલા સાહિત્ય ઉપરથી આવી શકે છે. અને સંસ્કૃત ગ્રન્થો પરત્વે જે સાચું છે તે જ ફારસી તવારીખ માટે પણ ઘણીક રીતે ખરૂં છે. વળી કચ્છ, કાઠિયાવાડ અને ગૂજરાતની વિવિધ જૂની દન્તકથાઓ, વાર્તાઓ, ગીતો, કહેવતો, તેમ જ જુદી જુદી જ્ઞાતિઓની ઉત્પત્તિ પરિક્રમ વગેરેના ખરા ખોટા પૌરાણિક અને સાંપ્રદાયિક હેવાલો–જે સંસારસુધારા સમાજનો ઉદ્દેશ સુધારાનો હોવાથી એના કાર્યપ્રદેશમાં નથી આવતા, પણ સાહિત્યના પ્રદેશમાં તો બેશક આવે છે જ–તે સર્વે એકઠાં કરી પ્રસિદ્ધ કરવાની ઘણી જરૂર છે.

(૩) આપણા સાહિત્યનું ત્રીજું પોષક બળ પશ્ચિમ દેશોના મહાન ગ્રન્થોનાં ભાષાન્તરોમાંથી લાવવાનું છે. ગ્રીસ રોમ ઇંગ્લંડ ફ્રાન્સ જર્મનિ સ્પેન ઈટલિ વગેરે ભૂમિનાં સાહિત્યો (આ સાહિત્ય શબ્દના અર્થમાં ઇતિહાસ ચરિત્ર તત્ત્વજ્ઞાન વગેરેનો પણ અમે સમાવેશ કરીએ છીએ)–એની ઉપેક્ષા એ વર્તમાન સમયમાં કોઈ પણ જીવન્ત પ્રજાને લાભકારી નથી. અને તેથી સંસારસુધારાસમાજમાં પરદેશગમનના ઠરાવની જેટલી મહત્તા છે તેટલી જ મહત્તા અમે સાહિત્યપરિષદ્‌માં આ વિષયની માનીએ છીએ. કોઈપણ પ્રજા અન્ય પ્રજાથી અલગ રહી પોતાનો જીવનનિર્વાહ કરી શકે જ નહિ એમ

અમે ઉપર જણાવ્યું છે, પરંતુ વિશેષમાં એટલું ઉમેરીએ છીએ કે એવું જીવન શક્ય હોય તથાપિ તે ઇષ્ટ નથી, કારણ કે એમાં વિકાસ નથી. જેમ કોઈપણ પ્રજાની પ્રજા તરીકેની વિશિષ્ટતા લુપ્ત થાય એ ઠીક નથી, તેમ એના સહિત્યમાં પણ કોઈક વિલક્ષણતા જોઇએ જ; પરંતુ સર્વ પ્રજાઓના અન્તરમાં જે મનુષ્યત્વ રહેલું છે તેનો વિકાસ તો સર્વે પ્રજાઓમાં એક સરખે જ માર્ગે ચાલે, અને તેથી જેમ ભિન્ન પ્રજાઓ એક બીજાનું મનુષ્યત્વ સ્વીકારીને પરસ્પર વર્તન કરે એ ઇષ્ટ છે, તેમ એમનાં સાહિત્યો પણ પરસ્પર વાત કરતાં હોય તેમાં જ તેઓની વ્યાપકતા અને એકાકાર મનુષ્ય–આત્મા સાથેનો સંબન્ધ પ્રકટ થાય છે. માટે જે કૂપમંડૂકતા આપણે આપણી અન્ય પ્રવૃત્તિમાં ત્યજવા લાગ્યા છીએ તે સાહિત્યમાંથી પણ દૂર કરવી– અન્ય પ્રજાઓના મહાન ગ્રન્થો ગૂજરાતીમાં ઊતરાવવા. પ્રથમ જે અનુકરણ દેખાશે તે જતે દહાડે સ્પર્ધારૂપ લેશે–મેઘ ગજશે તેથી ખીણમાં માત્ર પડઘો પડીને જ રહેશે નહિ, કોઈક સ્થળે સિંહ નીકળી આવી સામો ત્રાડુકશે.

(૪) જનસમાજની કેળવણી અને ઉચ્ચ વર્ગનો સાહિત્યવિષયક પ્રેમ એ પણ સાહિત્યને પોષનારાં મહાન સાધનો છે. બહોળો વાચક વર્ગ એ ગ્રંથકારને ઉત્તેજનરૂપ છે એટલું જ નહિ, પણ કેળવાએલું જનસમાજનું હૃદય સાહિત્ય પ્રત્યે તૃષાથી ઊછળે છે, ત્યારે સાહિત્ય પોતે પોતાની મેળે રૂપ ધરી લે છે. જેમ બાળકને સ્નેહથી દોડતું આવતું જોઈને માતા એને આલિંગવા ધસે, તેમ સરસ્વતી દેવી પોતે જનસમાજના ઉત્સુક હૃદયને જોઈ એને પ્રેમથી મળવા ધસે છે. વળી જેમ એક પાસ જનસમાજમાં કેળવણીનો વિસ્તાર વધવાની જરૂર છે, તેમ બીજી પાસ ઉચ્ચ કેળવણી લેતા વિદ્યાર્થીઓમાં પણ ગૂજરાતી ભાષાનો અભ્યાસ વધારવાની આવશ્યકતા છે.

હવે, આ ઉપર જણાવેલી બાબતોમાંની કેટલી સાહિત્યપરિષદ્

સાધી શકે એમ છે એનો વિચાર કરીએ છીએ તો એમાંની પહેલી તો ઉપર જણાવ્યું તેમ સાહિત્યપરિષદ્‌ના કાર્યપ્રદેશની બહાર જ છે. બીજી બે પણ સાહિત્યપરિષદ્ જાતે સાધી શકે એમ નથી, કારણ કે સાહિત્યપરિષદ્ એ એક આગન્તુક મેળાવડો છે, સ્થાયી નથી. તથાપિ ગૂજરાત વ્હર્નાકયુલર સોસાઈટિ જેવી સંસ્થાને ઉક્ત કાર્યમાં પ્રેરીને આડકતરી રીતે એ બહુ ઉપકાર કરી શકે. સોસાઈટિ આ કામ કેટલેક અંશ કરે છે જ, પરંતુ સાહિત્યપરિષદ્ ગૂજરાતના સર્વ સાક્ષરોના અભિપ્રાયરૂપે એ કાર્યની સવિશેષ ઇષ્ટતા જણાવે તો સોસાઈટિને પોતનાના કામમાં અનુમોદન મળવાથી આનન્દ થાય, અને લોકમત અનુકૂળ છે એટલી બુદ્ધિ થતાની સાથે અત્યારે એ જેટલા ઉત્સાહથી પોતાનું કામ કરે છે તેથી દશગણા ઉત્સાહથી કરે. જૂનાં ફંડોથી અત્યારે નિર્વાહ ચાલે છે, તેમાં સાહિત્યવિષયક લોકોત્સાહ વધી અમુક અમુક કાર્ય માટે નવાં ફંડો ઊમેરવામાં આવે તો પ્રાચીન પુસ્તકોની હસ્તલિખિત પ્રતો, શિલાલેખો, તામ્રપટો, સિક્કાઓ વગેરેનું સંગ્રહ-સ્થાન કરવાનું, તેમ જ જૂનું સાહિત્ય અને ઇતિહાસ બહાર લાવવાનું, તથા પાશ્ચાત્ય સાહિત્યને અત્રે ઉતારવાનો વિશાળ પ્રયત્ન આદરવાનું બહુ સારી રીતે બને. છેલ્લી બાબત જનસમાજની કેળવણી વધારવાની તે તો સાહિત્યપરિષદ્‌ના પ્રદેશથી સર્વથા બહાર છે. તથાપિ ઉચ્ચ કેળવણીમાં ગૂજરાતીને યોગ્ય સ્થાન અપાવવાનો શ્રમ તો એ સંસ્થા જ કરી શકે એમ છે. સર્વ કેળવણી માતૃભાષાદ્વારા આપવી જોઈએ એ સત્ય સર્વાનુમતે સ્વીકારાયા છતાં એનો વ્યવહારમાં અમલ થાય એ સંભવ તો અમને અમારા જીવનકાળમાં નજરે જ પડતો નથી, તથાપિ અત્યારે ગૂજરાતીના અભ્યાસનો મેટ્રિક્યુલેશન અને એમ. એ. વચ્ચેનો ગાળો પૂરાવવા સાહિત્યપરિષદ્ જેવું મંડળ આગ્રહ ધરે તો પાંચે દસે વર્ષે પણ એ લડત સફળ થયા વિના રહે નહિ. સરકાર લોકમતનો મહિમા વધારવા માટે અનેક સંસ્થાઓમાં પ્રજાના પ્રતિનિધિઓ માગે છે અને તદનુસાર યુનિવ્હર્સિટિના ફેલોની

કેટલીક સંખ્યા પસંદ કરવાની આપણને સત્તા આપી છે. તો ભવિષ્યમાં એની પસંદગી કરવાનો પ્રસંગ આવે ત્યારે-ઇંગ્લેંડમાં જેમ તે તે સમયના મહાન પ્રશ્નો ઉદા૦ ટૅરિફ રિફૉર્મ-હોમરૂલ વગેરેને આગળ લાવીને એ કસોટીએ પ્રતિનિધિઓની પસંદગી કરવામાં આવે છે, તેમ અત્રે પણ સામાન્ય વિદ્વત્તા કે મૈત્રી કે એવા જ બીજા નિરાકાર અને અપ્રામાણિક ધોરણે ફેલોનું નિયોજન ન કરતાં ગૂજરાતી ભાષાને મૅટ્રિક્યુલેશન અને એમ. એ. ના વચલા ગાળામાં દાખલ કરાવવાનો ખરા હૃદયથી શ્રમ કરે એવી ચોખ્ખી શરતે જ ફેલોની પસંદગી થવી જોઈએ. આમ સબળ અને જવાબદાર લોકમત ઉત્પન્ન કરવાની ફરજ સાહિત્યપરિષદ્‌ની છે.

અમારે મતે સાહિત્યપરિષદ્‌નાં ભાષા ઉપરાંત ભાષાના આત્મા પરત્વે શાં શાં મુખ્ય કર્તવ્યો છે એ બતાવ્યાં. અમને આશા છે કે દિ. બ. અંબાલાલ સાકરલાલ જેવા પુખ્ત ઠરેલ વજનદાર અને વિચારશીલ સ્વદેશહિતચિન્તકના પ્રમુખપણા નીચે આવતી પરિષદ્ ઉપલી દિશામાં કાંઈક સંગીન કાર્ય સિદ્ધ કરી શકશે. સ્વ, ગોવર્ધનરામ અને રા. કેશવલાલ ધ્રુવ પછી એ વર્ગમાં સ્વાભાવિક રીતે જ રા. નરસિંહરાવનું નામ સ્ફુરે છે-તથાપિ જ્યાંસુધી દિ. બ. અંબાલાલ સાકરલાલ રા. રા. લાલશંકર ઉમિયાશંકર રા. રા. રણછોડભાઈ ઉદયરામ વગેરે વડીલ જનોની શાન્ત અને અનુભવી વિચારશક્તિનો લાભ મળી શકતો હોય ત્યાંસુધી તે લેવો એમાં આર્યતા છે એટલું જ નહિ પણ જનસમાજની સમગ્ર શક્તિનો સદુપયોગ છે. પ્રથમ ઉત્સાહી યુવકવર્ગના મગજમાં જન્મ પામેલી આ સંસ્થા પાસેના મધ્યમવયના વિદ્વાનોમાં પ્રસરી અને હવે એ અનુભવી વૃદ્ધજનોને પણ પોતામાં સંગ્રહે છે એ જોઈ જનસમાજની અખંડતાનો મહિમા જાણનાર તેમ જ દરેક કાર્યમાં ઉત્સાહ વિદ્વત્તા અને ડહાપણની ત્રિપુટી મેળવવાની જરૂર સમઝનાર કોઈપણ માણસ આનન્દ પામ્યા વિના રહેશે નહિ. આ વિષય ઉપર આપણાં વર્તમાનપત્રોમાં ઘણો ખેદકારક

વિવાદ ચાલ્યો છે; એ બેસી ગયેલી ધૂળ ફરી ઊરાડવાની, એ દુર્ગન્ધી પંક ફરી ઊછળતો જોવાની અમારી બિલકુલ ઇચ્છા નથી. છતાં એટલું તો કહ્યા વિના ચાલતું નથી કે રા. નરસિંહરાવે એમના પત્રમાં દાખવેલાં સૌજન્ય ગુરુભક્તિ અને આર્યતા આપણે ઘણાંએ શીખવા જેવાં છે.–અને આટલા ખેદકારક વિવાદને અન્તે પણ જો એ ગુણોની છાપ આપણા નવીન ગૂજરાત ઉપર પડશે તો એ લાભ થોડો નથી.

[વસંતઃ વર્ષ ૮, અંક ૮, શ્રાવણ, સં. ૧૯૬૫]

ચોથી ગૂજરાતી સાહિત્યપરિષદ્

ચોથી ગૂજરાતી સાહિત્યપરિષદ્ મળી–મળી અને વેરાઈ, કાંઈ કાર્ય કર્યું ? આ પ્રશ્નનો ઉત્તર, ઉત્તર દેનારના દૃષ્ટિબિન્દુ ઉપર આધાર રાખે છે. પશ્ચિમની આગળ વધેલી પ્રજાઓમાં આવાં નામ ધરાવતી સંસ્થાઓ કેવા પ્રકારની હોય છે એ વર્તમાનપત્રો અને સાઈકલોપીડીઆના આ યુગમાં જાણવું મુશ્કેલ નથી. અને એવી સંસ્થાનું વર્ણન લઈ, એ સાથે આપણી સંસ્થાની સ્થિતિ સરખાવી; એના દોષ કાઢવા સહેલા છે. પણ અમને તો આવી દોષદૃષ્ટિ ધારણ કરતાં-માંડવ્ય ઋષિની કથા સાંભરી આવે છે. એ ઋષિએ બાળપણમાં તીતીઘોડો વીંધ્યો હતો તે માટે યમરાજાએ એમને સજા કરી, ત્યારે ઋષિએ એમને શાપ દીધો કે 'બાળપણમાં મનુષ્ય અજ્ઞાનતાથી ઘણાં પાપ કરે છે પણ તે માટે જવાબદાર નથી; છતાં તમે મને સજા કરી, માટે તમે મર્ત્ય લોકમાં અવતરજો.' યમરાજા વિદુરરૂપે અવતર્યા. આપણી સાહિત્યપરિષદ્ હજી બાલ્યાવસ્થામાં છે, અને બાલ્યાવસ્થાના સઘળા સ્વચ્છન્દ ઉપર હક ધરાવે છે. એણે હજી સુધી કોઈપણ તીતીઘોડો વીંધ્યો હોય એમ અમારા જાણવામાં નથી–બહુ તો ભણવા બેસવાનો વખત એણે રમવામાં ગાળ્યો હશે–એટલું જ, એથી વધારે દોષ એણે કર્યો નથી. છતાં એને જે અતિશય દોષપાત્ર ગણશે, એના ઉપર ટકટકારો કરી એના ખીલતા જીવનને દગ્ધ કરશે, તે ન્યાયના સ્વર્ગીય આસન ઉપરથી ભ્રષ્ટ થશે.

જે ફરજ આપણી આપણાં બાળક પ્રત્યે છે, તે આપણી બાળક સંસ્થાઓ પ્રત્યે છે. બાળકના શારીરિક અને માનસિક ગુણો રાતદિવસ કટુ વાણીનાં વજ્રપતનો કરવાથી ખીલતા નથી; એ ગુણો ખીલવવા માટે માબાપના જેવું મમત્વવાળું હૃદય જોઈએ, એના ઉછેરમાં જાતે ભાગ લેવો જોઈએ; ક્ષણવાર બાળક સાથે બાળક પણ થવું જોઈએ; બાળક થઈને એ બાળકના હૃદયમાં પેશીને, એની નિગૂઢ શક્તિઓ પારખીને, એને બહાર લાવવી જોઈએ, એને વિકસાવવી જોઈએ—આ શિક્ષકનો ખરો ધર્મ છે. પણ બાળકનું જીવન ખીલવવા માટે જેમ મમત્વવાળું હૃદય જોઈએ, તેમ એના હિત ઉપર અડગ ધ્યાન જોઈએ. રમત એ બાળકના જીવનનો ઉદ્દેશ નથી; એના જીવન-વિકાસનું એ એક સાધનમાત્ર છે. રમ્યા સિવાય બાળક ભણી શકતું નથી, એની શારીરિક અને માનસિક શક્તિઓ ખીલતી નથી, માટે એને રમવા દેવું; પણ અર્થહીન, ઉદ્દેશહીન રમત નુકશાનકારક છે એ ધ્યાનમાં રાખવું.

આ ચોથી સાહિત્યપરિષદ્‌માં રમત ઘણી હતી—પણ તે જ સાથે ગંભીર કાર્ય પણ જોડાયેલું હતું. અને તેથી એ રમત સફળ થતી હતી.

સાહિત્યપરિષદ્‌ના કેટલાક ગંભીર શુભેચ્છકોને સામાન્ય નિબંધોથી સંતોષ થતો નથી. આ માટે વડોદરાની બેઠકમાં "ચર્ચા" નો વિભાગ ઉમેરવામાં આવ્યો હતો. પણ ઉચ્ચ અભિલાષવાળા વિવેચકોને તો આ નવા તત્ત્વથી પણ સંતોષ થશે નહિ. સાહિત્યપરિષદ્ એ તરુણ ગ્રૅડ્યુએટો કે વૃદ્ધ મહેતાજીઓના નિબંધ વાંચવાની સભા નથી; તેમ એ અમુક વિષય ઉપર વાદવિવાદ કરવા માટેની 'ડિબેટિંગ સોસાઇટિ' પણ નથી, એ તો નવી 'શોધખોળ' કરનારા વિદ્વાનોનું મંડળ છે—એમ આ પ્રકારના વિવેચકોનું કહેવું છે. પશ્ચિમની સાહિત્ય-પરિષદો આવી ઉચ્ચ તરેહની હોય છે એ અમારા જાણવામાં છે. પણ એ જ્ઞાનનો ઉપયોગ અમારી ઊછરતી પરિષદ્‌ને નિન્દવામાં અમે કદી પણ કરીશું નહિ. અમે અમારી પરિષદ્‌માં તરુણ ગ્રૅડ્યુએટ

અને મહેતાજી વર્ગ ભાગ લે છે એ જોઈ રાજી થઈએ છીએ. વિદ્વાનો પોતાના ગંભીર 'શોધખોળ'ના 'ભાષા અને વ્યુત્પત્તિ'ના નિબન્ધો વાંચે, અને તરુણ અને અર્ધસંસ્કારી જનો એ નિશાળિઆઓની પેઠે સામા બેસીને બગાસાં ખાતા સાંભળે—એ સ્વરૂપ પણ પસંદ કરવા જેવું નથી. મધ્યમ સંસ્કારનો વર્ગ પોતાની શક્તિ પ્રમાણે સાહિત્યસેવા કરવા આવે છે તેને તે કરતાં અટકાવશો તો તેઓનું પરિષદ્ માટે 'મમત્વ' શી રીતે રહેશે? એઓના ઘણા નિબન્ધો સામાન્ય માસિકમાં કે વર્તમાનપત્રોના ખાસ અંકમાં પ્રસિદ્ધ કરી શકાય એવા હોય છે ખરા, પણ જેમ જેમ સાહિત્યપરિષદ્ આગળ વધતી જશે તેમ તેમ એની ભાવના ઊંચી થતી જશે, અને લેખકો પોતે જ પોતાના અયોગ્ય નિબન્ધો આવી મ્હોટી સભામાં રજુ કરતાં શરમાશે—કારણ કે સાહિત્યપરિષદ્‌નું સ્થાન જેટલું પોતાની યોગ્યતા પ્રસિદ્ધ કરવાનું સાધન છે, તેટલું જ તે અયોગ્યતા પ્રસિદ્ધ કરવાનું પણ છે જ. માટે આવા નિબન્ધો હજી થોડોક વખત સહન કરવા પડે તો તે કરવા એવો અમારો મત છે.

બીજું—'શોધ-ખોળ' શબ્દ એ અંગ્રેજીમાં જેને 'Cant' યાને અર્થહીન ગતાનુગતિક ઉચ્ચાર માત્ર કહે છે તેવો આજકાલ થઈ રહ્યો છે. એની વાસ્તવિક અગત્ય વિષે કોઈ અજાણ્યું નથી, અને બેશક એ ઇષ્ટ છે. પણ બુદ્ધ ભગવાન કહે છે તેમ—સ્હામા કિનારાને ઊંચે અવાજે બોલાવવાથી તે આમ આવતો નથી; વહાણમાં બેશી હલેસાં મારી એ તરફ પ્રયાણ કરીએ ત્યારે જ ત્યાં પહોંચાય. પ્રમુખ મહાશયે પણ ભગવાનલાલ ઇન્દ્રજી અને રતિરામ દુર્ગારામ પછી આ જાતનું કામકાજ થતું બંધ પડ્યું છે તે માટે શોક દર્શાવ્યો છે. પણ એ જાતનું કામ ફરી શી રીતે થવા લાગે એ બાબત વિષે કાંઈ માર્ગ બતાવ્યો નથી. પ્રાચીન શોધખોળ ગયા જમાનાના આપણા પૂર્વજો કરી ગયા અને આપણે કરતા નથી. એમાંથી આપણે એમનાથી ઊતરતા છીએ એવું જ અનુમાન નીકળે છે! અમને એ

પૂર્વજો માટે પૂર્ણ માન છે. પણ પોતાને ઊતરતા લેખવાથી જ એ માનવૃત્તિ દર્શાવાય એમ અમે ધારતા નથી. વસ્તુતઃ એમના અને આપણા સમય વચ્ચે આ જાતના કામકાજની સરળતા પરત્વે ઘણો ભેદ છે. પહેલાં સોનું જમીન ઉપર કોદાળી મારતાં જડી આવતું. એ બધું સોનું હવે બહાર નીકળી ગયું. પ્રત્યેક પ્રાન્તના વિભાગની જિલ્લાની અને તાલુકાની પ્રાચીન હકીકત ગૅઝેટીયરમાં સંગૃહીત થઈ ગઈ. લોકકથાઓનો પણ, પોતાના અધિકારનો યોગ્ય લાભ લઈ કેટલાક અંગ્રેજ અમલદારોએ ભાટ ચારણોને એકઠા કરી, સંગ્રહ કર્યો. હવે એમાં જે ઊમેરો થઈ શકે એવો છે તે વધારે શ્રમસાધ્ય છે. ઉપરનું રૂપક વાપરીએ તો હવે સામાન્ય કોદાળીને બદલે માઈનિંગના યાને ખનિજ ખોદી કાઢવાનાં પ્રબળ યન્ત્રોની જરૂર છે. હવે છૂટા-છવાયા વ્યક્તિના યત્નોથી બહુ કાર્ય થવાનું નથી. સાહિત્યપરિષદ્ જો 'એ જાતની શોધો થઈ નિબન્ધ વંચાય તો કેવું સારું!' એવી શુભ ઇચ્છા બતાવીને જ બેશી રહેશે તો એ ઇચ્છા સિદ્ધ થએલી જોવાનો એને કદી પણ વખત આવશે નહિ. સરકારના 'આર્કીઓલોજી' ખાતા સાથે સરકારદ્વારા સંબન્ધ બાંધી એની જોડે વ્યવહાર ઊઘાડી, જરૂર લાગે ત્યાં સરકાર પાસે ખોદાણ કામ વગેરેનું ખર્ચ કરાવી, પોતાનું કાર્ય કરાવવા પરિષદ્ યત્ન કરશે તો જ તેને આ દિશામાં ફળસિદ્ધિ થશે. હાલ જેમ મિ. દેવદત્ત ભાંડારકર એ ખાતામાં કામ કરે છે, તેમ એકાદ તરુણ બુદ્ધિશાળી ગૂજરાતી પણ એ ખાતામાં ઊમેરાય અને એની આ કાર્ય ઉપર ખાસ નીમણુંક કરવામાં આવે એ પણ આ માટે જરૂરનું છે. વળી પરિષદ્ જો ગૂજરાતનાં કયાં કયાં સ્થાનોમાંથી લોકવાર્તા લોકગીત મળી શકે એમ છે એ સંબન્ધી ચોકકસ માહિતી એકઠી કરી ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાઈટિ ઉપર મોકલે તો તેને આધારે એ સંસ્થા પણ ખાસ માણસ રોકીને કેટલુંક કામ કરાવી શકે. પરિષદ્ 'જોડણી' અને 'પરિષદના બંધારણ' લગતા કામથી હાલ મુકત થઈ છે, તો હવે આ નવા વિષય ઉપર લક્ષ દે તો તે બની શકે એમ છે.

આ સાહિત્યપરિષદ્‌માં ‘વિજ્ઞાન’ (Science)ના સાહિત્ય માટે પ્રમુખ તરફથી તેમ જ કેટલાક લેખકો તરફથી બોલવામાં આવ્યું હતું. આ વિષયની હિન્દુસ્થાનને સાંપ્રતકાળમાં ઘણી જ જરૂર છે. પરંતુ એ સંબન્ધી જેટલો ઉત્સાહ દર્શાવાય છે તેના પ્રમાણમાં વ્યવહારૂ પગલાં થોડાં જ ભરવામાં કે સૂચવવામાં આવે છે, ‘વિજ્ઞાન’ એ પુસ્તકદ્વારા પઢવાનું શાસ્ત્ર નથી, પણ પ્રયોગ વડે અનુભવમાં લેવાનું શાસ્ત્ર છે. અને તેથી જો કે સરલ બોધદાયક વિજ્ઞાનનાં પુસ્તકો નકામાં નથી, તથાપિ જો વિજ્ઞાનનો અભ્યાસ ખરેખર લાભપ્રદ કરવો હોય તો પ્રયોગશાળા તરફ લક્ષ દેવું જોઈએ. આ બાબતમાં સાહિત્યપરિષદ્ કેટલું કરી શકે એ શંકા પડતું છે. આપણાં બાળકોમાં વિજ્ઞાનપ્રત્યે ખરી અભિરુચિ ઉત્પન્ન કરવી હોય, અને એ રુચિ એમના જીવનમાં વણાઈ જાય એમ કરવું હોય તો હાલ નિશાળોમાં ‘પદાર્થપાઠ’ શીખવવાનાં સાધનો હોય છે તે કરતાં ઘણાં વધારે જોઈએ, અને ઈંગ્લંડની શાળાઓમાં બાળકોની અવલોકનશક્તિ કેળવવા માટે ‘Nature diaries’ રખાવવામાં આવે છે એવી અને એ જાતની બીજી અનેક ગોઠવણો જરૂર કરવી જોઈએ. પણ આ કાર્ય કેળવણીપરિષદ્‌નું છે, સાહિત્યપરિષદ્‌નું નથી. સાહિત્યપરિષદ્ ઇચ્છે તો એક યોજના કરી શકે. રાજકોટમાં જે વ્યાખ્યાનમાળા યોજી હતી, અને જે કાર્ય કરનારાઓની અનુકૂળતાને અભાવે તેમ જ એ વસ્તુની ખરી જરૂરિયાતને અભાવે, અત્યારે પડી ભાગી છે–તે બીજે રૂપે, અને વધારે ઉપયોગી રૂપે સાહિત્યપરિષદ્ ફરી દાખલ કરી શકે. વિજ્ઞાનનું સાહિત્ય ઊભું કરવું હોય તો વિજ્ઞાનના સેવકો ઊભા કરવા જોઈએ. તે માટે ગૂજરાતી અને અંગ્રેજી શાળાઓમાં ન્હાનપણથી વિજ્ઞાનનો શોખ વધે એવી ગોઠવણ કરવી જોઈએ. અને તેનો આજથી પાયો નંખાય તો જ આજથી પચીસ વર્ષે ગૂજરાતીમાં વિજ્ઞાનશાસ્ત્રના ગ્રન્થોની આશા રાખી શકાય. આ કાર્ય સાહિત્યપરિષદ્ એના અંગભૂત વિજ્ઞાનશાસ્ત્રના વિદ્વાનો પાસે–ગૂજરાતનાં થોડાંક શહેરો પસંદ કરી ત્યાં સપ્રયોગ વ્યાખ્યાનો અપાવીને સાધી

શકે. વિજ્ઞાનના પારિભાષિક શબ્દો ઉત્પન્ન કરવાનું અને લોકમાં એને રૂઢ કરવાનું પણ આ જ સાધન છે. વિજ્ઞાનના ગ્રન્થો ઉત્પન્ન કરવા માટે આ કરતાં વધારે સાહિત્યપરિષદ્ કરી શકે એમ નથી.

ત્રીજું—સાહિત્યપરિષદ્‌માં કયા કયા વિષયો ઉપર નિબન્ધો મંગાવવા એ સંબંધી અમારો મત પૂછવામાં આવ્યો ત્યારે વડોદરાની કમિટિએ કરેલી વિષયની યાદીમાં અમે 'સાહિત્યપરિષદ્‌નો કાર્યપ્રદેશ' એ વિષય ઊમેરી મોકલ્યો હતો. આ સંબંધમાં લોકમત શો છે એ પ્રકટાવવાની તથા એ ઉપર સાહિત્યપરિષદ્‌માં ચર્ચા થવાની જરૂર હતી. પરંતુ એ તરફ અમારા કોઈ પણ સાક્ષર બન્ધુનું લક્ષ ગયું નથી. પરિષદ્‌માં એ વિષયની જરૂરિયાત માત્ર સૌ. વિદ્યા પોતાની મેળે જોઈ શકયાં હતાં. મિસ. પાલમકોટની ગેરહાજરીમાં પોતે એમનો નિબન્ધ વાંચી છેવટે આ વિષય ઉપર કોઈક વિદ્વાન પાસે સવિસ્તર નિબન્ધ લખાવવો એવી એમણે બહુ અગત્યની સૂચના કરી હતી. આ વિષયને અમે આટલું મહત્ત્વ આપીએ છીએ તેનું કારણ એ છે કે પશ્ચિમના સુધરેલા દેશોમાં આ જાતની પરિષદનું જે સ્વરૂપ હોય છે તે જ આપણી પરિષદ્‌નું હોવું જોઈએ એમ માનવું તે અમને ભૂલભરેલું લાગે છે. અમારે મતે તો આપણી સાહિત્યપરિષદ્‌નાં સઘળાં કર્ત-વ્યોમાં મ્હોટામાં મ્હોટું–'શોધખોળ' કરતાં પણ મ્હોટું, અને 'ભાષા' 'વ્યુત્પત્તિ' અને 'જોડણી' કરતાં પણ મ્હોટું–કર્તવ્ય તે ગૂજરાતી વાચકને માટે વિવિધ વિષયોનું વિશાળ અને સંગીન સાહિત્ય પૂરૂં પાડવું એ જ છે. આ સાહિત્ય શી રીતે પૂરૂં પાડવું? ભાષાન્તરોથી. 'ભાષાન્તરોથી' એમ અમે બેધડક કહીએ છીએ. જેઓ 'Original' યાને સ્વયંકલ્પિત ગ્રન્થોની વાતો કરે છે તેમને તે કરવા દો. જગતના સાહિત્યવિકાસનો ઈતિહાસ અમારી તરફ છે, એમની તરફ નથી અને તેથી અત્યારે સ્વયંકલ્પિત યાને કપોલકલ્પિત ગ્રન્થોને બદલે ભાષાન્તરો પસંદ કરતાં અમે શરમાતા નથી. જગતનાં વિવિધ સાહિત્યોના ઈતિહાસ, પૂર્ણ રીતે જોઈ જાણીને શ્રીમંત મહારાજા

સાહેબે પોતે છેવટના ભાષણમાં યોગ્ય કહ્યું હતું કે 'There is no shame...' 'ભાષાન્તરો કરવામાં કાંઈ જ શરમ નથી.' જેઓ દિન દિન જગતના મહાન ગ્રન્થો જૂએ છે તેમને ગૂજરાતી સાહિત્યની દરિદ્રતા હૃદયભેદક થઈ પડે છે. પ્રાચીન હિંદુસ્થાનનું અને પ્રાચીન અર્વાચીન પશ્ચિમ દેશોનું કેટલું બધું સાહિત્ય ગૂજરાતી વાચકને અજાણ્યું છે! એનો શતાંશ પણ અત્યારે ગૂજરાતીમાં ઊતારી શકાય એમ નથી. પણ જે પુસ્તકથી મનુષ્યનું સૃષ્ટિ પ્રત્યે દૃષ્ટિબિન્દુ હંમેશ માટે બદલાઈ ગયું અને પરિણામે 'ઈવોલ્યૂશન' શબ્દ ઘરગથ્થુ થઈ ગયો—તેવા પુસ્તકનું (Darwin's 'Descent of man'નું) પણ ગૂજરાતીમાં ભાષાન્તર નથી એ થોડા શોકની વાત છે? પ્રાચીન સંસ્કૃત સાહિત્યનો લોકને લાભ આપવા માટે ગૂજરાતી પ્રેસના ઉત્સાહી અધિપતિ રા. ઇચ્છારામભાઈએ ઘણું કર્યું છે. પણ એક ખાનગી ગૃહસ્થ કેટલું કરી શકે? દ્રવ્યનો ભોગ પણ કેટલો આપી શકે? અત્યારે સાહિત્યપરિષદે એનાં બધાં કાર્યોને ગૌણ કરી, આ કાર્યને પ્રથમ સ્થાન આપવું જોઈએ છે. અને સુભાગ્યે એ કાર્ય એને હવે હાથ ધરવું જ પડશે.

શ્રીમંત મહારાજા સાહેબે જે બે લાખની સખાવત કરી છે.* તેનો યોગ્ય લાભ લેવા માટે સાહિત્યપરિષદે ગોઠવણ કરવી જોઈએ. એ પરિષદ્‌માં સર્વ વિષયોના ઉત્તમ વિદ્વાનો છે. એ વિદ્વાનોની મદદથી જુદા જુદા વિષયો માટે ત્રણ ત્રણ વર્ષનો—એટલે કે એક પરિષદ્‌થી બીજી પરિષદ્ સુધીનો—કાર્યક્રમ એણે નક્કી કરાવવો જોઈએ,

× આ રકમ પરિષદ્‌ને સોંપવાની નથી, અને તે યોગ્ય જ છે. પરિષદ્‌ના સામાન્ય વ્યવહાર માટે જોઈએ તે કરતાં વધારે ભંડોળ એકઠું કરવાનો વિચાર અમને પસંદ નથી. દ્રવ્યમાં કલિ રહે છે. માટે જ્યાં કલિનો અવકાશ ન હોય એવે ઠેકાણે જ દ્રવ્ય રહે એ ઠીક. સાહિત્યપરિષદ્ સાહિત્યની પ્રગતિનો નકશો દોરે અને તે વ્હર્નાક્યુલર સોસાઇટિ, શ્રીમંત મહારાજા ગાયકવાડનું કેળવણીખાતું વગેરે આગળ રજુ કરે તો બસ.

અને મહારાજા સાહેબના કેળવણીખાતા પાસે માણસો પસંદ કરાવી એ કાર્યક્રમ અમલમાં મૂકાવવાની ગોઠવણ કરવી જોઈએ. આપણા તરુણ ઉત્સાહી અને સાહિત્યપ્રેમી ગ્રૅડ્યુએટો આ કામ કરવામાં બહુ ઉપયોગી થશે. સાધારણ રીતે અત્યારે એમ જોવામાં આવે છે કે સુપ્રતિષ્ઠિત વિદ્વાનો એમની વિદ્વત્તાના વ્યવસાયને લીધે કે અન્ય વ્યાવહારિક કારણોથી આ કાર્યમાં થોડો જ સમય આપી શકે છે. પણ તરુણ ગ્રૅડ્યુએટોને વિદ્યાભ્યાસથી પરવારીને—વ્યવહારમાં સારી રીતે ગૂંથાતાં જે લગભગ દશેક વર્ષ જાય છે એ સમયમાં એ સાહિત્યની આ જાતની સેવા કરી શકશે, અને આ જાતની સેવા માટે પુખ્ત અનુભવ કે વિચારશક્તિની પરિપક્વતાની જરૂર નથી એટલે એમની તરુણતા પણ એમાં બાધક થવાની નથી. આ દશ વર્ષ સાહિત્યને કરેલી સેવાથી ગૂજરાતી સાહિત્ય માટે એમનું મમત્વ બંધાશે, અને એ પાયા ઉપર એમની ભવિષ્યની વિદ્વત્તા બહુ મજબુત રીતે ચણી શકાશે.

[વસંત : વર્ષ ૧૧, અંક ૪, વૈશાખ, સં. ૧૯૬૮]

આવતી (૮ મી) સાહિત્યપરિષદ્‌નું પ્રમુખપદ

આઠમી ગૂજરાતી સાહિત્યપરિષદ્ મુંબઈમાં 'ઈસ્ટર'ની રજાના દિવસોમાં મળનાર છે. તે પ્રસંગે પ્રમુખપદ કોને આપવું એની ચર્ચા અત્યારથી જોસભેર ચાલી રહી છે અને રૂ. ૧૦ ભરી દઈ એકદમ મતાધિકાર મેળવી લેવાની ભલામણ થવા લાગી છે.

વર્તમાન હિંદમાં એક તરફથી, પૂર્વે પશ્ચિમની સંસ્કૃતિ સામે પોતાનું સ્વરૂપ ટકાવી રાખવું એવા સ્વાત્મગૌરવના ઉદ્‌ઘોષ સાંભળીએ છીએ, ત્યારે બીજી તરફ એ જ સંસ્કૃતિના પ્રચંડ પૂરમાં હિન્દ તણાતું જતું આપણી નજરે જોઈએ છીએ! આ શોકજનક સ્થિતિ રાજકીય વિષયથી માંડી આપણા જીવનના સર્વ પ્રદેશોમાં વ્યાપતી જાય છે. હરકોઈ કાર્ય પરસ્પર સમઝી સમઝાવીને સર્વાનુમતિથી કરવાને બદલે તાણાતાણની પદ્ધતિએ જ કરવા જઈએ છીએ, અને ખરી મતસ્થિતિને સ્થાને કૃત્રિ મતગણનાને પૂજીએ છીએ! વિના કલહે ખરી મતસ્થિતિથી જ દોરાઈને બહુમતીના ધોરણે કામ કરવામાં આવે તો એમાં કાંઈ ખોટું નથી. પણ બહુ મતનું સ્થાન બહુ કલહે લીધું છે, અને સાહિત્યના ક્ષેત્રમાં રસિકતા અને ઉદારતા હોવાં જોઈએ તેને બદલે કુરૂપતા અને અસૂયા ઉત્પન્ન થવા લાગ્યાં છે. અત્યારે આ સંતાપજનક વાતાવરણમાં કાંઈક શીતળ કુંજ હોય તો તે. એ છે કે જે પુરુષોનાં પ્રમુખપદ માટે નામ સૂચવવામાં આવ્યાં

છે તેઓમાં ભાગ્યે જ પરસ્પર વિરોધ છે, અને થોડો ઘણો મતભેદ હશે તો તે એવો છે કે એમને જ જો માંહોમાંહે એનું સમાધાન કરી લેવાનું કહેવામાં આવે તો ક્ષણવારમાં તેઓ તે કરી શકે.

અમારો પોતાનો આ સંબન્ધમાં જે મત છે તે બે વાક્યમાં દર્શાવી દઈએ છીએ.

(૧) સાહિત્યપરિષદ્ લગભગ બે દસકાથી જોડણી-કોશ અને વ્યાકરણની ઘરડ (rut)માં પડી છે એમાંથી એને કાઢવી હોય, અને એમાં નવું જીવન અને નવી ભાવના ભરવી હોય તો-ગાંધીજીને પ્રમુખ કરો: એમની પાસેથી પ્રાચીન કે અર્વાચીન ગૂજરાતી ભાષા અને સાહિત્યનું પાંડિત્ય નહિ મળે અને કદાચ અસ્વસ્થ શરીર કે અન્ય વ્યવસાયના કારણથી લાંબું "પ્રમુખનું ભાષણ" પણ એ નહિ લખી શકે-પણ નવું જીવન અને નવી ભાવનાનું દિગ્દર્શન એમની વાણીમાંથી અને એમની કાર્યયોજનામાંથી આપણે જરૂર પ્રાપ્ત કરીશું.

(૨) ગાંધીજી અલભ્ય જ હોય, અથવા તો પડે ચીલે જ ચાલવું સહુને પસંદ હોય, તો તે ચીલામાં પણ આપણને સંગીન ડહાપણ અને વિદ્વતાથી દોરનાર પ્રમુખ મળે એમ છે: રા. રમણભાઈ.

અમારા જૂના જમાનાના વિદ્વાનોમાં, રા. રમણભાઈ જેટલો પૂર્વોક્ત પ્રમુખપદનો હક અત્યારે બીજા કોઈનો જ નથી. ગૂજરાતી ભાષા અને સાહિત્ય ઉપર ખરા હૃદયનો એમનો પ્રેમ, એ ભાષા અને સાહિત્યને વિદ્વતા અને રસિકતાથી એમણે કરેલી સેવા, અને સાહિત્યપરિષદ્‌ના મંત્રી તરીકે એના આરંભથી અત્યાર સુધી કરેલું એમનું કામ-એ ધ્યાનમાં લેતાં એ પ્રમુખપદ માટે આ બીજી દૃષ્ટિએ રા. રમણભાઈ જ હોઈ શકે.

અમે આશા રાખીએ છીએ કે મુંબાઈની સ્વાગત-સમિતિ સર્વાનુમતે પૂર્વોક્ત બે સૂચનાઓમાંથી જ એક પસંદ કરશે.

[વસન્તઃ વર્ષ ૨૪, અંક ૯, આશ્વિન, સંવત ૧૯૮૧].

આવતી (૮ મી) સાહિત્યપરિષદ્

મુંબાઈએ આખરે યોગ્ય સાક્ષરવરને વરમાળ પહેરાવી. અમે આગળ જણાવ્યું હતું તે પ્રમાણે, આવા બ્રાહ્મવિવાહમાં સ્વયંવરની અહમહમિકાને સ્થાન હોય જ નહિ, અને તેથી મુંબાઈએ દર્શાવેલી એકનિષ્ઠાથી સહુને આનંદ થયો છે. રા. રમણભાઈને સાહિત્યપરિષદ્‌નું પ્રમુખપદ આપવામાં જેટલી કૃતજ્ઞતા રહેલી છે તેટલી જ ગુણજ્ઞતા પણ છે. એમણે પરિષદ્‌ને આરંભથી અત્યારસુધી અનન્ય-સાધારણ સેવા કરી છે એટલું જ નહિ, પણ એમનામાં પાંડિત્ય વૈદગ્ધ્ય અને કાર્યદક્ષતાનો વિરલ સંયોગ છે, અને અમને વિશ્વાસ છે કે આ ત્રણે ગુણો એમના પ્રમુખ તરીકેના ભાષણમાં તેમજ તે પછીના પરિષદ્‌ના કાર્યમાં પ્રકટ થયા વિના રહેશે નહિ. ભૂતકાળમાં વખતોવખત પરિષદ્‌ના કાર્યપરત્વે વાતચિત થતાં એમના ત્રણ મહત્ત્વના સિદ્ધાંત–અન્તર્‌ના ભાવ–અમારા જાણવામાં આવ્યા છે; એક એ કે સાહિત્યપરિષદ્ તે વિદ્વાનોનો સમાજ છે, એનો દ્રવ્યસંગ્રહ સાથે સંબન્ધ કરવો ન જ જોઈએ; બીજો એ કે પરિષદ્ સાક્ષરો ઉત્પન્ન કરવા માટે નથી પણ ઉત્પન્ન થએલાઓને પરસ્પર સમાગમમાં લાવી તેઓના વિચારોનો પ્રત્યક્ષ વિનિમય અને સંશોધન કરાવવા માટે; અને ત્રીજો એ કે પરિષદ્‌માં બ્રાહ્મણની સાદાઈ જોઈએ, ધામધૂમ ન જોઈએ. આ ત્રણે સૂત્રો બહુ મહત્ત્વનાં છે, અને અમે આશા રાખીએ છીએ કે અત્યારે તીવ્રતાથી કાર્યોન્મુખ બનેલી

પરિષદ્ કાર્યના અતિવ્યામોહમાં પડી એનું આત્મસ્વરૂપ ભૂલી ન જાય તે માટે રા. રમણભાઈ પોતાની લાક્ષણિક શાન્ત વિમલ અને ગંભીર બુદ્ધિથી પરિષદ્‌ને યોગ્ય સલાહ આપશે.

પૂર્વોક્ત ત્રીજા સૂત્ર વિષે તો કાંઈ કહેવાનું ન જ હોય. બીજાં બે–સર્વ સંક્ષિપ્ત વચનોની રીતે–અર્ધ સત્યનાં જ પ્રતિપાદક છે, પણ સત્યનું જે પાસું વિસ્મૃતિના પટથી છવાઈ જતું હોય તેને પ્રકટિત રાખવા માટે ઉપયોગી છે. સો મણ વિચારો કરતાં એક રતિ ક્રિયા વધારે કિંમતી છે એ વાત જગત્‌ના કોઈપણ વ્યવહારમાં ખરી નથી. અને સાહિત્યપરિષદ્‌ના પ્રદેશમાં તો એ જરૂર ખોટી છે. અત્યાર સુધી સાહિત્યપરિષદ્‌ના નિબંધો ઘણા વંચાઈ ગયા, હવે તો સાહિત્યપરિષદે કાંઈ કામ કરી બતાવવું જોઈએ એવા ઉદ્‌ગાર આપણે ઘણીવાર સાંભળીએ છીએ, અને પરિષદ્‌ની દૃષ્ટિ સંસ્થાઓ રચવા તરફ અત્યારે વળતી અને વાળવામાં આવતી આપણે જોઈએ છીએ. હાલનો જમાનો વિશેષતઃ યન્ત્રોનો, સંસ્થાઓનો છે. અને એ દ્વારા ઘણું કાર્ય થઈ શકે છે એ અમે માનીએ છીએ. પણ અનાજ ઓર્યા વિનાની ઘંટી ઘર્ષણ જ કર્યા કરે, એમાંથી લોટ નીકળે નહિ–એટલું ધ્યાનમાં રાખીને જ ઘંટી ફેરવવા અમારા ભાઈઓને અમારી વિનંતિ છે. કોઈ કહેશે કે અનાજ પણ ઘંટીમાં આકાશમાંથી ઊતરશે? અનાજ ઉત્પન્ન કરવા માટે પણ ખેતીની યાન્ત્રિક યોજના જરૂરની છે. આ કહેવું ખરૂં છે, પણ અર્ધું જ ખરૂં છે. મનુષ્ય જીવે છે–સુંદરતાથી જીવે છે–તે માત્ર અનાજ ખાઈને જ નહિ, પણ સુંદર વૃક્ષો ઉપરથી લચતાં ફળ ખાઈને પણ; એ ફળ ઘંટીમાં ઓરાતાં નથી–प्रीतिर्मधुरस्यार्द्रासु मञ्जरीष्विव जायते। તે સાથે, મનુષ્યને અનાજની પણ જરૂર છે ખરી. આ રીતે સાહિત્યસૃષ્ટિના બે ભાગ પડે છે; એક અનાજ અને એક ફળ; એક યાન્ત્રિક યોજના યાને સંસ્થાઓ દ્વારા ઉત્પન્ન થતો જ્ઞાનરાશિ, અને બીજો નૈસર્ગિક રીતે કવિપ્રતિભાના

કલ્પતરુ ઉપર ફળરૂપે જામતો રસપ્રવાહ. આ એમાંથી રસપ્રવાહ ઉત્પન્ન કરવામાં પરિષદ્ બહુ ન કરી શકે, અને એ ન કરી શકે એમાં એની હીનતા પણ નથી, કારણ કે એ કાર્ય એના ઉદ્દેશમાં હોઈ જ ન શકે, એનું વિશેષ કાર્ય જ્ઞાનરાશિ ઉપજાવવાનું છે—જો કે જ્ઞાન અને રસ વચ્ચે જેટલો સંબંધ છે તેટલા પૂરતી જ્ઞાનને કરેલી સેવા રસને પણ ઉપકારક થાય છે. ઉપરની ઉપમા ફરી ઉપયોગમાં લઈને બોલીએ તો વનનાં ફળ પણ હવે બગીચામાં પ્રયત્નપૂર્વક ઊગાડીને વધારે રસીલાં અને સુંદર બનાવવામાં આવે છે, તેટલા પૂરતી પરિષદ્ પણ કુશળ બાગવાનનું કામ કરે તો કવિ-પ્રતિભાનાં ફળને પણ તેવાં જ બનાવી શકે. પણ આ કાર્ય એને માટે કઠણ છે. એનું વિશેષ કાર્ય જે જ્ઞાનરાશિ ઉપજાવવાનું તે પરિષદ્ વધારે સારી રીતે કરી શકે. પરિષદ્ આગળ બહોળાં ખેડ્યાં અણખેડ્યાં ક્ષેત્ર પડ્યાં છે. અને અમે આશા રાખીએ છીએ કે એ ખેડવા માટે, એમાં ખાતર પૂરવા માટે, ન્હાના ન્હાના જમીનના કકડા એકઠા મેળવવા માટે, જોઇતા કૂવા ખોદવા માટે, પાણીની નહેરો ખેતરમાં વાળવા માટે, ખેડૂતોનાં પરસ્પર સહાયક મંડળો રચવા માટે, પરિષદ્ વિશાળ અને વિવિધ યોજના ગૂજરાત આગળ રજુ કરશે.

[વસંત : વર્ષ ૨૪, અંક ૧૧, માર્ગશીર્ષ, સં. ૧૯૮૨]

આઠમી ગૂજરાતી સાહિત્યપરિષદ્

આઠમી ગૂજરાતી સાહિત્ય પરિષદ્ મુંબઈમાં ભરાઈ છે, અને એઠક પૂરતું એતું કામ સમાપ્ત થયું છે, એનું અવલોકન આ પત્રમાં અન્ય સ્થળે રા. રા. નરસિંહરાવની દૃઢ અને રસભરી કલમથી થશે. પરંતુ એક તન્ત્રી તરીકે અમારે માથે પણ એ સંબંધી થોડાક વિચાર દર્શાવવાની ફરજ છે.

પરિષદ્, આ વખતના એના કાર્યની વિકટતાના પ્રમાણમાં, બહુ સારી રીતે પાર ઊતરી. એનો યશ, રા. કન્હૈયાલાલ મુનશીની કાર્યદક્ષતા અને આપણા ગૂજરાતી ભાઈઓનું સ્વાભાવિક શાણપણ એ બે કારણ વચ્ચે, શા શા પ્રમાણમાં વ્હેંચવો એ નક્કી કરવું કઠણ છે. તેથી અમે ઉભયને એકઠો ધન્યવાદ આપીએ છીએ. મુંબાઈ પરિષદે સર્વાનુમતે યોગ્ય પ્રમુખ પસંદ કર્યા, અને પરિષદ્‌ના બંધારણ જેવું વિષમ કાર્ય ગમે તે રીતે પણ અત્યારે કરી નાંખ્યું એ બે વાત એના કાર્યની નોંધપોથીમાં મ્હોટે અક્ષરે નોંધાએલી રહેશે.

પરિષદ્‌માં પ્રમુખનું ભાષણ હંમેશાં મુખ્ય ધ્યાન ખેંચે છે, અને એનો ઉદ્દેશ પરિષદ્‌ના કાર્યમાં રસ લેનાર શ્રોતાઓ ઉપરાંત બહારના જનોને પણ કેટલીક વસ્તુસ્થિતિ અને કેટલીક કાર્યદિશા દર્શાવવાનો હોય છે. આ કામ રા. રમણભાઈના ભાષણે ઉત્તમ રીતે કર્યું છે. જેઓને દારૂખાનાની હવાઈઓના રંગ જ જોવાનું ગમે છે, તેમને

રા. રમણભાઈએ કરેલી ખેતરના પાકની આંકણી નીરસ લાગી હશે, પણ જેઓને આપણા સાહિત્યની ખરી સ્થિતિ જાણવાની ઉત્સુકતા હોય, અને એને સુધારવાના ઉત્સાહ માત્રથી જ મત્ત રહેવા કરતાં માર્ગ જાણવાની અધિક ઇચ્છા હોય તેમને આ ગંભીર, નિખાલસ અને પ્રૌઢ વિચારકનું ભાષણ ફરી ફરીને વાંચવા અમારી ભલામણ છે.

"ભાષા અને સાહિત્યનો ઉત્કર્ષ જે સાહિત્યપરિષદ્નું લક્ષ્ય છે" તે સિદ્ધ કરવા માટે રા. રમણભાઈએ **'શિષ્ટતા'** ઉપર ખાસ આગ્રહ દર્શાવ્યો છે. અને 'શિષ્ટતાની સંપત્તિ' માટે લેખમાં જે અંશો જરૂરના છે તેની ગણના પોતે આ પ્રમાણે કરી છેઃ

(૧) બહુશ્રુતપણાના સંસ્કાર ઉત્તમ લેખોનાં વાચન અભ્યાસ તથા વિવેચનથી વિદ્વતાના સંસ્કાર કેળવ્યા વિના લેખ લખવા જતાં લેખ ગ્રામ્યતા, અજ્ઞાન અને અપરિપકવતાવાળા તથા કઠોર લાગે છે. (૨) વાણી અને વિચારની શુદ્ધતા, સામર્થ્ય અને ઉદાત્તતા, વિચારના તત્ત્વમાં અને તેના ઉચ્ચારણમાં નિર્મળતા ન હોય, સુસંસ્કારિતા ન હોય ત્યાં જુગુપ્સા ઉત્પન્ન થાય છે. જેમાં ઉદાત્તતા ન હોય, કે વાંચનારના ચિત્તને ગ્રહણ કરવાની અને ઉચ્ચ માર્ગે દોરવાની તથા ઉચ્ચતાનું દર્શન કરાવવાની શક્તિ ન હોય તે મોળું, નિર્વીર્ય થઈ પડે છે. (૩) અપૂર્વતા અને કલ્પનામયતા. લેખકનો કોઈ ખાસ સંદેશો છે, તેના વક્તવ્યમાં અથવા ઉક્તિ પ્રકારમાં કાંઈ નવીનતા છે, તેના ચિત્તે કાંઈ ઉડ્ડયન કર્યું છે, અર્થને પ્રકાશિત કરવા કંઈ કલ્પનાનો આશ્રય કર્યો છે, એમ લાગે ત્યાં સુધી આકર્ષકતા નથી આવતી. (૪) વિષયનિરૂપણ ગંભીરતાવાળું, વિવેકવાળું અને સમતોલપણાવાળું હોવું જોઈએ. વિષયના નિરૂપણમાં ઉછાંછળાપણું, તોછડાપણું, બાલિશતા, પક્ષપાતીપણું, વિવેકહીનતા અથવા અવિચારી અત્યુક્તિ જણાય ત્યારે તેનું સામર્થ્ય ન્યૂન થાય છે, લેખક ઉપર માનવૃત્તિ થતી નથી, અને તેનું લખાણ આદરને પાત્ર થતું નથી,—

તથા નિરૂપણ અસર કરી શકતું નથી. (૫) લેખનશૈલીમાં ઓજસ્ પ્રસાદ તથા માધુર્ય હોવાં જોઈએ. સંસ્કૃત આલંકારશાસ્ત્રમાં લેખનના આ ગુણો આવશ્યક કહ્યા છે, ઓજસ્થી શૈલીમાં વીર્ય, ચિત્તનો વિસ્તાર કરનારી દીપ્તિ તથા સ્ફૂર્તિ આવે છે અને તે વિના મંદતા વ્યાપે છે. પ્રસાદથી અર્થની સ્પષ્ટતા થાય છે, ભાષામાં નીતર્યા પાણી જેવી સ્વચ્છતા અને વિશદત્વ આવે છે. તે ન હોય તો લેખન ડોહોળાઈ ગયેલું લાગે છે. એકને બદલ અનેક અર્થનો ભાસ થવાથી ગૂંચવાડો થાય છે, અને અર્થરહિતતાની શંકા નડે છે. માધુર્યથી ભાષામાં મીઠાશ આવે છે, નિરૂપણ રમણીય લાગે છે, તેની રુચિકરતાથી મનોરંજકતા વ્યાપે છે તથા નિરૂપણ આકર્ષક થાય છે. આ રીતે આ ગુણો લેખનમાં આવશ્યક છે. ”

ભાષાના ઉચ્ચ ગુણો માટે અત્યન્ત અજ્ઞાન અને અનાદરથી ભરેલા જમાનામાં શિષ્ટતા માટે આગ્રહ અને એના અન્તર્ગત ગુણોનું પૃથક્કરણ ખરેખર ઉપયોગી થશે.

કાવ્યસાહિત્ય વિષે બોલતાં રા. રમણભાઈ કહે છે:—

“ પિંગળના અનાદર સાથે વ્યાકરણનો અનાદર પણ પ્રવર્તમાન થવા લાગ્યો છે તથા અલંકાર ઔચિત્યવાળા તથા રુચિકર હોવા જોઈએ એ વાત ઉપર પણ દુર્લક્ષ થવા લાગ્યું છે. એક પ્રકારની શિથિલતાની જોડે અનેક પ્રકારની શિથિલતા નિભાવી લેવાની વૃત્તિ થાય છે. ”

તે પછી ‘ કાવ્યેતર સાહિત્ય ’ ઉપર આવતાં એમાં મુખ્ય જે નવલકથાનું સાહિત્ય તેની નિર્બળતાનાં કારણ રા. રમણભાઈએ બહુ સચોટ રીતે બતાવ્યાં છે:

“ નવલકથાસાહિત્યનો વિશેષ વિકાસ શક્ય છે અને આવશ્યક છે, પણ એ કાર્ય કરનારા લેખકોનું બાહુલ્ય ગુજરાતી ભાષામાં નથી. ઐતિહાસિક કથાની રીત માટે ઇતિહાસનો બહોળો અભ્યાસ આવશ્યક

છે, અને સાંસારિક લોકજીવનના ચિત્ર માટે કલ્પનાશીલતાની આવશ્યકતા છે. તથા સાંસારિક જીવનમાંથી નવલકથામાં દાખલ કરી કાયમ રાખવાના અંશો ચુંટી કાઢવાની નિપુણતા તથા તે પર તત્ત્વાન્વેષણની દૃષ્ટિ રાખવાની શક્તિ આવશ્યક છે. એ સર્વમાં અદ્ભુતતા તથા કુશળ વસ્તુસંકલના અને ભાવનામયતા આવશ્યક છે. સાંસારિક લોકજીવનના ચિત્રમાં વર્તમાન પ્રશ્નો સૂચવવાનો તથા તેનું પૃથક્કરણ કરવાનો પ્રયાસ આવવો જોઇએ અને એ પ્રશ્નો ઉકેલવાનો પ્રયાસ આવવો જોઈએ. અદ્ભુતતા માટે તો કહેવું જોઈએ કે ગૂજરાતી પ્રજાના જીવનમાં અદ્ભુતતા ઝાઝી રહી નથી. અને હિંદુસ્તાનના સામાન્ય જીવનમાં પણ તે રહી નથી. મેં એક પ્રસંગે કહ્યાં હતાં તે વચનો અહીં ઉતારી કહીશું કે "હિંદુસ્તાનમાંથી જંગલો કપાઈ ગયાં છે, પ્રાન્તો વચ્ચેનાં યુદ્ધ બંધ થઈ ગયાં છે, પગરસ્તાની લાંબી મુસાફરીઓ અને વણઝારાની પોઠો નાબુદ થઈ ગઈ છે. તેથી અદ્ભુત વાર્તાઓના પ્રસંગ રહ્યા નથી તેમજ સાહસ ખાતર અજાણ્યા સમુદ્રોની સફર કરવાને પ્રજાને ટેવ બન્ધાઈ નથી, અને એ રીતે જીવનવ્યવહારમાં અદ્ભુતતાના અંશ આણી શકાય તેમ નથી" એક બીજું કારણ કહેવા જેવું એ છે કે પ્રજામાં સમૃદ્ધિ રહી નથી તેથી મોજશોખ, સુખોપયોગ કે જાહોજલાલીને લીધે અદ્ભુત પ્રસંગો ઉત્પન્ન થવાનો અવકાશ નથી. "પણ પ્રજાનું જીવન પ્રબળ ભાવનાથી ધબકારા મારી રહ્યું છે. રેલ્વેથી, ટપાલથી, અને વર્તમાનપત્રોથી આખા હિંદુસ્તાનમાં એક નગર પેઠે સંકલ્પોની આપલે થાય છે, પ્રેમના અને ચારિત્ર્યપ્રભાવના અનેક અવસર ઉત્પન્ન થાય છે, ત્યાં નવલકથાની અસાધારણ મોહકતા દર્શાવવા માટે જોઈએ તેટલા પ્રસંગ મળે તેમ છે અને સિદ્ધાંતો ચર્ચવા માટે જોઈએ તેટલી સામગ્રી મળે તેમ છે." પરંતુ, નવલકથા લખવાના શોખવાળા લેખકોની શકિતનો વ્યય માસિકોમાં અલ્પ પ્રમાણની અને ટુંકી વસ્તુની નવલકથા લખવામાં થઇ જાય છે. વિસ્તારી કથા લખવા જેટલો પ્રયાસ કરવાની તથા

કલ્પનાપ્રભાવ દોડાવવાની શક્તિવાળો નવલકથા લેખકવર્ગ હજી બંધાયો નથી."

વર્તમાન ગૂજરાતી નાટક અને રંગભૂમિ વિષે બોલતાં, એ બે વસ્તુના પ્રસિદ્ધ દોષો બતાવવાની સાથે એ માર્ગે સુધારો કરવા માટે અનેક દેશોના સમર્થ નાટકકારોની દૃષ્ટિઓના ઊંડા અભ્યાસ અને ગંભીર દૃષ્ટિની આવશ્યકતા પોતે બતાવે છે:

"શિષ્ટ લેખકો તરફથી નાટકો લખાય અને રંગભૂમિ ઉપર તે ભજવવાની ગોઠવણનો શોખ ખાતર ભજવનાર (amateur) વર્ગ તરફથી પ્રયાસ થાય, આમ થાય તો જ નાટકસાહિત્ય અને રંગભૂમિનો ઉત્કર્ષ થાય, ઉત્તમ પ્રકારનાં નાટકો રચાય અને પડદા, રોશની વગેરે કૃત્રિમ સામગ્રીના બાહુલ્ય વિના તે ભજવાય તથા જ્યાં મનોભાવનો સંગીતમય આવિર્ભાવ યથાયોગ્ય હોય અથવા સંગીતનો ખાસ પ્રસંગ હોય ત્યાં જ નાટકમાં સંગીતનો પ્રયોગ થાય: આવી અનુકૂળતા આવી મળે તો નાટકસાહિત્ય તથા રંગભૂમિની ઉન્નતિ થાય અને સંગીતનું ગૌરવ સચવાય. રંગભૂમિ અને નાટકસાહિત્યની ગતિ સમકાલીન હોય છે અને રંગભૂમિ રસિકતાને અનુકૂલ હોય તે વિના નાટકસાહિત્ય પરિપૂર્ણ સામર્થ્યથી અદ્ભુત થતું નથી. નાટક માટે જે વિશેષ પ્રતિભા આવશ્યક છે તે પ્રયત્ન કરી ઉપજાવી શકાતી નથી, પણ તેના આવિર્ભાવને જે કૃત્રિમ સામગ્રીઓનો અંતરાય નડે છે તે દૂર કરવાથી તે પ્રતિભા જ્યાં હોય ત્યાં તેનો વિકાસ થાય એ શક્ય છે. આ માટેની અભિલાષા પ્રકટ કરતાં એ આશા દર્શાવીશું કે અનેક દેશોના સમર્થ નાટકકારોની કૃતિઓનો ઊંડો અભ્યાસ ગુજરાતના વાચકવર્ગમાં ફેલાશે અને જનસ્વભાવપરીક્ષા તથા કલ્પનાના ઉડ્ડયન વડે પાત્રાલેખનની તથા વસ્તુસંકલનાની કળા વિકાસ પામશે. વ્યવહારના અને વાતચીતનાં સામાન્ય પ્રસંગો ઊંડા હૃદયાન્વેષણ વિના લઘુભાર કથામાં દાખલ કરવાનો હાલના યુરોપના

નાટકસાહિત્યનો ધ્વનિ ગુજરાતીમાં આણવાનો કેટલોક પ્રયાસ થાય છે, પરંતુ સર્વાનુભવરસિક કવિતાની ગહનતા યથાર્થ રીતે દર્શાવનારું સાહિત્ય થાય તે પછી એવા લઘુભાર સાહિત્યનો અવકાશ આવે. હાલ તો પાત્રોના સ્વભાવનાં સૂક્ષ્મ પૃથક્કરણ તથા અન્વેષણ કરનારાં નાટકોના સાહિત્યની આવશ્યકતા છે. અમુક જાતના મનુષ્યસ્વભાવ વિધવિધ પ્રસંગો આવતાં કેવાં પરિવર્તન પામે છે, કેવાં વચન ઉચ્ચારે છે, અને કેવાં આચરણ આચરે છે એ સૂક્ષ્મ પરીક્ષા કરવાની અને પ્રકટ કરવાની શક્તિ ન ખીલે ત્યાં સુધી નાટકસાહિત્ય સામર્થ્યહીન રહે છે, અને એવા સામર્થ્યનો ઉલ્લાસ થતાં પહેલાં નાટકકારો એ શકિત અજમાવવાનો પ્રયાસ છોડી દઈ લઘુભાર રચનામાં પ્રવૃત્ત થાય તો નાટકસાહિત્યનો ઉદય શકય નથી."

આ સંબન્ધમાં રા. રમણભાઈ સાથે અમારો થોડોક મતભેદ છે: અમને લાગે છે કે શોખ ખાતર નાટક ભજવનાર (amateur) વર્ગ પોતે માને છે તેટલી અભિનયશકિત ધરાવતો હોતો નથી, અને અન્ય કળાઓની માફક અભિયનકળા પણ લાંબા અનુભવથી જ પરિપાક પામે છે. એક જ શેકયપિયરની કૃતિ જુદીજુદી રીતે સમઝીને જુદીજુદી રીતે અભિનયમાં ઊતારવામાં આવે છે, એ ઘણા લાંબા પરિચય અને અસાધારણ પ્રતિભાનું જ ફળ હોય છે. એ ધ્યાનમાં લેતાં આપણો કેળવાએલો વર્ગ માત્ર શોખ ખાતર કે સુધારા ખાતર નાટક ભજવીને બેસી ન રહેતાં શોખથી એ ધંધામાં જ પડે તો જ દીર્ઘ અનુભવ અને તેજસ્વી પ્રતિભા એનું કાર્ય કરે, અને ગૂજરાતની રંગભૂમિ નવું રૂપ ધરે.

"પ્રૌઢ સુન્દર ગદ્યશૈલી માટે ઇતિહાસના બહોળા સાહિત્યની આવશ્યકતા છે."—"અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર એ વગેરે વિષયોનું સાહિત્ય ગુજરાતી ભાષામાં છે જ નહિ. એ ખોટ

ચારપાંચ ભાષાન્તરોથી પૂરાય તેમ નથી. એ શાસ્ત્રના અભ્યાસમાં નિપુણ પંડિતો તરફથી નવા મૌલિક (original) ગ્રંથો એ વિષયના રચાય ત્યારે એ સંબન્ધી સાહિત્ય થવા માંડે. અને એ વિષયના વિચાર તરફ લક્ષ જતાં નવા વિચાર પ્રદર્શિત કરવાની વૃત્તિ થવા માંડે. જાહેર જીવનના પ્રસંગોમાં આ વિષયોની છુટક ઉપલકિયા ચર્ચા કરવા આપણે તત્પર રહીએ છીએ, પરંતુ આ વિષયનો શાસ્ત્રીય અભ્યાસ કરવાનો શ્રમ લેવાની ઇચ્છા આપણામાં વિદ્યમાન નથી. એ વિષયોના ન્હાના નિબંધ હજી લખાવા માંડયા નથી. તો વિસ્તારી પરીક્ષાવાળા ગ્રંથો—શ્રમસાધ્ય ગ્રંથો લખવાની હાલ શી રીતે આશા રાખી શકીએ ?"

"ઇતિહાસ, જીવનચરિત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અને રાજનીતિશાસ્ત્ર, સરખા વિષયો ઉપર પ્રૌઢ ગ્રંથો લખાય, માત્ર તવારીખના ઇતિહાસ સંબંધી નહિ પણ લોકજીવનનો ઇતિહાસ, ધર્મનો ઇતિહાસ, એ વગેરે ઇતિહાસના ગ્રંથો લખાય—તે વિના ગુજરાતી ભાષાનું ગદ્ય સમર્થ વેગવાન અને વિવિધ વિષયોને પહોંચી વળનારૂં થવાનું નથી. આધ્યાત્મિક વિષયો સંબન્ધી, નીતિમીમાંસા સંબન્ધી અને તત્ત્વચિંતન સંબન્ધી મૌલિક ગ્રંથોની પણ અપેક્ષા છે."

રા. રમણભાઈની સાચી પણ શ્યામરંગી પીંછીએ ચીતરેલી રજનીથી હૃદય મૂંઝાતું હોય તો હવે સત્કારમંડળના પ્રમુખ રા. કૃષ્ણલાલ ઝવેરીના ભાષણ તરફ વળવું ઠીક પડશે. નીચેનો ઉતારો એ આપણી નસોમાં આશા અને ઉત્સાહનું બળ પૂરવા સમર્થ છેઃ

"આપણા સાહિત્યની સર્વાંગે ઉન્નતિ એ આપણી પરિષદ્દનું ધ્યેય છે. એ ધ્યેયને આપણી સાહિત્યરસિક વ્યકિતઓએ લાંબા કાળથી પોતાની દૃષ્ટિ આગળ રાખી કામ કર્યું છે. પ્રેમાનન્દના અંતઃકરણને જે 'ધગશ' ધગધગાવતી હતી તે જ 'ધગશે' કવિ

નર્મદાશંકરના અંતઃકરણને પણ હચમચાવી મૂક્યું હતું, અને હાલના સમયમાં પણ જે સેંકડો પુસ્તકો, લાંબી નવલકથાઓ, ન્હાની ન્હાની વાતો, કાવ્યના ગ્રંથો, ચોપાનિયાં, ખબરપત્રો, દિનપ્રતિદિન પ્રસિદ્ધિ પામતાં જાય છે, તે પણ એ જ 'ધગશ'ની સાક્ષી પૂરે છે. 'સાંગોપાંગ સુરંગ વ્યંગ્ય અતિશે ધારો ગિરા ગુર્જરી'* થી માંડીને 'સિદ્ધરાજ જયસિંહના રંગ'થી

'પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત—'
'હિન્દુ, મુસલમિન, પારસી સર્વે,
માત ! અમે તુજ બાળ
અંગ ઉમંગ ભરી નવ રંગે
કરિયે સેવા સહુ કાળ.'

એ શ્લોકો ત્રણસેં વરસના અરસામાં ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષનો પ્રવાહ સતત વહ્યા કર્યો છે તેના સાક્ષીભૂત છે. એ પ્રવાહ હજુ પણ 'જ્વલંત, જીવંત' છે, અને તેની સાબિતી એ આજથી શરૂ થતી આપણી પરિષદ્."

"ગુજરાતમાં તો અલબત સાહિત્યસમુદ્રનું મંથન ઘણા વેગથી ચાલે છે. એ વલોણાની રવઈને બાંધેલાં નેતરાંને ખેંચવામાં પુરુષ, સ્ત્રી, બાળક સૌ પોતપોતાની શક્તિ મુજબ ભાગ આપે છે. સ્ત્રીકેળવણીએ વધારે જોરથી પોતાનું અસ્તિત્વ બતાવવા માંડ્યું છે, અને બી. એ. ની પદવી ધારણ કરેલી અથવા તો તેથી થોડી ઊતરતી કેળવણીવાળી આપણી બ્હેનોના એક ઝૂમખાએ સાહિત્ય

---

* આ પંક્તિ પ્રેમાનન્દની કૃતિ છે કે નહિ તે જુદી વાત છે, પરંતુ પોતાની ભાષાની ઉન્નતિ માટેની એની લાગણીનું પ્રતિબિંબ એમાં આબેહૂબ પડે છે.

ખેડવામાં સ્તુત્ય ભાગ લેવા માંડ્યો છે. વળી વિશેષમાં બાળકો પણ પોતપોતામાં નિર્દોષ સાહિત્યખેલ કરી રહ્યાં છે. એમનાં હસ્તલિખિત માસિકો, પાક્ષિકો જેમના જોવામાં આવ્યાં હશે તેઓ જરૂર સહર્ષ તેની કદર કરશે. એમાંનાં કેટલાંક ચિત્રમય, સાહિત્યરસિક, કલારસિક થતાં આવે છે. પાછળ પડી ગયેલું સૌરાષ્ટ્ર પણ હવે ખોએલો વખત પાછો મેળવવા એકપગે થઈ રહ્યું છે. છેલ્લાં ત્રીસચાળીસ વરસમાં સૌરાષ્ટ્ર મોખરે આવી ગયું છે એટલું જ નહિ પણ મહાત્માજીના મહાસત્રની શરૂઆત થયા બાદ તો કાઠીઆવાડીઓએ પોતાના પ્રદેશના ઐતિહાસિક સાહિત્ય, લોકસાહિત્ય, ગીતસાહિત્ય વગેરેની કીંમત પૂરેપૂરી આંકી તેને પ્રસિદ્ધિમાં લાવવા માટે એકસરખો પ્રયત્ન આદર્યો છે. સૌરાષ્ટ્રથી પણ વધારે પાછળ પડેલો કચ્છ પ્રદેશ–જેને અત્યાર સુધી કોઈ ગણતરીમાં લેતું ન હતું તેણે પણ પોતાનો બહાર જણાવવા માંડ્યો છે. ગુજરાતની બહાર વસતા ગુજરાતીઓ, જેના વસ્તીસ્થાનને—પછી તે હિન્દુસ્તાનમાં હો કે હિન્દુસ્તાનની બહાર આફ્રિકા, એશિયા, યૂરોપમાં હો,–મહાગુજરાત અથવા બૃહદ્ ગુજરાત એવું નામ આપવામાં આવ્યું છે, તેઓ પણ પોતાની માતૃભાષા માટે મગરૂરી લઈ કાંઈ ને કાંઇ તેના સાહિત્યમાં ફાળો આપે છે. એ રીતે જોતાં ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્ય પ્રત્યે પૂર્વે જે ઘૃણા જોવામાં આવતી હતી તે લગભગ નીકળી ગઈ છે એમ કહીએ તો ચાલે."

પરિષદ્‌માં વંચાએલા નિબન્ધો વિષે, અને વિશેષતઃ પરિષદ્‌નાં સર્વ ભાષણોમાં નિર્વિવાદ રીતે ઉત્તમ ગણાઈને વખણાએલા 'કલા' વિષેના સર મનુભાઈ નન્દશંકરના ભાષણ વિષે, અમે આગળ ઉપર લખીશું. આજ આ પરિષદ્‌નું જીવાતુભૂત અને લાક્ષણિક કાર્ય જે '**બંધારણ**' તે વિષે અમારા વિચાર દર્શાવી આ નોંધ **સમાપ્ત કરીશું.**

ત્રીજી રાજકોટ પરિષદ્‌માં ત્યાંના વાતાવરણનો લાભ લઈ 'ભંડોળ' ઊભું કર્યું, તેનો યશ કે અપયશ રા. બળવંતરાય ઠાકોરને જ છે. તે પહેલાં એ દિશાનો વિચાર સરખો અન્ય કોઈ કાર્યકર્તાને સૂઝેલો નહિ. તે વખતે રા. રમણભાઈને અને મને પરિષદ્‌ના દેહમાં કલિનું બીજ નંખાય છે એમ ભીતિ ઉત્પન્ન થએલી. પરંતુ રા. બળવંતરાયના કામની ચોકસાઈ અને નિષ્પક્ષપાતતા એ બે કારણોને લીધે એ ભીતિ ખરી પડવાનું તુરત કાંઈ ચિહ્ન દેખાયું નહિ. પછી જતે દહાડે અમદાવાદ પરિષદ્‌માં જ્યારે રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળાએ પરિષદ્‌ને દસ હજાર રૂપીઆનું દાન કરવાનું વચન આપ્યું ત્યારે રા. બળવંતરાયના 'ભંડોળ'ના પ્રશ્ને બેડોળ રૂપ ધારણ કર્યું: 'ભંડોળ' ઉપર કોનો અધિકાર!—એની માલકીનો પ્રશ્ન બાજુ પર રાખતાં, એનો વહીવટ કોણ કરે? એ ભંડોળ પરિષદ્‌ને કેમ ન સોંપાય?—એ ચર્ચા જોરથી ચાલવા માંડી. અને પરિષદ્‌માં મળવું એટલે વિદ્વાનો વિનોદ કે વિનિમય માટે નહિ, બલ્કે 'જોડણી'ના નિયમો ઘડવા માટે નહિ, પણ 'ભંડોળ'-ને પરિષદ્‌ના કાબુમાં લાવવા માટે, એમ કેટલેક ભાગે થઈ પડયું; પહેલા બે વિષયોમાં જેઓ ભાગ લઈ ન શકે તેમને માટે આ 'ભંડોળ'ના કુરુક્ષેત્રમાં ભાગ લેવો સહેલો હતો. 'ભંડોળ' ની માલકી તો પરિષદ્‌ની જ, પણ પરિષદનું યોગ્ય બંધારણ રચાયા વિના એ એને સોંપાય નહિ એ રા. બળવંતરાયનો વાંધો વાજબી હતો, અને એ વાંધો દૂર કરવા સારૂ રા. મુનશી વગેરેની સલાહથી પરિષદનું બંધારણ તૈયાર કરીને રજિસ્ટર્ડ કરાવીને ભાવનગરની પરિષદે એક કમિટિ નીમી. અને એ કમિટિએ એ કાર્ય યોગ્ય ત્વરાથી—મુંબઇ પરિષદ મળતાં પહેલાં—કરી નાંખ્યું; એટલું જ નહિ, 'બંધારણ' નો પ્રશ્ન હવે 'ભંડોળ' નો પ્રશ્ન મટી વધારે વ્યાપક થયો. અને અત્યારે ગૂજરાતનું ઉત્સાહી યુવક સાક્ષરમંડળ બંધારણમાં કોઈ અપૂર્વ સાહિત્યયુગના કિરણો ફૂટતાં જુવે છે.

મુંબાઈની પરિષદે પસાર કરેલું બંધારણ એકએ પરિષદ પછી એનું સ્થાયી સ્વરૂપ પકડશે, અને આગળ જતાં, ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાયટિ અને ફૉર્બ્સ સભાના પ્રકારની આ એક સંસ્થા થઈ રહેશે. અત્યારે ગૂજરાતમાં પુસ્તકપ્રચારક પાંચ છ સંસ્થાઓ છે. તેમાં એકનો ઉમેરો થાય તેથી જેટલો લાભ થાય તેટલો જ લાભ અમે આ બંધારણની રચનામાં જોઈએ છીએ, ને તેટલા પૂરતો જ હર્ષ પામીએ છીએ. પરંતુ એ સામે અમારાથી એક વાત ભૂલી શકાતી નથી કે પરિષદ્ જે દહાડે એક પુસ્તકપ્રચારક મંડળ થઈ રહેશે તે જ દહાડે એનું સ્વત્વ નાશ પામશે. બધાં જ મેજખુરસી બનાવનાર સુથારનાં કારખાનાં થઈ જશે; તો ચિત્રકાર અને શિલ્પકારનું ભાવનાત્મક કામ કોણ કરશે? પરિષદનું કામ સાક્ષરી ફર્નિચર ઘડવાનું કે મકાન ચણવાનું નથી. પણ જેઓ એ જાતનું ઉપયોગી કાર્ય કરવામાં પડયા હોય તેમને આકૃતિ દોરી આપવાનું કામ જ એનું છે. લોકમત; વિદ્વન્મત, તાજો વિચાર, પરિપકવ વિચાર, એ સર્વને એકત્ર કરી, એમાંથી સાહિત્યવિકાસની દિશાઓ શોધી કાઢવી, અને પથિકોને તે બતાવવી એ પરિષદ્નો એક મુખ્ય હેતુ અને ઉચ્ચ અધિકાર છે. પરિષદ્ પોતે જ ખભે પોટલાં બાંધી વટેમાર્ગુ થઈ એક માર્ગે ચાલવા માંડશે તો પથિકોને માર્ગદર્શન કોણ કરાવશે?

હાલની પુસ્તકપ્રસારક મંડળીઓની માળામાં પોતે એક મણકા રૂપે ઉમેરાવું એ પરિષદ્નું કામ નથી. એણે તો એ મંડળીઓના દેહમાં છૂટા વાતાવરણમાંથી એક પ્રાણરૂપે પ્રવેશ કરતા રહેવાનું છે, એ રીતે જ એ પોતાના અસ્તિત્વનું સાફલ્ય કરી શકે, અને ફૉર્બ્સ સભા, ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાઇટિ વગેરે સ્થપાએલી સંસ્થાઓને બહુ ઉપયોગી સાહાય્ય આપી શકે.

ટૂંકામાં—'Conference' અને 'Institution' વચ્ચે

તાત્ત્વિક સ્વરૂપતઃ ભેદ છેઃ પરિષદ્ જે તત્ત્વતઃ સ્વરૂપતઃ ‘Conference’ જ છે એને “Intitution’ કરવાનો પ્રયત્ન કરવો એટલે એકને સ્થાને બીજો પદાર્થ જ સ્થાપવો એમ અમને લાગે છે. તથાપિ આપણે આશા રાખીશું કે પરિષદ્નું બંધારણ પરિષદ્નું વિઘાતક ન નીવડે તે માટે ઘટતા ઉપાયો લેવાશે. શા લેવાય છે એ ઉત્સુકતાથી જોઈશું.

[વસન્તઃ વર્ષ ૨૪, અંક ૧૨, પૌષ, સં. ૧૯૮૨]

દશમી ગૂજરાતી સાહિત્યપરિષદ્

દશમી ગૂજરાતી સાહિત્ય પરિષદ્ આ ડીસેમ્બરની તા. ૧૨-૧૩ મીએ નડિયાદમાં મળી અને પરિષદ્ના બંધારણના પ્રશ્નનો નીકાલ કરી નાંખ્યો. અમે પરિષદ્ના બંધારણ માટે કદી ઉત્સાહ ધરાવ્યો નથી.* પરંતુ અમારા અન્ય બંધુઓનો આગ્રહ અને એમાંથી ઉત્પન્ન થએલા રાગદ્વેષ સાહિત્યના ઉત્કર્ષમાં સહાયભૂત ન થતા, બલ્કે એની આડે આવતા, તેથી એ પ્રશ્નનો જેમ બને તેમ જલદી નીવેડો થઈ જાય તો સારૂં એમ અમને હંમેશાં રહ્યાં કરતું. આ સંબન્ધી ઝગડા પૂરેપૂરા શાન્ત કરવા માટે સર્વાનુમતે નિર્ણય થવાની જરૂર હતી, અને તે પ્રમાણે થયું તેથી અમને અત્યન્ત હર્ષ થાય છે. સાહિત્યપરિષદ્ સાથે બહુ વખતથી જોડાએલા કોઈ પણ સાક્ષર કરતાં, ગૂજરાતી સાહિત્યના ઉત્કર્ષ માટે લાગણી ધરાવનાર છતાં તટસ્થ એવા કોઈ સુજ્ઞ પુરુષની પ્રમુખ તરીકેની આ વખતે પસંદગી કરવી વધારે ઇષ્ટ હતી, અને એ દૃષ્ટિબિન્દુથી નડિયાદનિવાસી સાહિત્યપ્રેમી સજ્જનોએ રા. રા. ભૂલાભાઈ જીવણજી દેસાઈને પ્રમુખ તરીકે પસંદ કરીને પ્રસંગનું તાત્ત્વિક સ્વરૂપ સમઝવામાં ઊંડી બુદ્ધિ દર્શાવી એટલું જ નહિ, પણ ગૂજરાતી સાહિત્યપરિષદ્ના ભાવી ઉત્કર્ષને એક મ્હોટી સેવા કરી એમ અમારૂં માનવું છે. આ પસંદગી

---

* જુઓ મુંબઇમાં મળેલી આઠમી સાહિત્ય પરિષદને ટાંકણે અમે જણાવેલા વિચાર. (જુઓ પૃ. [illegible], [illegible] ડિ. અં.)

કરવામાં એ સદ્ગૃહસ્થોએ પરિષદ્ના બંધારણના નિર્ણય માટે રા. ભૂલાભાઈનું કાયદાનું જ્ઞાન બહુ ઉપયોગી થશે એ દૃષ્ટિ જ રાખી હોય એ સંભવિત છે; અને જે ભાઈઓએ આ પસંદગી સામે આક્ષેપ કર્યા છે એમને રા. ભૂલાભાઈના કાયદાની વિદ્વતા સિવાય એમને વિષે બીજું કાંઇ પણ જાણવામાં ન હોય તો નવાઈ નહિ. પરંતુ અમારો પોતાનો રા. ભૂલાભાઈ સાથે લાંબા સમયનો પરિચય હોઈ અમે મૈત્રીના પક્ષપાતથી નહિ પણ વસ્તુના જ્ઞાનપૂર્વક કહીએ છીએ કે રા. ભૂલાભાઈ ગૂજરાતી સાહિત્યના કેવળ અનભિજ્ઞ કે એ સાહિત્ય માટે રુચિહીન એવા પુરુષ નથી. 'વસન્ત' પત્રના આદિકાળમાં અમે જે કેટલાક વિદ્વાનોનો સહકાર મેળવી શકયા હતા તેમાંના એ એક હતા, અને સરસ્વતી દ્વારા લક્ષ્મીની ઉપાસના એમણે અંગીકાર કરી ન હોત તો આજ સરસ્વતીના ઐકાન્તિક ભક્ત તરીકે ગૂજરાતમાં સારી પ્રતિષ્ઠા પામ્યા હોત. એમને પ્રભુએ શીઘ્ર, તીક્ષ્ણ અને વસ્તુગ્રાહી બુદ્ધિ અસાધારણ માપમાં બક્ષી છે, અને તેથી ગૂજરાતી સાહિત્ય અત્યારે શી સ્થિતિમાં છે અને એની જરૂરિયાત શી છે એ વિષે એમના એક તટસ્થ વિદ્વાન તરીકેના વિચાર શ્રવણ અને મનનને પાત્ર છે. સર ફિરોઝશાહ મહેતા યુનિવર્સિટિ સેનેટમાં પ્રોફેસરો ઉપરાંત બહારના કેળવાએલા અને વ્યવહારદક્ષ પુરુષોની અપેક્ષા રાખતા એટલું જ નહિ, પણ 'વિશિષ્ટ વિદ્વાનોના જુલમ' ('tyranny of experts') થી કેળવણીને બચાવવા માટે એવા પુરુષોની સેનેટમાં જરૂર છે એમ કહેતા. અમને લાગે છે કે એ જ ધોરણે રા. ભૂલાભાઈ જેવા કાંઇક બહારના પુરુષના પ્રમુખસ્થાનેથી દર્શાવેલા વિચારોને અમે કિંમતી ગણીએ છીએ.

રા. ભૂલાભાઇએ ગૂજરાતી સાહિત્યમાં કાંઈ સેવા કરી નથી, અને પરિષદ્નું પ્રમુખસ્થાન તો એવી સેવાના બદલારૂપે મળવું જોઇએ એવી દલીલ એમની પ્રમુખ તરીકેની પસંદગી સામે થઈ હતી. પણ અમને પ્રમુખની પસંદગી માટેનું આ ધોરણ સાંકડું લાગે

છે. પરિષદ્‌નું પ્રમુખસ્થાન એ સાહિત્યસેવાના બદલારૂપ જ ન ગણાવું જોઈએ; પરિષદ્‌ના કાર્યનું અને પ્રયોજનનું કાંઈક મર્મ બતાવે, એની પ્રવૃત્તિ ઉપર કાંઈક વિશેષ પ્રકાશ નાંખે, વા ભૂત, વર્તમાન અને ભવિષ્યના અવલોકનનું કાંઈક નવું દૃષ્ટિબિન્દુ રજુ કરે—એવા નેતાના ગુણો પ્રમુખમાં હોવા જોઈએ. એ કસોટીએ તપાસતાં રા. ભૂલાભાઈએ પ્રમુખ તરીકે સહુને સંતોષ આપ્યો છે એટલું જ નહિ, પણ ગૂજરાતી ભાષાના એક લેખક, વા વક્તા તરીકે ઘણાએ નહિ કલ્પેલી એવી વિસ્મયકારક શક્તિ એમના ભાષણમાં દાખવી છે. ઉદાહરણ રૂપે એક પૅરેગ્રાફ અન્યત્ર છપાઈ ગયા છતાં ફરી એકવાર અમે અહીં ઉતારીશું:

"...અત્યારે ખરેખરો મન્થનકાળ છે, એનો પૂરેપૂરો લાભ લેજો. સાહિત્યનો ઘણીવાર કરવામાં આવે છે એવો સાંકડો અર્થ કરશો નહીં, તેમ જ આડંબરી અર્થ પણ કરશો નહીં. સાહિત્યનો ખરો આધાર વસ્તુ ઉપર છે. અસલ ગુજરાત કેવુંયે માતબર હશે, કોણ જાણે પણ અત્યારે તો નવું ગુજરાત પ્રગટી રહ્યું છે. એના તેજની રેખાઓ વડે ગુજરાત બહારનાં અંધારાં પણ અલોપ થવા માંડ્યાં છે. એ ગુજરાતમાં અત્યારે તપનો પ્રભાવ છે; દેશદાઝનાં ઊંડાં ખમીર છે, ભોળા અને નિડર ખેડૂતોની ખરી મહેનત છે, સાચી નિખાલસતા છે, અજાયબ પમાડે એવી ત્યાગની ભાવના અને ખાનદાની છે, ડહાપણભર્યા અને વ્યવહારૂ ઘરસંસાર છે. અજેય અને અમોઘ અહિંસાનું હથિયાર છે. પ્રેમ, સત્ય અને શાન્તિનો તરવેણી સંગમ છે. કવિતા, નાટક કે નવલકથા માટે એવી કઈ ભાવના અહીં ઓછી છે કે તમારે પારકી આશા પર આધાર રાખવો પડે? એવી કઈ પ્રેરણા અને વસ્તુ અધૂરાં છે કે તમારે બ્હારથી સાધન શોધવા જવું પડે?, એવું જાહોજલાલીવાળું હાલનું ગુજરાત છે. અને એવી બરકતવાળી એની સાહિત્યસામગ્રી છે. આજે તમારી નજર સામે જે ભવ્ય ગુજરાત છે એ જ તમારા જીવંત સાહિત્યની

સાચી કામધેનુ છે. એવા અઢળક ધન વડે તમે શું શું પેદા નહીં કરી શકો ?"

ભાગ્યે જ કોઈ સાક્ષર, ઉપરના પૅરિગ્રાફ કરતાં, વધારે તેજસ્વી પ્રબળ અને ગૌરવભરી વાણીમાં પોતાના વિચાર પ્રકટ કરી શકે.

આ ઉપરાંત, ગૂજરાતી સાહિત્ય ઉપર વિચાર પ્રકટ કરવાનો અને ભવિષ્યનો માર્ગ બતાવવાનો એમનો અધિકાર, એમની તેજસ્વી બુદ્ધિ, ઇતર સાહિત્યનું જ્ઞાન અને સ્વાભાવિક કરેલ અને વ્યવહારૂ દૃષ્ટિ એ વિશિષ્ટ ગુણો થકી પ્રાપ્ત થાય છે. પરિણામે એમના વિચારમાં કેટલા મળવું, અથવા તો એમણે સૂચવેલો ભવિષ્યનો માર્ગ કેટલો સ્વીકારવો એ દરેક અધિકારી વાચકના સ્વતન્ત્ર મતનો વિષય છે. પણ કયા પ્રમુખના વિચાર એક કે બીજા સાક્ષરે પૂરેપૂરા સ્વીકાર્યા છે ?

રા. ભૂલાભાઈએ એમના ભાષણમાં સાહિત્ય અને ભાષા સંબન્ધી સામાન્ય વિચાર જણાવવાની સાથે, આપણા હાલના સાહિત્યના ઘણાખરા પ્રદેશો ઉપર દૃષ્ટિ નાંખી છે. અને એમાં પોતાને લાગ્યા તે ગુણ દોષ પણ નિખાલસ રીતે દર્શાવ્યા છે. હવે આ સર્વ અંશમાં અમારો જે જે મતભેદ છે તે અત્રે ટૂંકામાં નોંધીશું, અને અમને ખાતરી છે કે જે વિદ્વાનને એમના ધંધાને અંગે હમેશાં અપ્રામાણિક મતભેદ પણ કોઈ કોઈ વાર સાંભળવાની ટેવ છે એ પ્રામાણિક મતભેદ જાણવા સદા તત્પર છે. સાહિત્યની વ્યાખ્યામાં એક સ્થળે એમણે ભાષાને તો બીજે સ્થળે વસ્તુને મહત્ત્વ આપ્યું છે એટલે એ સંબન્ધી કાંઈ કહેવાની જરૂર નથી. ભાષા સાદી અને એ સામાન્ય જનતાના હૃદયને સ્પર્શે એવી હોવી જોઈએ એ કહેવું પણ અમુક અંશે યથાર્થ છે. અને એ અંશ એમને અત્યારે ઉપેક્ષાતો લાગવાથી એ ઉપર ખાસ ભાર દીધો હોય તો તેમ કરવાનો એમને હક છે. પણ સમગ્ર સત્ય ખાતર તો કહેવું જ પડશે કે ભાષા વિચાર, ભાવ, વસ્તુ અને પ્રસંગને અનુકૂળ હોવી જોઈએ. કાર્લાઈલ યથાર્થ કહે છે કે ભાષા

એ બહારનાં લુગડાં નથી કે જે પહેરાય અને કઢાય; એ તો શરીરની ચામડી છે કે જે શરીર થકી છૂટી પડી જ શકે નહિ. વિચારની દરિદ્રતા કે ક્ષુદ્રતા ઢાંકવા માટે આડમ્બરી ભાષાનો પ્રયોગ અનિષ્ટ છે, પણ 'ડિઝર્ટેડ વિલેજ'ની ભાષામાં 'પૅરેડાઇઝ લૉસ્ટ' લખાય નહિ. રા. ભૂલાભાઈ મિલ્ટનથી ટેનિસન સુધીની ભાષામાં સાદાઈ તરફ વલણ જુવે છે. પરંતુ વલણ એ માત્ર ઇતિહાસ યાને બનેલી હકીકત છે, શું હોવું જોઈએ એનો સિદ્ધાન્ત એ થકી બંધાતો નથી. 'વિકાર ઑફ વેકફીલ્ડ' કે 'ગુડનેચર્ડ મૅન' કરતાં વર્તમાન અંગ્રેજી નવલકથાઓ અને નાટકોની ભાષા વધારે સાદી છે, અથવા તો એ સાદાઈના કારણથી શેક્સપિયર કરતાં ગોલ્ડસ્મિથ કે મિલ્ટન કરતાં ટેનિસન કે શેલિ કરતાં સ્કૉટ ચઢે એવાં વિધાનો ભાગ્યે જ કોઈ કરશે. જો કે અમે એ તો માનીએ જ છીએ કે યુગ યુગના શોખ જુદા જુદા હોય છે, વ્યક્તિની પસંદગી જુદા જુદા કવિઓ ઉપર પડે છે, બલ્કે એક જ સહૃદયને જુદા જુદા પ્રસંગે અને જુદી જુદી માનસિક સ્થિતિમાં જુદા જુદા પ્રકારનાં કાવ્યો, નાટકો, વાર્તાઓ, નિબન્ધો વાંચવાનું ગમે છે. તેથી કોઈ પણ અમુક કૃતિના ભાવ આદિના સંબન્ધમાં એની ભાષાની યોગ્યાયોગ્યતાનો વિચાર કરવાને બદલે ભાષા સાદી જ હોવી જોઈએ એવું ઐકાન્તિક મતદર્શન ભ્રમ ઉત્પન્ન કરે એવું છે. આપણા કેટલાક પારસી ભાઈઓને, અને જે અન્ય ભાઈઓનું જ્ઞાન અને વાચન વર્તમાન પત્રોના લખાણમાં જ સમાઈ રહેલું છે તેમને, હાલના 'સાક્ષરો'ની ભાષા કડણુ લાગે એમાં નવાઈ નહિ, પણ એ ભાષા કૃત્રિમ છે, અને વિચારને વધારે ચોકસ રૂપે પ્રકટ કરવા માટે વા ભાષાનું વધારે સુન્દર રીતે વહન કરવા માટે સ્વાભાવિક રીતે ઉત્પન્ન થએલી નથી, એમ ભાગ્યે જ કહી શકાશે.

આખરે ભાષા હાલના કરતાં પણ સાદી હોવી જોઈએ એટલો જ રા. ભૂલાભાઈનો આગ્રહ હોય તો અસ્તુ. એક ખંડ—સત્ય તરીકે પણ નર્મદયુગ અને ગાંધીયુગની વચ્ચેના ગાળાની એ કદર કરી

શક્યા નથી એ જોઈ અમને ખેદ થાય છે. ગાંધીજીએ ગૂજરાતી સાહિત્ય ઉપર કરેલી સુન્દર અસરની ઊંચી કિંમત આંકવામાં અમે કોઈથી પણ પછાત નથી. એમના અનુયાયીઓમાં શ્રીયુત કાલેલકર, મહાદેવભાઈ, રામનારાયણભાઈ, વલ્લભભાઈ વગેરેએ ગૂજરાતી ભાષામાં એક નવીન વાતાવરણ અને નવી ભાષાશલી ઉપજાવી છે એને પણ અમે આનન્દથી વધાવીએ છીએ. પરંતુ નરસિંહરાવ અને ગોવર્ધનરામ, મણિલાલ અને રમણભાઈ, મણિશંકર અને 'કલાપી', ન્હાનાલાલ અને કન્હૈયાલાલ, કૃષ્ણલાલ અને બળવંતરાય, ખબરદાર અને લલિતજી એમનો સમય ગૂજરાતી સાહિત્યના ઇતિહાસમાં એક અન્ધકારયુગ ગયો છે એમ માનવાને અમે તત્પર નથી, બલ્કે અમે ત્યાંસુધી કહેવા હિંમત ધરીએ છીએ કે એ યુગના પ્રાસાદની ઉપલી ભૂમિકા સુધી પહોંચવાને પણ હજી ગાંધીયુગને વાર છે. આ મતભેદનો નિષ્પક્ષપાત નિર્ણય તો હવે પછીનો બીજો કે ત્રીજો જમાનો જ કરી શકશે.

આમ રા. ભૂલાભાઈના ભાષણની કદર કરીને અને તે પછી અમુક મતભેદનાં સ્થાનો બતાવીને-એક બે સામાન્ય વાક્યખંડ જે એમની બુદ્ધિના ઠરેલપણાનું અને હૃદયની સુરુચિનું સુન્દર દર્શન કરાવે છે એની નોંધ કરવી અમે ભૂલીશું નહિ:

(૧) "જોડણીના અને વ્યાકરણના નિયમોને ડગલે ડગલે ઠોકરો મારવામાં કંઈ બહાદુરી કે મોટાઈ નથી, પરંતુ એ વિષયમાં ચિવ્વટ-હદબ્હારની ચિવ્વટ રાખી માથા કરતાં મણીકો ભારી કરવામાં પણ કાંઈ સાર નથી." (આનો અર્થ એવો ન થવો જોઈએ કે વિદ્વાનોની શાસ્ત્રીય ચિવટ માટે કોઇ પણ તરેહની હદ હોવી જોઈએ. એ શાસ્ત્રને માન આપવું અને યથાશક્તિ અનુસરવું એ સામાન્ય સુશિક્ષિત જનની ફરજ છે અને એની શક્તિ ધ્યાનમાં લઈ શાસ્ત્રને વ્યવહાર-કોટિમાં મૂકતાં જેટલો ફેરફાર આવશ્યક જણાય તેટલો તે કરવામાં વિદ્વાનોએ પણ સંમતિ આપવી એ એમનો ધર્મ છે.)

(૨) "સમાજની કાળી બાજુને કોઈ પણ જાતના મુદ્દા વિના એની અસરનો વિચાર કર્યા સિવાય, ચૂનો ઢોળવાની કુચીઆ પીંછીથી એ ચાર ધાબાં મારી ચિતરાયલાં નવલકથા અને નાટકોને હું તો ઘણાં જ હાનિકારક માનું છું. પ્રામાણિકતા અને નગ્ન સત્ય કહેવાની હિમ્મતના બહાના હેઠળ, નાટકની શુદ્ધ કળાને વંઠેલી ન બનાવી શકાય.'

(૩) "ભાષાનો આધાર કેવળ કલ્પનાના પરદેશી સાબુના ફીણથી ઉરાડેલા ગોળા હોઈ જ ન શકે. ભાષાનું પોષણતત્ત્વ તો તે પ્રાંતના સાચા જનસ્વભાવના આલેખનમાં જ હોય છે." આનો અર્થ એવો નથી કે કોઈપણ લેખકે પોતાની કલ્પનાને ઘરકૂકડી કરી રાખવાની છે. જગત્ના સાહિત્યના અનેક મ્હોટા યુગો પરદેશી સાહિત્યના સંપર્કથી ઉત્પન્ન થયા છે પણ એ સંપર્કથી સ્વદેશી બુદ્ધિ દબાઈ જાય છે કે એને પોતાના ખમીરમાં મેળવી લે છે અને નવો અવતાર આપે છે, એ ઉપર એના ઉત્કર્ષનો આધાર છે.

પરિષદના બંધારણનું સ્વરૂપ હજી અમે જોયું–વિચાર્યું નથી. પણ અમે ઉપર કહ્યું તેમ એનો સર્વાનુમતે નિર્ણય થયો એથી અમને પરમ સંતોષ છે. એનો યશ પરિષદ્ના બાહોશ પ્રમુખ રા. રા. ભૂલાભાઈને, મૂળ બંધારણ કર્તા અને અત્યારે યોગ્ય ફેરફાર સ્વીકારીને સમાધાન કરવા તત્પર થએલા રા. રા. કન્હૈયાલાલ મુનશીને, અને બંધારણમાં મૌલિક પરિવર્ત કરાવવાનો આગ્રહ ધરાવનાર પણ અત્યારે શાન્તિથી સમાધાન કરવા રાજી એવા નડિયાદના સજ્જનોને ઘટે છે.

[વસંત : વર્ષ ૩૦, અંક ૧૧, માગશીર્ષ, સં. ૧૯૮૮]

લાઠીમાં ૧૧મી ગૂજરાતી સાહિત્યપરિષદ્

"કલાપી"ના પાટનગર લાઠી (કાઠીઆવાડ)માં અગીઆરમી ગૂજરાતી સાહિત્યપરિષદ્ થઈ, નવા બંધારણની ભાષામાં બોલીએ (જો કે એ ભાષા અશુદ્ધ છે) તો પરિષદ્નું સંમેલન થયું. તેમાં બે ચાર વૃદ્ધ સાક્ષરોને બાદ કરતાં, ગૂજરાતના ઘણા પ્રતિષ્ઠિત વિદ્વાનો તેમ જ સાહિત્યપ્રેમી અને સાહિત્યયુવકજનો ઉપસ્થિત થયા હતા. તે સમયે એક કલાપ્રદર્શન પણ ભરવામાં આવ્યું હતું, અને મંગલાચરણ ઉચિત રીતે જ સર પ્રભાશંકર પટ્ટણીએ કર્યું હતું; શ્રીમાન લાઠીનરેશે ટૂંકા પણ પ્રેમ અને નમ્ર ભાવથી નીતરતા શબ્દોમાં સ્વાગત ઉચ્ચાર્યું હતું; અને પરિષદ્ના પ્રમુખ દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ પ્રમુખસ્થાનેથી નિરાડંબર પણ ગંભીર અને મનનીય ભાષણમાં ગૂજરાતને બહુ મહત્ત્વની કાર્યદિશા બતાવી હતી.

દિ. બ. કૃષ્ણલાલભાઈના ભાષણના મુખ્ય અંશો વાચકને મનન માટે તારવી આપીએઃ—

આરંભમાં પ્રમુખે કેટલીક સાક્ષરવ્યક્તિઓ આ જીવનમાંથી અસ્ત પામી તેમને નિવાપાંજલિ અર્પી. તેમાં પરમ સ્વાતન્ત્ર્યભક્ત વિઠ્ઠલભાઈ પટેલ જેઓ સાહિત્યસાક્ષર ન હતા તેમનું આ સંબંધમાં પ્રથમ નામ સાંભળી કોઈને આશ્ચર્ય લાગે તો તેનો ઉત્તર પ્રમુખે એક સૂત્રમાં આપ્યો કે "જે દેશ સ્વતન્ત્ર તેનું સાહિત્ય સ્વતન્ત્ર." તે પછી સ્વ. મટુભાઈ કાંટાવાળા, તથા આપણા પારસી ભાઈઓ મિ. કાવસજી હોડીવાલા

(જૂનાગઢ કૉલેજના પ્રિન્સિપાલ, ઇતિહાસના વિશાળ અભ્યાસી, અને મુદ્રા–સિક્કા શાસ્ત્રના ઉત્તમ વિદ્વાન), મિ. જી. કે. નરીમાન (સંસ્કૃત ફારસી ઝંદ ફ્રેંચ જર્મન વગેરે અનેક ભાષાના જાણકાર), સર જમશેદજી મોદી (પ્રખ્યાત પ્રાચીન ઇતિહાસસંશોધક) અને પીરોજશાહ જહાંગીર મર્ઝબાન (જામે જમશેદના તન્ત્રી) એઓના અવસાન માટે શોક દર્શાવ્યો. તે પછી મુખ્ય વિષયભાગ ઉપર આવતાં પહેલાં, રા. કૃષ્ણલાલભાઈએ સાચા હૃદયના પણ વસ્તુતઃ અયથાર્થ વિનયથી પોતાની "મર્યાદા" આંકી, પરંતુ એમના પહેલાંના અનેક પ્રમુખો કરતાં એમની વિશિષ્ટતા જરા પણ ન્યૂન છે એમ ગૂજરાત નહિ જ માને: બલ્કે અત્યારે ગૂજરાતના સાક્ષરોમાં રા. કૃષ્ણલાલ ફારસીના એકના એક–અનન્ય–વિદ્વાન છે, અને ફારસીના જ્ઞાનને અભાવે ગૂજરાતીની સાક્ષરતા કેવી અધૂરી રહે છે એ તો સર્વવિદિત છે.

તે પછી વિદ્યમાન લાઠીનરેશને સંબોધી "કલાપી" વિષે એમણે જે શબ્દો ઉચ્ચાર્યા એ નોંધી રાખવા જેવા છે. એમણે કહ્યું: "નામદાર ઠાકોર સાહેબ! આ સંમેલનને કઈ ભૂમિમાં મળવાનું પ્રાપ્ત થયું છે તે અત્રે ભેગી થયેલી મંડળીના ધ્યાન બહાર નથી. **લાઠી એટલે સાહિત્યતીર્થ**. જેણે પોતાનો બાપીકો વારસો જતો કરી એક રાજાએ અદા કરવાની ફરજો, એક નૃપતિએ માણવાનાં વિલાસ અને સુખ, એક રાજકુટુમ્બીએ ભોગવવાનું ઐશ્વર્ય–એ બધાંને તુચ્છ ગણી, તેનો અનાદર કરી,–સાહિત્યવિલાસને પોતાનું ધ્યેય ગણ્યું; સાહિત્યરસમાં મસ્ત રહી જેણે પોતાના જેવા જ સાહિત્યરસિકોને પોતાને આંગણે નોતરી, બોલાવી રાખી તેની પવિત્રતામાં વધારો કર્યો; ગોવર્ધનરામ, મણિલાલ, મણિશંકર ભટ્ટ, જટાશંકર ('જટિલ') એવા એવા સમર્થ વિદ્વાનોને પોતાના ગુરુ બનાવી તેમના શિષ્ય બનવાનું પદ વગર આનાકાનીએ જે રાજવીએ સ્વીકાર્યું તે રાજવી સાહિત્યકારની રાજધાનીમાં આ સાહિત્યસત્ર ઉજવવાનું સદ્ભાગ્ય ગુજરાત સાહિત્યપરિષદ્‌ને પ્રાપ્ત થાય છે."

તે પછી કાઠીઆવાડ (ભૂમિદેવતા) ની શ્રેષ્ઠતાના લક્ષણમાં રા. કૃષ્ણલાલ યથાર્થ કહે છે કે-"કાઠીઆવાડ એ વીરભૂમિ હતી," "કાઠીઆવાડ એ ભક્તોની ભૂમિ હતી," "કાઠીઆવાડ એ ભાટ-ચારણોની ભૂમિ છે," "કાઠીઆવાડ એટલે દૂહા-લોક દૂહા-પ્રેમ શૌર્યની વાણીપ્રચુર દૂહાની ભૂમિ," "કાઠીઆવાડ એ સાહસની ભૂમિ." આવા અદ્‌ભુત ભૂપ્રદેશનો ઇતિહાસ લખવો જોઈએ, અને તે માટે ભરચક સાધનો છે, જેની હજી સુધી બહુ થોડી જ શોધ અને બહુ થોડો જ ઉપયોગ થયો છે. આ ઉદાસીનતાનું કારણ રસનો અભાવ નથી પણ ફારસી ભાષા, જેની આ કામ માટે અત્યન્ત આવશ્યકતા છે, એના જ્ઞાનનો અભાવ છે. ખાસ કરીને "મિરાતે અહમદી"નો અભ્યાસ કરવાની રા. કૃષ્ણલાલ ભલામણ કરે છે. એ પુસ્તકમાં ગૂજરાતનો, માત્ર રાજકીય ઇતિહાસ નહિ, પણ આર્થિક અને સામાજિક ઇતિહાસ પણ જાણવામાં આવે છે. રા. કૃષ્ણલાલ જોરથી કહે છે, અને તે સર્વાંશે યથાર્થ છે કે "ગુજરાતના ઇતિહાસ માટે **ફારસીના જ્ઞાનની આવશ્યકતા છે માટે તેના પ્રત્યે ઉદાસીનતા નહિ ચાલે."**

તે પછી, ગૂજરાતી સાહિત્યની સ્થિતિનું અવલોકન કરતાં, રા. કૃષ્ણલાલે બહુ સંતોષભર્યું અને આશાભર્યું ચિત્ર જોયું. "સ્થિતિ સારી છે, આશાપડતી છે, આપણે આગળ વધતા જઈએ છીએ"-આ મતમાં આપણે મળીશું. વર્તમાન સાહિત્યમાં "ટૂંકી વાર્તા" અને એના દોષે એમનું ઠીક ધ્યાન ખેંચ્યું છે. એ વિષે બોલતાં એ કહે છે: "દૈનિક અને સાપ્તાહિક સમાચારપત્રો તેમ જ માસિકોમાં ટૂંકી વાર્તા જો ન હોય તો તેની કીંમત નહીં. સાહિત્યનું એ અંગ આપણું મુખ્ય ધ્યાન ખેંચે છે. તેમ થવાનું કારણ કે અંગ્રેજી સાહિત્યે હાલ એ દિશામાં જોર વધારે પકડ્યું છે, એટલે આપણે તેની નકલ કરીએ છીએ, વળી ટૂંકી વાર્તા લખવી તે માટે ઝાઝો જ્ઞાનભંડોળ જોઈતો નથી. ખાસ કોઈ વિષયનો અભ્યાસ કરવાની જરૂર હોતી નથી. ... વાતાવરણથી

લેખક પરિચિત હોય એટલે બસ; એટલે ઉગતા લેખકોને એ માર્ગ ઘણો સ્હેલો થઈ પડે છે. તેથી તેઓ તે તરફ આકર્ષાય છે." સંતોષ એટલો જ છે કે "કોલેજ, વિદ્યાપીઠ વગેરે સંસ્થાઓમાંથી કેળવણી લઈ બહાર પડતો યુવકવર્ગ પણ આગળના કરતાં સાહિત્યમાં વધારે રસ લેતો હોવાથી તે વર્ગમાંથી પુષ્કળ લેખકો પોતાની માતૃભાષાની સેવા કરી રહ્યા છે." એ વર્ગની શક્તિ અને મુશ્કેલી રા. કૃષ્ણલાલ સારી રીતે સમઝે છે અને સુન્દર ઉપમાપૂર્વક બતાવે છે. "એ સંખ્યાબંધ લેખકોમાંથી દીવાળીમાં ફૂટતી ફુલખરણીના કણ માફક કેટલાએક નીચે પડતાં પડતાં જરા પ્રકાશ આપી ભોંયે પડી જાય છે, કેટલાએક એ જ પ્રસંગે ફૂટતી કોઠીમાંથી ઊંચે ઊડતી તારાકણી માફક ઝગઝગાટ બતાવી ઊંચે ઊડી પછી ભોંયે પડે છે. ત્યારે થોડા માત્ર આકાશે ચઢી ત્યાં ઝગઝગાટ આપતા તારાનું અચળ સ્થાન પ્રાપ્ત કરે છે. એ વર્ગ હાલ કરે છે તેનાથી વિશેષ સુંદર કામ કરી શકે, પરંતુ સરસ્વતી ને લક્ષ્મીનો જૂનો ઝગડો તેમને નડે છે. પારસીભાઈઓ ગૂજરાતી ભાષા અને સાહિત્યમાં પહેલાં કરતાં ઓછો રસ લે છે તે માટે ખેદ દર્શાવી, "ઉત્સાહી મુસલ્માન યુવકો" ગૂજરાતીમાં વધારે રસ લેતા થયા છે તે માટે આનન્દ પ્રદર્શિત કરે છે.

પછી "સાહિત્યપરિષદ્‌નાં સંમેલનોની ફળનિષ્પત્તિ"ની કદર કરી, "સાહિત્યપરિષદ્‌માં આવેલું વ્યવસ્થાનું જોમ" એટલે કે નવા બંધારણને અંગે દેખાતા ઉત્સાહનાં વખાણ કરે છે. અમારી પરિષદ્‌ના કાર્યની ભાવના કાંઈક જુદી હોઈ, "બંધારણ" માટેના વિગ્રહને અમે સત્કાર આપી શકયા નથી, અને હજી પણ આપતાં અમારૂં મન માનતું નથી.

છેક અન્તમાં, રા. કૃષ્ણલાલ "ગુજરાતીને ઊંચી કેળવણીમાં સ્થાન" આપવાની હિમાયત કરે છે. અને અત્યારે આ માર્ગે મુંબઈ યુનિવર્સિટિમાં જે કાર્ય થઈ રહ્યું છે તેમાં સંમતિ જાહેર કરે છે. અને યોગ્ય જ કહે છે કે: "જ્યારે સઘળી કેળવણી માતૃ-

ભાષામાં અપાતી થશે ત્યારે જ ભાષાની ખીલવણી થશે.” અમે પણ આ મતમાં મળીએ છીએ; પણ તે એવી મર્યાદા સાથે કે અંગ્રેજી પુસ્તકોની લાઈબ્રેરીનો ઉપયોગ અત્યારે થાય છે તેવો, બલ્કે એથી પણ વધારે થાય તો જ. નહિ તો એક ભાષાન્તરરૂપ જૂનું પાઠ્ય-પુસ્તક માત્ર ભણી વિદ્યાર્થીની બુદ્ધિ વગર–કેળવાએલી જ રહેશે.

[વસંત : પુ. ૩૩; અંક ૧; માઘ, સં. ૧૯૯૦]

બારમું ગૂજરાતી સાહિત્યસંમેલન

ગૂજરાતી સાહિત્યપરિષદે મેળવેલું ૧૨ મું સંમેલન ગયા ઓકટોબર તા. ૩૧ અને નવેમ્બરની તા. ૧–૨ એ ત્રણ દિવસ અમદાવાદમાં મળ્યું હતું. પ્રમુખપદે મહાત્મા ગાંધીજી હતા. અમદાવાદે પ્રમુખની પસંદગી હંમેશાં વિશિષ્ટ રૂપની કરી છે. પહેલું સંમેલન (જે તે સમયમાં પરિષદ્ કહેવાતું) ગૂજરાતના સર્વ-સંમત શ્રેષ્ઠ સાક્ષર શ્રી. ગોવર્ધનરામના પ્રમુખપદ તળે ભરાયું હતું. તે પછી અમદાવાદ ખાતે થએલા ૧૯૨૦ ના સંમેલનમાં મ. ગાંધીજીની પ્રેરણાથી કવિવર રવીન્દ્રનાથ ટાગોરને મહેમાન તરીકે બોલાવ્યા હતા અને એમની હાજરીએ સંમેલનને વિશિષ્ટતા આપી બહુ ઉત્સાહ વધાર્યો હતો. પછી આ ૧૯૩૬ માં અમદાવાદમાં સંમેલન થયું એમાં મહાત્મા ગાંધીજી સ્વયં પ્રમુખ તરીકે પસંદ થયા. આ સંમેલન ફતેહમન્દીથી પાર ઊતર્યું.

આ સંમેલન અનેક રીતે સફલ થયું માની શકાય. પ્રતિનિધિઓ અને શ્રોતાઓની ઉપસ્થિત સંખ્યાના ધોરણે જોઈએ તો સંમેલનની સફળતા વિષે કાંઈ જ સંદેહ રહેતો નથી. વળી મ. ગાંધીજીની હાજરીને લીધે સંમેલનમાં ઉપસ્થિત થએલાં ભાઈઓ અને બ્હેનોમાં ઉત્સાહ પણ પુષ્કળ હતો, અને તે ત્રણે દિવસ અવિચ્છિન્ન [illegible] રહેલો હતો એટલું જ નહિ પણ ત્રણ દિવસ

તેઓએ સારસ્વત ઉત્સવ માણ્યો એમ કહીએ તો ખોટું નથી. સાહિત્યસંમેલનને અંગે સ્થાનિક ચિત્રકલાવિદ્ શ્રીયુત રવિશંકર રાવળનું ચિત્રપ્રદર્શન ભરવામાં આવ્યું હતું. એ પ્રદર્શન ઉઘાડવાનું શુભ કાર્ય ગૂજરાતના મ્હોટા કલાવિદ્ ન આવી શકવાથી મ્હારે શિર આવ્યું હતું. આપણે ત્યાં દરેક મંગળ કાર્યના આરંભમાં સાથીઆ કાઢવાનો રિવાજ હોય છે તદનુસાર, તે જ દિવસે મધ્યાહ્ન પછી શરૂ થતા સંમેલનના મંગળરૂપે આ ચિત્રોનું પ્રદર્શન ઉચિત હતું. સાહિત્ય-સુદ્ધાંત બધી કલાઓમાં કલાનું તત્ત્વ–રસ એક સરખું હોય છે, જે તે તે કલાના પૃથક્ પૃથક્ વાહનને લઇને જ પૃથક્તા પામે છે. તે માટે, સાહિત્યસંમેલન સાથે ચિત્રકલાના પ્રદર્શનની યોગ્યતા સહજ સમઝાય એવી છે. કલાનું તત્ત્વ શું છે, એનાં વિવિધ રૂપોનો પરસ્પર શો સંબંધ છે, અને કલા સત્ય અને નીતિ સાથે શો અને કેટલો સંબંધ ધરાવે છે અને કલાની "technique" યાને શાસ્ત્રીય પ્રક્રિયાના વિષયમાં પોતાને શું કહેવાનું છે એ તો કલા-વિભાગના અધ્યક્ષના અને વિભાગી મંડળના લેખોમાં આપણે સાંભળીશું. પણ મ્હારે એક સૂચના કરવાની હતી તે એટલી જ કે અન્ય કાર્ય ઉપરાંત હિન્દુસ્થાનની કલાનો ઇતિહાસ વિગતવાર લખાય તો એ ગૂજરાતી ઐતિહાસિક સાહિત્યમાં એક કિંમતી ઊમેરો થઇ પડે. એથી આપણા જાણવામાં આવે કે જેમ સંગીતના વિષયમાં ઉત્તર અને દક્ષિણ હિન્દ એકબીજાથી કેટલેક અંશે ભિન્ન છે, તેમ ચિત્રકલા સ્થાપત્ય આદિમાં ઉત્તર દક્ષિણ પૂર્વ પશ્ચિમ વચ્ચે ભેદ છે કે કેમ, છે તો તે શા શા ભેદ છે, એ ભેદ શા કારણથી ઉત્પન્ન થયા છે એ વિષેનું ગૂજરાતી સાહિત્યમાં એક પુસ્તક નથી એ ખોટ પૂરી પાડવાની જરૂર છે.

ચિત્રપ્રદર્શન ઉપરાંત સત્કારમંડળના પ્રમુખ સર ગિરજાપ્રસાદ ચીનુભાઇને ત્યાં એમના કુટુમ્બની તથા અમદાવાદની શાળાની કન્યાઓના ગરબા અને નૃત્ય પણ આકર્ષક નીવડયાં હતાં અને

તે જ પ્રમાણે કવિસંમેલન યાને મુશાયરાનો જલસો પણ બહુ રમુજી અને આનંદજનક નીવડ્યો હતો.

"સાહિત્યસંમેલન" ના ઉદ્દેશ અને કાર્ય વિષે ગંભીર દૃષ્ટિએ વિચાર કરનારને આ જાતનાં કાર્યથી સંતોષ નહિ થાય. તેઓને સંતોષ આપે એવું કાંઈ હતું? આનો ઉત્તર આપવો કઠણ છે.

ઠરાવોની દૃષ્ટિએ જોઈએ તો એમાં કાંઈ નૂતન ન હતું. "બંધારણ" ના પ્રશ્નને ફરી તપાસવા માટે કમિટી નીમાઈ. અમે આશા રાખતા હતા કે લાઠી પરિષદ્‌માં આ પ્રશ્નની સમાપ્તિ થઈ ગઈ હશે, પણ દુર્ભાગ્યે હજી એ પ્રશ્ન જાગતો રહ્યો છે. અને કેટલાક યુવક સાક્ષરોએ મ. ગાંધીજી આગળ એ ફરી ખોલ્યો તેથી ગાંધીજીએ બંધારણ વિષે ફરી વિચાર કરવાની સૂચના કરી, અને તે પ્રમાણે ઠરાવ થયો. અમે આશા રાખીએ છીએ કે હવે તો એ પ્રશ્ન લાંબા સમય માટે શાન્ત થઈ જશે. ખરૂં જોતાં અમે માનીએ છીએ કે સાહિત્યના ઉત્કર્ષ માટે વાસ્તવિક રીતે આ પ્રશ્નનું અલ્પ ગૌરવ છે, જે કાંઈ ગૌરવ દેખાય છે તે "ભંડોળ"ની ન્હાની સરખી રકમનો ઉપયોગ શો કરવો અને કોણે કરવો એ પ્રશ્નને લઈને જ છે, પરંતુ વાસ્તવિક રીતે એને સાહિત્યના ઉત્કર્ષ સાથે અન્તરંગ સંબન્ધ, પરિષદ્‌નું કાર્ય વિચારતાં, અમને નહિ જેવો દેખાય છે.

સંમેલનનું ગંભીર દૃષ્ટિએ અવલોકન કરતાં બીજી કસોટી એમાં વંચાએલા વિભાગી અધ્યક્ષ અને બીજા વિદ્વાનોના **નિબન્ધોના** ગુણ. અમે દિલગીર છીએ કે અસ્વસ્થ શરીરના કારણથી વિભાગી અધ્યક્ષનાં ભાષણો સિવાય બીજા નિબન્ધો વંચાયા તે સમયે અમારાથી હાજર રહેવાયું ન હતું. એટલે એ વિષે કહેવું અશક્ય છે પરંતુ વિભાગી પ્રમુખનાં ભાષણ તો સારાં હતાં. કેટલાંક જોઈએ તે કરતાં લાંબાં હતાં, અથવા તો અમુક તત્ત્વ એમાં ખૂટતાં હતાં, અથવા તો અમુક વાતમાં અમારો મતભેદ છે, એ કહેવું શકય છે.

પણ એના દોષ કાઢવા હમેશાં સહેલા છે. એકંદર ગુણદોષનું તારતમ્ય વિચારતાં અમને લાગે છે કે સર્વે નિબન્ધો સારા હતા. વિશિષ્ટ અભિપ્રાય આપવો હોય તો અમે કહીએ કે દિશાસૂચકતા કરતાં નિરૂપણ અને નિરૂપણ કરતાં પણ સ્વમતપ્રદર્શન એમાં વધારે હતું.

નવીન દિશાસૂચન એ સંમેલનની મુખ્ય ખામી હતી એનો અપવાદ કેવળ પ્રમુખ શ્રી. ગાંધીજીનું ભાષણ હતું. પરંતુ એમાં પણ સમયને અભાવે નવી દિશામાં પ્રસ્થાન કરવા માટે જોઇતી **યોજના** ન થઈ શકી એ ખામી રહી. સંમેલને 'બંધારણ' ફરી તપાસવા કમિટી નીમી એના કરતાં તો સાહિત્યપરિષદ્ અને સાહિત્ય-સંમેલનના અત્યાર સુધીના કાર્યની ફરી તપાસ કરી **ભવિષ્યના કાર્યને માટે સૂચના કરવા એક કમિટી નીમી હોત તો વધારે સારૂં** હતું.

[વસંત : પુ. ૩૫, અંક ૪, કાર્તિક—પૌષ, સં. ૧૯૯૩]

તેરમું ગૂજરાતી સાહિત્યસંમેલન

: ૧ :

તેરમું સાહિત્યસંમેલન

કરાંચીમાં ગૂજરાતી સાહિત્યપરિષદ્‌ની યોજનાથી ગૂજરાતની સર્વ સાહિત્યસંસ્થાઓના પ્રતિનિધિઓનું સંમેલન થયું. હું દિલગીર છું કે મ્હારાથી એમાં ભાગ લઈ શકાયો નહોતો, તેથી, જેમાં પ્રત્યક્ષ હાજરીની જરૂર ગણાય તે પર્યાલોચનનો ભાગ તેટલા પૂરતો ખામી ભરેલો રહે એ સ્વાભાવિક છે. અને તેથી એ ખામી વાચક દરગુજર કરશે એમ હું વિનંતિ કરૂં છું.

સંમેલનના પ્રમુખ રા. રા. (રાષ્ટ્રમાન્ય રાષ્ટ્રશ્રી) કનૈયાલાલ મુનશી હતા. વિભાગી પ્રમુખોનાં અનેક સુન્દર અને ગંભીર ભાષણો કરતાં પણ સમગ્ર સંમેલનના અધિષ્ઠાતા તરીકેનું એમનું ભાષણ જુદું જ દીપી આવતું હતું—એની ભાષા, વિચાર, ઉભયનો પ્રવાહ અને પ્રવાહનો જોસ સહુ લાક્ષણિક હતાં—એમાં રા. મુનશીનું 'વ્યક્તિત્વદર્શન' હતું, અને તેથી એમનું ભાષણ પોતે જ એમણે રજુ કરેલી સાહિત્યની કસોટીએ, એક સાહિત્ય હતું. મ્હોટે ભાગે, રા. મુનશીએ આજસુધી જણાવેલા પોતાના વિચારો જ એમાં સ્પષ્ટ કરીને અને વિસ્તારીને મૂક્યા છે, અને તેથી એમાં નવીનતા નથી એમ આક્ષેપ કરનારને અમે પૂછીશું કે—એ વિચારો જે અત્યારે ગૂજરાતમાં રૂઢ થઈ ગયા છે અને તેથી પુરાણા લાગે એને પ્રથમ

ઉત્પન્ન કરવાનું માન કોને છે? બેશક, રા. મુનશી અત્યારે એક 'એનજિન ડ્રાઇવર' નું કામ લઈ બેઠા છે, પરંતુ એ એક સુન્દર ઉપવનના માળી જ રહ્યા હોત તો એમણે કરાંચીમાં આજ જુદું જ કાર્ય કર્યું હોત એમ અમે માનીએ છીએ. પણ એમણે એનજીન ડ્રાઈવરનું કામ દેશ પ્રત્યે કર્તવ્યબુદ્ધિથી જ સ્વીકાર્યું છે એ ધ્યાનમાં રાખીને એમના સંમેલનના કાર્યમાં રહેલી ખામીઓ આપણે સહી લેવી જોઈએ. બીજી તરફ, રા. મુનશીએ પણ લક્ષ્યમાં રાખવું ઉચિત છે કે એમના ઉપર જે આક્ષેપો થાય છે એ એમની પાસેથી સાહિત્યપ્રેમી આલમ કેવી મ્હોટી આશા રાખે છે એ સૂચવે છે, અને એમ આડકતરી રીતે એ એમની સાહિત્યની કાર્યશક્તિની માનભરી સ્તુતિ છે.

રા. મુનશીના ભાષણના બે ભાગ છેઃ (૧) ગૂજરાતનું વ્યક્તિત્વ-સાંસ્કારિક અને (૨) સાહિત્યમાં વ્યકિતદર્શન. અમે નિખાલસપણે કહીશું કે વર્તમાન સમયમાં પ્રાન્તિક સ્વરાજ્યને લીધે પ્રાન્તિક 'અસ્મિતા' ભારતના અભેદદર્શનમાં વિઘ્નકર થવાનો ભય છે, અને તેથી યોગસૂત્ર–જેમાંથી રા. મુનશી એ શબ્દ ખેંચી લાવ્યા છે–'હેય' (ત્યાજ્ય) વૃત્તિમાં જ એની ગણના કરે છે એને માન આપી રા. મુનશી હવે પ્રાન્તીય 'અસ્મિતા' માટે જેમ બને તેમ ઓછો આગ્રહ રાખે તો સારૂં એમ અમે ઈચ્છીએ છીએ.

આ ભય રા. મુનશીના ધ્યાન બહાર નથી, અને તેથી એ પોતે જ ચેતવણીરૂપે કહે છે કે "આવી ભાવના જો પ્રાન્તીયતાની સિદ્ધિ સારૂ સેવાય તો તે જરૂર સંકુચિત બને, અને રાષ્ટ્રવિધાનની આડે આવે. હિન્દ જેવા વિશાળ દેશમાં જ્યાં સામાજિક અને ધાર્મિક ભેદોના ઢગલા પડયા હોય ત્યાં પ્રાન્તિક પ્રેમની નીસરણી દ્વારા જ રાષ્ટ્રીયતાની સિદ્ધિને પહોંચાય. જો આ ભાવો પરસ્પર વિરોધી ન હોય તો હિન્દથી અલગ ગુજરાતનું અસ્તિત્વ ન હોવું જોઇએ, ન હોઇ

શકે. બધી પ્રાન્તિક વિશિષ્ટતા હિન્દની પ્રચંડ એકતામાં ભળી જાય તો જ જીવનસાફલ્ય પ્રાપ્ત થશે."

રા. મુનશીના આ શબ્દો અમે સવિસ્તર ઊતાર્યા છે, કારણ કે પ્રાન્તીય સ્વરાજ્યના આ દિવસોમાં હિન્દ સમસ્તની એકતાની ભાવના લક્ષ્ય બહાર જતી રહેવાનો અમને ભય છે. અમે તો એક ગૂજરાતી તરીકેની આપણી અસ્મિતા વધારે ઉત્કટ ન બની જાય તેટલા માટે વ્યકિતત્વવાદી વાંચકોને વિચારવા વિનવશું કે રા. મુનશી જેને ગૂજરાતનું "સાંસ્કારિક વ્યકિતત્વ" કહે છે એના ઘટક અવયવો શા છે, કે જે ભારતની સામાન્ય સંસ્કૃતિમાં નથી અને જે ગૂજરાતની વિશિષ્ટતા બતાવે છે? અમને તો ભાગ્યે કોઈ જડે છે.

ગૂજરાતની 'અસ્મિતા' એના જે વ્યકિતત્વ ઉપર આધાર રાખે છે એનો વિચાર કરતાં રા. મુનશી કહે છે કે "એ વ્યક્તિત્વના ઘડતરમાં પર્વત ને નદીઓનું સ્થાન ગૌણ છે. મુખ્ય સ્થાન તો જે મહાપુરુષોએ ગુજરાતની આ ભાવના સરજાવી છે તેમનું છે." પછી આ વ્યકિતત્વ ઘડનાર મહાપુરુષો ગણાવે છે તે—સિદ્ધરાજ જયસિંહ, હેમચન્દ્રાચાર્ય, નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રેમાનંદ, નર્મદ અને ગાંધીજી. પણ આવી મહાપુરુષની એકંદર સમૃદ્ધિ અન્ય પ્રાન્તમાં નહિ જડે એમ નથી.

રા. મુનશીના ભાષણમાં બીજો મુદ્દો—સાહિત્યમાં વ્યકિતત્વ યાને "Individuality in Literature" એ છે અને તે વિવેચનશાસ્ત્રના ગૂજરાતી વાઙ્મયમાં કિંમતી ઊમેરો છે. વ્યકિતત્વના ઉદાહરણમાં હોમરનો એકીલીસ અને હેક્ટર, વાલ્મીકિના રામચન્દ્ર, કાલિદાસની શકુન્તલા, ને ભાગવતકારના શ્રીકૃષ્ણ, શેક્સપીયરના હેમ્લેટ ઓથેલો ને ફોલસ્ટાફ, ઇત્યાદિ એ ઉપલક્ષણરૂપે રા. મુનશીએ ગણાવ્યાં છે, અને આ લઘુ લેખમાં એટલાં ઉદાહરણો પૂરતાં છે. પરંતુ અમે ઉપર કહ્યું તેમ, રા. મુનશી કેવલ સાહિત્યપરાયણ

હોત તો એમની પાસેથી સાહિત્યવિષયક આપણે ઘણું વાઙ્મય મેળવી શકત અને જેમ લોકમાન્ય ટિળક મહારાજે કહ્યું હતું કે એમને રાષ્ટ્રીય રાજ્યકારણમાં પડવું પડયું ન હોત તો એ ગણિતશાસ્ત્રી રહેવા ઇચ્છત, તેમ અમને લાગે છે કે રા. મુનશી એમના વર્તમાન સ્થાન કરતાં, બલ્કે એડવોકેટના ધનદાયી ધંધા કરતાં પણ સાહિત્યસેવાના કાર્યમાં વધારે આનન્દ પામત. વળી ઉપરનાં પાત્રોનો ઉલ્લેખ કરીને, રા. મુનશી કહે છે કે એ "ખરાં સ્ત્રી પુરુષોથી વધારે માનવી છે, ખરી વ્યકિતઓથી વધારે અપૂર્વ છે, અને તેથી આપણી જીવનયાત્રાનાં અણવિછોડયાં ને નિકટનાં સાથી બને છે. અને સાહિત્ય આમ જીવનથી વધારે સત્ય અને પ્રબલ બની, આપણને વધારે સમૃદ્ધ અનુભવસૃષ્ટિનું સામ્રાજ્ય અપાવે છે." સાહિત્યસૃષ્ટિ આ પરિદૃશ્યમાન સૃષ્ટિ કરતાં વધારે સત્ય છે એ અમારા પ્રિય સિદ્ધાન્તમાં રા. મુનશીની સંમતિ જોઈ અમને આનન્દ થાય છે.

રા. મુનશીના ભાષણના પ્રથમ ભાગ સંબન્ધે અમે વાચકને એક ચેતવણી આપી, તેમ આ બીજા ભાગ સંબન્ધે પણ એક બીજી ચેતવણી આપીને એમના ભાષણનું અવલોકન સમાપ્ત કરીશું.

વ્યકિતત્વભર્યા કવિનો હૃદયોદ્‌ગાર કે કવિનું પાત્રાલેખન એ ઊર્મિકાવ્ય નાટક નવલકથા અને વીરમહાકથાને ઊંચું કાવ્યત્વ અર્પે છે, પરંતુ આનો અર્થ એમ સમજવાનો નથી કે એ પ્રકારનો હૃદયોદ્‌ગાર કે પાત્રાલેખન હોય તો જ કાવ્યત્વ આવે. ટૂંકા સૂત્રમાં કહીએ તો, વ્યકિતત્વ કાવ્યમાં ઉત્કર્ષ સાધે છે, પણ તે સર્વત્ર કાવ્યનું આવશ્યક તત્ત્વ છે એમ નથી. ઘણાં કાવ્યોનો આનન્દ વ્યકિતસર્જનમાં નહિ, પણ અવ્યક્ત સુન્દરતાનું વાતાવરણ ઉત્પન્ન કરવામાં જ રહેલો હોય છે (ગૂજરાતી સાહિત્યમાં કવિ ન્હાનાલાલનાં કાવ્યો સ્વ. નરસિંહરાવની કેટલીક ગરબીઓ વગેરે આનાં ઉદાહરણો છે). વ્યકિતત્વવાદ હૃદયોદ્‌ગારી (subjective) સાહિત્યને જેટલી સ્હેલાઇથી લાગુ પાડી શકાય છે તેટલી સ્હેલાઇથી એ પરોક્ષ (objective)

સાહિત્યને સર્વત્ર લાગુ પાડી શકાતો નથી. બલ્કે તેમ કરવા જતાં કૃત્રિમતા સેવવી પડે છે. દા. મુનશીના પ્રકૃત યત્નમાં પણ એમ જ થયું છે. તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં, 'પરાક્' (objective) માંથી 'અર્વાક્' (subjective) કે "અર્વાક્' માંથી "પરાક્" કાઢવા જતાં જેવી મુશ્કેલી નડે છે અને તેથી આ બંને તત્ત્વની પર કોઈ તત્ત્વમાંથી એમને ઊતારવાં પડે છે, તે જ પ્રમાણે કવિતાનું મૂળ કેવળ બાહ્ય કે કેવળ આન્તર કલ્પવાથી વિટંબણાઓ ઉત્પન્ન થાય છે. આવી સુંકુચિત દૃષ્ટિને લીધે જ ઘણી નવલકથાઓની કિંમત આંકવામાં આપણે ભૂલ કરીએ છીએ: પાત્રાલેખન–વ્યકિતસર્જન–એ નવલકથાની કસોટીમાં એક મ્હોટું તત્ત્વ છે. પણ કોઈ પણ વિવેચનશાસ્ત્રનો ગ્રન્થ ઊઘાડશો તો નવલકથાના સ્વરૂપમાં પાત્રા-લેખન ઉપરાંત બીજાં અનેક તત્ત્વો ગણાવેલાં જોશો–જેને અવગણવાથી જ અમુક નવલકથા અમુક નવલકથાથી સારી કે ખોટી એમ આપણે સહસા મત ઉચ્ચારી દઈએ છીએ.

: ૨ :

આ સંમેલન 'સફળ કે નિષ્ફળ'?

આ સંમેલન સફળ કે નિષ્ફળ?—એ પ્રશ્ન ઉપર અમદાવાદના સાહિત્યરસિક ભાઈઓએ એક સાંઝ સાહિત્યવિનોદમાં ગાળી. પણ જુદા જુદા વક્તાઓએ પોતપોતાના જુદા જુદા દૃષ્ટિબિન્દુઓથી જોઈ, આ સંમેલનને સફળ કે નિષ્ફળ જાહેર કર્યું. અમે તો જેમ રાષ્ટ્રમાન્ય રાષ્ટ્રશ્રી કનૈયાલાલ મુનશી માને છે કે "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત" એ કેવળ કલ્પના નથી પણ વાસ્તવિક સત્ય છે, તેમ ગૂજરાતનાં સાહિત્યરસિક સ્ત્રી પુરુષો જ્યાં મળે અને આનંદ કરે ત્યા સદાકાળ સરસ્વતીનું પ્રસન્ન વદન સ્મિતભર્યું શોભી જ રહ્યું છે એમ માનીએ છીએ. આમ હોઈ, અમને આવાં સંમેલનમાં કદી નિષ્ફળતાનાં દર્શન થતાં જ નથી એટલું અમારૂં સદ્ભાગ્ય છે.

લગ્નના વિધિ સાથે ઉત્સવ પણ હોય; ઉત્સવથી વિધિને હાનિ પહોંચવી ન જોઈએ એટલી જ મર્યાદા પાળી શકાય, અને પાળવી જોઈએ. ઉત્સવ પોતે એવું વાતાવરણ ઉત્પન્ન કરે છે કે જેથી નવી અને ઊંચી પ્રેરણા મળે.× સંમેલન કાંઈ નિશાળ–વિદ્યોપાર્જનનું સ્થાન–નથી. એમાં ભાગ લે તેઓએ થોડે ઘણે અંશે સરસ્વતીની ઉપાસના કરી જ હોવી જોઈએ, અને તેથી સંમેલન તે નિત્ય ઉપાસનાને સ્થાને એક નૈમિત્તિક ઉપાસનાની યોજના જ સમજવાની છે. આપણા પૂર્વજો નિત્ય પંચમહાયજ્ઞ ઉપરાંત વખતોવખત મ્હોટા યજ્ઞો–સત્રો–કરતા અને એમાં ધાર્મિક ઉત્સવ માણતા, તે આવા જ આશયથી. કેટલાકને "સાહિત્યસંમેલન"માંથી આંખે દેખી શકાય એવું સ્થૂળ ફળ જોઇએ છે. તેમને ડૉ. હરિપ્રસાદે જવાબ દીધો કે "હેમાચાર્યનો સારસ્વત સત્ર અને અક્ષરોના નાગરીકરણનો ઠરાવ વગેરે ઉપયોગી ઠરાવો પણ સંમેલને કર્યા છે!" કેટલાક "કોશ અને વ્યાકરણ"ની સનાતન ભિક્ષા સાહિત્યસંમેલન પાસે માગ્યા જ કરે છે, પણ વર્તમાન સમયે ગૂજરાતને કેવા કોશની અને કેવા વ્યાકરણની જરૂર છે એ ચર્ચા આજસુધી કોઇએ કરી જાણવામાં નથી. કેટલાકને પ્રમુખની "અન્ય" પ્રવૃત્તિઓ ખૂંચી છે. પણ આપણા દેશમાં જુદા જુદા વિષયો જુદા જુદા નેતાઓ સંભાળી લે એટલી નેતાઓની સંખ્યા નથી, અને તેથી એક જ વ્યક્તિને માથે અનેક ક્ષેત્રો સાચવવાનું કામ આવી પડે છે. અને જો એ સર્વ ક્ષેત્રો આપણાં જ છે એટલું સમઝીએ તો નેતાઓની થોડીક ઊણપ ઉદાર દિલથી સહી લેતાં આવડે. વળી કેટલાક ટીકાકારો બંધારણનો પ્રશ્ન હજી ઊકલ્યો નહિ તે માટે રોષ દર્શાવે છે. બંધારણનો પ્રશ્ન એ વહીવટી સત્તાનો પ્રશ્ન છે અને અમે તો મૂળથી જ માનતા આવ્યા છીએ કે સાહિત્યના ખરા જીવન સાથે

× સંસ્કૃત उत्सव (उत्–ઊંચું અને सव:–ઉત્પન્ન કરવું તે) ઉપરથી ઉત્સવ–ઊંચી પ્રેરણા ઉત્પન્ન કરનાર પ્રસંગ, એ એનો ગર્ભિત અર્થ છે.

એને સંબંધ નથી. છતાં એ પ્રશ્ન હવે મહત્ત્વનો ગણાવા લાગ્યો છે તો એનો એક વખતે નીવેડો કરી નાંખી, કેટલોક વખત એને બંધ કરી મૂકવો જોઈએ, જેથી સાહિત્યના અન્તરંગ પ્રશ્નો ઉપર સંમેલનનું ધ્યાન ચોંટે.

કવિતા આદિ સાહિત્યનાં સ્વયંભૂ ઝરણાં ઊપજાવવાનું તો સાહિત્યસંમેલનનું સામર્થ્ય નથી. પણ વિદ્યાનાં ઘણાં ક્ષેત્રો જે અત્યારે અણખેડ છે એને ખેડાવી શકે અને જ્યાં અત્યારે માત્ર કોઇ કોઈ સ્થળે ઉપરછલ્લું હળ ફર્યું દેખાય છે તેને વ્યવસ્થિત રીતે ખેડાવીને ફળદ્રુપ કરાવી શકે. આપણે ગૂજરાત યુનિવ્હર્સિટિની વાતો કરીએ છીએ પણ બાહ્ય સ્વરાજ્ય જેમ ગાંધીજીએ સ્ફુરાવેલા આન્તર સ્વરાજ્યમાંથી જ ઊગ્યું, તેમ ગૂજરાતની બાહ્ય અને સ્થૂળ યુનિવ્હર્સિટિ પણ એની આન્તર યાને સૂક્ષ્મ યુનિવ્હર્સિટિમાંથી જ ઉત્પન્ન થશે. પણ આ આન્તર યુનિવ્હર્સિટિ ક્યાં? આપણી યુનિવ્હર્સિટિની વિદ્યા ઘણો વખત અંગ્રેજી રહી, એને ગૂજરાતી કરવા માટે **વસન્ત** સ્થપાયું, પણ એ હજી એનો ઉદ્દેશ પાર પાડી શક્યું નહિ. ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાઈટિએ થોડાંક અંગ્રેજી પુસ્તકોનો ગૂજરાતીમાં અનુવાદ કરાવ્યો પણ આપણા નવશિક્ષિત યુવકો ગૂજરાતીમાં ઉચ્ચ વિચાર કરતા થયા? ઉચ્ચ શિક્ષણની અનેક શાખાઓના વિવાદોથી આપણાં વર્તમાનપત્રો–માસિકો અને ત્રૈમાસિકો–ગાજ્યાં? ગૂજરાતમાં અને એની બહાર ઘણા ગૂજરાતી વિદ્વાનો પ્રોફેસરો છે, તેઓએ પોતાની વિદ્યા ગૂજરાતીમાં મૂર્તિમન્ત કરી? આપણું વિદ્યાનું વાતાવરણ એવું થવું જોઈએ કે જેઓને કૉલેજમાં જવાની અનુકૂળતા ન હોય તે પણ સામાન્ય વાંચનમાંથી જ્ઞાન પામે.

અત્રે વિદ્યા પરત્વે સાહિત્યપરિષદ્‌ના કર્તવ્યની વાત કરી, પણ એથી અમારૂં એમ કહેવું નથી કે કવિતા વગેરે સ્વયંભૂ સાહિત્ય સાથે પરિષદ્‌ને કાંઈ સંબંધ નથી. સ્વયંભૂ સાહિત્યને પણ આસ-

પાસના વાતાવરણ સાથે બહુ સંબંધ છે. જો એ વાતાવરણ શુદ્ધ અને જીવનને પોષે એવું હોય તો જ આપણું સાહિત્ય પણ ઊંચા પ્રકારનું નીપજે. અને એવું વાતાવરણ ઉત્પન્ન કરવામાં સાહિત્ય-પરિષદ્ ઘણો ભાગ લઈ શકે.

આ કારણથી અમે સંમેલનના વિભાગ પાડવાની રૂઢિ પસંદ કરીએ છીએ. હજી આપણું વાઙ્મય એટલું થોડું વિકસેલું છે કે સંમેલનમાં મળેલા ઘણા જનો એક એ કરતાં વધારે વિભાગમાં ભાગ લઈ શકે એમ હોય છે અને તેઓને સાથેલાગા ચાલતા વિવિધ વિભાગોમાં હાજરી આપવાની અનુકૂળતા મળતી નથી અને તેથી તે અસંતુષ્ટ રહે છે. પણ વિભાગનું કાર્ય જેમ જેમ વધુ વિકસશે અને ઝીણવટભરેલું થશે તેમ તેમ એ વિભાગો વિશિષ્ટતા પ્રાપ્ત કરશે; અને જ્ઞાનપ્રદ થશે. હજી એ વિભાગના પ્રમુખની પસંદગી વિષે એક વિચાર કરવો રહે છે. વિભાગના પ્રમુખ તે તે વિષયના વિશિષ્ટ વિદ્વાન હોવા જોઈએ? કે ગૂજરાતીમાં એ વિષયમાં શું કાંઈ થયું છે અથવા તો એ વિષયની દૃષ્ટિએ ગૂજરાતી સાહિત્યમાં શું નજરે પડે છે એ વિષે જ્ઞાન આપી શકે એવા હોવા જોઈએ? આ બેમાંથી એક જ ધોરણે હમેશાં પસંદગી થવી જોઈએ એમ અમારો આગ્રહ નથી: પણ આ બે ધોરણ સિવાય ત્રીજું કોઈ ધોરણ અમારી કલ્પનામાં વાજબી રીતે આવતું નથી. પણ શોક તો એ છે કે આ ધોરણ અમુક વ્યક્તિને લાગુ પાડવા જેટલું પણ આપણને તે તે વિભાગના વિષયનું જ્ઞાન હોતું નથી. અને કેવળ બહિરંગ ધોરણે જ આપણે વિભાગી પ્રમુખની પસંદગી કરીએ છીએ.

[વસંત: વર્ષ ૩૬, અંક ૩, શ્રાવણ–આશ્વિન, સં. ૧૯૯૩]

વિદ્વત્પરિષદો

પરાધીન પ્રજા રાજકીય પ્રશ્નને પોતાના સર્વ પ્રશ્નોમાં અગ્રસ્થાને મૂકે એ સ્વાભાવિક છે, અને તેમ કરે ત્યાં સુધી જ એ એક જીવતી પ્રજા છે એમ માની શકાય. પણ મનુષ્યજીવનની ઉચ્ચતા માત્ર રાજકીય સ્વાતન્ત્ર્યમાં સમાઇ જતી નથી, અને તેથીં એ ઉચ્ચતા સંપાદન કરવા માટે સર્વતોમુખ યત્ન થવા જોઈએ, તેથી રાજ્યપ્રકરણી કૉન્ગ્રેસની આસપાસના પખવાડિયામાં એ કૉન્ગ્રેસની સાથે જે હિન્દનાં જુદાં જુદાં સ્થળોએ વિદ્વાનોની, વ્હેપારીઓની, જાતિમંડળોની પોતપોતાના કાર્યની લગતી પરિષદો ભરાય છે એ આનન્દની વાત છે. પણ કેળવણી એ જો આપણા સર્વ ઉદ્ધારનો પાયો હોય તો એ સર્વમાં વિદ્વાનોની પરિષદોએ આપણું સહુથી વધારે ધ્યાન ખેંચવું જોઈએ. હિન્દની કેળવણી અને એ કેળવણીના ફળરૂપ બુદ્ધિવિકાસમાં રસ લેનારને હર્ષ ઊપજ્યા વિના નહિ રહે કે છેલ્લાં દશેક વર્ષથી હિન્દમાં આ જાતની પરિષદો ભરાવા લાગી છે. ‘પ્રાચ્યવિદ્યા’, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર આદિ વિષયોના વિદ્વાનો પ્રતિવર્ષ વા એક બે વર્ષને આંતરે આ રીતે મળે છે, પોતપોતાના વિષય ઉપર વિદ્યાવૃદ્ધિસૂચક નિબન્ધો વાંચે છે, ચર્ચે છે, અને કાંઈક સૂચના–પ્રેરણા–ઉત્તેજના પામી પોતપોતાને સ્થાને જાય છે. આ જાતનાં કાર્યનો સઘળો યશ એક જ વ્યક્તિને હોઈ શકે નહિ, અને વસ્તુતઃ અનેક વ્યક્તિઓના શુભ પ્રયત્નનું અને શ્રમનું જ આ પરિણામ છે. છતાં આ દિશા તરફ હિન્દના વિદ્વાનોનું લક્ષ્ય દોર્યાનું માન કોઈપણ એક વ્યક્તિને હોય તો તે કલકત્તા યુનિવ્હર્સિટિના

મહાન વ્હાઇસ-ચૅન્સેલર સ્વર્ગસ્થ આશુતોષ મુકરજીને છે. ઉચ્ચ શિક્ષણનો ઉદ્દેશ ધ્યાનમાં લાવી, સ્વદેશી બુદ્ધિનું અભિમાન ધરનાર આ મહાન પુરુષે કલકત્તા યુનિવ્હર્સિટિમાં 'પોસ્ટ ગ્રૅડ્યુએટ' ખાતું ઉઘાડ્યું. એમાં પુષ્કળ વિદ્વાનોને અને વિવિદિષુઓને (વિદ્યાના આરૂઢ અને આરુરુક્ષુઓને) કામે લગાડ્યા, અને એ ખાતામાં ધન પણ છૂટે હાથે ખર્ચ્યું, યુવક વિદ્વાનોને ઉત્તેજન આપવું એ એમની ખાસ કાર્યપદ્ધતિ હતી અને એને લઈ અત્યારે કલકત્તામાં આવા વિદ્વાનો ઘણું કામ કરી રહ્યા છે. અને ચાલતી ઘરડમાંથી નીકળી કાંઈક ઊંચું કાર્ય કરવાને માર્ગે હિન્દની બીજી બધી યુનિવ્હર્સિટિઓ પણ હવે ચઢતી જાય છે તો તેનું સ્પષ્ટ કારણ કલકત્તા યુનિવ્હર્સિટિમાં આશુતોષ મુકરજીએ ઊભો કરેલો આદર્શ જ છે. લૉર્ડ કર્ઝને હલકી કૉલેજોનો વિનાશ કર્યો, પણ યુનિવ્હર્સિટિઓને ઊંચી ન કરી. સર આશુતોષે કૉલેજોના શિક્ષણની દરકાર ન રાખી પણ યુનિવ્હર્સિટિ સુધારી. એ સુધારો સમય જતાં કૉલેજોના શિક્ષણ ઉપર અસર કર્યા વિના નહિ રહે એમ અમને ખાતરી છે.

વિદ્વાનોની પરિષદો વિષે લખતાં આ કાંઈક વિષયાન્તર થયું, પણ આ પરિષદોના ઉદ્ભવમાં સર આશુતોષ મુકરજીનું પોસ્ટ ગ્રૅડ્યુએટ શિક્ષણનું કાર્ય એક મુખ્ય કારણ હોઈ એ વિષે આટલું કહેવું પડ્યું.

કલકત્તામાં મળેલી સાયન્સ કૉન્ગ્રેસના શાસ્ત્રીય નિબન્ધો વિષે અત્રે લખવું અશક્ય છે. પણ એના સામાન્ય કાર્ય વિષે ડૉ. કાન્તિલાલ પંડ્યાએ લખવાનું સ્વીકાર્યું છે. પ્રમુખના ભાષણનું એક મુખ્ય કથન યુનિવ્હર્સિટિમાં અપાતી કેળવણીને લગતું અને સામાન્ય આકારનું હોઈ એ વિષે અમે થોડુંક કહેવા ઇચ્છીએ છીએ. પ્રમુખ—ડૉ. સાઇમનસન—ફરિયાદ કરે છે કે હિન્દુસ્થાનનું ઉચ્ચ શિક્ષણ ગયા જમાના કરતાં અત્યારે ઊતરી ગયું છે. અને તેનું કારણ એ શિક્ષણ-

અને પરીક્ષા બંને હલકાં થઈ ગયાં છે એમ બતાવે છે, અને તેમ થઈ જવાના કારણમાં એ એમ કહે છે કે અંગ્રેજ અધ્યાપકો ઘટી ગયા છે, યુનિવ્હર્સિટિઓનો કાબુ વિદ્વાનોને બદલે વ્યવહારુ જનોના હાથમાં ગયો છે, અને કાગળ ઉપર અભ્યાસક્રમ ઊંચો હોઈને પણ વસ્તુતઃ શિક્ષણ અલ્પ અને પરીક્ષા સહેલી થઈ છે. અમે માનીએ છીએ કે પહેલાં કરતાં અત્યારના વિદ્યાર્થીઓ અને વિદ્વાનો ઊતરતા છે કે કેમ એ પ્રશ્નનો ઉત્તર દેવો કઠણ છે. પણ ડૉ. સાઇમનસનની કારણમીમાંસા તો અમે બિલકુલ સ્વીકારી શકતા નથી. અંગ્રેજી સિવાયના વિષયમાં અંગ્રેજ અધ્યાપકોની વિશેષ યોગ્યતા માનવાને કાંઈ કારણ નથી. તેમ યુનિવ્હર્સિટિઓના કોઈપણ કેલેન્ડરમાં નજર ફેરવતાં જણાઈ આવશે કે અભ્યાસક્રમમાં તેમજ પરીક્ષામાં વિદ્વાનોનો કાબુ ઓછો હોવાને બદલે કેટલો બધો છે. ડૉ. સાઈમનસન ધારે છે કે યુનિવ્હર્સિટિની ડિગ્રીઓ સરકારી નોકરીઓ માટે માન્ય કરવામાં આવે છે તેથી એ ડિગ્રીઓ નોકરીઓનું દ્વાર થઈ રહી છે અને જ્ઞાનની સીડી બનતી નથી. જગત્‌માં કોઈ ઠેકાણે યુનિવ્હર્સિટિની ડિગ્રીઓ તે કેવળ જ્ઞાનની સીડીઓ જ થઈ રહેલી હોય એમ જાણ્યામાં નથી. સર્વત્ર એ ઘણાંખરાંઓને માટે વ્યવહારમાં ઊતરવાના પગથિયાં જ હોય છે, તેમાં જે દેશમાં વેપાર–ઉદ્યોગ વગેરે અસંખ્ય માર્ગ ખુલ્લા છે ત્યાં ગ્રૅડ્યુએટોને સરકારી નોકરીઓની દરકાર થોડી રહે છે, અને હિન્દુસ્થાનમાં એ વિશેષ છે એ હિન્દુસ્થાનની સ્થિતિ જોતાં આશ્ચર્યજનક નથી. ખરી વાત એટલી જ છે કે સાદી ડિગ્રી સહેલી રાખવા ઉપરાંત બીજી ઑનર્સ ડિગ્રી કઠણ રાખવી જોઈએ, જેથી પ્રજામાં સામાન્ય ઉચ્ચ શિક્ષણ વિસ્તરે અને તેની સાથે જ્ઞાનની ભાવના ઉત્તેજાય તથા કેળવાય.

[વસંતઃ વર્ષ ૨૬, અંક ૧૨, પૌષ, સં. ૧૯૮૪]

ફાર્બસ ગુજરાતી સભા

આ અંકમાં અન્યત્ર * પ્રસિદ્ધ કરેલી "ફાર્બસ ગૂજરાતી સભા" સંબંધી પત્રિકા વિષે અત્રે એટલું લખવા જેવું છે કે ચાળીસ વર્ષ

---

* **શ્રી ફાર્બસ ગુજરાતી સભા**

શ્રી ફાર્બસ ગુજરાતી સભાની એક સમસ્ત સભા તા. ૧૬ જાન્યુઆરી ૧૯૦૬ ને દિને ધિ ઓનરેબલ મિ. ઈ. એમ. એચ. ફુલ્હેન સી. એસ. આર. આઈ. સી. એસ. એઓ સાહેબની પ્રમુખતા નીચે મુંબઇના ટાઉન હૉલમાં મળી હતી. તેમાં સભાનો પ્રથમ ઉદ્દેશ "ગુજરાતી સર્વ જૂનાં કવિતા આદિનાં પૂર્વનાં હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ કરવાનો" છે તે વિષયે વચાર થઈ તે કાર્યનો આરંભ કરવાનો નિર્ણય થયો છે.

જે ગ્રન્થો આજ સુધી છપાયા વિનાના તથા પૂર્વેના કવિલેખકોએ લખેલા હોય અને જે તેઓની પ્રાચીનતા તથા યોગ્યતાને લીધે રક્ષણ કરવા યોગ્ય જણાશે તેવા ગ્રન્થો, પાનાં, ચોપડીઓ મૂલ્ય આપી લેવામાં આવશે.

તેવા ગ્રન્થો આદિ જેઓની પાસે હોય તેઓએ તે ગ્રન્થનું તથા તેના કર્તાનું નામ, તે લેખનું વર્ષ, તથા તેની સંખ્યા અને મૂલ્ય આદિ ઉપયોગી વૃત્તાન્ત નીચે સહી કરનાર પ્રતિ લખી મોકલવાં.

ઉત્સાહી તથા ઉદ્યોગી જનો-લેખકો, શાળાના મહેતાજીઓ, વિદ્યાર્થી આદિ જેઓ જેઓ એ કાર્યમાં સહાયભૂત થવા ઇચ્છતા હોય તેઓએ, નીચે સહી કરનારને પોતાની યોગ્યતાની વિગત સાથે સાથે જે જે કરારથી એ કાર્ય કરવા ઇચ્છતા હોય તે પણ વિગતથી લખી મોકલવું.

ગિરગામ–મુંબઈ
સં. ૧૯૬૨ વૈશાખ વદિ ૮
તા. ૧૬ મે ૧૯૦૬

મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી
ફાર્બસ ગુજરાતી સભાના માનદ મંત્રી.

ઉપર રોપાએલા આ વૃક્ષને આજ ફલાભિમુખ થતું જોઈ અમને આનન્દ થાય છે. એનો બીજનિક્ષેપ કેવે સમયે અને કોને હાથે થયો હતો એ વિષેની હકીકત રા. રા. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી—એઓના 'ફાર્બસ જીવનચરિત્ર' માં વાંચવા જેવી છે. પોતે લખે છે કે "મુંબઈમાં લક્ષ્મીની ભરતી આવી હતી, તે સમયે તેનો લાભ લઈ દેશહિતનાં કાર્ય કરવાને, ધનરૂપ જલ, સભા કે મંડલીપાત્રમાં ભરી લેવાનો વિચાર, કોઈ કોઈ ગૃહસ્થોના મનમાં આવ્યો હોય એવું ચયું હતું. અને તે પ્રમાણે કેટલાક ગૃહસ્થોએ પરોક્ષ અપરોક્ષ કાર્ય સાધી પણ લીધાં છે. ઉદાર શ્રીમંતોને પ્રાર્થના કરીને અને કેટલાકોને પ્રેરીને લક્ષાવધિ ધન પરોપકારનાં કાર્યોમાં કઢાવ્યાં છે. ધન્ય છે ઉદાર શ્રીમંતો અને ધન્ય છે તેઓના દૂરદર્શી પ્રેરકો. ભરતીનો ઓટ થઈ ગયો પણ પેલાં શુભ કાર્યો સારૂ ભરી લીધેલાં પાત્રો હજી વિદ્યમાન છે." સમયની અનુકૂલતાનો લાભ લઈ ગૂજરાતી ભાષાની ઉન્નતિ માટે એક સભા સ્થાપવાનો શુભ વિચાર આપણા વિદ્યાપ્રેમી સાક્ષરશ્રી રા. રા. મનઃસુખરામભાઈના મનમાં સ્ફુર્યોઃ અને રેવરન્ડ મિ. ધનજીભાઇ, ડૉ. વિલ્સન, અને મિ. ફાર્બસ સાહેબ પોતે, એ ત્રણની મુખ્ય સહાયતાથી એક સભા સ્થાપવામાં આવી, એ સભાનું નામ, "ફાર્બસ ગૂજરાતી સભા" પાડવામાં આવ્યું અને એ ખાતે કાઠીઆવાડના રાજાઓની અને મુંબઈના શ્રીમન્તોની ઉદારતાથી પુષ્કળ નાણાં ભરાયાં. પણ થોડાક જ માસમાં મુંબઈની દશા પલટાઈ, અને ભરેલાં નાણાં બધાં વસૂલ થઈ શક્યાં નહિ, તેથી મૂળ રકમને વ્યાજવડે વધવા દેવાનો ઠરાવ થયો, અને ઈ. સ. ૧૮૯૭ ને અન્તે એ રકમ રૂા. ૬૨૫૦૦)ની થઈ. એની સરકારી નોટો લેવાઈ, અને તે મુંબાઈ બૅંકમાં જમે મૂકાઈ. ૧૮૯૭ પછી પણ એ રકમમાં પ્રતિવર્ષ વ્યાજનો વધારો થતો ગયો છે.

આજનો જમાનો એની વર્તમાન મુસીબતોમાં એવો ગૂંથાઈ ગયો છે કે ગયા જમાનાની પૂરી કદર કરવાનો એને અવકાશ

મળતો નથી; પણ ભવિષ્યમાં જ્યારે એ સમયનો ઇતિહાસ લખાશે, ત્યારે એ જમાનાએ ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટિ, ફાર્બસ સભા આદિ સંસ્થાઓદ્વારા વિદ્યાવૃદ્ધિ માટે જે અનુકૂલતા કરી આપી છે, તેની પૂરેપૂરી કિંમત સમજાશે. એ ઇતિહાસમાં, તે સમયનાં સર્વ શુભ કાર્યોમાં વિદ્યાવૃદ્ધિ માટે કરેલા પ્રયત્નો સૌથી અધિક ઉજ્જવળ તેજથી દીપશે એમ લાગે છે.

[વસંત વર્ષ ૫, અંક ૫, જ્યેષ્ઠ; સં ૧૯૬૨]

રાષ્ટ્રીય વિદ્યાપીઠ*

બ્હેનો અને ભાઈઓ—હું એક રાષ્ટ્રીય વિદ્યાપીઠ સાથે, પણ સહકારી રાષ્ટ્રીય વિદ્યાપીઠ સાથે, જોડાએલો છું, અને તેમ કરવામાં દોષ જોતો નથી, છતાં મ્હારો ગૂજરાતના વિદ્યાર્થીઓ સાથેનો સંબન્ધ વિચારી, તમારા આચાર્ય શ્રી ગિદવાણીજીએ ઉદારભાવથી મને આજ અહીં આવવાનું નિમંત્રણ આપ્યું છે, તથા તમને સંબોધીને બે શબ્દો હું બોલું એમ ઇચ્છા દર્શાવી છે, તે માટે હું એમનો તેમજ અસહકારી શ્રોતાજન તરીકે તમારો પણ, ઉપકાર માનું છું. મેં મ્હારા આ લઘુ વ્યાખ્યાનનો વિષય પણ એવો પસંદ કર્યો છે કે જેમાં ચર્ચા અને મતભેદને અવકાશ છે. છતાં પણ હું આશા રાખું છું કે મને સહુ શાન્તિથી અને સહિષ્ણુતાથી સાંભળશો. હું વીશેક મિનિટ કરતાં તમારો વધારે વખત નહિ લઉં.

થોડાક વખત ઉપર બ્રિટિશ સામ્રાજ્યની યુનિવ્હર્સિટિઓને લગતા એક પુસ્તકમાં મેં એક આખ્યાયિકા વાંચી. એક અધ્યાપક રેલવે-ગાડીના કૉમ્પાર્ટમેન્ટમાં બેઠો હતો ત્યાં કેટલાક વિદ્યાર્થીઓ દાખલ થયા. એ વિદ્યાર્થીઓને મૂકવા બીજા વિદ્યાર્થીઓ સ્ટેશન ઉપર આવ્યા હતા—તેમાંથી એકને છૂટા પડતી વખતે કૉમ્પાર્ટમેન્ટમાંના એક વિદ્યાર્થીએ કહ્યું: "Well, good-bye, Atmosphere, old man." આ સાંભળીને પેલા અધ્યાપકે કહ્યું: "ભાઈ, તમારા

---

* ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને આપેલું ભાષણ.

મિત્રનું નામ વિચિત્ર દેખાય છેઃ તમે 'Atmosphere' કહ્યું, નહિ વારુ?" પેલા વિદ્યાર્થીએ જવાબ દીધો : "હા. 'Atmosphere' એ અમે વિદ્યાર્થીઓએ એનું પાડેલું નામ છે. બન્યું એમ કે એ યુનિવ્હર્સિટિમાં આવ્યો તે વખતે અમે એને પૂછ્યું કે 'તમે શું શીખવા માગો છો?' ત્યારે એણે ઉત્તર દીધો કે 'ખાસ કાંઈ જ નહિ. હું તો ઑક્સફર્ડનું Atmosphere યાને વાતાવરણ લેવા આવ્યો છું.' તે દિવસથી એ ભાઈનું નામ Atmosphere પાડ્યું."

બ્હેનો અને બંધુઓ—એ ભાઈ એક અણુસમજુ વિદ્યાર્થી નહિ જ હોય. શાળામાં જે વિદ્યા શીખવાની હોય છે તે કરતાં, એનું 'Atmosphere' યાને વાતાવરણ વધારે મહત્ત્વનું છે એ ઊંડું તત્ત્વ એ વિદ્યાર્થીએ જોયું હતું.

થોડાક વખત ઉપર તમે 'મૉર્નિંગ પોસ્ટ'માં (તમને એ પત્રનું નામ નહિ ગમે; કોઈ પણ હિંદના વતનીને ગમતું નથી. પણ ઊકરડેથી પણ રત્ન હોય તો લઈએ.) એ પત્રમાં અમેરિકાના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી અને હાસ્યરસના લેખક મિ. સ્ટીવન લીકૉકે અમેરિકા અને ઑક્સફર્ડની યુનિવ્હર્સિટિ વચ્ચે સરખામણી કરીને એક ભેદ બતાવ્યો હતો. ઑક્સફર્ડમાં વિદ્યા કેમ ભણાય છે એનું એણે આ પ્રમાણે ચિત્ર આપ્યું છેઃ

"I understand that the key to the mystery is found in the operations of the person called the tutor. It is from him, or rather with him, that the students learn all that they know; one and all are agreed on that. Yet it is a little odd to know just how he does it. 'We go to his rooms,' said one student, 'and he just lights a pipe and talks to us.' 'We sit round with him,' said another,' 'and he simply smokes and

talks and goes over our exercises with us.' From this and the other evidence I gather that what an Oxford tutor does is to get a little group of students together and smoke at them. Men who have been systematically smoked at for four years turn into ripe scholars. If any one doubts this he can go to Oxford and he can see the thing actually in operation. A well-smoked man speaks and writes English with a grace that can be acquired in no other way."

આથી ઊલટું અમેરિકા વિષે બોલતાં કહે છેઃ

"All this is changed in America. A University Professor is now a busy, hustling person, approximating as closely as he can do it to a business man...The man, in short, is a 'hustler,' an 'advertiser' whose highest aim is to be a 'live-wire...In my opinion, reached after fifty two years of profound reflection, this system contains in itself the seeds of destruction. It puts a premium on dulness and a penalty on genius. It circumscribes that latitude of mind which is the real spirit of learning...

"Now the principal reason why I am led to admire Oxford is that the place is little touched by this measuring of 'results' and this passion of visible and probable 'efficiency.'"

પછી ઑક્સફર્ડ વિષે આ પ્રમાણે કહીને સમાપ્ત કરે છેઃ

"The excellence of Oxford, then, as I see it, lies in the peculiar vagueness of the organisation of its work. It starts from the assumption that the professor is a really learned man whose sole interest lies in his own sphere, and that a student, or at least the only student with whom the university cares to reckon seriously is a young man who desires to know. This is an ancient medieval attitude; long since buried in more up-to-date places under successive strata of compulsory education, state teaching, the democratisation of knowledge, and the substitution of the shadow for the substance and the casket for the gem. No doubt in newer places the thing has got to be so. Higher education in America flourishes chiefly as a qualification for entrance into a money-making profession, and not as a thing in itself. But in Oxford one can still see the surviving outlines of a nobler type of structure and a higher inspiration."

અત્યુક્તિ કરીને સત્ય સૂચવવા ઇચ્છનાર આ લેખક-મિ. સ્ટીવન લીકૉક—ના કથનમાંથી સાર ગ્રહણ કરવાનો તે એ કે સાક્ષાત્ વિદ્યાપ્રદાન કરતાં વિદ્યાનું વાતાવરણ અધિક મહત્ત્વનું છે.

બ્હેનો અને ભાઈઓ—મ્હેં આરંભમાં જ જરા લાંબા ઉતારા વાંચીને તમારો વખત લીધો તેનું કારણ કે દરેક વિદ્યાના સ્થાનમાં એનું વાતાવરણ એ મુખ્ય છે, એ વાત હું તમારા મન ઉપર જોરથી આંકવા ઇચ્છતો હતો. આપણે ઑક્સફર્ડના શિક્ષકના ધુમાડા ખાવાની

જરૂર નથી, તેમ અમેરિકાના વેપારી અધ્યાપકનાં વિદ્યા ઘડવાનાં અને કસવાનાં યન્ત્રોની પણ અપેક્ષા નથી. આપણે તો ઋષિજનોનું આધ્યાત્મિક વાતાવરણ ઇચ્છીએ છીએ. તમે જાણો છો જ કે આપણા પ્રાચીન ઋષિઓના આશ્રમની શોભા એમાં છાઈ રહેલા બ્રાહ્મણ-જીવનના વાતાવરણમાં રહેલી હતી. શાકુન્તલમાં,

"कुल्याम्भोभिः पवनचपलैः शाखिनो धौतमूला
भिन्नो रागः किसलयरुचामाज्यधूमोद्भवेन ।
एते चार्वागुपवनभुवि च्छिन्नदर्भाङ्कुरायां
नष्टाशङ्का हरिणशिशवो मन्दमन्दं चरन्ति ॥

આ દૃશ્યથી આપણા નેત્ર આગળ ખૂલતો કણ્વ–ઋષિનો આશ્રમ, બાહ્યસૃષ્ટિ મનુજશરીર અને મનુજહૃદયની સુન્દરતા ઉપરાંત, અહિંસા તપ અને આતિથ્યના વાતાવરણથી છવાએલો છે. સાતમા અંકમાં કશ્યપ અને અદિતિના આશ્રમમાં રાજા જાય છે ત્યાં દમ્પતીધર્મનું વાતાવરણ વ્યાપેલું છે.

આ સર્વ વિવેચન અને સ્મરણનો સાર એ કે આપણી શાળામાં અવર્ણનીય કાંઈક એવું હોવું જોઈએ કે જે એની ભૂમિમાં પગ મૂકનારનું ધ્યાન ખેંચે, જે વિદ્યાર્થીઓમાં વગર શીખવ્યે આપોઆપ દાખલ થતું હોય. તે શું છે?–એમ હું પૂછું? તમે કહેશો કે તે તો **ખાદી** છે જ. બેશક, ખાદી તો છે જ. પણ દેહ તે આત્મા ન હોઈ શકે: ખાદીના અન્તરમાં રહેલો ખાદીનો આત્મા–ખાદીના પહેરવેશથી સૂચવાતા, વા સૂચવાવા જોઈએ એવા, ગુણ–વિમળતા અને શુભ્રતા, સાદાઈ અને સંયમ, સત્યનિષ્ઠા અને અહિંસા–જે ગુણો ખાદીના આચાર્યમાં આપણે જોએલા છે, તે આ શાળાના વાતાવરણમાં વ્યાપી રહેવા જોઈએ. અને તે પણ તમે માસ છ કે વર્ષ બે વર્ષ ધારણ કરો એથી બસ ન થાય. 'यावज्जीवमग्निहोत्रं जुहुयात्' એ ગુણ વાતાવરણરૂપ ત્યારે જ થાય કે જ્યારે અંગ્રેજીમાં જેને

'tradition' કહે છે તે સ્થપાઈ જાય—અર્થાત્ એ ગુણનો—પહેરવેશનો જ નહિ, પણ ગુણનો-સંપ્રદાય થઈ જવો જોઈએ. દરેક વિદ્યાર્થીના અંતર્માં એ એવા ઊતરી જવા જોઈએ કે તે માટે પ્રયત્ન કે પ્રયાસ કરવાનું હોય નહિ.

મ્હેં જે ગુણો ગણાવ્યા તેમાં એક ગુણ રહી ગયો એમ કદાચ તમને લાગશે, અને એવું વાતાવરણ રચવા તમે પ્રેરાશો. એ ગુણ તે **સ્વતન્ત્રતા.** બેશક, સ્વતન્ત્રતા એ મ્હોટો ગુણ છે, અને તમારી ગુણાવલિમાં તમે એને પ્રધાન સ્થાન આપશો તોપણ એમાં હું વાંધો નહિ લઉં. પણ એટલું ઉમેરૂં તો ક્ષમા કરશો કે સ્વતન્ત્રતા એટલે સ્વચ્છન્દ નહિ, મ્હારો કહેવાનો અર્થ એવો ન કરશો કે આ ચેતવણી આપવામાં હું તમારા ઉપર ગર્ભિત રીતે સ્વચ્છન્દીપણાનો આરોપ મૂકું છું. તમને ચેતવણી આપવાનું કારણ એટલું જ છે કે જગતના એક મહાન ફિલસૂફ ઍરિસ્ટૉટલે જોયું છે કે સદ્ગુણ તે બે ગુણોનું મધ્યબિન્દુ છે, અને તે એક તરફ ખશી પડવાથી દુર્ગુણ બની જવાનો ભય રહે છે. ઉદાહરણ તરીકે, હિંમત (courage)ની એક બાજુએ બ્હીકણપણું (cowardice) અને બીજી બાજુએ નકાળજિયાપણું (rashness) વસે છે, તેમાં હિંમતને નકાળજિયાપણા સાથે બહુ ભાઈબંધી હોય એમાં ભળી જવાનો સંભવ છે. તે જ પ્રમાણે સ્વતન્ત્રતાથી ઊલટી પરતન્ત્રતા, પણ સ્વતન્ત્રતાનું દુષ્ટ રૂપ સ્વચ્છન્દ. છન્દ એટલે કૂદવું: (छन्दः-Lat. Seandere*). સ્વચ્છન્દ એટલે ફાવે એમ કૂદવું. પણ કૂદવાની ક્રિયા પણ સુન્દર નૃત્ય બને છે—જો એ ક્રિયાને સંયમ અને નિયમથી નિયમી હોય તો. સ્વતન્ત્રતાનો પૂરેપૂરો અને ખરેખરો અર્થ તમારે સમઝી લેવો જોઈએ. સ્વતન્ત્રતા એટલે આપણું તન્ત્ર આપણા હાથમાં, અગર તો બીજી રીતે કહીએ તો આપણો આધાર આપણા પોતા ઉપર જ, એવી સ્થિતિ. આ શબ્દનો અર્થ કરવામાં જેટલો 'સ્વ' ઉપર ભાર દેખાય છે, તેટલો જ 'તન્ત્ર' રચવા ઉપર પણ છે. આપણું અન્ન આપણે વાવીએ, લણીએ, દળીએ

અને રાંધીએ, આપણાં વસ્ત્ર આપણે જ વાવીએ, કાંતીએ અને વણીએ, આપણાં પુસ્તકો પણ આપણે જ રચીએ અને વાંચીએ, અર્થાત્ આપણી વિદ્યા પોતે જ સીધા સૃષ્ટિ અને જનસમાજના અવલોકનથી પ્રાપ્ત કરીએ એટલે કે દરેક જણ પોતપોતાની જરૂરિયાત પૂરી પાડવા માટે પોતા ઉપર જ આધાર રાખે, તો જનસમાજ એના વિકાસક્રમમાં એક પગલું પણ આગળ ભરી શકે નહિ. જનસમાજ આવી સાદાઈ સહન કરી શકતો જ નથી–એનું સ્વાભાવિક વલણ કાર્યવિભાગ, કાર્યસંવિભાગ, અને તજ્જન્ય પરસ્પરાશ્રય તરફ છે. આથી પરવશતા ઉત્પન્ન થાય છે, એમ નથી. એવા પરસ્પરના સહકારથી 'સ્વ'ની દીવાલો તૂટે છે, અહંભાવ નાશ પામે છે, સર્વાત્મભાવ પ્રસરે છે. ઇંગ્લંડના ગઈ સદીના ઇતિહાસમાં જ્ઞાનની અને ઇન્સાનિયતની પરિસીમારૂપે મનાએલું 'Individualism' યાને અહંભાવ ઉપર રચાએલું જનસમાજનું બંધારણ અત્યારે ભૂલભરેલું જ મનાય છે, અને એને સ્થાને 'co-operation' યાને સમષ્ટિભાવ ઉપર રચાએલું જનસમાજનું બંધારણ–જે હિંદુસ્થાનના જનસમાજનું પ્રાચીન બંધારણ છે÷તે જ સમાજશાસ્ત્રની દૃષ્ટિએ અત્યારે ઉત્તમ મનાય છે. અન્તરાત્મા કહે તે જ કરવું એ સૂત્ર એના અન્તિમ અર્થમાં આત્માના ગંભીર ઔપનિષદ અર્થમાં–ઘણું જ ખરૂં છે, પણ વ્યવહારમાં એ ભ્રાન્તિમાં નાંખે એવું છે, કારણ કે ન્હાના સરખા સાંકડી બુદ્ધિના અને સ્વાર્થથી ભરેલ. 'સ્વ' યાને 'અહં'-ને આપણે અન્તરાત્મા માની લેવાનો ભય છે. તેથી જે જે વિચાર તમારા મગજમાં સ્ફુરે તે સર્વને તમે તમારા 'અન્તરાત્માનો અવાજ' માની બેસશો નહિ. 'सतां हि सन्देहपदेषु वस्तुषु प्रमाणमन्तःकरणप्रवृत्तयः'–પણ તે 'सताम्' સત્પુરુષોનું જ, અને સત્પુરુષપણું પ્રાપ્ત

÷ બરાબર રીતે કહીએ તો એથી પણ એક ભૂમિકા આગળ વધીને Individualism અને Co-operation યાને વ્યષ્ટિ અને સમષ્ટિનો એ સમન્વય કરે છે.

કરવું સહેલું નથી. સત્પુરુષોનો સંગ, ભરપૂર વિદ્યા અને પ્રાકૃતન સંસ્કાર—એથી જ એ પ્રાપ્ત થાય છે, રસ્તામાં રીઢું પડ્યું નથી. અંગ્રેજી conscience શબ્દના 'con'–सम्–સહ અંગમાંથી સૂચના લો: તમારા વિચારને જનસમાજના વિચાર સાથે, તે પણ એક દેશના અને એક કાળના જ જનસમાજના નહિ પણ મનુષ્ય–સંસ્કૃતિમાં ભાગ લેતા સર્વ દેશ અને સર્વ કાળના જનસમાજના વિચાર સાથે—એ જનસમાજના અગ્રેસર મહાપુરુષોના વિચાર સાથે, કારણ કે જનસમાજનો આત્મા એના અગ્રેસર મહાપુરુષોમાં જ પ્રકટ થાય છે—મેળવી જોજો, અને તે પછી જ તમારા વિચાર કાયમ કરજો. "सा विद्या या विमुक्तये" એ તમારા વિદ્યાપીઠનું સૂત્ર ખરૂં છે: જે વડે મુક્તિ મળે એ વિદ્યા: અર્થાત્ પહેલી વિદ્યા અને પછી મુક્તિ. વિદ્યા એ મુક્તિનું સાધન, પહેલી મુક્તિ અને પછી વિદ્યા, મુક્તિ એ વિદ્યાનું સાધન એવો વિપરીત ક્રમ નહિ. આથી ફલિત એ થાય છે કે ખરી સ્વતન્ત્રતા માટે વિદ્યા ઘણી જરૂરની છે. તમે એક સ્વતન્ત્ર વિદ્યાસંસ્થા બાંધી છે, તો એ સ્વતન્ત્રતાનો એમાં પૂર્ણ લાભ લો. સત્ય એક છે, અને વિદ્યા એક છે, એ જોતાં સરકારી શાળાઓમાં જે શિક્ષણ અપાય તેથી તમારૂં શિક્ષણ સર્વથા ભિન્ન હોય એમ બની શકે જ નહિ. તેથી ઉભયમાં કેટલુંક સામાન્ય હોય તો તેમાં તમારૂં હીનપદ નથી. પણ તમારા શિક્ષણમાં કાંઈક વિશિષ્ટતા તો હોવી જ જોઈએ, જેનાથી તમારૂં વિદ્યા સંબન્ધી વાતાવરણ બંધાય. શંકરાચાર્ય મંડનમિશ્રનું ઘર શોધતા ગયા હતા ત્યાં ગાંદરે પનઘટ ઉપર પાણિયારીઓ પાણી ભરતી હતી—તેઓએ આ પ્રમાણે મંડનમિશ્રના ઘરની એંધાણી આપી.

"स्वतः प्रमाणं परतः प्रमाणं शुकाङ्गना (कीराङ्गना) यत्र गिरो गिरन्ति ।
द्वारस्य निडान्तरसंनिरुद्धा अवेहि (जानीहि) तन्मण्डनमिश्रधाम ।
फलप्रदं कर्म फलप्रदोऽजः शुकाङ्गना यत्र गिरो गिरन्ति ।
जगद्ध्रुवं स्याज्जगदध्रुवं स्याद् अवेहि (जानीहि) तन्मण्डनमिश्रधाम ॥

કર્મપરાયણ પૂર્વમીમાંસકને ત્યાં પૂર્વમીમાંસાના પૂર્વપક્ષ–ઉત્તરપક્ષના ધ્વનિ થઈ રહ્યા હોય અને તે આ પ્રમાણે મેનાઓને મુખે પણ ચઢી જાય એવું એ વિદ્યાપીઠનું વાતાવરણ હતું. એ જ રીતે તમારૂં પણ કોઈ એક વિદ્યાનું વાતાવરણ હોવું જોઈએ, તે શું છે? હજી એ રચવાનું છે, તો એની રચનામાં કાંઈક વિશિષ્ટતા મૂકો. તમે ધારો તો કેટલું બધું કરી શકો? એનું થોડુંક દિગ્દર્શન કરાવી મ્હારૂં આ લઘુ વ્યાખ્યાન સમાપ્ત કરીશ.

પ્રથમ તો **સાહિત્ય**માં–સંસ્કૃત અને સંસ્કૃતમાંથી ઉદ્ભવેલી ગૂજરાતી, મરાઠી, હિન્દી, બંગાળી વગેરે ભાષામાં કેટલું શીખવાનું, નવીન શોધવાનું, તમારી આગળ પડ્યું છે! એની કિંમત પશ્ચિમની ભાષા અને સાહિત્યની ઉપેક્ષા ન કરતાં એના પુષ્કળ જ્ઞાન સાથે તમારા દેશની વિવિધ ભાષા અને સાહિત્યનું અવલોકન કરશો ત્યારે જ તમે પૂરેપૂરી સમજી શકશો. હિન્દી, બંગાળી કે મરાઠી બોલતાં આવડે તેનું નામ એ ભાષાઓનું જ્ઞાન નથી. એવું જ્ઞાન તો કાનપુર કે કલકત્તા વેપાર કરવા ગયેલા વાણોતરને જ શોભે. વિદ્યાપીઠને શોભતું જ્ઞાન તો બહુ વિશાળ અને ઊંડું બલ્કે કાંઈક જુદું જ છે. શબ્દ વ્યાકરણ અને વ્યુત્પત્તિનો અભ્યાસ કે એ સર્વનું તુલનાત્મક જ્ઞાન પણ બસ નથી. વિશેષમાં, તે તે ભાષાના સાહિત્યનો અભ્યાસ, પ્રેમ અને ઉપભોગ જોઈએ. *ટૂંકામાં, એ સાહિત્યના અન્તરાત્મામાં પ્રવેશ મેળવવો જોઈએ.

હવે **ઇતિહાસ** લો: દુનિયા એટલે યૂરોપ, અને ઇતિહાસ એટલે યૂરોપનો ઇતિહાસ; પૂર્વ એટલે ગ્રીસ, અને બહુ તો એશિયા-માઇનર અને પૅલેસ્ટાઈન. આવી સંકુચિત દૃષ્ટિથી લખાએલો ઇતિહાસ

---

* હાલમાં ઇંગ્લંડમાં 'on the teaching of English'ની જે પ્રવૃત્તિ ચાલી રહી છે તેમાં એક મુખ્ય મુદ્દો એ છે કે વિદ્યાર્થીઓને અંગ્રેજી સાહિત્યનો ઉપભોગ લેતાં શીખવવું.

કેટલો વખત ચાલી શકશે? યૂરોપ અને યૂરોપની સંસ્કૃતિની એકતા યાને અખંડતા છે (જુવો માર્વિનનું ('Unity of Western Civilisation') તો તેવી જ એશિયાની સંસ્કૃતિની નથી? અત્યારે એશિયાનો ઇતિહાસ એશિયાના જુદા જુદા ઇતિહાસમાં વ્હેંચાઈ ગયેલો શીખવાય છે, અગર તે પણ એકાદ દેશનો જ, ન્હાના હિન્દુસ્થાનનો જ ('Lesser India' as opposed to what mons. Levi calls 'Greater India') અને તે પણ, બરાબર રીતે તો એક બે સમયનો જ—બ્રિટિશ સમયનો, અને થોડોક મુસલમાન સમયનો, અને પ્રાચીન તો નામનો જ, અને તે કંટાળો ઊપજે એવી રીતે! એટલું જ નહિ, ઇતિહાસનાં મ્હોટાં પુસ્તકોમાં પણ એશિયાના ઇતિહાસને એક વધારાના પરિશિષ્ટરૂપે જ મૂકાય છે, એ બરાબર નથી. હિન્દુસ્થાનના અભિમાન ખાતર નહિ, પણ ઇતિહાસના શાસ્ત્રીય અભ્યાસ ખાતર હું પૂછું છું કે ઇરાનના ધર્મોપદેશના જ્ઞાન વગર યાહુદી ધર્મપુસ્તકોનો અભ્યાસ શાસ્ત્રીય છે ખરો? એ જ પ્રમાણે બૌદ્ધધર્મના ખાસ કરી મહાયાન શાખાના—અભ્યાસ વગર રોમન કેથોલિક સંપ્રદાય અને મધ્યકાલીન યૂરોપનો ઇતિહાસ વાંચવો એમાં ઇતિહાસની અવિચ્છિન્નતાને ન્યાય થાય છે ખરો? એશિયાના જંગલી મનુષ્યોનાં ઝુંડોએ રોમની સંસ્કૃતિનો વિનાશ કર્યો એમ કહેવાય છે. પણ એ જ સંસ્કૃતિને જન્મ આપ્યો એમ નહિ? આ સર્વ જોતાં, એશિયાના—અભ્યાસપૂર્વક જ યૂરોપનો અભ્યાસ થાય એ જ યોગ્ય નથી?

તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં તો હિન્દુસ્થાનનું સર્વોપરિપણું સુપ્રસિદ્ધ છે, છતાં મનુષ્યવિચારમાં જે કંઈ ઉત્તમ છે તે સર્વ ગ્રીસમાંથી જ આવેલું છે એવા સિદ્ધાન્ત ઉપર જ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ હજી લખાય છે. હું પોતે ગ્રીસનો પ્રેમી છું, પણ જ્ઞાનમાત્રના વિસ્તારનું પ્રભવસ્થાન ગ્રીસને જ ગણવું એ મને માન્ય નથી. હિન્દુસ્થાનની યુનિવ્હર્સિટિઓએ લાંબા વખતથી થતા આવેલ પોતાના

દોષથી શરમાઈને, 'Indian philosophy'નો એક પેપર એના અભ્યાસક્રમમાં, અને વધારે સાચાઈથી કહીએ તો એના પરીક્ષા-ક્રમમાં થોડાક વખતથી દાખલ કર્યો છે. પણ તે સંસ્કૃત, પાલિ, માગધી ન જાણતા એવા સર્વ વિદ્યાર્થીઓને માટે હોઈ એવાં પુસ્તકો પરીક્ષા માટે રાખવામાં આવે છે કે જેનાં અંગ્રેજીમાં ભાષાન્તર થયાં હોય, અગર જે હિન્દુસ્થાનના તત્ત્વજ્ઞાનને લગતા અંગ્રેજીમાં લખાયેલા નિબંધરૂપ હોય. આથી વિદ્યાર્થીનું હિન્દુસ્થાનના તત્ત્વજ્ઞાન વિષેનું જ્ઞાન પૂર્વોક્ત પુસ્તકો કરતાં આગળ વધી શકતું નથી—એ જ્ઞાન સૂકા વહેરાએલા લાકડા જેવું રહે છે, જીવન્ત વૃક્ષ જેવું થતું નથી, અને તેથી એ જ્ઞાનની વૃદ્ધિમાં વિદ્યાર્થી કંઈ જ ભાગ લઈ શકતો નથી.

તે જ પ્રમાણે વર્તમાન અર્થશાસ્ત્ર (Economics), રાજ્ય-શાસ્ત્ર (Political Science) અને સમાજશાસ્ત્ર (Sociology) પણ યૂરોપના ઇતિહાસ અને સમાજના બંધારણને આધારે જ લખાયાં છે, અને બહુધા એ પ્રમાણે 'મખ્ખી એ મખ્ખી' શીખવાય છે. આના બચાવમાં એમ કહેવામાં આવશે કે આ વિષયનાં આપણે હિંદનિવાસી જનોએ પુસ્તકો રચ્યાં નથી, તો પછી પશ્ચિમનાં જ પુસ્તકો શીખવાય એમાં શી નવાઈ? નવાઈ કાંઈ જ નહિ, પણ વિપરી-તતા તો ઘણી જ. આ વિષયના અભ્યાસની શરૂઆત અત્યારથી થવા માંડે તો આ વિપરીતતા દૂર થાય. ઉપર કહ્યાં તે ત્રણે શાસ્ત્ર માટે પ્રથમ તો, 'Materials' યાને ઉપાદાનવસ્તુ પુષ્કળ એકઠી કરવી જોઈએ, અને તે કરવાના માર્ગની દિશા, પદ્ધતિ અને વ્યવસ્થા આપણી યુનિવર્સિટિના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની બુદ્ધિ, ઈચ્છા અને શ્રમ ઉપર જ આધાર રાખે છે. વસ્તુતઃ આ શાસ્ત્રો યૂરોપમાં પણ હજી રચાય છે. They are still in the making. હમણાં જ એક પ્રસંગે મિ. બાલ્ફરે અર્થશાસ્ત્રના સંબંધમાં કહ્યું છે કે—

"Political economy, indeed in the narrower sense of the term, has, by a process of some-what

brutal simplification at the hands of those who were our teachers, been made a study of such definite outline that it is in many respects eminently fitted for a subject of tuition and a subject of examination. But when you leave political economy in that narrower sense and when you come to such wide topics as civics and politics you touch subjects which seem to spread out—and in truth do spread out—over almost the whole field of human activity, or at all events of human co-operative activity, and it is evidently more difficult to see how they can be a subject for professional teaching or for University examinations."

અર્થાત્, હજી આ અને આવાં શાસ્ત્ર તમારે રચવાનાં છે, અને તે કૃત્રિમ શિક્ષણ અને પરીક્ષા અર્થે નહિ, પણ શાળાની દીવાલોની બહાર જગતમાં જે શક્તિઓ કામ કરી રહી છે તેના અભ્યાસ અર્થે.

બ્હેનો, ભાઈઓ અને અધ્યાપક બન્ધુઓ! તમે રાષ્ટ્રીય વિદ્યાલયમાં જોડાઈને તમારે માથે કેવી મ્હોટી જવાબદારી લીધી છે એ સંબંધી મારા અલ્પ વિચાર મ્હેં તમારી સમક્ષ મૂક્યા. તમને શોભતા એવા સદ્‌ગુણોની મૂર્તિરૂપ બનશો, અને મ્હેં કહ્યું તેમ હિન્દુસ્થાનની વિદ્યાને નવો જન્મ આપશો—આ પુરાણા દેશમાં જ્ઞાનની નવી ઉષા પ્રકટાવશો, તો તેમાં સાહસ તમારૂં હોઈ યશ પણ તમારો જ રહેશે.

[વસન્ત વર્ષ ૨૧, અંક ૬, આષાઢ, સં. ૧૯૭૮]

ગૂજરાત મહાવિદ્યાલયમાં આપેલું એક ભાષણ*

વિદ્યાર્થીઓને ઉપદેશ

અધ્યાપક બન્ધુઓ, વિદ્યાર્થી ભાઈઓ અને બ્હેનો, અને અન્ય સજ્જનો અને સન્નારીઓ—

આ સંસ્થાના નવા સત્રને આરંભે મ્હારા મિત્ર અને ભૂતપૂર્વ સહાધ્યાપક અને આ વિદ્યાલયના આચાર્ય શ્રી કૃપાલાનીજીએ વિદ્યાર્થિ-વર્ગને સંબોધીને બે શબ્દો બોલવાનું મને નિમન્ત્રણ દીધું છે તે માટે હું એમનો, આ વિદ્યાલયના કાર્યકર્તાઓનો, તેમજ આપ સર્વ શ્રોતાજનનો ઉપકાર માનું છું. મ્હારો ગૂજરાતની કેળવણી સાથે લાંબો સંબન્ધ, અને આપનામાંના ઘણાક સાથેની મ્હારી અંગત મિત્રાચારી એ જ આપણા પરસ્પર આકર્ષણનું કારણ છે. મ્હારા વિચાર આપના વિચારથી કોઈ સ્થળે જુદા પડશે. પણ આપ એ ઉદારતાથી સહી લેશો.

આજનો વિધિ ઉપનયનનો છે, સમાવર્તનનો નથીઃ એટલે ગૃહસ્થાશ્રમ અને ગૃહસ્થાશ્રમની જવાબદારી એ વિષે કરતાં વિદ્યાર્થિ-જીવન અને એ જીવનનાં કર્તવ્યો એ વિષે બોલવું વધારે ઉચિત છે. એ સંબન્ધમાં પ્રાચીન રીતિએ આજનો વિધિ કરવાનો હોય તો તે હું આ રીતે કરૂંઃ દરેક વિદ્યાર્થીને હું મ્હારી પાસે લઈને–'ઉપનયન' કરીને—પહેલો ઉપદેશ એ દઉં કે सवित्रा प्रसूतः। बृहस्पतेर्ब्रह्मचारी भव। असावपोशातः। समिध आधेहि। कर्म कुरु। दिवा मा स्वाप्सीः।

---

* તા. ૧૯ જૂન ૧૯૨૩ ને દિને.

તેજ:પુંજ જ્ઞાનમય સવિતાનો—ચૈતન્યપ્રેરક અને બુદ્ધિપ્રેરક પરમાત્માનો —તું પુત્ર છે; તું વિદ્યા અને ધર્મના અધિષ્ઠાતા બૃહસ્પતિનો બ્રહ્મચારી થા: આ શુદ્ધ જળથી આચમન કરી ત્હારા આત્માને શુદ્ધ કર. જરૂર પડે તો તારૂં સર્વસ્વ હોમવાને પણ તું તત્પર છે એમ સૂચવનાર તારે હાથે એકઠી કરેલી સમિધ્ આ અગ્નિમાં હોમ. કર્મ કર. દિવસે સૂઈશ નહિ—અર્થાત્, તું કોણ છે એ વિચાર: તું પરમાત્માનો અંશ છે. તું એક સામાન્ય મનુષ્યનો વિદ્યાર્થી નથી, તું વિદ્યા અને ધર્મના અધિષ્ઠાતા અને આદર્શરૂપ દેવોના આચાર્ય બૃહસ્પતિનો વિદ્યાર્થી છે. ત્હારે ત્હારા આત્માને શુદ્ધ કરી સ્વાર્પણને માટે તત્પર થવાનું છે. તમારૂં જીવન કર્મ અને જાગૃતિથી ભરવાનું છે.

પણ આ ઉપદેશ વિદ્યાર્થીના હૃદયને લાગશે જ નહિ, જ્યાં સુધી વિદ્યાર્થીનું જીવન અને આચાર્યનું હૃદય એકબીજા સાથે મળ્યાં નથી, માટે આચાર્ય કહે છે:

मम हृदये हृदयं ते अस्तु । मम चित्तं चित्तनान्वेहि । [मम व्रते हृदयं ते दधामि શાખાન્તર] मम वाचमेकमना जुषस्व । बृहस्पतिष्ट्वा नियुनक्तु मह्यम् ।

—"મ્હારા હૃદયમાં ત્હારૂં હૃદય હો. (મ્હારા વ્રતમાં-અર્થાત્ ચારિત્રમાં-ત્હારૂં હૃદય હું મૂકું છું.) મ્હારા ચિત્તને ત્હારા ચિત્ત વડે અનુસર. મ્હારી વાણીને એકાગ્રમન વડે આનન્દથી સેવ. બૃહસ્પતિ તને મ્હારી સાથે જોડો."

આપણા પ્રાચીન સંપ્રદાયાનુસાર આટલો માનસિક વિધિ કરીને, હવે આ સંસ્થાના વિદ્યાર્થી ભાઈઓને અને બ્હેનોને સંબોધીને થોડું કહું. લાંબા ભાષણનો આજનો પ્રસંગ નથી.

આપનું સૂત્ર છે કે सा विद्या या विमुक्तये । એ જ વિદ્યા કે જે વડે વિમુક્તિ મળે. પણ વિમુક્તિ એ તો અભાવ થયો; જીવનની ભાવના તરીકે એ શોભે નહિ. ત્યારે આ વાકયનું તાત્પર્ય એવું લેવું જોઈએ કે મુક્તિની પાર એવો કોઈ ભાવાત્મક પદાર્થ છે કે જે વિમુક્તિ વડે સિદ્ધ કરવાનો

છે. એ ભાવાત્મક પદાર્થ તે હું નિર્વિવાદરૂપે યાને આપની સંમતિ કલ્પી લઈને, માની લઉં છું કે સ્વરૂપસિદ્ધિ—self-realization. હવે, આ સંસ્થાની ભાવનાનુસાર એવી સ્વરૂપસિદ્ધિ કેવી રીતે થઈ શકે એ વિષે ગયે વર્ષે હું આપની સમક્ષ કાંઈ બોલ્યો હતો—એમાં વિશેષતઃ મેં સંસ્થાના વાતાવરણ (atmosphere)ની જરૂર તરફ આપનું ધ્યાન ખેંચ્યું હતું.

આ વખત મુખ્ય ભાગે તમારી પોતાની—વિદ્યાર્થિજનની—સ્વરૂપ-સિદ્ધિ વિષે બોલવાનો મ્હારો વિચાર છે. સંસ્થાની અને વિદ્યાર્થિજનની સ્વરૂપસિદ્ધિ એકબીજાથી છૂટી પાડી શકાતી નથી. તમે વિદ્યાર્થીઓ સંસ્થાને રચો છો, અને સંસ્થા તમને રચે છે. પણ સંસ્થા તમને રચે તે ઉપરાંત તમે તમારી જાતને કેવી રીતે રચી શકો, તમારા પ્રાકૃત જીવનને કેળવણીના સંસ્કારથી કેવું સંસ્કૃત બનાવી શકો—એ વિષે હું આજ બોલવા ઈચ્છું છું.

મ્હેં અનેકવાર અનેક સ્થળે ભાર મૂકી મૂકીને કહ્યું છે કે કેળવણી માટે આપણામાં ત્રણ પ્રાચીન શબ્દો છેઃ એક તો કેળવણીના રૂઢ અર્થમાં કૌટિલ્યે વાપરેલો वृद्धसंप्रयोग શબ્દ—જેનો યૌગિક અર્થ વિદ્વાનોના સમાગમમાં આવવું એવો થાય છે; બીજો शिक्षण યાને શક્તિપ્રદાન, એટલે કે શક્તિઓ કેળવવી; અને ત્રીજો विनय નામ એક વિશિષ્ટ ઉદ્દેશ નક્કી કરી તે તરફ પોતાના જીવનને દોરવું. કેળવણીને ઉચ્ચ-અભિજાત, ઉદ્દેશવાળી અને કાર્યકરી કરવા માટે આ ત્રણે વાનાં જરૂરનાં છે.

(૧) **વૃદ્ધસંપ્રયોગ**—વિદ્વાનોના સમાગમમાં રહેવું એ કેળવણીનાં પુસ્તકો જેટલું જ, અને એક રીતે એથી પણ અધિક, આવશ્યક છેઃ કારણ કે વિદ્વત્સમાગમથી શિષ્યોના જીવનનું વાતાવરણ બંધાય છે, બલ્કે વેલ સીંચાય છે. આ આવશ્યકતા માટે આ સંસ્થામાં ગોઠવણ છે જ એમ હું માનું છું—નહિ હોય તો ધીમે ધીમે થઈ જશે,

કેમકે આ સંસ્થામાં ગુરુ અને શિષ્ય સૌ સમાન રીતે એક જ ભાવનાથી પ્રેરાઈ વ્યવસાયબન્ધુ તરીકે કામ કરે છે એ જાણીતું છે.

(૨) બીજું, **શિક્ષણ**:— કહેવાતા જ્ઞાનનાં સૂકાં છોડિયાંથી મગજ ભરવું એમ નહિ, પણ લીલા છોડ જેવી માનસિક શક્તિઓને સીંચવી, પોષવી, વિકસાવવી એ શિક્ષણનું ખરૂં સ્વરૂપ છે. એક ખ્રિસ્તી આખ્યાયિકા છે કે ધણીએ પરદેશ જતી વખતે એના નોકરને અમુક ટૅલન્ટ્સ્ એટલે કે કેટલુંક ધન આપ્યું. એમાંના બેએ તો એ ટૅલન્ટ્સ્નો ઉપયોગ કરી એકના બે કર્યાં. ત્રીજાએ ટૅલન્ટ્સ્ દાટી મૂક્યા. ધણી પાછો આવ્યો અને નોકરને પૂછ્યું કે તમને સોંપેલા ટૅલન્ટ્સ્નું શું કર્યું ! ત્યારે એમણે પોતે કર્યું હતું તે કહ્યું. ધણી પહેલા બે ઉપર રાજી થયો, ત્રીજા ઉપર ગુસ્સે થયો. આખ્યાયિકાનો સાર કે આપણી શક્તિઓ દાટી મૂકવા માટે નથી, વિકસાવવા માટે છે. સત્ય (Truth), કર્તવ્ય (Right), અને સૌન્દર્ય (Beauty)ની ભાવના મનુષ્યમાત્રમાં વસેલી છે, અને એને કેળવવાની શક્તિ પણ પ્રભુએ આપેલી છે. આત્મા અખંડ હોઈ એ માટેની શક્તિઓ સર્વથા પ્રથક્ નથી, તેમ વિશ્વ પણ એક અખંડ પદાર્થ હોઈ એ શક્તિઓના વિષય પણ એકબીજાથી તદ્દન છૂટા પાડી શકાતા નથી. તોપણ સ્થૂળ રીતે જેટલો વિભાગ સત્ય છે તેટલો પાડીને બોલીએ તો આ ત્રિસૂત્રીમાં જીવનની સઘળી કળા સમાવી શકાય છે તે એ છે કે—

સત્યનિષ્ઠ બનો, કર્તવ્યનિષ્ઠ બનો, સૌન્દર્યનિષ્ઠ બનો.

આમાં સત્યનિષ્ઠા અને કર્તવ્યબળ વિષે બોલતાં પહેલાં **સૌન્દર્યપ્રેમ** વિષે હું બોલવા ઇચ્છું છું, કારણ કે એ સૌથી વધારે ઉપેક્ષા પામેલો વિષય છે. હમણાં જ એક ઑક્સફર્ડના વિદ્યાર્થીએ મને લખ્યું છે કે—

"ઑક્સફર્ડનું Summer term–most glorious term —શરૂ થયું છે. ટર્મની શરૂઆતના ભાષણમાં હમારા Censor એ કહ્યું કે This is summer time, and you are young. માટે

વાંચવું નહિ, ખૂમ રમો. હિંદુસ્તાનમાં કોઈ પ્રોફેસર આવી શિખામણ આપે એ કલ્પી શકાય છે?

ટાઢ એકદમ ખૂબ ઓછી થઈ ગઈ છે. બધે Sunshine છે. Sunshine ની કિંમત અહીં જ છે—હિંદુસ્તાનમાં ન હોઈ શકે. બધે લીલોતરી ખૂબ ઊગી છે, ઝાડ ઉપર પાછાં લીલાંછમ પાંદડાં અને મ્હોર આવ્યાં છે. Daffodils, tulips and violets દેખાવા માંડ્યાં છે. ફૂલો દેખાવે સુંદર પણ સુગંધ બિલકુલ ન મળે, તેથી આપણું મન તો એ જોઈ પ્રફુલ્લિત ન થાય. ટેનિસ, ક્રિકેટ વગેરેની સીઝન શરૂ થઈ છે એટલે દરરોજ બપોરે ઑક્સફર્ડની સ્ટ્રીટ્સમાં White flannels પહેરી undergraduates હાથમાં રૅકેટ લઈ ટેનિસ રમવા જતા અથવા રમીને આવતા નજરે પડે."

આમાં હિન્દુસ્તાનના પ્રોફેસરોને કાંઈક અન્યાય છે. પણ સર્વાંગપૂર્ણ કેળવણીમાં અમુક અંગ વિસ્મરાવાં ન જોઈએ એ જણાવવા માટે આ પૅરેગ્રાફ આપની સમક્ષ મ્હેં મૂક્યા છે. સૌન્દર્યનો પ્રેમ આપણા જનસમાજમાંથી બહુ ઘટી ગયો છે એમ સૌ કોઈ કબૂલ કરશે. આપણી જૂની ધર્મરૂઢિમાં વ્રત, ઉત્સવ, તીર્થ, દેવપૂજન આદિને અંગે આને માટે ઘણી વ્યવસ્થા કરવામાં આવી હતી, પણ પાશ્ચાત્ય નફાતોટાની (Utilitarianism) અને બુદ્ધિમહિમા (Rationalism)-ની દૃષ્ટિએ જૂના સંપ્રદાયને નવીન યુવકોના જીવનમાંથી લુપ્ત કરી નાંખ્યો છે, અને તેને સ્થાને સૌન્દર્યના પ્રેમને કેળવવા માટે નવું કાંઈ ઊપજાવ્યું નથી, પણ વસ્તુતઃ મનુષ્યના હૃદયમાં રહેલી ચન્દ્ર જેવી આ શીતળ અને મીઠી ભાવના—જે સત્યપ્રકાશ જેવી જ્વલન્ત કે કર્તવ્યની ધારા જેવી તીક્ષ્ણ નથી, એ કેળવવાની બહુ જરૂર છે. આ સંબંધમાં મ્હારા એકબે અનુભવોનો ઉલ્લેખ કરૂં તો આપ એમાં અહંભાવની વૃત્તિ નહિ જુવો એમ હું આશા રાખું છું.

એક વખતે, ગૂજરાત કૉલેજના પ્રિવિયસ હૉલમાં—મકાનના, ઉત્તર દિશામાં છેલ્લા મ્હોટા ખંડમાં હું સંસ્કૃત શીખવતો હતો.

એટલામાં ઉપલા માળના ખંડમાંથી—જેમાં, 'ते हि नो दिवसा गताः' એ ભાવથી મને સાંભરતા પુરાણા* દિવસોમાં, તે વખતે પ્રિન્સિપાલનો બંગલો બંધાયેલો ન હોવાથી પ્રિન્સિપલ ડેવીઝ સકુટુમ્બ રહેતા હતા —ત્યાંથી એકાએક પિયાનોનો ગંભીર અને મન્દ્ર સ્વર નીચે ઊતર્યો! સૌ અણધાર્યાં ચિત્રિત થઈ ગયા, અને પિયાનો વાગ્યે ગયો ત્યાં સુધી પુસ્તક વાંચવું અશક્ય થઈ ગયું. કોઈ પણ તરેહના ખળભળાટના કારણથી નહિ, ઊલટું વર્ગમાં એટલી બધી શાન્તિ પ્રસરી ગઈ હતી કે સંગીતના લયકાળે 'જમીન ઉપર એક ટાંકણી પડે તોપણ સાંભળી શકાય.' ડિઝરાએલીના શબ્દો સ્મૃતિ ઉપર ચઢી આવ્યા. પણ હું ભૂલું છું: આ આનન્દની સમાધિમાં કોઈ પણ એવો ધ્વનિ સાંભળી શકાય એમ હતું જ નહિ.

એક બીજો પ્રસંગ: જૂલાઈ માસ હતો—અને મેઘદૂતના સંસ્કાર ઉદ્‌બુદ્ધ કરવા માટે કહું તો આષાઢ માસ હતો—અને એ જૂના દિવસોમાં મુંબઈ યુનિવ્હર્સિટિનું પહેલું ટર્મ જાન્યુઆરી માસથી શરૂ થતું હોઈ વિક્રમોર્વશીયના ચતુર્થ અંકનો આરંભ થવાનો સમય હતો. મ્હેં વર્ગમાં પુરૂરવાના મુખમાંથી નીકળતા પહેલા શ્લોકની પહેલી પંક્તિ—

नवजलधरः संनद्धोऽयं न दृप्तनिशाचरः ।

—વાંચી, ત્યાં તો બહાર આકાશમાં વાદળાંના થર ચઢી રહ્યા હતા, તેમાં એક ઊંડી ગર્જના થઈ, અને એ રસમાં જાણે વૈચિત્ર્ય પૂરવા પાસેના વૃક્ષમાંથી કોયલનો ટહુકો સંભળાયો! હું ઊંડા સુખથી સ્તબ્ધ થઈ ગયો, વિદ્યાર્થીઓનો સમૂહ પણ જાણે ચિત્રમાં આલેખાઈ ગયો, અને સૌને જીવનની એક ધન્ય ક્ષણ અનુભવાતી હોય એમ લાગ્યું.

આ બે પ્રસંગો ટાંકવાનું તાત્પર્ય કે આપણામાં સૌન્દર્યનો આનન્દ ભોગવવાની એક સ્વાભાવિક વૃત્તિ છે. જે ઉચ્છૃંખલતા પ્રેરતી નથી, પણ ઊલટું આત્મામાં શાન્તિ ભરી 'आनन्दसान्द्रो लयः' 'આનન્દસાન્દ્ર લય' ઉત્પન્ન કરે છે. વળી, ઇન્દ્રિયગ્રાહ્ય સૌન્દર્ય એ જ

* પુરા+નવ=જૂના પણ નવા (નિરુક્ત).

સૌન્દર્ય નથી. આત્માનું સૌન્દર્ય જે મનોગ્રાહ્ય વા શુદ્ધ આત્મગ્રાહ્ય છે તે એ કરતાં પણ શ્રેષ્ઠ છે. એક મનુજઆત્માની સુન્દરતા પારખવી અને એને ચાહવી એ એને પારખનાર અને ચાહનાર આત્માની ઉન્નતિની કસોટી, અને અધિક ઉન્નતિનું સાધન છે. વિદ્યાર્થી વિદ્યાર્થી વચ્ચે અને વિદ્યાર્થી ગુરુ વચ્ચે આ જાતની કેળવણીના પ્રસંગો ઘણા આવે છે.

બીજું **કર્તવ્યબળ**: વિદ્યાર્થીઓમાં કર્તવ્યબળ પ્રેરવાની આવશ્યકતા વધારે ખુલ્લી છે. વિદ્યાર્થીઓ કર્તવ્યનિષ્ઠ થાય એ કયા અધ્યાપકને ન ગમે? પણ કર્તવ્યબળ ઉત્પન્ન કરવા માટે હજી જોઈએ તેટલી યોજનાઓ શિક્ષણાલયોમાં રચાઈ નથી. રમતગમતનાં સ્થાન એ ચારિત્ર્યશિક્ષણની શાળાઓ મનાય છે. ઇંગ્લંડની 'પબ્લિક સ્કૂલ' અને એના પાયા ઉપર રચાએલું ત્યાંની યુનિવ્હર્સિટિનું જીવન એ આ માન્યતાનું પ્રભવસ્થાન છે. હવે એ માન્યતા ખોટી છે એમ કહેવાનું મ્હારૂં તાત્પર્ય નથી. પણ રમતગમત એ જ પૂર્ણ ચારિત્ર્ય બાંધવા માટે પૂર્ણ છે એમ સમઝી ચારિત્ર્યરચનાની બીજી યોજનાઓ યોજવા તરફ જોઈએ તેવું લક્ષ અપાતું નથી એ શોચનીય છે. ધર્મશિક્ષણ, ઇતિહાસશિક્ષણ, સમાજશાસ્ત્રશિક્ષણ—આપણી પરિભાષામાં વર્ણાશ્રમ-ધર્મશિક્ષણ–સત્સમાગમ, ગુરુસંપ્રયોગ, અન્તેવાસ(છાત્રાલય) વ્યવસ્થા, કર્તવ્યક્ષેત્રયોજના–આદિ બહુવિધ સાધનદ્વારા વિદ્યાર્થીઓમાં કર્તવ્ય-જ્ઞાન અને કર્તવ્યબળ ઉત્પન્ન કરી શકાય છે.

ત્રીજો ગુણ કેળવવાનો તે **સત્યનિષ્ઠા.** સત્યનિષ્ઠાની જરૂર માટે તો મતભેદ હોઇ શકે જ નહિ, પરંતુ વસ્તુતઃ કેટલા થોડા ખરા અને સંપૂર્ણ અર્થમાં સત્યનિષ્ઠ હોય છે? ઇતિહાસ કે સાયન્સની વસ્તુ શોધવામાં (Research) કે એ સંબન્ધે વિચાર અને વિવેકશકિત (Judgment) વાપરવામાં કેવળ સત્યથી જ દોરાય એવા કેટલા હોય છે? ઇતિહાસને ખોટા સ્વદેશાભિમાનથી કે પરદેશાભિમાનથી—બંને દોષ છે—અસત્ય અને કદ્રૂપો કરી નાંખવામાં આવતો નથી? પરદેશી

માલની માફક પરદેશથી ઊતરી આવેલું સત્ય (?) જ આપણું ચિત્ત હરે અને સ્વદેશી સત્યને વિના ગ્રાહકે ઘેર ઘેર ભટકવું પડે એ થોડી શરમની વાત નથી. પણ હાલના વખતમાં એક નવો ભય તો સ્વદેશાભિમાન—ખોટા સ્વદેશાભિમાનમાં રહેલો છે. જાણે સ્વદેશાભિમાન એ જ એક સદ્‌ગુણનો રાજા હોય એમ માની ઈતિહાસની વિદ્યાને સ્વદેશાભિમાનની દાસી બનાવવામાં આવે એ બરાબર નહિ. આ દોષ અત્રે કોઈ કરે છે એમ કહેવાની મતલબ નથી પણ સૌએ એથી ચેતતા રહેવાની જરૂર છે. એનું અત્યારના નવા જીવન વખતે સ્મરણ દેવડાવવું એ નિરર્થક કે અપ્રાસંગિક નથી.

(૩) આ પ્રમાણે શિક્ષણ યાને શક્તિ કેળવવાની વાત સમાપ્ત કરીને હવે હું '**વિનય**' યાને વિશિષ્ટ ઉદ્દેશ તરફ પોતાની જાતને દોરવી એ અર્થમાં કેળવણીના વિષયમાં તમારૂં તેમ જ અમારૂં—અધ્યાપક વર્ગનું—શું કર્તવ્ય છે એ વિષે કહેવા માગું છું.

જીવન એ માત્ર કાલપ્રવાહમાં તણાતું કાષ્ટ નથી, પણ કાલને પણ વશમાં લેતી ચૈતન્યશક્તિનો આવિર્ભાવ છે. તેથી જીવન એ drift નહિ પણ art, તેમજ artificiality પણ નહિ પણ art, અર્થાત્ ચૈતન્યશક્તિથી પ્રકટ થતી એક સુંદર કળા હોવી જોઈએ. તેથી દરેક વિદ્યાર્થીએ આ શાળામાં દાખલ થતાં પહેલાં પોતાની જાતને આ પ્રશ્ન પૂછીને નિર્ણય કરી નાંખવો જોઈએ કે આ રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં દાખલ થવામાં પોતાનો હેતુ શો છે? આમાં જો મ્હારી કાંઈ પણ સૂચના ઉપયોગી થતી હોય તો હું કહું છું કે—આ સંસ્થાના વિદ્યાર્થીઓએ પોતાના આત્માને—અર્થાત્ માનસિક બંધારણને—બરાબર સમજી લઈને બે વર્ગમાં વ્હેંચાઈ જવું જોઈએ. (૧) બ્રાહ્મણ અને (૨) ક્ષત્રિય, અહીં વૈશ્ય અને શૂદ્રને સ્થાન ન હોવું જોઈએ. જેઓને

વિદ્યા ભણીને ધનના ઢગલા કરવાની તૃષ્ણા હોય÷ વા જેમને શુદ્ર નોકરી કરીને પેટ ભરવું હોય તેમને માટે આ સંસ્થા નથી. આ ચોખ્ખી સમઝણ સાથે જ વિદ્યાર્થીઓને આ સંસ્થામાં દાખલ કરવા જોઇએ. ભલે એથી વિદ્યાર્થીની સંખ્યા ઓછી થાય, પણ મહાત્માજીએ અન્ય પ્રસંગે અન્ય વિષયમાં કહ્યું છે તેમ સો ખોટા રૂપિયા કરતાં એક સાચો રૂપિયો સારો–ખોટા રૂપિયા તો ભારરૂપ જ. હું વૈશ્ય અને શુદ્રને ખોટા રૂપિયા ના કહું, કારણ કે એ પણ પ્રકૃતિના ખરા રૂપમાંથી જ ઘડાએલા છે, પણ જુદી છાપનાં રૂપિયા તો કહું જ, અને જગતને જણાવી દઉં કે આ ટંકશાળમાં અમુક છાપના રૂપિયા પડતા નથી–જેથી પાછળથી એ વિદ્યાર્થીને નિરાશાનું કે ફરિયાદ કરવાનું કારણ ન રહે.

વારુ, ત્યારે આપણે જેને બ્રાહ્મણ અને ક્ષત્રિય વિભાગ કહ્યા, તેમાં કરવાનું શું શું? પ્રથમ ક્ષત્રિયવિભાગ લઈએ. 'ક્ષત્રિય' શબ્દનો અર્થ બરાબર સમઝજો. ક્ષત્રિયો લડવા માટે સર્જાયા નથી–એ આસુરભાવ તો હિંસ્ર પશુઓને જ હોય. કાલિદાસ કહે છે તેમ–**क्षतात्किल त्रायत इत्युदग्र क्षत्रस्य शब्दो भुवनेषु रूढः ।**–એ જ ખરો ક્ષત્રિય કે જે અન્યનું ક્ષતથી રક્ષણ કરે–અને તેમ કરવા જતાં જો પ્રાણ આપવાનો પ્રસંગ આવે તો તે દિલીપ રાજાની માફક આપવા તૈયાર થઈ જાય. આર્તત્રાણ એ ક્ષત્રિયનો ધર્મ છે. વળી દેશને જડ સિપાહીઓ નથી જોઈતા, પણ બુદ્ધિશાળી ક્ષત્રિયો જોઈએ છે. તેથી **राजा प्रकृतिरञ्जनात्**–પ્રજાનાં મત અનુસાર રાજ્યકાર્ય કરવું એ બીજો ક્ષત્રિયનો ધર્મ છે. અને એ કાર્ય માટે યોગ્યતા સંપાદન કરવા સારૂ પૂરતું જ્ઞાન મેળવવું એ ધર્મના યોગ્ય અનુષ્ઠાનમાં આવી જાય છે. તે

÷ અન્ય શાળાઓમાં જે વિદ્યાર્થી જાય છે તે આવી તૃષ્ણાથી જ જાય છે એમ મારુ માનવું કે કહેવું નથી આ શાળાના વિદ્યાર્થીને એ તૃષ્ણા હશે તો તે પૂરી નહિ પડે એમ એ વિદ્યાર્થીને સ્પષ્ટ સમઝાવી દેવા માટે આ વચન છે.

માટે ક્ષત્રિયવિભાગમાં ઇતિહાસ, અર્થશાસ્ત્ર, અને રાજ્યશાસ્ત્રનું શિક્ષણ આવે, તેમાં એ દરેકના સ્થૂળ સિદ્ધાન્ત માત્ર નહિ, પણ ઝીણી ઝીણી પણ અગત્યની સંપૂર્ણ વિગતની માહિતી, તેમ જ નવીન શોધ પણ સમાવવી જોઈએ. શાળા છોડીને આવ્યા ઊભેલા નહિ, પણ જેઓ આ વિદ્યામાં પારંગત થશે તેઓ જ દેશની સેવા કરી શકશે. સરકારી શાળામાં કેળવાએલો વિદ્યાર્થી પણ જો સ્વદેશભક્ત હશે અને તમારા કરતાં પૂર્વોક્ત વિષયમાં અધિક જ્ઞાન ધરાવતો હશે તો એ તમારા કરતાં દેશની જરૂર વધારે સારી સેવા કરી કરશે. તે માટે ક્ષત્રિય-વિભાગમાં સઘળી તૈયારી ઉપર કહેલા વિષયમાં પારંગત થવા માટે કરો. કહું તો ક્ષમા કરજો કે અસહકાર, ખાદી, રાષ્ટ્રીયશાળા ખોલવાનો ઉપદેશ એ જ તમારા જીવનનું પરમકાર્ય હોઈ ન શકે. જીવનનાં ન્હાનાં ન્હાનાં કર્તવ્યો કરવાં એ સારૂં છે, પણ જીવનમાં મોટાં કર્તવ્યો પણ હોય છે, એ સ્વીકારવું જોઇએ. અને ભવ્ય જીવ થઈ તે એ મ્હોટાં કર્તવ્યો કરવા માટે પણ તમે કટિબદ્ધ થઈ જાઓ એમ મ્હારી વિનંતી છે. Indian Administration—હિન્દના રાજ્યવહીવટ—ની સંપૂર્ણ માહિતી મેળવો, પણ એટલું જ બસ નથી. વહીવટ એ અમુક સિદ્ધાન્ત ઉપર રચાએલો હોય છે અને તેથી Political Science નો પણ એક શાસ્ત્ર તરીકે અભ્યાસ કરો. History અને Political-ઇતિહાસ અને રાજ્યતન્ત્ર પ્રો. સીલી કહે છે તેમ—બીજ અને ફળ પેઠે સાથે જોડાએલાં છે, તેથી ઇતિહાસ વડે Political Science-રાજ્ય-શાસ્ત્રને કસો, ઇતિહાસમાં પણ ધર્મ આદિ બળ ઉપરાંત દેશની આર્થિક સ્થિતિ કેવો ભાગ ભજવે છે એ ધ્યાનમાં રાખી Economics-અર્થશાસ્ત્ર—નો પણ બહુ સંગીન અભ્યાસ કરો. મને પંડિત માલવીયાજી કહેતા હતા કે જ્યારે 'Reverse Council bills' નો પ્રશ્ન ધારાસભામાં ઉપસ્થિત થયો ત્યારે સૌને સ્વર્ગસ્થ ગોખલેની ખોટ જણાઈ હતી. અત્યારે તમે રાજ્યતન્ત્ર સાથે અસહકારી રહેશો, પણ જતે દહાડે રાજ્યતન્ત્ર ચક્રમાં પડ્યા વિના છૂટકો નથી. આજના

સંન્યાસી કાલે ગૃહસ્થાશ્રમ માંડશે. હું સૌને નિખાલસપણે અને મિત્રભાવથી સંન્યાસને બદલે બ્રહ્મચર્ય (Education) અને ગૃહસ્થાશ્રમ (Councils) કેળવવાની સલાહ આપું છું.

બીજો **બ્રાહ્મણ વિભાગ:** એમાં સાહિત્ય, તત્ત્વજ્ઞાન, અને રાજ્યશાસ્ત્ર ઉપરાંત પૂર્વોક્ત ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રનું પણ નિષ્કામ (રાજ્યવહીવટમાં ભાગ લેવા માટે નહિ પણ નિષ્કામ) અધ્યયન કરાવવું જોઈએ. આ વિદ્યાલયમાં દાખલ થતા અમુક વિદ્યાર્થીઓ આ બ્રાહ્મણભાવનાનું વ્રત લે તો અત્યારની એક મોટી મુશીબતનું નિરાકરણ થઈ જાય. આરંભના કાળમાં જ્યારે પાઠ્યપુસ્તકો અંગ્રેજીમાં જ છે અને અધ્યાપકો પણ ઘણે ભાગે અંગ્રેજી દ્વારા જ શિક્ષણ આપી શકે એમ છે તે વખતે આ વિદ્યાલયનો એક પ્રધાન નિશ્ચય—માતૃભાષા દ્વારા કેળવણી આપવાનો—તે અમલમાં મૂકવા માટે એક ઉત્તમ માર્ગ એ છે કે હાલના વિદ્યાર્થીઓ વિશાળ વાચન કરી, જ્ઞાનથી ભરાઈ, સ્નાતક વા નિષ્ણાત થઈ એ જ્ઞાનના પરિપાકરૂપે તે તે વિષયોના ગ્રન્થો રચવામાં લાગી જાય. એ ગ્રન્થો અંગ્રેજી ગ્રન્થોનું સ્થાન લઈ પાઠ્યપુસ્તકો તરીકે સ્વીકારાય એમ હું અત્યારે કે આવતા દશેક વર્ષ સુધી તો ઇચ્છી શકતો નથી જ. પણ તે તે વિષયનાં પુસ્તકોનો સિદ્ધ કે સૂચિત આદર્શ આ રીતે ખડો થાય તો ગૂજરાતી વાઙ્મય બહુ વિસ્તાર અને ગૌરવ પામે. દાખલા તરીકે, અને ફક્ત દાખલા તરીકે જ—પ્રાચીન હિન્દના ઇતિહાસ અને સંસ્કૃતિનો વિષય લો. એમાં કેટલું બધું કાર્ય કરવાનો અવકાશ છે! આ પ્રસંગે હું આપના પુરાતત્ત્વમન્દિરને એક વિનંતી કરવાની છૂટ લઉં છું. એ મન્દિરનો વહીવટ રાષ્ટ્રીય વિદ્યાપીઠના અંગ તરીકે ચાલવો જોઈએ કે સ્વતંત્ર રીતે એ પ્રશ્નો સાથે મારે લેવાદેવા નથી. તેમ એ મન્દિર અત્યારે ઘણું સારૂં કામ કરી રહ્યું છે એ પણ હું જાણું છું અને આનન્દથી સ્વીકારૂં છું. પણ એ સારા કામમાં પણ મને એક ખામી અત્યારે જણાઈ છે કે એ કામ રાષ્ટ્રવિદ્યાલયને

ઉપકારક થાય એ રીતે થતું નથી. છૂટુંછવાયું Research યાને શોધ કે study—અભ્યાસ—નું કામ થાય છે, પણ હું સૂચના કરૂં છું તે એ કે પુરાતત્ત્વમન્દિરે પ્રાચીન ભારતના ઇતિહાસ અને સંસ્કૃતિ ઉપર એક ગ્રન્થ વા ગ્રન્થમાળા રચવી જોઈએ–અને એ રચવા ઉપર અધ્યાપકોએ અને વિદ્યાર્થીઓએ પોતાની સઘળી શક્તિ, શ્રમ અને બુદ્ધિ કેન્દ્રિત કરવાં જોઈએ. આવા એક પુસ્તકથી ગૂજરાતની બલ્કે સમસ્ત ભારતની જેવી સેવા થશે તેવી છૂટાછવાયા અભ્યાસથી કે શોધથી થવાની નથી. એ ગ્રન્થમાળામાં-માત્ર એક સૂચના ખાતર–આ આઠ હું ગણાવું છું.

(૧) પ્રાચીન હિન્દનો રાજકીય ઇતિહાસ.
(૨) એ ઇતિહાસનાં પ્રમાણઃ શિલાલેખ, સિક્કા ઇત્યાદિ
(૩) ધર્મ અને તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ-બ્રાહ્મણ યાને વૈદિક.
(૪) ધર્મ અને તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ-જૈન અને બૌદ્ધ.
(૫) સાહિત્ય અને કલા–સાહિત્ય અને એની ભાવનાનો ઇતિહાસ;
(૬) સાહિત્ય અને કલા–સંગીત ચિત્ર વગેરે કલાઓ, તથા ગણિત, જ્યોતિષ, રસાયન, શિલ્પ, આદિ શાસ્ત્ર અને કલાઓનો ઇતિહાસ.
(૭) ધર્મ (સ્મૃતિ–કાયદા) શાસ્ત્રનો ઇતિહાસ.
(૮) રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્રનો ઇતિહાસ.

અન્ય સંસ્થાઓને કોષ અને વ્યાકરણ કાઢવાં દો. તમે આ એક ઇતિહાસ રચશો તો તમારૂં અસ્તિત્વ સફળ થઈ ગયું એમ અત્યારની અને ભવિષ્યની પ્રજા કહેશે.

[વસન્ત વર્ષ ૨૨, અંક ૫, જ્યેષ્ઠ, સં. ૧૯૭૯]

ગૂજરાત વિદ્યાપીઠની એક નવી પ્રવૃત્તિ

ગૂજરાત વિદ્યાપીઠની વર્તમાન સ્થિતિથી સંતોષ પામનાર કરતાં ખેદ પામનાર જનોની સંખ્યા વધારે હશે અને આ બીજી જાતની સંખ્યામાં વિદ્યાપીઠના સાચા મિત્રો અને ઊંડા હૃદયથી એનું શુભ ચિંતવનારા જનો પણ છે. અત્યાર સુધીમા એ સંસ્થાએ એની સાથે જોડાયેલા પુરાતત્ત્વમન્દિરદ્વારા તેમજ સ્વતંત્ર રીતે પણ ગૂજરાતને ઘણી સેવા કરી છે. એણે ગૂજરાતના વિદ્યાર્થી યુવકોમાં–એના અંગભૂત વિદ્યાર્થીઓમાં તેમજ એની બહાર—અપૂર્વ અભય, સત્યનિષ્ઠા, દૃઢતા, સાદાઈ, દેશભક્તિ અને દેશસેવાની ભાવના આદિ સદ્‌ગુણો પ્રેર્યાં છે; એટલું જ નહિ, પણ એણે કેળવણીની એક નવી ભાવના ગૂજરાત આગળ ઉપસ્થિત કરી છે. આ કારણથી એ સંસ્થાના મિત્રોને જેટલો આનંદ થયો છે, તેટલો જ તેઓને એની ક્ષીણતાથી શોક થાય છે.

વિદ્યાપીઠના અધ્યાપકો અને પુસ્તકશાળાની સમૃદ્ધિ જોતાં એનો મૂળ ઉદ્દેશ સ્વતંત્રતા સાથે બહુ ઊંચી જાતની કેળવણી રચવાનો હતો એમ સ્પષ્ટ દેખાયા વિના રહેતું નથી, અને એ ઉદ્દેશ હંમેશ માટે સ્થિર રહ્યા હોત તો સારૂં હતું. જેમ દરેક વ્યક્તિને તેમ દરેક સંસ્થાનો "સ્વધર્મ" હોય છે, અને સ્વધર્મ આચરતાં નિધન થાય એ વધારે સારૂં પણ પરધર્મની સેવા ખોટી જ એ સુપ્રસિદ્ધ અને સાચો સિદ્ધાંત છે. કબૂલ છે કે બ્રાહ્મણે પ્રધાનપણે બ્રાહ્મણ

રહીને પણ ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના સદ્ગુણો પણ ગૌણ ભાવે પોતામાં રાખવા જોઈએ, અને એમ થાય તો જ બ્રાહ્મણના બ્રાહ્મણત્વનું પણ રક્ષણ થઈ શકે.* છતાં એનું પ્રધાન કાર્ય તો બ્રાહ્મણત્વ કેળવવાનું જ હોઈ શકે. તે જ પ્રમાણે, વિદ્યાપીઠે સ્વાતન્ત્ર્ય અને દેશસેવાના પૂર્વોક્ત સદ્ગુણો અડગ રીતે અંગીકાર કરવાની સાથે, એનું મુખ્ય કર્તવ્ય વિદ્યાર્થીઓમાં અને પ્રજામાં ઉચ્ચ વિદ્યા કેળવવાનું અને પ્રસારવાનું છે એ વાત ભૂલવી ન જોઇએ.

પરંતુ આરંભકાળનું આ ધ્યેય પછીના કાળમાં ઝાંખું પડયું છે. એમાં દોષ અધ્યાપકોનો કે કાર્યકર્તાઓ નથી. પછીથી ઉત્પન્ન થયેલી પરિસ્થિતિનો છે. સમય બદલાતાં જીવન બદલાયું, અને જીવન પરિસ્થિતિને વશ થયું. વિદ્યાપીઠ ઉચ્ચ કેળવણી માટે નથી, પણ સ્વતન્ત્રતા અને દેશસેવા માટે છે એમ એના ધ્યેયની નવી વ્યાખ્યા થઇ. અર્થાત્, સ્વતંત્રતાના અને દેશસેવાના વાતાવરણમાં વિદ્યાવૃદ્ધિનો જે મૂળ ઉદ્દેશ હતો તેને બદલે હવે વાતાવરણ જ ઉદ્દેશરૂપ બની ગયું, અને મૂળ ઉદ્દેશ ગૌણતાને પામ્યો. સ્વતન્ત્રતા માટે કોઈ એવો ધંધો શીખવવો જોઈએ કે જેથી વિદ્યાર્થીને આગળ જતાં ગુજરાન માટે પરાશ્રિત થવું ન પડે—આવી સમજણથી વિદ્યાપીઠના અધિકારીઓએ એના અભ્યાસક્રમમાં કાંતણ, પીંજણ અને સુથારી કામ દાખલ કર્યું, અને શિક્ષણ પણ એની ઉચ્ચ કક્ષા અને ભાવના ઉપરથી ઉતારી ગ્રામસેવાના કાર્યને અનુકૂળ કરવામાં આવ્યું.

આમ પરિસ્થિતિ બદલાઇ તેથી મૂંઝાઈ ન જતાં પરિસ્થિતિને અનુકૂળ થાય તેવો ધ્યેયમાં અને તદનુસાર કાર્યમાં ફેરફાર કરવાની એ સંસ્થાના કાર્યકર્તાઓએ જે સમયસૂચકતા દાખવી, જે સ્થિર બુદ્ધિથી, શાંત વિચારથી અને સહકારીની સંખ્યા ઘટયા છતાં નવી સ્થિતિને તેઓ પહોંચી વળ્યા, તે ખરેખર પ્રશંસનીય છે. પણ આ

*'ઉત્તરરામચરિત્ર'માં ब्रह्मादयोब्रह्महिताय तप्त्वा ઇત્યાદિ શ્લોકમાં નોંધેલી જૃમ્ભકાસ્ત્રની કથા સુપ્રસિદ્ધ છે.

ફેરફારથી આપણે અત્યારે શું ખોયું છે એનું વિસ્મરણ કે વિના ખેદે સ્મરણ શકય નથી. હજી પણ ગૂજરાત વિદ્યાપીઠ સ્વતન્ત્રતાના વાતાવરણમાં ઉચ્ચ શિક્ષણ આપનાર એક આદર્શ સંસ્થા થાય એમ ઇચ્છા રહ્યાં કરે છે; અને નવા વિદ્યાર્થીઓ ન મળે તો જૂના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સંસ્થાના મિત્રો એક મંડળરૂપે ગોઠવાઈ, ઉચ્ચ અધ્યયનને પંથે ચઢી, તથા સ્વકાર્યની ઉચ્ચતાથી અન્યતે એ તરફ આકર્ષી મુઠ્ઠીભર વિદ્યાર્થીઓને બદલે અખિલ ગૂજરાતને એ મંડળ કેળવણીનું ક્ષેત્ર બનાવે તો કેવું સારૂં એમ મનમાં થઈ આવે છે.

આજ જે આનન્દજનક પ્રવૃત્તિ માટે અમે એ સંસ્થાના કાર્યકર્તાઓને અભિનન્દન આપવા ઈચ્છીએ છીએ તેને માટે ઉપર કરેલો ઉપોદ્ઘાત કોઈને બેસૂરો લાગે તો અમે ક્ષમા ઈચ્છી છીએ. વસ્તુતઃ અમે આ નવી પ્રવૃતિને શિક્ષણની પ્રવૃત્તિથી સ્વતન્ત્ર સમાજસેવાની પ્રવૃત્તિ માનીએ છીએ, અને એના વાસ્તવિક રૂપમાં એટલે કે સમાજસેવાના ઉપક્રમરૂપે જ, એની કદર કરીએ છીએ. હિન્દુસ્તાન ગામડાંનો દેશ છે એ સત્ય આપણા નાયકોને ઘણાં વર્ષોથી જાણીતું હતું છતાં એ સત્ય ધ્યાનમાં રાખી ગામડાંના સુધારા માટે પ્રજા તરફથી કાંઈ પણ પ્રયત્ન થવા લાગ્યો હોય તો તે મહાત્મા ગાંધીજીની પ્રેરણા અને પ્રવૃત્તિનું ફળ છે. શ્રી. નગીનદાસ અમૂલખરાય તરફથી ગૂજરાત વિદ્યાપીઠને રૂપિયા એક લાખનું દાન મળ્યું છે, અને એની મદદથી ગૂજરાત વિદ્યાપીઠમાં ગ્રામસેવામન્દિર કાઢવાનું ઠર્યું છે.

"૧. આ મંદિરનો ઉદ્દેશ સ્વરાજ્યની દૃષ્ટિએ ગ્રામસંગઠન કરવાનો, તાલીમ પામેલા સેવકો તૈયાર કરવાનો છે.

૨. વિદ્યાપીઠનાં ધ્યેયો જેને માન્ય હશે અને મંદિરનો અભ્યાસ પૂરો કર્યા પછી, વિદ્યાપીઠ જ્યાં સોંપે ત્યાં પાંચ વરસ સુધી ગ્રામસેવાનું કામ કરવાની જે પ્રતિજ્ઞા લેશે તેવા યુવાનને આ મંદિરમાં દાખલ કરવામાં આવશે.

૩. દાખલ થનાર યુવાનની રહેણી સાદી હોવી જોઈએ અને તેનામાં અંગમહેનતની ઇચ્છા અને ટેવ હોવાં જોઈએ.

૪. જો ઉમેદવાર વિનીત જેટલું ભણેલો હશે તો એને બે વરસની તાલીમ લેવી પડશે અને જો તે સ્નાતક જેટલી કેળવણી પામેલો હશે તો તેનો અભ્યાસક્રમ એક વરસનો રહેશે. બનતાં સુધી સ્નાતક વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવશે. વળી પરિણીત ઉમેદવાર કરતાં અપરિણીત ઉમેદવારને વિશેષ પસંદગી આપવામાં આવશે.

૫. મૂળ ઉદ્દેશને પાર પાડવાની દૃષ્ટિએ જે ઉમેદવારમાં વિશેષ લાયકાત દેખાશે તેને ઉપરના નિયમોને અપવાદ કરીને પણ દાખલ કરવામાં વાંધો નહિ આવે.

૬. આ મંદિરના વિદ્યાર્થી વિદ્યાપીઠના છાત્રાલયમાં રહેશે. ત્યાં ભોજનખર્ચ તથા બીજું જે પરચુરણ ખર્ચ આવે તેટલી રકમની વધુમાં વધુ રૂ. ૨૦ સુધીની શિષ્યવૃત્તિ તેને મળશે.

૭. વિદ્યાપીઠમાં રહી નક્કી કરેલી તાલીમ જેણે બરાબર લીધી હશે તેને તે બાબતનું પ્રમાણપત્ર આપવામાં આવશે, અને જો તે વિદ્યાર્થી ગ્રામસંગઠનના કાર્યને માટે બીજી કોઈ રીતે નાલાયક નહિ જણાય તો માસિક રૂ. ૩૦ થી રૂ. ૫૦ સુધીના પગારથી તેને રોકવામાં આવશે, લાયકાત અને જરૂરિયાત પ્રમાણે વધારો કરીને માસિક પગાર રૂ ૬૦ સુધી વધારવામાં આવશે.

૮. આ મંદિરનો અભ્યાસક્રમ નીચે પ્રમાણે છેઃ—

(क) સામાન્ય શિક્ષણમાં રહેલી ખામીઓ દૂર કરવા માટે

૧. ગૂજરાતી—સફાઈદાર અક્ષર અને શુદ્ધ ઉચ્ચારણ.

૨. ભૂગોળ-હિંદુસ્તાનની તેમજ દુનિયાની ભૂગોળનું વિશેષ જ્ઞાન.

૩. નામાનાં મૂળતત્ત્વો તથા કાંતણ અને વણાટના મથકના ચોપડા રાખતાં આવડે તેટલું વિશેષ નામું.

૪. સંગીતનો સામાન્ય પરિચય-ભજનો દ્વારા.

(ख) ગ્રામસેવાની ખાસ લાયકાત મેળવવા માટે.

૧. સંપત્તિશાસ્ત્રનાં મૂળતત્ત્વો.

૨. ગામડાંનો આર્થિક તેમજ સામાજિક અભ્યાસ.

૩. કાંતણ, પીંજણ અને સુથારીકામ—રેંટિયો અને પીંજણ સુધારવા જેટલું.

૪. સ્વચ્છતા અને આરોગ્યસંરક્ષણ—વ્યક્તિગત તેમજ સામુદાયિક.

૫. આહારશાસ્ત્ર, ઘરવૈદું તથા અકસ્માત વખતે તાત્કાળિક ઇલાજ.

૬. શિક્ષણશાસ્ત્રનાં મૂળતત્ત્વો અને શાળાની વ્યવસ્થા.

૭. વ્યાયામ, સંઘવ્યાયામ અને રમતો.

૮. સભાશાસન (સભાઓ અને સંસ્થાઓ નિર્વિઘ્નપણે ચલાવવાનું વ્યવસ્થાશાસ્ત્ર).

૯. જમીનપાણી.

ઉપરના અભ્યાસક્રમ ઉપરાંત જમીનમહેસૂલ, ગૃહઉદ્યોગ, સહકારી મંડળીઓ, ખેડૂતોનાં મંડળો, મજૂરસંઘો, સામ્યવાદના પ્રકારો વગેરે વિષયોનો પરિચય નિયત વ્યાખ્યાનો દ્વારા આપવામાં આવશે.

આ રીતસરનો અભ્યાસક્રમ થયો. પરંતુ તે ઉપરાંત રાંધતાં, તરતાં, દોહતાં, બળદગાડું હાંકતાં, બજારમાંથી ખરીદી કરતાં, ચીતરતાં, હિંદુસ્તાની બોલતાં વગેરે બાબતો આવડવી ગ્રામસેવકને માટે અનેક રીતે ઉપયોગી છે. પણ આ વસ્તુઓ માટે વર્ગો ચલાવવાના ન હોય. દરેક ગ્રામસેવકે પોતાની મેળે ઉપરનામાંથી બને તેટલી વસ્તુઓ શીખી લેવી જોઈએ."

પ્રથમ દૃષ્ટિએ, ઉપર જણાવેલો માસિક પગાર રૂ. ૩૦ થી ૫૦ સુધીનો અને સારી લાયકાત પ્રાપ્ત થતાં રૂા. ૬૦ સુધીનો ઓછો ગણાય પણ દેશસેવાના ધોરણ ઉપર રચાયેલી યોજનામાં કદાચ હાલ એ કરતાં વધારે પગાર આપવો પરવડે નહિ એમ અમે

સ્વીકારીએ છીએ. પરંતુ "પરિણીત ઉમેદવાર કરતાં અપરિણીત ઉમેદવારને વિશેષ પસંદગી આપવામાં આવશે" એ નિર્બન્ધ તો અમારાથી સમજાતો નથી; એટલું જ નહિ પણ વિપરીત લાગે છે. ગામડાંમાં અપરિણીત દેશસેવક જોઈએ તેવો વિશ્વાસ ઉપજાવી શકશે નહિ; એટલુંજ નહિ, પણ ચારિત્ર્યભંગને વશ થશે તો સંસ્થાને કાળી ટીલી લાગશે. આથી એમ ધારવાનું નથી કે અપરિણીત વ્યક્તિ દેશસેવા ન કરી શકે અથવા તો ઉચ્ચ ચારિત્ર્ય ન જાળવી શકે એમ અમારૂં માનવું છે. જગત્માં શંકરાચાર્ય અને બુદ્ધ ભગવાન જેવાનાં ઉદાહરણો અમને અજ્ઞાત નથી. પણ રાતદિવસ જેમનાં માનસ વૈરાગ્ય અને બ્રહ્મચર્યની ઉગ્ર ભાવનાથી પોષાતાં હતાં તેવાં નૈષ્ઠિક બ્રહ્મચારી અને સંન્યાસીની સંસ્થાઓ પણ કાળે કરી મનુષ્યની સ્વાભાવિક નિર્બળતાને વશ થઈ પડી, તો વર્તમાન સ્ત્રીપુરૂષના સહચાર, સંલાપ અને વિલાસના યુગમાં અપરિણીત દેશસેવકોની સંસ્થા ઊભી કરવી અમને ભયંકર લાગે છે. વિશેષમાં, પરિણીત જીવનની સુન્દરતા અને એનું માધુર્ય દૃષ્ટાન્તરૂપે ગામના લોકોને ઉપકારક છે એટલું જ નહિ, પણ એ ગ્રામસેવામાં દમ્પતીનો સહચાર આદર્શરૂપે ગ્રામજન આગળ રહે એ અમે ઇષ્ટ માનીએ છીએ.

ઉપરનું લખ્યા પછી પ્રસિદ્ધ અંગ્રેજ ધર્મગુરુ અને લેખક ડીન ઈંગનું એક વચન અમારી નજરે પડ્યું છે, એમાં અમારા મતનું સ્વરૂપ પૂરેપૂરા આકારે પ્રકટ થયેલું જોઈ એ અમે અત્રે ટાંકીએ છીએઃ—

"I do not think that we wish to make the priesthood a kind of third sex, though that view is widely held on the Continent.

A celibate priesthood may increase the church as an institution, but I do not think that, as a general rule, it is good for the priests themselves. or for their flocks."

[વસન્ત: વર્ષ ૨૮, અંક ૨, ફાલ્ગુન, સં. ૧૯૮૫]

'જીવંત સંસ્થા'*

ભાવનગરમાં 'ગૂજરાત અને કેળવણી' સંબંધી મ્હારા ભાષણમાં ગૂજરાતી પ્રોફેસરોનું તે તે વિષય માટે એક એક મંડળ રચવાની ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટિને સૂચના કરી હતી, તેને અંગે ગેરસમઝણ ન થાય તે માટે હું ખુલાસો કરવા ઇચ્છું છું કે સૂચનામાં "પ્રોફેસર" શબ્દ ઉપલક્ષણ માત્ર છે. અર્થાત્ પ્રોફેસર નહિ એવા તે વિષયના બીજા પ્રતિષ્ઠિત વિદ્વાનો જે કોઈ હોય તેઓને પણ એ મંડળમાં લઈ શકાય; બીજું એ મંડળોની કેટલીક મીટિંગ જેઓ એ વિષયમાં ખરેખર રસ લેતા હોય તેમને માટે પણ ખુલ્લી રાખવી જોઈએ; અને ત્રીજું એ કે "બોર્ડ ઓફ સ્ટડીઝ" જેવું મંડળ રચવાનુ મ્હેં કહ્યું તે કયા વિદ્યાર્થીઓ માટે? અને એમણે પાઠ્યપુસ્તકોનો શો ક્રમ યોજવાનો? ખુલાસો:–એમાંનું કાંઈ નહિ. "બોર્ડ ઓફ સ્ટડીઝ" એટલે એના જેવાં ખાસ વિદ્વાનોનાં મંડળો. વિદ્યાર્થીઓ વિદ્વાનો પોતે જ. અને એમનું કામ પાઠ્યપુસ્તકોની યોજનાને બદલે, એમના પોતાના કામની યોજના કરવી તે. દરેક મંડળ વર્ષ માટે વા તેથી વધારે બેત્રણ વર્ષ માટે પોતાના વિષયને લગતા પ્રશ્નોની યાદી કરે, અને એમાં શોધખોળ કરવાનું કામ માંહોમાંહે વ્હેંચી લે, વા કેટલુંક વ્હેંચી લઈ બીજું જાહેર પ્રજા આગળ મૂકે, જેથી મંડળ બહારના કોઈ વિદ્વાનને એ ઉપર કામ કરવું હોય તો તે કરે. વળી કૉલેજની ઉત્તમ કક્ષાના વિદ્યાર્થીઓને શ્રોતા તરીકે આમાં જોડવા અને રસ લેતા કરવા, જેથી આ નવા ઉપક્રમમાં પ્રજા પણ રસ લે, અને એ એક જીવન્ત સંસ્થા બને.

[વસન્ત : વર્ષ ૩૪, અંક ૩. ચૈત્ર, સં. ૧૯૯૧]

---

* મૂળ શીર્ષક : 'એક ખુલાસો.' સં૦

અર્વાચીન હિન્દુસ્થાનના ઇતિહાસની પરિષદ્

હાલમાં (તા. ૭ મી જૂન ૧૯૩૫) પૂનામાં " All-India Modern History Congress" યાને "અખિલ ભારત અર્વાચીન ઇતિહાસની પરિષદ્ " ભરાઈ. આ " અર્વાચીન ઇતિહાસ " હિન્દુસ્થાનનો, અને અર્વાચીન એટલે ઈ. સ. ૧૦૦૦ પછીથી અત્યાર સુધીનો, જેમાં (૧) **મોઘલ પહેલાં**ના મુસલમાન સમયનો (અને આમાં રાજપૂત વગેરે અન્ય હિન્દુ રાજ્યોનો સમાવેશ કરવાનો; (૨) **મોઘલ** સમયનો (જેમાં તે સમયના મહારાષ્ટ્ર વગેરે પણ આવી જાય); અને (૩) **બ્રિટિશ** સમયનો (તેમાં પણ દેશી રાજ્યો સહિત એ સમયના અખિલ ભારતવર્ષનો) એમ ત્રણ પેટા વિભાગ પડે.

આ પરિષદ પહેલવહેલી ભરાઈ, અને એ ભરવાનું સ્થાન યોગ્ય રીતે પૂના હતું. પૂનાનું "ભારત ઇતિહાસ સંશોધક મંડળ" જે ઇતિહાસની શોધ માટે વ્યવસ્થિત રૂપે સ્થપાએલું જૂનામાં જૂનું મંડળ છે, અને કામ બહુ ઉત્સાહથી અને ફતેહમન્દીથી કરે છે—એના પ્રયત્નથી આ પરિષદ્ ભરવામાં આવી હતી. એના પ્રમુખ તરીકે અલ્લાહાબાદ યુનિવર્સિટિના ઇતિહાસના પ્રોફેસર ડૉ. સર શફાત અહમદખાનને પસંદ કરવામાં આવ્યા હતા. સર જદુનાથ સરકારનો આ સ્થાન માટે પહેલો હક ગણાય, પણ તેઓ હવે વૃદ્ધ થયા છે, અને તેથી એમનો લાભ ના લઈ શકાયો હોય તો સર શફાત જ એક પીઢ યુવાન અને ઉત્સાહી વિદ્વાન તરીકે સૂઝે. ડૉ. કૃષ્ણસ્વામી આયંગરે

દ્રાવિડ ઇતિહાસમાં બહુ કાર્ય કર્યું છે, પણ એ પણ હવે નિવૃત્તિના અધિકારી મનાય. પણ એમણે ઇતિહાસના પ્રદેશમાં કરેલી સેવા ધ્યાનમાં લઈ યોજકોએ એમની પાસે ઇતિહાસનું પ્રદર્શન ખુલ્લું મૂકવાની ક્રિયા કરાવી હતી.

પરિષદે સ્થાયી મંડળ સ્થાપવા સંબંધી તથા તેના કાર્ય સંબંધી કેટલાક ઠરાવ કર્યા, તેથી હવે આપણે માની લઈએ કે 'ઓરિયન્ટલ કૉન્ફરન્સ', 'સાયન્સ કૉન્ગ્રેસ' વગેરે મંડળની રીતે આ મંડળ પણ આખા હિન્દ માટે એક કાયમની સંસ્થા બની રહે. હિન્દુસ્થાનનો પ્રાચીન ઇતિહાસ ઓરિયન્ટલ કૉન્ફરન્સના કાર્યમાં આવે છે એ કારણથી આ અર્વાચીન ઇતિહાસની કૉન્ફરન્સે એ પહેલાંનો ઇતિહાસ પોતાના કાર્યક્ષેત્રની બહાર રાખ્યો છે. પોતાનું કાર્યક્ષેત્ર એટલું મોટું છે કે તે એક મંડળ માટે પૂરતું છે.

પ્રમુખ ડૉ. શફાત અહમદનું ભાષણ બહુ લાંબું હતું. એમાં એમણે સાચા ભાવથી ભરેલા વિનયપૂર્વક મહારાષ્ટ્રના રાનડે, ટિળક (તેલંગ કહેવા માગે છે?) વગેરેથી માંડી આજ સુધીના "ઇતિહાસ-સંશોધક" વિદ્વાનોની મુક્ત કંઠે પ્રશંસા કરી—અને તે પછી અત્યારે હિન્દુસ્થાનના જુદા જુદા ભાગમાં વ્યક્તિઓએ, ખાનગી મંડળોએ, પ્રતિષ્ઠિત સંસ્થાઓએ, દેશી રાજ્યોએ, અને છેવટ બ્રિટિશ સરકારે પણ શું શું કર્યું છે એ જણાવ્યું. પૂર્વોક્ત ત્રણ સમય પૈકી-દરેકના ઇતિહાસ માટે શાં શાં સાધનો ઉપલબ્ધ છે, કેટલાંનો લાભ લેવાયો છે, કેટલાંનો હજી તરજુમો થવો બાકી છે ઇત્યાદિ બતાવ્યું-અને હજી આપણે માટે ઘણું કરવાનું બાકી છે એ કેમ કરવું એની દિશા સૂચવી. આ કામ કરવાની યુનિવર્સિટિઓને માથે મ્હોટી જવાબદારી છે, એ પૂરી અદા થતી નથી એ માટે એમણે શોક દર્શાવ્યો.

એમના ભાષણમાં બેચાર વાત ધ્યાનમાં લેવા જેવી અને પુખ્તપણે વિચારવા જેવી હતી. એમનું કહેવું છે કે—

(૧) ઇતિહાસના વિદ્વાનોએ કેવળ સત્ય હકીકતની જ દરકાર

રાખવી જોઈએ; કોઈ તરેહના રાગદ્વેષ કે રાજકીય દુરાગ્રહને એમના પવિત્ર કાર્યમાં સ્થાન નથી.

(૨) અત્યારે હિન્દુસ્થાનના ઇતિહાસનું સંશોધન જુદા જુદા પ્રાન્તોમાં થાય છે તે થવા દેવું—એ સર્વના કામનું એકીકરણ અખિલ ભારત માટે હવે જે સંસ્થા સ્થાપવાની છે તેમાં થશે, પરંતુ તેથી અત્યારની પ્રાન્તિક સંસ્થાઓનો લોપ કરવાનો નથી. જેમકે અત્યારે મહારાષ્ટ્રના વિદ્વાનો મરાઠા અને પેશવાના સમયમાં ઉત્તમ શોધખોળ કરી રહ્યા છે અને તે જ પ્રમાણે દ્રાવિડ દેશના વિદ્વાનોએ પણ એ ભાગના ઇતિહાસ ઉપર પુષ્કળ પ્રકાશ નાંખવા માંડ્યો છે, અને અલિગઢ વગેરે સ્થળે મુસલમાનોના ઇતિહાસને લગતા લેખો લખાય છે—એઓનું કામ પણ ચાલતું રહેશે. પણ સર્વનાં કાર્યને એક હિન્દુસ્થાનના ઇતિહાસની દૃષ્ટિથી એક કરવાનાં છે. ડૉ. શાફતના શબ્દોમાં-

"We have not started this organization in a spirit of hostility to any institution. It is not our desire, nor can it be the wish of any one of its members, to start an association with the object of multiplying the long list of sectional and provincial organizations that have played, and are still playing, a brilliant role in the development of historical investigation. Provincial patriotism has a rightful, nay an essential, place in the national life and endeavour, for it is from the warmth and glow of the concrete events that appear every moment and unconsciously mould our outlook, that we reach the sublime heights of an All-India patriotism. I cannot expect a citizen of Poona to develop a concep-

tion of Indian patriotism unless he has been bred in and has shared the thoughts of those who made Poona famous. They have carved a temple of fame and valour which is a source of perennial interest to thousands who undertake the pilgrimage of piety and devotion to this sacred and historic city. Similarly, I cannot conceive a Delhi citizen who is not constantly reminded of the splendour of the Moghal Rule by the daily almost hourly sight of monuments of Moghal glory and brilliance. A Sikh cannot become a true Indian patriot unless he has love for sacred Amritsar or historic Lahore. Provincial patriotism is the foundation of National patriotism."

(૩) ઇતિહાસના સંશોધનમાં ઇતિહાસનાં સાધનોની શોધ મુખ્ય છે, પણ એટલું જ આપણું કાર્ય નથી. ઇતિહાસનાં સાધનોની મદદથી ઇતિહાસનો અર્થ કરવો, વસ્તુ ઊપજાવવું એ જરૂરનું કાર્ય છે. ડૉ. શાફતના શબ્દો ઊતારીએ:

"History does not consist merely in the dissection of tiny bits of facts, out of musty old parchments, collected together after years of toil, without any principle possessing significance. This is not history but a heterogeneous collection of unorganized facts pieced together with soulless and mechanical industry. History consists, not merely in the organization, collection and

examination of material, but also in its interpretation. Without a correct interpretation of the mass of material presented to the historian, history will degenerate into a meaningless and barren recitation of strings of unrelated and unco-ordinated facts, and will cease either to inspire or instruct. Interpretation is the core of history."

(૪) અને આ માટે દૃષ્ટિબિન્દુ અમુક કોમ કે પ્રાન્તનું ન રાખતાં સમસ્ત હિન્દુસ્થાનનું રાખવું જોઈએ.

"We must not divide ourselves into hard and rigid classes of Mahratta, Sikh, Muslim and Bengali historians. While the subject may be concerned only with a small period of Indian History, every Indian historian should aim at a conception of united India. This is the noblest and truest legacy of fifty years of rapid progress. We are not merely Mahrattas and Muslims, we are also part of a larger whole, and it is our duty as historians to emphasise this point, and bring home to the young the spiritual energy and intellectual force which impelled many of the national heroes to work, not merely for the limited and circumscribed sphere in which they moved and breathed, but also for the general progress and improvement of our Motherland.

While history is the record of truth, and nothing but the truth, it deals with the human organism, with its passions and prejudices, its sub-conscious impulses and lofty ideals. It is a record of human activity, and is instinct with life. We deal not with fossils, but with the achievements of persons who have left imperishable monuments of their glory in the Indian society of today. The present is linked up with the past by the strongest forces in the world. It is the sacred duty of historians of India to attempt the interpretation of her annals in a way that is in harmony, not only with the facts of history, but also with the conception of her common nationality.

[વસંત : વર્ષ ૩૪, અંક ૩, ચૈત્ર, સં. ૧૯૯૧]

પૂનાની 'ઓરિયન્ટલ કૉન્ફરન્સ'*

એક વારંવાર ઉચ્ચારાતું, સર્વાનુમતે સ્વીકારાતું, પણ વ્યવહારમાં ઘણી વાર ભૂલાઈ જતું સત્ય આ છે કે–મનુષ્યજીવન એક અખંડ પદાર્થ હોઈ એના કહેવાતા એક ભાગમાં થએલો ફેરફાર એના બીજા ભાગમાં અસર કર્યા વિના રહેતો નથી. છેલ્લાં પંદર વર્ષથી હિન્દુસ્થાનનો આત્મા જે સ્વરાજ્યની ભાવનાથી ઝળહળી રાજકીય જીવનકલામાં રૂપાન્તર પામ્યો છે તેણે એના જીવનની બીજી કલાઓને પણ વત્તીઓછી અસર કરી છે, અને એનું જ આ એક પરિણામ છે કે જેમ હિન્દુસ્થાનની પ્રજા હવે એનો રાજકીય વ્યવહાર પરદેશી અમલદારો ('સિવિલિયનો')ને આધીન રહેવા દેવા રાજી નથી, તેમ એની બુદ્ધિનું સ્વાભાવિક સ્વાતન્ત્ર્ય પણ પશ્ચિમના વિદ્વાનોને વશંવદ રહે એ એને ગમતું નથી. મૅક્સમૂલર, વેબર અને યૅકોબીના મતો આપણે બહુ વાર ટાંકયા–એને બહુ વાર નમ્યા, બહુવાર અનુસર્યા; હવે તો આપણે સ્વતન્ત્રતાથી મત બાંધીએ, એટલું જ નહિ, પણ પશ્ચિમના વિદ્વાનોમાં આપણા મત માટે માન અને પ્રતિષ્ઠા પાડીએ તો સારૂં–એવી ચોતરફ લાગણી જાગી છે. અત્યાર સુધીમાં ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકર, ભગવાનલાલ ઈન્દ્રજી, રાજેન્દ્રલાલ મિત્ર વગેરેએ પશ્ચિમના વિદ્વન્મંડળ પાસે અનેક વિષયમાં માગ મૂકાવ્યો

---

* 'વીસમી સદી' માટે લખેલો આ લેખ, એ પત્રના તન્ત્રીની પરવાનગીથી અત્રે ('વસન્ત')માં આપ્યો છે.

છે, પણ એવા વિદ્વાનો માત્ર મુઠ્ઠીભર જ. અને તેથી 'ઓરિયન્ટલ' (પ્રાચ્ય) વિષયના વિદ્વાનોની પરિષદ્ તો પશ્ચિમમાં જ ભરાય ! અને એ વિષયના અહીંના કોઈ વિદ્વાને પોતાનું કાર્ય રજુ કરવું હોય ને તે ઉપર જગત્‌નું ધ્યાન ખેંચવું હોય તો—જેમ સિવિલ સર્વિસ માટે ઈંગ્લંડ જવું પડે છે તેમ- આ માટે પશ્ચિમના વિદ્વાનોની પરિષદ્‌માં હાજર થવું જોઈએ, અથવા ત્યાં લેખ લખી મોકલવો જોઈએ! નવા જાગેલા આત્મમાનના સમયમાં હિન્દુસ્થાન આ સ્થિતિ સહન કરી શકે નહિ એ ખુલ્લું છે. અને પૂનામાં ભરાએલી કૉન્ફરન્સ તે આ નવા સમયનું ચિહ્ન છે.

આ આત્મમાન, સાચા હૃદયનું હોવા છતાં પણ, ખરા પાયા વિનાનું—ખાલી—હોઈ શકે છે. પણ પૂનામાં વંચાએલા કૉન્ફરન્સના નિબન્ધોએ એ આત્મમાનને વાજબી ઠરાવી આપ્યું એટલું જ નહિ, પણ એના આધારરૂપ આટલી વિદ્વતા હિન્દુસ્થાનમાં જુદાં જુદાં સ્થળોમાં વિખરાએલી પડી છે એ પૂનાની કૉન્ફરન્સ જોઈ અને એના લેખો વાંચ્યા સાંભળ્યા ત્યારે જ ઘણાએ જાણ્યું હશે એમ કહીએ તો ખોટું નથી.

મ્હારી પ્રકૃતિ એ અરસામાં અસ્વસ્થ હોવાથી, મ્હારૂં પૂને જવું થોડોક વખત સંશયદોલાએ ચઢયું હતું. અને છેવટે એક પ્રબળ લાગણીથી દોરાઈ રેલવે ગાડીમાં મ્હેં પગ મૂક્યો ન હોત તો સરસ્વતીના આ એક મહાન સત્રના દર્શનથી બુદ્ધિ પાવન કરવાનો મંગળ પ્રસંગ મ્હેં ખોયો હોત; વિશેષમાં, એક આનુષંગિક લાભ ઉમેરૂં તો—રા. નરસિંહરાવના મનોહર અને પ્રેમનિર્ભર સહવાસના મ્હારા જીવનના કેટલાક ધન્ય દિવસોમાંના થોડા દિવસો મ્હારી જીવનપોથીમાંથી લખાવા રહી જાત. પણ મ્હારૂં આ વર્ષ મારા જીવન-વિકાસ માટે અસાધારણ શુભ અદષ્ટવાળું હોય એમ મને લાગે છે. અને તેથી જ પૂર્વોક્ત પ્રસંગ મ્હારા જીવનમાંથી છટકતો રહી ગયો.

રા. 'નન્તુભાઈ' (નરસિંહરાવ) અને હું, તથા રા. નન્તુભાઈનાં પુત્રી બ્હેન લવંગિકા (જે એલ્ફિન્સ્ટન કૉલેજમાં બી. એ.–ફિલૉસોફીનો અભ્યાસ કરે છે) તથા મ્હારા બે પુત્રો તા. ૩ જી નવ્હેમ્બરની '૨૩–૪૦' ની ટ્રેનમાં મુંબઈથી પૂને જવા ઊપડ્યાં. મનુષ્યજીવનની આસપાસ તો અન્ધકાર જ વીંટાએલો છે ને તેમાં દૃષ્ટિ નાંખવી વ્યર્થ છે એમ સમઝી જેઓ એ અન્ધકાર તરફ વળતા જ નથી તેઓની માફક, અમારામાંના કેટલાક, ખાસ કરીને અમે વૃદ્ધો,—જેમની જિજ્ઞાસાવૃત્તિ જગતના ડુંગરા અને ખીણો જોઈને ધરાઈ ગઈ હતી તેઓએ નિદ્રા સ્વીકારી. એકબેએ તો હું જાણું છું તે પ્રમાણે (નિદ્રાભંગના આંતરામાં જ તો) એ અન્ધકારમાં જોવા મનુષ્યદૃષ્ટિ સમર્થ છે કે કેમ એ તત્ત્વજ્ઞાનના આરંભનો પ્રશ્ન કાન્ટને સોંપી, કાન્ટ જેને મનુષ્યબુદ્ધિની સ્વાભાવિક અને અનિવાર્ય જિજ્ઞાસાવૃત્તિ કહે છે તેને જ પ્રાધાન્ય આપી, અન્ધકારમાં દૃષ્ટિ નાંખ્યા જ કરી! મને ખાતરી છે કે એ જિજ્ઞાસાની ઉત્કટતાથી દૃષ્ટિ સતેજ થઈ અન્ધકાર ભેદાયો હશે, અને અનેક અંધારી ખીણોએ એનાં ગૂઢ સત્યો થોડાંઘણાં પણ પ્રગટ કર્યાં હશે! આ રાત્રિથી માંડી તા. ૮ મીના પ્રદોષ સમયે અમે પાછા વિક્ટોરિયા ટર્મિનસ પહોંચ્યા ત્યાં સુધીના અમારા અનેક ન્હાનામ્હોટા વિનોદો વાચકને પોતાને અનુભવવા ગમે, પણ એની અમારી—પારકી—કથા સાંભળવી ભાગ્યે જ ગમેઃ માટે એ સર્વ છોડી દઉં છું અને આ વિષયના મુખ્ય વિષય ઉપર આવું છું. એ મુખ્ય વિષય એક રીતે તો, આ પરિષદે પ્રાચ્ય વિષયની વિદ્વત્તાને જે વિશેષ રૂપે સેવા કરી તે જ. પણ એ ઉપર આવતાં પહેલાં થોડોક ઉપોદ્ઘાત કરવાની જરૂર છે.

અમારામાંથી રા. નરસિંહરાવનાં પુત્રી–બ્હેન લવંગિકા પ્રો. દેવદત્ત ભાંડારકરની પુત્રીઓનાં સહાધ્યાયિની હોઈ એમને ત્યાં એટલે કે સર રામકૃષ્ણને ત્યાં ઊતર્યાં; અને અમે પહેલેથી કરેલી અમારી ખાનગી ગોઠવણ પ્રમાણે 'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટિ' માં

ગયા. સોસાઇટિનાં મકાનની આ બાજુએ 'વૈદિકાશ્રમ' કરીને એક મકાન છે,—જે સાંભળવા પ્રમાણે પ્રમથ શ્રોત્રિયોને માટે રચેલું, પાછળથી સરકારે જેમાં પંડિતો માટે એક શાળા સ્થાપવા ધારેલી અને અત્યારે જે ફર્ગ્યુસન કૉલેજના એક છાત્રાલય તરીકે વપરાય છે—તેમાં ઘણાખરા મ્હેમાનોને માટે ઊતારાની ગોઠવણ કરવામાં આવી હતી. 'વૈદિકાશ્રમ'થી થોડેક દૂર 'સર્વન્ટ્સ્ ઑફ ઇન્ડિયા સોસાયઇટિ', ફર્ગ્યુસન કૉલેજ, ભાંડારકર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ—દેશસેવાનાં ભિન્ન ભિન્ન પ્રકારનાં ત્રણ મનોહર અંગ—પાસે પાસે આવેલાં છે. આ ઇન્સ્ટિટ્યૂટ ખાતાની જમીન ઉપર, ઇન્સ્ટિટ્યૂટ સામે જ પરિષદ્ માટે સુંદર અને વિશાળ મંડપ બાંધ્યો હતો. એ સ્થળે અમે તા. ૪ થીની સાંજે—લગભગ આથમતે સૂર્યે—જોવા ગયા. ઇન્સ્ટિટ્યૂટની પાછળ ડુંગરની હાર આવેલી છે, એની ઉપલી કરાડ ઉપર કલ્પનાશક્તિથી ક્ષણવાર બેશી મ્હેં પૂર્વોક્ત સંસ્થાઓનાં મકાન ઉપર દૃષ્ટિ નાંખી, ત્યાં દાક્ષિણાત્યોની બ્રાહ્મણજીવનના ક્ષેત્રમાં પ્રકટ થતી કર્તૃત્વશક્તિ આગળ મ્હારૂં શિર નમ્યું.

તા. ૫ મીએ પરિષદ્નું કામ શરૂ થયું. આપણા ગૂજરાતી બન્ધુ રા. રા. વિશ્વનાથ પ્રભુરામ વૈદ—જેઓશ્રી સંસ્કૃત વિદ્યાના અભ્યુદયમાં બહુ રસ લે છે—એઓ સત્કારિણી સભાના પ્રમુખ હતા. એમણે એ સ્થાનેથી સૌને આવકાર આપ્યો, એમાં પશ્ચિમમાં ભરાતી આ જાતની પરિષદોનો ઉલ્લેખ કરી, પરિષદોમાં શંકર પાંડુરંગ પંડિત, ડૉ. ભાંડારકર અને હરિલાલ હર્ષદરાય ધ્રુવે હાજરી આપેલી એ વાત કહી, તથા આ પરિષદ્ના કાર્યમાં સરકાર, દેશી રજવાડા અને પ્રજા તરફથી મળેલી મદદ માટે ઉપકાર માન્યો. અને છેવટે મુંબઈના ગવ્હર્નર સર જ્યૉર્જ લૉઈડને પરિષદ્નું કાર્ય ઊઘાડવા વિનંતિ કરી. નામદારે સહાનુભૂતિભર્યું અને ઉત્તેજનદાયી ભાષણ કર્યું. તે પછી પ્રમુખ તરીકે સર રામકૃષ્ણ ભાંડારકરને નીમવાની દરખાસ્ત મૂકાઈ ને પસાર થઈ. સર રામકૃષ્ણ વૃદ્ધાવસ્થાને લીધે

બિમાર હોઈ પથારીવશ પડેલા હતા (વાચક જાણીને આનન્દ પામશે કે તે દિવસ પછીથી એમની તબિયત સુધરી છે), અને તેથી તેઓ પોતે પરિષદ્‌માં આવી શક્યા નહોતા, પણ પોતે લખાવેલું પ્રમુખ તરીકેનું ભાષણ એમને બદલે પ્રો. રાજવાડેએ વાંચી સંભળાવ્યું. જેઓ સર રામકૃષ્ણને અદ્યાપિ જાણે છે તેમને જણાવવાની જરૂર નથી, પણ તે સિવાયનાં શ્રોતાજનો ચકિત થયા હશે કે એમનું ભાષણ એમની બુદ્ધિના હમ્મેશના જુસ્સાથી અને દૃઢતાથી ભરપૂર હતું. એમાં એમણે આજપર્યન્ત જે જે મુખ્ય વિવાદોમાં ભાગ લીધેલો તેનો ઉલ્લેખ કર્યો હતો, અને સંસ્કૃત વિદ્યાની વિદ્વત્તામાં પ્રાચીન અને નવીન સરણિના સમન્વયની જરૂર છે એ વાત વિસ્તારથી, દલીલ અને દૃષ્ટાન્તથી બતાવી હતી. તે બાદ વ્હાઇસ પ્રેસિડન્ટ અને બંધારણકમિટીની નીમણુક થઈ. અને છેવટે શ્રીમંત બાલાસાહેબ પંત પ્રતિનિધિ—જેમના તરફથી ભાંડારકર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં જુદી જુદી હસ્તલિખિત પ્રતો ઉપરથી મહાભારતની પાઠભેદના શાસ્ત્રીય સંશોધનવાળી એક પ્રતિષ્ઠિત આવૃત્તિ તૈયાર કરાવવામાં આવે છે, અને તેથી જેઓ આ ઇન્સ્ટિટ્યૂટના કાર્યમાં બહુ રસ લે છે—એમણે નામદાર ગવ્હર્નર સાહેબના ઉપકારની દરખાસ્ત મૂકી. એમાં એમણે દેખીતી રીતે અપ્રાસંગિક લાગતી એવી 'સ્વદેશી'ની વાતો કરવા માંડી અને એને અંગે મહીસૂરના સુખડના તેલનો ઉદ્યોગ અને ઓરિયન્ટલ કૉન્ફરન્સ એ બે વચ્ચે સંબંધ છે એવી ચમત્કારક ઉક્તિથી અને ક્ષણવાર આશ્ચર્યથી બાંધી, દેશમાં ધન હશે તો વિદ્યાની સંસ્થાઓ બની શકે એવો સ્વયંપ્રકાશ સિદ્ધાન્ત જાહેર કરીને સભામાં બહુ રમૂજ ફેલાવી હતી. આ પછી પાનસોપારી વ્હેંચાયાં, અને બપોર પછી ફરી મળવા સભા વિસર્જન પામી.

આ પછીથી માંડી બે દિવસ—એટલે બીજી પાંચ બેઠક પરિષદ્‌નું કાર્ય ચાલ્યું. પરિષદ્ આગળ આવેલા નિબંધનું વર્ગીકરણ-વેદ, અવસ્તા, પાલિ અને બૌદ્ધધર્મ, ભાષાશાસ્ત્ર અને પ્રાકૃત—

સંસ્કૃત સાહિત્ય, ફારસી અને અરબી, દ્રાવિડ, તત્ત્વજ્ઞાન, પ્રાચીન લેખ, પ્રાચીન ઇતિહાસ, મનુષ્યજાતિશાસ્ત્ર અને લોકવાર્તા, ગણિત, આયુર્વેદ, વૃત્ત, સંગીત ઇત્યાદિ શાસ્ત્રવિશેષ અને સામાન્ય—આ પ્રમાણે કરવામાં આવ્યું હતું, અને તદનુસાર તે તે વિભાગમાં એને લગતા નિબન્ધ વાંચવા સારૂ મંડપમાં વખોતોવખત પડદા બાંધીને ખંડ પાડવામાં આવતા હતા, તથા ખૂટતી જગ્યા તંબૂ નાંખીને પૂરી પાડવામાં આવી હતી. અંગ્રેજી ન જાણનારા શાસ્ત્રીઓ માટે પણ એક તંબૂમાં ખાસ ગોઠવણ કરવામાં આવી હતી, અને તેઓએ અખિલ હિંદુસ્થાનની પ્રાચીન વિદ્યાની સામાન્ય ભાષા—સંસ્કૃત ભાષામાં—નિબંધ વાંચ્યા હતા. દરેક ખંડના અધ્યક્ષ ઠરાવવામાં આવ્યા હતા, અને સઘળું કામ બહુ સરળતાથી બહુ સારી રીતે ચાલ્યું હતું. માત્ર એક અનિવાર્ય મુશ્કેલી હતી કે બધા નિબંધો જુદા જુદા ખંડમાં એકીવખતે વંચાતા હોવાથી, એક કરતાં વધારે વિષયમાં રસ લેનારને ઘણા નિબંધો સાંભળવા રહી જતા હતા. રા. નરસિંહરાવનો ગૂજરાતી ઍ અને ઑના પહોળા ઉચ્ચારની ઉત્પત્તિ વિષેનો નિબંધ અડધો વંચાઈ ગયા પછી, હું બીજા ખંડમાં મારો નિબંધ વાંચીને આવી શક્યો. રા. રમણભાઇનો નિબન્ધ આખો સાંભળવાનું બની શક્યું. રા. બળવંતરાયનો નિબન્ધ મ્હોટે ભાગે મ્હેં સાંભળ્યો. પણ આ સર્વ સ્થળે મ્હેં હાજરી આપી એ દરમિયાન બીજા ખંડના કેટલાક મહત્ત્વના નિબન્ધ મ્હારે સાંભળવા રહી ગયા. મ્હારો પોતાનો નિબન્ધ રા. રમણભાઈ અને રા. નરસિંહરાવ સાંભળી શક્યા નહિ, એટલું જ નહિ પણ મને ખાસ દિલગીરી એ થઈ કે ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણ—જેમના ન્યાય-ભાષ્યકાર વાત્સ્યાયનના સમય સંબંધી મત સામે, તથા ગ્રીક અનુમાનની આપણ બૌદ્ધ અને બ્રાહ્મણ ન્યાયશાસ્ત્રના અનુમાન ઉપર અસર થઈ છે એ મત સામે મ્હેં મારા નિબંધમાં ટીકા કરી હતી એ પણ પોતે અન્ય ખંડમાં અધ્યક્ષ તરીકે બેઠેલા હોવાથી મ્હારો નિબન્ધ સાંભળવા આવી શક્યા નહિ. કેટલાક નિબન્ધ આખી

સભામાં વાંચવાના ઠરાવ્યા હતા: એની પસંદગી, સર્વ શાખાના શ્રોતાજનોને એ રસ પમાડે એવો છે કે કેમ એ મુખ્ય ધોરણની સાથે લેખકની પ્રતિષ્ઠા, સ્થાન, જાતિ વગેરે ભેળવીને કરવામાં આવેલી જણાતી હતી. જ્યાં સર્વ નિબંધો સાંભળી શકાયા નહોતા અને અખંડ સભામાં વંચાએલા નિબન્ધો કેવળ ઉત્કૃષ્ટતાના ધોરણથી જ પસંદ થએલા નહોતા (જો કે વંચાયા તેમાંના ઘણાખરા ઉત્તમ કક્ષાના નહોતા એમ કહેવાનું તાત્પર્ય નથી) ત્યાં અમુક નિબન્ધોને જ આ લેખમાં નામનિર્દેશથી કે સારોદ્ધારથી વિશેષિત કરવા એ બીજાને અન્યાય કરવા જેવું થાય. તેથી એ વિષે હું અત્રે કાંઈ લખતો નથી. તથાપિ આ ગૂજરાતી માસિક હોઇ એમાં ગૂજરાતી ભાઈઓના કાર્ય સંબન્ધી નોંધ લેવી મને ઉચિત જણાય છે. પ્રથમ તો રા. વિશ્વનાથભાઇ વિષે કહેવું જોઈએ કે એમણે પરિષદ્‌ના કાર્યને ફતેહમંદ કરવામાં શાન્ત અને ગૂઢ રીતે ઘણો શ્રમ લીધો હતો. નિબંધલેખકોમાં—રા. નરસિંહરાવ: એમણે ગૂજરાતી ઍ અને ઑના પહોળા ઉચ્ચારની ઉત્પત્તિના સંબંધમાં પ્રો. ટેસિટોરીને વિવેક અને દઢતાથી જે ઉત્તર આપ્યો છે તે વાંચ્યા પછી એ વિદ્વાનને પોતાનો વિચાર 'ચિન્ત્ય' થઈ પડશે. બીજે રા. રમણભાઈ: એમણે યૂરોપમાં ભટકતી જિપ્સી (Gypsy) નામક જાતિના લોકની ભાષાનું ગૂજરાતી સાથે મળતાપણું (અનેક શબ્દોદ્વારા, તેમાં ખસ કરીને એના પ્રશ્નાર્થક શબ્દમાં શકાર તરફ લક્ષ્ય ખેંચી) બતાવ્યું. રા. રમણભાઈના વિષયની અસાધારણતા થકી પ્રિન્સિપાલ (લાહોર કૉલેજના) વુલનર બહુ પ્રસન્ન થયા હતા. અને એ વિષય ઉપર ચર્ચા કરતાં એ વિદ્વાને જણાવ્યું કે પોતે આ બાબત કેટલીક તપાસી છે, અને એને અંગે એમણે જિપ્સી ભાષાનો બંગાળી ભાષા સાથે સંબન્ધ જોયો છે. પ્રો. રાજવાડે જે એ ખંડના અધ્યક્ષ હતા તેમણે મરાઠી ભાષા સાથે પણ સામ્ય દેખાય છે એમ કહ્યું, તે ઉપરથી પ્રિ. વુલનરે સૂચન કર્યું કે જિપ્સી જાતિ જેમ યૂરોપમાં

ભટકતી જાતિ તરીકે જોવામાં આવી છે તેમ હિંદુસ્થાનમાં પણ એ ભટકેલી હોય એ સંભવિત છે. ત્રીજા રા. બળવંતરાયઃ એમણે શાકુન્તલ નાટકની જુદા જુદા પ્રાંતોની પ્રતો મેળવી એક પ્રતિષ્ઠિત આવૃત્તિ તૈયાર કરવાની ભલામણ કરી હતી. કેવે ધોરણે પાઠનિર્ણય થવો જોઇએ એ ધોરણની પરિગણનામાં કાંઈ પણ ન્યૂનતા હતી નહિ. અને નિબંધ બહુ સુંદર, શુદ્ધ અને સંસ્કારી અંગ્રેજીમાં લખાયલો હોઈ સાંભળતાં આનંદ આવતો હતો. એ ધોરણોમાં, સુંદર તેટલું ગ્રન્થકર્તાનું—એ ધોરણ શાસ્ત્રીય ગણાય નહિ. બાકી બધાં ધોરણો બાધરહિત હતાં. પણ ધોરણો ઉપરથી જે પાઠવિશેષ ઠરાવવાની એમની સૂચનાઓ હતી તેમાંની કેટલીક રા. રમણભાઈને, નરસિંહરાવને અને મને તો ગમી નહિ. પણ એથી શાકુન્તલની આવૃત્તિ માટે કરેલી એમની સામાન્ય સૂચનાને બાધ આવતો નથી; બલ્કે મને તો એ અગત્યની, એક તુરત હાથમાં ધરવા જેવી સૂચના લાગે છે અને તે કોઈક ઉત્સાહી પ્રેસે ઊપાડી લેવી જોઇએ. આ ઉપરાંત, મિ. એચ. એ. શાહ નામે એક તરુણ જૈન વિદ્વાને 'ગુપ્ત સંવત્' ઉપર અને 'કૌટિલ્ય અને કાલિદાસ' ઉપર એમ બે નિબન્ધો વાંચ્યા હતા. પહેલા નિબન્ધના થોડાક ભાગ વખતે હું હાજર હતો. બીજો નિબંધ મ્હેં લગભગ સંપૂર્ણ સાંભળ્યો હતો. એમાં મિ. શાહે કાલિદાસના ગ્રન્થો અને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાંથી સામ્ય અને સંબંધના ઊતારા પુષ્કળ વિગતવાર આપ્યા હતા. મને લાગે છે કે છેવટે સઘળા પુરાવામાંથી કાલિદાસ અને કૌટિલ્યની એકતાનો (શેક્સપિયર અને બેકનની એકતા કરતાં પણ વધારે વિરૂપ) સિદ્ધાન્ત કાઢ્યો ન હોત તો પૂર્વોક્ત વિગત એક માહિતીરૂપે સારી હતી. મિ. દવે નામે એક ગૃહસ્થે ગૂજરાતી સાહિત્ય સંબંધી એક નિબંધ વાંચ્યો હતો. પણ તે વખતે હું હાજર નહોતો. રા. શંભુપ્રસાદ શિવપ્રસાદ મહેતા પરિષદ્‌માં જોવામાં આવ્યા નહોતા, પણ 'પાશ્ચાત્ય અને પ્રાચ્ય પ્રજાના લગ્નવિધિ' વિષેનો એમનો એક લેખ ઘણી રસિક માહિતીથી ભરેલો પરિષદ્‌ના નિબન્ધોની સારાવલિમાં જોવામાં આવે છે.

છેલ્લે દિવસે વેદના **અસુર** અને **માયા** શબ્દના અર્થ સંબન્ધી પ્રો. રાજવાડેએ આખી સભા આગળ નિબન્ધ વાંચ્યો—ઉચ્ચાર્યો કહેવું વાજબી છે, કારણ કે ભાષણકર્તાના હાથમાં લેખ હતો, પણ ક્ષણવાર પણ એમણે તે તરફ દૃષ્ટિ કરી નહોતી—એ આ આખા સરસ્વતી-સત્રની બહુ સુન્દર સમાપ્તિ હતી (તે પછી ફક્ત એક ડૉ. સતીશ-ચન્દ્રનો નાગાર્જુન ઉપર નિબન્ધ વંચાયો.) સમાપ્તિ પછી સાંઝે પરિષદ્‌ની કાર્યકારિણી મંડળીનો અને સમસ્ત પરિષદ્‌ના સભાજનોનો ફોટોગ્રાફ લેવાયો. વળતે દિવસે (તા. ૭ મીએ સવારે) પ્રિન્સિપાલ પરાંજપે અને ફર્ગ્યુસન કૉલેજના થોડાક પ્રોફેસરો હાજર હતા, તેમણે પરિષદ્‌ને ચાહપાણી અને ફળ મીઠાઈ લેવા નોતર્યાં. એમાં પહેલી સાંઝે ઘણાખરા મ્હેમાનો વિદાય થઈ ગયેલા હોવાથી, મ્હેમાનોની હાજરી થોડી હતી; પણ જે થોડા મળ્યા તેઓની આ બે ઘડી આનન્દમાં અને મીઠા વાર્તાલાપમાં ગઈ. અતિથિ અને યજમાન વચ્ચે ઉપકાર, પ્રશંસા અને પ્રેમનાં બેત્રણ લઘુ ભાષણ પણ થયાં.

એ જ બપોરે અમે પૂનેથી વિદાય થયા. વિદાય થતાં પહેલાં સોસાઇટિની લાઈબ્રેરી (મ્હેં પૂર્વે એક વખત જોઈ હતી) જોઈ. અમારા ઊતારાની જોડે જ 'સર્વન્ટ' ને રહેવાનું મકાન છે એ અમે અંદર ફરીને જોયું. એમાં અમને સ્વ. ગોખલેના અવસાનકાળની ખુરશી બતાવવામાં આવી. એ જોઈ, એ મહાન હિન્દસેવકનું જીવન અને એનો અકાળે વિચ્છેદ અમારી દૃષ્ટિ આગળ ખડાં થતાં, અમારા હૃદયમાં જે જે ભાવો ઊપજ્યા એ અમારા વર્ણવવા કરતાં વાચકને કલ્પવું વધારે સહેલું છે. ખરેખર સોસાઇટિમાં અમારૂં ઊતરવું થયું એ અમે એક તીર્થયાત્રા સમાન માનીએ છીએ.

પરિષદ્‌નું એક બહિરંગ—પરોણાગતની વ્યવસ્થા એ અસાધારણ દરજ્જે સારી હતી. આ ઉક્તિનો ખ્યાલ જેઓએ એ વ્યવસ્થા જોઈ નથી તેમને કદાચ નહિ આવે. બેશક, કૉન્ગ્રેસને અંગે વ્યવસ્થા કરવામાં જે મુશ્કેલીઓ આવે છે તેવી આ પરિષદ્‌ને અંગે ન જ

આવે–કારણ કે એક તો મ્હેમાનોની સંખ્યા ઓછી; બીજું, કેવળ વિદ્વજ્જનોની જ જરૂરિયાતો પૂરી પાડવાની, જે સ્વાભાવિક રીતે જ પ્રમાણમાં સાદી હોય; અને ત્રીજું, શાન્ત રસ જ આ પરિષદ્‌માં પ્રધાન હોઈ વ્યક્તિઓના મિજાજ ઊછળી આવવાનો સંભવ ઓછો. છતાં પણ જ્યારે એક અવાજે એ વ્યવસ્થાની પ્રશંસા થાય છે ત્યારે એમાં કાંઈક વિશિષ્ટતા હોવી જોઈએ. શી હતી એમ કોઈ પૂછે તો તેને એક શબ્દમાં જ ઉત્તર આપી શકાય કે સૌષ્ઠવ એક જાતની સુન્દરતા, જેમાં સર્વ અંગ પોતપોતાને સ્થાને, કાર્યક્રમ અને યોગ્ય માપવાળાં.

અન્તરંગ તત્ત્વ વિચારતાં પરિષદ્ સફળ કે નિષ્ફળ? સફળ તો કેટલી સફળ? આટલી કે એમાં વંચાએલા નિબંધો પૈકી લગભગ ⅓ અપૂર્વ અગર તો તાજી માહિતીવાળા; ⅓ સુવ્યવસ્થિત અનુવાદ–રૂપ, અને ⅓ નમાલા. આટલી સફળતા આ પહેલી સ્વદેશી પરિષદ્ માટે થોડી નથી. એની વ્યવસ્થાના કાર્યમાં પડેલા પરિશ્રમનો યશ મ્હોટે ભાગે ડૉ. ગુણેને છે.

બનારસ તા. ૩૦ નવ્હે. ૧૯૧૯

[વસંત : વર્ષ ૧૮, અંક ૭, શ્રાવણ, સં. ૧૯૭૫]

સાતમી ઓરિએન્ટલ કૉન્ફરન્સ

આ નાતાલમાં વડોદરામાં સાતમી ઓરિયન્ટલ કૉન્ફરન્સ ભરાઈ, અને જાહોજલાલીથી કાર્ય કરી વીખરાઈ. પ્રમુખસ્થાને પટણાના બૅરિસ્ટર અને પ્રાચીન ભારતના રાજ્યતન્ત્રની શોધના આદ્યપ્રવર્તક શ્રીયુત કાશીપ્રસાદ જયસ્વાલ હતા.

વાચકને યાદ હશે કે પહેલી આરિયન્ટલ કૉન્ફરન્સ ૧૯૧૯ માં પૂનામાં ભરાઈ હતી, અને તેમાં સર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર પ્રમુખ હતા. એમની સર્વતોમુખી સંસ્કૃત વિદ્વત્તા અને સત્યનિષ્ઠ મતિ સુપ્રસિદ્ધ છે, અને પહેલી પરિષદ્‌ના પ્રમુખસ્થાનનું માન એમને જ હોય એમાં શું કહેવું? પરંતુ બિમારીના કારણથી એ સભામાં ઉપસ્થિત થઈ શક્યા ન હતા. અને તેથી એમની વતી પ્રમુખનું કાર્ય ડૉ. શતીશચન્દ્ર વિદ્યાભૂષણ (કલકત્તાની સંસ્કૃત કૉલેજના મુખ્ય અધ્યાપક) એમણે કર્યું હતું. તે પછી બે વર્ષે બીજી કૉન્ફરન્સ સર આશુતોષ મુકરજીના ઉપક્રમથી કલકત્તામાં ભરાઈ એમાં પ્રમુખ ડૉ. સિલ્વેન લેવી હતા. એ વૃદ્ધ ફ્રેંચ વિદ્વાનની સંસ્કૃત વિદ્વત્તા મુખ્યત્વે કરીને સાહિત્ય, અલંકાર અને બૌદ્ધધર્મના ગ્રન્થોના વિષયમાં સારી રીતે જાણીતી છે. ત્રીજી કૉન્ફરન્સ મદ્રાસમાં ભરાઈ ત્યાં અલ્લાહાબાદના તે સમયના વ્હાઇસ ચેન્સેલર ડૉ. ગંગાનાથ ઝા પ્રમુખ હતા. ડૉ. ગંગાનાથ ઝાએ અસાધારણ શ્રમ અને કાળજીથી સંસ્કૃત તત્ત્વજ્ઞાનના ઘણા દુરૂહ (કઠિન)

ગ્રન્થોનું અંગ્રેજીમાં ભાષાન્તર કર્યું છે અને એમનાં ભાષાન્તરોની મદદથી જ પશ્ચિમના વિદ્વાનો સંસ્કૃત તત્ત્વજ્ઞાનમાં કાંઈ પણ પ્રવેશ કરી શક્યા છે. ડૉ. ઝાંની એ સેવા અમૂલ્ય અને અદ્વિતીય છે. ચોથી કૉન્ફરન્સ અલ્લાહાબાદમાં ભરવામાં આવી હતી, અને એમાં આપણા ઇલાકાના પ્રસિદ્ધ વૃદ્ધ પારસી વિદ્વાન સર જમશેદજી જીવણજી મોદી—જેમની ઝંદ અવસ્તા અને આનુષંગિક અને ઐતિહાસિક વિષયોની વિદ્વત્તા અને એને અંગે અનેક દેશોમાં કરેલું એમનું પર્યટન જાણીતાં છે—એમને આપવામાં આવ્યું હતું. પાંચમી કૉન્ફરન્સ લાહોરમાં ભરાઈ. ત્યાં બહુશાસ્ત્રવિદ્ અને પ્રાચીન ગ્રન્થશોધક વૃદ્ધ વિદ્વાન મહામહોપાધ્યાય ડૉ. હરપ્રસાદ શાસ્ત્રીને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું. પેશવાના સમય પછીની ગયા શતકની સંસ્કૃત વિદ્યા, અને તિબેટ સહવર્તમાન દેશમાં વિવિધ સ્થળે આવેલા સંસ્કૃત ગ્રન્થોના ભંડારો, એ ગ્રન્થોને પ્રકટ કરવા માટે થએલા ને થતા યત્નો એની હકીકત એ એમના ભાષણની વિશિષ્ટતા હતી. છઠ્ઠી કૉન્ફરન્સ પટણામાં થઈ; અને ત્યારથી કાંઈક નવી પ્રણાલી ચાલી. હિન્દીના અને પ્રાચીન વસ્તુઓના એક સારા વિદ્વાન અને અભ્યાસી રાયબહાદુર હીરાલાલને પ્રમુખપદ આપવામાં આવ્યું. રા. બ. હીરાલાલજી મધ્ય પ્રાન્તમાં પૂર્વે કલેકટર હતા, અને એમણે પ્રાકૃત અને અપભ્રંશના ગ્રન્થો શોધી કાઢવામાં સારું કામ કર્યું છે અને હજી કરે છે; ભાષાનાં સ્વરૂપ અને ઇતિહાસનાં સાધનો પ્રાપ્ત કરવાની બાબતમાં એમની સેવા સારી છે. આ સાતમી કૉન્ફરન્સ વડોદરામાં ભરાઈ એના પ્રમુખ શ્રીયુત કાશીપ્રસાદ જયસ્વાલ થયા. એઓ પ્રાચીન ભારતના રાજ્યતન્ત્રના આદ્યદ્રષ્ટા, અનેક શિલાલેખોના વાચક અને પ્રાચીન ભારતનાં ઇતિહાસનાં અનેક અંધારાંને કલ્પનાનાં કિરણોથી ફેડનાર એક અસાધારણ શક્તિના વિદ્વાન છે. એમના વિચારો અને નિર્ણયોમાંના કેટલાક અન્ય વિદ્વાનોએ પાછળથી કરેલી પરીક્ષાથી ઊથલી ગયા છે. પણ ઇતિહાસના તે તે પ્રદેશમાં પ્રથમ દીપ લઈ જનાર અને ઈતિહાસની દૃષ્ટિએ

પ્રાચીન ભારતનું ગૌરવ બતાવી આપનાર વિદ્વાન તરીકે એમનું સ્થાન ઊંચું છે. ખાસ કરીને પ્રાચીન ભારતનાં રાજ્યતન્ત્ર, અને શુંગ આદિ રાજવંશોના ઇતિહાસ ઉપર પ્રકાશ નાખવામાં એમણે અપૂર્વ સેવા કરી છે, અને એમાં આ વર્ષે "બિહાર અને ઓરિસ્સા રિસર્ચ સોસાઇટિ જર્નલ" માં ઇ. સ. ૧૫૦ થી ૩૫૦ સુધીના પ્રાચીન ભારતનો ઇતિહાસ લખીને, એક કિંમતી ઉમેરો કર્યો છે. એ વિષે અમે હવે પછી એક જુદો લેખ લખીશું. અહીં એ અપ્રસ્તુત જણાશે.

આ ઓરિયન્ટલ કૉન્ફરન્સમાં એમણે આપેલા ભાષણમાં વિદ્વત્તાના નવીન પ્રકાશ કરતાં, વર્તમાન સમયમાં ભારતના પ્રાચીન ઇતિહાસનાં સાધનો સંબન્ધી ચાલી રહેલી શોધોનું વર્ણન, અને એને અંગે વિદ્વાનોનાં એક પછી એક નામ લઈ એમણે કરેલા કાર્યની ઉદાર અને મુક્તકંઠે પ્રશંસા અધિકાંશમાં હતાં. તે ઉપરાંત ભવિષ્યના કાર્ય પરત્વે એમણે એક ખાસ સૂચના એ કરી કે હિન્દુસ્થાનના પ્રાચીન ઇતિહાસનો અગત્યનો ભાગ નર્મદા નદીની ખીણમાં ભજવાયો છે, અને એ ખીણમાં અનેક સ્થળે ખોદકામ કરવાથી પ્રાચીન ઇતિહાસ માટે કિંમતી સામગ્રી હાથ લાગવાનો સંભવ છે. અને આ સંબન્ધમાં બીજી સૂચના એમણે આપણાં પુરાણોનો આ વિષયમાં ઉપયોગ કરવાની કરી, તથા પુરાણો પ્રાચીન ઇતિહાસ ઉકેલવા માટે કેવાં વિશ્વસનીય છે એ કહ્યું. ભારતના પાશ્ચાત્ય લેખકોના આપણા દૃષ્ટિબિન્દુમાં આ એક મહત્ત્વનો ભેદ છે કે પાશ્ચાત્ય વિદ્વાનોની દૃષ્ટિ સિકંદરની સવારી, અને એનો આશ્રય લઈ પાછાં પગલાં ભરતાં ગૌતમ બુદ્ધના સમય સુધી, બલ્કે વધારેમાં વધારે એના અરુણકાળ એટલે કે ઇ. સ. પૂર્વે ૬૦૦ સુધી પહોંચે છે, અને આપણી ઐતિહાસિક દૃષ્ટિએ તો પુરાણ પ્રમાણે ગૌતમ બુદ્ધના સમય પહેલાં ક્યારનોએ કલિકાલ શરૂ થઈ ગયો હતો, બલ્કે ભારતના ઇતિહાસના ત્રણ યુગ વીતી ચૂક્યા હતા. અર્થાત્

પાશ્ચાત્ય ઈતિહાસકારો જેને 'પ્રાચીન સમય' કહે છે તે સમયની બહુ પહેલાં ઈ. સ. ૧૪૦૦ થી આપણી દૃષ્ટિ પ્રમાણે ભારતનો મધ્યકાળ શરૂ થાય છે, અને પરીક્ષિતથી મહાનન્દ (ઈ. સ. પૂર્વે ૪૦૦) સુધીના એ મધ્યકાળ પછી અર્વાચીન કાળનો આરંભ છે. તેથી કહેવું જોઈએ કે આપણા ઇતિહાસનું પશ્ચિમના વિદ્વાનોએ ઊભું કરેલું બાવલું 'માથા વિનાનું ધડ' છે. તે માટે, ઉપર કહ્યું તેમ પુરાણોનો આધાર લઈ નર્મદાની ખીણમાં ખોદકામ કરીને પ્રાચીન ભારતનો ઇતિહાસ ઉકેલવા શ્રી. જયસ્વાલ કહે છે. દરમિયાન, સ્વદેશી દૃષ્ટિથી ભારતનો એક ઇતિહાસ રચાવવાની યોજના શ્રીયુત જયસ્વાલ તુરત અમલમાં મૂકવા ઇચ્છે છે.

આ કાર્ય સિદ્ધ થશે તો વડોદરાની ઓરિયન્ટલ કૉન્ફરન્સે એક મહત્ત્વનું કાર્ય કર્યું એમ કહેવાશે.

[વસન્ત : વર્ષ ૩૩, અંક ૨, ફાલ્ગુન, સં ૧૯૯૦]

અખિલ ભારત સાહિત્યસંમેલન

નાગપુરમાં 'અખિલ ભારત સાહિત્યસંમેલન' થયું. એનો ઉદ્દેશ હિન્દીદ્વારા હિન્દુસ્થાનની વિવિધ ભાષાનાં સાહિત્યનો એક-બીજાને પરિચય કરાવવો, અને એક ભાષાના સાહિત્યનું બીજી ભાષાના સાહિત્યના સામાન્ય વાચકને પણ ઓળખાણ થાય એવી યોજના કરવી, એવો છે. કાર્ય ભારે છે, પણ એ કરવા જેવું છે, અને હજી એ એની બીજાવસ્થામાં છે. આ પ્રવૃત્તિમાં આપણા પ્રાન્તમાંથી શ્રીયુત ભાઈ કનૈયાલાલ મુનશીનો સહકાર છે, અને એમાં પ્રધાનપણે મહાત્મા ગાંધીજીની પ્રેરણા છે. એ ઉપરાંત હિન્દી અને હિન્દુસ્થાની ભાષાના પ્રેમી શ્રીયુત રાજેન્દ્રપ્રસાદ અને જવાહરલાલના પણ એને આશીર્વાદ છે.

રાષ્ટ્રની રાજકીય એકતાની સાથે ભાષા અને સાહિત્યની એકતાનો પ્રશ્ન પણ એવો ગાઢ રીતે જોડાએલો છે કે એકબીજાના વિકાસમાં એ બહુ અસર કરે છે. આમ હોઈ અખિલ ભારતની એક રાષ્ટ્રભાષા થાય અને એક રાષ્ટ્રસાહિત્ય રચાય એ બહુ ઇષ્ટ છે. આ ધ્યેય હિન્દુસ્થાની ભાષાએ અને તુલસીકૃત રામાયણાદિક સાહિત્યે કેટલેક અંશે સિદ્ધ કર્યું છે, પણ એ સિદ્ધિ દિનપરદિન વધવાને બદલે એમાં બે મુશ્કેલીઓ આવી પડી છે. હિન્દુ મુસલમાનના વિગ્રહથી હિન્દી અને ઉર્દૂનો પ્રશ્ન વધારે વિકટ થઈ પડયો છે અને વર્તમાન જીવનનું કેન્દ્ર માત્ર ધાર્મિક રહ્યું નથી એટલે તુલસીકૃત

રામાયણ જેવા ધાર્મિક ગ્રન્થથી પ્રજાનું કાર્ય સરતું નથી. હિન્દી અને ઉર્દૂના સંબન્ધ વિષે હિન્દીના અનેક સાક્ષરોને પ્રતિપાદન કરતા અમે સાંભળ્યા છે કે વસ્તુતઃ ઉર્દૂ પણ હિન્દી જ છે. બાદશાહી લશ્કર અને બજારમાં ફારસી અને મૂળ હિન્દીના સંકરમાંથી ઉર્દૂ ઉપજી છે, એનું વ્યાકરણ બલ્કે શરીરઘટના હિન્દી જ છે. આ અમે માનીએ છીએ. પણ ભાષાના સ્વરૂપમાં વ્યાકરણ કરતાં કોષનું મહત્ત્વ થોડું નથી. અમુક ભાષા, ભાષાની જાતિનો વિચાર કરતાં, કયા ભાષા-મંડળમાં પડવી જોઈએ એ દૃષ્ટિએ વ્યાકરણ અને વાક્યરચના નિર્ણાયક છે; પણ ભાષા સમઝવાની દૃષ્ટિએ, કોષ એમાં સહુથી મહત્ત્વનું સ્થાન ભોગવે છે. આ કારણથી ઘણાં ઉર્દૂ બોલતા હિન્દુઓનાં ભાષણો કેવળ હિન્દીના જ્ઞાતાથી ઝટ સહેલાઈથી સમઝી શકાતાં નથી. પરંતુ આથી, અમે ઉર્દૂ અને હિન્દીનો ઐકાન્તિક ભેદ માનીએ છીએ એમ સમઝવાનું નથી. એ બે ભાષાને પરસ્પર ગૂંથવી એ એક આપણું રાષ્ટ્રીય કર્તવ્ય છે એમ અમે માનીએ છીએ. પણ કર્તવ્યને સિદ્ધ વસ્તુસ્થિતિ માની લેવાથી કર્તવ્યની અવગણના અને ક્ષતિ થાય છે. તેથી આ મુશ્કેલીભરી વસ્તુસ્થિતિ અમે સ્પષ્ટ-તાથી જણાવવા માગીએ છીએ. શ્રીયુત રાજેન્દ્રબાબુએ હિન્દી અને ઉર્દૂની પરસ્પર ગૂંથણીની બાબતમાં અતિસંસ્કૃત અને અતિ ફારસી–અરબી શબ્દનો ઉપયોગ ન કરવો એમ સલાહ આપી. સામાન્ય વાતચીતની લોકભાષા માટે આ સલાહ ઉપયોગી છે, અને એમાં જ એ પાળી શકાય એવી છે. પટણામાં કેટલાંક વર્ષો ઉપર સર સૈયદ અલી ઈમામની પ્રેરણાથી એક સંમેલન ભરવામાં આવ્યું હતું એમાં આ પ્રશ્ન આ જ રૂપમાં વિચાર માટે ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. તે વખતે હિન્દુ મુસલમાનનો વધતો જતો વિગ્રહ એ હિન્દીના અતિસંસ્કૃત અને ઉર્દૂના અતિફારસી–અરબી વલણનું કારણ બતાવવામાં આવ્યું હતું. આ પ્રસંગમાં બોલતાં મ્હેં સંમેલનનું એક વાત ઉપર લક્ષ ખેંચ્યું હતું તે એ કે હિન્દુ મુસલમાનના ઝેરવેરને

પરિણામે જ અતિસંસ્કૃત કે અતિફારસીના પ્રયોગો દાખલ થઈ હિન્દી અને ઉર્દૂ ભાષા પરસ્પર તદ્દન ભિન્ન ભાષા બનતી જાય છે એમ નથી. જ્યાં સાયન્સમાં અંગ્રેજી શબ્દોને બદલે દેશી ભાષાના શબ્દો રચવાનો પ્રસંગ આવે, ત્યાં સંસ્કૃત જાણનાર સ્વાભાવિક રીતે સંસ્કૃત કોષનો આશ્રય લે અને ફારસી અરબી જાણનાર એ ભાષાનો ઉપયોગ કરે એમાં નવાઈ નથી. તેમ જ ગયા જમાના કરતાં વર્તમાન જમાનાના વિચાર અને ભાવ ઘણા સંકુલ અને રંગબેરંગી થયા છે, અને તેથી એને પૂરેપૂરી યથાર્થતાથી શબ્દમાં ઊતારવા માટે ઉચ્ચ સંસ્કૃતિના કાળની આપણી ભાષાઓને-સંસ્કૃત, ફારસી, અરબીને-ઉપયોગમાં લેવાની જરૂર પડે છે. આ અનિવાર્ય સ્થિતિને હિન્દુ મુસલમાનના ઝઘડાનું પરિણામ માનવાનું કાંઈ જ કારણ નથી. આ અનિવાર્ય સ્થિતિ જો કે મ્હોટી મુશ્કેલી ઉત્પન્ન કરે છે, તથાપિ અમે ઉપર કહ્યું તેમ લોકભાષામાં એકતા સાધવાનું કાર્ય શક્ય છે, અને કરવું જોઈએ,

એક બીજો મ્હોટો ચર્ચાનો વિષય ગાંધીજીના ભાષણમાં સમાએલો હતો. વાચકને સ્મરણ હશે કે અમદાવાદમાં સ્વ. હરગોવિન્દદાસ કાંટાવાળાના અધ્યક્ષપણા નીચે ગૂજરાતી સાહિત્યપરિષદ્ મળી, અને એમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું પધારવું થયું હતું, અને આપણા અગ્રણી ગાંધીજી હતા, તે વખતે એમણે એક એવો ભાવ પ્રકટ કર્યો હતો કે જે સાહિત્ય ગામડે ગામડે એટલે કે જનતાના અભણ વર્ગ સુધી પહોંચી શકે તે જ સાહિત્ય ઉત્તમ. આ પ્રશ્ન ઉપર ચર્ચા નોતરવામાં આવી ત્યારે રા. નરસિંહરાવભાઈએ યોગ્ય રીતે સામો મત પ્રકટ કર્યો હતો. અમે આ વિષયમાં વૈવિધ્યવાદી છીએ. મનુષ્યનો સાહિત્યરસ એના સંસ્કાર સાથે સંકળાએલો હોય છે, અને સંસ્કૃતિની જે ભૂમિકા કે કોણમાં એ વસે છે તે ભૂમિકા અને કોણને અનુરૂપ સાહિત્ય એની રસવૃત્તિને સ્પર્શે છે. ગામડાંઓને 'જનપદ' કહીને આપણા પૂર્વજોએ ગામડાંઓની યોગ્ય કદર કરી છે કે ગામડાંઓ જ

આપણી જનતાનું ખરૂં સ્થાન છે, પરંતુ તે સાથે ગામડાંની વસ્તુને 'ગ્રામ્ય' કહીને એને સંસ્કૃતિની ભૂમિકામાં ઊતરતી ગણી છે એ પણ એટલું જ યથાર્થ છે. આમ હોઈ પ્રજાની ઉત્તમ સંસ્કૃતિની ભૂમિકાએ વસનારના હૃદયને સ્પર્શી શકે એવું સાહિત્ય ગામડાંની જનતાની રસવૃત્તિને પણ જગાડે એ બનવું મુશ્કેલ છે. પણ જે ઉચ્ચ સંસ્કારી સાહિત્ય સંસ્કૃતિની ઊંચી ભૂમિકાના જનોને આનન્દ આપે છે એ જ સાહિત્ય અમુક રૂપમાં ગામડાંના પ્રાકૃતજનોને પણ પહોંચાડી શકાય છે. આનું તત્ત્વજ્ઞાનના વિષયમાં એક ઉત્તમ ઉદાહરણ વેદાન્ત છે. જે વેદાન્ત શંકરે ઉચ્ચ સંસ્કારી જનોને ગ્રાહ્ય રૂપમાં પ્રકટ કર્યું, એ જ કાંઈક રૂપાન્તરથી ભાષાયુગમાં કબીર વગેરે સંતોએ લોકગ્રાહ્ય બનાવ્યું. આનો સાર કે ગાંધીજી સઘળું સાહિત્ય ગામડાંના લોક સમઝી શકે એવું હોવું જોઈએ એમ આગ્રહ ન કરી શકે. (આ કેવળ શબ્દનો પ્રશ્ન નથી, પણ અર્થનો અને રસનો પણ છે.) પણ કેટલુંક ઊંચું સાહિત્ય એના સાદા રૂપમાં મૂકીને એને ગામડાંના લોકને પહોંચાડી શકાય. પણ સાથે સાથે ગામડાંમાં શાળાની કેળવણી વિસ્તારવાનો પ્રયત્ન પૂર જોસથી ચલાવવો જોઈએ. સાહિત્યને ગ્રામ્ય કરવાથી નહિ, પણ ગ્રામને સાહિત્યની ભૂમિકાએ ચઢાવવાથી જ આ પ્રશ્નનો ખરો અને કાયમનો નિકાલ થઈ શકશે. પણ વસ્તુતઃ જ્યાં કેળવણીનું ઠેકાણું નથી ત્યાં સાહિત્યનો પ્રશ્ન ઊઠાવીને શું ? અત્યારનાં ગામડાંમાં બહુ તો સાદાં ભજનિયાં ગવડાવી શકાય, પરંતુ તેમાં મ્હોટે ભાગે ઘરડા લોકને રસ આવશે, અને જુવાનિયાઓ તો મોટર બસથી પાસેના શહેરમાં સિનેમા જોવાને જ દોડવાના ! આનો અર્થ એ નથી કે ગામડાંમાં આપણે માટે કાંઈક કર્તવ્ય નથી. કર્તવ્ય થોડું નથી, બહુ જ બહુ છે એમ સૂચવવાનું અમારૂં તાત્પર્ય છે.

ગાંધીજીએ એક બીજી વાત ઉપર ખૂબ ભાર દીધો તે આજકાલ પ્રકટ થતા સાહિત્યના રસ ઉપર. ગાંધીજીએ યથાર્થ શોક અને ક્રોધપૂર્વક આ સાહિત્ય સામે પોકાર કર્યો છે. જે નિર્લજ્જ અને ઉચ્છૃંખલ

લખાણ આજકાલ બહાર પડે છે તે 'વર્તમાન જમાનો સ્વતન્ત્રતાનો છે' એમ કહીને પોતાની રક્ષા કરે છે; એને માટે અમે શૃંગારરસને જવાબદાર ગણતા નથી. સર્વ રસમાં શૃંગાર પ્રધાન રસ છે એમ બેશક કોઈ એક સ્થળે કહેવાઈ ગયું છે, અને તે સર્વથા અકારણ નથી. પરંતુ કરુણરસપ્રધાન ઉત્તરરામચરિત્રના કર્તાને કાલિદાસ કરતાં પણ ઉપર મૂકવામાં આપણા પ્રાચીન રસજ્ઞોએ સંકોચ રાખ્યો નથી. વસ્તુતઃ શૃંગારની જ નહિ, પણ વીર–કરુણ–શાન્ત–અદ્ભુત–અને હાસ્યરસની કૃતિઓએ પણ જગતના પ્રથમ પંક્તિના સાહિત્યમાં સ્થાન મેળવ્યું છે. ઉદાહરણ—શાકુન્તલની (જેની શ્રેષ્ઠતા માત્ર એના શૃંગારમાં જ રહેલી છે એમ અમારું માનવું નથી) જ નહિ, પણ ઈલિયડ, ઉત્તરરામચરિત્ર, મહાભારત, અરેબિયન નાઈટ્સ, અને પિકવિક પેપર્સની જગત્‌ના ઉત્તમ સાહિત્યમાં ગણના થાય છે.

અમે ઈચ્છીએ છીએ કે નાગપુરનું અખિલભારત સાહિત્યસંમેલન પોતાના ઠરાવોને અમલમાં મૂકવાને જોઈતાં પગલાં ભરશે. એને માથે આ ભગીરથ કાર્ય પડ્યું છે કે લોકવૃત્તિ યોગ્ય માર્ગે કેળવવી, અને ગામડાંમાં કેળવણી વિસ્તારવાનો યત્ન કરવો. પ્રાન્તિક સાહિત્ય-સંમેલન અને શિક્ષણમંડળો તથા ગ્રામોદ્ધાર સમિતિઓને આ માટે હલાવવાની ભારે જરૂર છે.

[વસન્ત : વર્ષ ૩૫, અંક ૨, ફાલ્ગુન, સં. ૧૯૯૨]

સાહિત્ય સંસદ્નું કવિસંમેલન

ગયા ઑગસ્ટની તા. ૧૬ મીના પ્રદોષ સમયે, મુંબઈમાં શ્રીયુત કનૈયાલાલ મુનશીએ સ્થાપેલી 'સાહિત્યસંસદ્'ના વાર્ષિક ઉત્સવના અંગે એક કવિસંમેલન ભરવામાં આવ્યું હતું. જે વખતે કવિની કૃતિઓ સાંભળવાને શ્રોતાજન ઉત્કંઠ થઈને બેઠા હોય તે વખતે કવિતાના સ્વરૂપ સંબન્ધી શાસ્ત્રીય ઊહાપોહ અકાળે છે, તેમ એ મંડળમાં એકત્રિત થએલા સજ્જનોને ઉત્તર હિન્દુસ્થાનની આ ખાસ સંસ્થા–જે ઉર્દૂ અને હિન્દીમાં 'મુશાયરા'ના અને 'કવિસંમેલન'ના નામે સુપ્રસિદ્ધ છે અને જે હવે આપણા પ્રાન્તમાં પણ કેટલાક સમયથી દાખલ થઈ ચૂકી છે એ અજ્ઞાત નથી એમ વિચારી, મ્હારી પ્રમુખ તરીકેની પ્રસ્તાવનામાં મ્હેં થોડો જ વખત લીધો, અને એમાં આ કવિકૃતિઓ કેવી દૃષ્ટિથી જોવી જોઈએ એ સંબન્ધી જ બે શબ્દો કહ્યા. એક વાત તો એ કહી કે ઉત્તર હિન્દુસ્થાનમાં આ સંસ્થા બહુ લોકપ્રિય છે, અને યુનિવ્હર્સિટિઓના વિદ્યાર્થીઓના સ્નેહસંમેલનમાં પણ એ એક આનન્દનું સ્થાન ભોગવે છે. એનો સમય રાત્રે નવ વાગ્યા પછીનો હોય છે—જ્યારે સહુ સમાજ ભોજન કરી પરવારી કવિતા લલકારવા કે વાહવાહ કહેવા એકઠો થયો હોય છે. જેમણે આવા જલસા જોયા નહિ હોય છતાં જેઓએ રેડિયોમાં સાંભળ્યા હશે તેઓ કહી શકશે કે કવિતાની કડીએ કડીએ 'વાહવાહ'ના ઉદ્ગાર કરવા એ તો મુશાયરા અને

કવિસંમેલન માત્રનું એક સામાન્ય લક્ષણ થઈ પડયું છે. તે માટે મ્હારી સહુને વિનંતી છે કે 'વાહવાહ' કરવાની તૈયારી સાથે જ આપ સઘળી કવિતાઓ સાંભળજો. આ જાતની કવિતાનો રસ લેવા માટે આપણી રસવૃત્તિનું 'ફોકસ' યાને ગ્રહણબિન્દુ આ ઉત્સવના સ્વરૂપ સાથે મેળવવું જોઈએ. આ જાતની કવિતાને પંડિતોની કરડી નજરે જોવાની નથી. આ સભારંજની કવિતા છે, અને સભાનું રંજન થાય એટલું એનું પ્રયોજન સિદ્ધ થયું. રસનાં ઝરણાં એમાં વહી રહ્યાં છે કે કેમ, અલંકારના શણગાર ચમકી રહ્યા છે કે કેમ, એમાં કેવો પદનિવેશ થાય છે, કેવા ધ્વનિ સંભળાય છે ઇત્યાદિ તપાસ કરીને દુઃખી થવાનું આપણે પંડિતોને સોંપીશું. આપણે તો આજ અત્રે ઉત્સવ ઊજવવાને એકત્ર થયા છીએ એ ભૂલીશું નહિ.

આપ પૂછશો કે આ કાવ્યો 'કાવ્ય' તો હોવાં જોઈએ કે નહિ? હોવાં જોઈએ. પણ કાવ્યનું લક્ષણ બે રીતે બાંધી શકાય: જેમ 'મનુષ્ય'નું લક્ષણ બે રીતે બંધાય તેમ. એક લક્ષણ તો એવું કે જેનામાં મનુષ્યના સ્વરૂપની પરિપૂર્ણતા હોય તે મનુષ્ય. આવું લક્ષણ જગત્‌ના વિરલ મહાપુરુષોને લાગુ પડે, અથવા ખરો મહાપુરુષ તો પુરુષોતમ ભગવાન જ છે એમ વિચારતાં એક પણ મનુષ્યને લાગુ ન પડે. તે અર્થાત્ આવા લક્ષણમાં 'અસંભવ દોષ' આવે, એટલે એક પણ વ્યક્તિને એ લાગુ ન પડે; તો ચાલે? કારણ કે ભાવના (Ideal) નો નિર્દેશ કરવા માટે એ લક્ષણ છે. મનુષ્ય કોણ? તો ઉત્તર કે જેનામાં મનુષ્યના ગુણની પરિપૂર્ણતા હોય (Perfect Men). લક્ષણ બાંધવાની બીજી રીત એ છે કે અમુક શબ્દથી ઓળખાતી દરેક વ્યક્તિને એ લાગુ પડે. જંગલીમાં જંગલી મનુષ્યથી માંડી સૉક્રેટીસ પર્યન્ત—જેનામાં વિચારશક્તિનો છાંટો પણ હોય ત્યાંથી માંડીને જે મનુષ્યતાની પરિપૂર્ણતાએ પહોંચેલો હોય ત્યાં સુધીનાં સર્વ મનુષ્યોને તે લાગુ પડે. પહેલું લક્ષણ ઉચ્ચ દૃષ્ટિનું છે, બીજુ વિશાળ દૃષ્ટિનું છે. મ્હારી આપને વિનંતિ છે કે આજ

અત્રે વિશાળ દૃષ્ટિથી—રસ લેવા તત્પર થઈ રહેલા હૃદયથી—સર્વ કવિતાઓ સાંભળજો.

ત્યારપછી જે કવિતાઓ વંચાઈ તેમાં કેટલીક તો ઘણી સારી હતી. આવા જલસામાં સાધારણ રીતે વગર તૈયારીએ વા પાદપૂર્તિ-રૂપે કવિતા કરવાનો એ રિવાજ હોય છે અને એ આપણે ધારીએ તે કરતાં ઘણીવાર વધારે સફળ થાય છે. પણ સફળતા સાથે નિષ્ફળતાના નમૂના પણ ભળેલા હોય છે, જે કાવ્યના આનન્દમાં તો નહિ પણ જલસાની રમૂજમાં ઠીક ફાળો આપે છે. પણ વર્તમાન સમયમાં જ્યારે ખરી કવિતા કોને કહેવી એ પ્રશ્ન ઉપર અધિક લક્ષ્ય દેવાય છે ત્યારે આ નિષ્ફળતા ઘણા સહૃદયોને ખૂંચે છે, પણ વસ્તુતઃ મ્હેં આગળ કહ્યું તેમ વિશાળ દૃષ્ટિથી આ વસ્તુ જોવામાં આવે તો રમૂજી કવિતાના ધોરણે આ નિષ્ફળતાને પણ સફળતા માની લેવાય. પણ કીમિયો દિલ ઉદાર કર્યા સિવાય બની શકતો નથી.

પણ ઉપર કહ્યું તેમ આ કવિસંમેલનમાં કવિઓએ પોતાની ઉત્તમોત્તમ વા પ્રસંગોચિત ગેય કવિતા ઘેરથી લઇને આવવાનું નહોતું, એટલે કવિતાઓનો મ્હોટો ભાગ સારો જ હતો, અને કેટલીક તો ઘણી સારી હતી. જ્યાં આવી ઘણી સારી કવિતાની મ્હોટી સંખ્યા હોય ત્યા પસંદગીનો ક્રમ બાંધવો કઠણ છે, અને સંભવ છે એવકો ક્રમની બાબતમાં સહૃદયોનો મતભેદ પડે, બલ્કે એઓ પોતે જ એક કરતાં વધારે મત બાંધવા લલચાય.

તથાપિ સર્વોત્તમ કવિતાઓ ફરી એકવાર સાંભળીએ એમ મ્હેં ઇચ્છા દર્શાવી ત્યારે :સભામાંથી એકે અવાજે, આ અંકમાં ઉપર છાપેલી બે કવિતાઓ* છાપી છે તે ક્રમમાં–મૂકી વાંચી સંભળાવવાની

* આ અંકમાં એ અમે પ્રસિદ્ધ કરી છે. કવિઓના તેમજ સંમેલનના કાર્યકર્તાઓના સૌજન્યથી અમને એ મળી છે, તે માટે અમે એઓનો ઉપકાર માનીએ છીએ...[એ કાવ્યો તે—(૧) શ્રી ‘આસિમ’ રાંવેરી કૃત

માગણી કરી, અને તે પ્રમાણે વંચાઈ. મ્હેં પોતે પણ એ જ બે કવિતાઓ અને તે એ જ ક્રમમાં પસંદ કરી હતી, અને જ્યારે મ્હારૂં હૃદય સભાના હૃદય સાથે આમ એકસૂર જણાયું ત્યારે મ્હેં સભાને હર્ષથી એ જણાવ્યું અને વિશેષમાં ઉમેર્યું કે મ્હારા હૃદયની રસનાડી યુવકોના હૃદયની રસનાડી પ્રમાણે જ ધબકે છે એ જોઈ મને હજી જીવનની આશા પડે છે!

ઉપરની બે કવિતાઓ ઉપરાંત શ્રી સુન્દરજી બેટાઈ વગેરે બીજા ભાઇઓની કવિતાઓ પણ ઘણી સારી હતી, અને એકકે બાદ કરતાં સર્વે બહુ યોગ્ય રીતે ગાવામાં આવી હતી. આ જાતની કવિતાનો રસ એ ગવાય ત્યારે જ પૂરેપૂરો શ્રોતાના હૃદયમાં રેલાય છે.

[વસન્તઃ વર્ષ ૩૭, અંક ૩, શ્રાવણ-આશ્વિન, સં. ૧૯૯૪]

'આંધળી છોકરી' (એક ઈચ્છા છે કે મ્હારી માનું મુખડું જોઈ લઉં—એ 'તરજ' વાળું કાવ્ય) અને (૨) શ્રી પિનાકિન્ ત્રિવેદીકૃત 'આવશો ના.'—સં]

'બનારસ હિન્દુ યુનિવ્હર્સિટિનું કૉન્વોકેશન' યાને પદવીદાન

અમારે ત્યાં તા. ૨૬ મી જાન્યુઆરીએ ગયે વર્ષે× પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા પદવીયોગ્ય વિદ્યાર્થીઓને પદવીદાન કરવામાં આવ્યું. એ દિવસની પહેલાં અને પછી, ભાષણો, રમતો ઇનામના મેળાવડા મૅજિક લૅન્ટર્ન પ્રદર્શનો વગેરેની યોજના કરવામાં આવી હતી, અને તેથી એક આખું અઠવાડિયું જ્ઞાન અને આનન્દથી ભરાયેલું ગયું.

તા. ૨૫ જાન્યુઆરી: આજ કૉલેજના 'કાશીનરેશ હૉલ'માં પ્રાતઃકાળના ભાગમાં સેન્ટ્રલ હિન્દુ કૉલેજને અંગે વિદ્યાર્થીઓની 'પાર્લ્યમેન્ટ' નામની એ આકારે વાદવિવાદ અને ઠરાવ કરવાની સંસ્થા છે તેમાં પ્રશ્ન ચર્ચાયો. "હિન્દુસ્થાન હાલ તુરત જ સંપૂર્ણ સ્વરાજ્યને યોગ્ય છે." ચર્ચા બહુ આનન્દ પમાડે એવી હતી. 'ગવ્હર્ન્મેન્ટ' સામો 'ઑપોઝિશન' પક્ષ ગોઠવાઈ ગયો હતો. મિસિસ બેસન્ટ, બાબુ ભગવાનદાસ, મિ. તેલંગ, વિગેરે દ્રષ્ટા તરીકે આમ-તેમ બેઠા હતા. અન્ય ગૃહસ્થોથી હૉલ ચિકાર ભરાઈ ગયો હતો. કૉલેજના 'ઓલ્ડ બૉય્ઝ' (અને એક ઓલ્ડ બૉયે એનો એક રમૂજી ભાષણમાં તરજુમો કર્યો એ શબ્દ વાપરૂં તો–'વૃદ્ધ બાલકો') પણ ભાગ લેવા આવ્યા હતા; કેટલાક દ્રષ્ટા હતા, કેટલાક પાર્લ્યમેન્ટના

× અનેક કારણોને લીધે આ ક્રિયા કરવામાં વિલંબ થઈ ગયો હતો.

મેમ્બર તરીકે બેઠા હતા. 'ઑપોઝિશન'ના લીડરે ઠરાવ રજુ કર્યો તેમાં સર સલારજંગ, સર ટી. માધવરાવ, મિ. દત્ત વગેરે અનેક મન્ત્રીઓનાં ઉદાહરણ આપી રાજ્યકાર્ય કરવાની આપણા લોકોની શક્તિ સાબિત કરી આપી, તથા બ્રિટિશ રાજ્યમાં પણ દેશીઓને જે કામ સોંપવામાં આવે છે તે બહુ કુશળતાથી તેઓ કરે છે (જુવો લૉર્ડ સિંહ વગેરેના દાખલા) ઇત્યાદિ દલીલો કરી.

એ જ પક્ષના સમર્થનમાં, બાબુ ભગવાનદાસના પુત્ર મિ. શ્રીપ્રકાશ જે ઇંગ્લંડ જઈ ઇતિહાસના વિષયમાં પદવી લઈ આવ્યા છે એમણે બહુ રમૂજી ભાષણ કર્યું. દેખીતા જુસ્સાના પડ નીચે રમૂજ બેવડી સુન્દર બનતી હતી. એમણે કહ્યું કે "આગલા વક્તાનાથી તદ્દન ઊલટાં જ કારણસર હું એમના ઠરાવને ટેકો આપું છું." એમણે જણાવ્યું કે હિન્દીજનો સ્વરાજ્યને લાયક છે માટે સ્વરાજ્ય મળવું જોઈએ એમ નહિ, પણ હિન્દીજનો બહુ જ નાલાયક છે, માટે જ એમને સ્વરાજ્ય મળવું જોઈએ ! હિન્દુસ્થાન જો ખરેખર સ્વરાજ્યને લાયક હોત તો સ્વરાજ્ય એને ક્યારનુંએ મળી ગયું હોત. લાયક નથી માટે જ એને ભીખ માગવી પડે છે. પછી મિ. શ્રીપ્રકાશે ગાંધીજીની 'સ્વરાજ્ય' પ્રસિદ્ધ વ્યાખ્યા—'ભૂલ કરવાની છૂટ'—એ ટાંકીને, એને આધારે હિન્દુસ્થાનને પોતાનું ઘર ચલાવવાનો અને ફાવે તો સળગાવી મૂકવાનો હક્ક મળવો જોઈએ એમ જણાવ્યું. એમના ભાષણમાં એકબે વાત મનન કરવા જેવી આ હતી: રાજ્યબંધારણની બાબતમાં પણ આપણે પશ્ચિમની નકલ કરીએ છીએ, અને ત્યાંની સંસ્થાઓ જેવી સંસ્થાઓ માગીએ છીએ એ ખોટું છે; બીજું, ઇતિહાસ છેવટે એક જ પ્રશ્ન પૂછશે કે મનુષ્યજાતિની સંસ્કૃતિમાં હિન્દુસ્થાને શો 'ફાળો' આપ્યો ? માટે, જ્યાં સુધી કોઈ પણ પ્રકારની વિશિષ્ટતા હિન્દુસ્થાન નહિ કેળવે ત્યાં સુધી વર્તમાન જગતના ઇતિહાસમાં એને સ્થાન મળવાનું નથી.

'ગવર્મેન્ટ' તરફથી 'ઑપોઝિશન'ને રિવાજ મુજબ જવાબ

દેવામાં આવ્યો, તેમાં સામા પક્ષના ઠરાવનું તત્ત્વ સ્વીકાર્યું, પણ હિન્દુસ્થાનને એકદમ સ્વરાજ્ય આપી દેવાથી હિન્દુસ્થાનને પોતાને જ નુકસાન છે—હિન્દુસ્થાનને ખભે સ્વરાજ્યની જવાબદારીનો બોજો નાંખવો ઠીક છે, પણ તે એટલો ભારે ન હોવો જોઈએ કે જેને લીધે એ ચગદાઈ જાય, ઈત્યાદિ કહ્યું.

મિ. ગુર્તુ નામે મિસિસ બેસન્ટના વખતમાં સેન્ટ્રલ હિન્દુ કૉલેજ સાથે સંબન્ધ ધરાવતા એક સંસ્કારી ગૃહસ્થ છે, એમણે સુન્દર ભાષામાં મિ. શ્રીપ્રકાશને જવાબ વાળ્યો. તેમાં એક ધ્યાન ખેંચે એવી વાત કહીઃ અનેક જાતિના લોકને સહવાસથી એકપ્રજારૂપ બનાવવા એ મહાકાર્ય જે યૂરોપ અદ્યાપિ કરી શક્યું નથી (જુવો પોલાંડ અને બાલ્કન પ્રદેશના વતનીઓનો ઇતિહાસ) એ હિન્દુસ્થાને કર્યું છે, અને હિંદુસ્થાનની પ્રજા મહાન રાજકીય ભાવનાઓ સિદ્ધ કરવા માટે લાયક નથી એ વિચારનું ખંડન કર્યું અને કહ્યું કે અત્યારે બધી પરિસ્થિતિ જોતાં હિન્દુસ્થાન ક્રમશઃ સ્વરાજ્ય મેળવે એ જ બરાબર છે.

શ્રોતાઓની ખાસ ઇચ્છા હોવાથી મિસિસ બેસન્ટે ચર્ચામાં ભાગ લીધો. એમણે જણાવ્યું કે શ્રીપ્રકાશે બતાવેલો માર્ગ કેવળ અરાજકતાનો જ છે. અત્યારે હિન્દુસ્થાને સંપૂર્ણ સ્વરાજ્ય સાથે પરદેશી શત્રુઓ સામે પોતાનું રક્ષણ કરવાની શક્તિ ધરાવવી જોઈએ, અને તે મેળવતાં હજી વાર લાગશે. હિન્દુઓમાં બહાદુર સૈનિકો છે, પણ સેનાપતિઓ હજી કેળવવાના છે, અને અત્યારે યુદ્ધનું શાસ્ત્ર એવું કઠણ બની ગયું છે કે એ સ્હેલાઇથી આવડી જાય એવું નથી. શ્રીપ્રકાશે એમ કહ્યું કે હિન્દુસ્થાન આત્મનિર્ણયથી પોતાનું હિત બગાડવા ચ્હાય તો બગાડવાની પણ સત્તા એને હોવી જોઇએ, એ આત્મનિર્ણય માટેની દલીલના જવાબમાં મિસિસ બેસન્ટે બહુ સરસ દલીલ કરી કે હિન્દુસ્થાનનો આત્મનિર્ણય શો છે એ જાણવાનું હજી સાધન જ નથી, અને એ જાણવા માટે 'મતાધિકારી મંડળ'

('electorates') વગેરે રચીને એ દ્વારા પ્રજામત જાણવાનો છે—અર્થાત્ અત્યારે પ્રજાને જે હક આપવામાં આવ્યા છે તે આત્મનિર્ણયના બાધક નથી, બલ્કે આત્મનિર્ણય પ્રકટ કરવાના સાધનરૂપ છે—વળી હિન્દુસ્થાન અત્યારે જ સ્વરાજ્ય મેળવે છે તે ભીખ માગીને મેળવેલું દાન છે એના જવાબમાં મિસિસ બેસન્ટે કહ્યું કે આ સ્વરાજ્ય માત્ર આપેલું–સ્વેચ્છાથી, અનુગ્રહથી આપેલું–મેળવેલું નથી, પણ લીધેલું છે. શ્રમ અને ચળવળ કરીને જોરથી લીધેલું છે, આ પ્રમાણે અમારી 'પાર્લ્યમેન્ટ'માં સ્વરાજ્યના પ્રશ્ન ઉપર વિચાર ભરી ચર્ચા થઈ.

એ જ સાંઝે અપરાહ્ણમાં યુનિવર્સિટિને અંગે સ્કૂલ છે એનો ઇનામનો મેળાવડો ભરવામાં આવ્યો. એ સ્કૂલ મૂળ વીસબાવીસ વર્ષ ઉપર મિસિસ બેસન્ટે સ્થાપેલી તે ત્રણ વર્ષ ઉપર એમની સંસ્થાઓ હિન્દુ યુનિવર્સિટિને સોંપાઈ તે વખતથી આ યુનિવર્સિટિના વહીવટમાં છે. આ ઇનામના મેળાવડામાં પ્રમુખસ્થાન પૂર્ણ ઔચિત્યથી મિસિસ બેસન્ટને આપવામાં આવ્યું હતું. આરંભમાં, સૌ વિદ્યાર્થીઓએ મળીને સંસ્કૃત શ્લોકબદ્ધ ઇશ્વિરસ્તુતિ ગાઈ, અને તે પછી એક વિદ્યાર્થીએ 'વન્દે માતરમ્' (બંગાળીમાં) બહુ અસરકારક સ્વરથી ગાઈ સંભળાવ્યું* તે પછી વિદ્યાર્થીઓએ ટૂંકા ટૂંકા સંવાદો કરી સંભળાવ્યા. હિન્દુઓએ સંસ્કૃત ભાષા શીખવાની આવશ્યકતા વિષે સ્કૂલના શાસ્ત્રીએ રચેલો સંસ્કૃત સંવાદ બહુ સુન્દર હતો. એકંદર, અંગ્રેજી સંવાદો થોડા; આપણે ત્યાં તેમ જ દક્ષિણમાં આવે પ્રસંગે સંસ્કૃત શ્લોકોના લલકાર સાંભળીએ છીએ તથા સંસ્કૃત નાટકાદિકમાંથી પ્રવેશ રંગભૂમિ ઉપર મૂકાતા જોઇએ છીએ–તેવું અહીં કાંઈ જ જોવામાં ન આવતાં મને જરા અસન્તોષ થયો. શાળાના મકાનમાં વિદ્યાર્થીઓના હાથકારીગરીના નમૂનાનું

---

* આ આપણું સ્વદેશગીત ગાયા વિનાનો અહીં કોઈક જ મેળાવડો થતો હશે.

તેમજ શિક્ષણોપયોગી સાધનનું પ્રદર્શન ભરવામાં આવ્યું હતું અને બીજી બાજુએ વિદ્યાર્થીઓને હાથે રચાએલી અને ઊછેરાએલી સુન્દર અને વિવિધતાવાળી બગીચી હતી. પાસે, મ્હોટા મેદાન ઉપર વિદ્યાર્થીઓની ડ્રિલ કરી બતાવવામાં આવી હતી. આ દેખાવ ભવ્ય હતો.

તે જ સાંઝે અમારી કૉલેજમાં (સેન્ટ્રલ હિન્દુ કૉલેજમાં) અલ્લાહાબાદની મૂર કૉલેજના પ્રિન્સિપાલ આર્ચબોલ્ડે 'Universities' ઉપર ભાષણ આપ્યું. મિ. આર્ચબોલ્ડ પહેલાં અલિગઢ કૉલેજમાં હતા, અને ત્યાંથી તે હાલને સ્થાને આવ્યા છે.* સામાન્ય અંગ્રેજ પ્રિન્સિપાલ કરતાં વિદ્વત્તા માટે એમની પ્રતિષ્ઠા વધારે છે. એમણે ઇંગ્લંડની 'ડિક્ષનેરી ઑફ નૅશનલ બાયોગ્રેફી'માં, તેમજ 'એન્સાઇક્લોપીડિયા બ્રિટૅનિકા'માં લેખ લખ્યા છે એમ કહેવાય છે. એમના ભાષણમાં આડમ્બર વિનાની પણ સ્પષ્ટ દેખાઈ આવતી એવી વિદ્વત્તાની છાપ હતી, અને અંગ્રેજનો એક સ્વાભાવિક ગુણ—સ્વતન્ત્રતાથી વિચાર કરવો અને નિર્ભયપણે કહેવો—એ જોઈ માન ઊપજે એવું હતું. આટલી એમના સંબન્ધી પ્રસ્તાવના કરવાનું કારણ કે—એમના એકમે વિચાર ખાસ ધ્યાન ખેંચે એવા અને પૂર્વોક્ત વિદ્વત્તા અને પ્રતિષ્ઠાના કારણથી માનને પાત્ર એવા હતા. મિ. આર્ચબોલ્ડે યૂરોપમાં 'મધ્યયુગ'માં યુનિવ્હર્સિટિઓ કેવી રીતે સ્થપાઈ એનો ઇતિહાસ આપ્યો એ તો સામાન્ય ગણાય. પણ એમાંથી અત્યાર સુધી ઈંગ્લંડમાં ચાલી આવતી એક સ્વતન્ત્રતા અહીં દાખલ કરવાની એ ભલામણ કરે છે. એ સ્વતન્ત્રતા આ રીતની છે કે કોઈ વિદ્વાને ગમે તે નવા વિષયનો અભ્યાસ કર્યો હોય અને એ વિષયની વિદ્વત્તા પ્રસારવાની એની ઇચ્છા થાય તો તો એણે માત્ર કેમ્બ્રિજ જેવી યુનિવ્હર્સિટિમાં જઈને ત્યાંના 'બોર્ડ ઑફ સ્ટડીઝ' (અભ્યાસનિયામક મંડળ)ને પોતાની ઇચ્છા દર્શાવવી, એટલે એ પુરુષની યોગ્યતા વિષે જરૂર જેટલો વિચાર કરી એ

* હમણાં જ પેન્શન ઉપર ગયા.

મંડળ એને વર્ગ ઊઘાડવાની સત્તા આપે છે, અને એ પ્રમાણે પોતાની ઇચ્છાનુસાર ફી ઠરાવી એ વર્ગ ઉઘાડે છે, અને જે વિદ્યાર્થીને એમાં દાખલ થવું હોય તે એમાં દાખલ થાય છે. આવા વિષયો તે સામાન્ય પરીક્ષાના વિષયો નથી હોતા, પણ જ્ઞાન વધારવા માટે હોય છે, અને જ્ઞાન માટે ઉત્સુક વિદ્યાર્થીઓ એવા અભ્યાસમાં જોડાય છે. આગળ જતાં આવો વિષય વિશેષ ખેડાય અને જામી જાય તો તે યુનિવર્સિટિના સામાન્ય અભ્યાસક્રમમાં દાખલ થાય, અને એની 'ચેર' (અધ્યાપનપીઠિકા) ઉત્પન્ન થાય. પરંતુ આ વાત એમના જેવાને મુખેથી નીકળેલી જેવીતેવી નથી કે યુનિવર્સિટિઓ પ્રજાની ભાષામાં જ કામ કરતી હોવી જોઈએ; અને તે એટલે સુધી કે 'bilingual' (બે ભાષામાં કામ કરતી) પણ ન હોવી જોઈએ. આ એક અગત્યનો સિદ્ધાન્ત છે, અને એમાં મારો પોતાનો પરિષ્કાર (મતભેદ+) છે તે એટલો જ કે દૃષ્ટિ આગળ રાખવાના સિદ્ધાન્ત તરીકે આ યથાર્થ છે. પણ એને વ્યવહારમાં મૂકવાના બે માર્ગ છે: એક માર્ગ તો અંગ્રેજીદ્વારા શિક્ષણ આપવાની વર્તમાન રૂઢિને એકદમ ઊખેડી ફેંકી દેવી એ, અને બીજો માર્ગ એ રૂઢિની ક્રમે ક્રમે નવા સ્વરૂપમાં સંક્રાન્તિ કરવી. આમાંથી હું બીજો માર્ગ પસંદ કરૂં છું તે એટલા માટે નહિ કે રૂઢિના દાસ થઈ રહેવું મને ગમે છે, પણ આ રૂઢિમાંથી ઉત્પન્ન થતા લાભ ઘણા છે એ ખોવા ઠીક નથી, અને તેથી એ લાભ નવી સ્થિતિમાં ઉતારવાની યોજના થવી જોઈએ, એટલું જ નહિ પણ એકદમ અંગ્રેજી

× માતૃભાષાદ્વારા શિક્ષણ આપવાના મહાપ્રશ્નમાં મને જોઈએ તે કરતાં વધારે મતભેદ આરોપવામાં આવ્યો છે. મ્હારા એક વિદ્વાન અને નિકટના મિત્ર—જે માતૃભાષાદ્વારા શિક્ષણ આપવાની વિરુદ્ધ છે—એમની સાથે વાત કરતાં મ્હેં કહ્યું કે "મને કેટલાક માતૃભાષાદ્વારા શિક્ષણ આપવાની વિરુદ્ધ માને છે, પણ વસ્તુતઃ હું એમના પક્ષમાં છું, તમારા પક્ષમાં નથી." ત્યારે એ વિદ્વાન મિત્રે કહ્યું: "મ્હેં તમને અમારા પક્ષમાં ગણ્યા ક્યારેજ છે ?" શી મારી સ્થિતિ !

ત્યજી દેવાથી આપણી યુનિવ્હર્સિટિઓને માનસિક અંધારાના અને સાંકડી કૂપમંડૂકતાના ગર્તમાં ઊતારી દેવાનું થશે—તે માટે મ્હારૂં કહેવું છે કે એક કાંઠેથી બીજે કાંઠે માલ લઈ જવો હોય તો તે નદીમાં હડસેલી દેવો ન જોઈએ પણ વ્હાણમાં મૂકીને સંક્રાન્ત કરવો જોઈએ.

તા. ૨૬ મીએ કૉન્વોકેશન થયું. એપ્રિલ આખર યુનિવ્હર્સિટિની નવી ભૂમિમાં એન્જિનિયરિંગ કૉલેજનું 'પાવર હાઉસ' ઉઘાડવા મહારાજા શ્રી પટિયાલા આવવાના છે તે વખતે મ્હોટો મેળાવડો થવાનો હોવાથી હાલનો પ્રસંગ સાદો રાખવામાં આવ્યો હતો. બહારના વિદ્વજ્જનોમાં માત્ર મિ. આર્ચબોલ્ડ, મિસિસ બેસન્ટ અને પ્રો. રામન હતાં.

પદવીદાન કર્યા પછી વ્હાઇસ ચૅન્સલર તરીકે પંડિત શ્રી મદનમોહન માલવીયાજીએ ભાષણ આપ્યું. એમને કશું લખીને વાંચવું ફાવતું નથી, તેથી એમણે આ ભાષણ વગર લખ્યે તાત્કાલિક વક્તૃત્વથી જ કર્યું હતું. પ્રથમ એક ભાગ હિન્દીમાં કર્યો. એમાં આપણી પ્રાચીન યુનિવ્હર્સિટિનો ખ્યાલ આપવા સારૂ શૌનકાદિક કુલપતિઓના આશ્રમનું સ્મરણ આપી પાછળના ઐતિહાસિક સમયમાં તક્ષશિલા, નાલન્દ, વગેરે બૌદ્ધ વિદ્યાપીઠ વિષે વાંચવામાં આવે છે તેની હકીકત કહી. એમના ભાષણનો અસરકારક ભાગ એ હતો કે તૈત્તિરિય ઉપનિષદ્‌ની **સત્યં વદ ધર્મં ચર** ઇત્યાદિ શિક્ષાવલ્લિ નવા પદવીધર વિદ્યાર્થીઓને ઉપદેશી. શ્રોતાજનોમાં અંગ્રેજી જ જાણનાર એવા પણ કેટલાક હતા અને તેથી પંડિતજીએ અંગ્રેજી ભાષણ પણ કર્યું. એમાં એમણે હિન્દુ યુનિવ્હર્સિટિનો આજ સુધીનો ઇતિહાસ આપ્યો, તથા ભવિષ્યના વિસ્તાર માટે દ્રવ્યની જે જરૂર છે તે જાહેર કરી. બેશક વ્હાઇસ ચૅન્સલરનું ભાષણ કેવું હોવું જોઇએ એ કસોટીથી તપાસીએ તો એમનું હિન્દી ભાષણ પૂર્ણ સન્તોષ ઉપજાવે એવું હતું, પણ વ્હાઇસ ચૅન્સલર ઉપરાંત યુનિવ્હર્સિટિના દ્રવ્યસંપાદક તરીકે એમને માથે જે કર્તવ્ય પડેલું છે, અને જે અન્ય કોઈ જ

કરી શકે એમ નથી, એ કર્તવ્ય ખાતર એમને અંગ્રેજી ભાષણમાં કેટલુંક લંબાણ કરવું પડ્યું—જે વ્હાઇસ ચૅન્સેલરના ભાષણમાં અસ્થાને ગણાય.

એકથી ચાર વચ્ચે કૉન્વોકેશનનું કામ પૂરૂં થઈ ગયા બાદ—એ સાંજે મિસિસ બેસન્ટનું 'The Responsibilities of Freedom' ઉપર ભાષણ થયું. તેમાં વિદ્યાર્થીઓએ રાજકીય વિષયમાં રસ (interest) લેવો જોઈએ, પણ ભાગ (active part) લેવો ન જોઈએ, એમ પોતાનો મત દર્શાવ્યો. અને કારણમાં કહ્યું કે તેમ કરવા માટે દુનિયાનો અને મનુષ્યસ્વભાવનો જે અનુભવ હોવો જોઈએ તે વિદ્યાર્થીઓને હોતો નથી. વળી એની પુષ્ટિમાં ઇંગ્લંડની યુનિવ્હર્સિટિઓમાં પણ અધિકારીઓને રજા મેળવ્યા સિવાય કોઈ પણ ભાષણકર્તાથી વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ થઈ શકતું નથી ઇત્યાદિ જણાવ્યું. કાયદા સામાન્ય નૈતિક બુદ્ધિ (average conscience) માટે હોય છે, અને ઊંચી નૈતિક બુદ્ધિવાળાને એનો ભંગ કરવાનો અધિકાર હોય છે, પણ સામાન્ય જનો જો એનો ભંગ કરે તો ખોટા કાયદા સાથે સારા કાયદા તોડવાનું પણ એમને મન થઈ જાય છે, અને અસંખ્ય મનુષ્યોની ઉચ્છૃંખલ વૃત્તિઓ સૂક્ષ્મ શરીર એકઠાં થઈને જનસમાજમાં ભારે તોફાન અને અનર્થ ઉપજાવે છે, આ વાત કાયદાનો ભંગ ઉપદેશનાર નેતાઓએ યાદ રાખવી જોઈએ. મિસિસ બેસન્ટે આ સંબન્ધમાં એક સિદ્ધાન્ત એ ઉચ્ચાર્યો કે કોઈ પણ પ્રજા લાંબે ગાળે અરાજકતા પસંદ કરતી નથી: સ્વાતન્ત્ર્ય (liberty) કરતાં પણ જાનમાલની સહીસલામતી (security) ને એ વધારે કિંમતી ગણે છે, અને રાજ્યવિપ્લવને પરિણામે જે અંધાધૂંધીની સ્થિતિ ઉત્પન્ન થાય છે તેમાંથી મુક્ત થવા એક વ્યક્તિનો લશ્કરી અમલ (Military Dictatorship) પણ એ સહન કરે છે. આમ સંયમની જરૂર બતાવવાની સાથે, હિન્દુસ્થાનને સ્વરાજ્યની જરૂર છે એમ મિસિસ બેસન્ટ ભાર મૂકીને કહે છે, અને એ સ્વરાજ્યની જરૂર એ એટલા માટે માને છે કે અન્ય પ્રજાઓ મરી પરવારી, પણ

હિન્દુસ્થાન હજી જીવતો દેશ છે—હજી હિન્દુસ્થાને જગતને સન્દેશ (message) આપવો બાકી છે અને એ આપવા માટે એને સ્વાતન્ત્ર્યની જરૂર છે, એમ મિસિસ બેસન્ટનું માનવું છે. એકંદરે મિસિસ બેસન્ટ અત્યારે વિનીત પક્ષનો ઉપદેશ ચોતરફ કરવા નીકળ્યાં છે તેને અંગે આ ભાષણ હોઈ, એનો મુખ્ય ઝોક 'સંયમ' અને 'જવાબદારી'ની બાજુએ હતો. ભાષણમાં એકવાર "મિ. વ્હાઇસ ચૅન્સેલર હું આપની છાયા ('shelter') નીચે રહીને આ બોલું છું," એવા શબ્દો એ બોલી ગયાં, એ અન્ય સ્થળે શ્રોતાજન તરફથી (ખાસ કરીને, વિદ્યાર્થી શ્રોતજન તરફથી) અનુભવેલી અસહિષ્ણુતાના સ્મરણથી નીકળ્યા હતા. મતભેદ સંયમથી અને ઉદારતાથી સહન કરવાનો મિસિસ બેસન્ટનો ઉપદેશ વર્તમાન સમયમાં જરૂરનો છે, અને નવી કાઉન્સિલો રચાઇ આપણું નવું રાજકીય જીવન શરૂ થશે ત્યાર પછી તો એ વિના આપણાથી એક પગલું પણ ચાલી નહિ શકાય.

મિસિસ બેસન્ટના ભાષણ પછી અમારા 'ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રિ' (ઔદ્યોગિક રસાયનશાસ્ત્ર)ના પ્રો. ગોડબોલેએ જાપાનના લોકજીવન સંબન્ધી મૅજિક લૅન્ટર્નથી ચિત્રો બતાવ્યાં. હું આ જોવા રહી શક્યો નહોતો, પણ કહે છે કે સારાં બોધક અને રમૂજી હતાં.

તા. ૨૭મીએ સ્હવારના ભાગમાં "ઈશ્વરઃ એનાં અસ્તિત્વનાં પ્રમાણો, તથા એનો જીવ અને જગત્ સાથે સંબન્ધ" એ વિષય ઉપર મ્હારૂં અંગ્રેજીમાં ભાષણ થયું. એમાંના કેટલાક વિચાર 'વસન્ત'ના વાચકોને જાણીતા છે, તથાપિ પુનરુક્તિ માટે ક્ષમા યાચીને આગળ ઉપર (ગૂજરાતીમાં) વસન્તમાં પ્રસિદ્ધ કરવાની હું છૂટ લઇશ. મારા ભાષણ પછી તુરત જ "ધર્મ" ઉપર બંગાળાના એક મહાન પંડિત તર્કપંચાનનનું વ્યાખ્યાન થયું. વ્યાખ્યાન પ્રાચીન શૈલીનું પણ ટૂંકું, સાદું અને અસરકારક હતું. એમણે બહુ નિખાસલ રીતે કહ્યું કે પશ્ચિમની યન્ત્રકળાથી અને કારખાનાંથી આપણા આધ્યાત્મિક જીવનને બહુ હાનિ થાય છે. જીવન સાદું જોઈએ, અને જેમ બને તેમ ઓછા પદાર્થથી જીવનનિર્વાહ કરવો જોઈએ. તર્કપંચાનનજી

ઉમ્મરે વૃદ્ધતા તરફ વળેલા છે, અને પવિત્ર દેખાવના છે, અને વિના દ્રવ્ય લીધે વિદ્યાદાન કરવાની આપણી પ્રાચીન ભાવનાને અનુસરનારા છે.

બપોરે ટ્રેઇનિંગ કૉલેજનો મેળાવડો થયો. એક શિક્ષકે કેળવણીના વિષયને લગતો એક નિબન્ધ વાંચ્યો. અને તે પછી પ્રિન્સિપાલ તેજાસંઘજીએ ભાષણ કર્યું. તેમાં કેળવણીનો ઉદ્દેશ વ્યક્તિને નહિ પણ જનસમાજને ઉન્નત બનાવવાનો છે, અને તેથી મનુષ્યબન્ધુ ઉપર પ્રેમ અને સમાજસેવા એ જ એનાં ખરાં ફળ છે, એમ ઉત્સાહી વાણીમાં પ્રતિપાદન કર્યું. શિક્ષકનો ધંધો ઉમદા છે, અને શિક્ષકનો એના ધંધા ઉપર પ્રેમ હોવો જોઈએ એમ કહ્યું. આ છેલ્લી ઉક્તિને અવલંબી પ્રમુખશ્રી માલવીયાજીએ પોતાનો ન્હાનપણથી માંડીને આત્મવૃત્તાન્ત કહ્યો તેમાં પોતે શિક્ષક હતા વગેરે વાત હિંદીમાં અતીવ રસિક કરીને કહી. રાત્રે કલકત્તા યુનિવ્હર્સિટિના 'ફિઝિક્સ'-ના યુનિવ્હર્સિટિ પ્રોફેસર મિ. સી. વી. રામન—જે અમારા ઑનરરિ પ્રોફેસર છે—એમણે હમણાં તાજી કરેલી શોધો મૅજિક લૅન્ટર્નથી બતાવી. પ્રો. રામન એમના વિષયમાં હમેશાં મશગૂલ રહે છે, અને એ વિષયના બહુ ઉત્સાહી ઉપાસક છે તથા એમાં એમણે કેટલીક નવીન શોધો પણ કરી છે. કલકત્તામાં એમણે પોતાની આસપાસ પદવીધર વિદ્યાર્થીઓની સારી સંખ્યા એકઠી કરી છે, અને એમની પાસે ફિઝિક્સની જુદી જુદી શાખાઓમાં કાંઈક નવીન નવીન શોધાવ્યાં કરે છે. પ્રો. રામન સારા સાઇન્ટિસ્ટ હોવા ઉપરાંત વક્તા પણ સારા છે; બહુ જુસ્સાથી, ઝડપથી, વખતોવખત વિનોદ-પુરઃસર, અને આત્મશ્રદ્ધાથી બોલે છે. એમની ખાસ શોધ મૃદંગ વગેરે વાદ્યના સંબન્ધમાં છે.

તા. ૨૮ મીએ સાંઝે મિસિસ બેસન્ટને હાથે રમત અને કસરત ખાતાંનાં ઇનામ વ્હેંચાયાં અને તે પછી ટ્રેઇનિંગ કૉલેજના પ્રિન્સિપાલ મિ. તેજાસિંઘનું 'પ્રેમભક્તિ' ઉપર ભાષણ થયું. તેઓ લાહોર યુનિવ્હર્સિટિના એમ. એ. એલએલ. બી. હોઈ પછી ઈંગ્લંડ અમેરિકામાં કેળવણી સંબન્ધી જ્ઞાન મેળવી આવ્યા છે.

પણ ચુસ્ત સીખ છે, અને પોષાકમાં ઘણા જ સાદા છે તે એટલે સુધી કે ઢીંચણ સુધી ચોરણો, અને શરીર ઉપર માત્ર એક વિશાળ પછેડો, અને માથાબાંધણું—એટલાં જ એમનાં વસ્ત્ર છે. આ વસ્ત્ર સાથે એ ધર્મનો ઉપદેશ કરે છે ત્યારે ગુરુ નાનક વગેરેનાં પદ ગાય છે અને શ્રોતાઓ પાસે ગવડાવે છે. અંગ્રેજી ભણેલાઓની સ્થિતિ કઢંગી થઈ પડે છે અને ઘણાને હાસ્ય પણ આવે છે. પણ ધર્મ એ જેને મન 'convention' નથી, પણ સાચી વૃત્તિથી 'લોક-લાજ' ખોઈને પણ સાધવા જેવો જીવનનો પદાર્થ છે, તેને એમનાં કીર્તન ગમે એવાં છે. એમના ઉપદેશનું સામાન્ય સ્વરૂપ સીખ ગુરુઓના ઉપદેશ તરફ વારંવાર ઢળતું, પણ સર્વ ધર્મમાં પરમાત્મા એક છે અને એના સાક્ષાત્કાર માટે કામ, ક્રોધ, અભિમાન વગેરે શત્રુ જીતવા જોઈએ પ્રકારનું હોય છે. તે રાત્રે આપણી તરફના પ્રસિદ્ધ સંગીતશાસ્ત્રી ખર્વેનું સંગીતશાસ્ત્ર ઉપર થોડુંક વ્યાખ્યાન, અને તે સાથે એમના બે ચિરંજીવીઓનાં સંગીત થયાં. સંગીતમાં ગાયન, વાદન અને અભિનય ત્રણેનું મિશ્રણ અને એકતા હોવાં જોઈએ એમ "तुम जागो मोहन प्यारे" એટલી કડી લઈ એને જુદી જુદી રીતે ગાઈ બતાવીને શ્રોતાઓને ઠીક ગળે ઊતાર્યું. ભાષણ શ્રોતાઓને રસિક થઈ પડયું હતું, પણ મારે તે જ રાત્રે મુંબાઇ સેનેટ અને 'બોર્ડ ઑફ સ્ટડીઝ'ની મિટિંગમાં હાજર રહેવા માટે નીકળવાનું હતું એટલે રસને અડધે ઘૂંટડે ઊઠવું પડયું.

તા. ૨૮ છેલ્લે દિવસે—મિસિસ બેસન્ટે 'બાલક' વિષય ઉપર કેળવણીને લગતું ભાષણ આપ્યું, અને 'એક્સ્ટેન્શન લેક્ચર્સ' યાને લોકોપયોગી જ્ઞાનવિસ્તારિણી વ્યાખ્યાનમાળાની શરૂઆત કરી.

મારા ગૂજરાતી ભાઈઓને આ તરફ ચાલતી પ્રવૃત્તિઓનો ખ્યાલ આવે તે માટે જ મ્હેં નોંધ લંબાણથી કરી છે. એ વાંચતાં કંટાળો આવે તો તે સહન કરીને પણ દેશના બીજા ભાગોમાં શું શું કાર્ય થાય છે તે તેઓ જોશે અને વિચારશે એમ આશા છે.

[વસન્ત: વર્ષ ૧૮, અંક ૧૦, કાર્તિક, સં. ૧૯૭૯]

બનારસ હિન્દુ યુનિવ્હર્સિટિ

કાશી

બનારસ—વારાણસી—અને વધારે પ્રાચીન અને વધારે રૂઢ શબ્દથી નિર્દેશ કરીએ તો કાશી એ હિન્દુ ધર્મવાસનાનું કેન્દ્ર છે. એક અનાર્ય * કરવતથી માંડી સકલવાસનોચ્છેદ પર્યન્તનો મોક્ષધર્મ અહીં ઉપદેશાયો છે; અશ્વમેધાદિક અગણિત યાગ આ ભૂમિ ઉપર થયા છે; અને ભક્તિ અને જરાથી નમ્ર બનેલાં અસંખ્ય મનુજશરીરો ગંગાજીમાં સ્નાન કરી પાપના ભારથી હલકાં થવા તથા શ્રીવિશ્વેશ્વરનાં દર્શન કરવા હજારો ગાઉથી, હજારો વર્ષથી, અહીં આવ્યાં જ કરે છે! કાશીને આમ હિન્દુધર્મનાં સઘળાં તીર્થોમાં સર્વોત્કૃષ્ટ સ્થાન મળ્યું છે તેનું કારણ શું ? અત્યારની ગંદકી નજર આગળથી લોપી નાખીએ, અને એને મૂળરૂપે 'ઉત્તરવાહિની ગંગા' ને તીરે આવેલું એક સુન્દર પ્રકૃતિનું અને પ્રકૃતિના મહાપુરુષ પરમાત્માનું નિવાસસ્થાન કલ્પીએ તોપણ એટલાથી આ સર્વોત્કૃષ્ટતાનો ખુલાસો થતો નથી; કારણ કે એવાં જ, બલ્કે એથી અધિક સુન્દર અને ભવ્ય સ્થાનો હિન્દુસ્થાનમાં બીજાં ઘણાં છે. વળી વિશેષ : વેદની સંહિતામાં એનો ઉલ્લેખ નથી, મનુસ્મૃતિના 'બ્રહ્માવર્ત' માં પણ એ આવેલું નથી, બલ્કે 'મધ્યદેશ' માં પણ આવેલું નથી. છતાં, આ સ્થાનનું આટલું

---

* 'મેલ કરવત મોચીના મોચી' એ પ્રાકૃત કહેવતમાં ઉલ્લેખાતું કાશીનું કરવત.

ગૌરવ કેમ ? આ પ્રશ્નનો ઉત્તર હિન્દુધર્મના સ્વરૂપ સાથે જોડાએલો છે. વિચારતાં જણાશે કે આપણે જેને ‘ હિન્દુધર્મ ’ કહીએ છીએ એ સિન્ધુ નદીના પ્રદેશનો ‘ બ્રહ્માવર્ત ’ કે બ્રહ્મર્ષિદેશનો, અથવા તો મનુસ્મૃતિના ‘ મધ્યદેશ ’ નો જ—એટલે કે ત્યાં ઉત્પન્ન થએલો અને બંધાએલો ધર્મ નથી. એ ધર્મ મનુસ્મૃતિ જેને ‘ **આર્યાવર્ત** ’ કહે છે એ ભૂમિમાં આર્યો જે સમય સુધીમાં જામી ગયા તે સમય સુધીના સમગ્ર ધર્મના સ્વરૂપનું નામ છેઃ જે રીતે ‘ વેદ ’ એ ઋગ્વેદનાં સૂક્તોનું જ કે ચાર વેદની સંહિતાનું જ નામ નથી, પણ મંત્ર, બ્રાહ્મણ અને ઉપનિષદ્—એ સમગ્ર ગ્રન્થસમૂહનું નામ છે તે રીતે. અને તેથી મનુસ્મૃતિના ‘ આર્યાવર્ત ’નું જે મધ્યસ્થાન એ જ હિન્દુ-ધર્મનું મધ્ય સ્થાન, હિન્દુઓની ધર્મવાસનાનું કેન્દ્ર, અને તેથી જ મગધવાસી બુદ્ધભગવાનનું ધર્મચક્રપ્રવર્તન પણ અહીંથી જ.

પણ કોઈ પૂછશે કે ત્યારે દક્ષિણ હિન્દુસ્થાન યાને દ્રવિડ દેશનું શું ? એનો ઉત્તર કે દ્રવિડ દેશ ક્રમે ક્રમે ઘણે ભાગે આર્ય લોકોથી જ વસી ગયો, અને એણે પૂર્વોક્ત ‘ આર્યાવર્ત ’નો જ ધર્મ (એટલે કે ‘ સંસ્કૃતિ, ’ કારણ કે આપણા ‘ ધર્મ ’-શબ્દનો અર્થ Civilization ‘સંસ્કૃતિ ’ થાય છે.) સ્વીકાર્યો, જેનો પુરાવો આપણાં ઇતિહાસ અને પુરાણોની કથામાં ત્યાંના નગરોની અને લોકોની સંજ્ઞામાં ત્યાંના ધર્મના સામાન્ય તેમજ વિશેષ સ્વરૂપમાં, થોકબંધ મળે છે. ઉત્તર હિન્દુસ્તાન પ્રત્યેનું આ દેવું દક્ષિણ હિદુસ્થાને એના ધાર્મિક ગ્રન્થોથી ધાર્મિક પ્રવૃત્તિઓથી, ધર્મના સંરક્ષણથી અને સૌથી વિશેષે કરીને તો વેદભાષ્યકાર સાયણાચાર્ય અને આચાર્યત્રિપુટી—શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, અને વલ્લભાચાર્ય—ઉત્પન્ન કરીને વાળી આપ્યું. પણ ધાર્મિક ગ્રન્થો, પ્રવૃત્તિઓ, અને દેશનામાં આધાર અને બીજરૂપ તો પૂર્વોક્ત આર્યાવર્તનો જ ધર્મ, અને એની જ ધાર્મિક કૃતિઓ. વળી શંકરાચાર્યાદિકનું જન્મસ્થાન બલ્કે અડધું વિદ્યાસ્થાન (alma matar) કદાચ દ્રવિડ દેશ

પણ એમનું પરીક્ષાસ્થાન (Examination Hall), એમના જ્ઞાનની પરિપૂર્તિ, તો કાશીમાં જ, એમનો અને અન્ત્યજરૂપધારી શિવજીનો સંવાદ તે અહીં જ, અને રામાનુજાચાર્યની શિષ્યપરંપરામાં રામાનન્દજીએ 'ભાષાયુગ' અને 'સંતયુગ' નો પ્રથમ દુન્દુભિ વગાડ્યો તે આ જ સ્થળે.

કાશીનો ઉપર જણાવેલો ઇતિહાસ જોતાં જણાશે કે કાશી તે માત્ર રૂઢ ધર્મનું જ સ્થાન નથી-પણ હિન્દુસ્થાનના ત્રણ મ્હોટા ધાર્મિક સુધારાના યુગ-ગૌતમબુદ્ધનું ધર્મચક્રપ્રવર્તન, શંકરાચાર્યની અદ્વૈતદેશના, અને રામાનન્દનો 'ભાષા' માં ઉપદેશ-એ ત્રણેના આરંભ આ સ્થળેથી થયા છે.

વળી કાશી તે ધર્મસુધારાનું ઉપદેશનું સ્થાન હોવા ઉપરાંત, હિન્દુસ્થાનનું અતિ પ્રાચીન કાળથી ચાલતું આવેલું 'વિશ્વવિદ્યાલય' છે: એથન્સ એલેક્ઝાન્ડ્રિયા અને કોર્ડોવા વિદ્યાપીઠ તરીકે નામશેષ થઈ ગયાં, ત્યારે એ સર્વથી પુરાણું આ વિદ્યાસ્થાન હજી પણ વિદ્યાસ્થાન તરીકે જીવતું છે.

સેન્ટ્રલ હિન્દુ કૉલેજ

આવા પૂર્વવૃત્તવાળી પુરી હિન્દુસ્થાનના વર્તમાન યુગને અનુરૂપ વિદ્યા અને ધર્મોત્થાનનું સ્થાન બને એ એના પ્રારબ્ધને તેમજ હિન્દુઓના એ પુરી પ્રત્યેના માનભર્યા મમત્વને અનુસરતું હતું. પણ હિન્દુસ્થાનને હાલની નવી દુનિયાને અનુકૂલ બનાવવાનું જેમ બ્રિટિશ પ્રજાને હાથે જ પ્રભુએ નિર્મ્યું હતું, તેમ આ કાશીને નવા યુગને અનુરૂપ વિદ્યા અને ધર્મોત્થાનનું સ્થાન બનાવવાની પ્રેરણા પણ જગન્નિયન્તાએ એક અંગ્રેજ બાઈ—મિસસ બેસન્ટ—નીજ બુદ્ધિમાં પ્રથમ કરી. પોણોસો સો વર્ષ ઉપર બ્રિટિશ રાજ્યકર્તાઓએ હિન્દુસ્થાનમાં નવા રાજ્યતન્ત્રની જે સંસ્થાઓ દાખલ કરી, તે અત્યારે પોતાને માથે ઊપાડી લેવા અને વિસ્તારવા હિન્દુસ્થાનની પ્રજા તૈયાર થઈ ગઈ છે, તેવી રીતે મિસિસ બેસન્ટે પ્રાચીન-

અને અર્વાચીન—પૂર્વ અને પશ્ચિમની—કેળવણીનો સમન્વય કરવા અહીં જે સેન્ટ્રલ હિન્દુ કૉલેજ સ્થાપી, તેને હિન્દુ પ્રજાએ પોતાને હસ્તક લઈ એમાંથી મ્હોટી હિન્દુ યુનિવ્હર્સિટી રચી છે. એ માટે પ્રથમ માન મિસિસ બેસન્ટને ઘટે છે.

બ્રિટિશ રાજ્ય કે દેશી રજવાડાઓના આશ્રય વિના સામાન્ય પ્રજાના હૃદયને આકર્ષીને મિસિસ બેસન્ટે કેવું સુંદર કાર્ય કર્યું છે એનો ખ્યાલ લાવવા એકાદ સાંઝે સેન્ટ્રલ હિન્દુ કૉલેજનાં મકાન અને મેદાન ઉપર નજર નાંખવાની જરૂર છે. ફુટબૉલ, ક્રિકેટ, ટેનિસ વગેરે અંગકસરતની રમતો રમતા વિદ્યાર્થીઓથી શોભતું વિશાળ મેદાન, એની બે બાજુએ કમરપૂર દીવાલ અને બીજી બે બાજુએ કૉલેજનાં સુન્દર મકાન, અને એ મકાનના બે કોણ ઉપર અસાધારણ સુન્દરતા અને વિશાળતાવાળાં 'હોસ્ટેલ' યાને છાત્રાલયો—સહુ એક અત્યન્ત મનોહર દેખાવ આપે છે. મકાનો વિગતવાર અંદર ફરીને જોઈએ તો એમાં બેત્રણ ખંડ ખાસ ધ્યાન ખેંચે છે. એક 'કાશી-નરેશ હૉલ' એ એક બાજુએથી તદ્દન ખુલ્લો અને અસલી કચેરીના ઘાટનો છે, પણ તે વિશાળ છે, અને તે એક બાજુએ ખુલ્લો હોવાથી વધારે વિશાળ બને છે. સાધારણ રીતે મ્હોટા મેળાવડા ભરવાના કામમાં એ લેવાય છે. એની સાથે જોડાએલી ખુલ્લી અગાશીનાં પગથિયાં ઊતરતાં જ મિસિસ બેસન્ટે સ્થાપેલું સરસ્વતીનું મન્દિર છે. કુભાગ્યે એ શાળાના પાછળના ભાગમાં આવેલું હોઈ વિદ્યાર્થીઓ એ તરફ કદી પણ જતા દેખાતા નથી.

બીજો એક મ્હોટો હોલ લંડનમાં ગૂજરી ગએલા એક શર્મા નામે હિન્દી ગૃહસ્થની સખાવતથી બંધાયો છે. 'શર્મા હૉલ' નામે એ ઓળખાય છે. એ લંબચોરસ છે, અને ઈશ્વરસ્તવનના કાર્ય માટે વપરાય છે. વક્તાની ભૂમિકાની સામે જ કાચની બારીમાં શેષશાયી ભગવાનનું ચિત્ર છે, અને પાસે 'सत्यान्नास्ति परो धर्मः' એવો મુદ્રાલેખ છે. બાજુએ દીવાલ ઉપર રાજા રામમોહનરાય, સ્વામી

વિવેકાનન્દ વગેરેની છબીઓ લટકાવી છે, પણ તે દેખાવે ગરીબ અને અવ્યવસ્થિત રીતે ગોઠવાએલી હોઈ હૃદય ઉપર અસર કરતી નથી. કૉલેજના જ મેદાનમાં પણ એક જુદા મકાનમાં 'કાશીનાથ ત્ર્યમ્બક તેલંગ લાયબ્રેરી' છે. એ લાયેબ્રેરીનો મૂળ ભાગ આપણા પ્રિય વિદ્વાન સ્વર્ગસ્થ મિ. જસ્ટિસ તેલંગના ચિરંજીવી રા. પી. કે. તેલંગે કૉલેજને સમર્પી દીધો છે, અને તેથી તે યોગ્ય રીતે એ મહાપુરુષનું નામ ધારણ કરે છે. પાછળથી એ લાઈબ્રેરીનાં પુસ્તકોમાં વધારો થયો છે, પણ મૂળ સમર્પણમાં રહેલી ઉદારતા થોડી નથી.*

પણ આ સર્વ ભૂમિ અને મકાન, સ્કૂલને અથવા કલકત્તા યુનિવ્હર્સિટિ કમિશનમાં કહી છે તેવી એક ઈન્ટરમીડિયેટ કૉલેજ છૂટી પાડી એ કૉલેજને સોંપી દેવામાં આવશે, અને મુખ્ય કૉલેજ તથા કૉલેજના બી. એ, બી. એસસી. અને તે પછી અભ્યાસના વર્ગ બનારસ હિન્દુ યુનિવ્હર્સિટિનાં નવાં બંધાએલાં—વધારે યથાર્થતાથી બોલીએ તો બંધાતાં—મકાનોમાં જશે.

હિન્દુ યુનિવ્હર્સિટિ અને વિશ્વવિદ્યાલય

કાર્યની સુન્દરતા માટે મિસિસ બેસન્ટની સેન્ટ્રલ હિન્દુ કૉલેજ જુવો, તો એની ભવ્યતા માટે પંડિત મદનમોહન માલવીયની નવી 'હિન્દુ યુનિવ્હર્સિટિ' જોજો. એ સ્વદેશભક્ત, સ્વધર્મભક્ત, અને પ્રભુ-ભક્ત મહાપુરુષે કેવી અદ્ભુત પ્રતિભાશક્તિથી કેવા વિશાળ કાર્યની રેખા દોરી છે, એમાંથી કેટલું બધું કેવા ભગીરથ પ્રયત્નથી સિદ્ધ કર્યું

---

* એવો પ્રસંગ બન્યો કે મ્હે એ લાઇબ્રેરીમાંથી પહેલવહેલું જે પુસ્તક લીધું (दशरूप) એ ઉઘાડતાં જ એમાં સ્વ. કાશીનાથ તેલંગને પોતાને હાથે "Kashinath Trimbak Telang Elph. Coll. 1871." એવા શબ્દો અને એની નીચે दशरूपમાં ઉતારેલા શ્લોકનાં મૂળ નાટકોનાં નામની યાદી વાંચ્યાં! આ દૃષ્ટિએ પડતાં જ દેશકાળ અને મનુષ્યવ્યક્તિના પ્રારબ્ધની બલિહારી વિષે અનેક વિચારો આવ્યા.

છે, અને હજી કેટલું બધું અનેકગણું વધારે સાધવા એ ઉત્સુક છે, અને એ સિદ્ધ થશે જ એમ હૃદયમાં કેવી પ્રબળ અવિચળ બલ્કે ધાર્મિક શ્રદ્ધા એ ધરાવે છે—એ તો આ સ્થળે આવીને અને એમની જોડે નિકટ સંબન્ધમાં રહીને અને કાંઈક સહાનુભૂતિથી જે જુવે તેને જ પૂરેપૂરૂં સમઝાય એવું છે. દૂરથી ખ્યાલ લેવા ઇચ્છનારને તો માત્ર દ્રવ્યની પરિભાષામાં જ જણાવી શકાય કે—આ સંસ્થા માટે એક કરોડ રૂપિયા (એથી કાંઈક અધિક) ભરાઈ ગયા છે, સાઠ લાખ વસૂલ થઈ ગયા છે, અને વર્ષે દહાડે પચીસ લાખની ઊપજ આવે એવડી ('મ્હોટી?') રકમ જમે થઈ જાય તો પંડિતનો આત્મા કૃતકૃત્યતાનો સન્તોષ પામે! × આ આશા ઘણાને ગગન-વિહારિણીની લાગશે, પણ તે આ પૃથ્વીને સ્પર્શ કરતી નથી એમ ધારવામાં આવતું હોય તો તે ભૂલ છે. સામાન્ય જનોને જ્યાં દસવીસ હજારની ટીપ ભરાવવી મુશ્કેલ પડે છે, ત્યાં પંડિતજીની વિનયનમ્ર, સ્મિતમધુરી અને ઉત્સાહજ્વલન્ત વાણી લાખો રૂપિયા વિના આગ્રહે અને સરળતાથી ખેંચે છે, અને તેથી જ દ્રવ્યની સાથે એમની યુનિવ્હર્સિટિની ભાવના પણ વિશાળ—બલ્કે દ્વિગુણ ગતિથી વિશાળ—થતી જાય છે. યુનિવ્હર્સિટિએ (નગવા ગામ પાસે) એક માઇલ પહોળી અને બે માઇલ લાંબી જમીન રોકી છે. એના ઉપર ધમધોકાર લાખોના ખર્ચથી દેશી એન્જિનિયરોની દેખરેખ નીચે (૧) કોલેજો, (૨) પ્રયોગશાળાઓ અને કારખાનાંઓ, (૩) પ્રોફેસરોને રહેવાના ન્હાના મ્હોટા બંગલાઓ, (૪) વિદ્યાર્થીઓ માટે 'હોસ્ટેલો' યાને છાત્રાલયો બંધાય છે. આખી ભૂમિને બલ્કે આખા કાશીનગરને વીજળી પૂરી પાડી શકે એવું 'પાવર હાઉસ" પણ તૈયાર થયું છે. પાસે સામાનસરંજામની મોદીઓની દુકાનો થશે; એટલું જ નહિ, પણ આ મહાન કુલપતિના આશ્રમમાં સૌને ચોખ્ખું દૂધ મળી શકે

× આ એક જ વર્ષમાં ચાળીસ લાખ એકઠા કરવાની જરૂર છે. ગૂજરાત એમાં ભાગ નહિ આપે?

તે માટે ગોશાળાઓ પણ બંધાશે, અને અત્યારે સેંકડો ગૌ અને શાળા બંનેને માટે સંકલ્પો અને વચનો આપવા લાગ્યાં છે.

યુનિવ્હર્સિટિની આ બાહ્ય આકૃતિની સાથે, એનું મુખ્ય કાર્ય —એનો આત્મા જે વિદ્યાદાન એને માટે શી યોજના છે એ જણાવવું જોઈએ.

અત્યારે યુનિવ્હર્સિટિમાં છોકરાઓ અને છોકરીઓની સ્કૂલ ઉપરાંત સેન્ટ્રલ હિન્દુ કૉલેજ, ઓરિયન્ટલ કૉલેજ ('પ્રાચ્ય વિભાગ'), થિયોલૉજિકલ કૉલેજ, (ધર્મ વિભાગ),ટીચર્સ કૉલેજ અને એન્જિનિયરિંગ કૉલેજ એટલી કૉલેજો છે. એમાંની પહેલી બે જામી ગઈ છે, ત્રીજી આપણે ઇચ્છીએ છીએ તેવી સન્તોષકારક સ્થિતિમાં નથી, કારણ કે કેવળ પ્રાચીન પંડિતોને હાથે એનો વહીવટ ચાલે છે, ચોથી અને પાંચમીનો હમણાં જ આરંભ થયો છે. આ ઉપરાંત અત્યારે એક કૉમર્સ (વેપાર) ની અને ઍગ્રિકલ્ચર (ખેતી)ની એમ બે કૉલેજો કાઢવાનો ઇરાદો છે. યુનિવ્હર્સિટિનું બંધારણ લોકમતના વર્તમાન યુગને શોભે એવું છેઃ આપણે ત્યાંના જેવી 'સેનેટ' અને 'સિન્ડિકેટ' ઉપરાંત નાણાં સંબન્ધી અધિકાર ધરાવતી એક 'કાઉન્સિલ' છે, અને સર્વના ઉપર 'કોર્ટ' નામનું મંડળ છે. યોગ્યતા પ્રમાણે કામની વ્હેંચણી બહુ સુન્દર છે; જેમકે 'બોર્ડ ઑફ ઍપોઇન્ટમેન્ટ' યાને નીમણુક કરનારી કમિટિ ઉમેદવારોની યોગ્યતા વિષે વિચારી શકે એવા ગૃહસ્થોની બનેલી છે અને એમની ભલામણ ધ્યાનમાં લઈ પગાર ઠરાવવાનું કામ કાઉન્સિલ કે જેમાં વ્યવહારૂ અનુભવવાળા ગૃહસ્થો વિશેષ હોય છે તેમને હાથ છે.

પ્રોફેસરોના (ડેમન્સ્ટ્રેટર ઉપરાંત) ત્રણ વર્ગને—આસિસ્ટન્ટ પ્રોફેસર, પ્રોફેસર અને યુનિવ્હર્સિટિ પ્રોફેસર એ ત્રણને–પગાર એમના કામના પ્રમાણને અને વિદ્વાના પ્રમાણને અનુસરતા અને શોભતા છે, મ્હોટી યાને યુનિવ્હર્સિટિ પ્રોફેસરોની ઘણી જગ્યાઓ હજી ખાલી છે, અને જૂના ખાતાં મજબૂત કર્યા વગર નવાં ખાતાં પંડિતજી ખોલ્યા

કરે છે એવો એમના ઉપર કેટલાક જણનો આક્ષેપ છે. વળી કેટલાકનો એવો પણ આક્ષેપ છે કે હજી હિન્દુ યુનિવ્હર્સિટિમાં સ્વરૂપનિર્ણાયક કાંઈ ધોરણ જોવામાં આવતું નથી—અર્થાત્ હિન્દુ યુનિવ્હર્સિટિ એનું હિન્દુપણું યાને વિશિષ્ટતા સિદ્ધ કરે એવી કાર્યદિશા નિર્ણીત થઈ નથી. આ બંને આક્ષેપ વસ્તુસ્થિતિમાં ખોટા નથી, પણ જે છે તે અપૂર્ણ દૃષ્ટિના છે. પહેલા આક્ષેપના સંબન્ધમાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે કૉલેજ અને યુનિવ્હર્સિટિ તે એક પદાર્થ નથી. એક કૉલેજ એમાં બહુ દ્રવ્ય નાંખીને બહુ સારી રીતે ચલાવી શકાય. પણ યુનિવ્હર્સિટિનું સ્વરૂપ અને એનો ઉદ્દેશ કૉલેજ કરતાં વધારે વિશાળ છે: એની સંપૂર્ણ રેખા એક વખત દોરાઈ જાય તો એના પેટાવિભાગમાં ધીમે ધીમે રંગ પૂરાતા જશે, અને અત્યારે જે ભાગ આછા દેખાય છે તે જતે દહાડે આંખે ઊડી આવે એવા રંગભર્યા બની જશે. બીજા આક્ષેપના સંબંધમાં એ સ્મરણમાં રાખવાનું છે કે 'હિન્દુ યુનિવ્હર્સિટિ'નો ઉદ્દેશ હિન્દુ તરીકેની વિશિષ્ટતા કેળવવાનો છે, પણ તે સાથે એનું યુનિવ્હર્સિટિપણું—અર્થાત્ વર્તમાન યુગના 'વિશ્વવિદ્યાલય'-ની ભાવના—સિદ્ધ કરવાનો પણ એનો હેતુ છે: અને તેથી પ્રાચ્ય અને પાશ્ચાત્ય, પ્રાચીન અને અર્વાચીન બંને તત્ત્વોના સંમિશ્રણની જરૂર છે. બેશક, અત્યારે એ તત્ત્વો છૂટાંછૂટાં જ રહેલાં છે, પણ જતે દહાડે એમનું સંમિશ્રણ બલ્કે એકતા થયા વિના રહેશે નહિ; જે નિર્જીવ ભાગ હશે તે પાસેના ભાગથી કાં તો જીવન પામશે, અગર ખરી પડશે; સજીવ ભાગ એકબીજા ઉપર અસર કર્યા વિના અને જીવનની એ રીતે પરિણામે એકતા સંપાદન કર્યા વિના રહેશે નહિ. સહસા આ જ ક્ષણે એ એકતા બની જાય એ જીવન અને વિકાસના નિયમથી વિરુદ્ધ છે. વળી હિન્દુસ્થાનની જરૂરિયાત પરત્વે સહુ દાતાઓની સમઝણ અને રુચિ એકસરખી હોતી નથી. કોઈને એન્જિનિયરિંગની જરૂર જણાય છે તો કોઈને પ્રાચીન હિન્દનો ઇતિહાસ ઊકેલાવવાની ઇચ્છા થાય છે. જમીનદારો કૃષિશાસ્ત્રની ખીલવણી ઇચ્છે

છે, તો મધ્યમ વર્ગના જનો વેપાર અને હુન્નરઉદ્યોગનું શિક્ષણ ચાહે છે. દેશી રાજ્યો એમની ભૂમિના ખનિજ પદાર્થો શોધી આપવા માટે ભૂસ્તરવિદ્યાની કેળવણી માગે છે, તો કેટલાકનાં હૃદય સંગીત અને ચિત્રકળા તરફ વળે છે–ઇત્યાદિ. આ કારણથી અત્રે યુનિવર્સિટિમાં સર્વ વિદ્યાને સ્થાન હોઈ, એ સર્વ દાન સ્વીકારવામાં આવે છે. બેશક, પંડિતજીના સહધુરન્ધર સર સુન્દરલાલ જીવતા હોત તો દ્રવ્યની વ્યવસ્થાનું અને સામાન્ય વહીવટનું કામ વધારે સારી રીતે થઈ શકત એમ ઘણાનું કહેવું છે. પણ આ ખોટ પંડિતજી પોતે જેવી સમજે છે તેવી કોઈ સમઝતું નથી, અને સર સુન્દરલાલના સ્મરણ સાથે એમના નેત્રમાં જેવાં અશ્રુ આવે છે તેવાં કોઈને આવી શકે એમ નથી. પંડિતજીની સાથે રહીને એ શાન્ત અને કાર્યકુશળ વિદ્વાને આ યુનિવર્સિટિનું સ્વરૂપ બાંધવામાં, એના કાનૂનો ઘડવામાં, તેમજ અંગ્રેજ અધિકારીઓની સહાનુભૂતિ અને પરિણામે 'બનારસ હિન્દુ યુનિવર્સિટિ ઍક્ટ' મેળવવામાં જે શ્રમ, બુદ્ધિ અને એકાગ્રતાથી દેશસેવા કરી છે એ કદી વીસરાય એવી નથી. આ સાથે, સર હારકોર્ટ બટલર અને લૉર્ડ હાર્ડિંગને પણ હિન્દુ પ્રજા એમની સહાનુભૂતિ માટે થોડી આભારી નથી; તેમ દેશી રાજ્યોએ પણ આ પ્રસંગે પોતાનું કર્તવ્ય સમઝવામાં હાથ સંકોચ્યો નથી — એ વાત નોંધવી જોઈએ.

[વસન્ત, વર્ષ ૧૮, અંક ૯, આશ્વિન, સં. ૧૯૭૫]

પ્રો. કર્વેનું 'મહિલા વિશ્વવિદ્યાલય'

પ્રો. કર્વેનું સમસ્ત હિન્દ માટેનું '**મહિલા વિશ્વવિદ્યાલય**' કેવું ચાલે છે એ ઉપર સ્ત્રીકેળવણીમાં રસ લેનાર સર્વ દેશહિતચિન્તકોનું લક્ષ્ય રહે છે. એ સંસ્થાના છેલ્લા રિપોર્ટમાં એકબે જાણવા જેવી હકીકત પ્રકટ થઈ છે. કેટલાકની આજ પર્યન્ત એવી સમઝણ હતી કે એ સંસ્થા વસ્તુતઃ પૂના માટે જ છે, અને જોકે સમસ્ત હિન્દ પાસેથી એ માટે નાણાં એકઠાં કરવામાં આવે છે તથાપિ નાણાંનો લાભ પૂનાની સ્ત્રીશાળા જ લે છે! પ્રો. કર્વેને ઓળખનાર કોઈ પણ જનને આવો ભ્રમ ઉત્પન્ન થવો ન જોઈએ, તથાપિ સામાન્ય મનુષ્યસ્વભાવ મનુષ્યની સારાઈ માટે ઘણીવાર શંકાશીલ રહે છે. આ શંકાનું આ રિપોર્ટમાં બહુ સ્પષ્ટ નિરાકરણ કરવામાં આવ્યું છેઃ આ 'મહિલા વિશ્વવિદ્યાલય' ફંડ પૂનાની સ્ત્રીશિક્ષણની શાળાઓનાં ફંડથી તદ્દન નિરાળું છે અને એનો 'વિશ્વવિદ્યાલય'ના કામમાં જ ઉપયોગ થાય છે—અર્થાત્ પૂનાની સ્ત્રીકેળવણીની શાળાઓ 'એ વિશ્વ-વિદ્યાલય'ના અંગમાં પડીને એ સંસ્થાનો જેટલો લાભ લઈ શકે તેટલો જ લાભ ગૂજરાતની શાળાઓને પણ શક્ય છે. 'ગાંડી ગૂજરાત' સ્વત્વાભિમાન ન કેળવી જાણે એ એનું ગાંડપણ છે, પણ એ સ્વત્વાભિમાનના કારણથી ન પોતાનું વિશિષ્ટ સંગીત રચે કે ન અન્ય સંગીતમાં પોતાનો સૂર મિલાવે એ તો ગાંડપણ સાથે ફુવડપણું મેળવવા જેવું થાય છે. ગૂજરાતનું સ્ત્રીશિક્ષણ દક્ષિણના સ્ત્રીશિક્ષણ સાથે મુકાબલામાં બેશી શકે એવું નથી—એમ કહેવાનું તાત્પર્ય નથી.

ગૂજરાતમાં અમદાવાદ, સૂરત, મુંબાઈ વગેરે અનેક સ્થળે સ્ત્રીકેળવણીના અનુકરણીય પ્રયત્નો થાય છે. પરંતુ એ પ્રયત્નોની વિવિધતામાંથી સ્ત્રીકેળવણીની બેત્રણ વિશિષ્ટ જાતિ—types—હવે જામવી જોઈએ: એક **સરકારી પદ્ધતિની સ્ત્રીકેળવણી**—જેમાં લોકમતને અનુસરીને સઘળા ફેરફાર દાખલ કર્યા છતાં—બેત્રણ લક્ષણ કાયમ રહે છે: એક તો એ કે મુંબાઈ યુનિવ્હર્સિટિની મૅટ્રિક્યુલેશન પરીક્ષાથી એની આકૃતિ થોડીઘણી પણ નિમાયલી રહે છે જ; બીજું, હિન્દુ, પારસી, ખ્રિસ્તી વગેરે કોમના ગૃહસંસારી ભેદ ઉપર—સ્વાભાવિક રીતે જ—એ લક્ષ્ય આપી શકતી નથી; અને ત્રીજું, સરકારી અન્ય શાળાઓની માફક—બલ્કે સમસ્ત પશ્ચિમના સુધારાની માફક—આમાં ગરીબ કરતાં તવંગરની અનુકૂળતા વિશેષ જોવાય છે. બીજી સ્ત્રીશિક્ષણની એક જાતિ **વનિતાવિશ્રામની શાળાઓ**માં પ્રકટ થાય છે. આ શાળાઓનો વહીવટ બહુ ભાગે સરકારી શાળા જેટલો તેજીદાર જોવામાં આવતો નથી, અને પશ્ચિમના સુધારાનો પવન બરાબર ઝીલે એવા એના સઢ બાંધેલા હોતા નથી—પણ આ જ એનો ગુણ અને એની વિશિષ્ટતા છે. આ શાળાઓને વધારે કાર્યક્ષમ કરવા માટે એમાં ઘણું કરવા જેવું છે, તથાપિ સ્ત્રીશિક્ષણશાળાની એક વિશિષ્ટ જાતિ તરીકે આ રાખવા જેવી—માત્ર નભાવવા જેવી જ નહિ, પણ આદરપૂર્વક વિકસાવવા જેવી છે. અમુક નિયન્ત્રિત અનુકૂળતાવાળી સ્ત્રીઓને એ બહુ ઉપયોગી છે, તથા આપણા દેશની વિશિષ્ટ સંસ્કૃતિનો એમાં ખાસ સ્વીકાર છે. પૂર્વોક્ત બે જાતિની વચમાંની એક ત્રીજી જાતિ ઉત્પન્ન કરવાનો હાલમાં કેટલેક સ્થળે પ્રયત્ન ચાલે છે—જેમકે, અમદાવાદમાં સૌ. બ્હેન શારદાની દેખરેખ નીચે ચાલતી શાળામાં. સરકારી શાળાઓમાં અપાતું શિક્ષણ કેટલાંક અનિવાર્ય કારણથી લોકને જોઈએ તેવું અનુકૂળ થતું નથી તે માટે આ જાતની શાળાની જરૂર છે. આવી શાળાઓ પ્રો. કર્વેની યુનિવ્હર્સિટિ સાથે જોડાવા માટે ખાસ યોગ્યતા ધરાવે છે. એ શાળાઓ પોતાનું

સ્વતન્ત્ર સ્વત્વ જમાવે એ ઇષ્ટ છે, પણ તેમ કરવામાં હું નથી ધારતો કે પ્રો. કર્વેની યુનિવ્હર્સિટિ સાથે જોડાવાથી બાધ આવે. જોડાવાથી લાભ એ થશે કે–આપણા પ્રાન્તમાં સ્ત્રીકેળવણીના કાર્યને ઘણી શક્તિ અને ગતિ મળશે, અને અત્યારે જે છૂટાછવાયા અને વીખરાએલા સ્ત્રીકેળવણીના પ્રયત્નો થાય છે તે એકતા અને બળ પામી એનું એક વિશિષ્ટ સ્વરૂપ બંધાશે, અને એમાંથી 'યુનિવ્હર્સિટિ એક્સ્ટેન્શન'ને ધોરણે કાર્યનો વિસ્તાર થઈ દેશમાં સ્ત્રીકેળવણીની એક મ્હોટી શક્તિ સ્થપાશે. જતે દહાડે વિશિષ્ટ મહત્ત્વ પ્રાપ્ત કરીને–ગૂજરાતને સ્ત્રીકેળવણીની પોતાની સ્વતન્ત્ર યુનિવ્હર્સિટિ સ્થાપવી હશે તો તે માટે તો હમેશાં અવકાશ રહે છે જ.

આ રિપોર્ટમાં એક બીજી જાણવા જેવી હકીકત એ છે કે કેળવણીના ડિરેક્ટર ઑ. મિ. જે. જી. કોવ્હર્ન્ટને આ સંસ્થા જોઈ છે, અને તે ઉપર પોતાનો અભિપ્રાય નોંધ્યો છે તેમાં માતૃભાષાદ્વારા ઉચ્ચ શિક્ષણ આપવાના પ્રયોગમાં તેમણે પોતાનો રસ દર્શાવ્યો છે.

[વસંત, વર્ષ ૧૬, અંક ૧૨, પોષ, સં. ૧૯૭૪]

મહારાષ્ટ્ર યુનિવ્હર્સિટિ

પૂનાને વિદ્વાનમંડળે મુંબઇથી અલગ પોતાની મહારાષ્ટ્ર યુનિવ્હર્સિટિની સ્થાપનાની માગણી કરીઃ તે ઉપરથી સરકારે પૂનામાં, ઇલાકાની સર્વ કૉલેજોના પ્રિન્સિપાલ, થોડીક શાળાઓના હેડમાસ્તર, કેળવણી ખાતાના અનુભવી મન્ત્રીઓ અને સરકારના વર્તમાન મુખ્ય અમલદારો—એઓની સભા ભરી. પ્રશ્નની આર્થિક બાજુ અલગ રાખી, ' Regional ' યાને તે પ્રદેશની—પ્રાદેશિક—યુનિવ્હર્સિટિઓ સ્થાપવી એ સલાહભરેલું છે કે કેમ એની ચર્ચા કરવાનો સરકારનો આદેશ હતો. ચર્ચાની પ્રસિદ્ધ થએલી હકીકત વાંચતાં જણાય છે કે ચર્ચા કથળી ગઈ. નિર્ણય ગમે તે નીકળે, પણ સહુ મળીને એક બીજાનું દૃષ્ટિબિન્દુ સમઝી વસ્તુનું પૂર્ણ સ્વરૂપ ઘડે એ આવા સંમેલનનું ફલ હોવું જોઈએ; પણ એકબીજાનું દૃષ્ટિબિન્દુ કેમ ન સમઝવું, એ જ જાણે સ્વભાવનો ઉદ્દેશ હોય એમ બે દહાડા ચર્ચા ચાલી. અને અન્તે પરસ્પર વૈમનસ્ય અને બુદ્ધિનો અંધકાર, એ સિવાય કાંઈજ પરિણામ નીકળ્યું નહિ. મૂળમાં, આ પ્રશ્નને એની આર્થિક બાજુથી અલગ કરીને વિચારવો એ જ વિષમ નિયન્ત્રણ હતું અને વસ્તુતઃ ચર્ચામાં એ નિયન્ત્રણ પળાયું નહિ એ કેવળ સ્વાભાવિક હતું. બીજું, એથી મુંબાઈ યુનિવ્હર્સિટિને ધક્કો પહોંચશે એ ભય મુંબાઈ યુનિવ્હર્સિટિના પ્રતિનિધિઓ રજુ કરે એ યોગ્ય હતું, અને મુંબાઈ યુનિવ્હર્સિટિએ અત્યારે ઔદ્યોગિક શિક્ષણનો નવો પ્રયોગ આરંભ્યો છે એ સફળ થવા દો, એ એના વ્હાઇસ ચૅન્સલરની માગણી પણ વાજબી હતી. પણ પ્રકૃત વિષયની સ્વતન્ત્ર

ચર્ચામાં આ સર્વ વિચાર બહિરંગ હતો. અન્તરંગ વિચાર—પ્રકૃત વિષયમાં વિચારવાના મુદ્દા—ખરી રીતે જોતાં આટલા જ છે કે—પ્રાદેશિક યુનિવ્હર્સિટિઓ ઈષ્ટ છે કે નહિ? ઈષ્ટ હોય તો આવી એક યુનિવ્હર્સિટિ સ્થાપવા માટે પૂના યોગ્ય છે કે કેમ? યોગ્ય હોય તો વિશેષમાં એનું સ્વરૂપ કેવું હોવું જોઈએ? અન્તર્વ્યાપી કે અન્તર્-બહિર્ ઉભયવ્યાપીઃ—અર્થાત્ પૂના માત્રમાં સમાપ્ત થતું એવું **સ્થાનિક,** પ્રાચીન ગુરુકુલ અને આશ્રમના ઢબનું? કે પૂના ઉપરાંત પૂના બહાર મહારાષ્ટ્રની કોલેજો અને સ્કૂલો ઉપર અધિકાર ભોગવતું એવું **સંગ્રાહક**? પ્રાદેશિક યુનિવ્હર્સિટિઓ સ્થાપવા સામે એક દલીલ એ કરવામાં આવી કે એથી પ્રાદેશિક વિચ્છેદ, અને પરિણામમાં પ્રાદેશિક દ્વેષ, અસૂયા, વિરોધ આદિ ભાવો વધશે અને અત્યારે દેશને એક અખંડ રાષ્ટ્ર બનાવવાની જરૂર છે તે વખતે આવો ઉપક્રમ દેશના હિતને પ્રતિકૂળ છે. આ દલીલ કરનારના ઊંચા આશય માટે અમને માન છે. પણ મુંબઈ યુનિવ્હર્સિટિ જેમાં ગૂજરાતીઓ અને દક્ષિણીઓ પોણા સૈકાથી સાથે બેસીને કામ કરે છે ત્યાં જો તેઓ એક છે તો મહારાષ્ટ્રની જુદી યુનિવ્હર્સિટિ સ્થાપવાથી એમની એકતામાં ભંગ થવાનો નથી; અને ત્યાં જો એમનો વિરોધ છે અને એ વિરોધ આટલા લાંબા સમાગમથી પણ શમ્યો નથી, તો તે લઢતા ભાઈઓને છૂટા પાડવા એ જ શ્રેયસ્કર માર્ગ છે. અમને યુનિવ્હર્સિટિના આ પ્રશ્નમાં જ જ્યાં વિદ્યાના ઉત્કર્ષનાં સાધનોનો જ વિચાર કરવાનો છે, ત્યાં આ બહિરંગ દૃષ્ટિબિન્દુ દાખલ કરવું યોગ્ય દીસતું નથી.

પૂના આવી યુનિવ્હર્સિટિ સ્થાપવા માટે યોગ્ય સ્થાન છે, અને ભવિષ્યમાં ગૂજરાત માટે વિચાર કરવામાં આવે તો એ પણ લગભગ યોગ્ય છે અને યોગ્યતામાં જેટલી ખામી છે એ સ્હેલાઈથી પૂરી પાડી શકે એવી સ્થિતિમાં એ છે—એમ અમારૂં માનવું છે.

સામાન્ય રીતે યુનિવ્હર્સિટિનું ઉત્તમ સ્વરૂપ તો સ્થાનિક, એટલે કે આપણાં પ્રાચીન ગુરુકુલ અને આશ્રમના જેવું હોય, એ જ.

પરંતુ સ્થાનિક યુનિવ્હર્સિટિઓ આર્થિક દૃષ્ટિએ બહુ મોંઘી પડે છે, એથી એ દુષ્કર છે; અને બીજું, આપણા વિશાળ દેશમાં યુનિવ્હર્સિટિઓને કેવળ સ્થાનિક કરવાથી આવી મોંઘી યુનિવ્હર્સિટિઓ પણ અસંખ્ય રચવી પડે એટલે અગતિકતાથી ઘણી યુનિવ્હર્સિટિઓને અન્તર્-બહિર્ (affiliating) ઉભયવ્યાપી કર્યા વિના છૂટકો નથી. આપણી યુનિવ્હર્સિટિઓને મુખ્ય ઉપજ સ્કૂલોની મૅટ્રિક્યુલેશન પરીક્ષાની હોય છે અને એ ઉપજની મદદથી સર આશુતોષ મુકરજીએ કલકત્તાની યુનિવ્હર્સિટિમાં ઉચ્ચતમ (Post-gradute) શિક્ષા-વિભાગ ઉઘાડ્યો—જેના ફળરૂપે વિદ્યાના વિષયમાં આપણા સ્વદેશી વિદ્વાનોનું 'સાયન્સ કૉન્ગ્રેસ', 'ફિલોસૉફિકલ કૉન્ગ્રેસ', 'ઈકૉનોમિકલ કૉન્ફરન્સ', 'ઑરિયન્ટલ કૉન્ફરન્સ', વગેરે મંડળમાં અગ્રસ્થાન જોવા આપણે ભાગ્યશાળી થયા છીએ. આમ હોઈ, પૂના યુનિવ્હર્સિટિને બદલે 'મહારાષ્ટ્ર યુનિવ્હર્સિટિ' રચવાનો પૂનાના વિદ્વન્મંડળનો ઉપક્રમ છે.

પણ આ કાર્ય માટે એ મંડળે બહુ દુર્ભાગી મુહૂર્ત પસંદ કર્યું છે. અત્યારે સરકાર કે પ્રજા યુનિવ્હર્સિટિ માટે બહુ ધન કાઢી શકે એવી સ્થિતિમાં નથી, અને અમે ઉપર કહ્યું તેમ આ પ્રશ્નમાં એની આર્થિક બાજુ એનું પ્રધાન તત્ત્વ છે અને તે પ્રશ્નના વિચારમાં અલગ કરી શકાય એમ નથી. બીજું—પૂનાના ભાઈઓએ આ પ્રશ્નને પોતા માટે જ ઉપસ્થિત કરીને અન્ય પ્રદેશના લોકોને નારાજ કર્યા છે, એટલું જ નહિ પણ વસ્તુતઃ પોતા પૂરતો જ પ્રશ્ન ઊઠાવીને પ્રશ્નને સાંકડો કરી નાંખ્યો છે, અને ભવિષ્યમાં ઈલાકાના બીજા વિભાગોમાં યુનિવ્હર્સિટિ સ્થાપવાનો વખત આવે ત્યારે સરકારની મદદ માટે અત્યારથી શી યોજના થવી જોઈએ, એનો વિચાર પણ ઉપસ્થિત કર્યો નથી. કેવળ પૂનામાં ખળભળાટ કરવાને બદલે આખા ઈલાકામાં ઉચ્ચ શિક્ષણની ઉન્નતિ અને વિસ્તાર કરવાનો મહાપ્રશ્ન ઊઠાવ્યો હોત તો એ ઉદારતાનો બદલો અમને મળ્યા વિના રહેત નહિ. 'હું અને મ્હારૂં'ના ભાવથી આપણી કેટલી યોજનાઓ છિન્નભિન્ન થઈ જાય છે !

[વસંત, વર્ષ ૩૨, અંક ૨, ભાદ્રપદ, સં. ૧૯૮૯]

ગૂજરાત યુનિવ્હર્સિટિ*—૧

ગૂજરાત વ્હર્નાકયુલર સોસાઈટિના ઉત્સાહી સેક્રેટરી રા. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખે થોડાક માસ ઉપર 'બુદ્ધિપ્રકાશ'×ના વધારારૂપે એક ગૂજરાતી યુનિવ્હર્સિટિની યોજના બહાર પાડી હતી. ગૂજરાતીને યુનિવ્હર્સિટિમાં સ્થાન મળ્યા વગર એનો વિકાસ થવો અશક્ય છે, અને યુનિવ્હર્સિટિનું હાલનું બંધારણ જોતાં એ સ્થાન મળવું સંભવિત નથી, માટે પ્રજાએ એક સ્વતન્ત્ર ગૂજરાતી યુનિવ્હર્સિટિ સ્થાપવાનું કામ જાતે ઊપાડી લેવું જોઈએ—એ દલીલ રા. હીરાલાલની યોજનાનું બીજ છે, અને આવી યુનિવ્હર્સિટિની એક શાખા વર્તમાન અંગ્રેજી શાખાની સમાન કક્ષામાં રચાય તો સારૂં એવો મત ઈંગ્લંડના 'ટાઈમ્સ' પત્રના લેખકે જાહેર કર્યો છે એને અવલંબીને રા. હીરાલાલે પોતાના વિચાર ગૂજરાત આગળ મૂક્યા છે.

---

* સાત–આઠ વરસ પછી આચાર્યશ્રી ધ્રુવે 'ગૂજરાત યુનિવ્હર્સિટી' ઉપર બે લેખો લખ્યા છે તેને ખ્યાલમાં રાખી આ લેખના મથાળામાં 'ગૂજરાતી' શબ્દ હતો તેને બદલે 'ગૂજરાત' મૂક્યો છે. ત્રણે લેખો એક વિષયના છે એટલા ઉપરથી જ ૧–૨–૩ એમ આંકડા આપ્યા છે. —સં.

× બુદ્ધિપ્રકાશ, પુસ્તક ૬૪, અંક ૧૦–૧૧–૧૨. ઑક્ટો૦ નવે૦ ડિસે૦, ૧૯૧૭ નો વધારો પૃ૦ ૧–૧૨: 'ગુજરાતી ભાષાના વધુ અભ્યાસ, વિકાસ અને વૃદ્ધિ અર્થે યુનિવરસિટિની યોજના' શ્રી પારેખે 'ગુજરાતી યુનિવરસિટિ' એમ પ્રયોગ કર્યો છે. —સં.

ગૂજરાત આ વિષે શું ધારે છે?—આ જિજ્ઞાસાથી મ્હેં આજ પર્યન્ત એ સંબન્ધી કાંઈ લખ્યું નહિ, પરંતુ વર્તમાનપત્રો અન્ય કાર્યમાં વ્યાપૃત હોઈ ઘણે ભાગે આ વિષય પરત્વે મૌન ધારણ કરી રહ્યાં છે—તો હવે એ સંબંધી મારો જે વિચાર છે તે હું ટૂંકામાં અત્રે નોંધું છું. એકાદએ વાક્યમાં જ જો મારો મત આપવાનો હોય તો હું નીચે પ્રમાણે પ્રો. યોર્ક પોવેલના શબ્દો અને તે ઉપર વૉલ્ટર રૅલેના શબ્દો ટાંકીને જ બેસી રહું:

"If you have a library and a printing-press,' he (Professor York Powell) once said, 'you have all that is necessary for a University.' He was thinking, no doubt, of the study of literature and the Arts: the Sciences are not so readily satisfied."

પરંતુ હું ધારૂં છું કે રા. પારેખે જે શ્રમ ઊઠાવીને એ લેખ લખ્યો છે તે જોતાં એની વિશેષ પરીક્ષા કરવી ઉચિત છે.

રા. હીરાલાલે ગૂજરાતી યુનિવ્હર્સિટિની યોજનામાં નીચેનાં સાત અંગોનો સમાવેશ કર્યો છે અને તે દરેક વિભાગમાં શું કાર્ય થઈ શકે તથા તે કરવા માટે હાલમાં શી શી અનુકૂળતા છે તે વિષે ક્રમસર વિવેચન કરેલું છે:

"૧. પરીક્ષા (Examination). ૨. શિક્ષણ (Teaching). ૩. શોધખોળ (Research). ૪. લોકોપયોગી અને જ્ઞાનવર્ધક ભાષણમાળાની યોજના—જનસમૂહ માટે ઊંચી કેળવણીની વ્યવસ્થા (University Extension Lectures). ૫. લાઈબ્રેરી. ૬. માસિક. ૭. પુસ્તકપ્રસિદ્ધિ. [૮. છાપખાતું. આની વ્યવસ્થા જુદી સ્વીકારી છે એટલે તે ભાગ પડતો મૂક્યો છે.]"

હવે આ યોજનાનો તાત્ત્વિક ભાગ પકડી લઈ એનું પૃથક્કરણ કરીએ તો તે બે વિભાગમાં વ્હેંચાઈ જાય છે: એક, શિક્ષણ શોધ-

ખોળ સહવર્તમાન; અને બીજો, પુસ્તકપ્રસિદ્ધિ. એમાંના બીજા વિભાગ પરત્વે રા. હીરાલાલની જે સૂચના છે—

"૭. પુસ્તકપ્રસિદ્ધિ. अ. શોધખોળ વિભાગ તરફથી બે કે ત્રણ અધ્યાપકોના લેખો કે ગ્રંથો તૈયાર થાય તે.

ब. લોકોપયોગી અને જ્ઞાનવર્ધક વ્યાખ્યાનમાળા—વર્ષ દરમ્યાન એક કે બે યોજાય તે.

क. ૧. સાહિત્યના જે વિભાગમાં પુસ્તકો બહુ ઓછાં હોય અથવા સમૂળગાં ન લખાયાં હોય, તે નવાં લખાવવાં અને તેમાં પૂર્તિ કરવી.

૨. હોમ યુનિવ્હર્સિટિ, પીપલ્સ બુક્સ, કેમ્બ્રિજ યુનિવ્હર્સિટિ મેન્યુઅલ્સ, ટેમ્પલ પ્રાઈમર્સ, યુસફુલ નોલેજ સીરીઝ, વગેરે ઊંચી પ્રતિનાં પણ સસ્તાં પુસ્તકો—એમાંથી ખાસ પસંદ કરેલાં પુસ્તકો—ક્રમસર, સસ્તી કિંમતે અને એક-સરખા કદનાં છપાવવાં.

૩. બાળસાહિત્ય તૈયાર કરાવવું.

૪. કોષ, સાઈક્લોપિડિયા, ટાઈમ્સ ઑફ ઇંડિયા ઈયર બુક, લિટરરી ઈયર બુક—એવાં રેફરન્સનાં પુસ્તકોની યોજના કરવી."

—તેમાંનો કોઈ ભાગ એવો નથી કે જે હાલની જાહેર અને ખાનગી સંસ્થાઓ—ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાઇટિ, ફૉર્બ્સ સભા, શ્રીમંત ગાયકવાડ સરકારનું પુસ્તકપ્રસિદ્ધિ ખાતું, સાહિત્યપરિષદ્‌ની ભંડોળ કમિટી, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ગૂજરાતી પત્ર ઑફિસ વગેરે સંસ્થાઓ કરી ન શકે. બલ્કે તે અત્યારે યથાશક્તિ કરે છે. જરૂર છે તે એટલી કે એ સંસ્થાઓએ પોતાનું કાર્ય વ્યવસ્થિત રીતે કરવું જોઈએ. એ વ્યવસ્થાના અભાવનો મ્હોટે ભાગે કાંઈ જ બચાવ નથી; માત્ર આપણા લોકની પ્રકૃતિની શિથિલતા એટલો જ ખુલાસો છે. પણ થોડે ભાગે જે બચાવ છે તે આ છે કે (૧) લખનારા

મળતા નથી, અને (૨) પ્રજાને વાચનનો શોખ નથી—પુસ્તકો વગર વેચાયાં પડી રહે છે. આ બચાવ ખોટો નથી, અને એની યથાર્થતા રા. હીરાલાલ પોતે અનુભવથી જાણે છે. ત્યારે લખનારા શાથી નથી—એ પ્રશ્નો પૂછી એનો ઉત્તર શોધવો જોઈએ. બહુ ઊંડી શોધમાં ન પડીએ તો પણ એક ખુલાસો ખુલ્લો છે, અને તે ખરો છે, કે અત્યારે આપણી કેળવણીના ક્રમમાં ગૂજરાતી ભાષાને જોઈએ તેવું સ્થાન મળતું નથી. એ સ્થાનને અભાવે આપણો કેળવાએલો વર્ગ ગૂજરાતી ભાષાદ્વારા વિચાર પ્રકટ કરવાનું સામર્થ્ય ધરાવતો નથી, સામર્થ્ય વિના આનંદ આવતો નથી—આનંદ વિના જે કાંઈ કાર્ય થાય છે તે નિર્માલ્ય અને માંદલું નીપજી વાચકવર્ગને આકર્ષક થતું નથી. આ સ્થિતિમાં, ખરો ઉપાય "(૧) અભ્યાસ-ક્રમમાં માતૃભાષાને ફરજિયાત સ્થાન, અને (૨) ઊંચી કેળવણી માટે ખાસ ડિગ્રીઓ સ્થાપી માતૃભાષાના જુદા અભ્યાસક્રમની યોજના" એ રા. હીરાલાલને જણાય છે; પરંતુ એ સુધારો "વર્તમાન યુનિવર્સિટિ નજદીકમાં સ્વીકારે એ સંભવિત દીસતું નથી. કેમકે તે સંસ્થાનું તંત્ર મુખ્યત્વે સરકાર હસ્તક હોય છે અને સરકારને આ વિષયની મહત્તા અને ગંભીરતા જોઈએ તેટલી સ્પષ્ટ જણાતી નથી. તેથી પ્રજાએ આ કાર્ય માટે સ્વતંત્ર યોજના કરવી પડશે," એમ રા. હીરાલાલ કહે છે. પરંતુ 'યુનિવર્સિટિનું તંત્ર મુખ્યત્વે સરકાર હસ્તક' છે તેથી આ યોજના સ્વીકારાતી નથી એમ માનવું યથાર્થ નથી, કારણ કે હજી પ્રજનમાં જ આ વિષયના વ્યવહારૂ ઉપાય પરત્વે મતભેદ ચાલે છે અને તેનો જ પડઘો યુનિવર્સિટિમાં પડે છે. બીજું, રા. રા. હીરાલાલ એ મુશ્કેલીની સ્થિતિમાંથી 'પ્રજાએ આ કાર્ય માટે સ્વતંત્ર યોજના કરવી પડશે' એમ જે માર્ગ સૂચવે છે ત્યાં જ આખી સાંકળની નબળી કડી રહેલી છે: 'પ્રજાએ આ કાર્ય માટે સ્વતન્ત્ર યોજના કરવી પડશે' એ ખરૂં છે, પણ એ સ્વતન્ત્ર યોજના જો એક સ્વતન્ત્ર ગૂજરાતી યુનિવર્સિટિ જ હોય તો એ

યુનિવર્સિટિ રચવા જેટલી સામગ્રી છે કે કેમ, અને હોય તો એ યુનિવર્સિટિ વિદ્યાર્થીઓને આકર્ષી શકશે કે કેમ એ વિચારવાનું છે—અને એ બે મુદ્દાના વિચારનું જ્યાં દ્વાર ઊઘડે છે ત્યાં જ રા. હીરાલાલ અજાણ્યે અટકી ગયા છેઃ એ દ્વાર **રાષ્ટ્રીય શિક્ષણના** મહાપ્રશ્નમાં પડે છે, પણ ત્યાં રા. હીરાલાલ જતા નથી.

"**શિક્ષણ** અને **શોધખોળ**—એના વિવેચનમાં.

૨. **શિક્ષણ અને ૩ શોધખોળ.** **અ.** માતૃભાષાના વિકાસ અર્થે, ભાષા, સાહિત્ય અને ઇતિહાસનો શાસ્ત્રીય પદ્ધતિએ અભ્યાસ અને તે માટે બે કે ત્રણ અધ્યાપકોની નીમણુક.

બ. અધ્યાપકોનું કર્તવ્યઃ—

૧. નિર્ણીત કરેલાં પુસ્તકો પર સામાન્ય વિવેચન—વ્યાખ્યાનરૂપે.

૨. અમુક સમય (period)નો અથવા લેખકનો પદ્ધતિસર અભ્યાસ અને તેનું પરિણામ લેખ કે પુસ્તકરૂપે તૈયાર કરવું.

૩. અભ્યાસમંડળ સ્થાપવાં.

ક. ગ્રેજ્યુએટોને આગળ અભ્યાસ વધારવા માર્ગદર્શક થવું. (Post graduate study.) ૨. ખાસ વિષય પર વ્યાખ્યાનો આપવાં. ૩. મુદત દરમ્યાન કરેલા અભ્યાસ અને પરિશ્રમનું પરિણામ નિબંધ કે પુસ્તકરૂપે રજુ કરવું."

—આ પ્રમાણે વિગત આપી છે. પરંતુ એમાંથી એક મુદ્દાની વાત સ્પષ્ટ સમઝાતી નથી તે એ કે—યુનિવર્સિટિ માત્ર 'ભાષા, સાહિત્ય અને ઇતિહાસ'નો જ શાસ્ત્રીય પદ્ધતિએ અભ્યાસ કરવા માટે 'બે કે ત્રણ અધ્યાપકો' નીમશે, કે એનો વિષયપ્રદેશ વધારે વિસ્તૃત રાખશે? વળી ભાષા અને સાહિત્ય તે ગૂજરાતી, પણ ઇતિહાસ તે ભાષા અને સાહિત્યનો જ, કે ઇતિહાસના પ્રદેશમાં આવતા સર્વ વિષયનો? સર્વ વિષયનો લઈએ, તો પણ ભાષા, સાહિત્ય અને ઇતિહાસનું જ્ઞાન, અને તે પણ ગૂજરાતી ભાષામાં જેટલું શક્ય

છે તેટલાથી યુનિવ્હર્સિટિના નામમાં સમાએલો જે સંસ્કાર(culture) તે આવી શકશે? વળી 'નવા સંજોગોને લઈને સમાજ નવીન જ્ઞાન અને માહિતી મેળવવા આતુર છે, તલપી રહ્યો છે.' એ પૂરાં પાડવાનો ગૂજરાતી યુનિવ્હર્સિટિનો હેતુ પણ આટલેથી પાર ઊતરશે? 'યુનિવ્હર્સિટિનો દરજ્જો અને પ્રતિષ્ઠા મોટાં અને ગૌરવવાળાં હોય છે. તેનું માન પડે છે. તે માન જનસમૂહને આકર્ષે છે' એ ખરૂં. પણ ખરા સંસ્કારને અને વિશાળ જ્ઞાનને અભાવે જે ગુણ તે જ દોષ નહિ થાય? એ 'દરજ્જો અને પ્રતિષ્ઠા' તે ખાલી ખોખાં અને ઉપહાસનાં સ્થાન નહિ નીવડે? ન નીવડે તો નીવડવાં જોઈએ—ખોટાં કાગળનાં નાવ કદી તરતાં નથી, તરવાં ન જ જોઈએ.

વળી, ઉપર પ્રમાણેની સંકુચિત જ્ઞાનની સંસ્થા યુનિવ્હર્સિટિના નામને પાત્ર ગણાશે નહિ, એટલુંજ નહીં, પણ જે હેતુથી એ સ્થાપવામાં આવશે એ હેતુ પણ એનાથી પાર પડતો નથી. 'નવા સંજોગોને લઈને સમાજ નવીન જ્ઞાન અને માહિતી મેળવવા આતુર છે, તલપી રહ્યો છે' એ ખરૂં. પરંતુ એ 'નવીન જ્ઞાન અને માહિતી' તે 'ભાષા, સાહિત્ય અને ઇતિહાસ' કરતાં બહુ વિશાળ, વધારે સાક્ષાત્ ફળપ્રદ જોઈએ.

હવે શિક્ષણના વિષય ઉપરથી આગળ ચાલી અધ્યાપકો સંબન્ધી તથા તેઓની શિક્ષણપદ્ધતિ સંબન્ધી વિચાર કરીએ. આ ગૂજરાતી યુનિવ્હર્સિટિના અધ્યાપકો ક્યાં શોધવા, અને કેવા પસંદ કરવા? અને તેઓએ ગૂજરાતી ભાષામાં શિક્ષણ આપવું, તે સાથે પાઠ્ય-પુસ્તકો ગૂજરાતી વાપરવાં કે અંગ્રેજી કે બંને? તેમ જ ગૂજરાતીમાં પાઠ્ય પુસ્તકોની સમૃદ્ધિ અત્યારે જોઈએ તેટલી નથી તો અંગ્રેજી પુસ્તકોનો વિદ્યાર્થી ઉપયોગ કરી શકે એટલું અંગ્રેજીનું જ્ઞાન યુનિવ્હર્સિટિની પ્રવેશ પરીક્ષામાં આવશ્યક ગણવું? ગણવું, તો મૅટ્રિક્યુલેશન કરતાં ઓછા જ્ઞાનવાળો વિદ્યાર્થી આ નવી યુનિવ્હર્સિટિમાં ન ચાલે એ ખુલ્લું છે. અને તો પછી મૅટ્રિક્યુલેશન પાસ થએલા

વિદ્યાર્થીઓને આ આકર્ષક હેતુ આ નવી સંસ્થામાં શો મળી આવશે? કસોટી અંગત અને અપમાનકારક લાગશે, પણ તે સત્ય અને સંગીન હોઈ, પ્રજા જ્યારે એ કસોટી આપણને લગાડશે ત્યારે આપણે તે સ્વીકારવી જ પડશે, અને એ કસોટી એ કે આપણે પોતાનાં છોકરાંને આ ગૂજરાતી યુનિવ્હર્સિટિમાં મોકલીશું કે કેમ? હું પોતે ન જ મોકલું, અને અન્ય કોઈ સ્તુત્ય પણ ભ્રાન્ત ઉત્સાહથી ઉશ્કેરાઇને મોકલે તો તે એ પોતાના છોકરાનું હિતના ઉદ્દેશથી અહિત સાધે છે એટલું જ કહું, અને મારાથી બને ત્યાં તેમ ન કરવા સલાહ પણ આપું.

હવે, અધ્યાપકો તરીકે આપણા પ્રતિષ્ઠિત વિદ્વાનોને લઈશું કે નવા ઉત્સાહી યુવકોને યોજીશું? પ્રથમ કલ્પ તો એવા વિદ્વાનોની સંખ્યા અને ઉપલભ્યતાનું માપ કાઢતાં તથા આ નવી યુનિવ્હર્સિટિની આર્થિક શક્તિ વિચારતાં અશક્ય લાગે છે; બીજો કલ્પ પૂર્વોક્ત દૃષ્ટિએ વિશેષ આશાપ્રદ છે, પણ એ યોજનાથી ઊભી થએલી સંસ્થા યુનિવ્હર્સિટિના નામને પાત્ર થાય તેવું કાર્ય કરી શકવા સમર્થ થશે કે કેમ એની મને શંકા છે.

તો હવે મારે ઉત્તર દેવાનો પ્રશ્ન એક જ છે: આ યોજના મારે ગ્રાહ્ય નથી, પણ જો એનો ઉદ્દેશ ગ્રાહ્ય છે—તો એ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે **બીજી કોઈ યોજના** હું રજુ કરી શકું એમ છું કે કેમ? હું યોજના રજુ કરી શકતો નથી. પણ થોડીક સૂચના કરૂં છું:

૧. મારૂં માનવું એવું છે કે ગૂજરાતી ભાષાના વિકાસ માટે હાલની યુનિવ્હર્સિટિની **અંદર** કે યુનિવ્હર્સિટિની **બહાર સમાન કક્ષાની** કોઈ વૈકલ્પિક યોજના ઉપર આશા બાંધવી નકામી છે. વર્તમાન જગત્માં જ્ઞાનનો સમૂહ એટલો બધો છે કે અત્યારે ગૂજરાતીમાં ઊતારી શકાવાનો નથી અને તેથી કેવળ ગૂજરાતીદ્વારા જ જ્ઞાન આપવાલેવાની વાત નિરર્થક છે—એટલે અંગ્રેજીને જ્ઞાન—સંપાદનનું વાહન કર્યા વિના છૂટકો જ નથી.

પણ જ્ઞાનસંપાદનનું વાહન, માટે **વિચારનું વાહન*** કે ઊહાપોહનું વાહન એમ કાંઈ નથી. અત્યારે ગૂજરાતી ભાષાના અને સાહિત્યના વિકાસ અર્થે જે ખાસ કરવાની જરૂર છે તે એ છે કે વિદ્યાર્થીઓ કૉલેજમાં જે જે વિષયો શીખે છે તેનું મનન, તેનો ઊહાપોહ, તેની મિત્રમંડળમાં આપલે ગૂજરાતી ભાષામાં થવાં જોઈએ. અને તેથી જ ગૂજરાતી ભાષાને સેવા કરવા ઇચ્છતાં વર્તમાનપત્રોનું મુખ્ય કર્તવ્ય પણ આ જ છે કે—ઊંચા વિચાર, ગહન વિચાર, સંસ્કારી વિચાર સર્વ ગૂજરાતી ભાષામાં કરવા; ગૂજરાતી ભાષાને જોઈતા શબ્દોથી, અને એનું સાહિત્ય વિચાર અને ભાવથી ભરવું—એ ભરવા માટે આલાપ કરવો, જેથી મહાન ગ્રન્થરૂપ પાકું સાહિત્ય અસંખ્ય રાગરાગણીની પેઠે એ વિવિધ આલાપમાંથી જામતું આવે.

ગૂજરાતી ભાષા અને સાહિત્યને વિકસાવવા માટે એને યુનિવ્હર્સિટિના અભ્યાસક્રમમાં મૂકી પરીક્ષાની ઘાણીમાં પીલવાની જરૂર નથી—સુન્દર પુષ્પની વાડીની માફક એનો વિકાસ કરવો જોઈએ; અને તે માટે કૉલેજમાં કૉલેજના વિદ્યાર્થીઓનાં ક્લબો, મંડપો સ્થપાવાં જોઈએ. ગૃહમાં પણ માતાપિતાઓએ ગૂજરાતી વાચન કરી બાળકોને ન્હાનપણથી એના સાહિત્યનો પ્રેમ લગાડવો જોઈએ. અને જનસમાજમાં વખતોવખત મહાન વિષયો ગૂજરાતી ભાષણો અને નિબન્ધોદ્વારા ચર્ચવાનો રિવાજ ચાલવો જોઈએ. અત્યારે ખરી જરૂર નવી ગૂજરાતી યુનિવ્હર્સિટિ યોજવાની નથી, પણ ગઇ સદીના બીજા પાદમાં ડૉ. ન્યૂમેનના વખતમાં ધર્મ પરત્વે જેવી હિલચાલ ઑક્સફર્ડમાં ચાલી હતી તેવી પ્રબળ હિલચાલ ગૂજરાતી ભાષાના અભ્યાસ અને વિકાસ માટે આપણી કૉલજોમાં ચલાવવી જોઈએ. ઇંગ્લંડમાં શેલી, બ્રાઉનિંગ કે

---

* શિક્ષણનું વાહન, જ્ઞાનસંપાદનનું વાહન અને વિચારનું વાહન ત્રણેનો વિવેક કરવો જોઈએ. એની સેળભેળ કરવાથી આ વિષયના વાદવિવાદમાં ઘણી ભ્રાન્તિ થતી જોવામાં આવે છે.

વર્ડ્ઝવર્થ સોસાયટિઓ પરીક્ષામાં તે તે કવિઓનાં કાવ્યો દાખલ કરાવવાથી ઉત્પન્ન થઈ નથી. તેમ તે દાખલ કરાવવાની અપેક્ષા પણ રાખતી નથી. તેજ પ્રમાણે જો કૉલેજમાં તે તે વિષયના વિદ્યાર્થીઓ વિવિધ વિષય ઉપર નિબન્ધ વાંચવાનો શોખ રાખે તો એ શોખ કૉલેજમાંથી ઉત્તીર્ણ થયા પછી ચાલુ રહેવાનો સંભવ છે, અને ગૂજરાતી સાહિત્ય એ જ રીતે ખરેખર ખીલવી શકાશે. અંગ્રેજી ભાષાને દૂર કરવાથી વા ગૌણ સ્થાન આપવાથી ગૂજરાતી ભાષા ખીલશે એમ માનવું તે તો નાક દાબવાથી મ્હોં ઊઘડશે એવી સ્થૂલ કલ્પનાના ખોટા સામ્ય ઉપર રચાયેલું છે. એ માર્ગ લેવાથી ગૂજરાતી ભાષા ખીલશે નહિ, અને ઊલટું જ્ઞાનનાં સાધનો ટૂંકાં થઈ જશે, વિચાર દુર્બળ પડી જશે, અને પરિણામે પુસ્તકો રચાશે તે પોતાના અજ્ઞાનની સ્થિતિ પોતેજ ન જાણે એવા ગાઢ અજ્ઞાનથી ભરેલાં નીકળશે–અને ગૂજરાતીનેજ ખરી સેવા થતી અટકી પડશે. તેથી ગૂજરાતી સાહિત્યના દરેક હિતેચ્છુને મારી વિનંતિ છે કે વિચારનું વાહન ગૂજરાતી ભાષાને કરો, પણ તે માટે સંપાદનનું વાહન અને શિક્ષણનું વાહન પણ ગૂજરાતી જ જોઈએ એવો આગ્રહ અત્યારે રાખશો નહિ.

૨. મારી બીજી સૂચના એ છે કે—આ યુનિવ્હર્સિટિના કાર્યની એક શાખારૂપે ‘Extension Lectures’ની જે યોજના કરવા ધારો છો તેના ઉપર વિશેષ લક્ષ્ય આપો. સાહિત્યપરિષદ્ તરફથી આ યોજના રચાઈ છે, પણ તે હજી કાગળ ઉપર જ છે—અને નવીન સંસ્થાઓની યોજના ઘડવા કરતાં અત્યારે કાગળ ઉપર ચઢી ગયેલી યોજનાઓને વસ્તુસિદ્ધ કરાય તો પણ ઘણું થાય. એક યુનિવ્હર્સિટિ કરતાં ઓછે ખર્ચે અને વિશેષ વિવિધતાથી થોડે આડમ્બરે અને વધારે સંગીનપણે, જનસમૂહને ‘નવીન જ્ઞાન અને માહિતી’ આપવાનો માર્ગ આ ભાષણમાળાની યોજના છે. પણ સાહિત્યપરિષદ્‌ની ભાષણમાળામાં જેમ વૃદ્ધ વિદ્વાનો ઉપર આધાર રાખવામાં આવ્યો હતો તેમ ન કરતાં

અત્યારે જેમ 'સ્વરાજ્ય' 'સત્યાગ્રહ' વગેરેનાં ભાષણ માટે બહોળે હાથે ગ્રેંડ્યુએટોનો ઉપયોગ કરવામાં આવે છે તેમ આ કામ માટે કરવું જોઈએ. અત્યારે મુંબાઈની કેટલીક કૉલેજોમાં વિદ્યાર્થીઓનાં એવાં મંડળો રચાયાં છે કે જે પોતાના અભ્યાસમાંથી થોડો સમય કાઢી અજ્ઞાન જનસમૂહને કેળવણી આપવાનું કાર્ય કરે છે. તે જ પ્રમાણે તાજી ડિગ્રી લઈ ઊતરેલા યુવાન વિદ્યાર્થીઓ, ધંધાની પ્રવેશભૂમિકા ઉપર વાટ જોતા યુવાન વકીલો અને દાક્તરો, નિષ્કામ સેવાના ઉદાર હેતુથી વા અલ્પ પારિતોષિકરૂપ સાહાય્ય ખાતર જનસમૂહને પોતાના જ્ઞાનનો લાભ આપવા તત્પર થઈ શકે. ગાંધીજી જેવા નેતા રાષ્ટ્રીય શિક્ષણની શાળા સ્થાપવાનો યત્ન કરે તે જ સાથે જનસમૂહમાં ઉપર કહી તેવી ભાષણમાળાદ્વારા જ્ઞાન વિસ્તારવાનો યત્ન કરે તો એમના પોતાના જ કાર્યની દિશામાં એક ઉત્તમ સેવા થઈ જાય. પરંતુ આ સંબન્ધી કર્તવ્યની જવાબદારી જેટલી એમને શિર નથી તેટલી જ, બલ્કે અધિક, સાહિત્યપરિષદ્, ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાયટિ વગેરે સંસ્થાઓ ઉપર છે. પણ સંસ્થાઓનો આત્મા હમેશાં મનુષ્ય છે, અને મનુષ્ય જાગશે ત્યારે જ એ સંસ્થાઓ હાલતી ચાલતી થઈ પોતાનું કર્તવ્ય કરતી થશે.

પણ મનુષ્ય ક્યાં? મહાપુરુષ તો ક્યાં જ? ગૂજરાત એની વાટ જુએ છે.

[વસંતઃ વર્ષ ૧૬, અંક ૩, ચૈત્ર, સં. ૧૯૭૪]

ગૂજરાત યુનિવ્હર્સિટિ–૨

અમે ઉપર× કહ્યું તેમ ઘંટીમાં અનાજ આકાશમાંથી ઊડીને પડતું નથી, બીજે સ્થળે એને વાવવું–ઊગાડવું–લણવું પડે છે. એ માટે મ્હોટામાં મ્હોટું સ્થળ, પ્રકૃતમાં, યુનિવ્હર્સિટિ છે. અમને આનન્દ થાય છે કે ગૂજરાતને પાંચ પંદર+ વર્ષથી ઝંખેલું સ્વપ્ન અત્યારે જાગ્રદવસ્થામાં અનુભવવાનો સંભવ પાસે દેખાય છે. મુંબાઈ યુનિવ્હર્સિટિની સેનેટ ગૂજરાત માટે એક અલગ યુનિવ્હર્સિટિ સ્થાપવા દેવાની પરવાનગી આપે છે, અને રા. કન્હૈયાલાલ મુનશીના પ્રશસ્ય ઉત્સાહથી સર ચિમનલાલ સેતલવાડના પ્રમુખપદ નીચે એક કમિટી પણ સ્થપાઈ ચૂકી છે, જેમાં ગૂજરાત, કચ્છ અને કાઠિયાવાડનાં મુખ્ય મુખ્ય શહેરોના આ કાર્યમાં ઉપયોગી થાય એવાં અગ્રણીઓનાં નામ મૂકવામાં આવ્યાં છે, તથા ડૉ. ખંડુભાઇ નાયક (વડોદરા કૉલેજના સાયન્સના પ્રોફેસર) અને રા. કન્હૈયાલાલ મુનશી સેક્રેટરી છે. વળી એક સબકમિટી ('ઉપસમિતિ') પણ રચવામાં આવી છે. જેમાં મુંબાઈ યુનિવ્હર્સિટી ઉપરાંત પરદેશી યુનિવ્હર્સિટિમાં વિદ્યા પામી આવેલા વિદ્વાનો પણ છે, એ સબકમિટીને યુનિવ્હર્સિટિનું સ્થળ, સ્વરૂપ (આકાર), જમીન, મકાન, ઉપકરણ વગેરે સામગ્રી

+ જુઓઃ 'આવતી (૮મી) સાહિત્ય પરિષદ,–એ લેખ. પૃ૦ ૧૩૪ લીટી ૧૯. મૂળમાં એ લેખ અને આ એક પછી એક એમ એકજ અંકમાં છપાયેલા છે. —સં.

+પ્રિન્સિપાલ રૉબર્ટ્સને પંદર વર્ષ ઉપર; અમદાવાદ સાહિત્યપરિષદે પાંચ છ વર્ષ ઉપર.

માટે જોઈતો દ્રવ્યનો અંદાજ, અને એ દ્રવ્ય પૂરું પાડવા માટે સાધન—યોજના–એ વિષે પૂરી તપાસ કરી સૂચના કરવાનું સોંપવામાં આવ્યું છે.

આ સંબંધે અત્યારે અમારે સામાન્ય આકારની બેત્રણ વાતો કહેવાની છે; એક એ કે ઉઘાડી આંખે મુશ્કેલી જોઈ એને જીતવી એમાં વીરતા છે, આંખ મીંચીને ધસવામાં નથી. અને તેથી અમે આશા રાખીએ છીએ કે સબકમિટિના ગૃહસ્થો પૂર્ણ વિચાર કરીને પોતાના કાર્યની રૂપરેખા દોરશે, જેથી બીજી યુનિવ્હર્સિટિઓની ભૂલોનું આપણે ત્યાં પુનરાવર્તન થાય નહિ અને કર્યું ખર્ચ નકામું જાય નહિ. ભૂલના ભયથી કાર્ય કરતાં અટકી પડવાનું નથી, પણ ભૂલ કરવામાં જ કાર્યશક્તિનું ગૌરવ રહેલું છે એમ પણ નથી. સબકમિટિના ગૃહસ્થો વિદ્વાન અને કાર્યદક્ષ પુરુષો હોઈ તેઓને આ જાતના ભ્રમમાં પડવાનો સંભવ નથી, તથાપિ આ વિષયમાં બહુ વિચાર અને ઊહાપોહની અપેક્ષા છે એ વાત ઉપર ભાર દેવામાં અમે ધારીએ છીએ કે એ સજ્જનોને કાંઈ અન્યાય થતો નથી. આ યુનિવ્હર્સિટિના ‘Teaching અને Affiliating’–અર્થાત્ આન્તર અને બાહ્ય એવા બે વિભાગ રહેશે, એનો સમન્વય કેવી રીતે કરવો એ આ વિષયને અંગે પ્રધાન પ્રશ્ન ઊઠશે. અલ્લાહાબાદ યુનિવ્હર્સિટિ આ જાતની હોઈ એનું બંધારણ દિગ્દર્શક થઈ પડશે, પરંતુ કાગળ ઉપર ચિત્રેલા બંધારણ અને વસ્તુસ્થિતિ વચ્ચે તથા વસ્તુસ્થિતિ અને ઇષ્ટવસ્તુ વચ્ચે ભેદ રહે છે એ ધ્યાનમાં રાખવાનું છે. સુભાગ્યે હમણાં જ આ વિષયમાં મુંબાઈ યુનિવ્હર્સિટિ રિફોર્મ કમિટીના કાર્યને અંગે વ્હાઈસ ચેન્સલર સર ચિમનલાલે જોઈતી માહિતી મેળવી છે એટલે એ કામમાં યથાયોગ્ય સવળું થઈ રહેશે એમ વિશ્વાસ છે.

એની રૂપરેખા પરત્વે અમારી એક સૂચના એ છે કે–એનાં સમગ્ર અને ખંડ એવાં બે સ્વરૂપ દોરવાં, અને એનો સંબંધ એવો રાખવો કે ખંડ સ્વરૂપમાંથી સમગ્ર સ્વરૂપમાં વધી શકાય. કહેવાનું તાત્પર્ય એ છે કે એક રૂપરેખા તો એવી જોઇએ કે જેમાં ભવિષ્યમાં ગૂજરાતમાં યુનિવ્હર્સિટિ કેવી થવી જોઈએ એનું ચિત્ર પૂરેપૂરું આવે.

એ ચિત્ર કેવળ કાલ્પનિક ગન્ધર્વનગર જેવું તો નજ હોવું જોઈએ, કિંતુ ગૂજરાત પચીસ વર્ષમાં જરૂર પ્રાપ્ત કરી શકે એવું હોવું જોઇએ. આને અંગે ગૂજરાતમાં કયા કયા વિષયની કોલેજો હોવી જોઇએ, એ મુખ્ય વિચારવાનું રહેશે. પણ એટલી કોલેજો સ્થાપી શકાય એટલી સાધનસામગ્રી અત્યારે ને અત્યારે પ્રાપ્ત ન જ થઈ શકે એ ખુલ્લું છે, અને એ પ્રાપ્ત થાય ત્યાં સુધી વાટ જોઈને બેસી રહેવું એ પણ ખોટું છે. તે માટે **તાત્કાલિક શક્યતા** અનુસાર એક બીજી રૂપરેખા પણ દોરવી, અને એને કાર્યરૂપે પરિણત કરવા મચી પડવું.

બીજી એક અત્યારથી જ સમઝી લેવા જેવી વાત એ છે કે ગૂજરાત યુનિવ્હર્સિટિનો ઉદ્દેશ ગૂજરાતના વિદ્યાર્થીઓએ મુંબાઈસુધી જવું ન પડે અને ઘરઆંગણે એમને ઉચ્ચ શિક્ષણ મળી શકે એવી અનુકૂળતા જ પૂરી પાડવાનો નથી–ન હોવો જોઈએ. અમદાવાદ કે વડોદરાની કોલેજને ગૂજરાત યુનિવ્હર્સિટિનું નામ આપીને આપણે કૃતકૃત્ય થઈ શકીશું નહિં પણ વિદ્યાના જે જે વિષયો આપણે હાથ ધરીએ તેમાં કાંઈ ને કાંઈ વિશિષ્ટતા–અધિકતા, ઉચ્ચતા કે વિલક્ષણતા પૂરવાનો આપણો ઉદ્દેશ હોવો જોઇએ. તેમ કરવામાં ગૂજરાતની વિશિષ્ટ* સંસ્કૃતિ પ્રકટ કરવાનો અને એ સંસ્કૃતિને વિશેષ કેળવવાનો ખ્યાલ તો રહેશે જ, પણ હિન્દની બલ્કે મનુષ્યજાતિની સંસ્કૃતિ કેળવવાનો આશય પણ ભૂલી જવાશે નહિ, બલ્કે એજ મુખ્ય ભાગે અને પૂર્વોક્ત ખ્યાલ ન્હાને ભાગે રહેશે. માત્ર સત્યની દાંડી સમતાથી પકડી રાખવા માટે અમે આ નિઃસત્ત્વ સૂત્ર ઉચ્ચારી રહ્યા છીએ એમ નથી, પરંતુ પ્રાન્તિક સંસ્કૃતિની વાતોમાં યુનિવ્હર્સિટિનો પ્રધાન ઉદ્દેશ ભૂલાઇ જવાનો અમને ભય રહે છે તે માટે આ ચેતવણી

---

* અત્યારે હિન્દુસ્થાનમા વૈશિષ્ટ્યના ભાનવાળા પ્રાન્તોમાં પ્રથમ પંક્તિમાં બંગાળ અને મહારાષ્ટ્ર બેસે છે; બીજી પંક્તિમાં આન્ધ્ર અને ગૂજરાત અને સંયુક્ત પ્રાંતમાં ઉર્દૂ બોલતી પ્રજા; અને બાકીનો સંયુક્ત પ્રાન્ત, મદ્રાસ, મધ્ય પ્રાંત, રાજપૂતાના, પંજાબ, અને બિહાર તથા ઓઢીઆ એમાં વિશિષ્ટતાનું ભાન એવો પદાર્થ ભાગ્યે જ દેખાય છે.

આપવાની અમને જરૂર લાગી છે. સ્મરણમાં રાખવું જોઈએ કે યૂરોપમાં યુનિવ્હર્સિટિઓમાં સંશ્લેષક (integrating) બળ હતું અને અદ્યાપિ છે, વિશ્લેષક (disintegrating) નહિ. મધ્યયુગમાં જ્યારે રોમન સામ્રાજ્ય તૂટી યૂરોપની જુદી જુદી પ્રજાઓ બંધાઈ ત્યારે એ સર્વની એકતા યુનિવ્હર્સિટિદ્વારા સધાતી હતી, અને અત્યારે પણ ઇંગ્લંડ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી કે રશિયાની યુનિવ્હર્સિટિઓમાં જે કાંઈ ભેદ દેખાય છે તે તે પ્રજાના આર્થિક, સામાજિક અને નૈતિક ગુણોનો ભેદ રહેલો છે. તેમાં તે તે પ્રજાની સંસ્કૃતિનું કોઈ પણ વૈશિષ્ટ્ય પ્રતિબિમ્બિત થાય છે એમ નથી; બલ્કે પ્રજા પ્રજાના રાજકીય વિરોધની વચ્ચે સત્યસંશોધનરૂપી યુનિવ્હર્સિટિઓનો સર્વસમાન ઉદ્દેશ એકતાના ભાવથી જાળવી રાખવાનો યત્ન જોવામાં આવે છે. મુંબઈ યુનિવ્હર્સિટિમાં ગૂજરાતનું વૈશિષ્ટ્ય જે સર્વથા લુપ્ત થતું હતું તેને ગૂજરાત યુનિવ્હર્સિટિમાં સ્થાન મળશે, પણ યુનિવ્હર્સિટિનો કાર્યપ્રદેશ એ વૈશિષ્ટ્યની બહાર ઘણો મ્હોટો રહેશે, જેમાં સમસ્ત હિન્દની બલ્કે સમસ્ત પૃથ્વીની મનુષ્યસંસ્કૃતિ સ્થાન પામશે. જગતનાં મહાન સાહિત્ય, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ભૌતિકવિદ્યા આદિમાં યુનિવ્હર્સિટિએ સત્યનાં જે ધવલગિરિઓ આક્રાન્ત કરવાના છે તેમાં પ્રાન્તિક ભેદને અવકાશ નથી એ વાત સબકમિટીના વિદ્વાનોને જણાવવી પડે એમ નથી, પણ ગૂજરાતની સામાન્ય પ્રજા પણ એ જાણીને જ આગળ ચાલે તો સારું એમ અમે ઇચ્છીએ છીએ. ‘Provincial autonomy’ યાને પ્રાન્તિક સ્વતંત્રતા અને ‘Remission of Provincial Contributions’ યાને પ્રાન્તો તરફથી હિન્દી સરકારમાં ભરાતી રકમમાં છૂટ મૂકવાના ભેદ અને ઈર્ષ્યાના દિવસોમાં જ્યારે પ્રાન્તિક ભેદની કૃપાણ કામ કરી રહી છે તે સમયમાં—પ્રજાની દૃષ્ટિએ પ્રાન્તિક ભેદ ભૂલાવી વિશાળ ફરવાનું કામ યુનિવ્હર્સિટિ નહિ કરે તો કોણ કરશે ?

[વસન્ત : પુ. ૨૪, અંક ૧૧, માર્ગશીર્ષ, સં. ૧૯૮૨]

ગૂજરાત યુનિવ્હર્સિટિ—૩

આમ્બે યુનિવ્હર્સિટિ રિફૉર્મ કમિટી આગળ થએલી મ્હારી જુબાનીમાં મ્હેં ગૂજરાત યુનિવ્હર્સિટી સ્થાપી શકાય એમ જણાવ્યું, ત્યારે ડૉ. પરાંજપેએ કમિટીના મેમ્બર તરીકે મ્હને પ્રશ્ન પૂછ્યો કે 'અમદાવાદમાં સેનેટ માટે સભ્યો મળી શકશે?' મ્હેં ઉત્તર આપ્યો; 'જરૂર.' ડૉ. પરાંજપેના પ્રશ્નમાં કેટલાકને ગર્વભરી ધૃષ્ટતા દેખાઈ છે, મ્હને એમાં એ નિખાલસ સ્વભાવના વિદ્વાનનું કમિટીના મેમ્બર તરીકેની જવાબદારીનું ભાન પ્રતીત થાય છે. મુંબાઈ યુનિવ્હર્સિટિએ આપણને ગૂજરાત યુનિવ્હર્સિટિ સ્થાપવાની પરવાનગી આપી છે. પણ એ પરવાનગી આપી તે જ ક્ષણેથી મુંબાઈની જવાબદારી મટીને ગૂજરાતની શરૂ થઈ છે. ગૂજરાત એટલે ગૂજરાતીઓ પછી તે ગમે ત્યાં વસતા હોય—દૂર પ્રાન્તમાં વસવાથી હક ઓછો થાય છે, કર્તવ્ય ઓછાં થતાં નથી.

૧. ગૂજરાતમાં યુનિવ્હર્સિટિની શી જરૂર ?—મુંબાઈ યુનિવ્હર્સિટિને તો આપણે આ પ્રશ્નનો ઉત્તર આપવાનો રહ્યો નથી, પણ ગૂજરાતની પ્રજા જેની મદદથી જ આપણું સ્વપ્નું જાગ્રદવસ્થાના સત્યમાં આપણે પરિણામી શકીએ એમ છે એને ખાતરી કરી આપવાની આપણી ફરજ છે. પ્રથમ તો એક વાત એ કહું કે ડૉ. પરાંજપેના પ્રશ્નમાં મને ધૃષ્ટતા ન લાગી, પણ મ્હને મ્હારા પ્રાન્ત વિષે કાંઈક શરમ તો આવી જ. શરમ એટલી જ કે આટલા પ્રશ્નનો પણ અવકાશ રહ્યો. પૂના માટે પ્રામાણિકપણે આપણે આ પ્રશ્ન

પૂછી શકીએ ? નહિ જ. પણ તેનું કારણ શું ? ગૂજરાત બુદ્ધિ-શક્તિમાં ઊતરતું છે ? ના જ. છતાં, ગૂજરાત વિદ્વતા અને વિદ્યા-રસના ચિહ્નરૂપ ઉત્તમોત્તમ પરીક્ષામાં ઉત્તીર્ણ જનોની સંખ્યામાં પૂના કરતાં પાછળ છે, એની કોઈ 'પ્રાન્તિક સ્વદેશાભિમાની' પણ ના પાડી શકશે નહિ. આ ન્યૂનતા હોવાનું એક કારણ પૂના બ્રાહ્મણપ્રધાન હોઈ વિદ્યાપરાયણ છે, અને દરિદ્ર હોઈ વ્હેપારનાં અને એને લગતા ઉદ્યોગનાં દ્વાર એને માટે બંધ જેવાં છે. પણ બીજું કારણ એ પણ છે કે પૂના મુંબાઈની પાસે હોવાથી તેમજ મુંબાઈ સરકારની એક રાજધાની હોવાથી કેળવણીનો લાભ એ વધારે વ્હેલું અને વધારે સહેલાઈથી લઈ શક્યું છે, અને એને પોતાના ઘરમાં તેમજ પોતાને આંગણે અનેક તેમજ વિવિધ કોલેજો છે. આ કારણથી ગૂજરાત મહારાષ્ટ્રથી પછાત રહ્યું તો એને સદાકાળ પછાત રાખવું ? મ્હને લાગે છે કે જે કારણથી ડૉ. પરાંજપેનો પ્રશ્ન શક્ય થયો એ કારણે જ ગૂજરાતમાં યુનિવ્હર્સિટિ સ્થાપવાનું એક મ્હોટું કારણ છે.

૨. મુંબાઈમાં યુનિવ્હર્સિટિ છે, તો પછી અમદાવાદમાં શા માટે જોઈએ ? (૧) આજ આ રાજ્ય-અર્થ-અને મનુષ્ય-સંસ્કૃતિનાં શાસ્ત્રોથી સ્વીકારાએલું સત્ય છે કે હરેક પ્રજાની સંસ્કૃતિ સમપ્રમાણ વિસ્તરવી જોઈએ. ગામડાં તૂટીને ગામ વસે કે ગામ તૂટીને શહેરો વસે કે શહેરો તૂટીને રાજધાની જ પરિપુષ્ટ થાય એમાં દેશનું કલ્યાણ નથી. માત્ર સંખ્યાની જ દૃષ્ટિએ જ એમાં અપૂર્ણતા છે એમ નથી, પણ રાષ્ટ્રદેહના અમુક અમુક અવયવોનો એમાં પક્ષાઘાત છે, અને પક્ષાઘાતવાળું રોગી શરીર માત્ર અમુક અવયવમાં જ રોગી રહીને અટકતું નથી, પણ આખા દેહની તંદુરસ્તીને બગડે છે, અને પરિણામે એનો વિનાશ કરે છે. ગૂજરાતની બુદ્ધિશક્તિ કે નૈતિક સામર્થ્ય કે ધનસંપત્તિ બધી મુંબાઈમાં જ આવી વસે એ કદાપિ ઈષ્ટ નથી. ગૂજરાતના દરેક શહેર, ગામ, અને ગામડામાં આ શક્તિ,

સામર્થ્ય અને સંપત્તિનું રુધિર ફરતું રહેવું જોઈએ, જેથી એનો લાભ દરેક અવયવને મળતો જ રહે. કેટલાક તરફથી આ સામે વિચારવા-લાયક પણ વસ્તુતઃ ઊંડા વિચાર વિનાની એક દલીલ સાંભળશો કે મુંબઈની કૉલેજમાં ભણવા જવાથી ચાલાકી આવે છે, અને કેટલાક વિદ્યાર્થીઓ જેમનું દુર્ભાગ્ય રજવાડાની સાંકડી ખટપટમાં ઊછરવાનું છે તેમને માટે આ મુક્તિ પણ છે. પણ આવી દલીલ કરનારને પૂછશો કે આ સ્થિતિ શાથી ઉદ્ભવી છે? એ દૂર કરવાનું મુખ્ય સાધન એ છે કે મુંબઈની ઉચ્ચ કેળવણી અને સ્વતન્ત્રતાનું વાતાવરણ જે મુંબાઈમાં જ ભરી મૂકયું છે એનો વિસ્તાર ગૂજરાતના સર્વ ભાગમાં થવો જોઈએ; અને એ જ ખરું પ્રજાજીવન છે. રાજધાની એ જ પ્રજા નથી. કૂપમંડૂકવૃત્તિ બેશક ખોટી છે, પણ કૂવા અને નદીઓ વિના મનુષ્યજીવન કેવું? સાગરથી નદીઓની ગરજ સરે? બલ્કે નદીઓ વિના સાગર કેવો? ગૂજરાત વિના મુંબાઈ પણ તેવું જ. (૨) મુંબાઈ માથે ભાર ઘણો છે, એ ભાર ઘટાડો. ગૂજરાત યુનિવ્હર્સિટિ સ્થાપવા માટે ઘણાં કારણો છે, પણ અન્ય કોઈ પણ કારણ ન હોય તોપણ આ એક જ કારણ મુંબાઈના હિત ખાતર થોડું નથી. મુંબાઇને પોતાને પોતાનું કામ સારી રીતે કરવા દેવું હોય તો એને માથે પડેલા ભારની વ્હેંચણી થઈ જવી જોઈએ. મુંબાઈથી કાંઈ પણ વિશિષ્ટતા વગરની, મુંબાઈની જ પ્રતિબિમ્બભૂત, ગૂજરાત યુનિવ્હર્સિટિ થાય તો તે પણ મુંબાઈનો જ ભાર ઘટાડવા માટે ઇષ્ટ છે.

૩. ગૂજરાત યુનિવ્હર્સિટિમાં કોઈ ખાસ વિશિષ્ટતા મૂકાશે કે કેમ? વસ્તુતઃ ગૂજરાત યુનિવ્હર્સિટિમાં કેટલીક વિશિષ્ટતા લાવી શકાય એમ છે. પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે ઘણી વિશિષ્ટતા તો મનુષ્યના ચહેરાની માફક, જન્મથી જ હોતી નથી પણ ધીમે ધીમે વિકસે છે. યુનિવ્હર્સિટિઓ પણ જેમ જેમ વિકસશે તેમ તેમ એનું સ્વરૂપ અધિક વિશિષ્ટતા ગ્રહણ કરતું જશે. આ સંબન્ધમાં એક વાત એ પણ લક્ષ્યમાં રાખવાની જરૂર છે કે હિન્દુસ્થાનની

યુનિવ્હર્સિટિઓ હજી બાલ્યાવસ્થામાં છે. એ જે જ્ઞાન પ્રસારે છે એ હજી સામાન્ય આકારનું છે, એટલું જ છે કે જેટલું દરેક યુનિવ્હર્સિટિમાં હોવું જ જોઈએ. અને વિશિષ્ટતાની વાત તે પછી જ શરૂ થઈ શકે છે. ઇંગ્લંડમાં છેલ્લાં પચાસ સો વર્ષમાં જે યુનિવ્હર્સિટિઓ ઊમેરાઈ છે એ કેવા હેતુથી ઊમેરાઈ છે એ જોઈએ. ખુલ્લું છે કે ઉચ્ચ શિક્ષણનો અભિલાષ ધરાવતા ઇંગ્લંડના સઘળા જ વિદ્યાર્થીઓને ઑકસફર્ડ-કેમ્બ્રિજમાં સ્થાન ન મળી શકે, અને એકાદ બીજી યુનિવ્હર્સિટિ ઊઘાડવામાં આવે તો તે પણ બધા વિદ્યાર્થીઓને નિવાસસ્થાન આપી ન શકે. તેથી લંડન યુનિવ્હર્સિટિ થઈ તે લંડનમાં શિક્ષક, અને લંડન બહારને માટે કેવળ પરીક્ષક, યુનિવ્હર્સિટિ થઈ. બીજી યુનિવ્હર્સિટિઓ સ્થપાતાં, લંડનમાં બહારની પરીક્ષા કરતાં અંદરના શિક્ષણ ઉપર ધ્યાન વિશેષ દેવાવા લાગ્યું, અને અત્યારે લંડનમાં પણ શિષ્યાવાસની વિશેષ જોગવાઈ કરવાનો યત્ન ચાલે છે. બીજી યુનિવ્હર્સિટિ, જેમકે વેલ્સ, બર્મિંગહામ, મૅન્ચેસ્ટર, શેફીલ્ડ, લીડ્ઝ, ડર્હામ, રેડિંગ વગેરે સ્થપાઈ તેમાં બે હેતુ રહેલા હતા. એક હેતુ તો ઈંગ્લંડમાં જેને National Education યાને રાષ્ટ્રીય શિક્ષણનો પ્રશ્ન કહે છે તે હતો; એટલે કે ઑકસફર્ડ અને કેમ્બ્રિજના શિષ્યાવાસ અને એનું શિક્ષણ બહુ ખર્ચાળ હોઈ તવંગર અને અમીર વર્ગ સિવાયના સામાન્ય લોકને ત્યાંની કેળવણી અપ્રાપ્ત હતી, અને હજી પણ છે, અને તેથી સહુ કોઈ ઉચ્ચ શિક્ષણ લઈ શકે તે માટે બીજી યુનિવ્હર્સિટિઓ સ્થાપવાની જરૂર હતી. આ સાથે બીજો ગૌણ હેતુ જે ખરું જોતાં હેતુ નહિ પણ આનુષંગિક લાભ હતો, તે એ કે ઑકસફર્ડ-કેમ્બ્રિજમાં મધ્યકાલીન યૂરોપનું વાતાવરણ છે તેને બદલે આ નવી યુનિવ્હર્સિટિઓમાં અર્વાચીન યુગને અનુરૂપ એટલે વ્યવહારૂ ભૌતિકપદાર્થવિદ્યાના પ્રાધાન્યવાળી કેળવણી આપી શકાય. પણ આટલા ઉપરથી કોઈ એમ અનુમાન કરે કે આ પુરાણી અને નવી યુનિવ્હર્સિટિઓએ વિષય વ્હેંચી લીધા છે, અથવા પ્રજાએ યુનિવ્હર્સિટિઓ વ્હેંચી લીધી છે તો તે યથાર્થ નથી. ઑકસફર્ડ

કેમ્બ્રિજમાં શીખવાતા ઘણા વિષયો નવી યુનિવ્હર્સિટિમાં શીખવાય છે, અને નવી યુનિવ્હર્સિટિના ઑક્સફર્ડ કેમ્બ્રિજમાં પણ શીખવાય છે. ભેદ માત્ર વિષયના પ્રાધાન્યમાં અને વાતાવરણમાં છે; તેમજ, યુદ્ધ પછી મજૂર વર્ગ પણ હવે ઑક્સફર્ડ કેમ્બ્રિજમાં ગ્રીક અને લેટિન શીખવાનો હક્ક કરે છે, અને એ યુનિવ્હર્સિટિમાં સ્થાન મેળવે છે. અને તેથી અત્યારે જો કે એ યુનિવ્હર્સિટિઓ મ્હોટે ભાગે કન્સર્વેટિવ પક્ષમાં છે, તોપણ મજૂર પક્ષ સાથે સહાનુભૂતિવાળો વર્ગ પણ એમાં થોડો નથી. પણ આ વિષય ઉપર ન ચઢી જતાં મૂળ વિષય ઉપર રહીએ તો કહેવાનું એ કે આપણી નવી યુનિવ્હર્સિટિમાં એકાન્તિક વૈશિષ્ટ્યની અપેક્ષા રાખવી યોગ્ય નથીઃ એવું વૈશિષ્ટ્ય ઇંગ્લંડમાં પણ નથીઃ અને આપણે ત્યાં તો એ શક્ય નથી, અને પૂર્વોક્ત કારણસર–સામાન્ય વિષયની આવશ્યકતા એ કારણથી–અત્યારે ઇષ્ટ પણ નથી. પણ આ તો એક ચેતવણીરૂપે એટલા માટે કહ્યું કે કેટલાક લોકને વૈશિષ્ટ્યનો અદ્ભુત ખ્યાલ હોય છેઃ તેઓ એમ ધારતા દેખાય છે કે મુંબાઈમાં માણસો પગે ચાલે છે તો ગૂજરાતમાં તેમણે માથા ઉપર ચાલવું જોઈએ ! વસ્તુતઃ મુંબાઈ યુનિવ્હર્સિટિની અને ગૂજરાત યુનિવ્હર્સિટિની કેળવણી વચ્ચે એવો ભેદ રહેશે નહિ. પણ ગૂજરાત યુનિવ્હર્સિટિ ગૂજરાતની વિશિષ્ટ સંસ્કૃતિ જાળવવા અને કેળવવા માટે ખાસ પ્રયત્ન તો કરશે જ, કારણ કે એ એની ઉત્પત્તિનું એક પ્રયોજન છે. જોન બ્રાઈટે લગભગ પોણોસો વર્ષ ઉપર જોયું હતું, અને આપણા રાજ્યતન્ત્રીઓ જુએ છે કે હિંદુસ્થાનની રાષ્ટ્રીય એકતા પ્રાન્તિક બન્ધુતાના (Federation of Provinces)રૂપમાં જ શક્ય છે. પ્રત્યેક પ્રાન્તની કેટલીક વિશિષ્ટતા છે, જે એની સામાન્ય હિન્દ–સંસ્કૃતિમાં કેટલીક ભાત પાડે છે, અને એ વિશિષ્ટતા પ્રાન્તિક ભાષાદ્વારા કેળવણી આપીને સાચવી શકાય છે, પણ તે ઉપરાંત આપણી ગૂજરાતી પ્રકૃતિને ખાસ અનુકૂળ પડતાં, અને ગૂજરાતમાં જેના અભ્યાસ માટે

સારી જોગવાઈ થઈ શકે એમ છે એવા કેટલાક વિષયો આપણી નવી યુનિવ્હર્સિટિમાં દાખલ કરી શકાશે. આ વિષે નવી કૉલેજો અને કૉલેજોનાં કેટલાંક નવાં ખાતાં ઊઘાડવા સંબન્ધી સૂચનાને અંગે આગળ ઉપર વિચાર કરીશું. પણ આટલી વિશિષ્ટતા બાદ કરતાં, પ્રાન્તિક વિશિષ્ટતાના મોહમાં આપણે રાષ્ટ્રીય એકતાનું ભાન ભૂલી ન જઈએ, અને યુનિવ્હર્સિટિનું એક પ્રધાન કર્તવ્ય જ્ઞાનમાં મનુષ્ય-માત્રની એકતા સાધવાનું એ વીસરી ન જઈએ, તે માટે હું 'વસન્ત'ના માર્ગશીર્ષ માસના અંકમાં જણાવેલા વિચાર પ્રત્યે સહુનું ફરી ધ્યાન ખેંચું છું. તે એ કે યુનિવ્હર્સિટિઓએ સંભેદક થવું જોઈએ, વિભેદક નહિ.×

કેળવણીનું વાહન ગૂજરાતી કે અંગ્રેજી?—પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તો માતૃભાષાદ્વારા જ શિક્ષણ આપવું જોઇએ એ સિદ્ધાન્ત અત્યારે સર્વાનુમતે સ્વીકારાઈ ચૂક્યો છે. અને મૅટ્રિક્યુલેશન પરીક્ષા પણ માતૃભાષામાં લેવી જોઈએ એમ હિંદુ-સ્થાનની લગભગ બધી જ યુનિવ્હર્સિટિઓએ માન્યું છે, અને એનો વૈકલ્પિકરૂપે અને અમુક વિષયોમાં અમલ પણ શરૂ કરી દીધો છે. વિકલ્પનો લાભ લઈ કેટલીક શાળાઓ જૂને ચીલે ચાલ્યાં ન કરે તે માટે સંયુક્ત પ્રાન્તની હાઈસ્કૂલ બોર્ડે તો જે વિદ્યાર્થીની ભાષા હિન્દી કે ઉર્દૂ હોય તેને માટે માતૃભાષામાં ઉત્તરો લખવા એ ફરજિયાત કર્યું છે. પણ તે પછી કૉલેજોમાં અપાતું શિક્ષણ હિન્દુસ્થાનની બધી જ યુનિવ્હર્સિટિઓમાં (નિઝામ રાજ્યની ઉસમાનિયા યુનિવ્હર્સિટિ સિવાય) હજી અંગ્રેજીમાં જ અપાય છે. આ પદ્ધતિ ખોટી છે એમ તો હવે વિદ્વાનો પણ માનતા થયા છે. પરંતુ યુનિવ્હર્સિટિમાં માતૃ-

× અહીં આપેલી પાદટીપ રદ કરી છે કેમકે તે શબ્દો આની આગળના લેખમાં આવી ગયા છે. પાદટીપ પૃ૦ ૨૭૬ની છેલ્લી બે લીટીઓ ('પરંતુ પ્રાન્તિક સંસ્કૃતિની..............થી શરૂ થતી) અને આખા ૨૭૭મા ('..........તો કોણ કરશે?'થી પૂરા થતા) પૃષ્ઠની બનેલી છે.

—સં.

ભાષાદ્વારા શિક્ષણ આપવામાં ઘણીક વ્યાવહારિક મુશ્કેલીઓ નડે છે, જેની અવગણના કરીને ચાલવાથી વિદ્યાર્થીની વિદ્યાને હાનિ જ થવાનો સંભવ છે એમ ઘણાઓને ભય રહે છે. નવી યુનિવ્હર્સિટિઓ—જેમ કે લખનૌ, અલ્હાબાદ—ઈન્ટર્મીડિયેટ પછી જ યુનિવ્હર્સિટિ-શિક્ષણ શરૂ કરે છે ત્યાં કદાચ આગળ જતાં ઈન્ટર્મીડિયેટ સુધીનું શિક્ષણ અને પરીક્ષા હાઈસ્કૂલની પેઠે માતૃભાષાદ્વારા જ આપવાનું કરે એ સંભવિત છે. ડૉ. પરાંજપેએ મહારાષ્ટ્ર યુનિવ્હર્સિટિમાં તેમ કરવાનો મત જાહેર કર્યો છે. આપણે ત્યાંને માટે બોમ્બે યુનિ-વ્હર્સિટિ રિફૉર્મ કમિટીએ આ પ્રશ્નનો વિચાર કર્યો છે, પણ દૃઢતા-પૂર્વક નિર્ણય આપ્યો નથી. તથાપિ મહારાષ્ટ્ર યુનિવ્હર્સિટિ મરાઠી ભાષાદ્વારા શિક્ષણ આપશે એ સંભવિત માન્યું છે, અને ત્યાં એ પ્રમાણે જ થશે. આપણે ત્યાં તો ગૂજરાતીદ્વારા શિક્ષણ આપવામાં બાધ મનાશે નહિ, અને હું ધારૂં છું કે એ તરફ જ આપણામાંના ઘણાખરાનું વલણ છે. છતાં, લાંબા વખત સુધી અમદાવાદ સાહિત્ય પરિષદ્‌માં સૂચવાઈ હતી તેવી દ્વિરૂપ પદ્ધતિ અગતિકતાએ સ્વીકારવી પડશે—એટલે કે પાઠ્યપુસ્તકો અને વિદ્યાવૃદ્ધિનાં પુસ્તકો અંગ્રેજી, અને અધ્યાપકનું અધ્યાપન ગૂજરાતીમાં. માતૃભાષાનો પ્રયોગ આટલો પણ કૉલેજના શિક્ષણમાં દાખલ કરવાથી એક પરિણામ શું આવશે એ ઊઘાડી આંખે જોઈ લેવું જોઈએ. પછી ભલે એમાં કોઈને ઇષ્ટા-પત્તિ હોય અને કોઈને આફત હોય. તે એ કે આપણા પ્રોફેસરો ગૂજરાતી જ, અર્થાત્ જેઓ આપણી માતૃભાષાનો બહુ સુંદર અને સબળ રીતે પ્રયોગ કરી શકે એવા જ રાખવા પડશે. આમાં વિદ્યાની દૃષ્ટિએ લાભ છે કે હાનિ એ બહુ પુખ્ત વિચાર કરીને નક્કી કરવાનું છે. હું પોતે આ નિયન્ત્રણ બી. એ., બી. એસસી. સુધી એટલે સામાન્ય કૉલેજોમાં સહન કરવા તૈયાર છું. પણ યુનિ-વ્હર્સિટિના પોસ્ટ–ગ્રેડ્યુએટ કામ માટે તો અંગ્રેજી ભાષા જ રહેવી જોઈએ, અને પ્રોફેસરોની પસંદગીમાં માતૃભાષાનું કશું જ નિયન્ત્રણ

રહેવું ન જોઈએ એવો મારો દૃઢ મત છે. આ જાતના ઊંચા કામ માટે માતૃભાષામાં સાધન નથી કે એ માટે જેવા પ્રોફેસરો જોઈએ તેવા ગૂજરાતમાં અલભ્ય છે, એ મારા મતનું કારણ નથી. પણ હું માનું છું કે અમુક ભૂમિકાથી આગળ આપણી યુનિવ્હર્સિટિએ પ્રાન્તિક મટી જવું જોઈએ; અને બીજી યુનિવ્હર્સિટિઓ સાથે નિત્ય વ્યવહારમાં—જ્ઞાનની આપલેમાં—જોડાએલા રહેવું જોઈએ. અને આ વ્યવહાર માત્ર હિન્દુસ્થાનની યુનિવ્હર્સિટિઓ સાથે જ નહિ પણ પરદેશી યુનિવ્હર્સિટિઓ સાથે પણ રહેશે અને રહેવો જોઈએ, તેથી અંગ્રેજી ભાષાદ્વારા જ પોસ્ટ-ગ્રેડ્યુએટ કામ થવું જોઈએ.

હવે આપણે બંધારણના પ્રશ્ન ઉપર આવીએ.

ગુજરાત યુનિવ્હર્સિટિનું બંધારણ:--આ એક 'chartered' યુનિવ્હર્સિટિ યાને સરકારી કાયદાની રૂએ સ્થાપિત યુનિવ્હર્સિટિ થશે, અને તે એક સ્થાનની જ—જેમકે અમદાવાદની જ—યુનિવ્હર્સિટી નહિ પણ સમસ્ત ગૂજરાતની એટલે કે અન્તરંગ અને બહિરંગ–internal side અને external side એમ બે અંગવાળી unitary and residential as well as affiliating એવી યુનિવ્હર્સિટિ બનશે. આ યુનિવ્હર્સિટિમાં સરકારનો હાથ કેટલો રહેશે, પ્રજાનો કેટલો રહેશે, અને પ્રજામાં પણ વિદ્વાનોનો કેટલો રહેશે, ધનદાતાઓનો અને ધનિકોનો કેટલો રહેશે, અને સામાન્ય 'આમ' વર્ગનો કેટલો રહેશે, તથા આ યુનિવ્હર્સિટિનાં અન્તરંગ અને બહિરંગ એ બે અંગોનો અવિરોધ અને સમન્વય કેવી રીતે સધાશે—આ વિકટ પ્રશ્નો બધા કાંઈક હાલની કામચલાઉ કમિટીએ અને વિશેષ ભાગે હવે પછી કાયદાસર નીમાનાર લેજિસ્લેટિવ કાઉન્સિલની કમિટીએ વિચારવા પડશે. દરમિયાન હાલની કમિટી એનો ખરડો તૈયાર કરી પ્રજા આગળ મૂકે એમ આપણે ઈચ્છીએ છીએ. એ જ્યારે મૂકાશે ત્યારે પ્રજાએ એક વાત લક્ષ્યમાં રાખવી પડશે કે આ યુનિવ્હર્સિટિ વિદ્યાનું ધામ છે, સામાન્ય લોકસંસ્થા નથી. જુદા જુદા

દેશની યુનિવ્હર્સિટિઓનાં બંધારણ જુદાં જુદાં છે: એક ઈંગ્લંડમાં પણ યુનિવ્હર્સિટિઓનાં અનેક બંધારણો પ્રવર્તે છે, પણ અત્યારે હિન્દમાં નવી યુનિવ્હર્સિટિનાં બે જાતનાં બંધારણ ઘડાઈ ચૂક્યાં છે. એક કેવલ residential યાને શિષ્યાવાસવાળી યુનિવ્હર્સિટિ માટે, અને બીજું બહારની કૉલેજને સ્વીકૃત કરનાર તેમજ શિષ્યાવાસ-વાળી એવી affiliating and residential યુનિવ્હર્સિટિ માટે. બનારસ, લખનૌ, ઢાકા, અલિગઢ એઓનું બંધારણ લગભગ એક-સરખું છે; અલ્લાહાબાદનું જુદું છે: આગ્રાનું હજી ક્રિયમાણ દશામાં છે.* પણ આ બંને પ્રકારમાં પણ કેટલુંક સ્વરૂપ સમાન છે– અને એટલું આપણી ગૂજરાત યુનિવ્હર્સિટિમાં પણ રહેશે જ તે આ પ્રમાણે:–

---

* હમણાંજ મ્હારા મિત્ર રાય બહાદુર સીતારામ—સંયુક્ત પ્રાન્તની ધારાસભાના પ્રેસિડન્ટ—પાસેથી આગ્રા યુનિવ્હર્સિટિ બિલની નકલ હું મેળવી શક્યો છું. એ બિલ ધારાસભાની આવતી બેઠકમાં ચર્ચાશે, અને કદાચ કોઈ કોઈ સ્થળે એમાં ફેરફાર થશે—પણ એનું તાત્ત્વિક સ્વરૂપ બદલાશે નહિ એમ હું માનું છું. હિન્દુસ્થાનની બધી યુનિવ્હર્સિટિઓમાં આ સૌથી તાજી હોઈ, અને પ્રશ્નો આપણી ગૂજરાત યુનિવ્હર્સિટિને મળતા હોઈ, એ આપણા વિચાર માટે ઉપયોગી થશે. એમાં બીજી યુનિવ્હર્સિટિનાં ચાર અંગ—કોર્ટ, કાઉન્સિલ (એક્સિક્યૂટિવ કાઉન્સિલ), સેનેટ અને સિન્ડિકેટ (ઍકેડેમિક કાઉન્સિલ) એ ચાર અંગ—ને બદલે સેનેટ, એક્સિક્યૂટિવ કાઉન્સિલ અને અકેડેમિક બોર્ડ એવાં ત્રણ અંગ જ રાખવામાં આવ્યાં છે. એક્સિક્યૂટિવ કાઉન્સિલમાં બીજી નવી યુનિવ્હર્સિટિઓ (જેમકે બનારસ)ની કાઉન્સિલ અને સિન્ડિકેટનું મિશ્રસ્વરૂપ રાખેલું છે, અને તે ઘણે ભાગે મુંબાઈની સિન્ડિકેટને મળતું આવે છે. એકેડેમિક બોર્ડ બીજી નવી યુનિવ્હર્સિટિઓની સિન્ડિકેટ કરતાં ઓછા અધિકારવાળું જણાય છે, અને મુંબાઈ યુનિવ્હર્સિટિનાં બધાં બોર્ડ્સ ઑફ સ્ટડીઝ એકઠાં કરીને એને કેટલોક વિશેષ અધિકાર આપ્યો હોય એના જેવું છે. આપણી ગૂજરાત યુનિવ્હર્સિટિમાં ત્રણ અંગ રાખવાં કે ચાર એ બિલ ઘડનાર કમિટીએ વિચારવાનું છે. અત્યારે એ વિષે ચર્ચા કરવાની જરૂર નથી.

હાલ મુંબાઈ યુનિવ્હર્સિટિના બંધારણમાં માત્ર બે જ મુખ્ય મંડળ છેઃ એક સેનેટ અને બીજું સેનેટનું કાર્યકારી મંડળ સિન્ડિકેટ. એ બે મળી નાણાંનો વહીવટ કરે છે તેમજ વિદ્યાના પ્રશ્નો પણ વિચારે છે અને અમલમાં મૂકે છે. ગૂજરાત યુનિવ્હર્સિટિના નવા બંધારણમાં એને બદલે ચાર× મંડળો થશેઃ જેમાંના બે વિચારક અને બે કાર્યવાહકઃ (૧) કોર્ટ (Court) એ ધનદાતાઓનું, સેનેટમાંથી પ્રતિનિધિ થએલા વિદ્વાનોનું, અને અન્ય વિદ્વાનો અને વ્યવહારદક્ષ પુરુષોનું મળીને એક સર્વોપરિ મંડળ. એમાં વિદ્વાનોની સંખ્યા ગૌણ અને વ્યવહારદક્ષ પુરુષોની પ્રધાન. અને એનું કાર્યવાહક મંડળ તે (૨) કાઉન્સિલ (Council); જેને નવી પરિભાષામાં 'એક્ઝિક્યૂટિવ કાઉન્સિલ' (Executive Council) કહે છે. નાણાંનો અને વિદ્યા સિવાયનાં સઘળાં કામોનો વહીવટ એ કરે છે. વિદ્યાવિભાગનું પણ હિત સચવાય તેટલા માટે સેનેટ યાને વિદ્વત્સભાના પ્રતિનિધિઓ એમાં મૂકાય છે. (૩) સેનેટ (Senate) યાને વિદ્વત્સભા એનું સ્વરૂપ તો જાણીતું જ છે, અને એનું કાર્યવાહક

પણ એમાં બે મુદ્દાની બાબતો છેઃ એક એ કે અલ્લાહાબાદ યુનિવ્હર્સિટિની માફક આગ્રા યુનિવ્હર્સિટિ પણ ઈન્ટર્મીડિયેટ પછીના શિક્ષણ સાથે સંબન્ધ ધરાવે છે. બહારની કોલજો—જે આગ્રા સાથે જોડાશે—એ પોતાનું શિક્ષણ ઉત્તમ કોટિ પર્યન્તનું પોતાને ત્યાં જ ચાલુ રાખશે—યુનિવ્હર્સિટિ પોતે પોતાના ત્યાં એટલે આગ્રા ઉત્તમ કોટિના શિક્ષણ માટે યોજના કરશે, તેમજ તે સ્વસંબદ્ધ કોલેજોના એક જાતના શિક્ષણમાં મદદ કરવા માટે પોતા તરફથી આગ્રા બહાર અમુક અમુક સ્થળે શિક્ષકો પણ નીમશે. આપણે ઇન્ટર્મીડિયેટ કોલેજોને યુનિવ્હર્સિટિની બહાર હાઇસ્કૂલના ખાડામાં નહિ જ નાખીએ, કારણ કે આપણી મુંબાઇ યુનિવ્હર્સિટિનો મત (ડો. પરાજપે બાદ કરતાં) એ યોજનાની વિરુદ્ધ છે. પરંતુ આગ્રા યુનિવ્હર્સિટિ પોતાને ત્યાં શિક્ષણ આપવા ઉપરાંત બહાર શિક્ષકો નીમવાની જે યોજના કરવા ઇચ્છે છે એ આપણે લક્ષ્યમાં લેવા જેવી છે.

× આગ્રા પ્રમાણે કરે તો ત્રણ.

મંડળ તે (૪) સિન્ડિકેટ (Syndicate) આ બે મંડળોનાં કર્તવ્યો પહેલાં બે મંડળોનાં કર્તવ્યોથી છૂટાં પાડવાનો હેતુ વિદ્યાના વિષયમાં એ વધારે લક્ષ આપી શકે અને એમાં વિદ્વાનોનો વિશેષ નિયોગ થઈ શકે એ છે. પણ પહેલાં બે મંડળ પાસે નાણાંનો વહીવટ હોઈ એ આ બીજાં બે મંડળના કાર્યમાં પ્રતિરોધ ન કરે એ જરૂરતું છે, અને તે જ પ્રમાણે આ બીજાં બે મંડળ નાણાંની સ્થિતિ ન વિચારીને વિદ્યાનો વિસ્તાર કરવામાં આગળ ધસે વા પોતાનો સ્વાર્થ સાધવા તત્પર થાય એ અટકાવવાની પણ એટલી જ જરૂર છે. આ કારણસર એકબીજા મંડળમાં અમુક પ્રમાણમાં એકબીજાના પ્રતિનિધિઓ રાખવામાં આવે છે તે સિવાય એમનું સંઘર્ષણ નિવારવા માટે બીજું કોઈ બંધારણનું સાધન નથી. મનુષ્યની સામાન્ય બુદ્ધિ અને પ્રામાણિકતા+ ઉપર આધાર રાખ્યા સિવાય છૂટકો નથી. તે માટે જોઈતું વાતાવરણ મુખ્ય ભાગે એ મંડળોમાં જ હોવું જોઈએ; અને કેટલેક ભાગે યુનિવ્હર્સિટિનો મુખ્ય કાર્યકર્તા વ્હાઈસ ચૅન્સલર અને એનો સહાયક પ્રો-વ્હાઈસ ચૅન્સલર એ પૂરૂં પાડે. હાલની ઘણી-ખરી નવી યુનિવ્હર્સિટિઓમાં વ્હાઈસ ચૅન્સલર પગારદાર હોય છે. અને પ્રો-વ્હાઈસ ચૅન્સલર હોતો જ નથી; પણ ઘણાનું એમ માનવું છે કે યુનિવ્હર્સિટિનો મુખ્ય અધિકારી અવેતન—'ઑનરરિ'—હોય તો સારૂં.*એવી સ્થિતિમાં એની પાસેથી બહુ કામ લઈ શકાતું નથી અને તેથી પગારદાર પ્રો-વ્હાઈસ ચૅન્સલરની જરૂર પડે છે [બનારસ હિન્દુ યુનિવ્હર્સિટિમાં બંને જગ્યાઓ કોર્ટના મેમ્બરોના મતપ્રદાન (election) થી થાય છે અને અવૈતનિક (honorary) છે.]

ગુજરાત યુનિવ્હર્સિટિનું સ્વરૂપ કેવું થવું જોઈએ ?—

ગૂજરાત યુનિવ્હર્સિટિને જૂની મુંબાઈ યુનિવ્હર્સિટિના જેવી પરીક્ષક યુનિવ્હર્સિટિ જ કરવી હોય તો એ કામ સહેલું છેઃ પરીક્ષક નીમવા, પ્રશ્નપત્ર કઢાવવા, પ્રશ્નપત્ર ફૂટવા ન દેવા, પરીક્ષાના મંડપો

*આગ્રા બિલમાં એ પ્રમાણે છે.

બંધાવવા, અને કોઈ બાળી ન નાંખે તે માટે ચોકી રાખવી, તથા વીમો ઊતરાવી રાખવો, નીમેલે દિવસે પરીક્ષાનાં પરિણામ બહાર પાડવાં, અને કૉન્વોકેશન ભરી ડિગ્રીઓ આપવી અને એ ઘટમાળ વર્ષોવર્ષ ચલાવ્યાં કરવી—જેનો કંટાળો રોજ નવા આવતા વિદ્યાર્થીઓને ન આવે, પણ ઘરડા થતા પ્રોફેસરોને તો જરૂર આવે. હું આશા રાખું છું કે ગૂજરાત આવી જાતની જ યુનિવ્હર્સિટિ નહિ ઇચ્છે. તેમ બીજે છેડે જઈ ને, આપણી નવી યુનિવ્હર્સિટિ અમદાવાદમાં કે વડોદરામાં એક સ્થાનિક શિક્ષણની અને શિષ્યાવાસની જ યુનિવ્હર્સિટિ થઈ ન શકે. ગૂજરાત યુનિવ્હર્સિટિને એક સ્થળે સ્થાનિક રાખીને એની જોડે બહારની કૉલેજોનો સંબન્ધ જોડવો એ જ પ્રકાર (residential and affiliating type) શક્ય છે. એને અંગે અન્તરંગ (internal side) અને બહિરંગ (external side) નો અવિરોધ અને સમન્વય રચવો એ આ નવી યુનિવ્હર્સિટિની યોજના ઘડનારનું, તેમજ એ યોજનાને અનુભવથી છેવટનું રૂપ આપનાર વ્હાઈસ ચેન્સલરનું, કર્તવ્ય રહેશે. ગૂજરાતની બધી જ કૉલેજો બી. એ. સુધીનું શિક્ષણ આપે છે અને એમાં પણ વિદ્યાર્થી મોકલે છે એમનો ઑનર્સ સહવર્તમાન બી. એ., બી. એસસી. સુધીના શિક્ષણનો હક્ક કાયમ રાખવો જ પડશે. એ કૉલેજો એમ., એ., એમ. એસસી. માં પરીક્ષાર્થીને મોકલે છે, પણ તેઓને વિદ્યાસંપાદન માટે સાધારણ સૂચના આપવા ઉપરાંત વધારે કાંઈ કરી શકતી નથી; યોગ્ય પ્રોફેસર છે ત્યાં શિક્ષણનાં પૂરતાં સાધન નથી. 'શિક્ષણનાં' કહેવામાં મ્હારૂં તાત્પર્ય એ છે કે પરીક્ષા પાસ કરાવવા માટે ભલે જોઈએ તેટલાં સાધન હો, પણ એમ. એ., એમ. એસસી. ના વિદ્યાર્થીને એના વિષયના વિસ્તીર્ણ ક્ષેત્રનું દર્શન કરાવવાની જરૂર છે, જે અત્યારે ગૂજરાતની કૉલેજો કરી શકતી નથી. તેથી એ કૉલેજોમાંથી એ ઉચ્ચતમ શિક્ષણ ઊપાડી લઈ ગૂજરાત યુનિવ્હર્સિટિમાં, વિશાળ લાઈબ્રેરિ અને વિષય વિષયના પ્રત્યેક વિભાગના જુદા જુદા

પ્રોફેસરો પૂરા પાડીને, સ્થાપવું જોઈએ. હાલના પ્રોફેસરોમાંથી જે યુનિવ્હર્સિટિને ઉપયોગી થઈ શકે તેમને યુનિવ્હર્સિટિએ કૉલેજમાંથી માગી લેવા જોઈએ, પણ એ કૉલેજો મોટા પ્રોફેસરોને અભાવે દરિદ્ર ન થઈ જાય તે માટે સામાન્ય નીતિ એ પ્રોફેસરોને લઈ લેવા કરતાં બીજા પ્રોફેસરોની ભરતી કરવી એ છે. પણ યુનિવ્હર્સિટિની સેનેટ, ફેકલ્ટીઝ, બોર્ડ ઓફ સ્ટડીઝ વગેરેમાં એમની સહાયતા લેવા ઉપરાંત, 'સ્પેશ્યલ લેકચર્સ'ની યોજના કરીને એમના જ્ઞાનનો લાભ યુનિવ્હર્સિટિના એમ. એ., એમ. એસસી. ના વિદ્યાર્થીઓને અપાવવો જોઈએ.* આ વ્યવસ્થા જેમ વિદ્યાના લાભ માટે ઇષ્ટ છે, તેમ એના બહિરંગને અન્તરંગ સાથે જીવંત સંબન્ધથી જોડાએલું રાખવા માટે જરૂરની છે, એ વિના અલ્લાહાબાદ યુનિવ્હર્સિટિમાં કેવી મુશ્કેલીઓ ઉત્પન્ન થઈ છે એ સુવિદિત છે, અને બોમ્બે યુનિવ્હસિટિ રિફૉર્મ કમિટીએ પણ એના રિપોર્ટમાં આ વિષમ સ્થિતિનો ઉલ્લેખ કર્યો છે. મ્હેં એક વખત કહ્યું તેમ વ્હાઇસ ચેન્સલરની ન્યાયી અને વિશાળ દૃષ્ટિ ઉપર યુનિવ્હર્સિટિની નિર્વિઘ્ન સફળતાનો ઘણો આધાર રહેશે.

યુનિવ્હર્સિટિમાં જોઈતી સાધનસામગ્રીઃ—એક વિદ્વાને કહ્યું છે કે યુનિવ્હર્સિટિ સ્થાપવા માટે બે જ વસ્તુઓ જોઈએ: 'a library and a printing press'—પુસ્તકાલય અને મુદ્રણાલયઃ યુનિવ્હર્સિટિનું પુસ્તકાલય કેવું હોવું જોઈએ, અને મુદ્રણાલય ફક્ત પરીક્ષાના પ્રશ્નપત્રો જ છાપવા માટે નથી એ આજના શ્રોતાજનોને સમઝાવવું પડે એમ નથી. પુસ્તકાલય સાથે પ્રયોગશાળા પણ સમઝી લેવાની છે, કારણ કે આર્ટ્સમાં જેમ લાઇબ્રેરિ છે તેમ સાયન્સમાં લેબોરેટરિ છેઃ અને બંને યુનિવ્હર્સિટિનાં ફેફસાં—પ્રાણ-સંચારનાં સ્થાન છે. આ ઉપરાંત રમતગમતનાં ક્ષેત્રો, કસરતશાળા, સંગીતશાળા, નાટ્યશાળા, યુનિવ્હર્સિટિ સિનેમા વગેરે પણ શરીર

* આગ્રા યુનિવ્હર્સિટિ બિલમાં આગ્રા બહારને સ્થળે પણ યુનિવ્હર્સિટિ તરફથી અધ્યાપકો નીમવાની યોજના છે.

અને મનના સૌષ્ઠવ અર્થે આવશ્યક છે. આટલી યુનિવ્હર્સિટિના વાતાવરણ માટે જોઈતી સામગ્રી. પણ આ ઉપરાંત મ્હોટી જરૂર કેટલીક કૉલેજો અને અભ્યાસના નવા વિષયો ઊમેરવાની છે. અમદાવાદમાં અત્યારે ફક્ત આર્ટ્સ અને સાયન્સની કૉલેજ છે. એમાં લૉ કૉલેજ બહુ સહેલાઈથી ઊમેરી શકાય. ગૂજરાત જે હિન્દુસ્થાનનો બાગ કહેવાય છે ત્યાં હજી ખેતીવાડીની કૉલેજ નથી!—પૂનામાં છે. મુંબાઈમાં વેપારી કૉલેજ સ્થાને છે, અમદાવાદમાં પણ એ સ્થાને નથી? આખા ગૂજરાતમાં એક પણ મેડિકલ કૉલેજ ન હોય એ થોડું શોચનીય છે? એને માટે અમદાવાદમાં સામગ્રી છે, ફક્ત એને વધારવાની જરૂર છે. અમદાવાદમાં સાઠસિત્તેર મિલ છે અને રેલ્વેનું જંકશન છે. ત્યાં એન્જીનિયરિંગ કૉલેજ માટે પણ યોગ્ય સ્થાન છે. ગૂજરાત સ્વતન્ત્ર પ્રાન્ત હોત, એમાં જિયોલૉજી અને માઈનિંગની એક કૉલેજ હોત તો શિવરાજપુર સિન્ડિકેટ આજ કોની હોત? એ જ રીતે હજી ન ખોદાએલી ખનિજ પદાર્થની ભૂમિ ગૂજરાતમાં કેટલી બધી છે?—એમાં ગૂજરાતના વિદ્યાર્થીઓને પ્રયોગ અને અન્વેષણનો કેટલો બધો અવકાશ છે? રેવાકાંઠા, રાજપીપળા, લુણાવાડા, બારિયા, સોનગઢવ્યારા, દંડકારણ્ય અને ગીરના વનમાં ફૉરેસ્ટ્રીના વિદ્યાર્થીએ કેટલું બધું શીખવાનું છે?—છતાં, આ વિષયો શીખવાનાં સ્થાન ક્યાં? કાગળ, રંગ વગેરેની બનાવટ સંબન્ધી પણ કેમિસ્ટ્રી અને ફૉરેસ્ટ્રીને અંગે કેટલી બધી શોધો થઈ શકે? અને એ શોધોનો લાભ ગૂજરાતના કારખાનાંવાળાઓ લઈ શકે એવો કોણ લઈ શકે? ગૂજરાતમાં અમદાવાદ મિલઓનર્સ એસોસિયેશનને અર્થશાસ્ત્રના ઊંડા પ્રશ્નો ઊકેલે એવા વિદ્યાર્થીઓની અને અભ્યાસકોની જરૂર નથી? ફારસી અરબ્બીનો અભ્યાસ ક્યાં છે?—છતાં ગૂજરાતી ભાષાના અને મધ્યકાલીન ગૂજરાતના ઇતિહાસના અભ્યાસીને એની કેટલી બધી જરૂર છે? ગૂજરાતમાં કેટલા બધા જૈન ભંડારો—બ્રાહ્મણ બૌદ્ધ અને જૈન ગ્રન્થોની ભરપૂર—પડ્યા છે, એના ઉપર હજી સુધી

કેટલો થોડો શ્રમ થયો છે? ગૂજરાતમાં ભગવાનલાલ ઇન્દ્રજી કે હેમાચાર્ય રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ન સ્થાપી શકાય? પણ આ તો કેટલાક ખાસ વિષયોનું દિગ્દર્શન કર્યું. મ્હેં એકવાર કહ્યું તેમ યુનિવ્હર્સિટિઓ માત્ર સ્થાનિક વિષયો કેળવવા માટે જ નથીઃ મનુષ્યજાતિની જ્ઞાન-વૃદ્ધિમાં અને એની સંસ્કૃતિના સઘળા વિષયોમાં દરેક યુનિવ્હર્સિટિએ પોતા તરફથી કાંઇ ને કાંઈ ભેટ ધરવાની છે, અને એ જ યુનિવ્હર્સિટિઓનું પ્રધાન કર્તવ્ય છે.

યુનિવ્હર્સિટિ માટે જોઈતું દ્રવ્યઃ—મ્હેં જે વિષયોનું સૂચન કર્યું એ સઘળા યુનિવ્હર્સિટિ સ્થપાતાની સાથે એકદમ જાણે જાદુથી આપણી સમક્ષ આવી જાય અથવા તો જ્યાં સુધી એ બધા ન આવે ત્યાં સુધી યુનિવ્હર્સિટિ સ્થાપી ન શકાય એમ મ્હારૂં કહેવું નથી. પણ મુંબાઈ યુનિવ્હર્સિટિથી છૂટા પડીને આપણે શોભીએ નહિ એવી દરિદ્ર ઘરસંસારની માંડણી તો ન જ થવી જોઈએ. મહારાષ્ટ્ર યુનિવ્હર્સિટિ કરતાં આપણે ઘણું વધારે કરવાનું છે. એને નવી કૉલેજો તો સ્થાપવાની નથી પણ ભાંડારકર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ જેવી સંસ્થા એની પાસે મોજૂદ છે. આપણે તો આ સઘળી સૃષ્ટિ નવી ઉપજાવવાની છે. અને તેથી મહારાષ્ટ્ર યુનિવ્હર્સિટિ માટે મુંબઈ યુનિવ્હર્સિટિ રિફૉર્મ કમિટિએ કાઢેલો ખર્ચનો અડસટ્ટો આપણે માટે પર્યાપ્ત નથી : દેશી રાજાઓ પાસે તથા ધનિક વર્ગ પાસે પર્યાપ્ત ધનની માગણી કરીશું. તોપણ કાંઇક અંશે મહારાષ્ટ્ર માટે તૈયાર કરેલા ખર્ચના આંકડા આપણને દિગ્દર્શન થાય એવા હોવાથી આપની સમક્ષ રજુ કરૂં છું.

Non-recurring

	Rs.	
University site ...	2,00,000	
,, Offices and Lecture-rooms ...	5,00,000	
,, Library Building & Furniture ...	5,00,000	
Professors' Bungalows (ten)	3,00,000	
Hostel for Post-graduates ...	1,00,000	
Initial equipment of University Library with books ...	1,50,000	17,50,000
Grand Total Non-recurring	17,50,000	

Recurring

Examination Charges ...	90,000
Printing and Advertisement.	20,000
Fellows' Travelling Allowance	20,000
Stationery ...	8,000
Examination Mandap ...	5,000
Postage ...	1,500
Repairs to Building ...	5,000
Electric lighting ...	1,000
Insurance of Buildings ...	3,000
Library grant for books ...	15,000
Miscellaneous ...	5,000
	1,73,500

University Staff

Half-time Registrar (Rs. 400) Asst. Registrar (Rs. 500) and Office establishment ...	30,000
10 Full time Professors (on Rs. 800-1,250 p. m.) at average pay Rs. 1,000 p. m. ...	1,20,000
10 Assistants (on Rs. 300-750 p. m.) at average pay Rs. 500 p. m. ...	60,000
10 Lecturers at Rs. 150 p. m.	18,000
2 Fellowships for study abroad tenable for two years at Rs. 500 p. m. ...	12,000
Librarian and Library Clerks on Rs. 300, Rs. 100, and Rs. 50	5,500
	2,45,500
Provident Fund at 5 p. c. on Rs. 2,33,000 ...	11,650
	11,650

Post-graduate Teaching Department

10 Scholarships at Rs. 100 p.m.	12,000
10 Scholarships at Rs. 75 p. m.	9,000

Publications	...	2,000	
Grants for Research	...	2,000	
		25,000	4,55,65
Grand total Recurring		4,55,650	

From the recurring expenditure is to be deducted fee receipts estimated as follows:—

		Rs.
Matriculation Fees	...	22,000
F. Y. Coll. Exam	...	4,590
University Exam.	...	94,760
Registration and Degree fees.		5,000
Post-graduate fees	...	10,000
Annual income	...	1,36,350

Expend	...	... 4,55,650
Receipts	...	... 1,36,350
		3,19,300

મ્હેં આ આંકડા બહુ ચોકસાઇથી તપાસ્યા નથી. એમાં વ્હાઇસ ચૅન્સલર કે પ્રો–વ્હાઇસ ચૅન્સલર માટે ગોઠવણ નથી. મ્હેં પહેલાં કહ્યું તેમ આપણી યુનિવ્હર્સિટિમાં વ્હાઈસ ચૅન્સલર ઑનરરિ રાખીશું તો પ્રો–વ્હાઈસ ચૅન્સલર પગારદાર જોઈશે. અને પ્રો વ્હાઇસ ચૅન્સલર નહિ રાખીએ તો વ્હાઇસ ચૅન્સલર પગારદાર જોઈશે. બંને

ઓનરરિ મળે તો સારૂં, પણ હંમેશ માટે એ યોજના સફળ થાય કે કેમ એ શંકા છે. આ આંકડામાં જમીન વગેરેનું ખર્ચ બતાવવામાં આવ્યું છે, પણ સરકાર જમીન પૂરી પાડે એ બનવા જોગ છે. અને બીજી કેટલીક મદદ જેમ લાઇબ્રેરિનું મકાન કે લાઇબ્રેરીનાં આસનો, પુસ્તકો કે પ્રયોગશાળા કે અમુક અમુક પ્રોફેસરોનાં ખર્ચ સરકાર કે દેશી રાજ્યો કે કોઈ કોઈ ધનિક જન અને ધનિક સંસ્થાઓ પૂરાં પાડે એમ આશા રાખી શકાય. પણ આપણી ગૂજરાત યુનિવ્હર્સિટિ કમિટીએ મહારાષ્ટ્ર યુનિવ્હર્સિટિ માટે કરેલા આ અડસટ્ટા કરતાં વધારે વ્યાપક કોલેજોના ખર્ચ તેમજ કેટલાક ફેરફારનો અડસટ્ટો તૈયાર કરવો પડશે. અને હું આશા રાખું છું કે,

(૧) ગૂજરાત યુનિવ્હર્સિટિ બિલ અને

(૨) ખર્ચનો અડસટ્ટો

—એ બે કામ એ સત્વર હાથમાં લેશે. એ થયા પછી જ આપણે સરકાર પાસે, ગૂજરાતી પ્રજા પાસે, દેશી રાજ્યો પાસે, તથા ધનિક વર્ગ પાસે ધનની અને વિવિધ પ્રકારની મદદની માગણી કરી શકીશું.*

[વસંતઃ વર્ષ ૨૫, અંક ૪, વૈશાખ, સં. ૧૯૮૨]

* મુંબાઈ ગૂજરાત–મંડળમાં આપેલું ભાષણ.

આપણી કેળવણીની પુનર્ઘટના

ગાંધીજીએ કેળવણીની પૂનર્ઘટના કરવા સારૂ એક પરિષદ્ મેળવી, એની સમક્ષ પોતાના વિચારો દર્શાવ્યા, અને પ્રાથમિક કેળવણી સંબન્ધી વિગતવાર વિચાર કરી અભ્યાસક્રમ ઘડવા એક કમિટિ નીમી. એ કમિટીએ અભ્યાસક્રમ ઘડયો અને પ્રકાશિત કર્યો. કૉન્ગ્રેસ રાજ્યના પ્રાન્તોને માથે એ સ્વીકારવાની મોઘમ ફરજ ઉત્પન્ન થઈ. મુંબાઈના મન્ત્રિમંડળે સામાન્યતઃ એમા સંમતિ આપી. પણ પ્રાથમિક કેળવણીમાં મુખ્ય ફેરફાર એટલો જ કર્યો કે સ્થાનિક મંડળોના હાથમાં જે સમસ્ત વહીવટ હતો એમાંથી વહીવટી ભાગ એણે સરકારહસ્તક કર્યો, અને પ્રથમ થોડે સ્થળે પૂર્વોક્ત કમિટીને અજમાયશ આપવાનો ઈરાદો પ્રકટ કર્યો.

અમે માનીએ છીએ કે હસ્તલાઘવની કેળવણી (manual training) અને ધંધાના શિક્ષણ (vocational education)નું સ્વરૂપ ધ્યાનમાં લઈ નીચેનાં ધોરણમાં પહેલું અને ઉપલાં ધોરણમાં બીજું એમ ભેદ પાડવો જોઈએ; અને સાત ધોરણોને આવશ્યક કેળવણી તરીકે ન કરતાં માત્ર ચાર કે પાંચ જ ધોરણોની કેળવણીને આવશ્યક ગણવી જોઈએ, અને તે પણ એ ધોરણોના અભ્યાસક્રમને વર્ધા કમિટીએ કર્યો છે તે કરતાં વધારે સાદો અને સરળ બનાવીને.

આમ અમારો ગાંધીજીની વર્ધા કમિટી સાથે કેટલોક તાત્ત્વિક મતભેદ છે, તથાપિ હવે તો ભેદ કરતાં મળતાપણા ઉપર દૃષ્ટિ

રાખવી એ જ વધારે સારૂં છે. મતભેદ સહન કરવા, અને પરિણામે હાર-જીત સમતાથી અને હસ્તે મ્હોંએ લેવી એને પાશ્ચાત્ય પરિભાષામાં 'sporting spirit' કહે છે-આપણી પરિભાષામાં એને 'Gita spirit' કહીએ તો ચાલે.

આપણા ગરીબ દેશને કેવી કેળવણીની જરૂર છે, અને તે કેવી રીતે પૂરી પાડવી એ માટે સામ્રાજ્યના વિચારમાં મશગૂલ એવા બ્રિટિશ રાજ્યકર્તાઓએ થોડી જ દરકાર કરી છે. આપણા કોન્ગ્રેસના મન્ત્રીઓને આ પ્રશ્નો હૃદયે લાગેલા છે, અને તેથી યથામતિ એના ઉત્તર દેવા તેઓ યત્ન કરે છે. અમે માનીએ છીએ કે ગાંધીજીની કેળવણીની દૃષ્ટિ મૂળમાં યથાર્થ છે અને તેથી એમની યોજના અમલમાં મૂકતાં એમાં જે ખામીઓ અમને જણાય છે તે સહજ રીતે તરી આવશે, અને તેનો પ્રતીકાર પણ સહજ રીતે થશે. આ કારણથી અમારો એમની યોજના સામે વિરોધ નથી, તેમ વખત આવ્યે અથવા વ્યવહારમાં મુશ્કેલીઓ જણાતાં એની મેળે એમાં સુધારા અને ફેરફાર થશે એમ અમને શ્રદ્ધા છે. અને આ કારણથી અમે એમની યોજના અત્યારે વધાવી લઈએ છીએ. જે રાષ્ટ્રીય દૃષ્ટિબિન્દુ—એટલે પ્રજાની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ હોવો જોઈએ તે એમાં છે, અને તે છે એટલું બસ છે; એમાં ઘટતા સુધારા થવા જોઈએ તે જતે દહાડે થશે જ.

હવે એક બીજી વાત. અને એ મહત્ત્વની છે. પ્રાથમિક કેળવણી એ જ અત્યારે આપણું મુખ્ય લક્ષ્ય ખેંચે એ યોગ્ય છે, કારણ કે આપણા દરિદ્ર દેશના બહુ મ્હોટા ભાગને માટે એ જ એક કેળવણી છે. પણ એ મ્હોટા ભાગનાં નેત્ર અને મગજ તો ઉપલા વર્ગો છે, અને તેથી દરિદ્ર પ્રજાનું હિત કરવાના ઉત્સાહમાં, એમનાં હિતનો બીજો ભાગ-એમનાં નેત્ર અને મગજ સતેજ અને બળવાન રાખવાં જોઈએ એ વાત અવગણનામાં પડવી ન જોઈએ

અમે ઈચ્છીએ છીએ કે ગાંધીજીએ જેમ પ્રાથમિક કેળવણી

ઉપર ધ્યાન આપ્યું તેમ માધ્યમિક અને ઉચ્ચ કેળવણી ઉપર પણ આપે. માધ્યમિક કેળવણી. (secondary education)એ કેળવણીના શરીરનો પૃષ્ઠવંશ (backbone) યાને કરોડ છે, એને એ મ્હોટાં ગામ અને મધ્યમ કદનાં શહેરોને, અને મ્હોટાં શહેરોની બીજી અને ત્રીજી શ્રેણીની જનતાને બહુ ઉપયોગી છે. જેમ અભ્યાસક્રમની સાદાઈ એ પ્રાથમિક કેળવણીમાં આવશ્યક ગુણ છે. તેમ વૈવિધ્ય એ માધ્યમિક કેળવણીમાં બહુ જરૂરનું છે. ગામડાંના જીવન કરતાં શહેરોનું જીવન વધારે સંકુલ અને વિવિધતાભર્યું છે તેમ તેની કેળવણી પણ વધારે ગૂંથાએલી અને વિવિધતાભરી હોવી જોઈએ. ન્હાનાં ગામડાંની હાલની સ્થિતિ સુધારીને સુખી ગામડાં ઉપજાવીએ એટલું બસ નથી. ગામડાંની વિકાશસદિશા મ્હોટું ગામ, ન્હાનું શહેર, સામાન્ય શહેર, અને મ્હોટી નગરી—એ જ છે. બેશક, એથી ગામડાં પોતાની સાદાઈનો લાભ ખોઈ શહેરનાં સંકટો વ્હોરશે, પણ એ પરિણામ જેમ બને તેમ ઓછું હાનિકારક થાય એ જ પ્રયત્ન આપણે કરવો જોઈએ. વિકાસક્રમની સ્વાભાવિક દિશા, જે પ્રકૃતિએ નિર્મી મૂકી છે, તેમાં આપણે કાંઈ ફેરફાર કરી શકીએ એમ નથી.

કેટલુંક વિષયાન્તર થયું. પણ પ્રાથમિક કેળવણીથી ભિન્ન માધ્યમિક કેળવણીની આવશ્યકતા અને એનું સ્વરૂપ બતાવવા માટે એટલું વિષયાન્તર આવશ્યક હતું. આ માધ્યમિક યાને દ્વિતીય શ્રેણિની રચના કલ્પવી કઠણ નથી. અમે ઉપર કહ્યું તેમ પ્રાથમિક કેળવણીને વર્ધા કમિટીની ભલામણ કરતાં વધારે સાદી બનાવતાં જે અવશેષ રહે તે, અને જે નૂતન વિશેષ આ બીજી શ્રેણી માટે આવશ્યક છે તે,—એ બે, અવશેષ અને વિશેષ, મેળવીને બીજી શ્રેણી [માધ્યમિક શિક્ષણ) રચવી જોઈએ.

ત્રીજી શ્રેણી—ઉચ્ચ શિક્ષણની—એ તો દેશની ઉત્તમ બુદ્ધિ અને આર્થિક અનુકૂળતાવાળા આપણા દેશબન્ધુઓ માટે છે. પણ એણે એનું જુદું સ્વર્ગ રચવાનું નથી. કિંતુ દેશની તાત્કાલિક જરૂરિયાત

અને ત્રૈકાલિક હિત બંને ઉપર **ઉચ્ચ અને વિશાળ દૃષ્ટિથી એણે** જોવાનું છે. અને તેથી અમે ઉચ્ચ શિક્ષણમાં 'ડિગ્રી' અને 'ડિપ્લોમા' એવા ઊંચા-નીચા બે પ્રકારો ઇચ્છીએ છીએ. માધ્યમિક કેળવણીમાં જે પાયો નંખાયો છે તેના ઉપર બે જાતની ઈમારત થઈ—એક ગગનચુમ્બી મહેલ, અને બીજી રહેવા લાયક સાદો બંગલો. હિન્દુસ્થાનની સર્વ યુનિવ્હર્સિટિઓની 'સાયન્સ' અને 'ટેકનોલૉજી' કૉલેજોમાં જે એક ખાસ યોજના દાખલ કરવાની જરૂર છે તે આ ઉપર બતાવેલી ડિગ્રી અને ડિપ્લોમાની વિવિધ યોજના છે. આ ઉપરાંત, યુનિવ્હર્સિટિના બીજા અભ્યાસક્રમમાં પણ બહુ ફેરફાર કરવાની જરૂર છે. આ ફેરફાર માટે એક જ સૂત્ર અવલમ્બીને ચાલવું બસ થશે. **રાષ્ટ્રીય દૃષ્ટિબિન્દુ** અને **માનવતાની ભાવના: એ આપણું સૂત્ર.** આપણા દેશનું સાહિત્ય, આપણો ઈતિહાસ, આપણું અર્થશાસ્ત્ર વિશિષ્ટતાવાળાં છે, અને એ સર્વને ભૂલીને અંગ્રેજી સાહિત્ય, અંગ્રેજ ઈતિહાસકારોએ ઉકેલેલો ઈતિહાસ, અને યાન્ત્રિક ઉદ્યોગ અને પરાક્રમણ (પર ઉપર આક્રમણ) ઉપર રચાએલું અર્થશાસ્ત્ર—એ સર્વ આપણાં શી રીતે હોઈ શકે કે થઈ શકે? અને જે વિદ્યા આપણી નથી એ વિદ્યા તે બહારનો ઝભ્ભો જ છે. એ આપણી નસોનું રુધિર કે આપણા જીવનનો પ્રાણ કેમ કહેવાય? અને જે વિદ્યા એટલી ઊંડી નથી જતી તે વિદ્યા નથી. અહીં તો ઉદાહરણ માટે થોડા વિષયો લીધા; બાકી, રાષ્ટ્રીય યુનિવ્હર્સિટિની રચના કરવાનું ગાંધીજી હાથમાં લે તો સહજ રીતે ઘણા વિષયો જે અત્યારે મુંબઇ યુનિવ્હર્સિટિમાં શીખવાતા જ નથી અથવા તો ગૌણ સ્થાને પડ્યા છે, એમને એક નવી આદર્શરૂપ યુનિવ્હર્સિટિમાં યોગ્ય સ્થાન આપી શકાય. અને તે માટે અમે તો **ગાંધીજીને એક ગુજરાત યુનિવ્હર્સિટિ સ્થાપવાની ભલામણ કરીએ છીએ.** બનારસ હિન્દુ યુનિવ્હર્સિટિ સ્થપાઈ ત્યારે તેને બ્રિટિશ રાજ્યકર્તાઓ પાસેથી સ્વીકાર મેળવવાનો હતો, અને તે વખતે જો કે

લૉર્ડ હાર્ડિંગ જેવા ઉદાર વાઇસરૉય ગાદીએ હતા તથાપિ એકદમ પરિવર્તન પામેલું યુનિવ્હર્સિટિનું સ્વરૂપ એમને પણ માન્ય થાય નહિ, તેથી એના સ્થાપકોને જૂજ ફેરફાર સાથે અલ્લાહાબાદ યુનિવ્હર્સિટિની નિયમાવલિ અને અભ્યાસક્રમમાંથી ઘણું લેવું પડ્યું હતું. તથાપિ તે વખત સુધી જે પગલું હિન્દુસ્થાનની બીજી કોઈ પણ યુનિવ્હર્સિટિમાં ભરવામાં આવ્યું નહોતું તે ભરવાનું અને બીજી યુનિવ્હર્સિટિઓને માર્ગ સુઝાડવાનું—યુનિવ્હર્સિટિમાં ટેકનોલૉજી (Technology) યાને ઔદ્યોગિક શિક્ષણ દાખલ કરવાનું—માન પંડિત માલવીયાજીને છે. ત્યાર પછી અત્યારે વિદ્યાર્થીઓની બેકારી અટકાવવા બીજી કેટલીક યુનિવ્હર્સિટિઓએ એ જ માર્ગે પગલાં ભરવા માંડ્યાં છે, અને દેશાભિમાન અને દેશભક્તિના કેટલાક વિષયો--જેમકે 'પ્રાચીન ભારતની સંસ્કૃતિ' વગેરે બનારસ હિન્દુ યુનિવ્હર્સિટિઓને પગલે ચાલી દાખલ કર્યા છે. પરંતુ વીસ વર્ષ ઉપર જે પં. માલવીયાજી માટે અશક્ય હતું, તે અત્યારે મ. ગાંધીજી માટે શક્ય છે. બનારસ હિન્દુ યુનિવ્હર્સિટિ સ્થપાઈ ત્યાર પછી ગંગાનાં નીર ઘણાં વહી ગયાં છે, અને આજ દેશે નવું જ રૂપ ધારણ કર્યું છેઃ એના વિચારો (ideas) બદલાયા છે, એની ભાવનાઓ (ideals) બદલાઈ છે, એનું રાજ્યતન્ત્ર નવું જ શરીર ધારણ કરી ઊભું છે, તે વખતે જૂની ઢબની યુનિવ્હર્સિટિઓ કેટલો વખત પ્રજાના જીવન સાથે સંગત રહેશે?

આ નવો જમાનો ગાંધીજીનું બાળક છે, અને એ બાળકને ઊછેરવાનું ધાત્રીકર્મ એમને જ શિર છે; એટલું એમને સ્મરણ આપવાની અમે ધૃષ્ટતા કરીએ છીએ.

[વસંત : વર્ષ ૩૭, અંક ૧, માઘ–ચૈત્ર, સં. ૧૯૯૪]

યુનિવર્હસિટિના શિક્ષિતજનો

"I took a last moment decision to spend Whitsuntide in Kerry. In the dining-car between Paddington and Newport I found myself facing two young men, whose talk made it clear that they, too, were 'getting away.' They were juniors in the office of one of Greater London's boroughs—one an accountant, the other specialising on rating. The talk turned to the value of a University education. They were glad that it had not been forced on them; it was no help to most men. In the council's offices only two men, both juniors, were graduates; they were 'not much good' and would never get to the top. The clerk to the borough Council, the surveyor, the medical officer, and so on, none had been to a University. If a boy was to be any good he must start, as they did, at seventeen; they agreed, however, that he might perhaps gain by going to a Univerity after two years'

work in workshop office. Uuiversity graduates, they declared, need a clerk to prevent them from making simple mistakes; they are careless, not methodical. Accuracy was what most mattered. "

"Walks and Talks" by Sir **Arnold Wilson**

—Nineteenth Century and After, July 1936)

કોઈ ધારતા હશે કે યુનિવ્હસિર્ટિમાં કેળવાએલા જનો માટે " નાલાયકી "ની ફરિયાદ આપણા દેશમાં જ છે. પણ ઉપરનો ઊતારો વાંચતાં જણાશે કે આ ફરિયાદ ઇંગ્લંડમાં પણ છે. એ ફરિયાદ છે માટે તે **યથાર્થ** જ હોવી જોઈએ એમ ન સમઝવું. સર આર્નોલ્ડ વિલ્સન એ ફરિયાદમાં રહેલી ભૂલ બતાવે છે, અને તે જ પ્રમાણે આપણે ત્યાં પણ એ ભૂલ સ્હેલાઇથી બતાવી શકાય. પણ સ્હામાની ભૂલ બતાવવા કરતાં સ્હામાના દૃષ્ટિબિન્દુથી જોઈ, એ ભૂલના મૂળમાં કાંઇ પણ સત્યાંશ હોય તો તે જાણી લઈ, આપણી ખામી સુધારવામાં વધારે ડહાપણ રહેલું છે. પશ્ચિમ તો વ્યવહારૂ છે, અને આપણા યુનિવ્હર્સિટિના વિદ્યાર્થીઓ કરતાં ત્યાંના વિદ્યાર્થીઓ વધારે કાર્યકુશળ છે. છતાં કાર્યકુશળતાની ખામીની ફરિયાદ એઓ માટે થાય છે તો આપણે ત્યાં તો એ વધારે બળથી થઈ શકે.

આજ બે ભાઈઓને મ્હેં અંગ્રેજી વિરુદ્ધ ગૂજરાતી ભાષા દ્વારા શિક્ષણના પ્રશ્નની ચર્ચા કરતા સાંભળ્યા—એ ચર્ચાને અંગે એક ભાઈએ બીજાને કહ્યું: " સત્તર વર્ષનો અંગ્રેજી શાળાનો વિદ્યાર્થી આપણે ત્યાંના વિદ્યાર્થી કરતાં કેટલો બધો વધારે ચાલાક અને કાર્યકુશળ હોય છે? " મ્હેં વચ્ચે પડીને કહ્યું: " ક્ષણવાર એક કલ્પના કરો: ઈંગ્લંડની સર્વ શાળાઓમાં ગૂજરાતીદ્વારા જ શિક્ષણ આપવાનું દાખલ કરો, અને જુવો કે તે પછી અંગ્રેજ વિદ્યાર્થીઓ કેટલા 'ચાલાક અને કાર્યકુશળ' રહે છે. "

ત્યાંના વિદ્યાર્થીઓને સઘળું જ્ઞાન પોતાની માતૃભાષાદ્વારા જ સંપાદન કરવાની સરળતા રહે છે, અને તે સાથે જે વસ્તુનું જ્ઞાન મેળવવાનું હોય છે એ વસ્તુ પણ એમની વર્તમાન સંસ્કૃતિની એટલે કે 'modern civilisation'ની હોય છે. આપણા વિદ્યાર્થીને આ બંને બાબતમાં ગળે પત્થર બાંધીને તરવાનું છેઃ કેળવણીની ભાષા પરભાષા અને સંસ્કૃતિ પણ પરાઈ.

આથી હું એમની ભાષા કે એમની સંસ્કૃતિને ત્યાજ્ય માનનારામાંનો એક છું એમ ન સમજવું. ઊલટું કોઈ પણ રીતે એ ભાષાનું અને એ સંસ્કૃતિનું જ્ઞાન—થોડામાં થોડે બુદ્ધિને ખર્ચે—મેળવી લઈ, આપણી બાકીની સર્વ શક્તિ આપણી પોતાની ભાષાને અને આપણી પોતાની સંસ્કૃતિને, પશ્ચિમના સંસર્ગથી એ જેટલી સુંદર રીતે વિકસિત થઈ શકે તેટલી વિકસિત કરીને વિદ્યાસંપાદનના અને દેશોત્કર્ષના કામમાં મચ્યા રહેવું જોઈએ.

એક વાત ઉમેરૂં: જે પ્રજાઓએ પોતાનું સાધ્ય સાધી લીધું છે તેને તો પ્રકૃતિના સ્વાભાવિક નિયમો ઉપર આધાર રાખી જીવન ગુજારવું પરવડે. પણ આપણે તો હજી બહુ સાધ્ય સાધવાં બાકી છે, એટલે આપણે પ્રકૃતિના સ્વાભાવિક નિયમ ઉપર આધાર રાખી બેસી રહ્યે ન ચાલે. પ્રકૃતિના નિયમો ઊલટાવીને—સ્વાર્થને બદલે પરાર્થે જીવન ગાળીને, સુખની લાલસા છોડી દેશ ખાતર તપ કરીને, સાદા અને ઊંચા જીવન વડે ધનની ખોટ આત્મબળથી પૂરીને—આગળ વધી ગયેલા દેશ અને આપણા દેશ વચ્ચેનું અન્તર કાઢી નાખવું જોઈએ. અને આ કામ માટે યુનિવ્હર્સિટિની કેળવણી પામેલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ તરફ દેશ જોઈ રહ્યો છે.

[વસન્તઃ વર્ષ ૩૫, અંક ૭-૯, શ્રાવણ-આશ્વિન, સં. ૧૯૯૨]

શિક્ષિત જન કોને કહેવો ?*

આનો ઉત્તર દઉં—અનેક વિષય ઉપર થોડી થોડી હકીકત જેણે પોતાના મગજમાં એકઠી કરી હોય એ 'સુશિક્ષિત' ન કહેવાય. આપણા હાલના જમાનામાં આવી હકીકત બહુ કામની છે, અને તે તિરસ્કારી કાઢવાની મ્હારી મતલબ નથી. પણ એમાં સઘળી કેળવણી આવી જતી નથી, બલ્કે કેળવણીનું એ તત્ત્વ પણ નથી. હવે હું એક 'પ્રાચીન' હોઈ પ્રાચીન નેત્રોથી આ પ્રશ્ન તરફ જોઉં અને ઉત્તર આપું. સુશિક્ષિત જન ('An educated man')=બ્રાહ્મણ. બ્રાહ્મણ કોણ ? એ શબ્દનો જીવન્ત અર્થ મરી ગયો અને પત્થર જેવો જડ થઈ ગયો તે પહેલાં એનો અર્થ 'બૃહત્' યાને દિન પર દિન વૃદ્ધિ પામતા મ્હોટા વિશાળ મનનો માણસ એવો થતો. (જુવો સંસ્કૃત बृध्=बृह् ધાતુ ઉપરથી बृहत्, ब्रह्मन्) 'બ્રાહ્મણ'થી ઊલટો શબ્દ બૃહદારણ્યક ઉપનિષદ્‌માં 'કૃપણ' કહ્યો છેઃ 'કૃપણ' એટલે દયા ખાવા જેવો, સાંકડો. હવે 'કૃપણ'થી ઊલટા આ 'બ્રાહ્મણ' શબ્દના અર્થમાં કેટલા ગુણો સમાયેલા છે એ બુદ્ધ ભગવાને બૌદ્ધ ધર્મના એક 'સુત્ત' ગ્રન્થમાં આ પ્રમાણે બતાવ્યા છે કે—'બ્રાહ્મણ'

---

* 'કેળવણી સંબંધી થોડાક વિચારો'—એ મુંબઈમાં "મોડર્ન સ્કૂલ" નામે નવી શાળા સ્થપાઈ ત્યારે આપેલું ભાષણ, વસંતઃ વર્ષ ૩૫ અંક ૩-૯માં છપાયેલું છે તેમાંથી છેલ્લો આટલો ભાગ જ અહીં, પરિષદો અને વિદ્યાપીઠો અંગેનાં લખાણોના વિભાગને અંતે મૂક્યો છે. સં.

એટલે કે શિક્ષિત જન એ કે (૧) જેનું શરીર સુંદર હોય (આમાં બ્રાહ્મણ થવા શારીરિક કસરત વગેરેની આવશ્યકતા આવી.), (૨) જે સુચારિત્ર્યવાન શુદ્ધ માતાપિતાને ત્યાં જન્મ્યો હોય (આમાં ઘરનું વાતાવરણ આવ્યું), (૩) જે બહુશ્રુત વિદ્વાન હોય (૪) જે પ્રજ્ઞાવાન (પરિપક્વ બુદ્ધિ–ડહાપણવાળો) હોય, અને (૫) જે શીલવાન (સારા ચારિત્ર્યવાળો) હોય. પછી બુદ્ધદેવને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે આ સર્વ ન હોય, એમાંથી કોઈ કોઈ ઓછું હોય તો ચાલે કે નહિ? એના ઉત્તરમાં એ કહે છે કે, (૧) શરીર, (૨) કુળ કે (૩) વિદ્યા (શ્રુત)—ન હોય તો ચાલે. શિષ્ય પૂછે છે કે પ્રજ્ઞા અને શીલનું શું? બુદ્ધ ઉત્તર દે છે કે: એ બેમાંથી એકે વિના ન ચાલે: 'બ્રાહ્મણ' (educated man)માં પ્રજ્ઞા અને શીલ બંને જોઈએ. અને એક દૃષ્ટાન્તથી એ સમઝાવે છે. જેમ હાથ ધોવા હોય તો બંને હાથ એકઠા કરવા જોઈએ તેમ—ભાવાર્થ સ્પષ્ટ કરીને કહીએ તો બંને હાથ એકઠા કરીને જ નહિ પણ પરસ્પર ઘસીને ધોવા જોઈએ, અને ત્યારે જ એ બરાબર ધોવાય—પ્રજ્ઞા અને શીલનું પરસ્પર ઘર્ષણ–સાહાય્યકારી ઘર્ષણ—આવશ્યક છે.

હું પૂછું છું કે—જગતના સાહિત્યમાં 'educated man' યાને 'બ્રાહ્મણ' (પ્રાચીન અર્થમાં)નું આ કરતાં વધારે સારૂં લક્ષણ કોઈ સ્થળે આપે જોયું છે?

[વસન્તઃ વર્ષ ૩૫, અંક ૩–૬, ચૈત્ર–આષાઢ, સં. ૧૯૯૨]

હૃદયનો હક*

વિશ્વની દૃષ્ટિએ જોતાં આ વિશાળ વિશ્વમાં કોઈ પણ વ્યક્તિનું મરણ હિસાબમાં ગણવા જેવી વસ્તુ નથીઃ કેમ કે પ્રતિક્ષણ આ વિશ્વરૂપી ગહન વનમાં અસંખ્ય પાંદડાં ખરે છે, અને અસંખ્ય નવાં જન્મે છે. ‘ तत्र को मोहः कः शोकः ’। પણ વિશ્વ વિરુદ્ધ મનુષ્યને પોતાના હૃદયના હક પણ રજુ કરવાનો અધિકાર છે. એ રીતે જોતાં ‘હું’ અને ‘મ્હારૂં’ પણ અવગણવા જેવા પદાર્થો નથી, બલ્કે એની સ્વાભાવિકતાથી એ દૃષ્ટિ મનુષ્યને અધિક હૃદયંગમ અને રુચિકર થાય છે. ભલે એ દૃષ્ટિ મનુષ્યની ઊંચી ભાવના સાથે અસંગત હોઈ વસ્તુતઃ અયથાર્થ ગણાય, પણ મનુષ્યની સાધારણ મનુષ્યતા તો

---

* આ શબ્દો ‘વસંત’ના ૩૧મા વર્ષમાં લખાયા તો છે, પણ તેને આગળ મૂકી ગૂજરાતના સાહિત્યકારોને આચાર્યશ્રી ધ્રુવે આપેલી અંજલિઓમાંથી કેટલીક અહીં ઉતારી છે. સાહિત્ય સિવાયનાં ક્ષેત્રોમાં કાર્ય કરતા સદ્‌ગત ગૂજરાતીઓને તેમ જ અન્ય પ્રાંત અને દેશના મહાન પુરુષોને અપાયેલી અંજલિઓનો અહીં સમાવેશ કરવાની લાલચ જતી કરવી પડી છે...પરિષદો તથા વિદ્યાપીઠો વિષેના એમના લેખો અને સાહિત્યસામાન્ય તથા ગ્રંથાવલોકનના લેખો વચ્ચે આ નિવાપાંજલિઓ, જયન્તીવ્યાખ્યાનો અને જન્મોત્સવપ્રવચનોના લેખોનો વિભાગ મૂકયો છે, જે તે તે સાહિત્યકાર વિષે બોલવાનું પ્રાપ્ત થતાં લેખકે સ્વાભાવિકતયા શા ઉદગારો કાઢયા હતા તેની નોંધરૂપે બોધક નીવડશે. સં.

એમાં જ રહેલી છે એમ કહેવામાં ખોટું નથી. આમ હોઈ, મનુષ્ય એના નિકટના સંબંધીઓ—'ઘરદીવડાંઓ,' વા મનુષ્યજાતિના મહાન જ્યોતિઓ—આ લોક છોડી ચાલ્યા જાય છે ત્યારે પોતાના સંબંધ પ્રમાણે વા એ જ્યોતિના તેજ પ્રમાણે એક વા અનેક શોક અને ખેદના ઉદ્ગારો તો કરે છે જ. સમગ્ર મનુષ્યજાતિને ખળભળાવે એવાં મરણ તો થોડાં જ થાય, કારણ કે એ કોટિના મહાન પુરુષો થોડા જ હોય. પણ સામાન્ય જનતાથી અધિક એવા ન્હાના મ્હોટા જનોનાં મરણ એમના પોતાના પ્રદેશમાં તો મહત્ત્વનાં જ ગણાવાં જોઈએ.

[વસન્તઃ વર્ષ ૩૧, અંક ૧૨, પૌષ, સં. ૧૯૮૯]

૧. રતિરામ દુર્ગારામનો કૈલાસવાસ

થોડાક દિવસ ઉપર આપણા એક સુવિદિત વિદ્વાન રા. રા. રતિરામ દુર્ગારામ દવે આ લોક છોડી ગયા. ગૂજરાતને એક સારા પ્રાચીનવસ્તુશાસ્ત્રીની ખોટ પડી છે. આપણા આદ્યસુધારક દુર્ગારામ મહેતાજીના પુત્ર અને પંડિત ભગવાનલાલ ઇંદ્રજીના શિષ્ય કૈ. રતિરામ પ્રાચીન વસ્તુની શોધમાં તત્પરાયણ રહેતા, અને એમની એકનિષ્ઠાનું ફળ પ્રાચીન ગૂજરાત બાબતના સરકારી ગેઝેટિયરમાં "પ્રાચીન ગૂજરાતનું ચિત્ર" એ નામના 'ગુજરાતી' પત્રમાં પ્રસિદ્ધ થએલા એક ઉત્તમ લેખમાં, તેમ જ મિ. કેમ્પબેલ વગેરેને પ્રાચીન શોધમાં આપેલી મદદરૂપે, પ્રકટ થયું છે. કૈલાસવાસી વિદ્વાન સ્વભાવે અત્યન્ત ઋજુ અને મિલનસાર હતા, અને એમને પોતાના વિષયમાં વ્યાસંગ અસાધારણ હતો. એમના વિષયમાં એમની જગા પૂરનાર અત્યારે કોઈ જ નથી. એટલા શબ્દોથી એ વિદ્વાનના કૈલાસવાસે ઉપજાવેલી ખોટનું માપ સમઝાશે. પરમાત્મા એમના બાલકવત્ આનંદી અને સરલ આત્માને શાંતિ આપો!

[વસન્તઃ વર્ષ ૫, અંક ૫, જ્યેષ્ઠ, સં. ૧૯૬૨]

૨. સાક્ષરવર્ય ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનો સ્વર્ગવાસ

ગૂર્જરસાક્ષરશિરોમણિ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીના વિદેહ થવાની વાત સાંભળી સમસ્ત ગૂજરાત શોક પામ્યું છે. એ અનુપમ ગુણનિધાન તરફ સહુ કોઈ—પ્રાચીનો અને નવીનો, સ્ત્રીઓ અને પુરુષો, યુવાનો અને વૃદ્ધો, સામાન્ય વાચકજન અને વિદ્વાન લેખક-મંડળ—પ્રેમ અને પૂજ્યભાવની દૃષ્ટિએ જોતું, અને એમના પવિત્ર આત્માની શીળી છાયા નીચે ગૂર્જરગિરા અનેક રીતે, ભાષા અને વિચાર ઉભય અંગમાં, પોષાતી.

તેઓ સંવત ૧૯૧૧ (ઇ.સ.૧૮૫૫)ની વિજયાદશમી (દશેરા)-ને દિવસે જન્મ્યા હતા, અને દેહત્યાગ સમયે તેમનું વય માત્ર બાવન વર્ષનું હતું. એ દરમિયાન એમણે મનુષ્યજીવનના વિવિધ પરિવર્તો અનુભવ્યા છે. એમના દીવાનખાનામાં એમણે 'તોફાની સમુદ્ર'ની અને 'શાંત-ગિરિઉપત્યકા'ની એમ બે છબીઓ સ્હામસ્હામી ગોઠવી છે, અને એમાં તેઓ પોતાની આ પૂર્વાશ્રમની આફતોનું અને પાછળથી વિસ્તરેલી શાંતિનું સ્વરૂપ નિહાળતા. બાલ્ય અને તરુણા-વસ્થામાં અસાધારણ કષ્ટ વેઠી એમણે વિદ્યા સંપાદન કરી હતી, વધારે યોગ્ય શબ્દમાં બોલીએ તો, જીવનની દૃષ્ટિને સંસ્કારી બનાવી હતી—કારણ કે ગોવર્ધનરામમાં વિદ્યા એ જીવનને અવલોકવાની આત્મદૃષ્ટિને સંસ્કાર આપનાર એક અદ્ભુત શક્તિ હતી. આ સંસ્કાર પામેલી દૃષ્ટિને લક્ષ્મીની છોળ સમુદ્રના ફીણ જેવી નિઃસત્ત્વ લાગતી, અને તેથી તેઓએ વકીલાતનો ધંધો બંધ કરી, મુંબઈ છોડી, પોતાના મૂળ સંકલ્પ મુજબ સાહિત્યની સેવા અર્થે, નડિયાદમાં નિવૃત્તિનિવાસ કર્યો હતો; અને આપણાં પ્રાચીન શાસ્ત્રોના મનન અને નિરીક્ષણમાં ઘણોખરો કાળ કાઢતા. સરસ્વતીની ભક્તિનો વેગ એમને એટલો બધો લાગ્યો હતો કે શરીર અનેક વ્યાધિથી ગ્રસ્ત થયા છતાં, દિવસના દશ-બાર કલાક એ જ વ્યવસાયમાં મગ્ન રહેતા. હાલમાં કેટલાક વખતથી મૃત્યુ સમીપ છે એ ભાન એમને

વારંવાર થવા માંડ્યું હતું, અને "મારા જીવનનો સૂર્ય આથમવા ઉપર છે" એમ આ લેખકને એકબે વાર લખી પણ ગયા હતા. એ દેહાભિમાનરહિત આત્માને 'મૃત્યુ'–શબ્દ અર્થહીન હતો. તથાપિ તત્ત્વચિન્તને એમના હૃદયની કોમળતાને હણી ન હતી, અને તેથી મૃત્યુના ઉલ્લેખથી સગાંસંબંધીઓ અને મિત્રનું ચિત્ત દૂભાતું જોઈ એમનું હૃદય આર્દ્ર થતું, તથા પોતે કરેલા ઉચ્ચાર માટે પશ્ચાત્તાપ કરતું. પોતાનું જીવન અસાધારણ ઉચ્ચતા, પવિત્રતા અને લોકોપકારથી ભરેલું હતું, છતાં એમના પરગુણદર્શી આત્માને હમેશાં બીજાના જીવનમાં ઉત્કૃષ્ટ ભાવનાઓનું ચિન્તન કરવામાં આનન્દ આવતો. "આ તેલંગની છબી ઉપર રજ ચડી હોય છે તે ધીમે રહીને હાથેવતી લ્હોવી મને બહુ ગમે છે!"—એમ પોતાના જૂના સહવાસીઓ ઉપરની પ્રીતિ દર્શાવતા, તથા મહેતા, રાનડે વગેરેના ગુણાનુવાદ વારંવાર કરતા, એટલું જ નહિ, પોતા કરતાં ઊતરતા જનોની છબીઓ પણ ચોતરફ રાખી એમાં વિવિધ ગુણોનું દર્શન કરવામાં તેઓ આનન્દ માનતા—એવી એમના હૃદયની અસાધારણ ઋજુતા અને નમ્રતા હતી.

ગોવર્ધનભાઈએ આખું જીવન જીવનનો બહુ ગંભીર અર્થ કરીને ગાળ્યું હતું. છતાં જીવનની આનન્દી મીઠાશ એમના હૃદયને અને કલ્પનાશક્તિને અજ્ઞાત ન હતી. "સરસ્વતીચન્દ્ર"માં જીવનનું માધુર્ય જેવું સમઝવામાં આવ્યું છે, તેવું હિન્દુસ્તાનના તો શું બલ્કે આખા જગત્‌ના થોડા જ ગ્રન્થોમાં સમઝાએલું જણાશે—એમ કહીએ તો અતિશયોક્તિ નથી. પણ જીવનની ગંભીરતાના વિચારે રા. ગોવર્ધનભાઈના હૃદય ઉપર એવી ઊંડી અસર કરી હતી, કે દિનપ્રતિદિન ઊર્ધ્વપ્રયાણ કરતા એમના આત્માએ દેહરૂપી મૃત્પિંડને અવગણવા માંડ્યો. અને એને પરિણામે એ મહાન પુરુષનો ભૌતિક દેહ એમનાં બાલ્ય, બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમની પ્રિયભૂમિ, અને એમના ભાવનાગુરુ તેલંગ અને રાનડેની અવસાનશય્યા અને સંસ્મરણોથી

પવિત્ર અને આકર્ષક થએલી એવી મુંબાઈ નગરીમાં, સમુદ્રકાંઠે અગ્નિનારાયણને શરણ થયો, અને વિભૂતિરૂપ બની અનંત-મહોદધિમાં ભળી ગયો !

આખરે એ મધુર-પ્રેમાળ-સાત્ત્વિક તેજથી ભર્યાં નયનો ગૂજરાત ઉપરથી, હમેશ માટે ઊડી જ ગયાં ? !-આ વિચાર હૃદયભેદક છે. પણ રા. ગોવર્ધનભાઈના સંબન્ધમાં આવી દેહાભિમાની વિચારસરણિ અનુચિત છે એમ સમઝી એ વિચારને આગળ વધવા ન દેતાં અમે શાન્તિ ધરીએ છીએ. અને વૃથા શોક કરવાને બદલે એ જ્યેષ્ઠ બન્ધુને નિવાપાંજલિરૂપે વિવિધ વિદ્વાનોની કલમથી લખાએલો એક લેખસંગ્રહ 'વસન્ત'×ના વાચકો સમક્ષ અર્પીશું, અને એ તર્પણમાં એક અંજલિ અમે પણ ઉમેરીશું—એટલો સંકલ્પ કરી આજ વિરમીએ છીએ.

[વસંતઃ વર્ષ ૬, અંક ૧, માઘ; સં. ૧૯૬૩]

૩. લાલશંકર ઉમિયાશંકરનો સ્વર્ગવાસ

મરણ એ આ સંસારમાં મનુષ્યની આંખ ઊઘાડી દઈ અનન્ત જીવનને પ્રત્યક્ષ કરી આપનાર--નિત્ય બનતો, છતાં નિત્ય નવો, એવો અદ્ભુત—બનાવ છે. એ વિષે ઊપજી નોંધ+માં શબ્દો

× એ અંક તે વસંતઃ વર્ષ ૬નો ત્રીજો (ચૈત્ર સં. ૧૯૬૩નો) અંક. તેમાંની 'અંજલિ' આ જ પુસ્તકમાં આગળ ઉતારી છે.

+ વસન્ત (વર્ષ ૧૧, અંક ૧૦)માં આ મૃત્યુનોંધની આગળ 'એક હરિકીર્તન' કરીને આચાર્યશ્રીની 'પ્રાસંગિક નોંધ' છપાયેલી છે; તેમાં શ્રી નરસિંહરાવે ભર્તૃહરિનો પ્રસિદ્ધ निन्दन्तु नीतिनिपुणाः વાળો શ્લોક લઈ, એનો અર્થ સમજાવી, એનાં બે ઉદાહરણ અને એક પ્રત્યુદાહરણ રૂપે (૧) ઉત્તરરામચરિતનો સીતાત્યાગ, (૨) ગૌતમબુદ્ધનું મહાભિનિષ્ક્રમણ, અને (૩) યુધિષ્ઠિરનું અશ્વત્થામાના મરણ સંબંધી અવ્યક્ત અસત્યકથન—એ

લખીને, અંગ્રેજીમાં કહે છે તેમ મારી 'કલમ ઉપરથી શાહી તો હજી સૂકાઇ નથી.' એટલામાં, ગૂજરાતના, બલ્કે આખા મુંબાઈ ઇલાકાના, એક મહાન પુરુષે આ દુનિયામાંથી નીકળી પરદુનિયામાં પ્રવેશ કરવા મૃત્યુનું દ્વાર ઓળગ્યુ !

રા. 'લાલશંકર ઉમિયાશંકર યાજ્ઞિક' એ નામ ગૂજરાતમાં સર્વત્ર બાળકથી તે વૃદ્ધ પર્યન્ત સર્વ વર્ગના અને સર્વ કોમના જનોમાં, પ્રસિદ્ધ છે. એ મહાપુરુષે એક યાજ્ઞિક પિતાને ત્યાં જન્મી, વેદ અને યાજ્ઞિકી વિદ્યામાં કુશળ થઈ, નવી જ દાખલ થએલી નવી કેળવણીનો, માત્ર પોતાના જ ઉત્સાહ અને ખંતથી, લાભ લેવા માંડચો. આર્થિક અને વ્યાવહારિક અડચણોને લીધે એ યુનિવ્હર્સિટિની કેળવણી તો ન લઈ શકચા, તથાપિ અસંખ્ય મુસીબતોમાંથી માર્ગ કાઢી એમણે જે વિદ્યા સંપાદન કરી, એ એમનો કેળવણી પ્રત્યેનો ઊંડો શોખ અને સ્વાભાવિક બુદ્ધિનું અસાધારણ બળ દર્શાવે છે.

એમના સમયના અનેક નરરત્નોની માફક રા. લાલશંકરભાઈએ પણ કેળવણીખાતામાં જોડાઈ, પછી કાયદાનો અભ્યાસ કરી, એની પરીક્ષાઓમાંથી પાર ઊતરી, ન્યાયખાતામાં પ્રવેશ કર્યો. એ ખાતામાં એમણે સ્મરણશક્તિ, વ્યવહારજ્ઞાન, સત્યપરીક્ષા, અને ગૂંચ ઊકેલવાની અસાધારણ કુશળતાથી સારો યશ મેળવ્યો. પણ એ યશ પણ અત્યારે એમના અન્ય કાર્યપ્રદેશના અતિ ઉજ્જવળ યશ આગળ ઝાંખો પડી ગયો છે. રા. લાલશંકરને ગૂજરાત 'અંકગણિતના કર્તા'

ત્રણ પ્રસંગો લઈને કરેલા કીર્તન ઉપર આચાર્યશ્રીએ કરેલી ચર્ચા છે. લેખને અંતે (મૃત્યુનોંધ શરૂ થાય છે તેની તરત પૂર્વે) શ્રી નરસિંહરાવે

'મરવાં સોહલાં રે સંતો સુખે જગતથી જાશે'

અને

'મૃત્યુ મરી ગયું રે લોલ.'

એ રીતે છેવટનો બોધ કરેલો તેની વિચારણા કરેલી છે. —સં.

અને 'ફર્સ્ટ' કલાસ સબૉર્ડિનેટ જજ્જ' તરીકે બેશક યાદ રાખશે, પણ એ કરતાં પણ વધારે પ્રેમથી અને પૂજ્યભાવથી એમણે કરેલી લોકસેવા પ્રત્યે જોશે.

વેદનો અભ્યાસ એમણે થોડાંક વર્ષો જ કર્યો. પણ એ અભ્યાસ જે હાલના સામાન્ય વેદીઆ બ્રાહ્મણોમાં જડતા અને સંકુચિત દૃષ્ટિ જ ઊપજાવે છે તેણે આ ઉત્તમ પાત્રમાં ઉત્તમ ગુણો ઉત્પન્ન કર્યાં.

એ અભ્યાસમાં "निष्काम वेदोऽध्येतव्यः"—એવી જે નિષ્કામપણાની ભાવના રહેલી છે, તથા વેદનો મહાન અક્ષરરાશિ મુખે કરવામાં દઢતા, ખંત અને અથાગ શ્રમના જે ગુણો જોઈએ છે— એ જીવનની ભાવના અને એ કાર્યશક્તિના ગુણો એમના આખા જીવનમાં પ્રવેશી રહ્યાં હતાં. અને એને પરિણામે એ એટલી બધી લોકસેવા કરી શક્યા છે કે જે કરવા એમના કરતાં વધારે બુદ્ધિમાન પુરુષો પણ ભાગ્યે જ શક્તિમાન થયા છે.

કેળવણી અને સંસારસુધારો—એ બે એમના જીવનના મહાન ઉદ્દેશ હતા. ઊંચા ઊંચા પણ નિષ્ફળ અભિલાષો બાંધવા, કે વૃથા વાદવિવાદ અને તર્કવિતર્કથી કાર્યબળને ચૂંથી નાંખવું તે કરતાં, સાદા ઉદ્દેશ લઈ, એને સાદા રૂપમાં સમજી, એમાંથી લોકહિતનાં ખરાં કાર્યો ઊપજાવવાં એ એમના સ્વભાવને વધારે પસંદ હતું—અને તે પ્રમાણે વર્તન કરીને એમણે ગૂજરાતને ઘણી લોકોપકારી સંસ્થાઓ આપી છે. ગૂજરાત વર્નાક્યુલર સોસાઈટિની નાણાંની સ્થિતિ અત્યારે જે સંગીન પાયા ઉપર મૂકાઈ ગઈ છે એ સ્વર્ગસ્થ લાલશંકરભાઈના સતત પ્રયાસનું ફળ છે. એ સોસાઈટિએ સામાન્ય વાચકોને માટે સરળ ભાષામાં આરોગ્યશાસ્ત્ર વગેરેને લગતાં—સ્ત્રીઉપયોગી અને બાલોપયોગી જે ન્હાનાં ન્હાનાં પુસ્તકો રચાવ્યાં છે તે ખાસ એમની સૂચનાનું પરિણામ છે. સાદા અને નિરભિમાન સ્વભાવને લીધે વિદ્યાના મ્હોટા આડંબર કરતાં સામાન્ય લોકની કેળવણી ઉપર એમનું વિશેષ લક્ષ રહેતું, અને તેથી પ્રાથમિક કેળવણી વિસ્તારવા માટે

તથા એ મફત આપવા માટે એ નિરન્તર પ્રયત્ન કર્યા કરતા. સ્ત્રી કેળવણી એ એમનો પ્રિય વિષય હતો—અને એને અંગે પોતે તન-મન ઉપરાંત ધનથી પણ લોકસેવા કરી છે.

એમના હૃદયમાં ખરી દયાવૃત્તિ પણ પુષ્કળ હતી. દક્ષિણમાં પોતે મુનસફ હતા તે દરમિયાન, વિધવાઓનાં ભ્રૂણ અને બાલની રક્ષા કરવા માટે કેટલેક સ્થળે આશ્રમો બંધાવ્યા છે. અને આપણે ત્યાં છપ્પનીઓ દુકાળ પડ્યો તે વર્ષે 'મહીપતરામ–અનાથાશ્રમ'માં, ખર્ચની જરા પણ ફિકર ન કરતાં પોતાના પગારમાંથી પુષ્કળ ધનની મદદ આપીને જે જે અનાથ બાળક આવ્યું તેને પાળ્યું! અને આજ એમના મરણથી જેટલાં બાળક રોયાં છે તેટલાં ગૂજરાતમાં ભાગ્યે જ કોઈના મરણથી અત્યાર સુધીમાં રોયાં હશે.

મૃત્યુ મનુષ્યના મન ઉપર અનેક તરેહની અસર કરે છે. જ્યારે લીલા છોડ ઉપરથી ખીલતું ગુલાબનું ફૂલ કાળરૂપી માળીને હાથે ચૂંટાઈ જાય છે ત્યારે સંસારની વિષમતાનું ભાન થાય છે. તૃણ ઉપર મોતી જેવું સોહાતું પ્રાતઃકાળનું જળબિન્દુ જરા પવન વાતાં ખરી પડે છે—ત્યારે જીવનની નશ્વરતા આપણને ઉપસ્થિત થાય છે. પણ આવા **કાર્યવીર**, યોગ્ય આયુષ્ય ભોગવી, જ્યારે જગત્‌માંથી જતા આપણે જોઈએ છીએ, ત્યારે આ સંસાર એ કર્મભૂમિ છે—આપણાં કર્તવ્ય કરવાનું પવિત્ર ક્ષેત્ર છે—એ વાતનો આપણને બોધ થાય છે, એવા પુરુષોને ઉદ્દેશીને જ પેલી પંક્તિ છે કે—

"મરવાં સોહ્યલાં રે, સંતો સુખે જગતથી જાશે."

પરમાત્મા આ સાદા, પ્રેમાળ, નિરભિમાન, અને સદા કાર્ય-પરાયણ મહાપુરુષને નિત્ય પોતાના સાંનિધ્યમાં રાખો; પણ તે જ સાથે એમના જેવા પુરુષો આ દેશને હમેશાં આપ્યાં કરો—એટલી એના પ્રત્યે પ્રાર્થના છે!

(વસન્ત: વર્ષ ૧૧, અંક ૧૦, આશ્વિન, સં. ૧૯૬૮)

૪. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ

તા. ૫ મી નવ્હેંબર ગુરુવારે "ગુજરાતી" પત્રના અધિપતિ અને માલેક રા. રા. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ ગત થયા જાણી કોઈ પણ ગૂજરાતી વાચકને શોક થયા વિના નહિ રહે. હું જાણું છું—'મહાન' શબ્દ આજકાલ સાધારણ મનુષ્યની આગળ પણ એના મિત્ર અને લાગતાવળગતા તરફથી સ્હેલાઈથી જોડી દેવામાં આવે છે, અને એટલા જ કારણસર એ શબ્દ કદાચ કોઈ ને નહિ ગમે એમ ધારી એ હું એમને લગાડતો નથી. પણ શબ્દાન્તરમાં એટલું તો કહું કે ખંત, શ્રમ, ઉત્સાહ, પરાક્રમ, નિર્ભયતા આદિ નૈતિક ગુણોના સાધારણ કરતાં સ્પષ્ટ અધિક માપવાળા મનુષ્યોમાંના એ એક હતા, અને એમના જવાથી ગૂજરાતને એક ભારે ખોટ પડી છે, જે અત્યારે પૂરાવી કઠણ છે. મર્હૂમના રાજકીય અને સાંસારિક તથા ધાર્મિક વિચારોમાં, અને એને પ્રકટ કરવાની રીતમાં, જેઓ મળતા નહિ થતા હોય—હું પોતે ઘણીવાર નથી થતો-તેઓ પણ એમના પૂર્વોક્ત ગુણો કબૂલ કરશે જ, તથા રામાયણ, મહાભારતાદિકનાં ભાષાન્તર અને બૃહત્કાવ્યદોહન વગેરે પુસ્તકો પ્રસિદ્ધ કરીને એમણે પ્રાચીન ગૂજરાતી અને સંસ્કૃત સાહિત્યનો ગૂજરાતી વાચકને લાભ આપવા માટે જે અતુલ શ્રમ કર્યો છે તે માટે એમને ધન્યવાદ આપશે. ગૂર્જરભૂમિ મારી છે, ગૂજરાતીઓ મારા બન્ધુઓ છે—એવી લાગણી વિના આવી સેવા બનતી નથી, અને એ લાગણી જ્યાં હોય ત્યાં હજાર મતભેદની વચ્ચે પણ, માનને પાત્ર છે.

મર્હૂમ, પ્રભુના ધામમાં, નિત્ય શાન્તિમાં વસો, અને ગૂજરાતી સાહિત્ય અને ધર્મને 'ગુજરાતી' પ્રેસે કરવા માંડેલી સેવા દિન પર દિન વધતી જાઓ!—એટલું કહી આ ટૂંકી નોંધ સમાપ્ત કરૂં છું.

(વસંતઃ વર્ષ ૧૧, અંક ૧૧, કાર્તિક, સંવત ૧૯૬૯)

૫. દિ. બ. અંબાલાલ સાકરલાલનો સ્વર્ગવાસ

દિ. બ. અંબાલાલ સાકરલાલના સ્વર્ગવાસથી ગૂજરાતને પડેલી ખોટ એ આપણા પ્રાન્તમાં ગયા માસનો મ્હોટામાં મ્હોટો શોકજનક વૃત્તાંત છે.

ચાર માસ ઉપર 'વસન્ત' પત્ર માટે મ્હેં દિવાન બહાદુરની મુલાકાત લીધી તે વખતે મ્હને જરા ખ્યાલ ન હતો કે આ મહાન પુરુષના મહાન વિચારો અત્યારે છેલ્લેછેલ્લા જ ગૂજરાત સમક્ષ પ્રકટ થાય છે! દિવાન બહાદુરનું શરીર ન્હાનપણથી જ રોગગ્રસ્ત હતું, છતાં તે એમણે એવી અસાધારણ કાળજીથી અને કેળવણીથી—એક દેહાત્મવાદી તરીકે નહિ, પણ દેહ તે આત્માના સંકલ્પને કાર્યરૂપે પરિણત કરવાનું આવશ્યક સાધન છે એવી ચોખ્ખી સમઝણપૂર્વક અને દૃઢ સંકલ્પથી—જાળવ્યું હતું, કે ૭૦ વર્ષની વયે પણ એ એકદમ લુપ્ત થઈ જશે એમ એ માસ ઉપર કોઈના ધારવામાં ન હતું.

ચોખ્ખી સમઝણ અને દૃઢ સંકલ્પ—આ બે સહજ સૂઝી આવેલા વિશેષણોમાં દિવાન બહાદુરના માનસિક બંધારણનું સંપૂર્ણ તત્ત્વ સમાએલું છે. એ વિશેષણો ગુપ્ત કૂંચીની માફક શોધવાં પડે એમ નથી—ઝગમગતા સુવર્ણમય ધ્વજલેખની પેઠે એમના જીવન ઉપર એ ફરકે છે, અને 'રસ્તે દોડતાં દોડતાં પણ વંચાય એવાં' છે. મનુષ્યજીવન—વ્યક્તિનું તેમજ પ્રજાનું—એ કાલપ્રવાહમાં તણાતું નિર્માલ્ય તૃણ નથી, પણ દીર્ઘદૃષ્ટિ અને પ્રબળ પ્રયાસ થકી ઉદ્દિષ્ટ સ્થાને પહોંચાડવાની અમૂલ્ય નૌકા છે; જીવનસંબંધી આ સાચી સમઝણ દિવાન બહાદુરની રગે રગમાં વ્યાપેલી હતી, અને એ સમઝણને અંગે એ જે જે નિર્ણયો અને સંકલ્પો કરતા તે સર્વ ઉપર સ્વતન્ત્ર અનુભવી અને ઠરેલ બુદ્ધિની, ઉત્સાહ, ધૈર્ય અને અડગ નિશ્ચયની, તેમ જ સ્વદેશાભિમાન અને સ્વદેશભક્તિની, સ્પષ્ટ છાપ લાગેલી હતી. એમના જેવા ઉચ્ચ પૌરુષના અને પ્રભાવશાલી બુદ્ધિના

ગુણો અત્યારે વર્તમાન ગૂજરાતમાં નથી: એ સ્વદેશાભિમાન અને સ્વદેશભક્તિની ઝલક પણ બીજી કયી મુખમુદ્રામાં જોશો ?

કૉલેજમાં મળતી ઉચ્ચ કેળવણીના બુદ્ધિના પ્રદેશમાં જે બે મુખ્ય પ્રયોજન—એક બુદ્ધિને વ્યવસ્થિત કરવાનું, અને બીજું દેશ-સેવામાં પ્રવૃત્ત થવા માટે જોઈતી બુદ્ધિની સામગ્રી પૂરી પાડવાનું —એ બંને દિવાન બહાદુરે બહુ ઉત્તમ રીતે સિદ્ધ કર્યાં હતાં. વ્યવસ્થિત કરેલી બુદ્ધિને પરિણામે એ જે જે વિષય હાથ ધરતા તે તે સંપૂર્ણ રીતે હાથ કરી લેતા; અને દેશસેવા જ્યાં જણાતી—કૉન્ગ્રેસના પ્લૅટફૉર્મ ઉપર કે મજૂરની રાત્રિશાળામાં—ત્યાં તે પૂર્ણ ઉત્સાહથી બજાવતા.

અંગ્રેજી અને સંસ્કૃત લઈ એમ. એ.ની પરીક્ષા ફર્સ્ટ ક્લાસમાં પાસ કરનાર વિદ્યાર્થીઓમાં દિવાન બહાદુર—યુનિવર્સિટિ સ્થપાઈ ત્યારથી તે આજ સુધીમાં—એકલા જ છે.* એવી અદ્વિતીય બુદ્ધિની સંપત્તિવાળો પુરુષે પોતે ધાર્યું હોત તો મુંબાઈ જેવી નગરીમાં રહી બહુ તેજસ્વી કીર્તિ પ્રાપ્ત કરી હોત. પણ કીર્તિરૂપી વીજળીના પ્રકાશમાં ઝગમગતા ઊભા રહેવાની સ્પૃહા દિવાન બહાદુરના માનસિક બંધારણમાં બિલકુલ ન હતી. ખરી કેળવણી મેળવવી, ઉત્તમ નૈતિક ગુણોને દૃઢતાથી વળગવું, અને ઉભય વડે દેશની સેવા કરવી—એ સિવાય જીવનની ઉચ્ચતાનું બીજું કોઈ પણ ધોરણ એમની દૃષ્ટિમાં ન હતું, અને તેથી એલએલ. બી. થઈને વ્યવહારમાં પડવાનો વખત આવ્યો ત્યારે મુંબાઈમાં કીર્તિની ટોચે ચઢવાનો લોભ ન કરતાં, પોતાની સ્થિતિને અધીન થઈ, કેળવણીખાતામાં પોતે ખુશીથી જોડાયા, અને એ ખાતામાં એમણે અસાધારણ યશ પ્રાપ્ત કર્યો. તે પ્રમાણે જ્યારે

---

* દિવાન બહાદુર ગૂજરાતીઓમાં સૌથી પહેલા ગ્રેડ્યુએટ છે એમ કેટલાક પત્રોમાં કહેવામાં આવ્યું છે. એ ભૂલ છે. ગૂજરાતી હિન્દુઓમાં પહેલા ગ્રેડ્યુએટ સૂરતના વાણિક ગૃહસ્થ રા. રા. નગીનદાસ તુલસીદાસ મારફતીઆ છે.

કેળવણી ખાતું છોડવાનો અણધાર્યો પ્રસંગ ઊપજ્યો ત્યારે પણ મુંબાઈની જાહોજલાલીથી ન મોહાતાં× એક દેશી રાજ્યનું ન્યાયખાતું—જેમાં તે વખતે લોકસેવાનો પુષ્કળ અવકાશ હતો તેમાં જોડાવાનું એમણે પસંદ કર્યું. આ પસંદગી એમના માનસિક બંધારણ ઉપર બહુ બોધકારક પ્રકાશ નાખે છે. કાશીનાથ ત્ર્યંબક તેલંગને યુનિવર્સિટિની પરીક્ષામાં પાછળ મૂકવાનાં કરતાં પણ આમાં અધિક પૌરુષ—બુદ્ધિ કરતાં નીતિનું—આત્મસંયમનું પૌરુષ જેટલું અધિક છે તેટલું—સમાએલું હતું. સાદી દેશસેવાને અંગે અહંભાવને ભૂલી જવો એ જેવો તેવો માનસિક ગુણ નથી. દેશની સેવા અને કર્તવ્યનું આચરણ કીર્તિના ઝગમગતા પ્રકાશમાં જ થઈ શકે છે એમ નથી. સેવા અને કર્તવ્યનો અવકાશ સઘળે સ્થળે છે, અંગ્રેજી રાજ્યમાં નથી તેટલો દેશી રાજ્યમાં છે. આ ખરી દૃષ્ટિ એમના જીવનમાં કદી મીંચાઈ ન હતી. વિશાળ અનુભવપૂર્વક એ હમેશાં કહેતા કે હિંદુસ્થાનનો ઉદ્ધાર શહેરોના ચોગાનમાં નહિ પણ ગામડાંની ગલીઓમાં છે. અને તેથી કૉન્ગ્રેસના પ્લૅટફૉર્મ ઉપર ઊભા રહેવામાં એમને જેટલો આનંદ આવતો નહિ, તેટલો એક મજૂર વર્ગના લત્તામાં જઈ રાત્રિશાળા ઊઘાડવામાં અને તેમાં જાતે દેખરેખ રાખવામાં આવતો.

દિવાન બહાદુરે ગૂજરાતને કરેલી ન્હાની મ્હોટી સર્વ સેવાઓમાં કેળવણીના વિષયમાં કરેલી સેવા કદી પણ વીસરાશે નહિ. એમના શિષ્યો એકે અવાજે એમની શિક્ષણપદ્ધતિની જેવી પ્રશંસા કરે છે તેવી પ્રશંસા કેળવણીના ક્ષેત્રમાં, બલ્કે દેશસેવાના કોઈપણ ક્ષેત્રમાં, કોઈની થએલી સંભળાતી નથી. શિક્ષણપદ્ધતિ સંબન્ધી આજકાલ નવી નવી શોધો થાય છે, અને એનું જ્ઞાન આપવા માટે ટ્રેઈનિંગ

×મુંબાઇમાં રહી તેલંગ, ફિરોઝશાહ, વગેરે ગૃહસ્થોએ દેશને જે અતુલ સેવા કરી છે તેને હું નીચે પાડવા માગતો નથી- પણ મુંબાઇની બહાર સામાન્ય દેશનો સેવા માટેનો હક સ્મરણમાં રાખનાર થોડા છે તેથી આ લખવું થાય છે.

કોલેજોમા વિવિધ પ્રયત્નો આદર્યા છે—એના શુદ્ધ ઉદ્દેશ પરત્વે કે વ્યવહારૂ આવશ્યકતા પરત્વે કાંઈ જ વાંધો લેવા જેવું નથી—પણ એક તરફ એ સર્વ પ્રયત્નોને અને બીજી તરફ દિવાન બહાદુર જેવા શિક્ષકને મૂકીને એનું તોલ કરીએ છીએ ત્યારે એટલુંજ દેખાઈ આવ્યા વિના રહેતું નથી કે આખરે પદ્ધતિ કરતાં મનુષ્ય અધિક છે.

દિવાન બહાદુરની કેળવણીના વિષય ઉપર મમતા અસાધારણ હતી, અને જીવનના અવસાનના સમયમાં પણ એમણે પોતાનું સઘળું બળ—એક યુવાનના જેટલા ઉત્સાહથી—ગૂજરાતમાં કેળવણીની એક ભગીરથ સંસ્થાનો પાયો નાંખવામાં વાપર્યું હતું. આ સંસ્થા—"ગુજરાત કેળવણી મંડળી"ના—ઉદ્દેશ 'વસન્ત'પત્રમાં અનેકવાર જાહેર થયા છે, એટલે એ સંબન્ધી આ સ્થળે કાંઈ કહેવાનું નથી. પરંતુ દિવાન બહાદુર પ્રત્યે માનની દૃષ્ટિ ધરાવનાર દરેક સજ્જનની ફરજ છે કે એ સંસ્થાને આગળ વધારવી, અને પોતાની આસપાસના જીવનમાં એના ઉદ્દેશ યથાશક્તિ અમલમાં લાવવા. આ જ ગૂજરાતના એ મહાન પુરુષનું ઉત્તમ સ્મારક છે.

[વસન્તઃ વર્ષ ૧૩, અંક ૯; આશ્વિન. સં. ૧૯૭૦]

---

* એ સંસ્થાના ઉદ્દેશ—ઉદ્દેશપત્રિકામાં જણાવ્યા પ્રમાણે તો—બહુ વિશાળ છે, પરંતુ જેમને એમની સાથે આ વિષયમાં વાતચીત કરવાનો પ્રસંગ આવ્યો હશે એ સારી રીતે જાણે છે કે એ સંસ્થામાં એમનો પોતાનો ઉદ્દેશ **માતૃભાષાદ્વારા સામાન્ય** લોકને **વ્યવહારૂ** કેળવણી આપવાનો હતો. મ્હોટાં ટાઈપમાં મૂકેલા ત્રણે શબ્દો બહુ મહત્ત્વના છે, મૂળથી જ દિવાન બહાદુરનો માતૃભાષાદ્વારા કેળવણી આપવા ઉપર બહુ આગ્રહ હતો. એ મતલબની એમણે '૧૮૮૨ના સર વિલિયમ હંટરના એડ્યુકેશન કમિશન આગળ જુબાની આપી હતી. બીજું—ઉચ્ચ વર્ગનું શિક્ષણ ગમે તેટલું વધારો પણ સામાન્ય લોકમાં જ્યાં સુધી કેળવણી

૬. રણજિતરામ વાવાભાઈનો સ્વર્ગવાસ

રા. રા. રણજિતરામ વાવાભાઈ મુંબાઈ-અંધેરી પાસે જુહુ ગામના દરિયામાં ન્હાતાં ન્હાતાં સમુદ્રનાં મોજાંથી તણાઈ જઈ અકાળ અવસાન પામ્યા—એ ખબર સાંભળી આખા ગૂજરાતનો સાક્ષર અને સાહિત્યપ્રેમી વર્ગ શોકમગ્ન થયો છે. રા. રણજિતરામને ગૂજરાત પ્રત્યે ગાઢ પ્રેમ, અભિમાન અને મમત્વ હતાં, અને એમનો ગૂજરાતી સાહિત્યના ઉદ્ધાર અને વિકાસ માટે કરેલો પ્રયત્ન અનન્યસાધારણ હતો. ઉચ્ચ અને દીર્ઘગામી ભાવનાથી એમણે ગૂજરાતી સાહિત્ય પરિષદ્‌નો પાયો નાંખ્યો: એમણે જ નાંખ્યો એમ કહેવામાં અતિશયોક્તિ નથી, કારણ કે એને આદ્ય ક્ષણે રા. ગોવર્ધનરામ જેવા કલ્પનાશીલ સાક્ષરશિરોમણિ અને દેશભક્ત મહાપુરુષ પણ ડગડગતી અનુમતિ સિવાય અધિક સાહાય્ય આપી શક્યા ન હતા એ આ લેખકના—તે ક્ષણની જાતહાજરીથી—જાણવામાં છે.

રા. રણજિતરામમાં નિરભિમાનપણું અને શાન્ત વ્યવસ્થિત રીતે કામ કરવાનો સ્વભાવ એ મ્હોટા ગુણો હતા. વસ્તુતઃ પોતાની કાર્યરેખા એ પોતે જ દોરતા, તોપણ નિરભિમાન વૃત્તિથી સર્વ સાક્ષરબન્ધુઓની સલાહ લેતા અને જે કાર્યમાં એ અગ્રસ્થાનના

પ્રસરી નથી ત્યાં સુધી હિન્દુસ્થાન નવા જીવનમાં પ્રવેશ કરવાનું નથી—એવી એમની દૃઢ સમઝણ હોઈ એમણે આ મિ. ગોખલેની દરખાસ્તને બહુ લાગણીથી વધાવી હતી. ત્રીજું સામાન્ય પ્રજાને અત્યારે શાળામાં જે શિક્ષણ અપાય છે તેવા—બુદ્ધિની કેળવણી રૂપ—શિક્ષણ કરતાં સંસારવ્યવહારમાં ઉપયોગી થાય તેવા શિક્ષણની વધારે જરૂર છે, અને આ જાતનું શિક્ષણ આપવાની ખાનગી શાળાઓ થાય તો સરકાર તરફથી અપાતા શિક્ષણની ખામી પૂરી પડે અને પ્રજાનો ઘણો ભાગ આ વ્યવહારોપયોગી શિક્ષણનો લાભ લે; અત્યારે રાષ્ટ્રીય કેળવણીના મ્હોટામાં મ્હોટો પ્રશ્ન તે ગરીબ, મજૂર, ખેડૂત, કારીગર અને વેપારી વર્ગને—એમને ઉપયોગી થાય એ જાતની કેળવણી આપવાનો છે.

અધિકારી હતા, તેમાં પણ અન્યને પુરોભાગ આપી પોતે પાછળ રહીને જ કામ કરવું પસંદ કરતાઃ જે વૃત્તિ બહુ ઉચ્ચ આત્મામાં જ હોઈ શકે છે.

એમના જ શાન્ત અને ભદ્ર નિશ્ચયથી, એમની જ અક્ષુબ્ધ નિર્મળ અને નિષ્પક્ષપાત વૃત્તિથી, સાહિત્યપરિષદ્ ઘણા મતભેદ અને વાવાઝોડામાંથી સહીસલામત પસાર થઈ હજી ઊભી છે, અને ગૂજરાતનો આબાલવૃદ્ધ સાક્ષરવર્ગ રણજિતરામને જ એ સંસ્થાના સંચાલક આત્મારૂપે ઓળખે છે.

રા. રણજિતરામે ગૂજરાતી સાહિત્યપરિષદ્નો પાયો નાંખ્યો અને એનું ચણતર હાલની સ્થિતિ સુધી આણ્યું તે જેટલા સાહિત્યપ્રેમથી, તેથી પણ વિશેષ અંશે ગૂજરાત પ્રત્યે મમત્વના ભાવથી. 'જય જય ગરવી ગૂજરાત'ના સૂર ઉચ્ચારનાર કવિ-હૃદય પછી મને લાગે છે કે, એ ભાવ ગૂજરાત તરફ રા. રણજિતરામ કરતાં અધિક માપમાં ભાગ્યે જ કોઈ હૃદયે અનુભવ્યો હશે. આ પ્રેમથી પ્રેરાઈ રા. રણજિતરામે ગૂજરાતના પ્રાચીન ઈતિહાસનાં સાધનો એકઠાં કરવા માંડ્યાં હતાં, અને પ્રભુએ એમને લાંબું આયુષ્ય આપ્યું હોત તો એમાંથી એ કેટલુંક જાણવાજોગ ફળ નીપજાવી શકત.

રા. રણજિતરામમાં ઉન્નત ભાવના અને વિશાળ યોજના રજુ કરવાની શક્તિ ઘણી હતી, અને એ કારણથી એમનો આત્મા હમેશાં ઉચ્ચ અને વિશાળ વાતાવરણમાં જ વિહરતો અને અન્યને વિહરવા નિમન્ત્રણ દેતો. 'बोद्धारो मत्सरग्रस्ताः'— એ વસ્તુસ્થિતિનો પડછાયો પણ એમને સ્પર્શી શક્યો નહોતો, અને એવો આ પવિત્ર આત્મા અનન્ત ચૈતન્ય-સમુદ્રમાં રહ્યો રહ્યો આ ગૂર્જરભૂમિના ઉત્કર્ષમાં આનન્દો!—એટલી જ પ્રભુ પાસે આપણી પ્રાર્થના છે.

[વસંતઃ વર્ષ ૧૬, અંક ૪, વૈશાખ, સં. ૧૯૭૩]

૭. ભોગીન્દ્રરાવ દીવેટીઆ

ગૂજરાતના સાહિત્યક્ષેત્રમાં એક ચિતાગ્નિ શમતો નથી ત્યાં બીજો પ્રગટે છે! રા. રણજિતરામના અવસાનને હજી એક વર્ષ પણ થયું નથી તે પહેલાં રા. ભોગીન્દ્રરાવ ગયાનું સાંભળી ગૂજરાતી સાહિત્યનો વિશાળ વાચકવર્ગ શોકમગ્ન થયા વિના રહેશે નહિ. એ યુવાન સાક્ષરે એક સરળ ઘરસંસારી વાર્તા લખનાર તરીકે શરૂઆત કરી ધીમે ધીમે એ કાર્યમાં બહુ અસાધારણ કીર્તિ અને લોકપ્રિયતા મેળવી હતી. લેખકોને વાચકોની ખોટ છે તેવા દેશકાળમાં એમનાં લખાણ માટે ચારે તરફથી માગણી આવતી—અનેક વર્તમાનપત્રો અને માસિકો એમની કલમનો લાભ મેળવવા યત્ન કરતાં, એમના કોમળ અને મનરખણા સ્વભાવને લીધે એ કોઈને ના કહી શકતા નહિ, અને પોતાની શારીરિક શક્તિ કરતાં ઘણું વધારે કાર્ય માથે લેતા અને પાર ઊતારતા; પણ એ શ્રમની એમના શરીર ઉપર ઘણી માઠી અસર થતી. થોડાંક વર્ષોથી એ અસર સ્પષ્ટ જણાવા લાગી હતી; પણ ન્હાનપણથી ઉદ્યોગી પ્રકૃતિ, ઉત્સાહી સ્વભાવ, અને સાહિત્યસેવાનો શોખ—એને લીધે એ શરીરની સંભાળ લઈ શકતા નહિ

સ્વ. ભોગીન્દ્રરાવની નવલકથાઓ અને વાર્તાઓમાં અદ્‌ભુત કલ્પનાશક્તિ, હૃદયનો વેગ, કે જીવનના પ્રશ્નોનાં ઊંડાં ઊંડાં ચિન્તન નથી, પણ રા. ચન્દ્રશંકર પોતાના એક કાવ્ય માટે કહે છે તેમ 'સચ્ચાઈની સાદાઈ' છે: એમની સાહિત્યકલા જીવનનાં ચિત્રો વસ્તુસ્થિતિમાં જ લે છે, અને જેવાં લે છે તેવાં જ વાચકસમક્ષ મૂકે છે; વાસ્તવિક જગતને પડછે કાલ્પનિક જગત નાંખવું—બોધ ખાતર વા ક્ષણવાર આ સંસારનાં દુખડાં ભૂલવા ખાતર પણ—એ એમની કલાની રીતિ નથી. એ વસ્તુસ્થિતિનાં ચિત્રોમાંથી જ સાંસારિક બોધ અને નિર્દોષ આનન્દ ઉભય ઉપજાવે છે. બોધ એમના હૃદયનો ઉદ્દેશ છે, કલાનો ઉદ્દેશ નથી—અને તેથી એમનીં વાર્તાઓ નિઃસાર ગમ્મત અને નૈતિક બોધવચન એમ બંને દોષથી વિમુક્ત રહે છે. આપણા

ગૂજરાતીઓના જીવનમાં ગૃહજીવન પ્રધાન છે, અને તેથી વસ્તુસ્થિતિના આ ચિત્રકારનાં ચિત્રોમાં મ્હોટો ભાગ આપણા ઘરસંસારી જીવને જ રોક્યો છે. એમની નવલકથાઓમાં આપણા જનસમાજની બધી ભૂમિકાઓ ઉપર એમની દૃષ્ટિ ફરી છે, પણ મધ્યમ વર્ગનું સંસ્કારી જીવન એમણે વિશેષ ભાગે ચીતર્યું છે. એમના હૃદયના શોખ શુદ્ધ હોઈ, એમનો વાર્તારસ પણ તેવો જ રહ્યો છે, અને ભાષામાં જો કે અસાધારણ સામર્થ્ય નથી તથાપિ અકૃત્રિમ સરળતા પુષ્કળ છે. આ વિશુદ્ધિ અને સરળતા એમના નવલકથાકાર તરીકેના વિજયનાં ખાસ કારણો છે.

એક મનુષ્ય અને કુટુમ્બી જન તરીકે એમનામાં ઘણા અનુકરણ કરવા જેવા ગુણો હતા: આ ગુણોએ એમના સાક્ષર અને સામાન્ય મિત્રોનું મંડળ બહોળું રચ્યું હતું અને તે સર્વ અત્યારે બહુ જ સાચા દિલથી એમના અવસાન માટે શોક કરે છે. એમનું કુટુમ્બજીવન અને એમનું સાહિત્યજીવન અખંડ–એકાકાર હતાં, અને એમના કુટુમ્બને એમના સાહચર્યની ખોટ અનેક રીતે જણાશે. પ્રભુ એમને એ ખોટ શાન્તિથી સહન કરવાનું સામર્થ્ય આપો અને સૌને સુખી કરો !

[વસન્ત: વર્ષ ૧૬, અંક ૧૧, માર્ગશીર્ષ, સં. ૧૯૭૪]

૮. ત્રણ દુઃખદ મરણ

જ્ઞાનીઓ કહે છે કે પ્રતિદિન અસંખ્ય જીવો યમસદને જાય છે અને છતાં બાકી રહેલા એમ જ ઈચ્છયાં કરે છે કે આપણે અહીં જ નિત્ય રહ્યાં કરીએ—આ કરતાં મ્હોટું આશ્ચર્ય શું હોઈ શકે? ખરૂં છે; પણ સ્નેહીઓ કહે છે કે એક પછી એક પાનખર ઋતુમાં ઝાડનાં પાંદડાંની માફક મિત્રો અને બન્ધુઓ ખરતા જાય અને છતાં વિશ્વમાં કાંઈ જ ફેરફાર થયો નથી એવી લાગણીથી આપણે જીવન ચલાવ્યાં કરીએ એ કરતાં અધિક શું આશ્ચર્ય ? આપણા

સાહિત્યક્ષેત્રના સાથી — રા. રણજિતરામ, રા. ભોગીન્દ્રરાવ—હજી હમણાં જ ગયા છે, ત્યાં એક માસમાં ઇન્ફ્લુએન્ઝાના રોગથી બીજા ત્રણ બન્ધુઓ—રા. ચિમનલાલ દલાલ, રા. શિવભાઈ બાપુભાઇ, અને રા. શિવાભાઈ પટેલ પ્રયાણ કરે છે! છતાં એથી પડેલી ખોટનું આપણને ખરેખર કેટલું થોડું જ્ઞાન છે!

રા. ચિમનલાલ દલાલ ગૂજરાત કૉલેજમાંથી બી. એ. પસાર થઈ, એમ. એ. ડિગ્રી મેળવી, વડોદરાના લાઇબ્રેરિ ખાતામાં થોડાંક વર્ષથી દાખલ થયા હતા—અને ત્યાં એમણે એમની અસાધારણ કાર્યશક્તિની અને સ્વકાર્ય માટે જોઈતી વિદ્વત્તાની સારી છાપ પાડી હતી. અને એની કદર તરીકે રાજ્ય તરફથી એમને ચાંદ મળ્યો હતો. પાટણના જૈન ભંડારમાં પ્રવેશ મેળવી, અત્યાર સુધી ડૉ. બ્યૂલર, ડૉ. ભાંડારકર, અને પ્રો. મણિલાલની નોંધમાં પણ ચઢેલાં નહિ એવાં પુસ્તકો એમણે નોંધ્યાં, અને એમાંનાં કેટલાંક પસંદ કરી ‘ગાયકવાડ ઓરિયન્ટલ સીરીઝ’ એવે નામે રાજ્ય તરફથી પ્રસિદ્ધ કરવા માંડ્યાં હતાં. ગૂજરાતને અભિમાન કરાવે એવું આ કાર્ય છે, અને તે હમણાં જ આરંભાયું છે અને ભવિષ્યમાં એને એ ચાલતું રાખવા રાજ્ય તરફથી પૂર્ણ યત્ન થશે એમ અમે આશા રાખીએ છીએ: તથાપિ દલાલના સ્વર્ગવાસથી એ ભારે કાર્યમાં અત્યારે જે ગંભીર મુશ્કેલી ઉત્પન્ન થઈ છે, અને જે રાજ્ય જ યથાર્થ જાણે છે, એ એમણે એમના ટૂંકા જીવનમાં ગૂજરાતને કરેલી મહાન સેવાનો, તેમ જ સેવા માટે અન્ય વિદ્વાનોને ઊઘાડી આપેલાં મહાન દ્વારનો આપણને ખરો ખ્યાલ આપે છે.

રા. શિવભાઈની સાહિત્યસેવા બીજા જ ક્ષેત્રની હતી. એ ‘બન્ધુ સમાજ’ના એક બન્ધુ હતા, ગૂજરાતી સાહિત્ય ઉપર પ્રેમ ધરાવતા, અને ‘અલક્ષ્યજ્યોતિ’ વગેરે ઘણી બોધભરી રસિક અને લોકપ્રિય નવલકથાઓ લખીને ગૂજરાતી સાહિત્યના સેવકોમાં એમણે સારૂં પદ પ્રાપ્ત કર્યું હતું. રમૂજ—નિર્દોષ રમૂજ—અને સરળ જીવનનાં

ચિત્રો એ એમની સાહિત્યશૈલીનાં લક્ષણ ગણાય છે, અને ઈશ્વરે એમને લાંબું આયુષ્ય આપ્યું હોત તો નવલકથાના ક્ષેત્રમાં એ ગૂજરાતી સાહિત્યને બહુ સારી સેવા કરત.

રા. શિવાભાઈ મોતીભાઈ પટેલ એક ઉત્તમ પંક્તિના વકીલ તરીકે તથા 'ગૂજરાત સભા'ના સેક્રેટરિ તરીકે ગૂજરાતમાં સારી રીતે જાણીતા હતા. પરંતુ પોતાની કીર્તિ કરતાં પણ અધિક એવા જે કેટલાક પુરુષો ઉત્પન્ન થાય છે તેમાંના એ એક હતા—અને એમના જવાથી ગૂજરાતનું એક કેવું રત્ન ગયું છે એ એમની સાથે નિકટ સંબન્ધમાં આવેલા જનો જ બરાબર જાણે છે. અંગ્રેજી પાંચમા ધોરણમાંથી એમણે મૅટ્રિક્યુલેશનની પરીક્ષા આપી પરીક્ષા પસાર કરી હતી, અને ત્યાર પછીનો એમનો કૉલેજનો અભ્યાસ ખાસ કરીને ઇતિહાસના વિષયમાં બહુ ઊંચા પ્રકારનો નીવડ્યો હતો; સ્મરણશક્તિ અને ચિન્તનશક્તિનો વિરલ સંયોગ, વસ્તુ ગ્રહણ કરવામાં અસાધારણ ઝડપ, ડાળાંપાંખડાં કાઢી નાંખી વસ્તુનું તત્ત્વ પકડી લેવાની અદ્ભુત શક્તિ, વિચારમાં અપૂર્વતા, જીવનમાં સૌજન્ય અને સરળતા, આગળ ન પડતાં માત્ર કાર્ય કરવામાં જ આનન્દ ઈત્યાદિ અનેક ગુણો, અત્યારે મારાં માનસ નેત્ર આગળ ઉપસ્થિત થાય છે, અને એ મારા કૉલેજના મિત્રની પ્રતિકૃતિ અત્યારે બાહ્ય જગત્‌માં કોઈ સ્થળે હું જોતો નથી. ગૂજરાત સભાના સેક્રેટરી તરીકે એમણે લાંબો વખત કામ કર્યું છે, જેમાં એમની મુખ્ય સેવા ઊંડા વિચારવાળા 'મેમોરિયલ' ઘડવામાં પ્રકટ થતી. ગૂજરાતના ખેડૂતોની સ્થિતિ વિષે એમને ઘણી સારી માહિતી હતી, અને વડોદરા રાજ્યના ખેડૂતોને માથેથી કરનો બોજો ઓછો કરવા, મિ. રમેશચન્દ્ર દત્ત જ્યારે એ રાજ્યના અમાત્યસ્થાને હતા ત્યારે એમને એમણે પ્રસિદ્ધ પત્રો લખીને માગણી કરી હતી. 'વસન્ત'માં પણ એમણે કેટલાક વિચારશીલ લેખો લખ્યા છે, પણ એમની વિચારશક્તિના પ્રમાણમાં ઘણા નથી લખી શક્યા તેનું કારણ અમારા વખતની શિક્ષણની

એક મ્હોટી ખામી—ગૂજરાતી ભાષાની ઉપેક્ષા—એમ પોતે જણાવતા. એમના જવાથી એમના મિત્રોને એક મિત્રની, અને ગૂજરાતને એક બુદ્ધિશાળી દેશસેવકની ખોટ પડી છે.

[વસન્તઃ વર્ષ ૧૭, અંક ૯, આશ્વિન, સં. ૧૯૭૪]

૯. સ્વ. રમણભાઈ

ભાઈ રમણભાઈનો દેહ પડ્યો ! ગૂજરાતે ગઈ સદીમાં અને આ સદીમાં કાલની બાજીમાં અનેક કિંમતી મ્હોરાં ખોયાં છે, પણ આવી ખોટ એણે કદી પણ અનુભવી નથી. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે તેમ રમણભાઈ એટલે છેલ્લાં પચાસ વર્ષના ગૂજરાતનો ઇતિહાસ. અને ઇતિહાસ એટલે એની સર્વ પ્રવૃત્તિઓ મળી રચાએલો એક પટ. સ્વ. રણછોડલાલ છોટાલાલે મ્યુનિસિપૅલિટિના વહીવટનો આદર્શ સ્થાપ્યો; રમણભાઈના પિતા મહીપતરામે કેળવણીકાર અને બહાદુર 'સુધારક' તરીકે યશ મેળવ્યો; અંબાલાલ સાકરલાલે ગૂજરાતની બુદ્ધિશક્તિને શોભાવી; લાલશંકર ઉમિયાશંકરે સંસારસુધારાને લગતી અનેક સંસ્થાઓ સ્થાપી; ગોવર્ધનરામે સાક્ષરજીવનની ભાવના સિદ્ધ કરી; મણિલાલે પત્રકાર તરીકે અદ્દભુત પ્રભાવ પાડ્યો; રાજ્યપ્રકરણમાં ગોકળદાસ પારેખ, ચિમનલાલ સેતલ્વાડ, અને વિઠ્ઠલભાઈ પટેલને ગૂજરાત અગ્રસ્થાને મૂકશે; અને ઊંડી ધાર્મિકતામાં ગાંધીજી સર્વોપરિ સ્થાન ભોગવે છે. પરંતુ જે વ્યક્તિએ જીવનનો પ્રત્યેક ક્યારો પાયો છે એ તો ભાઈ રમણભાઈ જ. ગૂજરાતે એવો **સકલ પુરુષ,** એની સ્મરણશક્તિ પહોંચે છે ત્યાં સુધી, કદી પણ જોયો નથી. એમના સાક્ષરબન્ધુઓ એમની સાહિત્યશક્તિથી મુગ્ધ બની ઘણીવાર ખેદ દર્શાવતા કે રમણભાઈ પોતાનો સમય મ્યુનિસિપૅલિટિના કામમાં કેમ ખરાબ કરે છે? પણ જીવન એ સાહિત્ય કરતાં ઉચ્ચતર અને વિશાળતર પદાર્થ છે અને એને અંગે ઉત્પન્ન થતાં કર્તવ્યો સાહિત્યની કીર્તિ કરતાં વધારે પવિત્ર

છે એ સમઝણથી પ્રેરાઈ, મ્યુનિસિપેલિટિનાં કામકાજમાં એ પુષ્કળ સમય આપતા, અને મને આજ સ્મરણ આવે છે કે શરીરસ્વાસ્થ્ય ખાતર મ્યુનિસિપેલિટિના મેમ્બર થવાની ઉમેદવારી ન કરવી એમ સ્નેહી–સંબન્ધીઓ તરફથી કહેવામાં આવ્યું ત્યારે એમણે ઉત્તર આપ્યો કે "આરામ લેવાની જરૂર પડશે તો હું વકીલાત છોડી દઈશ, પણ મ્યુનિસિપેલિટિ નહિ છોડું." કેટલાક જનોની રાજ્યપ્રકરણી સેવાની સમઝણ ધારાસભામાં ભાષણો કરવામાં સમાઈ રહે છે, પણ વસ્તુતઃ ફિરોઝશાહ, ગોખલે આદિ સાચા દેશભક્તોએ દેશના સ્વરાજ્યના પાઠ સ્થાનિક સ્વરાજ્ય ચલાવવામાં લીધા છે અને આપ્યા છે, અને તે જ પ્રમાણે સ્વ. રમણભાઈએ સ્થાનિક સ્વરાજ્યને પોતાનાં સર્વ કાર્યક્ષેત્રોમાં પ્રથમસ્થાને મૂકી એના વહીવટમાં કર્તવ્યનિષ્ઠા અને નિષ્પક્ષપાતનું ઉત્તમ દૃષ્ટાન્ત લગભગ ત્રીસ વર્ષની સેવાથી ગૂજરાત આગળ ધર્યું છે. પરંતુ સ્થાનિક સ્વરાજ્યની સેવા કરીને એઓ હિન્દની મ્હોટામાં મ્હોટી પ્રવૃત્તિ–નેશનલ કૉન્ગ્રેસ પ્રત્યે વિમુખ કે બેદરકાર હતા એમ નહોતું. અઢાર વર્ષ સુધી દરેક નેશનલ કૉન્ગ્રેસની બેઠકમાં હાજરી આપવી એવો એમણે સંકલ્પ કર્યો હતો, અને એ એમણે શરીરનાં સુખદુઃખની દરકાર કર્યા વગર દઢતાથી પાળ્યો હતો. અને જ્યારે કૉન્ગ્રેસ 'અસહકારી' થઈ, અને એમની ઠરેલ અને વિનીત બુદ્ધિ 'અસહકાર'નાં તોફાન સહન ન કરી શકી, ત્યારથી એમણે એ મહાન સંસ્થાનો હિંમતથી ત્યાગ કર્યો, અને ઉચ્છૃંખળ અસહકારીઓનો રોષ પણ વ્હોર્યો, પણ કૉન્ગ્રેસ ગોખલે, ફિરોઝશાહ અને દાદાભાઈના નેતાપણા નીચે હતી તે સમયમાં એમણે 'કૉન્ગ્રેસબહાર તે નાતબહાર' એવો ઉદ્‌ગાર કાઢેલો અમે સાંભળ્યો છે.

સંસારસુધારક તરીકે સ્વ. રમણભાઈનું જીવન સાચું, આડંબર વિનાનું, કાર્યપરાયણ, અને દઢ છતાં ઉદાર હતું. સ્વમતમાં અડગ શ્રદ્ધા અને તદનુસાર આચાર હોઈને પણ પરમત તરફ સહિષ્ણુતા અને માનની લાગણી ધરાવવી એ ઉચ્ચ સંસ્કારનું ચિહ્ન છે, જે વિરલ

ગુણ સ્વ. રમણભાઈમાં બહુ સ્પષ્ટપણે હતો. સંસારસુધારાના નિશ્ચયને અનુસરતા વર્તન પ્રત્યે એ બેદરકાર નહોતા, બલ્કે આવા કામમાં દૃષ્ટાન્તનો મહિમા માનતા. પણ સામાન્ય વ્યવહારમાં વ્યવહારબુદ્ધિ (Common sense)થી આચાર અને વિચારનો જેટલો સમન્વય થઈ શકે તેટલો કરવા ઉપરાંત, સુધારાની સવિશેષ પ્રગતિ માટે તેઓ કેળવણીમાં શ્રદ્ધા ધરાવતા. સંસારની આધારશક્તિ સ્ત્રી છે, તો સ્ત્રી-કેળવણી ઉપર સંસારસુધારાનો મુખ્ય આધાર છે એ સાચી સમઝણથી ઘણા સુધારકો સ્ત્રીકેળવણીને ઉત્તેજન આપે છે, પણ સ્વ. રમણભાઈએ સ્ત્રીકેળવણીને જે સેવા કરી છે તે કોઈએ નથી કરી—અને તે એ કે એમનાં પત્નીના ઉચ્ચ શિક્ષણ ખાતર, મુનસફ થવાનું માંડી વાળી સરકારી નોકરીનું રાજીનામું આપ્યું, અને અમદાવાદમાં વકીલાતનો સ્થાનિક ધંધો સ્વીકાર્યો; એટલું જ નહિ પણ છેલ્લાં પાંત્રીસ વર્ષથી એમના ગૃહને સ્ત્રીકેળવણીની સુન્દર સંસ્થારૂપ કરી મૂક્યું હતું, અને આજ ગૂજરાત ઉચ્ચ સ્ત્રીશિક્ષણમાં જે સ્થાન ભોગવે છે તેનો મ્હોટો યશ સ્વ. રમણભાઈને પોતાને છે.

સ્વ. રમણભાઈનો જીવનપ્રવાહ જેમ સર્વ કાર્યક્ષેત્રમાં પ્રસરી રહ્યો હતો, તેમ એમના આત્મકુસુમની પ્રત્યેક પાંદડી પૂરેપૂરી ખીલેલી અને સૌરભની ભરેલી હતી. એમની વિદ્યાભ્યાસની કારકીર્દી યશસ્વી હતી, એટલું જ નહિ પણ અભ્યાસકાળ પૂરો કર્યા પછી પણ વિદ્યા ઉપરનો એમનો પ્રેમ યાવજ્જીવ સ્થિર હતો. એમની બુદ્ધિ ઝીણી હતી. તે સાથે વિદ્યાને જ્ઞાનમાં પરિણત કરવાનું અદ્ભુત સામર્થ્ય એમાં રહેલું હતું. એલ્ફિન્સ્ટન કૉલેજના ગૂજરાતી મંડળમાં 'કવિતા' ઉપર વાંચેલો એમનો નિબન્ધ એના સિદ્ધાન્ત માટે જે ગૌરવ ધરાવે છે તે કરતાં પણ એ સિદ્ધાન્તનો ગૂજરાતી સાહિત્યમાં એમણે જે વિનિયોગ કર્યો છે તે માટે એ અધિક માનને પાત્ર છે. એમનાં સર્વ લખાણોની પાછળ સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યનો બહોળો પરિચય રહેલો હતો, પરંતુ તે એમની સમર્થ અને તેજસ્વી બુદ્ધિમાં એવો

સારી રીતે પચી ગએલો છે કે સૂત્રરૂપ થઈ એ ગૂજરાતી સાહિત્યના દૃષ્ટાન્તોમાં અકૃત્રિમ રીતે સ્ફુરે છે. એમની હાસ્યરસની કૃતિઓમાં પણ એ હાસ્યરસનું વિશિષ્ટ સ્વરૂપ જે પશ્ચિમના લેખકોમાંથી લેવા યોગ્ય હોય તે એમણે લીધું છે, તથાપિ એમની બુદ્ધિને પ્રભાવે ગૂજરાતી ભાષામાં એ નવો અવતાર પામી ગયું છે. અને અત્યારે ગૂજરાતી ભાષામાં હાસ્યરસના સાહિત્યકાર તરીકે સ્વ. રમણભાઈનું સ્થાન ખાલી પડ્યું છે. એમની બુદ્ધિની પરિપકવતાનું એક ઉત્તમ ઉદાહરણ એમની રસવૃત્તિ છે. જૂની મૂર્તિઓને પૂજ્યાં કરવું કે નવીન આચાર્યોને નમી પડવું—બંને અન્તથી સ્વ. રમણભાઈ દૂર હતા. તેથી રા. કવિ જેવાનાં નવાં કાવ્યોનો આદર કરવામાં સદા તત્પર છતાં અર્થગૌરવ વિનાનાં ઉચ્છૃંખળ છમકલાં કે અનુકરણથી એ કદી મુગ્ધ બનતા નહિ. એમનું સ્વાભાવિક વલણ બલ્કે પક્ષપાત શિષ્ટ શૈલી તરફ હતો, અને શૈલીનું ઉત્તમ ઉદાહરણ ભાષામાં તેમજ અર્થમાં—એમનું પ્રસિદ્ધ નાટક 'રાઈનો પર્વત' છે.

સ્વ. રમણભાઈની જેવી વિદ્યા સંગીન અને બુદ્ધિ પરિપકવ, તેવી નતિ પણ દૃઢ હતી. અમને સ્મરણ આવે છે કે રમણભાઈ અંગ્રેજી ત્રીજા ધોરણમાં હતા ત્યારે કોઇએક સહાધ્યાયીએ એમને એક ચંચળ અને 'કદી પણ જૂઠું ન બોલે' એવા વિદ્યાર્થી તરીકે મને ઓળખાવેલા. બુદ્ધિ સાથે નીતિની એ દૃઢતા એમના સમસ્ત જીવનમાં કાયમ રહી હતી. વળી, જેમ એમની બુદ્ધિ પાંડિત્યના બોજાથી દબાઈ ગઈ ન હતી, તેમ એમની નીતિ પણ ઉગ્ર અને કર્કશ રૂપ ધારણ કરતી ન હતી. એમનો વિનોદી સ્વભાવ એમની વિદ્વત્તામાં તેમજ નીતિમાં એક જાતની સુંદર સરળતા પૂરતો. બંનેમાં આડંબરનો છાંટો પણ ન હતો. જમણો હાથ ઉપકાર કરે એ ડાબો હાથ ન જાણે એવી એમની ભલું કરવાની સ્વાભાવિક વૃત્તિ હતી. હું ઉપકાર કરું છું એવું જ્ઞાન એમને પોતાને ન થતું, ત્યાં ઉપકૃત જનને એ ભાવ જણાવવાની તો વાત જ શી?

સ્વ. રમણભાઈના સર્વ ગુણોના મૂળમાં ઊંડી પ્રભુનિષ્ઠા રહેલી હતી. વર્તમાન સમયમાં થોડા જ સજ્જનો એ મહાન શક્તિનો મહિમા સમઝે છે. પણ એ પ્રભુનિષ્ઠા જે રમણભાઈની કર્તવ્યપરાયણતા અને સેવાવૃત્તિનું બીજ હતું એણે એમના આત્મામાં કેવો વ્યાપક વાસ કર્યો હતો એ જાણવું હોય તો 'જ્ઞાનસુધા'ના અંકોમાં વખતોવખત પ્રસિદ્ધ થએલાં અમદાવાદ પ્રાર્થના સમાજમન્દિરમાં એમણે આપેલાં વ્યાખ્યાનો જોવાં. એ વાંચનાર આજ ઉદ્ગાર કર્યા વિના રહેશે નહિ કે આ પ્રભુનિષ્ઠ આત્માને પ્રભુ એમના દરબારમાં સદા વાસ આપો !

સ્વ. રમણભાઈના જીવનની સુન્દરતા, સરળતા, સાક્ષરતા અને વ્યાપકતાને અશેષ ગૂજરાત આજ નમ્ર શિરે જે પ્રશંસાની નિવાપાંજલિ અર્પી રહ્યું છે તેમાં સંપૂર્ણ હૃદયે જોડાવા ઉપરાંત, એમાં 'વસન્ત' તરફથી, તેમજ અમારા અંગત સંબન્ધથી ઉપકારભાવ અને સ્નેહની અંજલિઓ અમે ઊમેરીએ છીએ.

[વસંતઃ વર્ષ ૨૭, અંક ૨, ફાલ્ગુન, સં. ૧૯૮૪]

૧૦. શોકપ્રદર્શન

રા. ભાઈ મગનભાઈ ચતુરભાઈ પટેલ અને રા. ભાઈ હીરાલાલ વ્રજભૂષણદાસ શ્રૉફ આ બે ભાઈઓના અણધાર્યા અને યોગ્ય વયના ધોરણે વિચારતાં કાચી ઉમ્મરે થએલાં અવસાન માટે ગૂજરાતને શોક છે. બંને ભાઈઓ ગૂજરાતની વિદ્વત્તા અને સાહિત્યસેવાના સારા દૃષ્ટાન્તો હતા. સ્વ. મગનભાઈએ શાકુન્તલના ગૂજરાતી ભાષાન્તર ઉપરાંત સ્વતન્ત્ર કાવ્ય અને નાટક રચ્યાં છે, એટલું જ નહિ પણ ઉપનિષદ્, ગીતા અને વેદાન્તસૂત્રના સારા અભ્યાસી હોઈ એમણે શાંકર વેદાન્તને અનુસરી એ ગ્રન્થોનાં સારાં વિવરણ કર્યાં છે. આ ઉપરાંત ગૂજરાતના ખેડૂતોની સ્થિતિ અને જમાબન્દીની પદ્ધતિ

સંબન્ધી અભ્યાસ અને વિચારપૂર્વક અંગ્રેજીમાં કેટલાક ચર્ચાત્મક લેખો પણ લખ્યા છે. તેઓ સ્વભાવે શાન્ત, વિચારશીલ, ગંભીર અને એકનિષ્ઠ હતા. એમના અવસાનથી ગૂજરાતની વિદ્વત્તાને એક ખરેખર મ્હોટી ખોટ પડી છે.

સ્વ. હીરાલાલ શ્રૉફ અમારા સમયથી થોડાક જ પાછળના હતા. એમનો પ્રથમ પરિચય સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીને ત્યાં મને થયો હતો. અને વેદાન્ત ઉપર એમને પુષ્કળ પ્રીતિ અને મમતા હોઈ સ્વ. મણિલાલ પાસે એ ઘણીવાર આવતા. એમણે પ્રાચીન રીતિએ પૂર્ણ શ્રદ્ધાથી વેદાન્તનો—વિશેષતઃ શાંકર વેદાન્તનો—સારો અભ્યાસ કર્યો હતો, અને તે સાથે અંગ્રેજી તત્ત્વજ્ઞાનનો મેળ પણ અભ્યાસપૂર્વક કર્યે જતા હતા. સાંભળવા પ્રમાણે એમને પુસ્તકોનો બહુ શોખ હતો અને પેટલાદની એમની ગટુલાલ લાઇબ્રેરીમાં તત્ત્વજ્ઞાન અને હિન્દુશાસ્ત્રનાં ઘણાં પ્રતિષ્ઠિત પુસ્તકો એમણે સંગ્રહેલાં છે. આ ઉપરાંત એક અસાધારણ શક્તિના અધ્યાપક અને શાળાવ્યવસ્થાપક તરીકે સ્વ. હીરાલાલ વિખ્યાત હતા. તેઓ દૃઢ સનાતનધર્મી હતા અને એમની વિદ્વતાથી અને પ્રતિષ્ઠાથી સનાતનધર્મને એમણે સારી સેવા કરી છે. એમના જવાથી એક ઉત્તમ શિક્ષક, વિચારશીલ શાંકર વેદાન્તી, અને દૃઢ સનાતન હિન્દુધર્મીની ગૂજરાતને ખોટ પડી છે.

[વસન્ત : વર્ષ ૨૯, અંક ૧, માઘ, સં. ૧૯૮૬]

૧૧. સ્વર્ગસ્થ હરગોવિન્દદાસ કાંટાવાળા

"સાક્ષરમાર્તંડ" અને "રાજ્યરત્ન" એ બે વિશેષણના વિરલ સંયોગથી વિભૂષિત શ્રીયુત હરગોવિન્દદાસ કાંટાવાળા ગયા માસમાં સ્વર્ગવાસી થયા. એ વૃદ્ધ શિક્ષકગુરુ, વિદ્યાપ્રેમી અને વ્યવહારવિચક્ષણ મહાન પુરુષના જવાથી ગૂજરાતના અન્ય સાક્ષરોને એક સલાહકાર મુરબ્બીની ખોટ પડી છે. 'સાહિત્ય' પત્રના તન્ત્રીએ તટસ્થતાથી લખ્યું છે તે પ્રમાણે "હરગોવિન્દદાસે રૂા. ૩) ના શિક્ષણથી શરૂઆત કરી;

કમાતા ગયા અને ભણતા ગયા. ઘર ચલાવવામાં ખૂટે તે માતુશ્રી અને પત્ની રેંટિયો કાંતી પૂરૂં કરે." આવા નમ્રતાભર્યા જીવનથી આરંભ કરી શ્રી. હરગોવિન્દદાસ ક્રમે ક્રમે વડોદરા રાજ્યના વિદ્યાધિકારી અને લુણાવાડાના દિવાન થયા--પણ તે સર્વ ભૂમિકાઓમાં એમણે દૃઢ નીતિથી અને પુષ્કળ ખંત અને શક્તિથી ઘણાં કાર્ય કર્યાં, અને એમાં યશ મેળવ્યો. વિદ્યાધિકારી તરીકે એમણે કેવી ઊંચી ભાવના સિદ્ધ કરી એ 'સાહિત્ય'ની એક ટૂંકી નોંધથી સમઝાશે. "ગામડે ગામડે ગ્રામશાળા સ્થાપવી, સ્ત્રીકેળવણીને ધપાવવી, સાથે સાથે મોટી ઉંમરનાં બૈરાં ભણી શકે માટે ઝનાના વર્ગો સ્થાપવા, ધંધાદારી શિક્ષણ સ્ત્રીઓને મળે માટે શીવણ, ગૂંથણ, સંગીત, નૃત્ય, પાકશાસ્ત્રના વર્ગો કાઢવા, ગુજરાતી પ્રજાના બિનહિંદુઓ માટે કેળવણીની સવડો આપવી, ને તે માટે મુસ્લિમ ભાઈઓને માફક આવે તેવી ઉર્દૂ શાળાઓ અને કન્યાશાળાઓ યોજવી, અંત્યજો માટે શાળાઓ ખોલવી, અને એવી ભૂમિકા તૈયાર કર્યા બાદ મફત ફરજિયાત કેળવણી દાખલ કરવી, ને ગુજરાતીદ્વારા જ ઊંચું શિક્ષણ મળે એવી પાઠશાળાઓ યોજવી; આ એમની વિદ્યાધિકારી તરીકેની અભિલાષા કે કારકીર્દી જે કહો તે." અભિલાષ માત્ર જ નહિ—પણ અભિલાષ અને એની સિદ્ધિ ઘણે અંશે સિદ્ધિ, એટલે કારકીર્દી.

સ્વર્ગસ્થ માત્ર કેળવણીકાર જ નહિ, પણ સાહિત્યકાર અને સાહિત્ય–ઉદ્ધારક હતા. અત્યારે સાહિત્યની ભાવના અને ભાષા પહેલાં કરતાં બહુ બદલાઈ ગયાં છે, પણ નવું તે જ સારૂં એવો આગ્રહ ન રાખીએ તો ગયા જમાનાના એમના સાહિત્યમાં ભાષા–કલ્પનાબોધ આદિની દૃષ્ટિએ ઘણું માન આપવા લાયક નજરે પડશે. સાહિત્યઉદ્ધારક તરીકે એમની મ્હોટી સેવા "પ્રાચીન ગૂજરાતી કાવ્યમાળા." એ સેવાનું સ્મરણ ગૂજરાતી સાહિત્યનો અભ્યાસ ગૂજરાતમાં રહેશે ત્યાં સુધી લુપ્ત થવાનું નથી. આ કાવ્યમાળારૂપે એમણે ઘણું પ્રાચીન ગૂજરાતી સાહિત્ય, સમયાનુસાર યથાશક્તિ સંશોધીને, બહાર આણ્યું છે.

એમના જમાનાના વિદ્વાનો અને લોકનેતાઓના પેઠે એ પણ એક "સુધારક" હતા. સાચો અને સ્વદેશી સુધારો જે એમને યોગ્ય લાગતો તે એ દઢતાથી કરતા, અને સ્વ. લાલશંકરભાઈ, સ્વ. રમણભાઈ આદિ સાચા સુધારકોની પેઠે સ્વ. હરગોવિન્દદાસ પણ સાદા અને કાર્યપરાયણ હતા. સ્વદેશભક્તિ પણ એમના હૃદયમાં થોડી ન હતી, બલ્કે એમની કારકીર્દી કોઈ એક જણને ખુશ કરવા માટે નહિ, પણ ગૂજરાતના જનસમાજનું હિત કરવા માટે હતી. એમના જમાનામાં દેશના ઉદ્યોગોને ખીલવવાના જે યત્નો થતા તેમાં એ પણ અગ્રેસર ભાગ લેતા. આમ અનેક માર્ગે સેવા કરનાર એમના જેવો સાક્ષર સ્વ. રમણભાઈ વગર ગૂજરાતમાં બીજો કોઈ થએલો અમારા જાણવામાં નથી. પરમાત્મા એમને સ્વધામમાં શાન્તિ આપો એટલી જ એમના ગૂર્જર બન્ધુઓની પ્રાર્થના છે.

[વસંત : વર્ષ ૩૦, અંક ૧, માઘ, સં. ૧૯૮૭]

૧૨. નિવાપાંજલિ

આપણો મુખ્ય પ્રદેશ, સાહિત્યઃ વિશાળ અર્થમાં સાહિત્ય, તથાપિ સાહિત્ય. એટલે એ ક્ષેત્રમાં આપણા અગ્રેસરો અને સહકારીઓનાં મરણ આપણે માટે ધ્યાન ખેંચનારાં થઈ પડે છે. આમ હોઈ, સમસ્ત જગતના સાહિત્યમાં થોડું ઘણું પણ મમત્વ રાખીએ તો વર્તમાન પાર્થિવતાના યુગમાં પણ દિવ્ય ભાવનાની નવલકથાઓ રચનાર અંગ્રેજ નવલકથાકાર ગૉલ્સ્વર્ધી અને અંગ્રેજી સાહિત્યના ઇતિહાસની ઝીણી ઝીણી વિગતના અદ્વિતીય પાંડિત્ય માટે પ્રખ્યાત અંગ્રેજી વિદ્વાન જ્યૉર્જ સેઇન્ટ્સબરિ એ એનાં મરણની નોંધ લેવી જોઈએ.

એ ઉપરાંત હાલમાં આપણા દેશના, બલ્કે આપણા પ્રાન્તના બે સરસ્વતી ઉપાસકો શમ્સ-ઉલ-ઉલમા ડૉ. જમશેદજી જીવણજી

મોદી અને મિ. જી. કે. નરીમાન—એમનાં અવસાન થયાં એ આપણને દિલગીરી ઉપજાવે છે.

ડૉ. મોદી આપણા પારસી ભાઈઓના ધર્મગુરુ વર્ગમાં જન્મેલા હોઈ એમના ધર્મના ઇતિહાસની સેવાને એમણે પોતાનું જીવન સમર્પ્યું હતું. એ ઇતિહાસને યથાર્થરૂપે અને સંપૂર્ણ વિદ્વત્તાથી પ્રકાશમાં લાવવા માટે એમણે યૂરોપની વિવિધ ભાષાઓનો પણ અભ્યાસ કર્યો હતો. અને અભ્યાસપૂર્વક એમણે પારસીઓના સામાજિક અને ધાર્મિક રીતરિવાજો ઉપર તેમ જ ઇરાન અને તે પાસેના દેશોના પ્રાચીન ઇતિહાસ ઉપર પ્રકાશ નાંખતા અગણિત ન્હાના મ્હોટા લેખો લખ્યા છે, જેને પરિણામે યૂરોપથી અનેક યુનિવ્હર્સિટિઓએ એમને એમની વિદ્વતાના માનમાં ઊંચી પદવીઓ આપી છે. આટલી વિદ્વત્તા છતાં એ નિરભિમાની અને નિત્ય જ્ઞાનપિપાસુ હતા અને પૂર્ણ નમ્રતાથી સંસ્કૃત વિગેરે બીજી શાખાઓના વિદ્વાન સાથે સારો પરિચય રાખતા. હિન્દુસ્થાન તેમ જ યૂરોપની 'ઓરિયન્ટલ કૉન્ફરન્સ' અને 'ઓરિયન્ટલ કૉન્ગ્રેસ'માં એ વારંવાર જતા તથા લેખો વાંચતા અને એમની એ ભક્તિને પરિણામે થોડાંક વર્ષો ઉપર અલ્લાહાબાદમાં મળેલી 'ઓરિયન્ટલ કૉન્ફરન્સ'નું પ્રમુખપદ એમને આપવામાં આવ્યું હતું. વૃદ્ધવયે એમનો દેહ પડ્યો, છતાં છેક સુધી એમની બુદ્ધિશક્તિ હતી તેવી ને તેવી કાયમ રહી હતી, તથા લેખો લખવાનો એમનો ઉત્સાહ શિથિલ થયો ન હતો. પરમાત્મા એમના આત્માને વિદ્યાના આનન્દમાં સદા મગ્ન રાખો એ જ પ્રાર્થના.

મિ. નરિમાન ડૉ. મોદી કરતા ન્હાના માપમાં પણ પૂર્ણ પ્રેમથી સરસ્વતીની સેવા કરતા. એ પણ ડૉ. મોદીની માફક ફ્રેંચ વગેરે ઘણી ભાષાઓ જાણતા, અને વિદ્યાસેવામાં જ એમણે એમનું પ્રમાણમાં ટૂંકું આયુષ્ય ગાળ્યું હતું. જન્મે પારસી છતાં, સંસ્કૃત પાલિ વગેરેનો એમણે અભ્યાસ કર્યો હતો.× અને સર્વ સામગ્રીના બળથી

× થોડાંક વર્ષ ઉપર કાશીમાં સંસ્કૃત સાહિત્યપરિષદ્ ભરાઈ હતી એમાં સંસ્કૃત સાહિત્યને લગતા વિવિધ વિષયો ઉપર સંસ્કૃત ભાષામાં

એમણે ઇરાનને લગતા વિષયો ઉપરાંત બૌદ્ધ ધર્મના ઇતિહાસોના ક્ષેત્રમાં પણ એમણે સારી સેવા કરી છે. એમનું એક સારૂં પુસ્તક "Sanskrit Buddhism" યાને સંસ્કૃત (મહાયાન) બૌદ્ધ પન્થના સાહિત્ય ઉપર પાશ્ચાત્ય વિદ્વાનોના લેખોના અંગ્રેજી અનુવાદરૂપ છે. પ્રભુ એમને શાન્તિમાં રાખો.

[વસન્ત : વર્ષ ૩૧, અંક ૧૨, પૌષ, સં. ૧૯૮૯]

૧૩. રા. મટુભાઈ કાંટાવાળા

ગૂર્જર સાહિત્યના એક અસાધારણ પ્રેમી, વિશિષ્ટ સેવક, અને 'સાહિત્ય' પત્રના તંત્રી રા. રા. ભાઈ મટુભાઈ કાંટાવાળા એકાએક હૃદય બંધ થઈ જવાથી અવસાન પામ્યા—સાંભળી અમને અત્યન્ત શોક થયો. ગયા અંકના 'ગુજરાતી' ના મુખપૃષ્ઠ ઉપર એમની છબી જોઈ પહેલો વિચાર અમારા મનમાં એ આવ્યો કે–'ગુજરાતી'–એ હવે ગૂજરાતના સાક્ષરોની ચિત્રાવલિ આરંભી? નીચે લેખ વાંચતાં, આ અત્યન્ત દુઃખદ વૃત્તાન્ત જાણ્યો!—એમના બહોળા મિત્રમંડળને અને ગૂજરાતી સાહિત્યના સૌ વાંચકોને આ હકીકત સાંભળી કેટલો આઘાત થયો હશે એ સહજ કલ્પી શકાય છે.

મહર્ષિ મહાદેવ ગોવિન્દ રાનડેના લાંબા પ્રયાસથી મુંબાઈ યુનિવ્હર્સિટિની એમ.એ.ની પરીક્ષામાં પ્રચલિત દેશભાષાને સ્થાન મળ્યું તે પછી અંગ્રેજી સાથે ગૂજરાતી લઈ એમ. એ. પસાર કરનાર પ્રથમ વિદ્યાર્થી સ્વ. મટુભાઈ હતા. એમના પિતાશ્રી સ્વ. હરગોવિન્દદાસનો ગૂજરાતી ભાષા ઉપર અને સાહિત્ય ઉપરનો અમાપ પ્રેમ એમનામાં ઊતર્યો હતો, અને ગૂજરાતી માસિકોની પ્રથમ પંક્તિમાં સ્થાન

વ્યાખ્યાનો અને ભાષણો થયાં હતાં, તે પ્રસંગે મિ. નરીમાને ખાસ હાજરી આપી હતી અને ભાષણ કરવામાં ભાગ લીધો હતો. અને એક પારસી વિદ્વાનને સંસ્કૃતમાં બોલતા જોઈ પરિષદ્‌ને આનન્દ ઉપજ્યો હતો.

ભોગવતું 'સાહિત્ય' પત્ર સ્થાયી ને દૃઢ નિયમિતતાથી ચલાવી એમણે ગૂજરાતને વિશિષ્ટ રૂપની સેવા કરી છે.

એમના પિતાના જેવો એમને પણ ગૂજરાતી ભાષાના સાદા શબ્દો અને સાદી શૈલી માટે, જેને સ્વ. મણિલાલ નભુભાઈ 'તળપદી' વિશેષણથી આંકતા—એ માટે બહુ આગ્રહ હતો, અને યુનિવ્હર્સિટિના અભ્યાસક્રમમાં ગૂજરાતી વગેરે ચાલુ દેશભાષાઓને ભાષાઓના અભ્યાસમાં સળંગ સ્થાન અપાવવાના ઉદ્દેશથી એમણે આ વર્ષે સેનેટના ફેલો થવા ઉમેદવારી કરી હતી અને એ ઉમેદવારીમાં ફત્તેહમંદ થયા હતા.

સ્વ. હરગોવિન્દદાસનું કુટુમ્બ જેમ સારી કેળવણી પામેલું તેમ પૈસેટકે પણ સુખી છે. સ્વ. હરગોવિન્દદાસે પોતે ગૂજરાતી ભાષા અને સાહિત્યના શુદ્ધ પ્રેમથી પ્રેરાઈ ગૂજરાતી સાહિત્યપરિષદ્‌ને રૂા. ૧૦,૦૦૦ની રકમ ભેટ આપેલી સુપ્રસિદ્ધ છે. પણ તે ઉપરાંત ભાઈ મટુભાઈએ ક્રમવાર જુદા જુદા વિષયના તે વર્ષના ઉત્તમ ગ્રન્થ માટે રૂા. ૫૦૦)નું પારિતોષિક સ્થાપ્યું છે. એની સર્વ યોજના પરિપૂર્ણ થાય તે પહેલાં તો એમનો દેહ પડ્યો!

ભાઈ મટુભાઈ એક ગૂર્જર સાહિત્યપ્રેમી સાક્ષર હોવા ઉપરાંત સવિશેષ અર્થમાં સજ્જન હતા. તેઓ વર્તનમાં સીધા, અને સ્વભાવે સાદા, માયાળુ અને નિખાલસ હતા. પ્રભુ એમને અક્ષરધામમાં સુખી રાખો!

[વસન્ત : વર્ષ ૩૨, અંક ૯. પૌષ, સં. ૧૯૯૦]

૧૪. શોક

ભાઈ વ્યોમેશચન્દ્ર પાઠકજીનું ભર યુવાવસ્થામાં પરલોક જવું બહુ જ હૃદયવેધક છે. મ્હારો એમની અને એમના કુટુમ્બની સાથે લાંબા કાળનો સંબન્ધ હોઈ, એક સાક્ષરબન્ધુના અવસાન કરતાં આ હકીકત વધારે અંગત દુઃખ કરે છે. મ્હારો સંબન્ધ એમના

કુટુમ્બ સાથે અનેક દ્વારે છે: મ્હારો પ્રથમ સંબન્ધ મ્હારા શાળાકાળના એક વખતના મ્હારા ગુરુ સ્વ. કમળાશંકરભાઈ સાથે, બીજો એમના પુત્ર રા. પ્રો. અતિસુખશંકર ત્રિવેદી સાથે; ત્રીજો રા. પ્રો. મોહનલાલ પાર્વતીશંકર દવે જેઓ સ્વર્ગસ્થના શ્વશુર થાય એમની સાથે, ચોથો સ્વર્ગસ્થના પિતા રા. સરદાર શ્રી જનાર્દન પાઠકજી સાથે, અને પાંચમો (જે હમણાં જ જાણવામાં આવ્યો) તે એમના 'નાના મામા' રા. રાજેન્દ્રરાવ દલાલ સાથે. આ ઉપરાંત મ્હારો અંગત સંબન્ધ એઓશ્રીએ, એમ. એ. પરીક્ષા બહુ યશ સાથે પાસ કર્યાની હકીકત મ્હેં જાણી ત્યારથી બંધાયો હતો. એઓ માત્ર પરીક્ષા પાસ કરી જાણનાર અને પરીક્ષા પછી પુસ્તકો સાથેના સંબન્ધને તિલાંજલિ આપનાર નામના 'વિદ્યાર્થી'માંના એક ન હતા. તેઓ વિદ્યાની અનેક શાખાના ખરેખરા પ્રેમી હતા, અને શરીરના કારણે પાઠનના કાર્યમાંથી નિવૃત્ત થયા હતા તથાપિ પઠનનું કાર્ય અંત સુધી કર્યા જ કરતા હતા. એમનો વિદ્યાનો વ્યાસંગ શુષ્ક ન હતો. ઊછરતા વિદ્વાનોમાં એમના જેવા વિદ્યાપ્રેમી બહુ નજરે નહિ પડે. અને એમની વિદ્યાનો ગૂજરાતને અત્યારસુધી લાભ મળી શક્યો નથી તેનું કારણ એમનું હમેશનું અસ્વાસ્થ્ય હતું. નબળી તબિઅતમાં પણ એઓશ્રી ઈંગ્લંડ જઈ કાંઈક શરીર સુધારી બૅરિસ્ટર થઈ ઘેર આવ્યા પછી થોડો વખત રહી પાછા મંદવાડમાં પડ્યા. પરંતુ એ વખતમાં પણ, એમની બુદ્ધિશક્તિ અને વાચનનો પ્રેમ પૂર્વવત્ તેજસ્વી હતાં.

આવા જીવનના સાથીનો વિયોગ થવાથી એમનાં પત્ની શ્રીમતી જયમનબ્હેનને જે દુઃખ થતું હશે એ અમે કલ્પી શકીએ છીએ, અને અમે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે એ એમના ચિત્તને શાન્તિ આપો, અને એમને પણ પતિને પગલે પગલે વિદ્યાપરાયણ કરો.

× × × ×

શ્રી. નરહરરામ માધવરામ ત્રિપાઠી (એમનું લોકપ્રિય નામ એન. એમ. ત્રિપાઠી) સ્વર્ગસ્થ થયા. એઓ એક પ્રતિષ્ઠિત અંગ્રેજી

અને વિશેષે કરી ગૂજરાતી પુસ્તકોના બુકસેલર હતા, અને એમના મ્હોટા ભાઈ શ્રીયુત ગોવર્ધનરામભાઈના 'સરસ્વતીચન્દ્ર' આદિ ગ્રન્થોના વેચનાર હોઈ, લોકપ્રિય ઘણાં ગૂજરાતી પુસ્તકો એમની દુકાને સરળતાથી મળતાં.

અમારા કૉલેજના વિદ્યાભ્યાસના કાળમાં, સંસ્કૃત વિદ્યાનો અને એના ઊંચી પંડિતાઈના ગ્રન્થોનો અને પંડિતો સાથે સમાગમ કરવાનો શોખ હોય, તેમને માટે કાલબાદેવી રોડ ઉપર પંડિત જ્યેષ્ઠારામ મુકુન્દજીની દુકાન એ સાંઝે મળવાનું ઠેકાણું. સાંઝે જ્યારે જુવો ત્યારે સ્વ. તનસુખભાઈ તો પં. જ્યેષ્ઠારામની દુકાને બેઠા જ હોય. એવું જ સ્થાન ગૂજરાતી સાહિત્યનો શોખ ધરાવનાર અગણિત યુવાન 'સાક્ષરો' અને 'સાક્ષરો'ના પ્રેમીજનો માટે એન. એમ. ત્રિપાઠીની દુકાન હતી.

સ્વ. નરહરરામને, એમના મ્હોટા ભાઈ પૂજ્ય ગોવર્ધનભાઈએ જોયું કે એ કૉલેજના વિદ્યાભ્યાસ માટે યોગ્ય નથી કે તુરત ધંધે વળગાડ્યા. પ્રથમ તો એમને પેટલાદના ઝવેરી હીરાશંકરને ત્યાં મોતી પરોવવાનું કામ શીખવા બેસાડ્યા. પછી ગોદીમાં એક ન્હાના કારકુન તરીકે કસોટીએ ચઢાવ્યા—અને છેવટે બુકસેલરને ધંધે લગાડ્યા, તેમાં સ્વ. નરહરરામે સારી પ્રતિષ્ઠા મેળવી. એઓશ્રીનો પાછળના વખતમાં વૃદ્ધત્વના કારણથી ધંધાનો ઉત્સાહ મન્દ પડી ગયો હતો, તો પણ એમના ધંધાના લાંબા કાળમાં એમણે ગૂજરાતી સાહિત્યને વાચકગમ્ય કરવામાં સારી સેવા કરી છે. અને તેથી એમનું અવસાન ગૂજરાતી સાહિત્યના પ્રેમને એક ખોટરૂપ છે એમ અમે માનીએ છીએ.

બીજું શોકજનક અવસાન રા. દેલવાડાકરનું થયું છે. રા. દેલવાડાકરને અત્યારે કદાચ ગૂજરાત (મુંબાઈ બહાર) ભાગ્યે જ જાણતું હશે. પણ એક વખત એવો હતો કે જ્યારે 'કિન્ડરગાર્ટન

પદ્ધતિ' અને 'દેલવાડાકર' એ બે પર્યાય શબ્દો હતા. એઓ લગભગ ચાળીસ વર્ષ ઉપર 'કિન્ડરગાર્ટન પદ્ધતિ'નું સાહિત્ય અને બાલશિક્ષણ સારૂ સાધન તૈયાર કરવાં તથા શાળાઓમાં પ્રચલિત કરવા માટે અથાક પ્રયત્ન કરી રહ્યા હતા. એમના પ્રયત્નની કદર અમારા જાણવા પ્રમાણે પારસી ભાઈઓએ સારી કરી હતી. જો કે અત્યારે બાલશિક્ષણના પ્રતિદિન વધતા જતા સાહિત્યના કાળમાં એમના આ પ્રયત્નનું ગૂજરાતને થોડું જ સ્મરણ રહ્યું છે, તથાપિ સમયના અગ્રદ્રષ્ટાને યોગ્ય માન મળવું જોઇએ એમ સમજી અમે આ નોંધ કરી છે.

[વસન્ત : વર્ષ ૩૪, અંક ૧, માઘ, સં. ૧૯૯૧]

૫. રા. રા. નરસિંહરાવ ભોળાનાથ

રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆ—આજ તા. ૧૪મી જાન્યુઆરી મકરસંક્રાન્તિને દિને સવારે દસ વાગ્યાને સુમારે સ્વર્ગસ્થ થયા. એમના જવાથી ગૂજરાતે એક મહાન કવિ, સાહિત્યકાર, ભાષાશાસ્ત્રી, વિવેચક અને તત્ત્વજ્ઞ ખોયો છે; એટલું જ નહિ, પણ એક અડગ સંસારસુધારક અને અવિચ્છિન્ન ભગવદ્ભક્ત પણ ખોયો છે. આમાંનાં ઘણાં રૂપમાં તો એ એક અદ્વિતીય વ્યક્તિ હતા. એમની સત્યનિષ્ઠા, બુદ્ધિની ચોકસાઈ, અને હૃદયનું મમતાળુપણું કદી ભૂલાશે નહિ. પ્રભુ એમને પોતાના અમર ધામમાં સદા રાખો! એ જ. ભાઈ નન્નુભાઈ સ્વર્ગસ્થ થયા સાંભળી મ્હારો પ્રથમ ઉદ્ગાર આ નીકળે છે.

રા. ભાઈ નન્નુભાઈ એમના વિદ્યાકાળથી જ વિદ્યાપ્રેમી અને એમના ગુરુજનના પ્રિય શિષ્ય હતા. અને એ ગુરુઓ પ્રત્યે એમની ગુરુભક્તિ પણ અન્ત સુધી એક સંસ્કૃતજ્ઞને શોભે એવી હતી. એઓ સંસ્કૃત વિદ્યાના—ખાસ કરીને એનાં શિષ્ટ કાવ્ય અને નાટક

સાહિત્યના—અત્યન્ત પ્રેમી હતા, અને એ સાહિત્યની સુન્દરતા એમનાં સઘળાં લખાણમાં ઝગમગતી સુવર્ણની દોરી પેઠે ગૂંથાએલી છે. એક શિષ્ટભાષાના અભ્યાસથી વિદ્યાની જે ચોકસાઈ આવવી જોઇએ તે એમના સારસ્વત જીવનનો તેમ જ નિત્યના સામાન્ય જીવનનો પ્રધાન સૂર હતો. એમના સમયમાં એમના ગુરુ પ્રો. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર 'વિલ્સન ફાયલોલૉજિકલ લેકચર્સ' તૈયાર કરતા હતા અને તે સમયનો ગુરુનો ભાષાશાસ્ત્રનો પ્રેમ શિષ્યમાં સંક્રાન્ત થયો એમ કલ્પી શકાય. રા. નરસિંહરાવે હેમચંદ્રાચાર્યના વ્યાકરણના 'અપભ્રંશ' અધ્યાયનો બહુ સારી રીતે અભ્યાસ કર્યો હતો. અને અપભ્રંશમાંથી ગૂજરાતી ભાષાના ક્રમિક અવતારના વિષયમાં એમણે ગૂજરાતી ભાષાશાસ્ત્રની જે સેવા કરી છે તેવી કોઈ વિદ્વાને કરી નથી. એ વિષયનાં મનન કકડે કકડે અનેક પ્રસંગે 'વસન્ત' પત્રમાં પ્રગટ થયાં છે, અને 'વસન્ત'ની જૂની ફાઇલનું એ એક અમૂલ્ય ભૂષણ છે. રા. નરસિંહરાવની એ વિદ્યાએ એનું પરિપક્વ વિસ્તૃત અને અન્તિમ રૂપ એમનાં 'વિલ્સન ફાયલોલૉજિકલ લેકચર્સ'માં લીધું છે, એ અદ્વિતીય પુસ્તક એમની સ્મૃતિને ચિરકાળ——જ્યાં સુધી ગૂજરાતીનો અભ્યાસ વિદ્વન્મંડળમાં થયાં કરશે ત્યાં સુધી જાગતી રાખશે.

આ ભાષાશાસ્ત્રના અભ્યાસને અંગે એમને ગૂજરાતી ભાષાની જોડણીનો પ્રશ્ન સ્ફુર્યો હતો. પણ તેમાં એમણે શબ્દની વ્યુત્પત્તિ કરતાં શબ્દના ઉચ્ચારને ગૌરવ-વિશેષ ગૌરવ આપ્યું છે, અને એમાં ખાસ કરીને હોપ વાચનમાળામાં જે સૂરતના ઉચ્ચારની જોડણી દાખલ થઈ ગઈ હતી તે સામે સૂક્ષ્મ નિરીક્ષણથી ગૂજરાતના શિષ્ટ મંડળના ઉચ્ચારને આધારે જોડણી નિર્ણીત કરવાનો આગ્રહ કર્યો હતો. અને એ દિશામાં છેવટ સુધી એ પોતાના આગ્રહને પોતાના લેખોમાં વળગી રહ્યા હતા; એટલું જ નહિ પણ એમની જોડણી યકારના વિષયમાં નહિ તોપણ હકારના વિષયમાં ગૂજરાતમાં જાણ્યે અજાણ્યે સ્વીકારાતી જોઈ એમને સંતોષ થતો હતો.

કવિ તરીકે કુસુમમાળા, હૃદયવીણા, નૂપુરઝંકાર, જમ્મૂજ્યોતિ (બુદ્ધચરિત), સ્મરણસંહિતા આદિ કૃતિઓના કર્તાને કોણ ભૂલી શકે એમ છે? કુસુમમાળામાં પાલ્ગ્રેવની 'ગોલ્ડન ટ્રેઝરી'ના ચોથા ખંડના ભણકાર સંભળાય છે, પણ એનો ઉદ્દેશ પશ્ચિમની એ જાતની કવિતા તરફ ગૂજરાતની કવિતાને વાળવાનો હોઈ, એણે અને હૃદયવીણાએ મળીને ઉક્ત ઉદ્દેશ બહુ સારી રીતે પાર પાડયા છે. એમના પછી ગૂજરાતના કેટલાએ કવિઓએ નરસિંહરાવે ઊઘાડેલા એ નવીન માર્ગનાં આદ્ય કાવ્યોમાંથી પ્રેરણા લીધી છે! પણ રા. નરસિંહરાવની સુન્દર સંસ્કૃત ભાષાએ એ અને પછીનાં એમનાં સર્વ કાવ્યોને જે વિશિષ્ટતા અર્પી છે એ હજી પણ એ કાવ્યોને અન્ય કવિઓની કૃતિથી સ્પષ્ટ ઊંચી ભૂમિકાએ મૂકે છે. 'ઉત્તરા અને અભિમન્યુ' વગેરે હૃદયવીણાનાં એમનાં દશ્યકલ્પ ખંડકાવ્યો અને નૂપુરઝંકાર, જમ્મૂજ્યોતિ (બુદ્ધચરિત) એ સર્વમાં પૂર્ણપણે આપણા દેશની જ સંસ્કૃતિ વિલસે છે. સ્મરણસંહિતા આકારે ટેનિસનના 'ઇનમેમોરિયમ'-નું અનુકરણ દેખાય છે, પણ અન્તરના ખરા ભાવથી પ્રેરિત હોઈ જીવન અને મૃત્યુના મહાપ્રશ્નો બહુ ઊંચી ભાવભરી દષ્ટિએ ચર્ચાયા છે.

તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં 'વિવર્તલીલા' એ વિશિષ્ટ જાતિની તેમ 'મનોમુકુર' અને 'સ્મરણમુકુર' એક વિવિધ વિષય ઉપર મનનાત્મક અને બીજું વિવિધ વ્યક્તિઓનાં લાક્ષણિક ગુણોનાં સ્મરણરૂપ અપ્રતિમ શૈલીની ગદ્યાત્મક સાહિત્યકૃતિઓ છે. 'કવિતા અને સંગીત" અને 'અભિનયકલા' પણ સૂક્ષ્મ અવલોકન અને વિદ્વત્તાના નિબન્ધો છે. વિવેચનશાસ્ત્રમાં રા. નરસિંહરાવ નવલરામના પ્રેમી હતા, જો કે એમણે કરેલાં વિવેચનો નવલરામનાં વિવેચનો કરતાં જુદી જ પદ્ધતિનાં અને વધારે વિસ્તૃત શૈલીનાં હતાં. વિવેચનમાં રા. નરસિંહરાવ સંક્ષિપ્ત અને મર્મગ્રાહી નહિ, પણ વિસ્તૃત અને પરીક્ષણની શૈલી સ્વીકારતા. એમનું વિવાદબળ અસાધારણ હતું, અને એમાં પાંડિત્ય અને વિગતવાર સત્યવિષયક આગ્રહની બાબતમાં

ગૂજરાતમાં કોઈ જ એમની સામે ટક્કર ઝીલી શકતું નહિ. 'પ્રેમાનંદનાં નાટકો'ની સૂક્ષ્મ પરીક્ષા, એ સંબન્ધી એમણે બાંધેલો સિદ્ધાન્ત, અને એ સિદ્ધાન્તના સમર્થન અને રક્ષણમાં અથાક બળથી જે કાર્ય કર્યું છે, એ રા. નરસિંહરાવની સૂક્ષ્મ દૃષ્ટિ, સત્યનિષ્ઠા અને દૃઢતાનો અદ્ભુત નમૂનો છે.

એમણે રચેલા વિશાળ સાહિત્યમાં એમનું વ્યક્તિત્વ પ્રગટ થઈ આવે છે. છતાં પણ એમનું ઉત્તાન અને પ્રેમી હૃદય જેવું એમની સાથે નિકટ સંબન્ધમાં આવનાર જાણે છે તેવું કોઈ જાણી શકશે નહિ. મુંબઈમાં એમના નિવૃત્તિનિવાસમાં એમની સાથે અસંખ્ય આબાલ-યુવક વર્ગ વિશેષે એમનો વિદ્યાર્થિ-વર્ગ, એમના પિતાતુલ્ય પ્રેમનો સાક્ષી છે. એમની દૃઢતા અને ઉગ્રતા સત્યનિષ્ઠાની હતી; એમની કોમળતા એમના પ્રેમાળ હૃદયમાંથી જન્મી હતી.

જીવનના ઉત્તર ભાગમાં એમનાં વ્હાલાં સંતાનો, અને છેવટના એમના મંદવાડ દરમિયાન પ્રિયપત્ની સૌ. સુશીલા બ્હેન પણ ચાલ્યાં ગયાં! એ સર્વ દુઃખો જે ભગવદ્ભક્તિપરાયણ હૃદયે રા. નરસિંહરાવે સહન કર્યાં એ હૃદયનો મહિમા કોણ કલ્પી શકે?

મારે તો એક માનનીય જ્યેષ્ઠ બન્ધુ ગયા! રા. નન્નુભાઈનું પ્રેમથી ઊભરાતું સસ્મિત વદન કદી ભૂલાશે નહિ. પ્રભુ એમને એમના અક્ષરધામમાં, અનન્ત ભક્તિના સુખમાં સ્વસમીપ રાખો!

[વસન્ત: વર્ષ ૩૫, અંક ૧૦-૧૨, કર્તિક-પૌષ, સં. ૧૯૯૩]

૧૬. નિવાપાંજલિઓ

ગૂજરાતને મ્હોટામાં મોટી ખોટ આજે દિ. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવના અવસાનથી પડી છે. ગયે વર્ષે ગૂજરાતી સાહિત્યના ધુરંધર વિદ્વાન અને સેવક શ્રી નરસિંહરાવે દેહ છોડ્યો અને આ વર્ષે એ જ પંક્તિના વિદ્વાન દિ. બ. કેશવલાલભાઈ પણ ચાલ્યા

ગયા! આવી ઉપરાઉપરિ આવેલી બે ખોટ ગૂજરાત કેમ સહન કરી શકશે? આજથી ચાળીસ વર્ષ ઉપર શ્રી. મણિલાલ નભુભાઈ, અને પછી ત્રીશેક વર્ષ ઉપર શ્રી. ગોવર્ધનરામ સ્વર્ગસ્થ થયા તે વખતે પૂર્વોક્ત ત્રણ અને પછી બે વિદ્વાનોનું અસ્તિત્વ એ અમારૂં આશ્વાસન હતું. આજ એક પણ નથી. હવે તો આપણા યુવક સાહિત્યસેવકોમાંથી એ પંક્તિના વિદ્વાનો ઉત્પન્ન થાય એવી પ્રભુ પાસે પ્રાર્થના કરવી એ જ માર્ગ રહ્યો છે.

દિ. બ. કેશવલાલભાઈની સાહિત્યસેવા સુવિદિત છે. તેમાં, પ્રાચીન ગૂજરાતી સાહિત્યના અગ્રગણ્ય વિદ્વાન તરીકે, સંસ્કૃત પદ્યો અને નાટકોના એક અસાધારણ ભાષાન્તરકાર તરીકે, અને પદ્યશાસ્ત્રના સૂક્ષ્મદર્શી અભ્યાસી તરીકે એમનું સ્થાન અદ્વિતીય છે. ગીતગોવિન્દ અને અમરુશતકનાં અત્યન્ત ઝીણવટ અને કાળજીભરેલાં ભાષાન્તરો કર્યા પછી, મુદ્રારાક્ષસ, વિક્રમોર્વશીય, પ્રિયદર્શિકા અને છેવટે ભાસનાં સંખ્યાબંધ નાટકોનાં યથામૂલ છતાં ભાવવાહી ભાષાન્તરો એમણે એમની લાક્ષણિક કાળજીથી અને વિદ્વત્તાથી કર્યાં છે, અને દરેકમાં કરેલી અનેક પાઠકલ્પના અને પ્રસ્તાવનાના સિદ્ધાન્તો ખાસ ધ્યાન ખેંચે એવાં અને વિચાર-ઉદ્બોધક છે. એમાંથી અમરુશતકનું અવલોકન અમે સ્વ. મણિલાલ નભુભાઈની પ્રેરણાથી 'સુદર્શન' પત્ર માટે લખ્યું હતું અને તે એ પત્રમાં તન્ત્રી તરફથી પ્રકટ કરવામાં આવ્યું છે. ઈ. સ. ૧૮૯૩ કે '૯૪ની સાલમાં હુ મેથેરાન ગયો હતો ત્યારે મ્હારી અમરુશતકના ભાષાન્તરની નકલે હિન્દુ હોટેલમાં રહેતા મારા અનેક સહવાસીઓને રસમત્ત કરી મૂક્યા હતા અને પરિણામે એ પુસ્તકની પુષ્કળ નકલો મુંબઈમાં ખપી હતી એમ અમે સાંભળ્યું છે. અમે દિલગીર છીએ કે વિક્રમોર્વશીયના ભાષાન્તરના અવલોકનમાં સ્વ. કેશવલાલભાઈ સાથે અમારે મતભેદ થયો હતો, અને તે પછી સ્વપ્નવાસવદત્તાની પ્રસ્તાવનાના સિદ્ધાન્તો પરત્વે પણ એવો જ મતભેદ ફરી જાગ્યો હતો. એ મતભેદથી દિ. બ. કેશવલાલ-

ભાઈના કોમળ હૃદયને આઘાત થયો હતો એમ અમે સાંભળ્યું છે અને એ વિચારથી અમને દુઃખ થાય છે. પણ સંતોષની વાત છે કે એ મતભેદથી અમારા પ્રેમ અને આદરમાં જરા પણ ક્ષતિ આવી નથી.

દિ. બ. કેશવલાલભાઈ ગયે વર્ષે આ દિવસોમાં પથારીવશ થયા હતા, પરંતુ ઇશ્વરકૃપાથી એ ઘાંટી ગઈ અને ગૂજરાત કૉલેજમાં એમના તૈલચિત્રની ઉદ્ઘાટન ક્રિયા કરવાનું માન મને પ્રાપ્ત થયું હતું, તે વખતે અમને આશા પડી હતી કે હજી પોતે થોડાંક વર્ષ ગૂજરાતના સાક્ષરોના વડીલ તરીકે આશીર્વાદ દેતા રહેશે, પરંતુ તે પછી છ માસમાં જ પાછા બિમાર પડી સ્વર્ગસ્થ થયા!

બે માસ ઉપર હું એમને મુંબઈમાં મળ્યો તે વખતે એ આંખોનો મોતીઓ ઊતરાવવાની તૈયારી કરતા હતા, પરંતુ તે વખતે પણ એમની સાહિત્યસેવા એમની લાક્ષણિક ઝીણવટપૂર્વક ચાલુ જ હતી. ગીતગોવિન્દના એક સંસ્કૃત શબ્દના વ્યાકરણ સંબન્ધી મને પૂછ્યું, મ્હેં જવાબ દીધો પણ તે સાથે મ્હેં એમનું શરીર જોઈ એ જાતનો વધું શ્રમ ન કરવાની વિનંતિ કરી. ચોખ્ખું સમજાતું હતું કે હવે એમને પોતાનું અવસાન પાસે આવતું દેખાય છે. મ્હેં એમને "**નાભિનન્દેત मरणं नाभिनन्देत जीवितम्**"—એ સ્મૃતિકારનું મહાવાક્ય યાદ દેવડાવ્યું. એમણે પોતાના જીવનમાં વેદાન્તનો દમ્ભ કર્યો નહતો, છતાં જીવન-મરણ પ્રત્યે પોતે સમતાના ભાવથી જોઈ રહ્યા હતા એ આપણી આર્યજાતિની સહજદૃષ્ટિનો જ પ્રભાવ.

ભગવાન આ ગીતગોવિન્દના ગૂર્જર રચયિતાને પોતાના રસધામમાં સદા રાખો એવી અમારી પ્રાર્થના છે.

દિ. બ. કેશવલાલભાઈ ગયા તે સાથે એક અદ્‌ભુત બનાવ એ બન્યો કે બીજે જ દહાડે એમના પરમ મિત્ર શ્રીયુત ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરીએ દેહ છોડયો! એ દિવાન બહાદુરથી વર્ષ બે વર્ષ મ્હોટા, મૂળ સ્વ. હરિલાલ હર્ષદરાય ધ્રુવના મિત્ર હતા, અને તે સાથે દિ. બ. કેશવલાલના મિત્ર થયા. એમની અને સ્વ.

કેશવલાલભાઈની વચ્ચે ગાઢ મૈત્રી હતી અને એકને બીજાથી આપણે ભાગ્યે જ છૂટા પાડીએ શકીએ. સ્વ. ડાહ્યાભાઈ દેરાસરી એક રસિક સાક્ષર હતા, અને કવિ પણ હતા. એમનું 'બુલબુલ' કાવ્ય એક સુન્દર અને રસીલી કવિત્વશક્તિનો નમૂનો છે. હું તો અંગ્રેજી પાંચમા ધોરણમાં હતો ત્યારે એ જોએલું અને એક વખતે ગૂજરાતી કાવ્યોના નમૂના એકઠા કરવાનો મ્હારે પ્રસંગ આવ્યો ત્યારે જૂના વખતનાં કાવ્યોમાં અમને એ ખાસ યાદ આવ્યું હતું. સ્વ. ડાહ્યાભાઈ આનન્દી અને પ્રેમી સ્વભાવના અને વાતચીતમાં રસિક હતા. એમની પાસે નવલરામ, હરિલાલ અને દલપતરામની વાતો સાંભળવી એ એક લ્હાવો હતો. પ્રભુ એમને એમના પરમમિત્રના સહવાસમાં સુખી રાખો!

× × × ×

ગૂજરાતના એક બીજા સાક્ષર શ્રીયુત નારાયણ વસનજી ઠક્કર સ્વર્ગસ્થ થયા. અમને એ ભાઈને મળવાનો લાભ મળ્યો નથી, તેમ એમનાં પુસ્તકો પણ અમે જોયાં નથી. બંને માટે અમને ખેદ થાય છે. પણ વર્તમાનપત્રોમાં એમના અવસાનની જે નોંધ લેવાઈ છે તે જોતાં સ્પષ્ટ જણાય છે કે શ્રીયુત ઠક્કર એક સારા લેખક હતા, એટલું જ નહિ પણ બહુશ્રુત વિદ્વાન હતા, અને વિદ્યાવ્યાસંગી હતા. એમના જવાથી ગૂજરાતી સાહિત્યને ખોટ પડ્યાના ઉદ્‌ગારોમાં બીજા ભાઇઓ સાથે અમે પણ ભળીએ છીએ.

હજી એક દુઃખભરી નિવાપાંજલિ—અમારા મિત્ર શ્રીયુત મોરારજી કામદારને! એ ભાઈ મોટરમાં મહાબળેશ્વર જતાં પૂના પાસે મોટરના અકસ્માતથી મરણ પામ્યા! એઓ પ્રથમ સોલિસિટર અને પછી બૅરિસ્ટર થયેલા, છતાં સાહિત્યના પ્રેમી રહ્યા હતા. પ્રૌઢ વયે હજી હમણાં જ એમણે સાહિત્યકાર તરીકે પ્રવેશ કર્યો હતો. ખેદ છે કે એમનું ખાસ અને અન્તિમ પુસ્તક—'તંબૂરાનો તાર' જ રહ્યું, જેનું અમે થોડા માસ ઉપર જ આ પત્રમાં અવલોકન લખ્યું હતું.

અમને ખાસ શોક એથી થાય છે કે એઓ હમણાં જ એમના મૂળ વતન કચ્છનો પ્રવાસ કરી આવ્યા હતા. અને કચ્છી ભાષાના સાહિત્યની અને ઇતિહાસની એકઠી કરેલી સામગ્રી ગૂજરાતને આપવા ઇચ્છતા હતા. પરંતુ એ ઇચ્છા કાર્યમાં પરિણત થતા પહેલાં જ પ્રભુએ એમને એકાએક ઊપાડી લીધા! એમનાં વિધવા રમીબ્હેનને અને એમના પુત્રોને યથાયોગ્ય આશ્વાસન.

[વસન્ત : વર્ષ ૩૬, અંક ૪, કાર્તિક–પોષ, સં. ૧૯૯૪]

૧૭. એક શોકજનક અવસાન

ગૂજરાત વ્હર્નાકયુલર સોસાઇટિના આસિસ્ટન્ટ સેક્રેટરી સ્વ. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખના અવસાનથી અત્યારે આખા ગૂજરાતના સાક્ષરબંધુમંડળમાં, તેમજ સાક્ષરતાના નવીજૂની સંસ્થાઓમાં અત્યન્ત શોક પ્રસરી રહ્યો છે. છેલ્લાં વીસ વર્ષથી ગૂજરાત વ્હર્નાકયુલર સોસાઈટિના એ પ્રાણરૂપ થઈ રહ્યા હતા; એટલું જ નહિ, પણ સમસ્ત ગૂજરાતની દરેક સાહિત્યપ્રવૃત્તિ, એમની કાર્યશક્તિ, અનુભવ અને મળતાવડા સ્વભાવના કારણથી, એમની પાસે એમની આસપાસ વેલની માફક વીંટળાઇ જતી. એઓ ગૂજરાત કૉલેજમાં ભણતા ત્યારથી જ ખરેખર 'વિદ્યા–અર્થી' હતા, અને એમને ગૂજરાતના ઇતિહાસ ઉપર ખાસ પ્રેમ હતો–જેથી રેવરન્ડ ડૉ. ટેલર સાથે એમને સારો પરિચય બંધાયો હતો. ગૂજરાતી સાહિત્ય અને ઇતિહાસના પ્રેમે એમને ગૂ. વ્હ. સોસાઈટિ તરફ દોર્યા, અને એ સંસ્થાના આસિસ્ટંટ સેક્રેટરી તરીકે એમણે એ સંસ્થાની અનેકવિધ સેવા કરી; એટલું જ નહિ પણ એને એક જીવન્ત સંસ્થા બનાવી. તથા એનો પ્રભાવ ગૂજરાતમાં વિસ્તાર્યો.

એમણે સ્વ. લાલશંકર ઉમિયાશંકર તથા સ્વ. રમણભાઈ, જેઓની વ્હર્નાકયુલર સોસાઇટિને કરેલી અપ્રતિમ સેવા જાણીતી છે,

એમના હાથ નીચે કર્તવ્યનિષ્ઠા અને કાર્યશક્તિની તાલીમ મેળવી હતી, અને એ તાલીમ સહજ રીતે એમના જીવનમાં ઓતપ્રોત થઈ ગઈ હતી.

અમને પોતાને અમારા એક વખતના પ્રિય શિષ્ય તરીકે અને તે પછી ગૂ. વ્હ. સોસાઈટિના કાર્યકર્તા અને સાથી તરીકે એમની સાથે નિકટ સંબન્ધ બંધાયો હતો અને એ સંબન્ધ મ્હારા બનારસ ગયાના સમયમાં પણ અમારો કાયમ રહ્યો હતો. અને આ સંસ્થાનું પ્રમુખપદ મ્હેં સ્વીકાર્યું તે એમની મદદથી હું એ સંસ્થાની સેવા કરી શકીશ એવી આશાએ જ. હવે તો એ આશા સફળ થવી કેવળ પ્રભુને હાથ છે!

એમના છેલ્લા દિવસોમાં પણ એમનો જીવ પોતાના પ્રિય વિષય ગૂજરાતના ઇતિહાસમાં, અને પોતાના જીવનકાર્ય–ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાઇટિની સેવા–માં જ, લાગેલો હતો. ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાઇટિ ઇતિહાસસંશોધનના કાર્યમાં જોડાય એ શુભ ઇચ્છાથી એમણે સોસાઈટિના સરકાર સાથેના પત્રવ્યવહાર માટે, એમની મંદવાડની પથારીમાંથી, મને સૂચવ્યું હતું કે ગૂજરાતના સાહિત્ય અને ઇતિહાસને લગતાં ઘણાં હસ્તલિખિત પુસ્તકો ડેક્કન કૉલેજના સંગ્રહમાં છે, અને પેશાવર રાજ્યના ઇતિહાસનાં જે સાધનો ‘મહારાષ્ટ્ર ઇતિહાસ સંશોધન મંડળ’ ના કબજામાં છે તેમાં શોધ કરતાં આપણા ઇતિહાસ માટે ઉપયોગી થઈ પડે એવું ઘણું સાંપડે એમ છે, તેથી એ સર્વ મેળવીને ગૂજરાતના ઇતિહાસના સંશોધનનું ખાતું ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાઇટિ ઊઘાડી શકે.

એમના જેવા સાદા, શાન્ત અને પ્રભુપરાયણ સજ્જન વિરલ છે.

હાલ તો ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાઇટિને તેમજ ગૂજરાતની સાક્ષરજનતાને એમના અવસાનથી ભારે ખોટ પડી છે એટલું જ કહીને આ ટૂંકી નોંધ સમાપ્ત કરૂં છું.

[વસન્ત : વર્ષ ૩૭, અંક ૨, વૈશાખ–આષાઢ, સં. ૧૯૯૪]

૧૮. અવસાનનોંધ

રા. બ. કમળાશંકરના કૈલાસવાસથી પણ સંસ્કૃતના વિદ્વાનોમાં ખોટ પડી છે. ગૂજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ રચીને ગૂજરાતી ભાષાને એમણે કરેલો ઉપકાર જાણીતો છે. તેમજ પ્રથમ અંગ્રેજી હાઈસ્કૂલોમાં, અને અન્તે લાંબા વખતસુધી પ્રેમચંદ રાયચંદ ટ્રેઈનિંગ કૉલેજ રૂપી મહાન ગૂજરાતી સંસ્થામાં રહી, શિક્ષણના વિષયમાં કરેલી સેવા પણ અસાધારણ પ્રભાવ તેજ અને વિશિષ્ટતાથી પ્રસિદ્ધિમાં આવી છે. પરંતુ પ્રમાણમાં થોડા જ જનને પૂરેપૂરા સ્વરૂપમાં આ વિદિત છે કે સંસ્કૃત વ્યાકરણ અને અલંકારના વિષયમાં સ્વ. કમળાશંકરભાઈની વિદ્વતા, અને વિશેષતઃ પ્રત્યક્ષ સેવા, પુષ્કળ હતી; વિદ્વત્તા સાથે વિદ્યાને સેવા એ એમનું પ્રધાન સૂત્ર હતું. એમની **संस्कृतशिक्षिका** જે ગૂજરાત બહાર પણ સત્કાર પામી છે, એ એમની શિક્ષણશાસ્ત્રી તરીકેની શક્તિનો જ પુરાવો છે એમ માનીએ; પરંતુ તે ઉપરાંત બૉમ્બે ગવર્મેન્ટ સંસ્કૃત અને પ્રાકૃત ગ્રન્થમાળામાં એમણે વ્યાકરણ અને અલંકારના અનેક ગ્રન્થો પ્રકટ કર્યા છે.

રા. બ. કમળાશંકરભાઈ ધર્મના વિષયમાં તેમજ સામાજિક વ્યવહારમાં પ્રાચીનપન્થી હતા, અને એ પન્થનો મુખ્ય ગુણ—સંયમ—એમણે એમના જીવનમાં પૂરેપૂરો ઊતાર્યો હતો. એમના જેવા દૃઢ ચારિત્ર્યવાન, સાચા, નિખાલસ અને સ્વતન્ત્ર પુરુષ થોડા જ જોવામાં આવશે.

× × ×

ભાઈ નૃસિંહપ્રસાદ વિભાકરનું અવસાન હૃદયવેધક છે. એમનો ગૂજરાતી સાહિત્ય ઉપરનો પ્રેમ અને એને સેવા કરવાનો ઉત્સાહ અનુપમ હતો. અને તેમાં આ અનન્યસાધારણ વિશિષ્ટતા હતી; એ સાહિત્યના ભૂતકાળ ઉપર નહિ, પણ ભવિષ્યકાળ ઉપર દૃષ્ટિ નાંખતા. અને એ સાહિત્ય વિદ્વદ્ભોગ્ય નહિ પણ લોકભોગ્ય

(Democratic) થવું જોઈએ, અને એનો વિષય પણ સામાન્ય જનનું હૃદય હોવું જોઈએ એમ એ ઉત્સાહપૂર્વક પ્રતિપાદન કરતા.

તરુણ વયમાં આવા ગૂજરાતના વિદ્વાનો સ્વર્ગવાસી થતાં ગૂજરાતી સાહિત્યને ભારે ખોટ પડે છે.

× × ×

ભાઈ સત્યેન્દ્રરાવ ભીમરાવ દીવેટીઆ, દામોદર ખુશાલદાસ બોટાદકર, અને મણિલાલ બકોરભાઈના સ્વર્ગવાસથી પણ ગૂજરાતી સાહિત્યસેવકોની પંક્તિમાં ખોટ પડી છે.

સત્યેન્દ્રરાવ સાહિત્યપ્રેમી અને સાહિત્યસેવક હતા. એમણે ભાઈ રણજિતરામના મિત્ર તરીકે એમની પ્રવૃત્તિના આરંભકાળમાં એમની સાથે ગુજરાતી સાહિત્યની ઉન્નતિ કરવાના પ્રયાસમાં ભાગ લીધો હતો. તથા કેટલાંક ન્હાનાં સુન્દર કાવ્યો પણ રચ્યાં છે જે 'ઊર્મિમાળા'ના નામથી ગુજરાત આગળ ઉપસ્થિત છે.

સ્વ. બોટાદકર વધારે પ્રસિદ્ધ કવિ છે. એમના અવસાનથી ગુજરાતી કવિતાનો એક શિષ્ટ સૂર બંધ પડ્યો છે.

સ્વ. મણિભાઈ બકોરભાઈ ગુજરાતના પ્રાચીન સાહિત્યના સંશોધક હતા.

આ સર્વ સાહિત્યસેવકોના સ્વર્ગગમનથી ગુજરાત ખિન્ન છે.

[વસન્ત વર્ષ ૨૪, અંક ૫, જેઠ, સં. ૧૯૮૧]

૧૯ મણિશંકર રત્નજી ભટ્ટનું શોકજનક અવસાન

'કાન્ત' નામથી સાહિત્યના પ્રદેશમાં પ્રખ્યાતિ પામેલા આ મિત્રના અવસાનથી ઘણાં સાહિત્યવિલાસી સ્ત્રીપુરુષો સ્તબ્ધ અને શોકગ્રસ્ત થયાં છે. રા: મણિશંકર ભટ્ટ, પ્રો. બળવંતરાય ઠાકોર, અને સ્વ. પ્રો. કાશીરામ દવે એ એલ્ફિન્સ્ટન કોલેજમાં સાથે ભણતા,

અને વિદ્યાર્થી તરીકે આ ત્રિપુટી અગ્રેસર ગણાતી. રા. રમણભાઈ પણ તે સમયના—માત્ર એમના કરતાં એક વર્ષ આગળ. મણિશંકર તત્ત્વજ્ઞાનના વિષયમાં બી. એ. થયા હતા. એ વિષયનો એમનો શોખ પાછળથી એમના કોઈ કોઈ સ્વતંત્ર લેખમાં, પણ વિશેષે કરી એમની સ્વીડનબોર્ગ તરફની પ્રીતિ, સ્વીડનબોર્ગના સાહિત્યને કરેલી સેવા, અને ધાર્મિક મનોવૃત્તિની પ્રબળતામાં પ્રકટ થયો હતો. પણ ગુજરાત એમને એક તત્ત્વજ્ઞાની કે સ્વીડનબોર્ગના ઉપાસક અને ભાષાન્તરકાર તરીકે યાદ રાખશે તે કરતાં શુદ્ધ સાહિત્યસેવક તરીકે વિશેષ યાદ રાખશે એમ લાગે છે. સાહિત્યના ક્ષેત્રમાં એમણે વાવેલી પ્રથમ વેલ તે 'વસન્તવિજય.' એ સુન્દર આખ્યાન આદિથી અન્ત સુધી એવું સુરેખ અને સૌષ્ઠવભર્યું છે કે એમાંથી એક ભાવ કે એક શબ્દ કે એક વૃત્ત પણ બદલવાની સૂચના કોઈ પણ વિવેચક કરી શકે એમ નથી. કોઈ પણ લેખકની પ્રથમ કૃતિ આવી સંપૂર્ણ અને સર્વાંગસુંદર પ્રકટ થયેલી જોવામાં આવી નથી. એ પછી બીજી પંક્તિમાં 'દેવયાની,' 'સાગર અને શશી'—એ સિવાયની એમની કોઈ પણ કૃતિ સ્મરણમાં લાવવાની જરૂર નથી. ઉત્તમ કૃતિની આ થોડી સંખ્યાથી 'કાન્ત'ના યશમાં ખામી આવે છે એમ કોઈ ધારે તો એમની પૂર્વોક્ત કૃતિની કિંમત એણે ઝવેરીની નજરે આંકી નથી એમ કહેવું પડશે. સોનાના ઢગલા કરતાં પણ એકએ મોતીના દાણા વધારે કિંમતી ન હોઈ શકે?

સ્વ. મણિશંકરની કાવ્યકલા પશ્ચિમના સાહિત્યશાસ્ત્રીઓ જેને 'Romantic' થી ઉલટી 'Classical' કહે છે તેવી હતી. નિયમિત પદવિન્યાસ, અલ્પ અલંકાર અને અંગે અંગે અને સમગ્ર શરીરાકૃતિમાં સુરેખતા એ એનું લક્ષણ.

કવિ તરીકેના એમના સ્મરણમાં, સ્વીડનબોર્ગ અને ખ્રિસ્તીધર્મ પ્રત્યે મમત્વ ધરાવતા મણિશંકરને ભૂલી જઈએ તો શું? પણ તે સર્વથા નહિ ભૂલાય. સામાન્ય જનસમૂહને ન સમઝાતી એવી એમની

એ જીવનકલામાં ઊંડી સાચી અને કૃતિમાં ઊભરાતી સત્યનિષ્ઠા રહેલી હતી. 'સુધારા'ના મણિશંકરને, પછીથી રા. મણિલાલ પ્રત્યે આદરથી વળેલા અને મણિલાલમાં પણ પોતાની ધર્મભાવનાને સન્તુષ્ટિ ન મળવાથી સ્વીડનબોર્ગના અભ્યાસે ચઢેલા જોઈ કોઈ પણ સત્યનિષ્ઠાનો પ્રેમીને એમને માટે માન ઊપજ્યા વિના રહેશે નહિ. પણ વિચારની સંશુદ્ધિ વિનાના વાણીના જુવાળ સત્યને ડહોળી મૂકે છે, વા અસ્થિર બનાવે છે એ આપણે જોઇએ છીએ.

[વસંત : વર્ષ ૨૨, અંક ૯, આશ્વિન, સં. ૧૯૭૯]

ગુર્જર સાક્ષરજયન્તી*

૧. મણિલાલ નભુભાઈ

સદ્‌ગૃહસ્થો,

જે મહાન આત્માની 'જયન્તી' નિમિત્તે આજ આપણે અત્રે એકઠા થયા છીએ એના સમ્બન્ધી આ પ્રસંગે કાંઇકિ બોલવાનો મ્હારો હક અને મ્હારી ફરજ ઉભય છે; એ આત્માનો ઉદાર અને ઊંડો પ્રેમ, એની ઉચ્ચ અને વિશાળ દૃષ્ટિ, તથા એની ભવ્ય પ્રતાપી બુદ્ધિ એ અનુભવવાના મ્હારે અનેક પ્રસંગો આવ્યા છે, અને એ અનુભવનો મને અધિકારી ગણવા ઉપરાંત એણે મ્હારે માટે હમેશાં જે પક્ષપાત ધરાવ્યો છે એ કદી પણ હું વીસરી શકું એમ નથી.

---

* તા. ૩ ઑકટોબર (૧૯૦૪) ને દિને, અમદાવાદમાં પ્રેમાભાઈ હૉલમાં 'ગૂજરાત સાહિત્ય સભા' (પૂર્વની ધી સોશીઅલ ઍન્ડ લિટરરી એસોસિએશન) તરફથી 'મણિલાલ નભુભાઇ જયન્તી' ઊજવવામાં આવી હતી. તે પ્રસંગે **'મણિલાલની કેળવણી અને એ કેળવણીની એમના ગ્રન્થકાર તરીકેના સ્વરૂપ ઉપર થએલી અસર'** એ વિષય ઉપર પ્રોફેસર આનન્દશંકરે ઉપલો લેખ વાંચ્યો હતો, અને રા. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી પ્રમુખસ્થાને બિરાજ્યા હતા. [રણજિતરામ વાવાભાઇ (આ. સેક્રેટરિ)ની નોંધ]

આપણામાં સામાન્ય નિયમ 'જયન્તી' જન્મતિથિએ પાળવાનો હોય છે. પણ આજની તિથિ મણિલાલના જન્મની નથી, મરણની છે.–આ અણધાર્યા વિપર્યયમાં પણ અર્થ છે: જેના સિદ્ધાન્તમાં કાળ નથી, કાળની મર્યાદા નથી—તેને જન્મ તથા મરણ સમાન જ છે.

મણિલાલના નામ સાથે ગૂજરાતનો છેલ્લાં વીસ વર્ષનો ઇતિહાસ અનેક રીતે જોડાએલો છે: એમણે પોતાના ટૂંકા પણ કાર્યથી ભરપૂર જીવનમાં ગુજરાતને એક નવીન કવિતાની દિશા ઉઘાડી આપી છે, ગુજરાતી ગદ્યમાં અસાધારણ બળ, ગૌરવ, અર્થગાંભીર્ય અને રચનાની ખૂબી દાખલ કરી છે, અને ધર્મ અને સાંસારિક સુધારાની બાબતમાં ઘણા આત્માઓને મૂંઝવણમાંથી તાર્યા છે. આ અનુપમ દેશસેવા અને સાહિત્યસેવાનું સંપૂર્ણ અને સવિસ્તર અવલોકન કરવું–અને તે અડધા પોણા કલાકમાં–એ સર્વથા અશક્ય છે. તેથી મ્હારી આપને આરંભમાં જ એટલી વિનંતિ છે કે મ્હારા લેખની સારાસારતાનો વિચાર ન કરતાં વિષયના ગૌરવ ઉપર જ લક્ષ્ય આપશો, અને એ મહાન આત્માના સ્મરણાર્થે જ આપણે મળેલા છીએ એમ સમઝી મ્હારા લેખની અપૂર્ણતા સહન કરશો.

મ્હારા લેખના હું બે ભાગ પાડીશ. પહેલામાં મણિલાલની કેળવણીનો હેવાલ આપી જઈશ; અને બીજામાં એ કેળવણી એમના ગ્રન્થકાર તરીકેના સ્વરૂપ સાથે કેવી સંકળાએલી છે એ સૂચવીશ: 'સૂચવીશ' કહું છું, કારણ કે કાળસંકોચને લીધે એ વિષય જોઈએ તેટલા લંબાણથી ચર્ચી શક્યો નથી, એટલું જ નહિ પણ કેટલેક સ્થળે તો માત્ર 'synopsis'—વિષયના પ્રતીક જેવું જ—આપીને સંતોષ માનવો પડ્યો છે. પહેલા ભાગમાં, ગ્રન્થકાર તરીકેનું સ્વરૂપ બતાવવા માટે નકામી, તથાપિ જાણવાજોગ એવી, કેટલીક હકીકત પણ નોંધી છે—કારણ કે આ હેવાલ પહેલવહેલો જ પ્રસિદ્ધિમાં આવે છે.

૧. કેળવણી

મણિલાલનો જન્મ સંવત ૧૯૧૪ ભાદરવા વદ ૪ ને દિવસે, પ્રાતઃકાળમાં એમના મોસાળમાં થયો હતો. એમના દાદા નડિયાદમાં ફોજદાર હતા, અને એમના પિતા વ્યાજ-વટંતરનો ધંધો કરતા : અને દવેનું કુલ ખર્ચ-ખૂટણમાં સારૂં ગણાતું. એમનાં માતુઃશ્રીના બાપ પણ સારા પ્રતિષ્ઠિત અને ઉદાર ગૃહસ્થ હતા. એમનો વેપાર આસપાસના ગામડામાં હતો. થોડી જમીન પણ તેમને હતી ને ઘેર ગાય, ભેંસ વગેરે ઢોર રહેતાં અને ચઢવાને ઘોડી પણ રાખતા. મણિલાલનાં માતામહી ઘણાં ઉદાર, દયાળુ અને ભલા દિલનાં હતાં, અને ૧૩–૧૪ વર્ષ થતાં સુધી તો મણિલાલ એમની પાસે જ ઊછર્યા. ઉભય પક્ષ સુખી હોવાથી એમનું પાલનપોષણ સારૂં થતું, અને મોસાળ પક્ષમાં તો એમના ઉપર હેતનો અને લાડનો વરસાદ વરસતો.

ન્હાનપણ

આશરે ૪ વર્ષની ઉંમરે એમને દયાશંકર પંડ્યાની ગામઠી નિશાળે મૂક્યા, પણ ત્યાં એ કાંઈ ભણી શક્યા નહિ. થોડું લખતાં વાંચતાં ને સાધારણ રીતે આંક આવડ્યા પછી આશરે ૭ વર્ષની ઉંમરે જનોઈ દીધા પછી એમણે સરકારી ગુજરાતી નિશાળે જવા માંડ્યું. ખાસ કંટાળો હિસાબ ઉપર હતો : એ વિષય આવે એટલે ગેરહાજર રહેવાનું મન થયા વિના રહે નહિ. વિશેષમાં પિતાની પણ ભણાવવા માટે કાળજી થોડી, અને વિદ્યાની કિંમત પણ એવી જ. પાંચમી ચોપડી પૂરી કરી. 'ઘેરથી રડીકકળી રજા મેળવી,' ને કેટલાક સોબતીઓ સાથે અંગ્રેજી નિશાળમાં જવા માંડ્યું. પ્રાઈમર અને સેકન્ડ બુક ભણતાં સુધી તો અભ્યાસ હતો તેવો જ સાધારણ રહ્યો. પણ થર્ડ બુકમાં ઝવેરલાલ લલ્લુભાઈ નામે માસ્તર હતા તેમની મહેરબાની થવાથી અભ્યાસ સુધર્યો. અને એ ધોરણમાં પહેલે નંબરે પ્રાપ્ત થયા, અને ઈનામ મળ્યું—અને વધારે મહત્ત્વનું એ કે એમને

નિશાળ

ત્યારથી ભણુવામાં રસ પડ્યો. હેડમાસ્તરે એમને એક ધોરણ કૂદાવી આગળ ચઢાવ્યા, પણ તેમાં એમને ઠીક ન પડ્યું. સંસ્કૃત તથા યુકિલડ એ બે વિષય પર ઘણો અણગમો પેદા થઈ આવ્યો, અને એમને એમ થયું કે નીચલા ધોરણમાં રીતસર અભ્યાસ કર્યો હોય તો ઠીક. તેથી એ કલાસના માસ્તર મારફત હેડમાસ્તર પાસે ગયા ને કહ્યું કે '**અને ઊતારી પાડો.**' હેડમાસ્તરે હસીને કહ્યું, 'તું વિચિત્ર છોકરો જણાય છે. ભલે, તારી એમ મરજી હોય તો નીચલા ધોરણમાં બેસ.' આ પ્રમાણે આત્માવલોકન અને આત્મસુધારણાનાં ચિહ્નો ન્હાનપણથી જ દાખવતો આ મહાન પુરુષ—પોકળ દંભ ન રાખતાં પોતે જે ધોરણમાં અધિકારી હતો તે ધોરણમાં પોતાની મેળે જઈને બેઠો અને અભ્યાસ પણ ઠીક કરવા માંડ્યો. આ અરસામાં સ્વ. બાલાશંકર ઉલ્લાસરામ—જે આ વખતે એક ધોરણ પાછળ હતા—એમની દોસ્તીથી મણિલાલને થએલા એક અસાધારણ લાભની નોંધ લીધા વિના ચાલશે નહિ.

કવિતા કરવાનો શોખ

સૂરત વગેરે તરફ ફરતાં બાલાશંકરને કોઈએ કાવ્ય રચવાનો છંદ લગાડેલો; અને એ છન્દ એમણે મણિલાલને ચઢાવ્યો. મણિલાલ, બાલાશંકર અને એક ત્રીજા મિત્ર મોહનલાલ પ્રસાદરાય—એમની મુખ્ય ગમ્મત ઘણાં વર્ષ સુધી એ જ રહી કે કવિતા વાંચવી, સમઝવી અને કરવી. **નર્મદાશંકર અને દલપતરામ** એ બેમાં કયો કવિ સારો એ મહાવિવાદ આ બાળમંડળ સુધી પણ પહોંચ્યો હતો—અને આગળ જતાં નર્મદ માટે પક્ષપાત ધરાવતાર અને દલપતરામના માનસિક બંધારણથી સર્વથા વિદૂર આ રસિક યુવાને નિર્ણય કર્યો કે દલપતરામ ચઢે! દલપતરામનાં પુસ્તકોનો આ બાળમંડળમાં ખાસ અભ્યાસ ચાલવા માંડ્યો—જો કે નર્મદ અને દયારામ તદ્દન વીસારી મૂકવામાં આવ્યા નહિ. કાલિદાસના નાટકના તરજુમા પણ લક્ષ્યપૂર્વક વાંચતા અને કવિતા કરવાનો શોખ દિનપરદિન વધતો

'સ્વસુધારક' અને 'પ્રાર્થનાસમાજ'

જતો હતો. વળી મંડળીઓ, સ્થાયી સુધારો કરવાનો ઉત્સાહ—સુધારાના યુગનું ખાસ લક્ષણ—તે પણ આ યુવકમંડળમાં દાખલ થયું હતું; ભેદ માત્ર એટલો કે સુધારાવાળાઓની દૃષ્ટિ પોતા કરતાં અન્યને—આખા દેશને—સુધારી દેવા તરફ વિશેષ હતી, અને આ મંડળે પોતાને અને બહુમાં બહુ તો પોતાની જ્ઞાતિને સુધારવા કરતાં અધિક અભિલાષ રાખ્યો ન હતો: આ મંડળનું નામ 'સ્વસુધારક' પાડ્યું અને બાલાશંકરને ઘેર મળવા માંડ્યું—આમાં કવિતાઓ વંચાતી, અને ભાષણ અપાતાં. મણિલાલની આશરે પંદરેક વર્ષની ઉંમર થતાં, મણિલાલે અને એમના મિત્રોએ '**પ્રાર્થનાસમાજ**' નામની એક મંડળી ઊભી કરી. તેમાં મેંબરો ઘણા થયા. અને તેઓ મણિલાલના પોતાના ઘરમાં મળતા. આમ અમદાવાદથી 'પ્રાર્થનાસમાજ'નાં ગાયનો ભેગી, મણિલાલની પોતાની તથા બાલાશંકરની કવિતા પણ ગવાતી—ગાવાના અને કવિતા રચવાના શોખ ઉપરાંત એ નવા સુધારા માટે એમને કાંઈ ભાવ ઊપજ્યો હોય એમ જણાતું નથી. બાલાશંકરને હિંદી કવિતાનો પણ શોખ લાગ્યો, અને એમણે દર રવિવારે અમદાવાદ રા. દલપતરામ પાસે ભણવા જવા માંડ્યું અને ગાવા બજાવવામાં પણ એક ઉસ્તાદ પાસેથી શાસ્ત્રીય નિપુણતા મેળવવા માંડી.

સંસ્કૃતનો અભ્યાસ

ચોથા ધોરણમાં સંસ્કૃત તથા ગણિત તેમાં વિશેષે ભૂમિતિ એ વિષયો એમને ન આવડતા એટલું જ નહિ પણ તે પર ઘણો અણગમો હતો; તેમાં સંસ્કૃત પર તો એટલે સુધી કે ક્લાસમાં એ વિષયનો આરંભ થાય કે ઊઠીને બહાર જતા રહે. પાંચમા ધોરણમાં બીજો અભ્યાસ સારો ચાલી, નંબર પહેલો રહેતો. પણ આ બાબત તો હજી પણ કાચી હતી. છઠ્ઠા ધોરણમાં પણ પાંચમાના જેવો જ અભ્યાસ ચાલ્યો, પણ સુભાગ્યે એમનો સંસ્કૃતનો કંટાળો ભાગનાર છબીલારામ

દોલતરામ નામે એક માસ્તર મળ્યા. આ 'પૂજ્ય પુરુષ' સૂરતના નાગર બ્રાહ્મણ હતા—તે સ્વભાવે ઘણા શોખીન તથા આનંદી હતા, અને સંસ્કૃતનો એમને અતિશય પ્રેમ હતો. મણિલાલના પિતરાઈ કાકા રવિશંકર જે ગામમાં પ્રખ્યાત શાસ્ત્રી હતા, તેમની પાસે છબીલારામ 'સિદ્ધાંતકૌમુદી'નો અભ્યાસ કરતા. છબીલારામે લાંબા અંગ્રેજી નિયમોને બદલે સંસ્કૃત સૂત્રો યાદ રાખીને, વ્યાકરણ શીખવાની સરળતા મણિલાલને બતાવી, અને શાસ્ત્રીને ત્યાં એમને 'લઘુકૌમુદી' ભણવા માટે સાથે લઈ જવા લાગ્યા. સૂત્રોમાં ગમ્મત પડવા માંડી અને સૂત્રો આવડ્યાં; અને સૂત્રોની સાથે જ જાણે ભૂમિતિ પણ આવડી ગઈ. આ પ્રસંગમાં પિતા તરફથી અભ્યાસ બંધ કરવાનો આગ્રહ થવા લાગ્યો: જૂના માણસોને આ નવી કેળવણીની કિંમત નહિ, અને તેમાં વળી વ્યાવહારિક કામમાં એ અંતરાયરૂપ થઈ પડે. ભણવામાં રસ પડેલો તેથી ઘરની દેવપૂજા કરવી ન ગમે, શાકદૂધ લેવા જતાં તથા બ્રાહ્મણ તરીકે શ્રાદ્ધસંવત્સરી જમવાની અને દક્ષિણાની પરવા કરવાથી લેસન પડે તેથી એમાંનું કંઈ એ કરતા નહિ. પુસ્તક, નિશાળ, અને બાળાશંકરનું ઘર એ સિવાય અત્યારે બીજું કાંઈ જ નહિ. ભણવું અનિશ્ચિત અને પરાધીન તેથી ડહાપણ દાખલ ફર્સ્ટ ક્લાસ પબ્લીક સરવીસનું સર્ટિફિકેટ લઈ રાખ્યું. પણ તે સિવાય અભ્યાસના ઉચ્ચાભિલાષને જરા પણ નમવા દીધો નહિ. આ અભિલાષને વિશેષ સતેજ કરનાર દોરાબજી એદલજી ગીમી (હેડમાસ્તર) હતા. તેઓની અંગ્રેજીમાં નિપુણતા, તથા નિયમિતપણું સચવાવવાની બાબતમાં કાળજી એમના શિષ્યવર્ગમાં સર્વત્ર પ્રસિદ્ધ છે. મિ. ગીમીની મણિલાલ ઉપર સારી મમતા હતી, અને એ મમતા એમણે છેક સુધી કાયમ રાખી હતી. તેમની મદદથી આ વખતે મણિલાલે ઘણાં અંગ્રેજી પુસ્તકો વાંચ્યાં તથા ટોડ્સ સ્ટૂડન્ટ્સ ગાઈડને પોતાની ટેક્સ્ટ બુક બનાવી. ભાષા સંબન્ધી તમામ વિષયનો—ઇતિહાસ ભૂગોળનો પણ—એમને ઘણો શોખ થયો, અને એમાં એમની સરસાઈ સ્થપાઈ ચૂકી.

મૅટ્રિક્યુલેશન માટે જવાનું આવ્યું. છબીલારામનો આગ્રહ સંસ્કૃત લેવરાવવા તરફ જારી હતો ને તેમની મહેનત પણ કમ ન હતી. જે થાય તે ખરૂં કહીને ઝંપલાવ્યું અને કાચે પાયે સંસ્કૃત જ લીધું. પરિણામે ૧૮૭૫ની મૅટ્રિક્યુલેશન પરીક્ષામાં—**આગળ જતાં યુરોપ-અમેરિકા સુધી પ્રસિદ્ધ થનાર સંસ્કૃતનો પ્રોફેસર સંસ્કૃતમાં નાપાસ થયો.** બીજે વર્ષે ગીમી અને છબીલારામ બંને માસ્તરો બદલાઈ ગયા. પણ ગીમી માસ્તરે સ્વાશ્રય સારો સમઝાવ્યો હતો, અને તે મુજબ મણિલાલ ખૂબ વાંચીને, નિયમિતપણે કામ કરીને જ મિત્રો સાથે રમતગમતમાં પડતા.'સ્વસુધારક' વિસ્તાર પામી, **'સાઠોદરા જ્ઞાતિ શુભેચ્છક સભા'** બની હતી. અને એને માટે મકાન લેવાયું તથા બેસવાનો સામાન ભેગો કરવામાં આવ્યો. પણ તેમાં થએલા ઠરાવો આવા કે—સર્વેએ સંધ્યા ભણવી, કોઈએ પરનાતનું જમવું નહિ, નાતમાં સ્ત્રીઓ અને પુરુષો માટે પીરસનારા જુદા જુદા રાખવા ! આગળ જતાં સભાએ જ્ઞાતિબન્ધુઓને ભેગા કરી કન્યાવિક્રય ન કરવા માટે તથા મરણક્રિયામાં ન જમવા માટે વિનંતિ કરી—પણ એ સંબન્ધી સર્વ પ્રયાસ નકામો ગયો. માબાપના આગ્રહથી 'પ્રાર્થનાસમાજ' બંધ કરવી પડી, પણ એમાં જે મુખ્ય રસ કવિતા કરવાનો અને ગાવાનો તે કાયમ રહ્યો–અને ૧૮૮૬માં મણિલાલે **'શિક્ષાશતક'** નામે એક ન્હાની ચોપડી બહાર પાડી; અને પ્રેમી મિત્રે તે બાલાશંકરને અર્પણ કરી.

આસ્તિકતાનાં બીજ મણિલાલમાં પોતામાં આ સભાસમયથી કેટલાંક **પ્રાચીન આસ્તિકતાનાં** બીજ રોપાયાં, ત્રિકાળ સન્ધ્યા કરવા માંડી; પ્રાતઃકાળમાં ઠંડા પાણીથી તારાસ્નાન કરી, પ્રાતઃસન્ધ્યાવંદન કરી, ગાયત્રી જપી, શિવપૂજન કરવા માંડયું. આમ કરવામાં એમના પિતાનો આગ્રહ તથા છબીલારામ માસ્તરની રીતભાત એ બાહ્ય કારણ હતાં.

૧૮૭૬ ના આરંભમાં એકવાર નાપાસ થઇ ફરી મૅટ્રિક્યુલેશનનો

અભ્યાસ શરૂ કર્યો. સંસ્કૃતમાં નાપાસ થયા છતાં, એ જ વિષયમાં પાસ થવું એવા દૃઢ આગ્રહપૂર્વક 'લઘુકૌમુદી' તથા 'અમરકોશ' રાતમાં બે ત્રણ વાગે ઊઠી ગોખવા માંડ્યાં—વર્ષ આખરે એ શ્રમનો બદલો મળ્યો, અને મણિલાલ મૅટ્રિક્યુલેશનમાં પાસ ઊતર્યા.

કૉલેજ

પાસ થયા પછી શું કરવું એ મ્હોટો સવાલ થઈ પડ્યો. ઘરમાં કોઈને વધારે કેળવણી લેવાના ફળનું જ્ઞાન ન હતું. મણિલાલને પણ ભણવાના શોખ ઉપરાંત વિશેષ સમઝણ ન હતી. અધૂરામાં પૂરો એમની નાતનો એક છોકરો મુંબાઈ ભણવા રહેલો ને તરત જ મરી ગએલો એટલે એવે ગામ માબાપ મોકલે પણ કેમ? તે વેળા મુંબાઈનો અવરજવર—ઉત્તર ગુજરાતમાં ખાસ કરી—હાલ જેટલો છૂટો થએલો ન હતો. માબાપે ખર્ચની હરકત બતાવવા માંડી. અને નાતના કોઈ મોટા નોકરીઆતને ત્યાં સોંપી પરિણામે દસપંદરની નોકરી મળે તે માટે પેરવી શરૂ થઈ. એવામાં સુભાગ્યે ગવર્મેન્ટ ગૅઝેટમાં, પાસ થએલા ઉમેદવારોનાં નામ આવ્યાં. એમાં આખી યુનિવ્હર્સિટિમાં મણિલાલનો **નંબર બીજો** હતો, અને એમાં દર માસે રૂપીઆ વીસની કહાનદાસ મંછારામ સ્કૉલરશીપ એમને મળ્યાની વાત લખેલી હતી. આ સ્કૉલરશીપ એક વર્ષ ચાલવાની હતી અને પુને એન્જીનીઅરીંગ કૉલેજમાં દાખલ થાય તો મળે એવી શરત હતી. ગણિત ઉપર અણગમો એટલે એન્જીનીઅરીંગનો અભ્યાસ દુર્ઘટ હતો. તેથી એ સ્કૉલરશીપ મળી તે ન મળ્યા બરાબર થઈ. યુનિવ્હર્સિટિમાં બીજે નંબરે પાસ થયા હતા, તેથી પ્રાગમલજી સ્કૉલરશીપ રૂપીઆ પંદરવાળી ત્રણ વર્ષ ચાલે એવી એમને મળવી જોઈતી હતી, પણ રૂપીઆ વીસ કરતાં રૂપીઆ પંદર ઓછા એ દલીલને આધારે રૂપીઆ વીસ-વાળી કહાનદાસ મંછારામ સ્કૉલરશીપ (એક વર્ષ ચાલનારી છતાં) ઊંચી મનાઈ અને રૂપીઆ પંદરની સ્કૉલરશીપ (ત્રણ વર્ષ ચાલનારી છતાં) નીચી ગણાઈ ને નીચલા નંબરવાળાને મળી: ઊંચી મનાએલી

સ્કૉલરશીપ પોતાને માટે વ્યર્થ હતી, અને ઉપયોગી હતી તે નીચલા નંબરવાળાને ગઈ. આવામાં ખબર મળી કે એલ્ફિન્સ્ટન કૉલેજમાં પણ રૂપીઆ દસની સ્કૉલરશીપો મળે છે. એ મળે તો મુંબાઈ રહેવું, નહિ તો પુને જવું, જે થાય તે ખરી—એમ નિશ્ચય કરી મણિલાલ મુંબાઈ ગયા. એલ્ફિન્સ્ટન કોલેજમાં દાખલ થયા અને ત્યાંની સ્કૉલરશીપ પણ મળી.

મણિલાલ રેસિડન્ટ સ્ટૂડન્ટ તરીકે રહ્યા. તે વખતના કેટલાક વિદ્યાર્થીઓની રીતભાતનું એમણે આપેલું વર્ણન જો ખરૂં હોય તો એમણે પાછળથી સુધારા ઉપર કરેલા કેટલાક આક્ષેપોનો ખુલાસો થઇ જાય છે.

હવે ત્રિકાળસન્ધ્યા અને પ્રાતઃસ્નાન માંડી વાળવાં પડ્યાં. છોકરાઓ એટલે સુધી પણ પજવવા માંડ્યા કે અબોટિયું પહેરીને જમવા પણ ન બેસવા દે. તેથી એટલો નિયમ રાખ્યો કે નાહી ધોએલું ધોતિયું પહેરી જમવું, કોઈને અડવું નહિ. અને પાણીની ગોળી પણ રાખવા ન દે માટે નળેથી લોટો ભરી આણીને રાખીને મૂકવો ને તે આખો દિવસ ચલવવું. આવા બાહ્ય આચાર કરતાં પણ વધારે મહત્ત્વની બાબતમાં મણિલાલે દૃઢતા રાખી હતી અને એક વિરુદ્ધ ઇતિહાસકાર અને ચરિત્રકાર પણ માન્ય કરે એવા પ્રમાણ ઉપરથી હું માનું છું કે મણિલાલે એમના કૉલેજના દિવસોમાં જગત ધારતું હશે તે કરતાં શતગુણ અધિક આત્મસંયમ રાખ્યો હતો.

અભ્યાસ

વિદ્યાભ્યાસમાં મણિલાલનો શ્રમ અસાધારણ હતો: કૉલેજમાં રહ્યા તે ત્રણે વર્ષ દરરોજ લગભગ ૧૩–૧૪ કલાક વાંચતા, ને ટાઈમટેબલ બનાવી તે પ્રમાણે નિયમિત કામ કરી ૭–૮ કલાક ઊંઘતા અને બાકીના ૩–૪ કલાક જમવા રમવામાં ગાળતા : અને આ સાથે વળી યાદ રાખવું જોઇએ કે અભ્યાસનો આ અસાધારણ શ્રમ તે એટલી જ અસાધારણ તીવ્ર, ચંચળ અને વ્યાપક બુદ્ધિની સાથે

જોડાએલો હતો—જેનો ખ્યાલ મણિલાલ સાથે જે કોઈ ને વાતચીત કરવાને પ્રસંગ આવ્યો હશે એને સહજ આવી શકશે. આ શ્રમને પરિણામે 'F. F. A.' ની પરીક્ષામાં મણિલાલ કેટલાંક વિઘ્ન આવી પડવાથી ધાર્યા કરતાં બે નંબર ઊતરતા ત્રીજે નંબરે–પાસ થયા. **પણ લૉજિક (પાશ્ચાત્ય ન્યાય)ના વિષયમાં અને એમના ઐચ્છિક વિષય મૉરલ ફિલૉસોફિ (કર્તવ્યમીમાંસા) માં પહેલે નંબરે આવ્યા.**

'B. A.'

બી. એ. નો અભ્યાસ આરંભ્યો તેમાં ઐચ્છિક વિષય શા લેવા તેનો વિચાર થવા માંડ્યો. નિર્ણય એ થયો History (ઈતિહાસ) તથા Political-Economy (અર્થશાસ્ત્ર); ને History (ઇતિહાસ)માં પણ હિંદુસ્થાન અને ઈંગ્લંડ બે જ વાંચવી. **આ વિષયો લેવાથી જ માણસની બુદ્ધિ અને તર્કશક્તિ ખીલે** છે તથા કાંઈ નવી અક્કલ આવી બોલવાલખવાની છટા પણ સમઝાય છે એમ લાગવાથી એ વિષય એમણે લીધા અને આગળ જતાં આ પસંદગી માટે પોતે સંતોષ દર્શાવતા. દરેક વિષય હસ્તામલકવત્ થયા વગર મૂકવો એમને ગમતો નહિ. તેમ ગોખીને સમઝ્યા વિના યાદ રાખવું પણ ગમતું નહિ. એટલે વારંવાર હરકોઈ વિષય માટે ઘણાં પુસ્તક વાંચવાં પડતાં. આવો મૂલથી નિયમ મનમાં જડાયાથી મહેનતમાં ઘણો વધારો થયો હતો ને ૧૪–૧૫ કલાકથી પણ કોઈવાર વધારે કામ કરવાની જરૂર પડતી. તે સમયના શિક્ષકોમાં ડૉ. ભાંડારકર અને પ્રિન્સિપાલ વર્ડ્ઝવર્થનાં ઘણાં વખાણ કરે છે—અને જણાવે છે કે "ડાકટર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર, તથા ઈતિહાસ, ઈકોનોમિ અને કાંઈક અંગ્રેજી ભાષાનો વિષય શિખવનાર **મહાસમર્થ પ્રિન્સિપાલ વર્ડ્ઝવર્થનું નામ આજે સંભારીને પણ મને અતિશય માન પેદા થઈ આવે છે અને તેમની મારા પરની પ્રીતિ તથા તેમની ભણાવવાની પદ્ધતિથી જ મને જે લાભ મળ્યો છે તે મળ્યો છે, એમ મને વારંવાર કલ્પના થાય છે."**

બી. એ. નાં ચ ર ટર્મ ભરી પરીક્ષા સંતોષકારક રીતે આપી આવ્યા. એમના એક મિત્રે એમને પૂછેલું કે '**તમે પાસ થાઓ તો તાર મૂકીએ?**' મણિલાલે જવાબ દીધો કે "હું પાસ તો થવાનો જ છું, પણ કલાસ લખી જણાવજો ને English (અંગ્રેજી) વિષયનું કે History—Political Economy (ઇતિહાસ અને અર્થશાસ્ત્ર) વિષયનું એક Prize (ઇનામ) મને મળશે તે પણ જણાવજો." તેણે પણ મણિલાલના કહ્યા પ્રમાણે જ કર્યું. પરીક્ષાનું પરિણામ જોવા જતાં ઘેરથી કાગળ લખી કલાસ અને ઇનામના નામની જગા ખાલી લઈ ગયો. તેમાં પેન્સીલથી બીજો કલાસ તથા History-Economy ના વિષયનું ઇનામ એમ લખી તેણે કાગળ એમને મોકલ્યો. એ વાંચી પોતાની મહેનતનું પરિણામ શુભ રીતિએ આવેલું જોઈ મણિલાલને પરમ સંતોષ થયો. નવી પ્રજાને માટે હંમેશાં લાગણી ધરાવનાર આ વિદ્વાન કહે છે કે "આશા રાખું છું કે વાંચનાર વિદ્યાભિલાષી જનો આવા સન્તોષથી કાર્ય સંપાદન કરી આનંદિત નીવડે." મણિલાલ આખી પરીક્ષામાં **બીજે નંબરે** પાસ થયા અને ૩૦ માર્ક ઓછા પડવાથી પહેલા કલાસમાં ન આવી શક્યા.

આગળ અભ્યાસ

મણિલાલ કૉલેજમાં 'ફેલો' તરીકે રહ્યા તે દરમિયાન એમણે સંસ્કૃત અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ વધાર્યો, એને પરિણામે એમનું મગજ અનેક વિચારોથી ઊભરાવા લાગ્યું. યુરોપિયન સુધારો, નીતિ રીતિ, તથા ઈશ્વર, મોક્ષ ઈત્યાદિકના વિવિધ તર્ક એમની નજર આગળ રમી રહ્યા અને નિશ્ચય થયો કે માણસના જીવિતનું મુખ્ય અને છેવટનું કર્તવ્ય એ જ છે કે આ તમામ વાતો વિષે નિર્ણય કરવો, નહિ તો તેની જિંદગીનો વખત કેવળ નિરર્થક જવાનો. મણિલાલ જણાવે છે કે "હું કૉલેજમાં રહ્યો તે દરમિયાન કેવળ નાસ્તિક બની ગયો હોઈશ એમ કોઈ અનુમાન કરે તો ખોટું નથી. પણ વિશેષ વાંચન થયા પછી મનમાં ગરબડ ઊઠવા લાગી

અને ધર્મ, નીતિ તથા સુધારાનાં તત્ત્વ વિષેનો નિર્ણય કર્યા વિના મારી જિંદગી સુખમાં કે નિશ્ચિત માર્ગે જવાની નથી એમ મને દઢ આગ્રહ થયો."

અને આને પરિણામે માત્ર વાંચવા ખાતર નહિ, વિદ્વત્તા પ્રાપ્ત કરવા ખાતર નહિ, પણ એ કરતાં વધારે મહત્ત્વના ઉદ્દેશથી—જિંદગીને rational કરવા માટે—એટલે કે જિંદગીનો હેતુ સમઝી જિંદગીને નિશ્ચિત માર્ગે દોરવા માટે—મણિલાલે ઘણાં પુસ્તકો વાંચ્યાં, જેનો કાંઈક ખ્યાલ 'સિદ્ધાન્તસાર'ના વાચકને આવી શકશે.

૨. ગ્રન્થકાર

મણિલાલની કેળવણીનું પ્રકરણ હું આટલેથી સમાપ્ત થયું ગણું છું. મનુષ્યનું આખું જીવન કેળવણીનું સ્થાન છે એ સિદ્ધાન્ત કોઈએ પણ સવિશેષ માન્ય કર્યો હોય તો તે મણિલાલે કર્યો હતો—તથાપિ આજના સામાન્ય નિરૂપણ માટે એ પ્રકરણને અત્રે સમાપ્ત થયું ગણવામાં બાધ નથી. હવે મણિલાલનું બાકીનું જીવન—જે અપૂર્વ સાહિત્ય ઉત્પન્ન કરવામાં પસાર થયું છે—એનું ખાસ સ્વરૂપ આ કેળવણી સાથે જોડવાનો હું થોડોક પ્રયત્ન કરીશ.

મણિલાલના * **મુખ્ય ગ્રન્થો** નીચે પ્રમાણેઃ—

મણિલાલના મુખ્ય સાહિત્યના ત્રણ વિભાગ પાડી શકાયઃ

મુખ્ય ગ્રન્થો

(૧) કાવ્ય—જેમાં પ્રેમજીવન અને અભેદોર્મિ; તથા સંસ્કૃત નાટકોનાં ભાષાન્તર: માલતીમાધવ અને ઉત્તરરામચરિત; અને સ્વતન્ત્ર નાટક કાન્તા તથા નૃસિંહાવતાર; અને નવલકથા ગુલાબસિંહ.

(૨) સુધારાને લગતું સાહિત્યઃ નારીપ્રતિષ્ઠા, સિદ્ધાન્તસારનાં કેટલાંક પ્રકરણો તથા પ્રિયંવદા અને સુદર્શન દ્વારા કરેલો કેટલોક બોધ.

(૩) ધર્મસંબન્ધી સાહિત્યઃ શ્રીમદ્ ભગવદ્ગીતાનું ભાષાન્તર; વૃત્તિપ્રભાકરનું ભાષાન્તર; પ્રેમજીવન અને અભેદોર્મિની ટીકાઓ;

* આ ગ્રન્થોની ટીપ પૂરેપૂરી નથી.

સિદ્ધાન્તસાર, પ્રાણવિનિયમ અને પ્રિયંવદા, સુદર્શનના કેટલાક લેખો; તથા કુમારપાળચરિત્ર, ચેતનશાસ્ત્ર વગેરે; અંગ્રેજી પુસ્તકોમાં Tarka Kaumudi, Advaitism or Monism, Imitation of S'nkara, Mandukyopanishad, Jivanmukti Viveka, Symbology, Hinduism વિગેરે પુસ્તકો તથા નિબંધો.

ઉપર આપેલા મણિલાલના પૂર્વવયના હેવાલમાંથી જો આપણે એટલું સ્મરણમાં રાખીએ કે મણિલાલનું મન ન્હાનપણથી જ ધર્મ તરફ વળેલું, પ્રેમ માટે તરસ્યું, સુખદુઃખ વેઠવામાં દૃઢ અને કામ કરવામાં નિશ્ચયવાળું હતું—સાથે એ પણ ધ્યાનમાં રાખીએ કે મણિલાલનો ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ અસાધારણ માનને પાત્ર હતો અને એમના પ્રતિપ્રક્ષીઓએ એમની આ વિષયમાં કરેલી અવજ્ઞા જેવી હાસ્યજનક તેવી જ અન્યાયી છે—તો મણિલાલના લગભગ સર્વ ગ્રન્થોનું સ્વરૂપ આપણને સહજ લક્ષમાં આવી જશે, અને એના ગુણદોષ તપાસવાનું એક કિંમતી સાધન હાથ લાગશે.

મણિલાલના કાવ્યગ્રન્થો ઉપર એમના તત્ત્વજ્ઞાનની બે રીતથી અસર થઈ છે; એક બાહ્યસૃષ્ટિ (Nature) કરતાં મનુજહૃદય (Human heart) ને પ્રાધાન્ય આપવામાં;* અને બીજી, કવિતામાં પણ જીવિતના પરમ હેતુને—પરમ પુરુષાર્થને—આગળ રાખવામાં. એમાંની પહેલી એમના વિજ્ઞાનવાદ (Idealism) ની આડકતરી (indirect) અસર છે, અને બીજી જીવિતના હેતુ (The End of Human Existence) સંબન્ધી તત્ત્વચિન્તનમાંથી ઉદ્ભવેલી સીધી (direct) અસર છે. મ્હારો કહેવાનો

* કાવ્યનું સ્વરૂપ અને તત્ત્વજ્ઞાન તરફ વલણ બંને કાર્યકારણરૂપ ન હોઈ એક જ આન્તર બન્ધારણનાં ફળ છે એમ માનવામાં પણ બાધ નથી—એટલે આ 'અસર' શબ્દ જરૂર પડે ત્યાં વિશાળ સંબન્ધના અર્થમાં લેવો. તેટલા માટે જ આરંભમાં (પૃ૦ ૩૪૨) મેં 'સંકળાએલી' શબ્દ વાપર્યો છે.

અર્થ વધારે સ્પષ્ટ કરી બતાવું. મણિલાલના તત્ત્વજ્ઞાનમાં બાહ્યસૃષ્ટિ કરતાં આન્તરઅનુભવ ઉપર વિશેષ ઝોક હતો એ સુવિદિત છે. અને એ તત્ત્વજ્ઞાન (Idealism)ની છાપ એમના કવિત્વ ઉપર અને સહૃદયતા ઉપર પણ પડેલી જણાય છે. કવિઓના બે પ્રકાર હોય છે: કેટલાકને બાહ્યસૃષ્ટિમાં રમવાનું અને એમાંથી બોધ પ્રાપ્ત કરવાનું પ્રિય લાગે છે, અને કેટલાકને મનુજહૃદયના ભાવમાં વિશેષ અર્થ પ્રતીત થાય છે. મણિલાલ આ બીજા પ્રકારના કવિ હતા, અને મને લાગે છે કે એમણે 'ઉત્તરરામચરિત'ના ભાષાન્તરમાં—

"ગિરિથી ઝમ ઝમ ઝરણાં વહી જાય,
તટે તરુવર પવને લ્હેંકાય."

ઇત્યાદિ સૃષ્ટિસૌન્દર્યની લાવણીઓ અને હરિગીત વગેરે છન્દો બહુ રસથી રચ્યા છે, તથા 'કાન્તા' નાટકમાં—

"મંદ મંદ સમીર વ્હે તરુકુંજમાં બહુ મ્હાલતો,
ગિરિગહ્વરે અથડાઈ મીઠા રાગ મૃદુ આલાપતો,
લ્હેર જલમાં ચાલતી વાંકીચુંકી લચકાઈને,
એકાગ્રતાથી મળી મળી તટપર પડે મીઠે રવે.
તાલ દે તે ગાનને તરુવર ઝુકે બહુ ઝુંડમાં,
દે માન તે શુભગાનને વળી, ધવલ પુષ્પ વધાવતાં,
વ્યોમ, તરુ, તટ, વિશ્વ સઘળું નાચતું પ્રતિબિંબમાં,
ઊંચા સુણે ગિરિવર રહ્યા બધું ગાન ગંભીરતાઈમાં."

આ પંક્તિઓ કોઈ પણ સૃષ્ટિસૌન્દર્યના કવિને માન અપાવે તેવી છે; તેમજ, 'નૃસિંહાવતાર'ની

"સુખકર મલિયાગર મ્હેંકે રે,
કલિકલિ પર ભમરા લ્હેંકે રે—સુખ૦ ધ્રુવ.
શીતળ સમીર વહે સુખકારી
તાપ હરે તનના પલકે રે,

ચન્દ્રકલા નિરખી ઉલસે મન
ગ્રીષ્મ રાત રસ બ્હેં કે રે—સુખકર."

એ બિહાગની ઠુમરીમાં 'ગ્રીષ્મ રાત રસ બ્હેં કે રે' એટલા સાદા શબ્દોમાં ઉન્હાળાની રાત્રિની સકળ મનોહરતા ખડી કરી છે.

તથાપિ એમ કહેવામાં બાધ નથી કે 'માલતીમાધવ' અને 'ઉત્તરરામચરિત' તરફ એમને દોરનાર વસ્તુ જુદી જ હતી, અને 'કાન્તા' નાટકની ખાસ ખૂબી એનાં સૃષ્ટિસૌન્દર્યનાં વર્ણનમાં જ નથી. ન્હાનપણથી જ મિત્રસ્નેહનો સ્વાદ જાણનાર હૃદય માધવ અને મકરન્દના સ્નેહ તરફ આકર્ષાય એ સ્વાભાવિક હતું; તેમજ રામ અને સીતાના પ્રેમમાં જે લોકોત્તર ભાવના મૂર્તિમતી થએલી છે, અને રાજા તરીકે રામે સીતાનો ત્યાગ કરી જે ભાવનાના અગ્નિમાં પોતાના સુકોમળ હૃદયને હોમ્યું છે—એ 'Poetic Idealism' કાવ્યપ્રદેશમાં પ્રતીત થતો ઉચ્ચ ભાવનાપ્રેમ મણિલાલને ખાસ આકર્ષક થઈ પડ્યો હશે એમ લાગે છે. 'કાન્તા' નાટક જેને આપણાં 'સર્વાનુભવ રસિક' કાવ્યોમાં ગૂજરાતના એક પ્રતિષ્ઠિત અવલોકનકાર અને આ 'સાહિત્ય સભા'ના માનવન્તા પ્રેસિડન્ટ* તરફથી પ્રથમ પદ આપવામાં આવ્યું છે એ પણ આ 'Idealism'નું અને ઇતિહાસના અભ્યાસથી મણિલાલના હૃદયમાં જાગેલા સ્વદેશાભિમાનનું દૃષ્ટાન્ત છે. 'પ્રેમજીવન' અને 'અભેદોર્મિ' જેમાં આપણે બાલાશંકર સાથેના કાવ્યવિનોદના સમયની અસર પણ જોઈએ છીએ—એ તો બાહ્યસૃષ્ટિને ત્યજી દઈ આન્તરભાવ ઉપર જ રચાએલાં છે એ સ્પષ્ટ છે, અને બાહ્ય જગત્ ઉપર જ્યારે કોઈ કોઈ વાર કવિની દૃષ્ટિ ફરે છે ત્યારે એ બાહ્ય પદાર્થો પણ આન્તરભાવથી અને તે પણ એક તટસ્થના નહિ પણ કવિના પોતાના જ આન્તરભાવથી રંગાઈ, છવાઈ, છલકાઈ રહે છે !

"ગગને આજ પ્રેમની ઝલક છાઈ રે—

* રા. રમણભાઈ મહીપતરામ

પૃથ્વી રહી છવાઈ,
પર્વતો રહ્યા ન્હાઈ,
સચરાચરે ભરાઈ રે!
ગગને આજ૦"

વળી, કવિઓમાં કવિતાના ધોરણ ઉપરથી પણ બે પ્રકાર પડે છે. કેટલાક 'Art for Art's Sake'નુ ધોરણ સ્વીકારે છે–અને તેઓના મત પ્રમાણે મિ. સ્વિનબર્નના શબ્દોમાં "No work of art has any worth or life in it that is not done on the absolute terms of art." આ વચનથી સૂચિત અર્થ એવો છે કે ટેનિસનનું 'In Memoriam' જેવું કાવ્ય પણ બોધપ્રધાન હોઈ કાવ્યના પ્રદેશથી બહિર્ભૂત છે. મેથ્યુ આર્નોલ્ડ અને રસ્કિન 'art' અને 'Morality' વચ્ચે અવિશ્લેષ્ય સમ્બન્ધ માને છે–અને યદ્યપિ કવિતાના પ્રાણથી રહિત પોપની Didactic Poetry સર્વના ધોરણ પ્રમાણે અધમ કાવ્ય વા અકાવ્ય છે, તથાપિ બોધના અન્તર્માં જ્યાં સુધી હૃદય, પ્રતિભા, વા અતીન્દ્રિય પદાર્થના સૂચનનો રસ વહેતો હોય ત્યાં સુધી એ બોધ કવિતાના પ્રદેશની બહાર જતો નથી. મણિલાલના 'પ્રેમજીવન' અને 'અભેદોર્મિ' 'art for art'a sake'ના ધોરણ ઉપર રચાએલાં નથી. જ્ઞાન, બોધ એ એનો સ્પષ્ટ ઉદ્દેશ છે. પણ જેમ સમુદ્રોનાં તરંગોનો કાંઠે અથડાવાનો અને કેટલેક સુધી કિનારા ઉપર ચઢી એ ઉપર પથરાઈ રહેવાનો ઉદ્દેશ હોય છે, તેમ આ કાવ્યોનો પણ તત્ત્વજ્ઞાનના પરમ પ્રાપ્તવ્ય બ્રહ્મને સ્પર્શવાનો અને બ્રહ્મ ઉપર ઠરી રહેવાનો પ્રયત્ન છે. મને લાગે છે કે 'પ્રેમજીવન' અને 'અભેદોર્મિ'ના ઉન્નત અને પ્રબલ રસતરંગો લાંબો વખત ગુર્જર પ્રજાના સ્મરણમાં રહેશે, અને એના મર્યાદિત પ્રદેશમાં પણ શ્રોતાજન પાસે એટલો ઉદ્ગાર કરાવ્યા વિના નહિ રહે કે—

"Thoughts that inspire and mould our inner life,
Strengthen to bravely bear amid world-strife;

And one large Hope, full-orb'd as summer sun,
That souls shall surely meet when Life is worn!
So round thy memory we our thanks entwine;
Men are the better for these songs of thine."

'ગુલાબસિંહ' અને 'નૃસિંહાવતાર'માં બોધનું પ્રાધાન્ય સ્પષ્ટ છે. લિટનનું 'ઝેનોની'—જેનું 'ગુલાબસિંહ' અનુકરણ છે—એ અંગ્રેજી નવલકથાઓના પ્રથમ વર્ગમાં આવી શકતું નથી એ વાત મણિલાલને અજાણી ન હતી. છતાં અનુકરણ માટે એને પસન્દ કરવાનું કારણ એમાં રહેલો મણિલાલના તત્ત્વજ્ઞાનને અનુસરતો બોધ એ જ હતું. આ નવલકથામાં મણિલાલ પ્રવૃત્તિ અને નિવૃત્તિનો મહાપ્રશ્ન—એમના પ્રિય વિષયનો પ્રશ્ન—ઉદાત્ત અને જીવનભરી શૈલીમાં ચર્ચે છે, અને હિન્દુસ્થાનના ઇતિહાસનો પોતાનો રસ પૃથ્વીરાજના સમયનું ચિત્ર આપી વાચકને દર્શાવે છે; પૃથુરાજ, ચન્દવરદાયી, અને અક્ષયવડનું સ્મરણ કરીને એનો સ્વદેશાભિમાન અને સ્વદેશલાગણીથી ભરેલો આત્મા કૃતકૃત્ય થાય છે.

સદ્‌ગૃહસ્થો, મ્હેં મણિલાલનાં કાવ્યોના સામાન્ય સ્વરૂપ સાથે એમના તત્ત્વજ્ઞાનનો બે રીતનો સંબન્ધ બતાવ્યો: એક ખુલ્લો અને બીજો ગર્ભિત. આ કાવ્યોનું વિશેષ વિવેચન આટલા ટૂંકા અવકાશમાં બની શકે એમ નથી.

૩. સંસારસુધારો

હવે હું મણિલાલના 'સંસારસુધારક' તરીકેના સ્વરૂપ ઉપર આવું છું. 'સુધારા' તરફની મણિલાલની વૃત્તિનો પણ એમના ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસથી સારો ખુલાસો થઈ શકે છે.

હું આ સંબન્ધમાં આપની આગળ સ્થાપવા એ માગું છું કે મણિલાલ સુધારાના વિરોધી ન હતા; ઊલટું, સુધારો જે સ્થળે આવીને અટક્યો હતો અને અપ્રિય થઈ પડ્યો હતો, ત્યાંથી એને

એક પગથિયું ઊંચે ચઢાવી, વધારે મજબૂત અને સ્વદેશાભિમાનના પાયા ઉપર મૂકી, પોતાના ઇતિહાસ ને તત્ત્વજ્ઞાનના અભ્યાસથી એમાં જે દોષ જણાયો તે દૂર કરી લોકમતરૂપી ન્યાયાસન આગળ સુધારાના કેસની નવી દાવાઅરજી દાખલ કરનાર મણિલાલ હતા. એમને સુધારાના અગ્રણીઓએ સ્વીકારવાના બદલે પ્રતિપક્ષી ગણ્યા, એ સુધારાના ઇતિહાસમાં એક ખોટું પગલું ભરાયું છે; એમ મ્હારો નમ્ર મત છે.

આ બતાવવા માટે આ બીજા વિષયના હું ત્રણ પેટા ભાગ પાડીશ:

(૧) પ્રથમ તો મણિલાલના સમયમાં સંસારસુધારાની શી સ્થિતિ હતી એ વિષે થોડુંક બોલીશ.

(૨) પછી મણિલાલના સંસારસુધારા સંબન્ધી વિચારો જણાવીશ.

(૩) અને છેવટે, મણિલાલ જેને 'જૂનો સુધારો' કહે છે તેનાથી એમનો પોતાનો નવીન સુધારો કેવી રીતે જુદો પડે છે એ બતાવીશ.

મણિલાલનો સમય

(૧) આપણા ઇતિહાસનાં છેલ્લાં સાઠ વર્ષ ઉપર દૃષ્ટિ નાંખતાં સમઝાય છે કે ૧૮૪૫ થી પંદરેક વર્ષ સંસાર-સુધારાના જુસ્સાનો કાળ હતો; ૧૮૬૪—૬૫—થી દસપંદર વર્ષ દેશી કારીગરીને ઉત્તેજન આપવાના પ્રયત્નો થવા લાગ્યા; ૧૮૭૫ પછીથી ધાર્મિક પુનરૂજીવન–થિયોસૉફિકલ સોસાયટિ, આર્યસમાજ વગેરે હિલચાલનો સમય આવ્યો; ૧૮૮૫-૯૦થી રાજકીય ઉત્સાહ બહાર પડ્યો–અને આજ આ સર્વ પ્રવૃત્તિઓ સાથે લાગી ઉપસ્થિત થઈ છે. એકને વખતે બીજી ન હતી એમ સમઝવાનું નથી; તેમજ, ધર્મ જે આ દેશમાં હંમેશાં એક મહાપ્રશ્નરૂપે હાજર જ રહે છે એની આ ચારે જમાનામાં કાંઈ કાંઈ હિલચાલ દેખાયાં જ કરતી હતી. તોપણ ઇતિહાસ સમજવા માટે સામાન્ય સૂત્રોનો (General-

izationનો) ઉપયોગ કરવો વાજબી ગણાતો હોય તો મને લાગે છે કે–ઈતિહાસમાં આપણાં છેલ્લાં સાઠ વર્ષની ન્હાની યુગ-વ્યવસ્થા કાંઈક ઉપર પ્રમાણે થવી જોઈએ. આથી સમઝાશે કે મણિલાલે જ્યારે દેશસેવાની ધુરા ઊપાડી તે વખતે મેડમ બ્લેવેટ્સ્કીએ જગવેલો ધર્મયુગ તુરત જ શરૂ થએલો હતો, અને એની અસર નીચે રહી મણિલાલે આપણાં પ્રાચીન પુસ્તકો અને સંસ્થાઓનું અવલોકન કર્યું, અને સંસારસુધારાના પ્રશ્નને પણ ધર્મ અને તત્ત્વજ્ઞાનને અંગે જ વિચાર્યો. બીજું, સુધારાના ઉપદેશમાં ગમે તેટલું સત્ય હશે, પણ તે સત્ય નર્મદે જાતઅનુભવથી બતાવેલી અને મણિલાલે પણ પ્રત્યક્ષ જોએલી ખામીઓને લીધે નિર્જીવ પડ્યું હતું; અને સુધારાનો ઉત્સાહી 'બોધકાળ' ક્યારનોએ અસ્ત થઈ ગયો હતો; અને 'કર્મકાળ' નિર્બળ પસાર થયો હતો; 'સુધારા'ના વીર નર્મદે સુધારો ત્યજી પ્રાચીન પંથમાં પ્રવેશ કર્યો હતો, અને 'સુધારો' પ્રવૃત્તિ માર્ગ ઉપર રચાએલો છે અને તે નિવૃત્તિપરાયણ આર્યજનોને અનુકૂળ નથી એવો સિદ્ધાન્ત બાંધ્યો હતો. આશાથી ઊછળતો સુધારક નિરાશા પામી નિવૃત્તિમાર્ગમાં સમી ગયો અને મરણશય્યા ઉપર મણિલાલને આવી મતલબનું કહેતો ગયો કે—" હવે તો આ દેહનો અંત આવે તો ઠીક કે ઘરનાં માણસ હેરાન થતાં અટકે. અમે તો હવે એકલા પડ્યા; અમારા ભક્તો, અમારા મિત્રો, અમારા સ્નેહીઓ અમને બગડેલા વ્હેમી ઠરાવી વેગળા થયા. પણ ખરી વાત હું હાલ કહું છું તે જ છે એ મારૂં હૃદય જાણે છે. જવાનીઆ સુધારા-વાળા મારી ઉપર કરડી નજર કરતા હશે પણ હું કહું છું કે તેમના જ મંડળમાં એક જુવાન ઊછરે છે જે પરિણામે મારા જ વિચાર ગળે ઉતારશે. " પણ મણિલાલની વૃત્તિ સુધારા તરફ પાછલા કાળના નર્મદના જેવી ન હતી. મણિલાલે સંસારસુધારાને પ્રાચીન ધર્મને અંગે મૂક્યો ખરો, પણ તેથી સુધારા પ્રત્યે અનાદર જણાવ્યો એમ માનવું ભૂલભરેલું છે.

હવે હું બીજા પેટા વિષય ઉપર એટલે કે મણિલાલના સુધારા સંબન્ધી વિચારો ઉપર આવું છું. જેઓ મણિલાલને સુધારાવિરુદ્ધ માનતા હોય તેમના મનનાર્થે હું અત્રે એમના લેખોમાંથી નીચેના ઊતારા રજુ કરૂં છું :

સુધારા સંબંધી વિચારો

"નવીનતા એ પૌરુષ, પરાક્રમ, સાહસ, સ્વાતન્ત્ર્યનો માર્ગ છે; પ્રાચીનતા આલસ્ય, સ્થિરતા, જડતા, પારતંત્ર્યનો માર્ગ છે. ઉદ્યોગ અને પ્રારબ્ધનો જે વિરોધ છે તેવો નવીનતા અને પ્રાચીનતાનો વિરોધ છે. નવીનતા લાવે છે, પ્રાપ્ત કરે છે, ઉપજાવે છે; પ્રાચીનતા પોષે છે, સાચવે છે, સંગ્રહે છે. વાસ્તવિક દૃષ્ટિથી જોઈએ તો પ્રાચીનતા અને નવીનતાનો વિરોધ નથી. ઉભયે પ્રત્યેક વ્યક્તિમાં સ્વભાવસિદ્ધ છે, અને આવશ્યક છે. વિશ્વનો નિર્વાહ જ તેમના યોગ વિના થાય નહિ. યોગક્ષેમનાં **નવીનતા અને પ્રાચીનતા એ અંગ છે.**"

"પ્રાચીનતા એ પ્રત્યેક દેશના અખૂટ બલનો ભંડાર છે, નવીનતા તે બલનો વ્યય કરવાનો બજાર છે; નવીનતા એ પૂર્ણ છોડી દીધેલું 'એન્જિન' છે, પ્રાચીનતા તેની ગતિને નિયમમાં રાખનાર 'બ્રેક' છે."

"એક પાસા ટીલાંછાપાં, માલાકંઠી, રામનામનું રટન, અને વેદાંતની નીચે ઇર્ષ્યા, સ્વાર્થ, જૂઠ, અને અનાચારના અંગારા ધખધખતા હોય છે; બીજી પાસ સત્ય, દેશભક્તિ, ભ્રાતૃભાવ, સર્વનું એકપણું, વિદ્યાવિલાસ ઇત્યાદિનાં વ્યાખ્યાનોમાં પણ હુંની પૂજા-અર્ચા કરવાની યુક્તિઓનો વિલાસ હોય છે, અનાચારને ઢાંકવાની ઝીણી પિછોડીઓ વણવાની રચના હોય છે."

"પ્રાચીન પક્ષ સ્વતઃ વર્તમાનને સમજી ભવિષ્યમાં ઊતરવાને ઉદ્દેશે ઉદ્‌ભવ્યો નથી; આમ માનવાનું કારણ એટલું જ છે કે પ્રાચીન પક્ષ ઉપર જે રુચિ અને પ્રીતિ તથા આદર થયાં છે તે બહુ ભાગે, સોમાં પંચાણું જેટલે ભાગે, કેવલ વહેમરૂપે, અંધશ્રદ્ધારૂપ, સ્વાર્થ

સાધવાના એક પ્રકારરૂપ, ધાર્મિક નીતિમાન્ ગણાવાની લાલસાના એક માર્ગરૂપ દેખાય છેઃ પ્રાચીન પક્ષની સમગ્ર પ્રવૃત્તિમાં ભેદનું જ પ્રાધાન્ય દેખાય છે. નવા નવા પંથ, સંપ્રદાય, આચાર્ય, અને તેમના શિષ્યોના કલહ, વિગ્રહ, દ્વેષ, અને ઈર્ષ્યાના પ્રકારો, ગુરુ અને આચાર્યોને સર્વસ્વનું સમર્પણ કરી અંધ થનાર પામરોની કર્ત્તવ્ય-ભ્રષ્ટતા; એ વિના બીજું પ્રાચીન પક્ષની પ્રવૃત્તિમાં કવચિત્ જ નજરે પડે છે. અને એ પક્ષની મુખ્ય હિમાયત કરવા છતાં આવો સ્વીકાર કરવામાં અમોને કશો બાધ જણાતો નથી, કેમકે **પ્રાચીન પક્ષ જ્યાં સુધી વર્તમાનની યથાર્થ ગણના કરી ભવિષ્યનું દર્શન પામ્યા વિના કેવલ પ્રાચીન એ નામને જ પૂજે છે ત્યાં સુધી તે કલ્યાણથી અતિ વિદૂર જ** છે એવું અમારૂં મત છે. એક પાસા નવીનો સાથે વિવાદ કરી પ્રાચીનતાનો આગ્રહ ધારણ કર્યા છતાં, પ્રાચીન પક્ષના અનુયાયીઓનું અનુમોદન અમોને મળી ન શકવાનું આ જ કારણ છે. પરંતુ એ વિવાદ કે એ અનુમોદનની દરકાર વિના એટલું કહેવું જ પડે છે કે પ્રાચીન પક્ષે આપણા વર્તમાન અને ભવિષ્યનું માપ લીધા વિના જ ઝંપલાવ્યું છે, અને જે કર્તવ્યભ્રષ્ટતામાંથી છૂટવાનો માર્ગ શોધવા માંડ્યો છે તેમાં ને તેમાં જ તેમની સ્થિતિ હજી રહી છે. વર્તમાન અને ભવિષ્યને સમજી કર્તવ્યની શોધ કરવાનો જે ઉન્નતિનો માર્ગ છે તે ધ્યાનમાં લઈ પ્રાચીન કે કે નવીનનો આદર કરવાનો વિચાર રાખવો ઉચિત છે. એ ધોરણે જોતાં **અમારા હૃદયની પ્રીતિ હાલના પ્રાચીન પક્ષ કરતાં હાલના નવીન પક્ષ ઉપર વધારે છે.**"

"માબાપે ગમે તેમ જોડી દીધેલાં પુતળાં આ દેવ (પ્રેમ) નુ સ્વરૂપ કયાંથી જાણે; અથવા કક્કો ને આંક ભણ્યા પછી પણ શું સંસ્કાર પામે કે તેમાંથી પ્રેમનો ભાવ ખડો થાય ! કષ્ટમાં, કંકાસમાં દુઃખમાં દિવસ પૂરા કરતે કરતે ઉભયમાંથી એકાદને, ને વિશેષે કરી સ્ત્રીને વૈધવ્યનો મહાકાલાનલ બાળીને આબરૂથી, જાતથી, રીતથી,

ભાતથી ખુવાર કરી દુઃખમાં જન્મેલી તે દુઃખમાં જ સમાય તેવું કરી આપે. આ રીતિથી વિચારતાં કેટલાં ઘર હયાત છતાં ભાંગેલાં છે, કેટલાં માણસ જીવતાં પણ મૂએલાં છે, કેટલા લોક સુખી છતે પણ દુઃખી છે, કેટલા જ્ઞાની પણ અજ્ઞાની છે, કેટલાં પીડાય છે, કેટલાં બળે છે, કેટલાં રડે છે, કેટલાં મરે છે, એ સહજ ખ્યાલમાં આવશે."

"ભણવાની જ્યારે આ રીતે જરૂર છે ત્યારે શું **સ્ત્રીઓ માણસ નથી, સ્ત્રીઓને બુદ્ધિ નથી, કે સ્ત્રીઓને સુખની ઇચ્છા નથી કે તેમને ભણવા ન દેવી?** સ્ત્રીઓને ને પુરુષોને કરવાનાં કામ જુદી જુદી જાતનાં કામ છે એ વાત ખરી, પણ શું સ્ત્રીઓનાં કામ બુદ્ધિ વગર ચાલી શકે તેવાં છે? તેમને પોતાના ઘરકામમાં બુદ્ધિની જરૂર પડે છે; તેમને પણ પોતાના સંબંધીઓ સાથે રહી કામકાજમાં પ્રવીણ ગણાઈ સુખ પામવાની સબલ મરજી હોય છે; તે એટલે સુધી કે, અમે તો એમ ધારીએ છીએ કે, પુરુષોને હશે તે કરતાં પણ વિશેષ કેમકે ઘણા પુરુષો સુખી છતાં પણ ઘરની સ્ત્રીઓને જે જાતના સુખની ઇચ્છા હોય તેને તાબે થઈ વર્તવાથી દુઃખી થતા માલમ પડે છે. પુરુષને છે તે પ્રકારની ઇચ્છાઓ ને વૃત્તિઓ સ્ત્રીઓને છે, એટલું જ કહેવાથી તેમને ભણાવવાની જરૂર સાબિત થાય છે. તો પણ તેમને ભણાવવાના વિશેષ કારણ તરીકે હજુ તેમના સ્વભાવ વિશે જરા બોલવાની જરૂર છે."

"સ્ત્રીનાં કર્મ પુરુષનાં કરતાં જુદાં છે. વાત ઠીક છે, પણ કેવી રીતે જુદાં છે? જુદાં એટલે એવાં તો નહિ જ હોય કે પશુ વગેરે જેમ પોતાના કર્મ માત્રથી જ સુખ પ્રાપ્ત કરી લે છે તેમ સ્ત્રીઓ પણ કરી શકતી હોય! પુરુષને જેમ ઘરબહારના ધંધામાં બુદ્ધિ, બલ વાપરવાં પડે છે તેમ સ્ત્રીઓને પણ ગૃહકર્મમાં તેનાં તે જ સાધન વાપરવાં પડે છે, જેમ જે સ્ત્રીનામાં આ સાધનોની ખામી, તેમ તેના કર્મમાં વિરોધ અને તેના ઘરમાં ક્લેશ, સંતાપ અને દુઃખ.

ઘરનું ખરૂં બંધારણ જ સ્ત્રી છે, ઘર એ પુરુષનું વિશ્રામનું ઠામ છે; ને તે જ જ્યારે વગરઅક્કલે, વગરવિચારે ને વગરધડે ચાલતું હોય ત્યારે પોતે પણ સુખ ક્યાંથી પામે? સ્ત્રીઓની ઉન્નતિમાં; તેમના ભણવામાં, તેમના સદાચારમાં, અને તેમની પ્રીતિમાં જ પુરુષના સુખનો સમાવેશ થઈ જાય છે, તો તેમને તેમના પોતાના સુખ માટે, તેમજ પારકાના(પોતાના પતિ વગેરેના)સુખ માટે ભણાવવી જ જોઈએ."

"ભણવાથી કુમાર્ગે કોઈ ગયું છે નહિ, ને જશે પણ નહિ, **સરસ્વતીનો પ્રસાદ પામી કોણ કુપાત્ર થયું છે? ભણેલી સ્ત્રીઓમાં જો કાંઈ દુરાચાર કોઈ વાર જણાયો હોય તો તેમને ઓછું ભણાવી તેમની અક્કલ કાચી રહેવા દીધાને લીધે જ, એમ અમે તો નક્કી માનીએ છીએ.** જેઓ નીતિમાં, પતિભક્તિમાં, શ્રદ્ધામાં, મર્યાદામાં સુખ માનતી હોય તે કદાપિ કુમાર્ગે જાય જ નહિ; પણ જે આ શબ્દોનો અર્થ પણ ન જાણતી હોય તે જાય, તો તેમાં તેમને અજ્ઞાન રાખનારનો દોષ છે, તેમણે જે કેળવણી લીધી હોય તેનો દોષ નથી. માટે અમે તો અમારા અલ્પ અનુભવ પ્રમાણે અમારી ભગિનીઓ તરફથી એટલું જ કહી શકીએ છીએ કે તેમને જો તમારે પ્રેમાળ સ્ત્રીઓ, માયાળુ માતાઓ, અને હિતસ્ત્રી ડોશીઓ કરવી હોય તો નિઃશંક થઈ પરિપૂર્ણ કેળવણી આપો."

'જો જ્ઞાતિની વૃદ્ધિ અને અંદરઅંદર સંપશાન્તિ ચહાતા હો, જો ઉપયોગી થઈ કોઈને દુઃખ દીધા વિના કમાવાની ઉમેદ રાખતા હો, ને આ લોક ને પરલોકમાં સુખનો માર્ગ શોધતા હો, તો **કન્યાનું દાન યોગ્ય વરને કરવા માંડો, કન્યાને મોટી થવા દો, ભણવા દો, અને પોતાની મરજી મુજબ પરણવા દો."**

અમે લખ્યું હતું કે 'નારીપ્રતિષ્ઠા' સામાન્યતઃ સ્વતંત્ર જનમંડળ માટે રચાઈ હતી, અને હવે જે વિચાર કરવાનો છે તે

કાયદાથી સંકલિત મંડલ માટે છે, એટલે તે એ વિચારમાં સંમતિ-વય બાબત ફેર પડે તો તે વિરોધ નથી; આ લખવાનો સાહજિક અર્થ એવો થાય કે 'નારીપ્રતિષ્ઠા' કેવલ સાંસારિક બાબત, જેમાં સરકારે હાથ નથી ઝાલ્યો, તેને માટે લખાયેલી છે, પણ જ્યારે સાંસારિક બાબત સરકાર કાયદો કરવા ઇચ્છે તો ત્યારે 'નારીપ્રતિષ્ઠા'-માંના કેટલાક જૂજ વિચારમાં ફેરફાર કરવાની આવશ્યકતા છે. જેમકે 'નારીપ્રતિષ્ઠા'માં **સંમતિવય ૧૬** કહ્યું છે તે ઈષ્ટ છે, છતાં કાયદાથી તે નિયમવું હોય ત્યારે તો ઓછામાં ઓછું જે હોય તે લેવું જોઇએ, અર્થાત્ દશ. આવી સ્વાભાવિક અર્થસંગતિ ઉદાહરણથી સ્પષ્ટ કરેલી."

"પ્રાચીન નવીન બે વાર્તામાંથી કઇ ખરી છે? આ પ્રશ્નનો નિર્ણય કરતાં પૂર્વે ઉભય પક્ષનું સૂક્ષ્મ અવલોકન કરવાની પૂર્ણ અપેક્ષા છે. ઘણાક નવીનો પ્રાચીન પક્ષનું વિલોકન કર્યા વિના, એટલે કે પોતાનાને સાક્ષાત્ કે પરોક્ષ તે વિષયનું જ્ઞાન ન છતાં અથવા માત્ર કોઈના કહેવાથી કે કોઈએ પોતાના કોઈ તર્કને અવલંબી કરેલા અર્થાનુસાર જ જ્ઞાન છતાં, પાચીનપક્ષગત અનેક વાર્તાનું વિડંબન ખંડન કરવા પ્રવર્તે છે. તેમજ કેટલાક પ્રાચીનો પણ એ જ પ્રકારની ભૂલ કરે છે. પ્રાચીન વાર્તાને સમજવાથી, સાંભળવાથી, કે પોતાના મતાનુસાર ગ્રહવાથી, તે તે વાર્તાને અંગે એવી એવી તર્કજાલમાં તે ભરાઇ પડે છે કે નવીનતાનું નામ પણ સહન કરી શકતા નથી. આવા પ્રસંગમાં ઉભય પક્ષનું સાક્ષાત્ જ્ઞાન હોવું બહુ આવશ્યક છે, પ્રાગ્બ્ધયોગે તેવું કાંઇક પ્રાપ્ત કરવાના પ્રસંગ મને પોતાને મળેલા છે, એ વાત કહેવામાં કશી આત્મ-શ્લાઘા થતી હોય તો ક્ષમા યાચું છું. પણ સંસારમાં મનુષ્યે કર્તવ્યા-કર્તવ્યના વિચાર બાંધવા તેમાં એ જ્ઞાન પરમોપયોગી છે; ને મને તે જેવું ઉપયોગી થયું છે, તેવું અન્યને થાય એ મારી પરમ વાંછના છે, એટલે આ સ્થાને તે વાત કહેવી પ્રાપ્ત જ છે."

"પ્રાચીન મતો ને સિદ્ધાન્તો—ધર્મ, વ્યવહાર, નીતિ, આચાર સર્વને—વિલોકતાં તેમાં પણ મને સત્ય સમજાયું છે. નવીન મત અને નિશ્ચયો વિચારતાં તેમાં પણ મને સત્ય જણાયું છે. પણ જે પૂર્ણ—આખું-અવિકૃત સત્ય છે તે તો ઉભયથી પર છે એમ મારો ગ્રહ છે. આમ હોવાથી મેં મારા મનમાં અમુક સિદ્ધાન્તો રાખેલા છે. જે મારા લેખો વાંચનાર પંડિતોને તો સહજે સમજાયા હશે, તથાપિ પુનઃ સંક્ષેપે તેમને કહી બતાવવા એ, આ પ્રસંગે, મને આવશ્યક જણાયું છે. મારા ઘણાક મિત્રો ઉભય પક્ષમાં છે. તેમને ને મારે બાહ્ય દૃષ્ટિએ મતભેદના વિષયોમાં પણ આંતર વિચારચર્ચામાં ઐક્ય સમજાયું છે. તેમનું કહેવું એમ થાય છે કે 'તમારા વિચારોને લોકો અન્યથા સમજે છે, અને વહેમમાં વધારો થાય છે.' લોકો તે કિયા? વહેમ તો ખરો વહેમ કે વહેમ નામ? એ જુદી વાત છે, પણ ભ્રમ થાય છે ખરો. નવીન મતાનુયાયી મિત્રો સાથે આવા ઐક્યને લીધે કેટલાક દુરાગ્રહી નવીનો એમ પણ બતાવે છે કે 'તમારા સિદ્ધાન્તો અનિયત છે. તમારે કશું ધોરણ જ નથી. તમે લોકપ્રિયતા માટે ગમે તેમ લખો છો, બોલો છો, આચારવિચારમાં ફેર પાડો છો,' આ પણ ભ્રમ છે. ઉભયે વાર્તા બનવા સરખી છે. **મારે નવીનો કહે છે તેવો એકાકાર વર્ણવ્યવહાર માન્ય છે, પણ ચાલતી જ્ઞાતિવ્યવસ્થા ગુપ્ત રીતે તોડવી એ વાત મને અત્યંત અમાન્ય** છે. નવીનો કહે છે તેમ વહેમ માત્ર મને અત્યંત ત્યાજ્ય છે, પણ વહેમ એ શબ્દનો તેમણે માનેલો અર્થ મને ગ્રાહ્ય નથી. દાન કરવાથી કે બ્રાહ્મણ જમાડવાથી પાપ ટળે એ વાત નવીનો કહે છે તેમ હું ખોટી માનું છું, તથાપિ કર્મનો નિયમ અને તદંગભૂત પ્રારબ્ધાદિ વ્યવસ્થાનો હું દૃઢ ભક્ત છું. નિરાકાર અપરોક્ષ જ્ઞાન એ જ પૂર્ણ તત્ત્વ એમ માનવા છતાં સાકાર મૂર્તિ આદિનો હું અનાદર કરતો નથી; અગ્નિ તાપવા, પ્રાણ દમવો આદિ કષ્ટક્રિયાનો આદર ન કરતાં છતાં ચેતન અને મનોબળની

પૂર્ણ સત્તા અને રાજયોગનું અસ્તિત્વ સારી રીતે સ્વીકારૂં છું. આ તો અનેક વાતમાંથી થોડાં ઉદાહરણ છે, જેમાંથી એમ જણાય છે કે કાંઈક પ્રાચીન, કાંઈક નવીન એવી વ્યવસ્થા મને અંગીકાર્ય છે, અર્થાત્ ઉક્ત ભ્રમનો અવકાશ છે."

"ત્યારે સ્વત સ્પષ્ટ છે કે જ્યાં સત્ય સમજાય ત્યાંથી તેને લેવું--सत्यं परं धीमहि । ભ્રમાત્મક અપવાદોનો ભય ન રાખવો એ જ મારો મુખ્ય નિશ્ચય છે. પ્રોફેસર હક્ષલીને પ્રેતાવાહનના પ્રયોગ બતાવવા માટે, ખાતરી કરવા સારૂ નિમંત્રણ થયું ત્યારે ઉત્તર લખ્યું કે 'વાત ખરી હોય તોપણ મને તેમાં રસ નથી' પ્રેતાવાહનને ખોટું. તર્કટ, જૂઠું, ભ્રમ, કહેવામાં 'રસ' અને તેની ખાતરી કરવા વખતે રસ નહિ એવી નવીન પંથના આચાર્યની વૃત્તિ મને અત્યંત અનાદરણીય છે. તેની જ સાથે 'ब्राह्मणोऽस्य मुखमासीत्' એવી એકાદ ઋચાને આધારે બ્રાહ્મણ તો વિષ્ણુ ભગવાન્ પુરુષોત્તમનું મુખ છે માટે તે જ ઈશ્વર છે, તે કહે તે સત્ય છે, એવા અંધ પ્રાચીન ભાવ પણ મને અત્યંત હાસ્યાસ્પદ લાગે છે. આંખો, કાન અને બુદ્ધિ ખુલ્લાં રાખી જે નિર્ણયો હાથ આવે તેને આધારે પરમ સત્યનું અનુમાન બાંધતા રહેવું એ જ સત્યાન્વેષણનો સિદ્ધાન્ત મારો આધાર છે. તે સત્ય જ્યાં મને સમજાયું હશે ત્યાં મેં બતાવ્યું છે; તેમાં પ્રાચીન કે નવીનનો ભેદ માની શબ્દ માત્રને લીધે હું એકને વળગવા કે બીજાને પરહરવા પ્રવર્ત્યો નથી. ગમે ત્યાં સત્ય તે સત્ય જ છે."

"પરંતુ યોગ, પ્રાણવિનિયમ, પ્રેતાવાહન, અદ્વૈત, અભેદવાદ, ઈત્યાદિના અનુવાદ કરી બતાવવાની મારી પ્રવૃત્તિને લીધે કોઈ પ્રાચીન મતાવલંબી એમ ધારે કે હવે હું છૂટા વાળ મૂકી ડોકું ધૂણાવતી વધૂમાત્રને પ્રેતવાહનના સંસ્કારયોગ્ય માનીશ, ભગવાં ઓઢીને આવનાર માત્રને મ્હોટા સિદ્ધ માની લઈશ. બાધા માનતાથી જ લાભ થશે એ સ્વીકારીશ, ગુરુપદ ધારણ કરીને આર્યધર્મને ઉદ્ધારવાની બકવૃત્તિને નમીશ; અથવા કોઈ નવીનો એમ જ માને કે મેં આવી વાતોમાં

સત્ય દીઠું તો નવીન વિચારસંગતિને હું સ્પર્શતો પણ નહિ હોઉં, **સ્ત્રીઓના પૂજ્યત્વને, અસંયત ઇંદ્રિયબલવાળી બાલવિધવાનાં દુઃખના માર્ગને, યુરોપાદિ દેશમાં પ્રયાણના લાભને, નાતજાતના ભેદ એક પાસા રાખી અખંડ અભેદભાવને** હું સ્વીકારતો જ નહિ હોઉં; તો તે ઉભયે પક્ષના વિચાર ખોટા છે મારે આમાંનો એકે પક્ષ 'મારો' નથી, સત્ય જે જણાય તેનો 'હું' છું. વહેમ, ઢોંગ, અનાચાર, કુટિલતા, એ બધાંને ઉભય પક્ષમાંથી તજવાનાં છે, ઉભયમાં સત્ય છે, તે નિષ્પક્ષપાતથી સંયોજી પરમ-સત્યનો આકાર સમજવાનો છે."

"પ્રાચીન મતાનુયાયીમાંના કોઈક કહે છે, નવીનોમાંના પરોક્ત અર્થસંગતિના સંસ્કારવાળા ઘણાક તે વાત અનુમોદે છે, કે 'તમે તો પ્રાચીન વચનોના નવીન અર્થ યોજો છો.' આ અપવાદ અત્રે લક્ષમાં લેવા યોગ્ય નથી, પરંતુ એ અપવાદના પ્રસંગો ઉપર મારું દુર્લક્ષ નથી એમ જણાવવાને જ અત્રે તેનું સ્મરણ કર્યું છે. તે જ અર્થ-સંગતિ ખરી છે એમ બતાવવાનાં કારણ તે તે પ્રસંગે જણાવવા હું ચૂક્યો નથી. જેવો આ અપવાદ છે તેવો એક બીજો પણ નવીનો મારા ઉપર અપવાદ લાવે છે કે મિથ્યા દેશાભિમાનથી આવી—પ્રાચીન મતને જ સત્ય કહેવાની—પ્રવૃત્તિ થાય છે. પણ આ સર્વથા ભ્રમ છે. શબ્દમાત્રને આધારે સત્યાસત્ય કહેવાનો આગ્રહ જ નથી, તો અમુક વાત પ્રાચીન છે માટે સારી છે એમ કહેવામાં દેશાભિમાન માનવાની મિથ્યા ઈષણા કેવલ મૂઢ જનોના વિપ્રલંભાર્થે જ હોય, અન્યથા તો સંભવે નહિ. સત્ય જણાય તે જ સમજાવવું એમાં વાસ્તવિક દેશાભિમાન છે, પણ જે લોકો એમ કહે છે કે **પ્રાચીનમાં કશું દેશાભિમાન યોગ્ય છે નહિ, તેમની વાત તો અનાદરણીય જ છે.**"

"રંગ છે કવિ! ધીરજ એનું જ નામ, કહ્યું પણ એનું જ નામ કે વિલાયતથી આવી જ્ઞાતિબહાર થયેલા રા. મહીપતરામ સાથે પણ ભોજન કરી પોતાનો સિદ્ધાંત ખરો કરી બતાવ્યો; પોતાના

આશ્રયમાં આવી રહેલી વિધવાઓને પોતે જ સંગ્રહી પોતાને માથે મોટો દાવાનલ ખેંચી લેતાં પણ આંચકો ન ખાધો! ધન્ય છે રા. કરસનદાસને પણ કે વિલાયત જવા હામ કરી, અને **ધન્યવાદ હો એ સર્વમંડલને** કે તેને તથા કવિને અતુલ સહાય કરવામાં બાકી ન રાખી! મુંબઈમાં 'બુદ્ધિવર્ધક' સભા પણ ગર્જના કરવા લાગી, અને તેની વિદ્વત્તાથી, શૌર્યથી, એકાગ્રબુદ્ધિથી આનંદ પામી સુજ્ઞ ગોકુલજી ઝાલા જેવા જૂના આસ્તિક ગૃહસ્થો પણ રંજિત થયા, અને રા. રા. મનસુખરામભાઈ જેવા તથા રા. પ્રાણલાલ મથુરદાસ જેવા ગૃહસ્થોને પણ તે જ સ્થલેથી પસંદ કરી પોતાના સહવાસ માટે રાખતા ગયા! આખરે આ મંડલે લોકો ઉપર એટલી તો અસર તાદૃશ રીતિએ જોઈ કે તેમણે વૈષ્ણવ સંપ્રદાયના રૂઢ અને ઘણા કાલથી સ્થિર થયેલા દુષ્ટ પ્રચાર ઉપર ઝપાટો ચલાવવાનો ઠરાવ કર્યો."

"કવિ નર્મદાશંકર, રા. કરસનદાસ, રા. સા. મહીપતરામ ઈત્યાદિ સુધારકોને માટે મને સંપૂર્ણ માન છે, તેમણે અવિવેક અથવા બળવો કર્યો એમ હું માનતો નથી, ઊલટો તે ગૃહસ્થોએ જેવું જાણ્યું અને માન્યું તેવું કરી બતાવ્યું એમાં તેમની ઘણી સ્તુતિપાત્ર મહત્તા હું સમજું છું. તેમને નિષ્ફળ થવાનું કારણ હું એમ માનું છું કે તેમના આગળ પૂરતાં સાહિત્ય નહિ, પ્રાચીન સ્થિતિરીતિની તેમને પૂરેપૂરી માહિતી નહિ, અને નવી વાતોના પ્રત્યક્ષ લાભ તેમની નજર આગળ તરી રહેલા, તેથી તેમણે લોક અને દેશની, વ્યક્તિ અને આખા મંડલની પ્રકૃતિ અને ઐતિહાસિક ભાવના ઉપર લક્ષ કર્યું નહિ; મુસલમાનોના સમયમાં આ દેશની પ્રાચીન સ્થિતિની જે અવદશા થઈ હતી તેને જ તેમણે મૂલની ઉન્નત ભાવનાને સ્થાને માની લીધી; અને તે અધમ ભાવનાને જો તેમણે મૂલની પ્રાચીન અને ઉન્નત ભાવના ઉપર લાવવા યત્ન કર્યો હોત, તો તેઓ વિજયી નીવડ્યા હોત. તેને બદલે તેમણે આ દેશની ઐતિહાસિક ભાવનાથી

વિરુદ્ધ એવી પાશ્ચાત્ય ભાવનાને દાખલ કરવા યત્ન કર્યો એથી જ તેઓ નિષ્ફળ થયા. તેમનામાં વિચારની ખોટ ન હતી, તેમની શુદ્ધ બુદ્ધિમાં ખાતી ન હતી, એમનું ચારિત્ર્ય ઉન્નત હતું, પણ તેમને પૂરતી માહિતી ન હતી એથી જ શરીરસંબંધોની એકતાને માર્ગે વળી તે લોકો નિષ્ફળ થયા."

આ છેલ્લા ઊતારામાં મણિલાલના અને જૂના સુધારકોના સુધારા વચ્ચેનો ભેદ પણ સ્પષ્ટ થાય છે.

પરંતુ એ ઉપર આવતાં પહેલાં હું ઉપલા ઊતારાઓથી એટલું બતાવવા માગું છું કે—

૧ યદ્યપિ મણિલાલ સુધારાવાળાઓના દોષોથી આપણા જનસમાજમાં ઉત્પન્ન થએલાં ખોટાં પરિણામોને નિન્દે છે, તથાપિ મૂળ સુધારાના નાયકો માટે એમને પૂર્ણ માન છે, અને એમના દોષ પણ એ શાંત ઐતિહાસિક દૃષ્ટિથી જોઈ શકે છે. પ્રસંગોપાત્ત હું આપને એટલું પૂછું છું કે ઉપરના કેટલાક ઊતારાઓમાં મણિલાલે સુધારાના કેટલાક અગ્રણીઓને જે ન્યાય કર્યો છે એનો શતાંશ પણ સુધારાવાળા તરફથી મણિલાલને થતો તમે જોયો છે?

૨. મણિલાલ પ્રાચીન અને નવીન—ચાલતી સ્થિતિ અને સુધારો—એ બે તત્ત્વોનો સમન્વય કરવાનું કહે છે.

૩. એટલું જ નહિ, પણ પ્રાચીન પક્ષ કરતાં નવીન તરફ પોતાનું વલણ સ્પષ્ટ જણાવે છે.

૪. વિશેષમાં, મણિલાલ સુધારાનું સામાન્ય તત્ત્વ જ બતાવીને બેસી રહેતા નથી, પણ 'સુધારા' ની વિધવાવિવાહ શિવાયની બધી કલમો—સ્ત્રીકેળવણી, લગ્નવયમાં વધારો, સમુદ્રયાનની આવશ્યકતા, કન્યાવિક્રય અને જ્ઞાતિબન્ધનની અનિષ્ટતા વગેરે સ્વીકારે છે. અને એના પ્રતિપાદનમાં કેટલીવાર એવો ઉત્સાહ અને આગ્રહ ધરાવે છે કે હું આપને એટલે સુધી પૂછી શકું છું કે આવાં ઉત્સાહી અને પ્રૌઢ સુધારાનાં લખાણો એક પણ 'સુધારાવાળા' ની કલમથી નીકળેલાં બતાવશો?

ત્યારે મણિલાલના અને 'સુધારાવાળાઓ'ના 'સુધારા'માં ભેદ શો ? પરિણામે ભેદ નથી, માત્ર નામનો જ ભેદ છે—એમ 'સુધારાવાળા' માનતા હોય, અને મણિલાલનો સુધારો એમને ઇષ્ટ હોય તો આ ભેદ ઉપર ભાર મૂકવાની મારી બિલકુલ ઇચ્છા નથી. પણ જો કાંઈ પણ ભેદ પ્રતીત થતો હોય તો તે—ચાલતી સુધારાની રૂઢિ, અને 'Reform on National Lines'—એ બે વચ્ચે જે ફેર છે તે જ. એને સારી રીતે જોતાં સમઝાશે કે 'Reform on National Lines' એને કેવળ અર્થહીન શબ્દો કહીને તિરસ્કારી કાઢવા એ ખોટી વિવાદયુક્તિ છે.

સુધારો 'જૂનો' અને મણિલાલનો

હવે આ માર્ગે પણ સુધારો એકદમ થઈ જશે એમ મણિલાલનું કહેવું નથી. સુધારાને કૃતિમાં લાવતાં કેટલી મુસીબતો નડે છે એ મણિલાલને અજાણી ન હતી. પોતે સુધારાનું કાર્ય આરંભ્યું તે વખતની એક નોંધમાં એ લખે છે કે:—

"ગુજરાતમાં જૂના કે નવા બીજા કોઈ સુધારકોનું બળ હતું નહિ. આવા સમયમાં મારી મહેનતની અસર થાય પણ તે મારા ઉપર લોકોનો વિશ્વાસ હોય તો જ. મારા લખવાની અસર થઈ એમ હું માનતો નથી, પણ હાલનો જમાનો જૂના સુધારાને મૂકી કાંઇક હિન્દુ ધર્મની છાયા હોય એવા સુધારા તરફ વળે છે એ તો હું સ્પષ્ટ જોઈ શકું છું. આ ક્રમમાં હજારને હિસ્સે પણ મારાથી મદદ બને તો તે કરવી એ આગ્રહથી જ હું મથ્યા કરૂં છું, કેમકે એમ ખરે રૂપે થાય એમાંજ હું દેશનું કલ્યાણ માનું છું."

ત્યારે (૧) 'હિન્દુધર્મની છાયા'—એ મણિલાલે ઉપદેશેલા સુધારાનું એક ખાસ લક્ષણ. દુર્ગારામની 'માનવધર્મસભા' જેવી સુધારાની પદ્ધતિ પોતાના દેશને અને પોતાના ધર્મને સર્વ દેશો અને ધર્મો કરતાં અધિક માનનાર હૃદયને નાપસંદ પડે સ્વાભાવિક છે.

તેમજ ધાર્મિક ઇતિહાસ અને મનુષ્યસ્વભાવનું જેને યથાર્થ જ્ઞાન છે એ સહજ સમજી શકે છે કે બેચાર ધર્મો લઈ એના સામાન્ય અંશો એકઠા કરી એને કલમવાર ગોઠવવાથી નવો ધર્મ ચાલી શકતો નથી.

(૨) મણિલાલનું એક એવું કહેવું હતું કે 'સુધારા'ના પરિણામમાં સુખ અને સગવડનો મોહ, તથા આચારની ઉચ્છૃંખલતા એ જ આવ્યાં છે. આમાં કેટલું સત્ય છે એ વિચારવાનું મ્હારૂં આજનું કામ નથી. મ્હારે ઉપયોગી વાત એટલી જ છે કે મણિલાલે જે તત્ત્વજ્ઞાન સ્વીકાર્યું હતું તેમાં આત્મસંયમને પ્રાધાન્ય મળેલું હોવાથી આ નવા દોષો એમને ખાસ અરુચિકર થઈ પડ્યા હતા.

(૩) મણિલાલનો ત્રીજો આક્ષેપ એ હતો કે સુધારાવાળાઓ અન્દરથી બહારના આચાર ઉપર અસર કરવાને બદલે, બહારના સુધારાથી અન્તરને ફેરવવા માગે છે, એ ભૂલ છે. દાખલા તરીકે, ભાવનાની એકતા અને સંપ સાધવાને બદલે બહારનાં નાતજાતનાં બન્ધન માત્ર સગવડ ખાતર જ તોડે છે, અને અન્તરના વિરોધ અને કલહો તો એવા ને એવા જ રહેવા દે છે. આ દૃષ્ટિબિન્દુ પણ મણિલાલના તત્ત્વજ્ઞાનનું જ હતું.

આ તત્ત્વજ્ઞાનની ખાસ અસર *જનસમાજનું બન્ધારણ તથા સ્ત્રીપુરુષના સંબન્ધમાં, તથા સ્ત્રીકેળવણી એ વિષયોમાં સ્પષ્ટ પ્રતીત થાય છે. જનસમાજ અનેક વ્યક્તિઓનો સમુદાય નથી, પણ એક શરીર છે, અને એના અવયવરૂપે વ્યક્તિઓ છે,—અને તેથી હક એવી વસ્તુ જ નથી, માત્ર ધર્મો—ફરજો જ—છે. સ્ત્રીપુરુષના સમાન હકની વાર્તા પણ આ જ તત્ત્વજ્ઞાનના ધોરણે એ ભૂલભરેલી ગણે છે. ટેનિસનના 'Princess' નામના કાવ્યમાં અને ફ્રેન્ચ ફિલસૂફ કૉમ્ત અને એના અંગ્રેજી અનુયાયી ફ્રેડરિક હેરિસનના લેખોમાં સ્ત્રીના બન્ધારણ વિષે તથા તેમની કેળવણી વિષે જેવા વિચારો જણાવેલા છે તેને મળતા વિચારો મણિલાલે 'નારીપ્રતિષ્ઠા'માં પ્રતિપાદન કર્યા

* અને તેથી જનસમાજ કરતાં 'જનતા' એ પાણિનિનો શબ્દ વાપરવો મને વધારે યોગ્ય લાગે છે.

છે. 'નારીપ્રતિષ્ઠા' 'હિન્દુ સોશ્યલ ક્લબ' નામે એક મંડળીની મિટિંગોમાં ચાલેલા વિવાદમાંથી ઉદ્ભવ્યું છે, અને તે કોમ્તની 'પોઝિટિવ પોલિટિ' નામે મહાન ગ્રન્થની મદદથી લખાયું છે એમ મણિલાલ પોતે જ જણાવે છે. 'સુધારાવાળાઓ'એ માનેલા સ્ત્રી-પુરુષના સંબન્ધમાં કાંઈ તત્ત્વજ્ઞાન રહેલું નથી એમ મ્હારૂં કહેવું નથી. મનુષ્યના સર્વ આચારવિચારની પાછળ એ આચારવિચારનું કાંઈ ને કાંઈ તત્ત્વજ્ઞાન તો રહ્યું જ છે, કારણ કે, એ આચારવિચારનો અર્થ એનું નામ જ તત્ત્વજ્ઞાન છે. પરંતુ વધારે ચોક્સ રીતે જોતાં એ 'તત્ત્વજ્ઞાન' સ્પષ્ટ 'જ્ઞાન'રૂપ થયું હોતું નથી, હજી એ ગર્ભિત 'તત્ત્વ' રૂપ જ છે: એ આચારની પાર જઈ એની યથાર્થતા અને પરિશુદ્ધિ અર્થે કોઈ પણ તત્ત્વવિચાર સ્પષ્ટ રીતે બાંધવામાં આવે ત્યારે જ તે આચારવિચારને આપણે તત્ત્વવિચાર ઉપર રચાએલો કહીએ છીએ. મણિલાલના પહેલા 'સુધારા'નું સ્વરૂપ આપ જોશો તો જણાશે કે એમાં સામાન્યબુદ્ધિ (common• unphilosophic sense) થી પ્રતીત થતી 'સમાનતા' અને 'સમાન હક'ને આધારે જ સર્વ વાત કરવામાં આવે છે. છેક મણિલાલના વખતમાં, 'સુધારાવાળાઓ' તરફથી મ્હારા વૈકુંઠવાસી મિત્ર પ્રોફેસર કાશીરામ સેવકરામ દવે તેઓએ 'સ્ત્રીપુરુષના સમાન હક'ની ચર્ચા નીતિશાસ્ત્રની રીતિએ ઊંડાવી હતી. તે સમયે એમના મન ઉપર શુદ્ધ તત્ત્વજ્ઞાન (metaphisics) કરતાં નીતિશાસ્ત્ર (moral philosophy) ની વધારે અસર હતી એ મ્હારા જાણવામાં છે. આ પ્રયત્ન પણ એક પ્રાચીનપન્થીને હાથે જ થયો હતો એ જાણવા જેવું છે, અને તે પણ સુધારાના ઉત્તરકાળમાં, અને મણિલાલના પ્રયત્નોથી ઉશ્કેરાઈ ને. મણિલાલમાં જ સુધારો પહેલવહેલો તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ ધારણ કરે છે—તત્ત્વજ્ઞાન બાંધી તેમાંથી ખરો 'સુધારો' કોને કહેવો એ નિર્ણય કાઢવામાં આવે છે. અત્રે કોઈ કહેશે કે જનસમાજ (society)ને વ્યક્તિઓનો સમુદાય(aggregate of individuals) માનો કે વ્યક્તિઓને જનસમાજના અવયવો માનો, સ્ત્રીપુરુષના

હકની વાત કરો કે તેમની પરસ્પર ફરજોની વાત કરો, પણ પરિણામ તો એક જ છે: મંડળના અવયવો અને અવયવોનું મંડળ, એકના હક એ બીજાની ફરજ—ઉભય પરસ્પરાપેક્ષી શબ્દો છે. આ કહેવું ઠીક છે, પણ વસ્તુ કયા દૃષ્ટિબિન્દુથી જોવામાં આવે છે એના ઉપર ઘણો આધાર છે, અને એટલાથી વસ્તુનું સ્વરૂપ જ ખોટું કે ખરૂં થઈ જાય છે એમ કહીએ તોપણ ચાલે. જનસમાજ એ વ્યક્તિઓનો સમુદાય નથી, પણ વ્યકિતઓ એ જનસમાજના અવયવ છે એ પ્રમાણે—યૂરોપની અઢારમી સદીનો સિદ્ધાન્ત ઊડી જઈ—ઓગણીસમી સદીને જડેલું સત્ય સ્થપાયું કે તેની સાથે યૂરોપનું બધું જનસમાજશાસ્ત્ર બદલાઈ ગયું, અને એની અસર નીતિ, કાયદા, ધર્મ વગેરેમાં પણ થઈ એ વાત યૂરોપના તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓને જાણીતી છે. યૂરોપના આ મહાન વિચારપરિવર્તનનો પ્રતિધ્વનિ ઇંગ્લંડમાં ઓક્સફર્ડ પાઠશાળામાં પણ થયો હતો, અને તત્ત્વજ્ઞાનનો એક વિચાર મનુષ્યના આખા આચારવિચારના બન્ધારણ ઉપર કેટલી અસર કરે છે એ ત્યાં પણ જોવામાં આવે છે. 'સુધારાવાળા' અને મણિલાલ વચ્ચેનો ભેદ વધારે સ્પષ્ટ કરી બતાવવા માટે હું આપની આગળ કાર્ડિનલ ન્યૂમનના જીતનચરિત્રના એક પુસ્તકમાંથી ઊતારો વાંચું છું:—

"The Fellows were now selected on that ancient foundation not as clubable men, who would sit long over their port, but as men of mind, or, in the vague disparaging phrase of unreformed Oxford, as 'Noeties.' This appellation was changed, by-and-by, into the more modern, though hardly more definite one of 'Liberals'. Chosen, not for their congenial habits, but in the hope that they would prove original thinkers and independent inquirers, these men

'represented a new ldea, woich was but gradually learning to recognize itself, to ascertain its characteristics and external relations, and to exert an influence upon the University.' They knew little of the past, aad nothing at all of Rousseau, Kant, or Goethe. Yet they belonged to the movement to Rationalism, for 'they called everything in question; they appealed to first principles, and disallowed authority as a judge in matters intellectuel.' Any German critic would, without hesitation have assigned to them a place in the Aufklarung, or Sect of enlighten-ment which, dating back to Locke, Voltaire and Hume, had resolved the social, nay metaphysical order into atomic forces, and substituting the reason of the individual for public tradition, free contract for Divine Right, self-consciousness for religious meditation, was bound to enter upon a conflict with Church and State in England, as ithad already overthrown the European system abroad."

આ ઊતારામાં 'Noetics'ના વિચાર અને 'Aufklarung' (પ્રકાશવાદ, બુદ્ધિવાદ, વ્યક્તિવાદ, સ્વાતન્ત્ર્યવાદ)ના વિચારનું જેવું સ્વરૂપ બતાવ્યુ છે, તેવું સ્વરૂપ આપને 'સુધારાવાળાઓ'ના વિચારમાં નજરે પડશે—અને એ વિચાર સામે જે ઓકસફર્ડમાં અને આખા યૂરોપમાં ઝંડો ઊપડ્યો, તેવી જ રીતે આપણે ત્યાં પણ થએલું જોશો—માત્ર એટલું કે 'સુધારાવાળાઓ' માટે પૂર્ણ માન સાથે, અને એમણે કરેલી દેશસેવા માટે પૂર્ણ ઉપકારવૃત્તિ સાથે,

હું એટલું કહેવાને છૂટ લઉં છું કે પૂર્વોક્ત બુદ્ધિવાદ અને સ્વાતન્ત્ર્ય-વાદમાં તો ઉગ્ર તત્ત્વજ્ઞાનનો પ્રયત્ન હતો, અને એનું આપણા 'સુધારાવાળાઓ'ને તો સ્વપ્નું પણ ન હતું. આ મ્હારા કહેવાનો અર્થ ખોટો ન કરશો: હું 'સુધારાવાળાઓ'ના ઉત્સાહનો અને દેશદાઝનો ઇનિકાર નથી કરતો, પણ એમના વિચારમાં તત્ત્વજ્ઞાનનું દર્શન નહોતું થતું એ હું સારી રીતે જણાવવા માગું છું. એક તો આ વસ્તુ-સ્થિતિ જ સ્વતઃ—ઐતિહાસિક દૃષ્ટિએ—જાણવા જેવી છે, અને બીજું હું એમ માનું છું કે તત્ત્વજ્ઞાન એ મનુષ્યની સર્વ પ્રવૃત્તિઓનો આત્મા છે. મણિલાલના સુધારા સંબન્ધે આજ આટલું વિવેચન બસ થશે.*

[વસંત: વર્ષ ૩, અંક–૮–૯, ભાદ્રપદ–આશ્વિન, સં. ૧૯૬૦]

૨. દિ. બ. અંબાલાલ સાકરલાલ

આજ (તા. ૧૨ સપ્ટેમ્બર, ૧૯૧૮) અમદાવાદમાં સાહિત્યસભા તરફથી દિ. બ. અંબાલાલભાઈની જયન્તી ઊજવવામાં આવી હતી. રા. વૈકુંઠરાય શ્રીપતરાય ઠાકોર—જે હાલમાં દિવાન બહાદુરનું જીવનચરિત્ર લખે છે તથા એમના લેખોનો સંગ્રહ તૈયાર કરે છે—તેઓએ આ પ્રસંગ ઉપર ખાસ મુંબઈથી આવીને દિવાન બહાદુર સંબન્ધી એક લેખ વાંચી સંભળાવ્યો હતો, અને મ્હારા મિત્ર રા. ઉત્તમલાલની ગેરહાજરીમાં, પ્રમુખપદ લેવાનું મ્હારે આવ્યું હતું. આવે મ્હોટે પ્રસંગે શ્રોતાઓની સંખ્યા જેવી થવી જોઈએ તેવી નહોતીઃ જયન્તીની યોજના બરાબર જાહેર થઈ નહોતી—કદાચ એ કારણથી.

* મ્હારો "મણિલાલ નભુભાઇ જયન્તી"ને પ્રસંગે લખાએલો લેખ હજી અપૂર્ણ છે, તેટલામાં "ધીરાજયન્તી"નો રા. કૌશિકરામનો લેખ જલદી છાપી દેવાની જરૂર હોવાથી તે શરૂ કરવામાં આવ્યો છે. મ્હારો લેખ જેટલો તે વખતે વાંચવામાં આવ્યો હતો તેટલો છપાઈ ગયો છે. એમાં બે મુદ્દા પૂરા થાય છે. ત્રીજો મુદ્દો ધીરાનો વિષય પતી ગયા પછી ઊપાડવામાં આવશે તો વાચકને અડચણ પડે એમ નથી—એમ ધારી એ સહજ મુલ્તવી રાખવામાં આવ્યો છે. તન્ત્રી [આ વિષય પર આગળ લખાણ થયું દેખાતું નથી. સં.]

આપણા દેશમાં ઘણાખરા જીવનચરિત્રના લેખકો એમના વસ્તુપુરુષના ચિત્રમાં એટલા બધા દિવ્ય રંગ ભરી દે છે કે એમાં કોઈ પણ સ્થાને મનુષ્યજીવનને વસવાનો અવકાશ હશે કે કેમ એમ ઘણીવાર આપણને પ્રશ્ન થાય છે. પરંતુ તેઓ જોતા નથી કે ગુણદોષથી ભરેલા મનુષ્યજીવનમાં જેવી દિવ્યતા છે તેવી દેવોના સ્વર્ગીય જીવનમાં નથી. મહાપુરુષોનાં human foibles, human Weaknesses—મનુષ્ય તરીકેના ન્હાના ન્હાના દોષો, ન્હાની ન્હાની નિર્બળતાઓ—એમના જીવનને એવું રસિક, એમની મહત્તાને એવી હૃદયસરસી કરે છે, કે એની આગળ દેવોનાં ચરિત્રો ફીકાં લાગે છે, તેઓની મહત્તા હૃદયથી દૂર ને દૂર વસે છે. આ અનુભવ એ અવતારવાદનું રહસ્ય અને આ સમઝણ મહાભારત અને રામાયણની રસિકતાનું બીજ. આ વાત રા. વૈકુંઠરાય ભૂલ્યા નહોતા. દિવાન બહાદુરની પ્રબળ બુદ્ધિ, અડગ હિમ્મત, અસાધારણ સાદાઈ, ઇત્યાદિ પ્રસિદ્ધ ગુણોની પ્રશંસા કરવાની સાથે, ઉત્તરાવસ્થામાં નાણાંભીડથી ઊપજેલી એમના હૃદયની મૂંઝવણો ચીતરવામાં પણ એમણે કલમ રોકી નહોતી. વિષય એમણે કહ્યું તેમ ખરેખર ઘણો 'કપરો' હતો, પરંતુ તેને એ નિખાલસપણાથી તેમજ દિવાન બહાદુર પ્રત્યેના સાચા ભક્તિભાવથી સંપૂર્ણ ન્યાય કરી શક્યા હતા. દિવાન બહાદુર એક રાત્રિએ કૂવા પાસે ગયા, આત્મઘાતના ઘોર પાપની ભીતિથી પાછા વળ્યા ! મ્હોટાં દીકરી સાથે વાત કરતાં કહ્યું: "બ્હેન, છોકરાઓને તાલેવંત કરવા જતાં હું ભીખારી થઈ ગયો !" "મ્હારા હૃદયમાં શાન્તિ નથી !" "મ્હેં મ્હારો સમય ઓળખ્યો નહિ !" (અર્થાત પ્રભુને ભજવાનો કાળ મ્હેં આર્થિક યોજનાઓ કરવામાં ગુમાવ્યો.) —ઇત્યાદિ રા. વૈકુંઠરાયે કરેલાં વર્ણનો અને ટાંકેલા ઉદ્‌ગારો સાંભળી શ્રોતાજનોમાં લગભગ સૌ જ આશ્ચર્યસ્તબ્ધ થયાં હતાં, અને ઘણાં-ખરાંનાં નેત્રો આંસુથી ભીંજાયાં હતાં. એકંદરે, આ ચિતારથી દિવાન બહાદુરના માનનો રથ જે એમના નાણાં સંબન્ધી છેવટના વ્યવહારમાં

કેટલાકને અત્યાર સુધી જમીનને અડ્યો દેખાતો હતો તે આજથી ખરેખર એક વેંત ઊંચે ચઢ્યો એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

દિવાન બહાદુરને નામથી અને પરંપરાશ્રુતિએ તો હું મ્હારા ન્હાનપણથી જ જાણતો હતો. મ્હારા મામા જે એમના બાળપણના શિક્ષક અને આગળ જતાં વડોદરામાં એમના હાથ નીચે મુનસફ હતા તે એમની બુદ્ધિનાં હમેશાં વખાણ કરતા; એમના સૌથી મ્હોટા પુત્ર કનૈયાલાલ જે મ્હારી સાથે નિશાળમાં ભણતા, અને અમે પાંચમા ધોરણમાં હતા તે તે વર્ષે કોલેરામાં સપડાઈ સ્વર્ગસ્થ થયા હતા, એમના સંબન્ધથી પણ દિવાન બહાદુરને હું એક મહાવિદ્વાન તરીકે જાણતો હતો; ખાનબહાદુર જમશેદજી અરદેશર દલાલ એમને એક આદર્શભૂત વિદ્યાર્થી તરીકે અમારી આગળ વારંવાર મૂકતા. તથાપિ એમ કહેવામાં હરકત નથી કે—મ્હારી માફક અત્યારે ઘણા જનો એમને એ અમદાવાદ પેન્શન ઉપર આવ્યા ત્યાર પછી જ ઓળખે છે.

આવ્યા પછી તુરત જ એમણે ગૂજરાત ક્લબમાં એક અસાધારણ ગંભીરતાવાળું અને સંગીન વિચારથી ભરપૂર ભાષણ આપ્યું: ભાષણનો મુદ્દો આપણા ધાર્મિક, રાજકીય, સાંસારિક, આર્થિક વગેરે સર્વ પ્રશ્નો પરસ્પર સંકળાએલા અને એક બીજા ઉપર આધાર રાખતા છે એમ દર્શાવવાનો હતો. એમના મિત્ર અને સહાધ્યાયી સ્વ. કાશીનાથ ત્ર્યંબક તેલંગે સાંસારિક સુધારો પહેલો કે રાજકીય સુધારો પહેલો એ વિષે બોલતાં રાજકીય સુધારો પહેલો હાથ ધરવાના પક્ષમાં એને Line ef least resistance' કહ્યો હતો અને તે ઉપરથી એક ભારે ચર્ચા ઉપસ્થિત થઈ હતી: તેલંગનો આશય એ બે સુધારાનો પરસ્પર આશ્રયાશ્રયિભાવ નિષેધવાનો નહોતો, પણ દેશને અત્યારે સુધારાને માર્ગે ચઢાવવો હોય તો જે માર્ગે ઓછામાં ઓછી મુસીબત નડે એ માર્ગે એને પ્રથમ ચઢાવવો, એટલે બીજા બધા સુધારા—તેઓના પરસ્પર સંબન્ધને લીધે જ—એની મેળે આવી રહેશે એમ એમના કહેવાનું તાત્પર્ય હતું. આ દૃષ્ટિ અત્યારે અનુભવથી સત્ય

સિદ્ધ થઈ છે, તથાપિ તે વખતે એનું હાર્દ પૂરેપૂરું ન સમઝાયાથી સંસારસુધારકોમાં એ સંબંધી ઘણો કોલાહલ થયો હતોઃ આ પ્રસંગથી દિવાન બહાદુરને ઉપલો વિષય સૂઝ્યો હશે એમ હું ધારૂં છું. અત્યારે જ્યારે આપણા સુધારાનાં વહેણ આપણા જીવનપ્રદેશની દરેક પ્રણાલિકામાં વહેવા લાગ્યાં છે તે વારે આ વાત એક સ્વતઃસિદ્ધ સત્ય જેવી ભાસે છે, તથાપિ દિવાન બહાદુરે પૂર્વોક્ત ભાષણ આપ્યું તે વખતે વીસમી સદી હજી બેસતી જ હતી, અને પ્રજાની નસેનસમાં અત્યારે જે જોર આવ્યું છે તે ન હતું, એટલે એ ભાષણે ઘણાને વિચારનું એક નવું દૃષ્ટિબિંદુ શીખાડી આપ્યું એમ કહેવામાં બાધ નથી. મને એ ભાષણમાં વિચારગાંભીર્ય ઉપરાંત સુધારાનાં વિવિધ અંગોનો પરસ્પર સંબંધ જે ઉત્તમ દૃષ્ટાન્તસમૃદ્ધિથી એમણે સિદ્ધ કરી બતાવ્યો હતો એ ખરેખર બહુ આકર્ષક થયો હતો. એ સમય પછી દિવાન બહાદુર સાથે વિચારના જુદાજુદા વિષય ઉપર વાતચીત કરવા જેમ સૌ કોઈ આતુર રહેતું તેમ હું પણ રહેતો, અને મેળાપના દરેક પ્રસંગનો બનતો લાભ લેવા ચૂકતો નહિઃ રખેને દિવાન બહાદુર મને મૂર્ખ ધારે—એની ક્ષુદ્ર ચિન્તા કર્યા વગર દિવાન બહાદુરના વિચારને જ બહાર કઢાવવા હું યત્ન કરતો, અને એમાં મ્હેં એમની વાતચીત કરવાની લાક્ષણિક રીતે એમની પાસે ઘણા વિષયો ઉપર વાત કરાવી છે, અને એમના વિચારનો લાભ લીધો છે. આ લાક્ષણિક રીતિ તે અસરકારક ઘરગથ્થુ દૃષ્ટાન્તથી પોતાનો સિદ્ધાન્ત ઉજ્જવલિત કરવો, અને સામાનું દૃષ્ટિબિન્દુ અમુક પક્ષનું છે એમ લાગે તો એથી ઊલટું જ દૃષ્ટિબિન્દુ એની સમક્ષ ધરવું કે જેથી એને પોતાના સિદ્ધાન્તની ખામી જ્વલન્ત રૂપમાં પ્રગટ થાય.* એક વાર જૂના સુધારાવાળા વિષે બોલતાં એમણે મને કહ્યુંઃ "સુધારાવાળાઓએ શું કર્યું ? અંગ્રેજોના રીતરિવાજોની ટીપ કરી; સામી આપણા રિવાજોની

* મને લાગે છે કે શિક્ષક તરીકે દિ. બ. બહુ પંકાય છે તેમાં નૈતિક કારણો ઉપરાંત આ પણ કારણ મહત્ત્વનું હશે.

ટીપ મૂકી—અને જે જે બાબત આપણામાં અંગ્રેજોને મળતી જોવામાં ન આવી તે ખોટી અને એ બાબતમાં આપણે સુધારો કરવો !" આટલા ઉપરથી કોઈ એમ ધારે કે એ સંસારસુધારાની વિરુદ્ધ હતા, કે એમને સુધારાવાળાઓના કેટલાક કામની કદર ન હતી તો તે ખોટું છે. ઊંચી કેળવણી પામીને જનસમાજના સ્વરૂપ અને બંધારણ વિષે સ્વતન્ત્ર અને શાસ્ત્રીય વિચાર કરી શકનાર આ મહાન વિચારકને જૂના સુધારકોમાં કેટલુંક દેખાદેખીનું અને વિચારશૂન્ય ભાસ્યું, તેથી એમણે એ ખામી, ભાર મૂકીને વાત કરવાની પોતાની લાક્ષણિક રીતિએ, બતાવી. એવી જ એક અર્ધ સત્યવાળી બીજી વાત સાહિત્યના વિષયમાં કરેલી મને યાદ આવે છેઃ એકવાર એમના પ્રિય શિષ્ય રા. નરસિંહરાવની 'કુસુમમાળા' સંબન્ધી વાત થઈ. પોતે કહ્યું: "મારે તો એ વાંચતાં સંસ્કૃત ડિક્ષનરિ લઈ ને બેસવું પડે છે !" ઉપર કહી તેવી રીતે વાત કરવાની એમની ટેવનો મને એટલો બધો અનુભવ છે કે હું નિશ્ચયથી કહું છું કે કદાચ એ વચન બોલ્યા તે વખતે એમની દૃષ્ટિ આગળ 'કુસુમમાળા' ન હોતાં 'હૃદયવીણા ' જ હશે, અને કદાચ તે પણ નહિ હોય, અને રા. નરસિંહરાવની સામાન્ય શૈલી જ હશે, અને દલપતરામના અને હાલના સમયની કવિતા વચ્ચે ભેદ દેખાડવાનું જ તાત્પર્ય હશે, અને ડિક્ષનેરી ઊઘાડી હશે તો તે એમના રિવાજ પ્રમાણે શબ્દોનો પૂરેપૂરો ચોકસાઈથી અર્થગ્રહણ કરવા માટે જ તે ઊઘાડી હશે, અને તે પણ એકાદ વારઃ પરંતુ આવી આવી વાતચીતથી એ પોતાનો એક મહાન સિદ્ધાન્ત જે પોતે બહુ જ દૃઢતાથી માનતા હતા તે પ્રતિપાદન કરવાનો પ્રસંગ ચૂકતા નહિઃ એમના વિચારની અનેક શાખાઓમાં પ્રકટ થતો આ એક મહાન સિદ્ધાન્ત Demos યાને સામાન્ય જનસમૂહની પૂજાનો છે. જે કાવ્ય સામાન્ય પ્રાકૃજ જનોના હૃદયમાં પ્રવેશ ન કરે અને ચકલે ચકલે ન ગવાય તે કાવ્ય નહિ; કૉન્ગ્રેસો ભરો, ધારાસભાઓ ગજાવો, પણ દેશ પ્રત્યે ખરું કામ કરવાનું છે તે મુંબાઈ કલકત્તામાં કરવાનું નથી, પણ ન્હાનાં

ન્હાનાં ગામોની શેરીઓમાં અને ગામડાંનાં ઝૂંપડાંમાં કરવાનું છે; જે સંસારસુધારા કરવાનો છે તે ચાર કુટુમ્બો વિલાયતી ઢબથી રહે તેથી થવાનો નથી, પણ લોકોમાં ભળી લોકોના ચાલુ રિવાજોની પાછળ જે જે ઉત્તમ ભાવનાઓ અને સમઝણો રહેલી છે તેનું પૂરેપૂરૂં ભાન રાખી એ રિવાજોને દેશકાળને અનુસરતા કરવા—જેથી પ્રજાનું સ્વત્વ નાશ પામે નહિ અને તે સાથે જરૂરનો સુધારો પણ થાય: એવી એમની ઊંડી સમઝણ અને લાગણી હતી. સામાન્ય જનસમાજ પ્રત્યે એમનો ભાવ એટલો બધો હતો કે એક વખતે સામાન્ય લોકોમાંથી જાતે 'વોટ' એકઠા કરવા નીકળ્યા હતા. પ્રજાસત્તાક રાજ્યતન્ત્રનો મહિમા સમઝવાને અશક્ત એક ગૃહસ્થે એમને એમ કહ્યું સાંભળ્યું છે કે "દિવાન બહાદુર, આ રીતે તો આપ આપનું માન ગુમાવો છો–માત્ર થોડાક મુખી માણસોને હાથમાં લઈ લો એટલે એમના કબજાના વોટ મળી જશે." એના ઉત્તરમાં એમણે જણાવ્યું કે "મ્હારા દીકરાના લગ્નના વરઘોડાનાં નોતરાં દેવા હું જાતે જાઉં ને? તો આમાં હું ઘેર ઘેર શા માટે ન જાઉં?" જોન સ્ટુઅર્ટ મિલના અભ્યાસકને આ જ દૃષ્ટિ શોભે.

દિવાન બહાદુરનો દેશી લોકભાષા પ્રત્યે અમાપ પ્રેમ, દેશી લોકભાષા દ્વારા શિક્ષણ આપવાની ૧૮૮૨ ના એડ્યુકેશન કમિશન આગળ એમણે કરેલી હિમાયત, ગૂજરાતમાં સામાન્ય લોકસમૂહને ઉપયોગી થાય એવી કેળવણી આપવા માટે એમનાં છેવટ છેવટનાં વર્ષમાં રચેલી એક યોજના અને તે માટે અમદાવાદમાં સ્થાપેલી 'ગૂજરાત કેળવણી મંડળી' સંસ્થા—આ સર્વ એમના હૃદયની વિશાળતા અને દૃષ્ટિની દીર્ઘતા બતાવે છે. મફત અને સાર્વત્રિક કેળવણીની એમની હિમાયત વિરુદ્ધ કોઈએ ટીકા કરી કે "સૌ જ પાલખીમાં બેસશે તો પાલખી ઊપાડશે કોણ?" ત્યારે એમણે આપેલો ઉત્તર કે "વારાફરતી બેસીશું અને ઊપાડીશું"—એ એક એમના સ્વાભાવિક રમૂજીપણાનો કે હાજરજવાબીનો જ ચમત્કાર નહોતો, પણ ઊંડા સિદ્ધાન્તનો ઉદ્ગાર હતો.

દિવાન બહાદુરનાં સ્વદેશાભિમાન અને સ્વદેશભક્તિ ઉગ્ર અને તીવ્ર હતાં. મિલ્લના આચાર્યપદ તળે કેળવાએલી અર્થશાસ્ત્રની દૃષ્ટિ ×લિસ્ટનો સિદ્ધાન્ત સ્વીકારતાં અને ઉપદેશતાં સંકોચ ન પામતી—પૂર્વાચાર્ય પાસેથી માત્ર સમજણની ચોખવટ અને ઉત્તરાચાર્ય પાસેથી સિદ્ધાન્તભાગ લઈ બંનેનો સ્વદેશભક્ત્યનુસાર ઉપયોગ દિવાન બહાદુર કરતા. એમનો શરીર ઉપરનો વેષ—માત્ર વસ્ત્ર જ નહિ, પણ વસ્ત્રાદિકથી ઉત્પન્ન થતી સમગ્ર આકૃતિ—'સ્વદેશી' હતી. દેશી માલ વિલાયતી જેવો સુંદર અને સફાઈદાર નથી થતો એ ટીકા સામે એમણે દીધેલો ઉત્તર પ્રસિદ્ધ છેઃ (એમના જ ઘરગથ્થુ શબ્દોમાં બોલું છુંઃ) "ગંદું—ગોબરૂં છોકરૂં તોએ મ્હારૂં, પારકા દેખાવડા છોકરાને હું મ્હારો વારસો આપવાનો નથી. છોકરૂં ગંદું હશે તો મેલ સાફ કરવા માબાપ તરત હાથ લંબાવશે, એ છોકરાને તજી દેશે નહિ. તેવી વૃત્તિ આપણી સ્વદેશી માલ પ્રત્યે હોવી જોઇએ."

રાજકીય વિષયમાં એમના વિચાર સંગીન અને ડાહી સમઝણવાળા હતા. સ્વદેશી હિલ્લચાલમાં પૂર્ણ દિલસોજીથી ભાગ લેનાર આ નેતા પાસે, એમને ન ઓળખનાર કેટલાક ગૃહસ્થો, સૂરતની કોંગ્રેસના ચિરસ્મરણીય દુઃખદ પ્રસંગે ઉદ્દામ પક્ષમાં ભળવાની આશા રાખતા હતા, તે વખતે એમણે દૃઢતાથી એ પક્ષની ઉન્મત્તતા સામે પોતાનો મત જાહેર કર્યો. અને એ પ્રસંગમાં પોતે હમેશાં દક્ષણી ભાઈઓના જનસ્વભાવનું એક દૃષ્ટાન્ત જોતા.

જીવનમાં શારીરિક કેળવણીને એ બહુ મહત્ત્વ આપતા, અને શરીર એ જીવનની ફતેહમંદીમાં મ્હોટામાં મ્હોટું સાધન છે એમ માનતા—અને કોઈ પણ કર્તવ્યને શરીરની સંભાળની આડે આવવા દેતા નહિ. એમનું પોતાનું શરીર કોલેજમાંથી એ બહાર પડ્યા તે અરસામાં ક્ષયમાં સપડાવા જતું હતું, પણ એ સંકટ એ પોતાની નિશ્ચયભરી સંભાળથી નિવારી શક્યા હતા. આ સંભાળ માટે

× અર્થશાસ્ત્રમાં સ્વદેશવાદી જર્મન અર્થશાસ્ત્રી.

મનુષ્યની જવાબદારી એ એવી તીવ્રતાથી માનતા કે આ જયન્તીને પ્રસંગે રા. હરિપ્રસાદે જણાવ્યું હતું તેમ--'તાવ આવ્યો છે નહિ પણ મ્હેં તાવ આણ્યો છે, માથું દુઃખે છે નહિ પણ મ્હેં માથું દુખાડ્યું છે' એમ યથાર્થ રીતે આપણે કહેવું જોઈએ એમ એ ઉપદેશતા. મનુષ્યનું પૂર્ણ આયુષ્ય સો વર્ષનું હોવુંજ જોઈએ અને હાલ જેને વૃદ્ધાવસ્થા કહે છે એને વૃદ્ધાવસ્થા કહેવી ન જોઈએ ઈત્યાદિ મતપ્રદર્શન એ સ્થળે સ્થળે અને કાળે કાળે કરતા. ગોવર્ધનભાઈ સ્વર્ગસ્થ થયાની હકીકતથી ગૂજરાતને પડેલી ખોટ માટે ગૂજરાત વ્હર્નાક્યુલર સોસાઇટિની મૅનેજિંગ કમિટીની બેઠકમાં ઠરાવ થતો હતો, તે વખતે એમણે 'બાવન વર્ષની ઉમ્મરે' એ શબ્દોને ઠેકાણે 'બાવન વર્ષની **કાચી** ઉમ્મરે' એમ કાચી શબ્દ ઉમેરવાની સૂચના કરી, અને એ સૂચનાની શ્રોતાજન પાસે કદર ઇચ્છતા હોય એવા ભાવથી એમણે અમારી સામું જોયું, અમે એમનો ભાવ સમઝ્યા અને એને માન આપ્યું.

દિવાન બહાદુરનું જીવન કેટલાક અમૂલ્ય બોધથી ભરેલું છે: પુરુષપ્રયત્ન માટેનો એમનો આગ્રહ આપણી નસેનસમાં ઊતારવા જેવો છે; તે સાથે એ પણ સમઝણ અને નિશ્ચયમાં લેવા જેવું છે કે એ આગ્રહ સંપૂર્ણ સત્યની માત્ર એક જ બાજુ જુએ છે: પુરુષ-પ્રયત્ન અને મનુષ્યડહાપણની પાર વસતી અને એને મર્યાદિત કરતી આ વિશ્વમાં અસંખ્ય પ્રબળ શક્તિઓ પ્રવર્તે છે જેની પૂર્વોક્ત અર્ધ સત્યમાં અવગણના થાય છે, જે અવગણનાનું એક પરિણામ દિવાન બહાદુરની ઉત્તરાવસ્થાની આર્થિક મુશ્કેલીમાં આપણે જોઈએ છીએ. બીજું, દેશસેવા કરવાની જેમની ઈચ્છા હોય તેમણે એ કાર્ય જીવનના મધ્ય ભાગમાં જ ઊપાડી લેવું જોઈએ: ઉત્તરાવસ્થા એ પ્રકારની યોજના પાર ઊતારવા માટે અનૂકુલ નથી, એટલું જ નહિ, પણ જીવનની અંદર પરમાત્માનો અનુભવ પામેલા જીવને હવે જીવનની પેલી પાર પરમાત્માનો અનુભવ પામવા માટેનો એ કાળ છે.

ગૂજરાતને દિવાન બહાદુરની અત્યારે ભારે ખોટ છે. દિવાન બહાદુરનું ડહાપણ અને ગાંધીજીનું મનોબળ એ બે એકઠાં થવાનો વખત આવ્યો હોત તો અત્યારે ગૂજરાત શું શું ન કરી શક્યું હોત? પણ ખોટ માટે શોક કરીને બેશી રહેવાનો આ સમય નથી. મહાપુરુષો અવતરે છે, કપાસની માફક ઊગાડી કે સૂરતની માફક યન્ત્રમાં કાંતી—વણી શકાતા નથી. અત્યારે દિવાન બહાદુરના જીવનપ્રદીપને આપણી આગળ થોડોઘણો પણ પ્રજ્વલિત રાખવાનું મને તો એક જ સાધન સૂઝે છેઃ અને તે માત્ર વાર્ષિક જયન્તી ઊજવવાથી નહિ, પણ એ કરતાં વિશાળ કર્તવ્ય હાથ ધરવાથી જ સાધી શકાશે. આજ આપણે એમના જીવનની જુદી જુદી બાજુ ઉપર ફરતી જરા જરા દૃષ્ટિ નાંખી; ભવિષ્યમાં આવે પ્રસંગે એમના જીવનની જુદી જુદી બાજુઓ કદાચ વધારે વિસ્તારથી અને સૂક્ષ્મતાથી આપણે અવલોકીશું, પણ એટલાથી બસ નહિ થાય; એથી આગળ જઈને હું એક નમ્ર સૂચના કરૂં છું કે—

ગૂજરાતમાં એમના નામનું એક **શિક્ષણમંડળ** અને એક **અર્થશાસ્ત્ર મંડળ** સ્થાપવું જોઈએ; અને સામાન્ય જનસમૂહ પ્રત્યેની દિવાન બહાદુરની મમતાને અનુસરીને એ મંડળો તરફથી કેળવણીને લગતાં અને હિન્દુસ્થાનના અર્થશાસ્ત્રને લગતાં વખતો વખત અને સ્થળે સ્થળે ભાષણ આપવાની યોજના થવી જોઈએઃ અને એ ભાષણો દિવાન બહાદુરને અતીવ અપ્રિય એવા શબ્દાડંબરરૂપ ન થતાં, સંગીન જ્ઞાનવાળાં બને તે માટે આ જરૂરનું છે કે એ ભાષણોના મૂળમાં પુષ્કળ **અભ્યાસ** હોવો જોઈએ; અર્થાત્, અભ્યાસકોમાં પરસ્પર સાહાય્ય અને વિચારની આપ-લે કરવા માટે આ મંડળોએ પ્રથમથી જ યોજના કરવી જોઇએ; અને એ અભ્યાસ પશ્ચિમની દૃષ્ટિએ નહિ, પણ સ્વદેશી—પણ વિશાળ સ્વદેશી—દૃષ્ટિએ થવો જોઈએ. આટલું થશે ત્યારે જ દિવાન બહાદુર પ્રત્યેનું આપણું કર્તવ્ય કર્યું ગણાશે.

[વસંતઃ વર્ષ ૧૭, અંક ૭, શ્રાવણ, સં. ૧૯૭૪]

૩. નર્મદાશંકર*

કવિઓ બે તરેહના હોય છે; કેટલાક સર્વ કાળના, અને કેટલાક પોતાના જ કાળના. શેક્સપિયર એ પ્રથમ તરેહનું સુપ્રસિદ્ધ ઉદાહરણ છે, અને ટેનિસન બીજી તરેહનું ઉદાહરણ છે. આ ભેદનું તાત્પર્ય એવું નથી કે સર્વ કાળના સર્વે જ કવિઓ અમુક કાળના કવિઓ કરતાં ચઢતા. કીટ્સમાં પોતાના જમાનાની અસર નહિ જેવી છે, છતાં તે કાંઈ ટેનિસન કરતાં ચડે નહિ. આ પ્રમાણે ઊતરતાપણાનો ભાવ મનમાં લાવ્યા વિના હું કહું છું કે કવિ નર્મદ તે ખાસ પોતાના જમાનાનો કવિ. નર્મદનો જમાનો ખાસ સુધારાનો અને નર્મદ તે સુધારાનો કવિ. આ સુધારો તો માત્ર સંસારસુધારો જ નહિ, પણ ભાષાસુધારો, વિચારસુધારો વગેરે. દલપતરામ વાંચતાં તમને જૂની ગૂજરાતીનો સંબંધ તૂટ્યો નહિ લાગે. પણ નર્મદમાં આવતાં તો તમે જાણે જૂની ગૂજરાતી પાછળ મૂકી નવા યુગમાં પ્રવેશ કર્યો. નવા વિચારને દલપતરામ જૂની ઢબછબમાં મૂકે છે, અને વેનચરિત્ર કે હુન્નરખાન વાંચતાં તમને ભાગ્યે જ શંકા થાય કે આ કવિ અંગ્રેજી અસર નીચે આવ્યો છે—દલપતરામનો ફાર્બસ સાહેબ પણ જાણે ધારાનગરનો ભોજરાજા! નર્મદમાં તમે નવી જ દુનિયા જુઓ છો. જે દુનિયામાં કરસનદાસ વગેરે સુધારકો ઘૂમેલા, વિધવાવિવાહ વગેરે સુધારા દાખલ કરવાનો આવેશ જ્યાં ત્યાં ભરપૂર વ્યાપેલો અને ‘યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે’ એવા ઉત્સાહથી નવી કેળવણી પામેલા યૌવનમત્ત અને સ્વતંત્રબુદ્ધિમત્ત નરો ‘વહેમગઢ’ તોડવા ધશી રહેલા એનું યથાર્થ ચિત્ર, એની જીવન્ત, હાલતીચાલતી પ્રતિકૃતિ, તમે નર્મદની કવિતામાં જુઓ છો. એ સત્યપ્રિય નર

---

* નર્મદજયન્તીને પ્રસંગે રા. ઉત્તમલાલના નિબન્ધ ઉપર પ્રેસિડેન્ટ તરીકે મ્હેં જે શબ્દો કહેલા તેનું તાત્પર્ય. [શ્રી ઉત્તમલાલના ભાષણ ‘નર્મદાશંકરનું જાહેર જીવન’ માટે જુઓ ગુજરાત સાહિત્યસભા પ્રકાશિત ‘જયંતી[illegible]]

પોતાના જમાનાનું પૂરેપૂરૂં પ્રતિબિમ્બ પોતાનાં કાવ્યરૂપી દર્પણમાં ઝીલે છેઃ પોતાના સમયનાં સ્ત્રીપુરુષના ઉચ્છૃંખલ વિલાસ--'ભર્યાં જામ રંગે' તે સુદ્ધાં–પોતાના કાવ્યમાં ઊતારતાં એ આંચકો ખાતો નથી.

આ પ્રમાણે નર્મદની કવિતાના સ્વરૂપ વિષે બે શબ્દો બોલી, હવે હું નિબન્ધકારે સૂચવેલા નર્મદના 'સુધારા'ના વિષય ઉપર આવું છું. નર્મદાશંકર પાછલા વખતમાં 'સુધારા' વિરુદ્ધ લખે છે એ ખરૂં—પણ આ બાબતમાં કેટલોક વિવેક કરવાનો છે. (૧) નર્મદાશંકર જે કાંઈ 'સુધારાવાળા' વિરુદ્ધ કહે છે તે સઘળું 'સુધારા'ને લાગુ પડતું નથી. 'સુધારાવાળા' અન્દરથી દુરાચારી હતા એમ એ કહે છે એ સત્ય હો કે અસત્ય હો, એ સાથે આપણે અત્યારે લેવાદેવા નથી. સુધારાવાળાને રહેવા દઈ સુધારાનો જ વિચાર કરીએ તો સુધારાવાળા ખોટા હતા માટે સુધારો પણ અનિષ્ટ છે એમ ફલિતાર્થ કાઢવો વાજબી નથી. (૨) વળી એમ કહેવામાં આવે છે કે 'સુધારાવાળા.' બોલતા તેવું કરતા નહિઃ આ કહેવું ઠીક છે. બોલવા પ્રમાણે ન કરવાથી આત્મામાં અસત્ય અને દંભની લીલા બંધાઈ જાય છેઃ પરન્તુ એક પાસ 'સુધારાવાળાઓ'ને બોલવા પ્રમાણે ન ચાલવા માટે નિન્દવા અને બીજી તરફથી તેમને 'ઉતાવળા', 'અધીરા', 'અવિચારી', જનસમાજની વૃત્તિ માટે દરકાર રાખી એમની સાથે ભળી કામ લઈ ન જાણનારા,—કહેવા એ બે આક્ષેપમાં એક તરેહનો પરસ્પર વ્યાઘાત સમાએલો છે એ વાત આપણે ભૂલવી જોઈતી નથી. (૩) ઘણીવાર એમ કહેવામાં આવે છે કે 'સુધારાવાળાઓ' એ પ્રાચીનકાળ તરફ નજર જ ન ફેરવી. આ કહેવું પણ ખોટું છે. રાજા રામમોહન-રાયનો મૂળ યત્ન ઉપનિષદનો ધર્મ જ જગાડવાનો હતો; આપણે ત્યાં સ્વ૦ ભોળાનાથભાઈ એ પણ પ્રાચીન ધર્મ માટે જ આગ્રહ ધરાવ્યો હતો; અને બંગાળમાં ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગરે અને દક્ષિણમાં વિષ્ણુ-શાસ્ત્રી ચિપલૂનકર વગેરે મંડળીએ વિધવાવિવાહ માટે સ્મૃતિઓનો આધાર શોધ્યો હતો. પાછળથી 'સુધારાવાળા'ઓએ પ્રાચીન પ્રમાણ

માટે પ્રીતિ છોડી દીધી એ ખરૂં, પણ મૂળથી તેઓ પ્રાચીનને અવગણીને જ ચાલ્યા હતા એમ માનવું મને ભૂલભરેલું લાગે છે. (૪) પણ 'સુધારાવાળા'ઓએ પ્રાચીન પરત્વે એક મોટી ભૂલ એ કરી કે તેઓએ હિન્દુસ્તાનનો પ્રાચીન કાળથી આજ પર્યન્તનો સમગ્ર ધાર્મિક ઇતિહાસ ધ્યાનમાં ન લીધો. તેઓએ પુરાણ સ્હામે ઘણી ખોટી વૃત્તિ ધારણ કરી. પુરાણ એ વેદની ટીકારૂપ છે, અને એમાં મનુષ્યના સમગ્ર જીવનને લગતા ઘણા ગંભીર વિચાર સમાએલા છે. આ પ્રસંગે મ્હારે એ પણ કહેવું જોઈએ કે ડો. ભાંડારકરે 'પ્રાચીન દક્ષિણ' નામે બોમ્બે ગેઝેટિયરમાં એક પુસ્તક લખ્યું છે એમાં એમણે રાજાઓની વંશાવળી આપી છે એનો મૂળ પાયો વિષ્ણુપુરાણ–વાયુપુરાણ–ભાગવતપુરાણ વગેરે પુરાણો જ છે, અને તે એમણે સ્પષ્ટ સ્વીકાર્યાં છે. મ્હારૂં કહેવાનું તાત્પર્ય એ છે કે 'સુધારાવાળા'ઓએ છેક આરંભથી પુરાણોની અવગણના કરી હતી અને એ એમની મ્હોટી ભૂલ હતી. પુરાણોને ભાવથી અવલોક્યાં હોત તો એમને એમાં ઘણું શીખવાનું મળત અને 'સુધારા'એ જે સ્વરૂપ પકડયું તે કરતાં જૂદું જ સ્વરૂપ પકડયું હોત. પણ 'સુધારા' સંબંધી વિશેષ વિવેચન કરવાનો આજ પ્રસંગ નથી. નર્મદાશંકરની 'સુધારા સંબંધી વૃત્તિ વિષે મારે થોડોક વિવેક દર્શાવવાનો હતો તે મ્હેં દર્શાવ્યો. મ્હારો અર્થ એવો નથી કે નર્મદાશંકર પાછળના વખતમાં 'સુધારા' વિરુદ્ધ ન હતા–વિરુદ્ધ હતા. એ તો એમના શબ્દોથી તેમજ આચાર-વિચાર ઉપરથી સ્પષ્ટ જણાય છે, પરંતુ આ સંબંધમાં શી શી વસ્તુઓ ધ્યાનમાં રાખવા જેવી છે એ મ્હેં આપની આગળ મૂકી. આખરે, રા. ઉત્તમલાલે આપણને જે પ્રૌઢ અને ઉત્સાહી ભાષાથી લખેલો નિબન્ધ આજ આપ્યો તે માટે આ સભાએ એમનો ઉપકાર માનવો ઘટે છે–એટલું કહી હું મ્હારૂં વિવેચન સમાપ્ત કરૂં છું.

[વસંત વર્ષ ૩, અંક ૮, ભાદ્રપદ, સં. ૧૯૬૦]

૪. પ્રેમાનંદજયન્તી÷

ભાઈ મુનશીએ આપેલા સુંદર વ્યાખ્યાન[1]માં પ્રેમાનન્દના ગુણ-દોષ એમણે દર્શાવ્યા છે. ગુણદર્શન સાથે હું સંમત છું; પરંતુ દોષદર્શન સાથે હું સંમત નથી. હિંદુસ્થાનની instinct—ભાવના—જૂનું સંઘરવાની જ હોય છે. સમયને અનુસરવાની પ્રવૃત્તિ હોય, ફેરફાર કરવામાં આવે, પણ જૂની ભાવના જળવાઇ રહે; એમાં જ આપણી સંસ્કૃતિની સફળતા. જૂના વેદ, એના અર્થ નવાં પુરાણો રચીને પંડિતોએ પ્રાકૃતમાં ઊતાર્યા. સંસ્કૃતમાં મૂળ, પ્રાકૃતમાં ફળફૂલ.

એ જ રીતે પ્રેમાનન્દમાં ગૂજરાતી ભાષા તથા કવિતા પરિપાક પામી. એણે બધું પોતાનામાં સમાવ્યું નહિ, પણ હાલ મુનશી કહે છે તે પેઠે, એણે પોતાની આસપાસ નવું વાતાવરણ ઉત્પન્ન કરવા પ્રયત્ન આદર્યો, પ્રેમાનંદ પછી પાછી પડતી આવી, તે ઠેઠ દયારામ સુધી. આપણે આ પ્રાકૃત યુગની મર્યાદા અને દોષ જાણવા જોઈએ.

એ યુગમાં આપણું સંસ્કૃત સાહિત્ય ગૂજરાતીમાં ઊતારવામાં આવ્યું, પરંતુ ધર્મભાવનાને લીધે સંસ્કૃત રામાયણ વગેરે ગૂજરાતીમાં ઊતારવામાં આવેલાં; કાળિદાસ અને ભવભૂતિની કૃતિઓ નહિ. ગ્રીષ્મમાં તાપને લીધે જમીન સૂકાઈ જાય છે, ત્યારે જેમ ઊંડાં પાણી ઉપયોગમાં આવે, તેમ કવિતા માટે તે વખતે ઊંડાં પાણી એ ધાર્મિક ભાવના સમઝવી. એ રસઝરણાં થોડી જમીનમાં વહ્યાં. કવિતાની ખરી કસોટી થોડા પ્રદેશથી નહિ પણ ઊંડાઈ, રમણીયતા વગેરે

÷ તા. ૩૧-૧૦-૨૬ના રોજ ઊજવાયેલી 'પ્રેમાનન્દ જયન્તી'ના પ્રમુખ તરીકેનું આચાર્ય આનંદશંકર ધ્રુવનું વિવેચન.

૧—માટે જુઓ વડોદરા સાહિત્યસભા પ્રકાશિત 'પ્રેમાનંદ અંક' 'સાહિત્યકાર' (ત્રૈમાસિકનો) પૃ૦ ૫૩-૬૭ સં.

ઉપરથી થઈ શકે, એ કસોટીએ જોતાં મર્યાદા અને દોષ કોઈનામાં ઓછામાં ઓછા હોય તો પ્રેમાનન્દમાં.

એણે આખ્યાનની કળા બરોબર સાધી હતી. સુંદર પાત્રાલેખન, સચોટ સિનસિનેરીને બદલે આકર્ષક ચિત્રો દોરવાની શક્તિ એ બધું પ્રેમાનન્દમાં અજબ રીતે દેખાઈ આવે છે. કૃષ્ણ વગેરે પાત્રો તદ્દન પ્રત્યક્ષ થાય એવી એની કળા શેક્સપિયરના જેવી ઉત્તમ છે. શેક્સપિયરના સમયમાં થીએટરનું સ્વરૂપ એવું હતું કે અમુક કળા ઉત્પન્ન થઈ શકે. પણ પ્રેમાનન્દના સમયમાં એણે એવું Pictorial Imagination વાપર્યું છે. એથી આશ્ચર્ય અને આનન્દ થાય છે.

પ્રેમાનન્દે જે સૂત્રો સ્વીકાર્યાં છે, તે એણે ધીમે ધીમે કવિતામાં આવવા દીધાં છે. ભાઈ મુનશીએ પ્રેમાનન્દમાં એવો દોષ બતાવ્યો છે, કે 'એણે રાવણને હરિભક્ત કરવાને માટે ઔચિત્યહીણું વાક્ય ઉચ્ચારાવ્યું.' પરંતુ એની પાછળ રૂપક છે તેની ભાઈ મુનશીને ખબર નથી. જીવનમાં એવું બને પણ છે કે નઠારા માણસોને સારાની ઝાંખી કોઈ વખતે થાય છે પણ સારૂં પારખવાની ઝાંખીની ક્ષણ જતાં, પાછું Evil asserts itself નઠારાની યાદ તાજી થાય છે, તેવું જ રાવણને માટે સમઝવું.

ભાઈ મુનશીએ પ્રેમાનન્દમાં બીજી ભૂલ એ કાઢી છે, કે 'નળાખ્યાનના વનવર્ણનમાં જંગલખાતાની ટીપ આપેલી છે.' પરંતુ સળંગ કાવ્યોમાં એવી પ્રથા સર્વ દેશમાં જોવામાં આવશે. ચૉસર, સ્પેન્સર, વગેરેની કવિતામાં આવું વર્ણન ઠેરઠેર જણાશે. વનનું વર્ણન કરવાનો અહીં ઉદ્દેશ એ હતો કે જંગલ બીહામણું છે તે દર્શાવવું; એટલે સઘળે અવ્યવસ્થા અને અનિયમિતપણું ચીતરવું પડે. ત્યાં આગળ વર્ડ્ઝવર્થની પેઠે જો પદ્ધતિસર અને સૂત્રાનુસાર કે આત્મલક્ષી વર્ણન કરવામાં આવે, તો તે નકામું, નિરર્થક અને નીરસ થઈ પડે; અને ધારેલી અસર બીહામણાપણાની ઊપજાવી ન શકાય.

૪. નર્મદા શતાબ્દી

ગૂજરાતમાં કવિ નર્મદાશંકરની શતાબ્દી ઊજવાઈ રહી છે: જાણી આનન્દ થાય છે: હમણાં જ 'મુંબઈ નર્મદ શતાબ્દી સમિતિ' તરફથી નીકળેલી નિમન્ત્રણપત્રિકા મળી. આમાં વાંચ્યું કે ગૂજરાતના 'કવિવર' નર્મદાશંકરની શતાબ્દીના ઉત્સવની જાહેર સભા અમુક સ્થળે, અમુક દિને, અમુક ઘડીએ મળશે. મુંબઈના પ્રેસના કૉમ્પોઝિટરો બહુ ચોક્કસ હોઈ, એમના કામમાં 'નકલમાં અકલ ન વાપરવી' એ એમનું સૂત્ર હશે. બાકી હું તો ઇચ્છું છું કે 'વ' ને ઠેકાણે 'વી'—'કવિવર' ને ઠેકાણે 'કવિવીર' કર્યું હોત તો કેવું સારૂં!

'નરસિંહ મહેતા કવિ કે ભક્ત?' 'કલાપી કવિ કે પ્રેમી?' —એવા 'કે'—સૂચિત દ્વૈતબુદ્ધિના અનેક ખોટા ઊભા કરેલા કોયડા આપણે સાંભળીએ છીએ. તુલસીદાસ વિષે પણ પૂછાય છે કે 'તુલસીદાસ કવિ કે ભક્ત?' પણ વસ્તુસ્થિતિ 'કે' ને ઓળખતી નથી; બલ્કે એમાં તો 'અને' ના સરવાળાને પણ અવકાશ નથી. વસ્તુ તો એક અખંડાકાર પદાર્થ છે, એને મનુષ્યબુદ્ધિ કાપી–કૂપી, પોતાની કલ્પના વા સરળતા અનુસાર, એના ખંડ પાડે છે. વસ્તુતઃ નર્મદશંકરની કવિતામાં વીરભાવ, અને એની વીરતામાં કવિભાવ પ્રવેશેલો છે; આપણી બુદ્ધિમાં ભલે 'કવિ' અને 'વીર' પદાર્થ ભિન્ન હો, પણ નર્મદાશંકરમાં તો એબે એક અખંડ વસ્તુ તરીકે જ વિરાજે છે.

નર્મદાશંકરને પ્રાચીન ગૂજરાતી સાહિત્ય ઉપરાંત અંગ્રેજી અને સંસ્કૃતનું સામાન્ય જ્ઞાન હતું. એ વિવિધ સામગ્રીના બળથી એમણે પ્રચલિત પ્રણાલિકા તોડી ગૂજરાતનાં રસઝરણાં માટે નવા માર્ગ રચ્યા, નવાં વ્હેણ ઉત્પન્ન કર્યાં—છતાં એમાં ગૂજરાતનું ગૂજરાતીપણું નષ્ટ થવા દીધું નહિ, એથી જ આજ ફરી ઉત્થાન પામતું અભિનવ ગૂજરાત એની કદર કરે છે.

નર્મદાશંકરની કદર એમને નવીન ગૂજરાતના ઉત્તમ કવિ માનીને નહિ, પણ નવયુગની કવિતાસરિતાના આદ્યપ્રવર્તક તરીકે જ

થવી જોઈએ. અર્વાચીન સમયમાં શૃંખલાબદ્ધ જડ કવિતાને સ્થાને સ્વતન્ત્ર અને ચેતન કવિતાનું ગૂજરાતને ભાન કરાવનાર પ્રથમ કવિ નર્મદાશંકર હતા. કવિમાં જે હૃદયનાં સાચ અને જુસ્સો જોઈએ એ એમનામાં પૂર્ણ માપમાં હતાં. જેટલે અંશે એ સાચ અને જુસ્સો સુન્દર, ભવ્ય અને નિર્મળ પ્રતિભામાં મૂર્ત થવાં જોઈએ તે ન થઈ શક્યાં, તેટલે અંશે એમનું કવિત્વ ન્યૂન રહ્યું કહેવાય; પણ સાચ અને જુસ્સાએ એમના સઘળા ઉદ્ગારોને એવા સ્પષ્ટ આંકી દીધા કે એટલાથી જ એ ઉદ્ગારો કાવ્યની કોટિમાં આવી ગયા, અને તેથી એમને 'કવિ' વિશેષણ લગાડવામાં, બલ્કે એમના સમયમાં તો એ પદને એમને માટે વિશેષરૂપે પ્રયોજવામાં ગૂજરાતની સહૃદયતાએ ભૂલ કરી નથી. નર્મદાશંકરને ગૂજરાતના બાયરન (અંગ્રેજી કવિ) કહેવામાં આવ્યા છે; એમાં કવિના ખાનગી જીવનનો કાંઈ પણ ઉલ્લેખ હો વા ન હો, પણ એમની કવિતાનું એક "Byron's force" (Matthew Arnold) વિશિષ્ટ લક્ષણ–'Force'— એ તો ઉત્તમ રીતે સૂચવાય છે જ.

નર્મદાશંકરની કવિતામાં 'रामादिवद् वर्तितव्यं, न रावणादिवत्' એવા બોધની શોધમાં જવું વ્યર્થ છે: આ જાતનો વ્યંગ્ય બોધ જગતનાં ઉત્તમોત્તમ કાવ્યોની સુન્દરતાને ઉન્નત બનાવે છે એની કોઈથી ના કહેવાશે નહિ; પણ 'નરી સુંદરતા' પણ કાંઈ પદાર્થ છે અને એને કાવ્યમાં સ્થાન છે એટલું સ્મરણમાં રાખીને વિચારવામાં આવે, તો કેટલાંક અશ્લીલ સૂચનો બાદ કરતાં, એમનાં શૃંગારવર્ણનને કાવ્યપદ આપતાં સંકોચ ખાવાનું કારણ નથી.

આમ કવિ નર્મદનાં શૃંગારવર્ણનને ઉલ્લેખ્યા વગર પણ આપણે કહી શકીએ છીએ કે કવિ નર્મદનું ગૂજરાતમાં ચિરંજીવ નામ રહેશે તો તે એમનાં શૃંગારકાવ્યથી નહિ, પણ દેશભક્તિથી: અને એમાં પણ એમનો દેશ જેટલો હિન્દુસ્થાન નહિ તેટલો ગૂજરાત સમઝવાનો છે. જગતનાં સ્વદેશભક્તિનાં કાવ્યોમાં—

જય જય ગરવી ગુજરાત

(લાવણી)

જય જય ગરવી ગૂજરાત (૨)
દીસે અરુણું પરભાત—જય જય૦
ધ્વજ પ્રકાશશે ઝળળળ કુસુમ્બી, પ્રેમ-શૌર્ય અંકિત;
તું ભણવ ભણવ નિજ સંતતિ સઉને પ્રેમભક્તિની રીત—
ઊંચી તુજ સુન્દર જાત;—જય જય૦

આ પદ્યને પ્રથમ પંક્તિમાં સ્થાન મળવું જોઈએ. અને તે કવિની દેશભક્તિના સાચા ઉદ્દગારમાત્રથી જ નહિ, પણ કવિની અદ્દભુત કલ્પનાશક્તિ વડે રચેલા સુન્દર ચિત્રથી, તેમજ ભાવ અને છન્દના મનોહર સંયોજનથી.

અમે નર્મદને વીરપુરુષોની પ્રથમ કોટિમાં મૂકીએ છીએ. જ્યાં ખરી વીરતા છે ત્યાં સાચ છે જ, હોવી જ જોઈએ. 'સંસાર-સુધારા' ના આ અતિરથીને જ્યાં લાગ્યું કે કહેવાતો 'સુધારો' હિન્દુસ્થાનના વિશિષ્ટ વ્યક્તિત્વથી વિરુદ્ધ છે, ત્યાં એ 'સુધારા'નો દોષ પ્રકટ કરવામાં, અને પોતાની ભૂલ જાહેર કરવામાં આ વીર પુરુષે જરા પણ ડર રાખ્યો નથી. ભલે આજ આપણે શાન્તિથી વિચાર કરતાં ઢાલની બંને બાજુમાં સત્ય જોઈએ, પણ જેણે એક વખત ઢાલની એક જ બાજુમાં પૂર્ણ સત્ય માની લીધું હતું તેને એકાએક બીજી બાજુ નજર પડતાં પૂર્વનું દર્શન ભ્રાન્તિ લાગે એ સ્વાભાવિક છે; અને તેથી નર્મદાશંકરના 'ધર્મવિચાર'ના નિબન્ધોને અમે એ વીરપુરુષની નિર્બળતાનું નહિ પણ એની વીરતાનું ચિહ્ન માનીએ છીએ.

વીરતાથી તો ન કેવળ કવિનાં કાવ્યો અને નિબન્ધો, પણ એમનું સમસ્ત જીવન ભરપૂર હતું. "સહુ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે" એ અમુક પ્રસંગની જ વીરહાક ન હતી, પણ એમનું આખું

જીવન એથી ભરપૂર હતું. એમના આત્મામાં નિત્ય નિરન્તર આ બ્યૂગલો વાગ્યાં કર્યાં છે. રણે ચઢતાં આ વીરે કદી આંચકો ખાધો નથી, અને ચઢીને પાછી પાની કરી નથી. ગૂજરાતે આવો 'કવિવીર' બીજો પેદા કર્યો નથી. 'જય જય ગરવી ગુજરાત.'

[વસન્તઃ વર્ષ ૩૨, અંક ૮, ભાદ્રપદ, સં. ૧૯૮૯]

૬. કવિ નર્મદ શતાબ્દી ઉત્સવ

[મુંબઈ નર્મદ શતાબ્દી સમિતિનો જાહેર સમારંભ]

બનારસ : હિન્દુ યુનિવ્હર્સિટિ

શ્રી મુંબઈ નર્મદ શતાબ્દી સમિતિના પ્રમુખ મહાશય,

ગૂજરાતના 'કવિવર' નર્મદાશંકરની શતાબ્દીના ઉત્સવની નિમન્ત્રણપત્રિકા મળી.

મુંબઈના કોમ્પોઝિટરો 'નકલમાં અકલ ન વાપરવી' એ સૂત્ર અનુસરતા હશે; પણ હું તો કોમ્પોઝિટર હોઉં તો એક સ્વરભેદ કરી 'વ'ને સ્થાને 'વી' મૂકી દઉં.

'કવિવીર' એટલા વિશેષણમાં નર્મદનું અખિલ સ્વરૂપ સમાવિષ્ટ થતું મને લાગે છે.

નર્મદાશંકરે અર્વાચીન ગૂજરાતની કવિતાનો યુગ આરંભ્યો એટલું એમની સ્મૃતિ માટે થોડું નથી; પણ એમને આપણા સાહિત્યના ઇતિહાસમાં જ વિશિષ્ટ પદ મળે છે તે એમની કવિતામાં એકરસ થએલી એમની વીરતાને લીધે. જે વીરતાથી એ 'સંસાર-સુધારા'ને રણે ચઢ્યા, તે જ વીરતાથી એમણે એનું પુનરવલોકન કર્યું અને ધર્મવિચાર' લખ્યો, એ જ વીરતાથી એમણે જીવનમાં કષ્ટ સહ્યાં, અને એ વીરતા એમના અન્તકાળની વાણીમાં—

"રસિકડાં નવ કરશો કોઈ શોક"

એમાં વિરાજે છે.

નર્મદાશંકરનાં કાવ્યોમાં અને ગદ્યમાં ઘણું એવું છે કે જેની વર્તમાન ગૂજરાતને રુચિ નથી, અને જે ભવિષ્યના ગૂજરાતની સૃષ્ટિમાંથી તો લુપ્ત પણ થઈ ગયું હશે; છતાં કેટલુંક બહુ કિંમતી છે.

'જય જય ગરવી ગૂજરાત'

તથા—

'સહુ ચાલો જીતવા જંગ બ્યૂગલો વાગે,'

—આદિ અમૂલ્ય કાવ્યરત્નો તો હજી આદ્વિતીય જ રહ્યાં છે. અને 'ધર્મવિચાર'નો મૌલિક પ્રશ્ન—ભારતવર્ષની સંસ્કૃતિ વિલાસપ્રધાન કે વિરાગપ્રધાન ? એનો ઉત્તર આપણે ગમે તે દઈએ, પણ હજી લાંબો વખત એ વિચારવાનો રહેશે જ.

હું આપના ઉત્સવને પૂર્ણ સફળતા ઈચ્છું છું.

લિ.

આનન્દશંકર બાપુભાઈ ધ્રુવનાં

'જય જય ગરવી ગૂજરાત.'

[વસંતઃ વર્ષ ૩૨, અંક ૮, ભાદ્રપદ, સં. ૧૯૮૯]

૭. નવલરામ પંડ્યાને અંજલિ

સૂરતમાં તા. ૩-૪-૧૯૩૬ એ તારીખે સ્વ. ગૂજરાતી સાક્ષર શ્રી નવલરામની શતાબ્દી સભા ભરવામાં આવી હતી. તે પ્રસંગે પ્રો. બળવંતરાય ઠાકોરે આપેલી 'અંજલિ' અમારા જોવામાં આવી છે. પ્રો, બળવંતરાય જે બોલે છે, જે લખે છે એ ગૂજરાત માન અને અવધાનપૂર્વક સાંભળે છે. આ ભાષણ, એમની સર્વ કૃતિઓની રીતે, લાક્ષણિક અને ઉત્કટતાથી ધ્યાન ખેંચે છે. પ્રથમ તો નવલરામના પુત્ર ધીમંતરામે પોતાના નામ સાથે 'પંડયા' સુધારીને 'પંડિત' નામ દાખલ કરેલું એ રા. બળવંતરાયને ઇતિહાસના પ્રવાહને પાછો વાળવા જેવો ગંભીર દોષ જણાયો હશે તેથી

એમણે 'પંડ્યા' નામનો પુનરુદ્ધાર કર્યો. પછી વિદ્યાર્થીઓને કેટલોક બોધ આપ્યો અને તે પછી સ્વ. નવલરામના જીવનની કથા અને ગૂજરાતી ભાષા અને સાહિત્યના એ મહાન સેવકની સેવાની કદર કરી. નવલરામ રાજકોટમાં હતા તે સમયના કાઠિયાવાડના ચિત્રમાં "પરંતુ ગુજરાતીઓની કાઠિયાવાડમાં એ પ્હેલી વીશી" ત્યાં "બીજી વીશી" કહી હોત, અથવા "ગૂજરાતી સાક્ષરો"ની "પહેલી વીશી" એમ બીજી વીશીની પહેલીથી વિશિષ્ટતા સૂચવી હોત તો એમાં ઐતિહાસિક યથાર્થતા વધારે સચવાત. સામાન્ય રીતે સ્વ. નવલરામની સેવાની પ્રો. બલવંતરાયે કદર કરી છે એમાં અમે મળીએ છીએ. નવલરામના સૂરતના વિચારો ઉપર અમદાવાદ અને રાજકોટે જે અસરો કરી એનું રા. બળવંતરાયે સૂક્ષ્મ દર્શન કરાવ્યું છે એ મનન કરવા યોગ્ય છે.

અન્તમાં, સ્વ. ગોવર્ધનરામે, નવલગ્રન્થાવલિની પ્રસ્તાવના રૂપે લખેલા લેખમાં નવલરામની મહત્તા વિષે મુક્તકંઠે પણ સત્ય ઉપર દૃઢ દૃષ્ટિ રાખીને કદર કરવામાં "ઘરદીવડાં શું ખોટાં?" એ શબ્દોમાં એ કદરની જે મર્યાદા દોરી છે, એ વિષે પ્રો. બળવંતરાય 'અસંતોષ' જાહેર કરે છે. તેમ કરવામાં પોતાને સ્વ. ગોવર્ધનરામ માટે જે માન છે તેનો ઉલ્લેખ કરીને, ગોવર્ધનરામની દૃષ્ટિનો પોતે આ પ્રમાણે ખુલાસો કરે છે: "નવલરામની જેવી ઉદાસીપ્રધાન અને કાર્યસંસ્કૃતિમાં મંદ પ્રકૃતિનું આલેખન ગોવર્ધનરામે પોતાના ચિત્તની આ નિરભ્ર ઉલ્લાસભરી દશામાં કર્યું એ કારણથી જ તેમાં નાયકના સામર્થ્યની રેખાઓ નબળી દોરાયલી છે,...નવલરામ જેવા ગુજરાતના અર્વાચીન યુગની પહેલી પેઢીના નરરત્ન વિષે જીવનકારને હાથે

'ઘરદીવડાં શું ખોટાં'

જેવું લખાઈ ગયું છે."

અમે બીજો ખુલાસો રજુ કરવાની રજા માગીએ છીએ:

ગોવર્ધનરામ જેવા જગત્ના સાહિત્ય અને ઇતિહાસની વિશાળ વિદ્વત્તાવાળા સાક્ષરને નવલરામની મહત્તા આલેખતાં સત્યના પ્રેમથી, પોતે કરેલી પ્રશંસાની કાંઈક મર્યાદા દોરવી પડે તો એમાં આશ્ચર્ય છે! અમે પ્રો. બળવંતરાયે કરેલી કદરમાં મળી શકીએ છીએ તો તે "ગુજરાતના અર્વાચીન યુગની પહેલી પેઢીના નરરત્ન" એ શબ્દોને હેતુગર્ભ વિશેષણ માનીને, એમાં કદરની જે મર્યાદા સચવાય છે એ ધ્યાનમાં રાખીને જ.

[વસન્તઃ વર્ષ ૩૫, અંક ૨, ફાલ્ગુન સં. ૧૯૯૨]

૮. ગોવર્ધનસત્ર

રા. રા. ચંદ્રશંકર પંડ્યાએ નડિયાદમાં સન્તરામ મહારાજના મન્દિરમાં "ગોવર્ધનસત્રઃ સરસ્વતીચન્દ્રનું વાચન" કરવા માંડ્યું છે. અને એ સત્ર ગૂજરાતનાં બીજા શહેરોમાં પણ લઈ જવાનો ઈરાદો દર્શાવ્યો છે. રા. ગોવર્ધનરામ સ્વર્ગસ્થ થયા તે વખતે એમને નિવાપાંજલિરૂપે મ્હેં 'વસન્ત'નો જે અંક બહાર 'પાડયો' હતો એમાં 'સરસ્વતીચંદ્ર'ને 'પુરાણ' કહ્યું હતું. ગૂજરાતે એ વિશેષણ ઠીક વિવક્ષિત અર્થમાં લીધું હતું. આપણાં પુરાણો આપણા જીવનનાં જે ચિત્રો અને ઉપદેશોથી ભરપૂર છે એને અનુલક્ષીને 'પુરાણ' શબ્દનો પ્રયોગ મ્હેં કર્યો હતો.

રા. ચંદ્રશંકર એ વિશેષણ સ્વીકારે છે, અને તે માટે ગૂજરાતની આ મહાન કૃતિ તરફ વર્તમાન સમયમાં ધ્યાન ખેંચવાના ઈરાદાથી ગૂજરાતનાં જુદાં જુદાં સ્થળોમાં 'સરસ્વતીચંદ્ર'નું પારાયણ કરવા ઇચ્છે છે.

રા. ચંદ્રશંકર 'ગુણજ્ઞ' છે, અને ગૂજરાતના અનેક સાક્ષરોના વર્ષગ્રંથિ મહોત્સ ઊજવવાની પ્રવૃત્તિમાં એ 'ગુણજ્ઞતા' પ્રકટ કરે છે. મ્હેં એમને એક સૂચના કરી કે હવે મનુષ્યવ્યક્તિ પ્રત્યે

'ગુણજ્ઞતા' પ્રકટ કરવાને બદલે ગૂજરાતી સાહિત્યની અમર કૃતિઓ તરફ 'ગુણજ્ઞતા' દર્શાવવાનું કામ શરૂ કરો તો એથી ગૂજરાતની અને ગૂજરાતી સાહિત્યને વધારે સેવા થશે. આ જાતની સેવાના એક મૂર્ધાભિષિક્ત દૃષ્ટાન્ત રૂપે 'સરસ્વતીચંદ્ર'ના વાચનનો વિચાર મને ગમે છે.

પણ તે કરવાની પદ્ધતિ વિષે મ્હારી એવી સૂચના છે કે આજકાલના અતિપ્રવૃત્તિપરાયણ યુગમાં આ લાંબી નવલકથાનું પારાયણ કરવું ઇષ્ટ નથી. એ યત્ન સફળ થશે નહિ, તેમ જ એ જનતાની રુચિ ઉત્પન્ન કરવાને બદલે અરુચિ ઉત્પન્ન કરશે. મને લાગે છે કે એનાં ચિહ્નો અત્યારથી જ જણાવા માંડયાં છે. આ કારણથી મ્હારી સૂચના છે કે રા. ચંદ્રશંકરે 'સરસ્વતીચન્દ્ર'નાં માત્ર અમુક અમુક વિશિષ્ટતાવાળાં પ્રકરણો જ લેવાં અને એના ઉપર વાચનને અન્તે વિવેચન કરવું. ઉદાહરણ તરીકે, રા. ચન્દ્રશંકરે પ્રથમ દિવસે 'સરસ્વતીચન્દ્ર'ના પહેલા ભાગની પ્રસ્તાવના વાંચી. એમાં રા. ગોવર્ધનરામે નવલકથાના સાહિત્યનો ઉદ્દેશ, એનું પ્રયોજન બતાવ્યું છે એ વસ્તુ વિવેચનને યોગ્ય છે. એ રીતે મૂળ અને વિવેચનનો ક્રમ ચાલે તો તેથી ગૂજરાતને લાભ થશે. પરંતુ લોકરુચિ જગાડવા માટે એમાં વિવિધતા હોવી જોઈએ. એ વિવિધતા માટે 'સરસ્વતીચંદ્ર'માં પુષ્કળ સામગ્રી છે. એક કેળવણીકારનો એવો મત હતો કે કેળવણીના વિવિધ વિષયો અને ગ્રંથો શીખવવાને બદલે એક જ યુગ—જેમકે ગ્રીસનો પેરિક્લિસનો યુગ—લઈ એનું સઘળું સાહિત્ય સાનુબન્ધ સવિવેચન શીખવવામાં આવે તો તે કેળવણી બસ થાય. તે જ પ્રમાણે 'સરસ્વતીચંદ્ર' એવું પુસ્તક છે કે એને મધ્યે રાખી એની આસપાસ સાહિત્ય ઉપરાંત કૌટુંબિક, સામાજિક, ઐતિહાસિક, ધાર્મિક અસંખ્ય વિષયો ઉપર ચર્ચા રચી શકાય. એનાં વિવિધ ભાષણો ગૂજરાતમાં થાય તો 'સરસ્વતીચંદ્ર' તેથી પૂરો યશ પામે.

કાવ્યદૃષ્ટિએ—પ્રથમ ભાગમાં સરસ્વતીચંદ્ર અને કુમુદ વચ્ચે જવનિકાછેદનનું પ્રકરણ, એના હૃદયના વેગ અને સંયમના બળમાં શેક્સપિયરનું સ્મરણ કરાવે એવું નથી ? બીજો ભાગ હિન્દુગૃહસંસારનાં કેટલાંક મીઠાં પાન કરાવે છે. ત્રીજો ભાગ, આજકાલ આગળ આવેલા દેશી રાજ્યના પ્રશ્ન ઉપર અજવાળું પાડે છે ! ચોથા ભાગમાં આપણા સર્વ મહાપ્રશ્નોનો સમન્વય થાય છે. "ગોપીજનવલ્લભની ભક્તિ ઘર છોડીને ગુસાંઈ કરે " છે, પણ તેથી એઓ જનસમાજના કલ્યાણથી વિમુખ રહેતા નથી. વિષ્ણુદાસ મહા જ્ઞાની અને ભક્ત છે, અને સંસારના કલ્યાણમાં રસ લે છે. તેથી સંસારમાં રહેલી છતાં સંસારથી પર વિહરતી કુમુદનું અધ્યાત્મજીવન ઓછું સુન્દર નથી. સ્ત્રીશિક્ષણનો પ્રશ્ન કુસુમના ચિત્રમાં પૂરેપૂરો ઉપસ્થિત કર્યો છે. અને કલ્યાણગ્રામની કલ્પનામાં હિન્દી જનોનું પરમ કર્તવ્ય બતાવ્યું છે. મહાભારતમાંથી એના કવિની કલ્પનામાં ના આવેલાં એવાં કેટલાંએ રહસ્યો ઊપજાવીને પ્રજાના અસ્તોદયની ફિલસૂફી સમઝાવી છે, અને છેવટનું 'ઘેલી કુસુમ' એ બે શબ્દનું વાક્ય તો સ્ત્રીહૃદયના અદ્‌ભુતરસનું વ્યંજનાથી પાન કરાવી વાચકને સ્તબ્ધ કરી દે છેઃ અને એ જ આશ્ચર્યમુગ્ધ દશામાં વાચક ગોવર્ધનરામની કૃતિને નિરખ્યા કરે છેઃ 'સરસ્વતીચન્દ્ર !'

[વસન્તઃ વર્ષ ૩૫, અંક ૩, ચૈત્ર, સં. ૧૯૯૨]

જન્મમહોત્સવો

૧. કવિશ્રી ન્હાનાલાલનો જન્મસુવર્ણમહોત્સવ

આ ચૈત્રી પડવે, આપણી 'ગરવી ગૂજરાત'ના પ્રિય કવિશ્રી ન્હાનાલાલને એકાવનમું વર્ષ બેઠું. એ નિમિત્તે ગૂજરાતની પ્રજાએ એમનો 'જન્મસુવર્ણ મહોત્સવ' ઊછળતા ઉત્સાહથી, ઉદાર કૃતજ્ઞતાથી, અને અડગ તિતિક્ષાથી ઊજવ્યો. મુંબઈમાં સર ચિમનલાલને હાથે યુનિવ્હર્સિટિના કૉન્વોકેશન હૉલમાં એમને અભિનન્દનપત્ર અપાયું, અને તે જ પ્રમાણે અમદાવાદમાં રા. બ. સાક્ષરશ્રી કેશવલાલભાઈને હાથે, તથા વડોદરા નડિયાદ વગેરે સ્થળે પણ યોગ્ય સન્માન સાથે અભિનન્દન અપાયાં. કોઈ કોઈ સ્થળે કારણાન્તરથી કટુતાના પ્રસંગો ઉત્પન્ન થયા, છતાં પણ પ્રજાએ એમની કવિ તરીકે કદર કરવામાં જે ઉત્સાહ દર્શાવ્યો તે જોતાં કવિશ્રીએ ગૂજરાતી વાચકના હૃદયમાં કેવું દૃઢ સ્થાન મેળવ્યું છે એ સ્પષ્ટ જણાઈ આવે છે. આ પ્રતિભાશાલી કવિ ઉત્પન્ન કરવા માટે ગરવી ગૂજરાતને અભિમાન છે. અને એ અભિમાન મુગ્ધ જનને મુખે કેટલીક વાર હસવા જેવી અત્યુક્તિ કરાવે, તથાપિ એ અત્યુક્તિના મૂળમાં સંગીન તથ્યાંશ રહેલા છે એ ભૂલવું ન જોઈએ.

કવિ ન્હાનાલાલમાં કવિવર રવીન્દ્રનાથના જેવી મધુરતા કે ભવ્યતા નથી કે જે દૃષ્ટિમાત્રથી કે સંલાપથી લોકનાં ચિત્તને હરે, વિસ્મય પમાડે. એ તો સત્ય જેવા કટુ થવાનો હક કરે છે, જો કે પરમાત્માના આ સુન્દર જગત્‌માં કટુ એટલું સત્ય નથી, તેમ સત્ય એટલું કટુ પણ નથી—બલ્કે કટુતાનો એસિડ અડતાં સત્યની પાંખડીઓ ખરી પડે છે, બળી જાય છે. કવિ ન્હાનાલાલમાં જે આકર્ષકતા છે તે એમનાં કાવ્યોથી છે. એ કાવ્યોમાં કવિવર રવીન્દ્રનાથની સમૃદ્ધિ નથી—એ ભાવની સૂક્ષ્મતા, વિચારનું વૈવિધ્ય અને કાવ્યપ્રદેશની વિશાળતા નથી; તોપણ અત્યારે આખા ગૂજરાતમાં, વિશેષે કરી રસીલાં અને સંસ્કારી યુવક હૃદય ઉપર કવિ ન્હાનાલાલ કવિ તરીકે સામ્રાજ્ય ભોગવે છે એમાં સંશય નથી. સંસ્કારી કુટુમ્બોમાં અને મેળાવડાઓમાં એમનાં ગેય કાવ્યો ઉલ્લાસથી ગવાય છે, એટલું જ નહિ પણ ઊગતા અને કેટલીકવાર ઊગેલા કવિઓ પણ એમને અનુકરણનું માન આપે છે. યુવક હૃદયના આકર્ષણનું મુખ્ય કારણ કવિ ન્હાનાલાલની કવિ તરીકેની **ભાવનામયતા** છે. કેટલાક કવિઓ મનુષ્યજીવનને મનુષ્યની નિર્બળતાઓથી રસિક બનતું જુવે છે, અને સંસારના અનુભવથી પરિપક્વ બનેલું હૃદય એ જાતની કવિદૃષ્ટિનો વિશેષ રસ લઈ શકે છે. એથી ઊલટું, યુવકહૃદય ભાવનામાં રાચે છે. વાસ્તવિક જીવન ગમે તેવું હો, પણ એમાંથી તારવી કાઢેલી મનુષ્યજીવનની જે ભાવના—શૅલિના ચંડોળ પક્ષી જેવી આકાશમાં ગુંજતી સ્વર્ગીય ભાવના, તેમાં પણ વિશેષે કરી પ્રેમરસથી ઊભરાતી ભાવના—એના જ દર્શનની, એના જ ગાનની એને દરકાર છેઃ યુવકહૃદયનો આ અભિલાષ પરિપક્વ દૃષ્ટિની પ્રજ્ઞા કરતાં ઊતરતો છે એમ વિવક્ષિત નથીઃ માત્ર એ જુદો છે. અને જીવનના અનુભવથી પક્વ બનેલી બુદ્ધિ પણ જો કલ્પનાબળે યુવક હૃદયમાં ન ઊતરી શકે અને ભાવનાનો રસ ન લઈ શકે તો એટલી એની અપૂર્ણતા જ લેખાય. પણ યુવકજન એનાથી મુગ્ધ બને તો તેમાં ઉપર

જણાવેલી એની ભાવનામયતા જ કારણ છે. કવિ ગોવર્ધનરામે આત્મ-લગ્નની ભાવના કલ્પી, પણ તેને આપણા સંસારમાં જ ગૂંથી; કવિ ન્હાનાલાલે ત્યાંથી છૂટી પાડી સ્વર્ગીય સૃષ્ટિને સાળુડે ચોઢી, અને એ રીતે ભાવનાના શુદ્ધ અને નિર્મળ આકાશમાં આત્મલગ્નને ઝળકાવ્યું. વળી કવિ ન્હાનાલાલમાં ભાવનાની સુંદરતા સાથે અસાધારણ ભવ્યતાનો સમન્વય છે. એ ભવ્યતા, ભાવનાની સામાન્ય ઉચ્ચતા ઉપરાંત કવિની વિશાળ ઐતિહાસિક દૃષ્ટિમાંથી આવે છે. એ દૃષ્ટિ અનેક ખંડોને અને યુગોને વ્યાપે છે. અને એ રીતે એમની કલ્પનામાં ભવ્યતા ભરે છે. પરંતુ તે સાથે એ વિશાળતા આછી વાદળીની માફક પથરાઈને સત્ત્વહીન થઈ ન જતાં, સ્વદેશભક્તિના બળથી પોષાઈ આર્યાવર્ત અને રાજપૂત ગૂજરાતની આસપાસ જામે છે. પણ તેમાં સ્વદેશભક્તિ નહિ, પણ કલ્પનાનું સૌન્દર્ય એ જ પ્રધાન સ્થાને રહે છે; કવિ ન્હાનાલાલની સ્વદેશભક્તિ બળતા હૃદયની નથી, પણ તેજસ્વી દૃષ્ટિની છે, અને તેથી માત્ર સ્વદેશભક્તિના ઉદ્‌ગારો ન કાઢતાં, એના વાતાવરણમાં કાવ્યસૃષ્ટિ રચે છે, અને એ રીતે સ્વદેશભક્તિમાં કવિ સમાઈ ન જતાં સ્વદેશભક્તિ કવિમાં દીપી ઊઠે છે.

કવિ ન્હાનાલાલે ગૂજરાતને અનેક સુન્દર કાવ્યો આપ્યાં છે તેમાં એમની 'અપદ્યાગદ્ય' શૈલીનાં કાવ્યો ભલે એના પ્રતિભાબળથી કાવ્ય તરીકે ઊંચું સ્થાન પામે; પણ ગૂજરાતમાં અત્યારે ન્હાનાલાલ જે લોકપ્રિયતા ભોગવે છે એ એમની પ્રિય શૈલીનાં કાવ્યો માટે નહિ, પણ પ્રાચીન પંથના 'ન્હાના ન્હાના રાસ' માટે. અને એમનાં કાવ્યોને અંગે પણ રસ કરતાં, પ્રતિભાના ચમત્કારથી સ્ફુરેલા (કેટલાક અણઘડ શબ્દો બાદ કરતાં બીજા) કેટલાક અપૂર્વ ઘડતરવાળા શબ્દો એમના કાવ્યપ્રસાદમાં વીજળીના દીવાની માફક ચળકે છે.

× × × ×

એક અંગત ખુલાસો

આટલી વિશિષ્ટતાવાળા કવિ તરફથી, વ્યક્તિઓ સાથેના અંગત સંબન્ધમાં, સત્યને ખોટે નામે, સુરુચિ અને મનુષ્યસંસ્કૃતિની સામાન્ય આર્યતાનો ત્યાગ થાય એ ખરેખર ખેદજનક છે. છતાં આ શુભ મહોત્સવમાં આવા ખેદજનક પ્રસંગો અનેક બન્યા છે, અને એમાંના બે મ્હારા સંબન્ધી છે. એમાંથી એકનો ખુલાસો કરવાની જરૂર છે. પરંતુ તે મ્હારા બચાવ માટે નહિ તેટલું, આક્ષેપનો ઉત્તર ન વાળવો એ ઉપેક્ષા 'Return-call' ન આપવા કરતાં પણ મ્હોટો અપરાધ ગણાય તેટલા માટે. રા. ન્હાનાલાલ 'નાગરત્રિપુટી' ને પૂછે છે કે "ત્હમારી સુધરેલી સુજનતાના વિવેકકોષમાં 'Return-call' શબ્દ છે?" મ્હારા પોતા તરફથી ઉત્તર આપતાં મને જરા પણ સંકોચ નથી કે એ શબ્દને મ્હારા 'વિવેકકોષ'માં મ્હેં દાખલ કર્યો નથી, અને તે અણસુધરેલા દુર્જન ગણાવાના લેશ પણ ભય વિના; કારણ કે મ્હારા દેશની સુજનતાનો નિયમભૂત આચાર નથી. પણ Return call જો નિરભિમાન સુજનતાનું ચિહ્ન છે એને 'વિવેકકોષ' કરતાં વધારે નિકટ સ્થાને હું મૂકું છું, અને Return-callનો આચાર એનું ચિહ્ન છે તેટલા પૂરતો એ આચાર પણ હું માન્ય ગણું છું, અને આચારબુદ્ધિથી નહિ પણ અન્તરના ગુણરૂપે જાણ્યે અજાણ્યે પણ એ આચાર બનતાં સુધી પાળું છું. હવે રા. ન્હાનાલાલ કહે છે કે "આનન્દશંકરને ત્યાં છ-આઠેકવાર તો હું ગયો જ છું." એ કહે છે તો આવ્યા જ હશે, જો એમના સ્મરણમાં ભૂલ થતી નહિ હોય તો; જો કે મને પોતાને તો અત્યારે એક જ વખત આવ્યા યાદ આવે છે, અને તે એમના ચિરંજીવીના લગ્નપ્રસંગે. એ કંકોતરીના જવાબમાં હું એમને ત્યાં જઈ આવેલો એના 'Return-call' માં. રા. ન્હાનાલાલ પોતાને મ્હારા 'સમોવડીઆ' માને છે! પણ તે શી રીતે? કવિ તરીકે એ મ્હારાથી મ્હોટા ગણાય; અને મ્હારા વિદ્યાર્થી હોઈ વયમાં તો

ન્હાના જ. 'સમોવડીઆ'-પણાના દાવામાં એ કહે છે કે "અમે આયુષ્યયાત્રામાં લગભગ એક દાયકામાં છીએ." પણ ફેર એટલો જ છે કે જ્યારે મ્હેં એમ. એ. સમાપ્ત કરીને કોલેજમાં અધ્યાપન શરૂ કર્યું તે વખતે રા. ન્હાનાલાલ હાઈસ્કૂલમાં દાખલ થયા હશે. ઉત્તરમાં 'પાઘડી પહેરે જેમ મ્હોટપ મ્હોરતી નથી' તેમ અધ્યાપકને પદે બેઠે પણ ગુરુપદ આવતું નથી એ મને સંભારી આપવાની જરૂર નથી. માત્ર આ ક્ષુદ્ર ભેદનો ઉલ્લેખ એટલા માટે જ કરવો પડે છે કે એથી એમના પ્રત્યેની મ્હારી ભ્રાન્તિનું બીજ સમઝવામાં આવે. એ બીજ આ પ્રમાણે છે:—રા. ન્હાનાલાલ મ્હારા વિદ્યાર્થી છે એ યથાર્થ જ્ઞાનમાં ભ્રમનો આરોપ કરતાં મને બહુ વખત લાગ્યો. કેટલાક મિત્રોએ એમની મ્હારા તરફની વૃત્તિના ઉદ્ગાર મને જણાવ્યા, તો પણ એ મ્હારા વિદ્યાર્થી છે એ ઘણાં વર્ષપર્યન્ત હું ભૂલી શક્યો નહિ. પણ ગુરુ કુગુરુ થયા વિના એ ભૂલી શકે જ નહિ. આખરે મ્હારૂં હૃદય જે માનવા નહોતું ઇચ્છતું એ અમદાવાદ કોન્ગ્રેસના મંડપમાં એણે પ્રત્યક્ષ અનુભવ્યું: ન્હાનાલાલ મ્હારી પાસે આવ્યા, મ્હેં એમને આવકારના બે શબ્દો કહ્યા ન કહ્યા તેટલામાં તો, એમણે જે અદ્‌ભુત પરુષતાભર્યાં વચનો ઉચ્ચાર્યાં* એ 'ધમ્મપદ'નું પરિશીલન કર્યે પણ ભૂલી શકાય એવાં નથી. છતાં પણ ગૂજરાતના એક અભિમાન કરવા લાયક કવિ, અને મ્હારા એક વખતના વિદ્યાર્થી, એમની સાથે મ્હારો સંબન્ધ બગડ્યો છે એ વિચાર મને શલ્યવત્ દુઃખ ઊપજાવ્યાં કરતો હતો. તેથી એક સાત્ત્વિક આવેશની ક્ષણમાં હું હઠીભાઈની વાડીમાં એમને મકાને મળવા ગયો. પણ પોતે ઘેર નહોતા. તે પછી હું ગયો નથી, કારણ કે કોંગ્રેસના મંડપમાં થએલા અનુભવ પછી એ સાત્ત્વિકતા ફરી ફરીને લાવવી અશક્ય હતી.

---

* કારણ કે મ્હેં એમને અમદાવાદની સાહિત્યપરિષદ્‌ના ભાષણમાં 'કાઠીઆવાડી' કહ્યા હતા! મ્હેં શું, કેવી રીતે, અને કેવા ભાવથી કહ્યું હતું એ વાચક પોતે જોઈ લેશે.

રા. ન્હાનાલાલના છેલ્લા આક્ષેપની ઉપેક્ષા કરવી સહેલી હતી. પણ મને લાગ્યું કે એ આક્ષેપનો નિખાલસ રીતે ખરેખરો ઉત્તર દેવો એ જ ઠીક છે, અને તેથી આ અંગત બાબત—જેની સાથે વસ્તુતઃ ગૂજરાતને કાંઈજ સંબન્ધ નથી, અને જેણે એ 'ગુર્જરાતમાના ઘડતર'માં કાંઈજ ભાગ ભજવ્યો નથી, અને જેને ગૂજરાતી પ્રજા આગળ મૂકવાનું કાંઈજ પ્રયોજન નહોતું—એવી અંગત બાબત વિષે આટલું લખવું પડ્યું છે.

આવે શુભ પ્રસંગે ગૂજરાતનું વાતાવરણ મલિન ચર્ચાથી ભરાઈ ગયું છે એ જોઈ ખેદ થયા વિના રહેતો નથી. અત્યારે કવિ ન્હાનાલાલના ગુણની સાચી આંકણી, એની ગુણક્ષેત્રની ખરી માપણી કરવા ઉપરાંત, ગૂજરાતને અને એનાં વર્તમાનપત્રોને પણ જોસથી ચર્ચવાના દેશહિતના પ્રશ્નો થોડા નથી કે વ્યક્તિવિષયક ક્ષુદ્ર વાદવિવાદમાં બુદ્ધિ, હૃદય અને વાણી મલિન કરવાં યોગ્ય ગણાય.

[વસંત : વર્ષ ૨૬, અંક ૩, ચૈત્ર, સં. ૧૯૮૩]

૨. અભિનન્દન

હાલમાં આપણા પ્રાન્તમાં ત્રણચાર મ્હોટા આનન્દના પ્રસંગ બન્યા છે.

મહારાજા શ્રી ગાયકવાડ સરકારે આપણા વૃદ્ધ સાક્ષરશ્રી હરગોવિન્દદાસ કાંટાવાળાને 'સાહિત્યમાર્તંડ'નો ઇલ્કાબ આપ્યો છે, એ સાંભળી ગૂજરાતના સાક્ષરજીવનમાં રસ લેનાર હરકોઈને આનન્દ થયા વિના રહ્યો નહિ હોય. શ્રી હરગોવિન્દદાસભાઈએ પ્રાચીન ગૂજરાતી કાવ્યની સમૃદ્ધિ પ્રકટ કરીને સાહિત્યને અસાધારણ સેવા કરી છે, અને તે સાથે પ્રાથમિક કેળવણીનો વિસ્તાર કરવામાં પણ અતુલ શ્રમ ઉઠાવ્યો છે. અને આ વૃદ્ધવયે પણ સાહિત્ય અને કેળવણીના કાર્યમાં એમનો ઉત્સાહ અને સેવા કરવામાં તત્પરતા યુવાનને દૃષ્ટાન્તરૂપ છે. પ્રભુ એ 'સાહિત્યમાર્તંડ'ને લાંબું આયુષ્ય આપો.

સાહિત્યમાર્તંડ હરગોવિન્દદાસભાઈની પ્રાચીન ગૂજરાતી સાહિત્યને કરેલી સેવા યાદ કરતાંની સાથે 'ગૂજરાતી' પત્રના સ્થાપક અને સંચાલક સદ્‌ગત શ્રી ઇચ્છારામભાઈ, અને એમના પત્રના 'સુવર્ણમહોત્સવ'નો પ્રસંગ, યાદ આવે છે. ગૂજરાતના એ પત્રકાર-શિરોમણિની પત્રકાર તરીકેની હિંમત અને બાહોશી સુપ્રસિદ્ધ છે, પરંતુ તે ઉપરાંત એ પત્રે ગૂજરાતી સાહિત્યને પણ પુષ્કળ સેવા કરી છે. એ બંને વાત ધ્યાનમાં રાખી ગૂજરાતના પત્રકારો અને સાહિત્યપ્રેમી સજ્જનો 'ગૂજરાતી' પત્રનો 'સુવર્ણમહોત્સવ' સુંદર રીતે ઊજવશે એમ અમે આશા રાખીએ છીએ.

સૌ. શારદાબ્હેન મુંબઈ યુનિવ્હર્સિટિના રજિસ્ટર્ડ ગ્રેડ્યુએટો તરફથી સેનેટમાં મેમ્બર તરીકે પસંદ થયાં એ વૃત્તાન્ત ગૂજરાતને ખરેખર અભિમાન કરવા જેવો છે. સૌ. શારદાબ્હેને ગૂજરાતની દરેક જાહેર પ્રવૃત્તિમાં ઉત્સાહ અને હિંમતભર્યો ભાગ લીધો છે, અને બાળકોની તથા સ્ત્રીઓની કેળવણીના પ્રશ્નમાં એમણે બુદ્ધિ તેમજ અનુભવથી પરિપક્વ વિચાર બાંધ્યા છે—જેનો લાભ ગૂજરાતની પ્રજાને એ વારંવાર આપે છે. યુનિવ્હર્સિટિએ કૉલેજના શિક્ષણને સાક્ષાત્ ઘડવા ઉપરાંત, મૅટ્રિક્યુલેશન દ્વારા હાઈસ્કૂલના શિક્ષણ ઉપર પણ અસર કરવાની છે, અને એ શિક્ષણ જ ઉચ્ચ શિક્ષણનો ખરો પાયો છે એ ધ્યાનમાં રાખી એને સુધારવાનું કામ આપણી યુનિવ્હર્સિટિએ હાથ ધરવાનું છે. તે સાથે સ્ત્રીશિક્ષણની ઉચ્ચ શાલાઓ જે આપણા પ્રાન્તમાં બિલકુલ નથી એમ કહી શકાય તે તરફ પણ એણે ધ્યાન આપવાનું છે. આ વિષયમાં મદ્રાસ મુંબઈ કરતાં સરસાઈ ભોગવે છે એ જાણીતું હોઈને પણ મુંબાઈ હાથપગ બાંધી બેસી રહે એ શોકજનક છે. એ કાર્યમાં યુનિવ્હર્સિટિ સાક્ષાત્ પગલાં ભરી શકે નહિ એ ખરૂં, પણ સરકાર ઉપર તેમજ પ્રજાના દાનવીરો ઉપર એ પોતાનો પ્રભાવ પાડી શકે એમાં સંશય નથી. અમે આશા રાખીએ છીએ કે સૌ. શારદાબ્હેન સ્ત્રીઓની સ્વતન્ત્ર મહાશાળાઓ

સ્થપાવવા માટે જોઈતો શ્રમ કરશે. તેમ સ્ત્રીઓનો અભ્યાસક્રમ કાંઇક અંશે પુરુષો કરતાં જુદો હોઈને પણ એવો જ ઉચ્ચ બનાવી શકાય છે એમ એમના સેનેટના બંધુજનોને બતાવી આપશે.

[વસંતઃ વર્ષ ૨૮, અંક ૨, ફાલ્ગુન, સં. ૧૯૮૫]

૩. કવિશ્રી અરદેશર ફેરામજી ખબરદારનો સુવર્ણમહોત્સવ

કવિશ્રી ખબરદારે ગઈ તા. ૬ઠ્ઠી નવેમ્બરે * એમના જીવનનાં પચાસ વર્ષ પૂરાં કર્યાં. એનાં છેલ્લાં ત્રીસ વર્ષમાં એમણે ગુર્જરી કવિતાદેવીનો જે પ્રસાદ ગૂજરાતની પ્રજા આગળ ધર્યો છે તે માટે કૃતજ્ઞતા દર્શાવવા મુંબઈના કેટલાક સહૃદય સજ્જનો તરફથી આ પ્રસંગની યાદગીરીરૂપે સુર્વણ મહોત્સવ× યોજાયો હતો, અને એમાં સાક્ષાત્ વા પત્રદ્વારા ગૂજરાતની સહૃદય જનતાએ આનન્દથી ભાગ લીધો હતો. એ દિન કવિશ્રી ખબરદારના જીવનમાં એક સુવર્ણ-સમો સુન્દરવર્ણો દિન મનાવો જોઈએ. એટલું જ નહિ, પણ ગૂજરાતની સહૃદય જનતાએ પોતાના જીવનમાં પણ એમના સંબન્ધથી એ દિનને એક ઉત્સવનો દિન માન્યો. આ દિન ઊજવવા માટે અને એ રીતે ગુણજ્ઞતા દર્શાવવા માટે, દિ. બ. કૃષ્ણલાલ, રા. કનૈયાલાલ મુનશી, રા. ચંદ્રશંકર વગેરેને અમે ધન્યવાદ આપીએ છીએ.

આ પ્રસંગ કવિશ્રીની કવિતાના ગુણદોષના વિવેચનનો નથી તથાપિ આપણા કવિઓની ચિત્રવીથિકામાં એમનું ચિત્ર કેવું સુન્દર શોભે છે અને એની વિશિષ્ટતા શી છે એ વિષે થોડુંક વિવેચન કરવું પ્રસંગોચિત છે.

બેજહોટ એના 'Literary Studies'માં એક સ્થળે કવિઓના બે વર્ગ પાડે છેઃ 1. Primary અને 2. Secondary.

---

* અંગ્રેજી તારીખ પ્રમાણે,

× અમને 'કનક' શબ્દ ગમતો નથી, જરા કઙક લાગે છે. 'સુવર્ણ' વધારે લલિત છે. 'સાહિત્ય' પત્રે ખાસ ખબરદાર અંક કાઢ્યો છે તે માટે એના તન્ત્રીને ધન્યવાદ ઘટે છે.

આને પ્રથમ વિચારે, ૧. કવિ અને ૨. ઉપકવિ કહેવાનું સૂઝે છે, પણ તે બરાબર નથી; કારણ કે બેજહૉટ એકમાં મહાકવિ હોમરને તો બીજામાં મહાકવિ વર્જિલને મૂકે છે. પહેલા પ્રકારમાં એ કવિઓ આવે છે કે જેઓ સાક્ષાત્ જીવનમાંથી પ્રેરણા પામી કાવ્ય કવે છે: જેમકે હોમર; અને (નવલકથાકારને પણ વિચારમાં લેતાં) જેમકે ડિકન્સ. બીજા પ્રકારમાં એ કવિઓ આવે છે કે જેઓનું કવિત્વ બીજાના કવિત્વમાંથી ઊપજે છે, જો કે તે કારણથી તે ઊતરતું જ ગણાવું જોઈએ એમ નથી: ઉદાહરણ—વર્જિલ, જે હોમર ન થયો હોત તો કવિ ન થાત; બીજું, મિલ્ટન જેનું કવિત્વ અનેક ગ્રીક અને લેટિન કવિઓથી પોષાએલું છે. ગૂજરાતી ભાષાના કવિઓમાંથી ઉદાહરણ લઈએ તો એક વર્ગનું ઉદાહરણ નરસિંહ મ્હેતો અને બીજાનું પ્રેમાનન્દ. પ્રાય: સંસ્કૃતિના આદિકાળમાં પ્રથમ જાતિના, અને વિશિષ્ટ વિકાસમાં બીજી જાતિના કવિઓ થયા છે. * પણ તે ઉપરથી એમના પ્રકારમાં ચઢતાઊતરતાનો ભાવ લાવવો યથાર્થ નથી. એક રીતે જોતાં આકાશમાં ટાંગેલા મત્સ્યની સામું જોઈને એનો વેધ કરવો જેટલો કઠણ નથી, તેટલો પાણીમાં પ્રતિબિમ્બ જોઈ મત્સ્યવેધ કરવો કઠણ છે. બીજી રીતે જોતાં, ચિત્ર ઉપરથી ચિત્ર કાઢવું જેટલું સહેલું છે તેટલું મૂળ ચિત્ર કાઢવું સહેલું નથી. અથાત્, વસ્તુતઃ સાક્ષાત્ જીવનમાંથી પ્રેરણા પામવી કે સાહિત્યમાંથી પામવી એ બે કવિતાના મૂળને લઈ ને કવિના બે પ્રકાર પડે છે, પણ તેથી એક પ્રકાર ચઢતો અને બીજો ઊતરતો એમ એમાંથી અવશ્ય

---

* કારણ ખુલ્લું છે. સંસ્કૃતિના ઇતિહાસમાં મનુષ્યના જ્ઞાનના વિષયમાં એક પ્રકૃતિ અને બીજું મનુષ્યજીવન. તેમાં ત્રીજું તત્ત્વ મનુષ્ય-જાતિએ સંપાદન કરેલો જ્ઞાનનો ભંડાર ઉમેરાય છે. મનુષ્ય જે આરંભમાં consciousnessમાં પર્યાપ્તિ પામતો તે આગળ જતાં self-conscious થાય છે–બોધવાન્ એ પ્રતિબોધવાન્ થાય છે, વ્યવસાયવાન્ એ અનુવ્યવસાયવાન્ થાય છે.

રૂપે ફલિત થતું નથી. કવિશ્રી ખબરદાર આ બે પ્રકારમાંના બીજા પ્રકારના, અર્થાત્ સાહિત્યમાંથી પ્રેરણા પામેલા, કવિ છે. એમાં કોઈ પણ પ્રકારની હીનતા નથી: વર્જિલ, મિલ્ટન, ભવભૂતિ, પ્રેમાનન્દ જેવાના વર્ગમાં પડવું એમાં શી હીનતા ?

કવિશ્રી ખબરદાર પોતે 'કલિકા' નામના પોતાના એક કાવ્યની અવતરણિકામાં લખે છે:

" હું દુનિયાની અનેક ભાષાઓનાં કાવ્યસાહિત્યના પરિચયમાં આવ્યો છું, અને તેના અભ્યાસના પરિણામરૂપે અનેક સુંદર કવિતાઓ તથા તેમની અમૃતવાણીના ઊંડા સંસ્કાર મારા હૃદયમાં પડેલા છે, એ સર્વને હું કોઈ પણ રીતે મારા આત્માના ઉદ્ગારોથી વિભિન્ન કરી શકતો નથી. મનુષ્યના મનનું બંધારણ જ તેના પૂર્વજોના સંસ્કારોથી અને તેની આસપાસના વાતાવરણથી ઘડાતું જાય છે, તેમાં કવિનું હૃદય તો અત્યંત કોમળ અને ગ્રહશીલ હોવાથી તે અનેક અસરોની સુદઢ છાય તળે ઘડાય છે. કવિતાની કળા જેટલી સર્જક તેટલી અનુકરણશીલ પણ છે, અને તેથી જ પ્રકટ સામ્ય દેખાય છે તે અનિવાર્ય છે. કવિની શક્તિનું માપ કાઢતી વખતે વિવેચકે ખાસ જોવાનું છે કે કવિના આ અનિવાર્ય ગુણની પાર એની પ્રતિભા અને સર્જકતા ઝળકી ઊઠે છે કે નહીં. મનુષ્યની કલ્પનાઓ અને તેના વિચારોનાં બીજ તો મનુષ્યસૃષ્ટિમાં અનેકધા વેરાયેલાં છે, અને આપણે બારીકીથી જો જોવા જઈશું તો જણાશે કે કવિની કોઈ પણ કલ્પના કેવળ નવીન કે મૌલિક નથી. જે નવીનતા કે મૌલિકતા છે તે તેને નવીન રીતે દર્શાવવામાં છે, અને એમાં જ કવિની સર્જકતા અને સફળતા છે. ચિતારા માફક કવિની પાસે પણ અનેક રંગો તૈયાર પડેલા છે; પણ એ રંગોની ખાસ નવી છાયા અદ્ભુત મિશ્રણ કળાથી ઉત્પન્ન કરવામાં અને એ રંગોની યથોચિત વ્યવસ્થા પોતાની પીંછીથી કરીને નવું જ ચિત્ર બનાવી બતાવવામાં કવિની કલાની નવીનતા અને સાર્થકતા રહેલી છે.

"મારા હૃદયમાં પડેલા એવા ઊંડા સંસ્કારો જે મારી કવિતામાં તેની રચનાવેળાએ સ્વાભાવિક રીતે પ્રતિબિંબિત થયા છે, તેને મેં આનંદથી સ્થાન આપ્યું છે. દુનિયામાં હજારો વર્ષોથી કવિવારસો ઊતરતો આવ્યો છે, અને જો મારા હૃદયમાં કવિતા ઊગેલી હોય તો તેને એ કવિવારસાનો હક્ક છે. એ વારસાનો ભોગવટો હું માત્ર મારા જ આનંદને માટે એકલો કરતો નથી; પણ તે મારી પ્રિય ગુર્જર કાવ્યદેવીને ચરણે ધરીને તેને અનેકવિધ શણગારવાની હું ઊંડી અભિલાષા રાખું છું. એ દેવીની વાટિકામાં તેની ભૂમિ અને તેના વાતાવરણને યોગ્ય જે જે સુંદર ફળફૂલના રોપાઓ મારા પરદેશ-વિહારમાં મને મળી આવ્યા તે તે સર્વને મેં આનંદથી રોપ્યા છે, અને તેઓને મારા હૃદયના રુધિરથી સીંચીને ઊછેર્યાં છે. કલિકાના નાયકના શબ્દોમાં કહું તો—

'અગણિત સૂર્યો અને નક્ષત્રોનાં વિશ્વ વિષે
મહા ધૂમકેતુ શો હું ઘૂમી વળ્યો આજ;
ઠામ ઠામ થકી જ્યોતિ ભરી ભરી લાવ્યો ગોતી,
ભર્યું છે અખૂટ મારૂં પાત્ર તારે કાજ!'

"આ કાવ્યમાં ઈંગ્લાંડ, અમેરીકા, યુરોપ, હિંદ આદિ દેશોની અનેક ભાષામાંનાં કાવ્યોનાં અનુસરણ, અનુકૃતિ કે અનુવાદ રસિક વાંચકને બહુ ઠેકાણે જડી આવશે. એ સર્વ યોગ્ય સ્થળે અને યોગ્ય કાળે આ કાવ્યની રચનામાં જેમ જેમ સ્ફુરતાં ગયાં તેમ તેમ કશા પણ સંકોચ વગર તેઓને સ્થાન આપ્યું છે. એ લખાતી વેળા મૂળ કાવ્યો મારી પાસે હતાં નહીં, એટલે માત્ર સ્મરણમાં તેઓની જેટલી છાયા હતી અને તેઓના જેટલા સંસ્કાર પડેલા હતા, તેટલું તેઓનું પ્રતિજીવન અહીં ઉદ્‌ભવવા પામ્યું છે. આ સર્વમાં કવિનો પોતાનો રસ કેટલો અને કેવો વહ્યો છે તેની તુલના કરવાનું કામ રસિક વાંચકનું છે." [કલિકા—પિછાન પૃષ્ઠ ૯ થી ૧૧]

કવિશ્રીએ પોતે આ છેવટના વાક્યમાં રજુ કરેલી કસોટીથી

એમના કાવ્યની કિંમત આંકવાની છે. જે કવિની પ્રેરણાનું મૂળ અન્ય સાહિત્યમાં છે એને 'કવિ' કહેવામાં બદલે એમને એની યોગ્યતાનુસાર સારી પંક્તિ આપવામાં પણ બાધ નથી એ રા. ખબરદારે જણાવેલાં કારણથી સ્પષ્ટ છે એટલું જ નહિ, પણ એક પ્રતિષ્ઠિત વિદ્યમાન અંગ્રેજ વિવેચક મિ. ડ્રિંકવૉટરે અંગ્રેજ કવિ સ્વિનબર્ન વિષેના એમના વિવેચનમાં આ વાત બહુ સારી રીતે બતાવી છે. સ્વીનબર્ન વિષે લખતાં એ કહે છે :

"In saying that Swinburne was shortly, the greatest common factor of English poetry from Chaucer down to the mid—nineteenth century, it is necessary to observe that his source contained many properties introduced from other races and tongues. But this does not affect our central position; nor does the fact that his own direct sympathies were very largely with foreign art and activity. Art that is not influenced by eternal energies is not :national, but merely primitive. It cannot attain to a wholesome nationalism until there is a strong strain of the cosmopolitan in its nature, while a poet's use of a French verse-form or enthusiasm for an Italian cause do but, as it were, modify the manners—not the manner—of his art. Chaucer, Shakespeare, Milton, Shelley, Wordsworth, and the rest of them could never have written as they did had England been isolated intellectually as well as geographically, and Swinburne in sum-

marising the mean of past achievement caught up the external influences no less than the native product upon which they had worked.

× × ×

"It is said that Swinburne drew his inspiration too readily from literature rather than from life. The charge is supported by no less an authority than Morris, who says, 'Swinburne's work, always seemed :te me to be founded on literature, not on nature. Now I believe that Swinburne's sympathy with literature is most genuine and complete.' But, surely the charge refutes itself Morris's own words. If Swinburne's sympathy with literature was truly, 'genuine and complete' there is nothing more to be said.

".........If he neglects life and his own subjective experience, and seeks to supply his need from literature without the strict discipline of thought and feeling, it comes to inevitable disaster. But Swinburne inflicted no such indignity upon literature or himself. Literature was, for him, the supreme history of mankind, and to have neglected it would have been to neglect great and fertile tracts of experience.... To be inspired by literature, if our understanding of literature is rightly built, is to be inspired by life."—John Drinkwater.

પરંતુ અહીં એટલો ભેદ ધ્યાનમાં રાખવાનો છે કે—સાક્ષાત્ જીવનમાંથી પ્રેરણા પામનાર કવિની કવિતા પણ, એની પ્રતિભા મન્દ હોય તો, નિર્માલ્ય નીવડે છે; અને તે જ રીતે સાહિત્યમાંથી પ્રેરણા પામનાર કવિએ સાહિત્યમાં પ્રતિબિમ્બિત જીવન પોતાના જીવન સાથે જો મેળવી લીધું નથી તો એનું કાવ્ય કેવળ નકલિયું જ બને છે. કવિહૃદયમાંથી કવિહૃદય, કવિત્વમાંથી કવિત્વ પ્રગટ થાય તે કાવ્ય. કાવ્યમાંથી કાવ્ય ઊપજે તે નકલ: આમ આ બીજા પ્રકારનાં કાવ્યમાં ઊંચા–નીચાનો વા ખરાખોટાનો ભેદ દર્શાવી શકાય.

કવિ ખબરદાર ફારસી, અંગ્રેજી, વગેરે અનેક સાહિત્યમાંથી પ્રેરણા પામે છે પણ એમનાં કાવ્યો નકલિયાં નથી એ કોઈ પણ સુજ્ઞ વાચક સહેલાઈથી જોઈ શકશે. એમની કવિતાના આરંભકાળમાં એમના ઉપર કવિ દલપતરામની પ્રબળ અસર હતી, અને એને પરિણામે એ કવિની એમની પછીના યુગની સહૃદયતાને સંપૂર્ણ રીતે સંતોષવાની અપૂર્ણ શક્તિ ભાઈ ખબરદારમાં પણ ઊતરી હતી. અને 'કાવ્યરસિકા' પછી એમની કાવ્યપ્રવૃત્તિ બંધ થઈ ગઈ હોત તો ગૂજરાત આજ એમને જે અભિનન્દન દઈ રહ્યું છે એનો પ્રસંગ કદાચ ન આવત. પણ થોડા જ વખતમાં કવિશ્રી ખબરદારે ગૂજરાતની સહૃદયતાની નવી રુચિ—જે નરસિંહરાવ, ન્હાનાલાલ વગેરે કવિઓની કવિતાએ ઘડી હતી—એ પારખી લીધી, અને તે પછી 'વિલાસિકા', 'સંદેશિકા' આદિ સંગ્રહમાં એ ગૂજરાતની નવી સહૃદયતાને એવી ભરપૂર પ્રમાણમાં સંતોખી છે કે–મુંબાઈ અને અમદાવાદમાં ગૂજરાતની સહૃદય જનતાએ રા. ખબરદારનો સુવર્ણમહોત્સવ બહુ આનન્દથી ઊજવ્યો છે. 'વિલાસિકા'માં 'તાપી નદીના પુલ પર', 'પ્રેમનું ઘડિયાળ' એવાં કોઈ કોઈ જૂની શૈલીના સંસ્કારથી છંટાએલાં કાવ્યો નજરે પડે છે, પણ મોટે ભાગે નવી ઢબ વ્યાપી ગઈ છે. 'સ્વર્ગીય ગીત', 'પ્રેમતરંગ', 'ચંપેલી', 'રમ્ય રજની', 'મીનલબાળક' 'પ્રભાતનું ગાન,' ઈત્યાદિ આ નવી રુચિને ગમતાં

કાવ્યો થોકબંધ છે. સાથે, નર્મદની સ્વદેશભક્તિની માળ, જે હરિહર્ષદ ધ્રુવ પછી, રા. ખબરદારને કંઠે જેવી ઊતરી છે તેવી અન્ય કોઈ કવિને કંઠે ઊતરી નથી, એનો રણકાર પણ 'હિન્દનું ઊગતું પ્રભાત' નામના કાવ્યમાં સંભળાય છે,

'વિલાસિકા' પછી 'સંદેશિકા.' 'સંદેશિકા' એ નવીન શૈલીની, પણ 'વિલાસિકા' કરતાં પણ જૂના સંપ્રદાયથી વિશેષ મુક્ત અને કેટલાક અનન્યસાધારણ એવા ગુણોનું પ્રથમ દર્શન કરાવતી કાવ્યમાળા છે. એ સંગ્રહમા રમતિયાળ કલ્પનાથી ભર્યાં એવાં નવીન શૈલીનાં ઘણાં કાવ્યો છે.' 'વસન્તની શોધ' એ નામના કાવ્યમાં—

"કહેશો, ક્યાં જઈ સંતાઈ
　　વનજીવન લલિત વસંત?
કહેશો, નવફૂલડે છાઈ
　　કઈ કુંજનિકુંજ હસંત?
શોધી ફૂલડાંની આંખે,
　　શોધી કોયલને કંઠ;
શોધી સંધ્યાની પાંખે,
　　શોધી જ ઉષાને પંથ;
ખોળ્યા ધરણીની સાખે
　　કંઈ ગગનતણા રસગ્રન્થ
શું અવર ધરા જઈ ઝાંખે
　　રસપૂર્ણ અમર ઉત્કંથ.
—આમ વસન્તની રમણીય શોધ
　આવી, મોહી, ઊડી જાવું:
　　એ છે એની જૂની રીત;
જગનાં જનને રહ્યું ગાવું

સ્હાવું, સ્હેવું ને સ્હાવું :
એ છે જીવનની જીત;–
કહેશો, કયમ જઈ સમજાવું
જે પ્રીછે નહિ ઉરપ્રીત ? "

—એવા ગંભીર મનનથી અધિક મનોગ્રાહી બને છે.

બીજું ' મધુરી ' જુવો :

" શિખરે શિખરે લીલા લલિત રમાડતી
ભરચ્ચક ઊભી ટેકરીઓની હાર જો;
ને મધુરાં મધુરાં ઝરણાં રેલાવતી
કંઈક તૃષાતુર મુખે રેડે અમીધાર જો;
એવી એ સુન્દરતા ગઈ ક્યાં આજ રે ?
લહરી મીઠી આવી રસે અલબેલડી
ફૂલડાંને કાને કરતી રસવાત જો;
ને એ લહરી સંગ ભરી કરવેલડી
મધુરી મારી આવી સરલતા સાથ જો;
એ સરલા સુંદરતા ગઈ ક્યાં આજે રે ?"

—અહીં સૃષ્ટિસૌન્દર્યના સુન્દર ચિત્રમાં 'મધુરી'નો નિવેશ કરીને કવિ એ સૃષ્ટિનો આનંદ પ્રથમથી દ્વિગુણિત કરે છે અને પછી એ ' મધુરી'નો વિપ્રયોગ કરાવીને જીવનની કટુતા અને મીઠાશના મિશ્રણનો પરામર્શ કરે છે :

" છે માધુર્યે શોક કંઈ અદ્દભુત ભર્યો,
ને શોકે પણ છે માધુર્ય અનેરૂં જો;
હા મધુરી ગઈ ને કુટુતામાં હું ઠર્યો.
ને આ હૃદય સ્મરે મધુરૂં ને ઘેરૂં જો;
એવી એ સુન્દરતા ઠરી ઉર આજ રે ! "

—આ Didactic poetry નહિ પણ Reflective poetry.

'મારી બ્હેની', 'ઝૂલણું', અને 'પારણું'—ત્રણે વાત્સલ્ય-ભાવનાં સુન્દર કાવ્યો છે. દરેકમાંથી બેત્રણ કડી નમૂનાની ઊતારીએ;

"આછેરાં અરૂણાં અજવાળાં
ઉષા ભરે જગમાંય રે,
મુજ આંગણિયે એવાં તારાં
તેજ મધુર ઢોળાય;
મધુરી બ્હેની તું.

*

ખરતા તારા સરતા ક્રારે
નભ રૂપેરી નૂર રે
તુજ વાતલડીના ચમકારા
એમ સરે મુજ ઉર:
વ્હાલી બ્હેની તું." ['મારી બ્હેની']

*

માતાનાં દૂધ અને પિતાની છાંયડી,
દિન દિન વધે મારો બાળ :
મારો ફૂલે ને ઝૂલે.
હૈયાનાં તેજ અને આંખોનાં અમૃત;
હસતાં ખીલે એને ભાલ :
મારો ફૂલે ને ઝૂલે.
દેવોની વાડીનું ફૂલ એક મીઠું,
મારી વાડીમાં ફળે ફાલ :
મારો ફૂલે ને ઝૂલે.

*

પૂર્વ ને પશ્ચિમ બે મુઠ્ઠીમાં બાંધે,
હૈયે વિજયકેરી માળ :
મારો ફૂલે ને ઝૂલે ['ઝૂલણું']

નીંદરડી આવીને મારા બાગમાં પેઠી,
નીંદરડી ! તું તો છે ફૂલ-ચોર ;
હાં રે પોઢે મારો કનૈયો.
નીંદરડી તો કનૈયાની આંખમાં પેઠી
નીંદરડી ! તું તો છે કીકી-ચોર :
હાં રે પોઢે મારો કનૈયો.

*

નીંદરડી તું તો કનૈયાને રહેજે રે ભેટી !
કનૈયો છે પૂરો હૈયા-ચોર :
હાં રે પોઢે મારો કનૈયો.

'અક્ષરની ઉકેલણ'માં કવિ ન્હાનાલાલના સ્પષ્ટ ભણકાર છે, પણ તે સાથે કવિ ખબરદારના કવિત્વની છાપ પણ ચોખ્ખી છે:

"ઉકેલો, ઉકેલો, ઉકેલો, ઉકેલો ઉર-અક્ષરો,
ઉકેલો કો એ અક્ષરો ! (ધ્રુવ)

*

અણદીઠી રહે વીંટી શી મીઠી વસંત આ ધરાને;
કળીએ કળીએ રાજે રસરાજ :
ઉકેલો, ઉકેલો કો એ અક્ષરો !"

કવિ ન્હાનાલાલે પ્રેમથી વધાવેલાં આપણાં પુરાણાં લોકગીત ઉપર પણ કવિ ખબરદારનો રસમય પ્રેમ ઢળ્યો છે: 'દૂધડાં દોહતી'માં એ જાતના પ્રાચીન ગીતનો નવો અવતાર છે. જુવો :

"ગોરા ઉજાસ, ગોરા વહાણલાં, મનમોહનજી !
ગોરાં ગોરાં ગોકુલનાં ગામ:
દૂધડાં દોહું રે, મનમોહનજી !
ગોરી ચંબેલી, ગોરી વાદળી, મનમોહનજી !
ગોરી ગોરી હું ને તમે શ્યામ :
દૂધડાં દોહું રે મનમોહનજી !

કાળી કૂજે કહિં કોકિલા, મનમોહનજી !
ગોરા ગોરા આંબાના મહોર :
દૂધડાં દોહું રે, મનમોહનજી !
આઘે વગાડો તમ વાંસળી, મનમોહનજી !
દો'તાં દહાડો જશે ચઢી પહોર :
દૂધડાં દોહું રે, મનમોહનજી !
કાળાં તળાવ, ગોરા હંસલા, મનમોહનજી !
ઊંડા ઊંડા જીવનના ખોલ :
દૂધડાં દોહું રે, મનમોહનજી !
લાવો મટુકી તમ આત્મની મનમોહનજી !
આ દૂધડાંના સ્વાદ છે અમોલ :
દૂધડાં દોહું રે, મનમોહનજી !

પણ આવાં અગણિત કોમળ ભાવનાં કાવ્યો સાથે નર્મદાશંકર અને હરિ હર્ષદ ધ્રુવમાંથી પ્રેરણા પામી ગૂજરાતની ભક્તિ અને અભિમાનનાં, અને એ જ ભાવમાંથી પ્રાદુર્ભૂત વીરરસભરી કાવ્યોની કલિકાઓ પણ આ સંગ્રહમાં ('સંદેશિકા'માં) પુષ્કળ ફૂટી છે, જે એ પછી 'ભારતના ટંકાર'માં અધિક ખીલે છે, ત્યાં ક્વચિત પાંખડી વિખેરાઈ પણ જાય છે.

'અમારી ગુજરાત', 'ઓ ગુજરાત' 'ગુજરાતનો યજ્ઞકુંડ', 'ખાંડાની ધાર', 'દેવીનું ખપ્પર', 'રણહાક' ઇત્યાદિ કાવ્યો અન્યપ્રેરિત પણ ખરા હૃદયના ઉદ્‌ગાર છે: અન્ય દીપમાંથી પ્રગટેલા પણ તેજસ્વી દીપ છે. 'ગૂજરાતનો યજ્ઞકુંડ'—એમાંથી થોડીક કડીઓ ટાંકીએ :

"દુઃખમાં શૂરા રે, ઓ ગુજરાતી વીરા !
આવો, પૂરા રે ખમવા દુઃખના ચીરા ! (ધ્રુવ)
પાય પડ્યા, વિનવ્યા કંઈ કંઈ, શું હૃદયહીણને રટવું !
હવે પડ્યા રગડાવા રણ ત્યાં ના હટવું, ના હટવું !
દુઃખમાં શૂરા રે !

ભારતદુઃખ શિરે અમ લેતાં, હૈયાં કેમ ન ફૂલે?
ઓ ભારત! નિધિ (!) પાર ઉતરજો અમ શામઢગને પુલે!
દુઃખમાં શૂરા રે!

વાટે ઘાટે છાતી ફાટે થાય સ્મશાની દુનિયા;
નવલખ આંખે વ્યોમ રુવે પણ પાછું ન જુવે મરણિયા!
દુઃખમાં શૂરા રે!

× × ×

ધર્મક્ષેત્ર એ, ધર્મક્ષેત્ર એ, એ રણક્ષેત્ર અનેરૂં!
જય જય કોને ભાગ્ય અદલ એ પુણ્ય જ ભારત કેરૂં?
દુઃખમાં શૂરા રે, ઓ ગુજરાવી વીરા!
ગાજો પૂરા રે સત્ય-પ્રેમ-રસધીરા!"

એવું જ જોસદાર બીજું કાવ્ય 'દેવીનું ખપ્પર' છે. સાંભળો:

"ભરભર મારૂં ખપ્પર, ભૈયા! ઓ ભારતના વાસી!
ઘરઘર ભીખું હરનિશ ફરતી, હું જુગજુગની પ્યાસી;
ખપ્પર ભરો ભરો હો.

× × ×

જ્યોતિ જ્યોતિ ઘરઘર જો સળગ્યો, રોતી રોતી શું માંગું?
શિર કાપી ખપ્પરમાં નાખો, કરો કાળજું આધું!
ખપ્પર ભરો ભરો હો!

એક કેસરીની ત્રાડે તો ભરી દિસે વનવસ્તી;
એક વીરરસંની વસ્તીમાં કરુણતણી ક્યાં હસ્તી?
ખપ્પર ભરો ભરો હો."

'રણહાક' એ કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના 'જનગણ મન અધિનાયક જય, ભારતભાગ્યવિધાતા' એ રાષ્ટ્રગીતની ચાલમાં રચાએલું હરિ હર્ષદ ધ્રુવની શૈલીનું સ્મરણ કરાવતું જુસ્સાદાર કાવ્ય છે.

વાચક જાણે છે જ કે આ ઢબનાં કાવ્યોનો આરંભ કરવાનું માન નર્મદ અને વિશેષતઃ હરિ હર્ષદ ધ્રુવને છે; પણ નર્મદ અને

હરિ હર્ષદ ધ્રુવની પછી દેશમાં એ કાવ્યની ભાવસામગ્રી જેમ વધી છે, તેમ ગયા જમાનાના કવિઓ કરતાં રા. ખબરદારનાં કાવ્ય સંખ્યામાં, વિવિધતામાં, પદ્યરચનાના પ્રકારમાં, અને ઘણી વાર ગુણમાં પણ અધિક નીપજ્યાં છે. 'ભારતનો ટંકાર' ખાસ આ જાતના કાવ્યોનો સંગ્રહ છે, એમાં પૂર્વોક્ત 'સંદેશિકા' માં આ વર્ગનાં કાવ્યોનાં જે કિરણ ફૂટ્યાં હતાં તે વધારે સંખ્યામાં એકત્રિત થયાં છે. એની વાનગી આપવાની 'સંદેશિકા'માંથી આટલા ઉતારા ટાંકયા પછી, જરૂર રહેતી નથી. આ પુસ્તકમાંના કાવ્યોની પ્રેરણાનું મૂળ કવિએ પ્રસ્તાવનામાં બહુ સારી રીતે જણાવ્યું છે. એ લખે છે: "સદ્ભાગ્યે ભારત પ્રજાના ઇતિહાસમાં ધર્મભક્તિ પ્રથમથી જ આદિસ્થાન લે છે, અને એ ધર્મભક્તિથી જ એ પ્રજાનું જીવન કાળના અનેક મારા છતાં હજી ટકી રહેવા પામ્યું છે. તડકા છાંયા તો જગતમાં જીવનાકાશમાં વહ્યાં જ જાય છે, અને પ્રકાશ અને અંધાર, જીવન અને મૃત્યુ, જાગૃતિ અને સુષુપ્તિ, એ દ્વન્દ્વો પણ એ જ આકાશમાં રમે છે. ભારતે અનેક તડકાંછાંયા જોયા છે, અને પોતાની અંધારપળમાં પણ તે શુદ્ધ ધર્મને નહિ તો તેની સબળ છાયાને વળગી રહીને પોતાનો શ્વાસ ટકાવી શકયું છે, પ્રભુકૃપાએ એ અંધારપળ પણ હવે પૂરી થઈ છે અને પ્રકાશનાં આછાં પગલાં બધે પાછાં પડવા માંડ્યાં છે, ત્યાં એ છાયાને બદલે પાછી તીવ્ર ધર્મભક્તિ બધે સ્ફુરવા માંડી છે, અને એ ધર્મભક્તિની સાથે દેશ-ભક્તિ પણ પુનઃ જાગવા લાગી છે. વીજળીના ચમકારાની પાછળ ગડગડાટનો કડાકો થાય છે, તેમ હાલના મહાયુદ્ધમાં થયેલા ધર્મજયની પાછળ દેશભક્તિની ગર્જના દુનિયાની તમામ પ્રજાઓમાં ગાજી ઊઠી છે, તો ભારતની ધર્મભક્તિવાળી પ્રજાના હૃદયમાં પણ એ જ દેશ-ભક્તિનો કડાકો થાય તો તેમાં નવાઈ નથી." પછી ભારત અને બ્રિટાનિયાના સંબન્ધમાં બ્રિટાનિયાને પૂર્ણ ન્યાય આપી, અન્તના પૅરેગ્રાફમાં લખે છે: "જીવન એ સતત યુદ્ધ છે, તો એ જીવનને

ટકાવવા અને જયવંત કરવા શૂરાતનની પ્રથમ આવશ્યકતા છે. કાવ્યના નવે રસમાં એથી જ વીરરસનું પ્રાધાન્ય મનાયું છે. મનુષ્ય હૃદયના ઉજ્જ્વલ ભાવો–સ્વાર્થત્યાગ અને સ્વભોગ—એ રસમાં પૂરા ખીલી નીકળે છે, અને એ જ ગુણો ધર્મભક્તિ અને દેશભક્તિના અચળ સ્તંભો છે. ગુર્જર સાહિત્યને મંદિરે દેશભક્તિનાં પુષ્પો ગત કાળમાં સારી પેઠે ચ્હડ્યાં છે, અને તેમાં વીરબન્ધુ કવિ નર્મદનો ઉપહાર સબળ અને પ્રધાન છે. એમની પછી ડૉ. હરિલાલ ધ્રુવે એ જ મંદિરની ઘંટા ઊછળતા વીરનાદે વગાડી છે. એ મંદિરના સર્વ પૂજારીઓને ભારતનાં ગાન કરુણરસમાં જ પ્રથમ કરવાં પડ્યાં છે, પણ કરુણરસમાંથી આત્મભાન થતાં વીરરસ સ્વાભાવિક જન્મે છે. આ પુસ્તકમાનાં કાવ્યોનો પ્રવાહ પણ એવી રીતે વહ્યો છે. ”

આ કાવ્યોની પ્રેરણાનું મૂળ એક રીતે નર્મદ અને હરિહર્ષદ ધ્રુવમાં જેમ ખબરદારે ઉદારતાથી સ્વીકાર્યું છે, તેમ બીજી તરફ આ કાવ્યરચનાના સમયની પરિસ્થિતિમાં પણ એ રહેલું છે એ એમણે જણાવેલી હકીકતથી સ્પષ્ટ સમજાય છે. છતાં એ સર્વ કાવ્યપુષ્પો કવિ કહે છે તેમ “ અંતરની સત્ય અને સબળ ઊર્મિથી ચૂંટાયેલાં ” છે, એ વિષે સંદેહ નથી.

વર્તમાન સમયમાં ગૂજરાતમાં રાસ, ગરબી, આદિ સંગીતપ્રધાન કાવ્યો બહુ લોકપ્રિય થઈ પડ્યાં છે. કવિશ્રી ન્હાનાલાલ વગેરેના રાસથી કલ્પનાની ભવ્યતામાં ક્વચિત્ ઊતરતાં અને સંગીતના માધુર્યમાં અને વાણીના પ્રસાદમાં ક્વચિત્ ચઢતાં એવાં અનેક કાવ્યો કવિશ્રી ખબરદારની ‘ રાસચન્દ્રિકા ’માં પ્રકટ થયાં છે. આ જાતનાં કાવ્યોમાં વસ્તુ, અર્થ અને ભાવ કરતાં પણ શબ્દ અને સંગીતની મીઠાશ વધારે અગત્યનો ભાગ લે છે, અને એ કસોટીએ તપાસતાં, સ્વિન્બર્નનાં કાવ્યોને માટે કહેલા મિ. ડ્રિંકવૉટરના શબ્દો ખબરદારના રાસને બહુ યોગ્યતાથી લાગુ પડે એમ દેખાય છે.

મિ. ડ્રિંકવૉટર લખે છે: " It will be seen that even in these instances the poet does not lack either variety of measure or variety of language, In both he is prodigal of change. But measure and language do not alone contribute the visible pleasure of poetry. There is a spirit in expression which is a thing distinct from the thing expressed. Language, in its working, has an independent life of its own, and it is by the strict adjustment of this life to the life of the poet's thought and vision that he achieves the perfect proportion of his art. "–John Drinkwater.

કાવ્યના આ તત્ત્વ ઉપર જરા ભાર દેવાનું મન એથી થાય છે કે 'કુસુમમાળા', 'હૃદયવીણા' ઇત્યાદિ કાવ્યો આપણે વધાવી લીધાં તે કાળે, એ કાવ્યોનું શબ્દસૌષ્ઠવ અનુપમ સુન્દરતા અને ઔચિત્યભર્યું હોવા છતાં, એ કાવ્યોના વિવેચનમાં તો આપણી દૃષ્ટિ મ્હોટે ભાગે શબ્દ અને છન્દ કરતાં અર્થ અને ભાવ ઉપર વધારે ઠરતી હતી, અને શબ્દનાં શુષ્ક ઝડઝમકનાં ઝાંખરાં અને છન્દની બેડીઓ સ્હામે રસ અને સ્વાતન્ત્ર્યનો ધ્વજ ફરકાવવાના ઉત્સાહમાં આપણે ઘણી વાર કાવ્યમાં શબ્દનું સ્થાન ભૂલી જતા હતા. પણ આપણા પ્રાચીન સાહિત્યશાસ્ત્રના આચાર્યોએ રસ અને અર્થના શરીરભૂત શબ્દનો મહિમા એના યોગ્ય માપમાં માન્યો છે, અને કાવ્યનું લક્ષણ કાવ્યશાસ્ત્રના એક પ્રાચીન આચાર્ય ભામહે 'शब्दार्थौ सहितौ काव्यम्' એવું કર્યું છે. એમને મતે શબ્દ અને અર્થ ઉભયં મળીને કાવ્ય બને છે; જે ઉપરથી અમુક વિશિષ્ટરૂપના વાઙ્મયને 'સાહિત્ય' નામ આપવામાં આવે છે. તાત્પર્ય કે શિવ અને પાર્વતી સમાન, પ્રેમ અને સંયમની મૂર્તિ, અર્થ અને વાણી,

સંશ્લિષ્ટ રૂપે—એક થઈને—જેમાં રહે તે 'સાહિત્ય'. આ દૃષ્ટિએ જોતાં કાવ્યમાં અર્થ અને શબ્દનો સંશ્લેષ, કાંઈ નહિ તો સમતા, રહેવી જોઈએ; પરંતુ એ સંશ્લેષમાં શિથિલતા, સમતામાં ન્યૂનાધિકતા, થતાં શબ્દ વા અર્થનું ગૌરવ થઈ આવે છે. સંશ્લેષની પરાકાષ્ઠા જાળવવી કઠણ છે એટલું જ નહિ, પણ એ ભૂમિકાએ સહૃદય હૃદયને સતત રહેતાં થાક વા અતિતૃપ્તિ પણ કોઈ વાર થઈ આવે છે. એથી કેટલાક કાવ્યના પ્રકાર જ એવા ઉદ્ભવ્યા છે કે જેમાં અર્થ અને શબ્દના મહિમાની ન્યૂનાધિકતા હોય. જેમકે, કેટલાંક કાવ્યના પ્રકારમાં અર્થનું ગૌરવ થોડેઘણે અંશે પણ અધિક જોઈએ: જેમકે, Epic, Narrative, અને Dramatic poetry અર્થાત્, મહાકાવ્ય, આખ્યાન ને નાટક વગેરે; બીજા પ્રકાર એવા છે કે જેમાં શબ્દનો મહિમા વત્તોઓછો પણ વધારે હોય છે: જેમકે Lyrics Songs, Ballads આદિ સંગીતકલ્પ કાવ્યો—રાસ, કવિતો, લાવણીઓ, ગરબીઓ વગેરે. આ રીતે કાવ્યમાં શિવ અને શક્તિનાં, કૃષ્ણ અને રાધાના સંપ્રદાય છે. આથી હવે, કાવ્યમાં શબ્દનું સ્થાન સમઝી લેતાં, રા. ખબરદાર, એમનાં કાવ્યોમાં સ્થળે સ્થળે નવા છન્દોની યોજના આદિ શબ્દતત્ત્વ ઉપર વાચકનું ધ્યાન શા માટે ખેંચે છે એ જણાઈ આવશે. ઉપર સૂચવ્યું તેમ રા. નરસિંહરાવનાં કાવ્યોમાં 'वाग् वश्येवानुवर्तते;' રા. ન્હાનાલાલ શબ્દને ઉવેખે છે, વા નવી જ શબ્દની સૃષ્ટિ રચે છે; ઘણી વાર શબ્દની વિશિષ્ટ રચનાને—છન્દને—એ બુદ્ધિપુરઃસર હણે છે; પણ જ્યારે એમના ચાપની દોરી (પણછ) ઊતારે છે, ત્યારે એમના અર્થ અને ભાવને અનુરૂપ સંગીત એમનાં કાવ્યોમાંથી નીકળે છે, અને એમનાં કેટલાંક ઉત્તમ કાવ્યો ગૂજરાતમાં લોકપ્રિય થઈ પડયાં છે, તે બહુધા આ જાતનાં છે. પણ રા. નરસિંહરાવમાં તેમજ રા. ન્હાનાલાલમાં શબ્દયોજના તરફ બુદ્ધિપુરઃસર યત્ન નથી; * રા. ખબરદારમાં

* Art તે હમેશાં artificiality જ નથી એટલું સમઝે તો પોતાની

એ છે. એમનો પ્રયત્ન સર્વત્ર સફળ થયો છે વા આવશ્યક હતો કે કેમ એ જુદો પ્રશ્ન છે, પરંતુ એ ઘણે ઠેકાણે સફળ થયો છે એની કોઈથી ના કહી શકાશે નહિ.

'રાસચન્દ્રિકા' નો ઉલ્લેખ કરતાં પ્રસંગોપાત્ત, કાવ્યમાં શબ્દ અને સંગીતના મહિમાના સામાન્ય વિચારે આપણે ચઢી ગયા. એમાંથી નીકળી હવે ક્ષણ વાર 'રાસચન્દ્રિકા' નિહાળીએ. એની 'દીપિકા'માં કવિ લખે છેઃ "આ રાસયુગમાં ગુર્જર કાવ્યસાહિત્યમાં ઘણા કવિઓએ મોટે ભાગે રાસની લહાણી કરાવી છે. ગુર્જર સુંદરીઓના હસ્તમાં એવી ઘણીયે રાસની ફૂલછાબો અર્પણ થઈ છે, તેમાં આ 'રાસચન્દ્રિકા'ની એક નાની ફૂલછાબ હુંયે મૂકવા ભાગ્યશાળી થયો છું. એમાંનાં ફૂલોના રંગ અને ફોર આકર્ષક નહીં હોય, પણ જે હૃદયના ભાવથી અને સાચા ઉમળકાથી એને મારી બહેનોના હસ્તમાં હું મૂકું છું, તે ભાવ પ્રતિ જ જોવાની હું તેમને વિનંતિ કરૂં છું.

"આકાશ વિશાળ છે, તેમાં નક્ષત્રો અને તારિકાઓનાં દૃસ્ય તેમજ અદૃસ્ય ઝૂમખાં પણ અગણિત છે. પ્રભુના વિશાળ વિશ્વમાં નાનામોટાં એવાં સર્વ ઝૂમખાંને સ્થાન છે, તો મારી પ્રિય ગુર્જર-દેવીના સાહિત્યાકાશમાં આ મારા નાના રાસઝૂમખાને પણ એક નાનો ખૂણો મળી શકશે, એવી મારી શ્રદ્ધા છે." પોતાના રાસનું મૂલ્ય કવિએ અકારણ નીચું આંક્યું છે. અંગ્રેજીમાં કહેવાય છે તેમ, સરખામણી હમેશાં કડવી છે; અન્યની સાથે સરખામણી ન કરતાં આ રાસનું પોતાનું જ સૌન્દર્ય નિહાળીએ તો તેમાં પુષ્કળ આનન્દની સામગ્રી છે. જ્યાં ઘણી સારી સંખ્યા છે, ત્યાં એકએ પસંદ કરતાં અન્યને અન્યાય થવા ભય છે, તો પણ થોડા તરફ આપાતતઃ વાચકનું લક્ષ્ય ખેંચીશું.

નૈસર્ગિક શક્તિની મિથ્યા કલ્પનાથી કાવ્ય લખવામાં ઘણા યુવકો પોતાનો સમય ગુમાવતા આવે

'અમર વસંત' જુવો :

"આવી આવી આ અમરવસંત વિશ્વસદનમાં રે,
એનાં ઊતરે છે હાસ્ય અનંત વનમાં જનમાં રે;
આજે આવી છે નવરસ રેલ, જગને ભરતી રે;
તેમાં કરતી સૌ કુદરત ખેલ, તરતી સરતી રે.
(સાખી) સ્વર્ગફૂવારા ફૂટતા, સીંચે જગના બાગ,
પળપળ અમીકણ છૂટતા પૂરે ફૂલફૂલમાં નવ ફાગ;
—વનમાં જનમાં રેઃ
આવી આવી આ અમરવસંત વિશ્વસદનમાં રે."

ભાષાની સાદાઈ અને પ્રસાદ નવલરામનો છે, અર્થની ઉચ્ચતા નવા યુગની છે. એ નવયુગના ભાવ આગળ જતાં એ જ કાવ્યમાં અધિક ખીલે છેઃ

"આજે મૂર્ત બન્યાં છે સર્વ સ્વર્ગનાં સ્વપ્નાં રે,
પૃથ્વી પલકે છે પાંદડે ખર્વ તેજે તપનાં રે;
આજે વિશ્વવીણાના તાર વિભુ ફરી તાણે રે;
એના તારે તારે રણકાર અજબ કો આણે રે.
સુંદરતાનાં, સ્નેહનાં અંજન જગ અંજાય;
કિરણે કિરણે દેહનાં ઝબકે ચિરયૌવનની ઝાંય;
—વનમાં જનમાં રેઃ
આવી આવી આ અમર વસંત વિશ્વસદનમાં રે.
આવો આવો, ઓ રસના સંત ! હસતા આવો રે !
જગ ઝૂલતી આ અમરવસંત ઉર પધરાવો રે !
વિભુ ઊભો રહી રસઘાટ બંસી બજાવે રે,
એના ઉડતા આનંદ વિરાટ ઝીલજો ભાવે રે !
ક્યા નંદનવન નાથનાં, ક્યાં જનજીવન શૂન્ય,
નિત્યવસંતના સાથમાં ખીલજો પુષ્પસમાં તમ પુણ્ય !
—વનમાં જનમાં રેઃ
આવી આવી આ અમરવસંત વિશ્વસદનમાં રે."

આ ઉપરાંત, 'કૃષ્ણ વિના ગણું નહિ' એ લોકોક્તિનાં ઉદાહરણરૂપ અનેક સુન્દર સંગીતકલ્પ કાવ્યો છે. પરંતુ ખબરદારની વિશિષ્ટ કલ્પનાનાં ઉદાહરણ 'પનિહારી ચંદા', 'ગુલાબ ને ચંબેલીમાં'થી થોડીક પંક્તિઓ ટાંકીએ:

"આજે પરણે છે વાડીનાં ફૂલ, ગુલાબ ને ચંબેલી,
જોવા આવજો એ જોડી અમૂલ, ગુલાબ ને ચંબેલી,
જેવી પાંદડીની ફૂટતી ફુમાશ, ગુલાબ ને ચંબેલી!
એવી ખીલવજો અંતરની આશ, ગુલાબ ને ચંબેલી.
રૂપે ગુણે રહો ગરવો ગુલાબ! ગુલાબ ને ચંબેલી,
ભરો ચંબેલી શુદ્ધ સ્નેહછાબ! ગુલાબ ને ચંબેલી."

એ જ લાલિત્યમાં માધુર્ય ઊમેરાએલું 'સંધ્યાનાં સોણલાં'માં જોશો:

કુંળી ઉષા, કુંળાં આભલાં, મુજ વહાલમજી!
કુંળા કુંળા સૂરજના પાદ:
ભૂલશો સોણલાં તે, મુજ વહાલમજી,
મોંઘી વસંત, મોંઘાં ફૂલડાં, મુજ વહાલમજી
મોંઘા ઉર ઉરના આહ્‌લાદ:
ભૂલશો સોણલાં તે, મુજ વહાલમજી!
હૈડે લીલા લચી કૈં હતી, મુજ વહાલમજી!
કરતી કોયલ ટહુકાર:
ભૂલશો સોણલાં તે, મુજ વહાલમજી!
આજે ઊભાં સંધ્યા તળે મુજ વહાલમજી!
કેવી મીઠી મનોહર શાંત!
ભૂલશો સોણલાં તે, મુજ વાલમજી!
રેલ્યા આ જીવનરંગ સૌ, મુજ વહાલમજી!
ઝૂલે નભધરણી એકાંત:
ભૂલશો સોણલાં તે, મુજ વહાલમજી!

'હૈડે લીલા લચી કૈં હતી' એને માટે ધ્વનિપ્રેમી સહૃદય જે ઇનામ આપે તે ઓછું; મ્હારો સહૃદયતાનો ઉપહાર તો હું ભવભૂતિની "विश्रामो हृदयस्य यस्य जरसाऽप्यस्मिन्नहार्यो रसः। कालेनावरणात्ययात् परिणतं यत्स्नेहसारे स्थितम्।" એ દામ્પત્યપ્રેમની વિજયપતાકા રૂપ પંક્તિઓના સ્મરણજનિત એક કાવ્યની નીચેની પંક્તિઓને અર્પીશ; ને 'દામ્પત્યનો વિજયકાળ' નામના કાવ્યમાં કવિ કહે છે:

"ન્હોતું જાણ્યું સ્વપ્ને પણ કો વેળા,
યુવાથી કંઈ મીઠડું રે લોલ.
આજે એવું ઘડપણ સ્નેહઠરેલ,
યુવાથી ભલું દીઠડું રે લોલ.
વાદળી વાદળીમાંહી ભેળાય,
ભેળાતાં ઉર આપણાં રે લોલ;
હવે પ્રાણ પ્રાણે ડુબી સમાય,
ઉદક ઝરણાં તણાં રે લોલ.

* * * *

હવે અહીં બાળકડાંની પાંખ
વસંત એ ખીલશે રે લોલ.
જોઈ એને આપણી ઝુમતી આંખ
નવું નૂર ઝીલશે રે લોલ.
વ્હાલા પેલી ઉઘડી દિવ્ય દિગંત
રેલાશે કૃપા નાથની રે લોલ.
ત્યારે તહીં રચશું નવલ વસંત
અનંત આ સાથની રે લોલ."

'અલમતિ વિસ્તરેણ,' હવે સંકેલીએ. સ્વિનબર્નના સંબંધમાં લખતાં જેમ મિ. ડ્રિંકવૉટરે કહ્યું કે ચોસરથી માંડી ઓગણીસમી શતાબ્દીના મધ્યકાળ સુધીની અંગ્રેજી કવિતાના એ 'greatest common factor' છે, તે જ રીતે રા. ખબરદાર પણ દલપતરામ

અને નર્મદાશંકરથી માંડી આજ સુધીની ગૂજરાતી કવિતાના greatest common factor છે.

પરંતુ આમ રા. ખબરદારે સમયે સમયે ગૂજરાતનું સહૃદય હૃદય પારખ્યું છે એટલું જ નથી, પણ પોતાની જાતની હૃદયની ભાવના પણ સંતોષી છે.

'કલિકા' વિવિધ પાંદડીઓની બનેલી એક અખંડ કવિતા છે. એની પિછાન કરાવતાં રા. ખબરદાર કહે છે: "સર્વ સંસારી હૃદયોમાં મોડે વહેલે કોઈક કાળે ફૂલની એક અદ્‌ભુત કળી ફૂટે છે, અને આ સ્થૂળ જીવનમાં સ્વર્ગની મહેક મહેકાવી રહે છે, એ કળીનાં દર્શનની દૂર દૂરની આકર્ષકતા છે, એ કળીના સુવાસમાં પ્રભુના સ્નેહની પરોક્ષ પ્રતીતિ છે." પ્રિયાના પ્રેમની આ કવિતા જેમ હૃદયના ઉત્કટ ભાવથી અંકાએલી છે, તેમ અંગ્રેજીમાં જેને 'imagery' યાને કલ્પનાચિત્રો કહે છે તેનાથી ભરચક ભરેલી છે. એનાં બે ચાર મુક્તકો અહીંતહીંથી ઊતારી દઈએ :

"લીલા પેલા આંબલાની સૂર્યગુંથી છાયા નીચે
ચાંદની શી મંજરી છે પડી એમ તેમ;
ડાંખળી શા હાથ વાળી ફૂલ જેવું શીશ મૂકી
સૂતેલી છે પ્રિયા મારી મંજરીની જેમ,
જોઈ એને આંબલાથી કોકિલ ત્યાં ઊડી આવ્યો,
ધસી મેં ત્યાં ઝૂકી શિરે કીધી હસ્તછાંય,
આશ્ચર્ય તે ઊડી મને કોટે પડી વળગી ત્યાં;
એમ મને રાખશે શું ગ્રહી તે સદાય ?

× × × ×

પ્રભાતે દિગંત પર અર્ધ સૂર્યબિંબ ઉગે
જોતો તેને સિંધુકાંઠે કરૂં હું વિચાર,
જાણે બેસી નૌકામાં ત્યાં સિંધુને વટાવી આખો
સૂર્યના મ્હેરાબમાંથી જાઉં પેલી પાર !

જીવનદિગંત પર પ્રિયા જ્યારે ઉગી એવી,
દીઠો મેં ત્યાં એવો એના આત્માનો મ્હેરાબઃ
શૌર્યથી સમુદ્રે મારી નૌકાને ઝૂકાવી મેં ત્યાં—
એ આવ્યો મ્હેરાબ ! પ્રિયા દેશે શો જવાબ ?

× × ×

પ્રિયા જન્મકાળે પાછી વસંત પધારી હતી,
પુત્ર પુષ્પ થકી તેના છલકાતાં થાળ;
ધવલ કમળ અને ચંબેલીના ઢગ વચ્ચે
પારણામાં સૂઈ રહેતી પ્રિયા બહુ કાળ;
ચોપાસ ગુલાબ ટાંગ્યા, વેરતી કે ખેંચી ખાતી,
એથી એનાં કુસુમો શાં ખીલ્યાં મૃદુ અંગ;
અંતર ગુલાબ, બ્હાર કમળ શી બની એ કેઃ
તેજ ચુંબ્યાં પુષ્પોના શા જાદુઈ પ્રસંગ !
આવી છે વસંત પુત્ર પુષ્પ કેરો થાળ ભરી,
લીલી ધરા ખીલી રહી મંજરીને હાસ;
આભ અને આભલામાં ઓચિંતા સૌંદર્ય ઉગે.
નવલ સુગંધ ભરે સૃષ્ટિ કેરો શ્વાસ;
પ્રકૃતિમાં બધે એવો ફાગણનો પ્રેમ ફૂટેઃ
હૈયું જ્યારે મોજા જેવું કૂદે ધરા સાથ,
અને નવું નવું કાંઈ ઉગ્યું લાગે, ત્યારે કહો,
ચ્હાવું કે ન ચ્હાવું એ શું આપણે છે હાથ ?
લીલી છે વસંત આવીઃ લીલા શણગાર એના,
લીલી એની સાડીમાં છે વિધવિધ ફૂલ;
દા'ડા લાંબા થાય, સૂર્ય રોજ રોજ વધુ વધુ
નભે થોભી જોય એનું સૌંદર્ય બેમૂલ;
ફૂલમાં ગુંથાય ફૂલ; અભ્રમાં ગુંથાય અભ્ર;
પ્રેમમાં ગુંથાય પ્રેમ, આવી છે વસંતઃ

અંતર ને બ્હાર બધે ઉઘડે છે લીલા ઊંડી,
ઉઘડે જ્યાં પ્રેમ તેની આશનો ન અંત."

અંગ્રેજીમાં જેને 'sensuous poetry' કહે છે, અને જેનું ઉત્તમ ઉદાહરણ અંગ્રેજીમાં કવિ કીટ્સનું છે, અને જેનાં સંસ્કૃતમાં વાલ્મીકિ બાણ વગેરેનાં વર્ણનોમાંથી અસંખ્ય ઉદાહરણો મળે છે, તેના આ મુક્તકોમાં સારા નમૂના છે, પણ સર્વ મુક્તકો એકલા ઇન્દ્રિયગ્રાહ્ય સૌન્દર્યનાં ચિત્રોથી જ ભરેલાં નથી. સૂફીના જેવી આધ્યાત્મિક સૌન્દર્યપૂજા પણ વિસ્તરેલી છે. પરંતુ આ નમૂના ટાંકવામાં અમારો મુખ્ય આશય એ બતાવવાનો છે કે 'કલિકા'માં આ કવિએ બાલાશંકરનો નજીવો અપવાદ બાદ કરતાં ગૂજરાતી કાવ્યસંપ્રદાય અવલંબ્યો નથી એમ કહીએ તો ચાલે.

જે હૃદય પ્રથમ સંસારના—પ્રકૃતિના અને માનવહૃદયના વિવિધ સૌંદર્યના—દર્શનમાં રાચતું હતું અને પછી સમય આવતાં દેશભક્તિના ઊછાળાથી વીરરસમાં તરબોળ થયું તે, તથા સંસારી હૃદયમાં મોડેવહેલે કોઇક કાળે ફૂલની જે અદ્‌ભુત કળી ફૂટે છે તે, અત્યારે પાંચેક વર્ષથી પ્રભુભજન અને તત્ત્વદર્શનમાં જીવનનું સાર્થક્ય માને છે. 'ભજનિકા'માં આ ભક્તકવિ પ્રભુભજન કરે છે, અને 'દર્શનિકા'માં એમનું ચિત્ત પરમતત્ત્વની મીમાંસામાં ઝૂલે છે. આમ આ બંને કાવ્ય એક જ અનુભના પૂર્વોત્તર ખંડ માનીએ છીએ, કારણ કે 'ભજન' અને 'દર્શન' વચ્ચે તાત્ત્વિક વિરોધ નથી, અને રા. ખબરદાર ભજન ત્યજી દર્શનપરાયણ થયા હોય એમ માનવાનું કારણ નથી. જે ભજે છે એ જ જુવે છે, અને જે જુવે છે એ જ ભજે છે. 'ભજનિકા'નાં ભજનોમાંનાં કેટલાંક આપણાં પ્રાચીન ભજનોથી સૂચવાયાં છે. 'દોટ' અને 'કેડો' જે ફ્રાન્સિસ ટોમસનના સુપ્રસિદ્ધ કાવ્ય 'The Hound of Heaven'થી સૂચિત છે તેવાં કેટલાંક અંગ્રેજી ઉપરથી થયાં છે; ઘણાં સર્વથા સ્વતન્ત્ર કલ્પિત છે. સર્વ સાચા ભાવથી પ્રકટેલાં હોઈ હૃદયસ્પર્શી છે. પહેલું

ભજન 'રસસ્થાપના'—જેને 'અમૃતતૃષા' કહેવું વધારે ઉચિત હતું—એ સાંભળીએ;

"પાય પડું અમી આપો રે,
જગતનાથા!
પાય પડું અમી આપો! (ધ્રુવ)
તારક ચંદ્ર ઊગે આકાશે,
કોટિ પ્રભાકર જ્યોતિ પ્રકાશે;
વિશ્વે વિમળ પ્રભા વ્યાપો, વ્યાપો, વ્યાપો રે;
જગતનાથા!
પાય પડું અમી આપો!—પાય૦
બાળક અન્ન પડ્યાં અંધારે
જ્યોતિ થકી જગ વલખાં મારે;
આંજો અમી, એ તમ કાપો, કાપો, કાપો રે!
જગતનાથા!
પાય પડું અમી આપો!—પાય૦
ઘનઘુમ્મટના પડદા ઘેરા,
ધોધ ફુટે ક્યમ ચંદની કેરા?
હૃદયે હૃદયે રસ થાપો, થાપો, થાપો રે!
જગતનાથા!
પાય પડું, અમી આપો!—પાય૦"

'શોધ' સાંભળો:—

"ચરણ તજી, પ્રભુ! ક્યાં જવું મારે (ધ્રુવ)
વનવન ઢૂંઢ્યાં, જગતજન ઢૂંઢ્યાં;
કોઈ ન બોલે છુપાયો તું ક્યાં રે: ચરણ તજી૦
પળગળ દોડ્યાં જ્યાં જોઈ તુજ છાયા,
જાઉં ધરવા ત્યાં ઊડે, કર હારે: ચરણ તજી૦

'આધાર'

"પ્રભુ શરણ વિના કોણ ઉગારે ?
હૈયું પળપળ હારે રે.—(ધ્રુવ)
ઘોર વનમાં રજની ઘોરે,
ચપળા ખુબ ચમકારે રે;
ગગને કડકડ થાય કડાકા;
હૈયું ધબકા મારે રે.
પ્રભુ શરણ વિણ૦
પર્વત જેવાં ઉછળે મોજાં,
નાવ ગળે ચોધારે રે;
દોરે સુકાની લાખ કળે પણ
ડુબે નાવ કિનારે રે.
પ્રભુ શરણ વિણ૦"

'અંતરની જ્યોતિ'—

"જ્યોત જગવ અંતરની, મનવા !
જ્યોત જગવ અંતરની :
એ જ દિશા ઈશ્વરની, મનવા !
જ્યોત જગત અંતરની ! (ધ્રુવ)
રહ્યું અગોચર ધામ ધણીનું;
ક્યાં મૂકે નીસરણી ?
ક્યાં ટેકવશે પોકળ આભે,
ક્યાં નીચે છે ધરણી ?
મનવા ! જ્યોત જગવ અંતરની !
વચમાં તું જ ઉભો રહી બાંધે,
દસદસ દિશા અન્તરની:
એક દિશા તેં જોઈ ન જાણી,

* જરા મૂળ ફેરવીને મૂકું છું. તન્ત્રી

તે તો તુજ ભીતરની:
મનવા! જ્યોત જગવ અંતરની!"

'વિનંતિ':

"વિનવું રે, મને છોડી ન દે, મારા નાથ!
જોડી રાખ સદા ઉર સાથ;—વિનવું રે."

'ઇશ્વરેચ્છા':

"નાથ! તું રાખે તેમ રહું:
ભક્તિ સતત કરવા તુજ પળપળ
દુ:ખ અનંત સહું:
નાથ! તું રાખે તેમ રહું-(ધ્રુવ)"

'દોટ' જે ફ્રાન્સીસ ટૉમસનના "The Hound of Heaven" નામના કાવ્ય ઉપરથી રચાયું છે એમાં પ્રસાદ પૂરો છે. સાંભળો:

"હું તો ભાગ્યો ભાગ્યો દૂર જાઉં રે.
હરિ! તુંથી ભાગ્યો ભાગ્યો દૂર જાઉં;
દોડી દોડી થાકી હું ઠોકર ખાઉં રે,
હરિ! હું તો ભાગ્યો ભાગ્યો દૂર જાઉં-(ધ્રુવ)

અને એ જ મૂળનું 'કેડો' વાંચો:

"મારો કેડો ધરે કિરતાર રે,
જોની, મારો કેડો ધરે કિરતાર!
મને છોડે નહીં પળવાર રે.
જોની મારો કેડો ધરે કિરતાર.

ટૉમસનનું કાવ્ય મેં ઘણીવાર વાંચ્યું છે, અને એના ભાવમાં ઊતરી એની કદર કરવા પણ યત્ન કર્યો છે. પણ ક્યાં 'Hound" (આ શબ્દનો ગૂજરાતીમાં તો તરજુમો પણ શોભે નહિ) ની કલ્પના અને કયા ગોપીનો છેડો પકડી રહેનાર કૃષ્ણની કલ્પના!—... વિચાર મને પળવાર પણ છોડતો નથી. પણ એ સરખામણી તો અહીં અપ્રસ્તુત છે.

વાચક ઇચ્છે છે તે કરતાં મ્હેં બહુ વધારે ઉતારા આપ્યા છે, પરિણામે 'દર્શનિકા'નું અવલોકન ટૂંકાવવું પડશે. આ કાવ્યમાં રા. ખબરદારે "ધર્મ, તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનનો સમન્વય કરવા યત્ન કીધો છે." એ કહે છે: "આજના પ્રચલિત કોઈપણ ધર્મને પૂર્ણ ગણાવો એ અહંતા જ છે, કારણકે આજના સર્વ ધર્મો એક જ સત્યધર્મની જુદી જુદી શાખા જેવા છે. વિશ્વ અને વિશ્વનિયંતાનું સત્ય જ્ઞાન જેને થયું છે, તે એ બધી જૂદી જૂદી પ્રત્યક્ષ ધર્મવિધિઓથી પર છે. તેને મન તો વિશ્વનો એક જ ધર્મ સત્ય છે અને તે સ્નેહનો વિશ્વધર્મ છે, માનવબંધુતાનો મહાધર્મ છે. એ સ્નેહધર્મ હજી તો ભાવના જ છે, પણ...એ ભાવના એક દિન, હજારો લાખો વર્ષો પછી પણ સિદ્ધ થશે, એ કવિઓ ને પયગંબરોની કલ્પના અને આશા છે, અને એ આશા જે ચૈતન્યથી ઉદ્‌ભવાઈ છે, તે ચૈતન્ય જ તેને પોષીને સિદ્ધ કરશે એવી શ્રદ્ધા વધારે પડતી નથી."

'દર્શનિકા' કેવળ શુષ્ક હૃદય કે તર્કજાળમાં ગૂંથાએલી બુદ્ધિમાંથી જ ઉદય પામી નથી, એ કવિની પુત્રી—અમૃતમય આત્મજા તાતધન "**તેમીના**"—ના અકાળ મરણના આઘાતથી ઉત્પન્ન થઈ છે. પણ એ આઘાતનો એ કેવળ કરુણ નાદ નથી: એમાંથી જ્ઞાનીના હૃદયમાં ઉત્પન્ન થતું જીવન અને મૃત્યુના ગંભીર પ્રશ્નનું ચિન્તન છે. કવિ કહે છે:

"જન્મ ને મૃત્યુ છે ઉભય સુંદર જગે,
હો ભલે ઉભયના પંથ ન્યારા
પણ ખરે મૃત્યુ એ અધિક સુંદર દિસે
જ્યાં ખીલે માત્ર શુભ સ્મરણ ક્યારા!"

દર્શનની જ્યોત પ્રકાશતાં કવિ 'અર્પણ'ની છેલ્લી કડીમાં કહે છે:

– આજ આકાશનાં પડળ ઉઘડી ગયાં,
જ્યોતિની રેલ રેલાય સઘળે;

આત્મ મુજ નાહ્ય તુજ અસ્તના રંગમાં.
અમૃતનાં બિન્દુ વેરાય ઢગલે !
તું જ કવિતા હતી રંક મુજ જીવનની,
દર્શનિકા હતી તું જ મારી;
વિશ્વ ચૈતન્યમાં ધન્ય વસજે સુતા !
તુજ સ્મરણમાધુરી આ સ્વીકારી !"

રા. ખબરદારે આ ગ્રન્થમાં સ્વીકારલો વિષય કેવો ગંભીર વિશાળ અને ભારે છે એ એમના 'નિવેદન' માંથી ઊતારેલા ઉપરના શબ્દોથી સ્પષ્ટ જણાયું જ હશે. તે માટેની એમની સામગ્રીમાં એ લખે છે કે "મારી કાવ્યપ્રેરણાએ આ મોટા કાવ્યમાં માનવજ્ઞાનના સંચિત ભંડારમાંથી લૂંટ ચલાવેલી દેખાશે. એ લૂંટ પણ બાદશાહી લૂંટ છે. સર્જક સદા લૂંટતો આવ્યો છે, પણ તે પાછું નવસ્વરૂપે બક્ષવાને માટે. વિશ્વનિયંતા કહો કે કાળભગવાન કહો, એ જગતને એક બાજુથી લૂંટી બીજી બાજુ સમૃદ્ધ કરે છે. તમામ જીવનનું પુનરુત્થાન એમ જ થાય છે, અને સર્જક કવિની નવી સૃષ્ટિ પણ એવી જ જૂની સૃષ્ટિની લૂંટમાંથી બંધાય છે." આપણે રાજી થઈશું કે કવિ ખબરદારે નિખાલસપણે જગતના તત્ત્વજ્ઞોનો આ કાવ્યની વસ્તુ માટે ઉપકાર માન્યો છે; અને એ માટે પણ રાજી થઈશું કે આમ ઉપકાર માનવાની સર્જકતાના એક આવશ્યક તત્ત્વ તરફ આપણું લક્ષ્ય દોર્યું છે. ઉપરઉપરથી આ કાવ્યની ઉપર દૃષ્ટિ નાંખતાં અમને લ્યુક્રિશ્યસ, ઓમર ખય્યામ, ટેનિસન, બ્રાઉનિંગ, મિલ્ટન, બાયરન, નરસિંહ, અખો, શંકર, કાન્ટ અને બર્ગસાંનું સ્મરણ થયું છે. ઝીણવટથી વાંચતાં, બીજા ઘણા કવિઓ અને ફિલસૂફોના સંસ્કારો નજરે પડશે. પણ સહુ ઉપર થોડેઘણે અંશે કવિએ પોતાની ઝાલર મૂકી છે એ પણ જણાઈ આવશે. થોડાંક ઉદાહરણનો વિચાર કરીએ તો વાચક વિષયની મહત્તા ખાતર અમને ક્ષમા આપશે.

"વાદળાં આવીને જાય આકાશમાં,
છાય સરિતા ઉપર જાય સરતી;
સિંધુનાં જેમ મોજાં ઉઠી ઉછળીને,
જાય ભાગી ભરી તીર ભરતી;
ખરી જતાં પિચ્છ સંધ્યા ઉષાનાં નભે,
તૂટતી વીજળી પાંખ પલકી:
પક્ષીના વૃન્દ શું, યૌવનાનન્દ શું,
જીવન આવી ઉડી જાય ઝલકી !
રંગબેરંગી ઉડતાં પતંગો ફરે,
ફૂલ શું ફૂલ જેવા વિલાસો;
ફૂલ આજે ખીલી કાલ સૂકાં ખરે,
ને મરે ત્યાં પતંગોય પાસે:
રંગ ને ઢંગ આ જગત ને જીવનના,
માનવી રોજ એ જોય પોતે;
તોય આ ભાઈ શું ભાઈ લડતા રહે.
ને પડે વાટ મોતે કમોતે."

આમ દાર્શનિક શાસ્ત્રના વિષયને સૃષ્ટિ શોભાના રસમાં બોળેલી પીંછીથી રંગ્યો છે.

એમના દાર્શનિક સિદ્ધાન્તનું રૂપ એક સૂત્રમાં પ્રકટ કરીએ તો આ:—ટેનિસનની માફક શ્રદ્ધાના સમુદ્ર વચ્ચે એક શ્રદ્ધાનો ખડક છે: જે ઉપર એ સમુદ્રનાં મોજાં અફળાઇને તૂટે છે, પણ સમુદ્ર તો આસપાસ મોજાં ઊછાળતો વિસ્તર્યો છે તે છે જ. કવિ કહે છે:

"જગતનો જન્મ અંધારમાં છે થયો,
જગત વ્હેતું ય અંધાર માંહી;
જગતકર્તા રહ્યો સર્વ પાછળ છુપો,
ઓઢીને એ જ અંધાર ત્યાંહી.

જગતનું તંત્ર સમજાય પૂરું નહીં,
    માનવી લાખ પડ એ ઉઘાડે;
કોણ જાણે રહે સત્ય ઢંકાઈ ક્યાં?
    કોણ એ ભાર ઉરનો ઉઘાડે?
પાંદડીઓ ગુલાબની ઉષાફૂલની,
    માનવી જાય કંઈ ખોલવાને;
જોત જાતાં ઉડે ફૂલ ને પાંદડી,
    ને રહે આંખ તો ચોળવાને!"

સ્વપ્ન અને માયાના સિદ્ધાન્તથી પણ એમની ગૂંચ ઊકલતી નથી. એ પૂછે છે:

"નહીં રહે જગતમાં સ્થિર કશું એમ આ,
    તેથી શું જગત કહેવાય માયા?
        +   +
સ્વપ્ન છે જગત આ એમ ડાહ્યા કહે,
    દૃષ્ટિને સર્વ દેખાય ખોટું;
પણ ઉરે જગત આ પળપળે આથડે,
    તોય એ જગત કહું કેમ ખોટું?
સ્વપ્ન તો સત્ય છે જ્યાં લગી ચાલતું,
    સ્વપ્નના ભોગ પણ સત્ય જેવા:
જીવીએ આપણે શું નહીં સ્વપ્નમાં?
    આપણે જગતને સ્વપ્ન એવા?
આપણું સ્વપ્ન પળ કે ઘડીનું હશે,
    સૃષ્ટિનું સ્વપ્ન કંઈ મહાયુગોનું;
સ્વપ્ન નિદ્રાતણું, સ્વપ્ન જાગૃતિ તણું,
    ઘાટ કંઈ કંઈ છતાં તે જ સોનું;
ને સકળ સૃષ્ટિના નાથનું સ્વપ્ન આ,
    નાથને ઉર અનંતત્વ ભરતું:

ને પૃથક માનવી અંતરે અંતરે,
પૃથક પ્રભુ રૂપનું સ્વપ્ન સરતું !
આપણાં એહ પ્રભુ રૂપનાં સ્વપ્ન શો,
પ્રભુ હશે કે નહીં, કોણ જાણે ?
કે સ્વયં સ્વપ્ન એ પ્રભુ જ શું ના હશે ?
સ્વપ્નની આંખ શાં સ્વપ્ન માણે ?

× ×

સર્વ સંસાર એ સ્વપ્ન માંહી જ નભે,
સ્વપ્ન છે જીવનનું મધ્યબિન્દુઃ
હૃદયને રૂંધતા વિશ્વ અંધારમાં,
તારલા બીજ છે એ જ ઇંદુ. ”

જગતના વિવિધ ધર્મો પણ પૂર્વોક્ત શંકાનું પૂર્ણ સમાધાન નથી. એ ધર્મોને ઉલ્લેખીને રા. ખબરદાર કહે છેઃ—

“ જ્યોતિરૂપે દીઠું કોઈએ સત્યને,
કોઈએ શાંતિરૂપે નિહાળ્યું;
જોયું તે કોઈએ શુચિ પવિત્રાઈમાં,
કોઈએ સ્નેહમાં સત્ય ભાળ્યું;
માણ્યું આનંદરૂપે વળી કોઈએ,
કોઈએ જાણ્યું કર્તવ્યરૂપે;
એક છે કિરણ પણ સપ્ત રંગે દિસેઃ
સર્વ નિજ રંગની ધૂપ ધૂપે. ”

આ ભેદનું કારણ એમ છે કે—

“ બુદ્ધિ ને હૃદયને જેવી બારી મળી,
પાખશે તેવી તે વિશ્વજ્યોતિ;
સર્વ છીપે ન સરખાં જ મોતી મળે,
કે ન છીપે છીપે હોય મોતી. ”

પણ આમ શંકા સામે પણ શંકા થતાં—સાયન્સની દૃષ્ટિ જે ધર્મ સામે શંકા ઊભી કરે છે એની પોતાની સામે પણ એ જ શંકા ઊઠતાં—ભસ્માસુરની પેઠે પોતાના શિર ઉપર મૂકતાં પોતે જ ભસ્મ થાય છે. અને અંતમાં એક શ્રદ્ધા જ બની રહે છે :

"સતત શંકા અને નિત્યના ભય વિષે
એક શ્રદ્ધા બધું રહે ટકાવી;
એક શ્રદ્ધા વસે અંતરે ઊંડી તો,
યુદ્ધમાં વીર જઈને ઝઝૂમે;
સૂર્ય પણ એમ અજ્ઞાન આકાશમાં
એ જ શ્રદ્ધા થકી નિત્ય ઘૂમે !
માનવી હૃદયમાં ઉદય શ્રદ્ધા તણો.
થાય છે જન્મતાં જગતમાંહીં;
બાળને હૃદય જે અચુક શ્રદ્ધા વસે,
તે જ તેની કરે વૃદ્ધિ આંહીં;
જીવન ઘડવા થકી કંઈક ઓજાર નિજ,
માનવી બુદ્ધિથી લે બનાવી;
તદપિ શ્રદ્ધા નહીં હોય જો હાથમાં,
કેમ ઓજાર તે દે ચલાવી.
બુદ્ધિની સાથ શ્રદ્ધા ઉગે ને ખીલે.
તેહ શ્રદ્ધા બને કેમ ખોટી ?
વસ્તુ દેખાય જ્યાં ત્યાં જ છે વસ્તુ એ
કેમ બંધાય સિદ્ધાંત કોટિ ?"

સાયન્સની ફાળ અને મર્યાદા વિષે બોલતાં કવિ કહે છે :

"આજ વિજ્ઞાન મથતું રહે પરિશ્રમે
પામવા વિશ્વનો ભેદ પૂરો,
શોધ કંઈ કંઈ કરે વિશ્વને સમજવા,
જેમ અજ્ઞાનમાં થાય પૂરો;

વીજળી વાયુને વશ કરી નાથિયાં,
ગહન આકાશપર વિજય કીધો;
નવનવા નિયમ ને નવનવાં સાધને
માનવી શક્તિનો લાભ લીધો,
પૃથ્વી આકાશકરમાં રહી છે ઝૂલી,
તોય આકાશ નહીં હાથ આવે;
જાય વિજ્ઞાન આકાશને ઝાલવા,
પણ હજી યત્નમાં નહીં જ ફાવે;
પ્રકૃતિના ભેદ વિજ્ઞાન પામે ભલે,
આત્મના નવ મળે પ્રકૃતિ હો'તાં;
પોપટી કેરૂં સૌન્દર્ય પકડાય પણ
મેઘ ધનુનું ઉડે જોત જોતાં!
જગતમાં માનવી જ્ઞાનસીડી ચઢી
પુગશે કો દિ પ્રજ્ઞામિનારે?
વિશ્વ મ્હેકાવતાં અમર ફૂલો અહીં
ઉગશે કો દિ આ જીવન ક્યારે?"

આ બધા પ્રશ્નનો ઉત્તર મનુષ્યની ભવિષ્ય ઉપરની શ્રદ્ધાથી મળે છે. કવિ, ટેનિસન અને બ્રાઉનિંગના સિદ્ધાન્તને સ્વીકારી કહે છે:

"કંઈ હજારો બીજાં વર્ષ વિશ્વે જતાં
માનવીજીવન બનશે અનેરૂં;
ભાવિ એ જીવન કંઈ લક્ષધા દીપશે
દિવ્યતા ભવ્યતાથી ઘણેરૂં;
આજ આ જીવનનો ભેદ જે નવ મળે,
આજ જે વિશ્વ લાગે ઉખ્યાણું;
ભેદ પામી, ઉખ્યાણું કદી છોડવી,
જીવન લેશે નવલ વિશ્વલ્હાણું.

આજ કુંડાં બધે શોકછોડે ભર્યાં,
ઉગશે ત્યાંહીં આનંદફૂલો;
આજ આ રજનીનો હાર તૂટ્યો દિસે,
તે થશે ત્યાં અખંડિત અમૂલો;
આજ ટુકડા ઇન્દ્રધનુના પડ્યા,
તે બની ભવ્ય વર્તુલ સુહાશે;
માનવીજીવન આ ભંગ સ્નેહે ભમે,
તે તહીં પૂર્ણ સ્નેહે હુલાશે !"

કાન્ટ અને એના અનુયાયી કવિઓ અને ફિલસૂફોને અનુસરી રા. ખબરદાર કહે છે:

"કલ્પના કાર્યમાં જો નહીં પરિણમે
તો ઉગે કલ્પના શા વિધાને ?"

આમ શ્રદ્ધાની ઊભી કરેલી કલ્પના વસ્તુની સાધક બને છે. અને મનુષ્યની વર્તમાન મર્યાદા એ જ એની ભવિષ્યની પૂર્ણતાનો પૂરાવો છે:

"શક્તિઓ કૈંક છે માનવીની હજી
અણખપી અણખીલી પડી રહેલી;
નથી નવીનતા હજી બાળપણની ગઈ,
આંખ છે લાખ પ્રશ્ને ભરેલી !"

માનવી અત્યારે કેવી સ્થિતિમાં છે એ વિષે બોલતાં કવિ કહે છે:

"તેજ અંધારનું અજબ આ પૂતળું
માનવી કોયડો છે જ પોતે,
માટી ને શકિતનું એવું મિશ્રણ બન્યું,
અકળ અદ્ભુત કળા કોણ ગોતે ?
જ્ઞાન અજ્ઞાનનું પોટલું માનવી,
કામ ને ક્રોધનો શુષ્ક ભારો;
અહીં તહીં કૈંક કદરૂપતા છે વસી,
તોય સૌન્દર્યનો એ જ ક્યારો !"

ડાર્વિનના સિદ્ધાન્તને સ્વીકાર્યા પછી જે પ્રશ્ન ટેનિસનને મથતો હતો તે જ ખબરને પણ મથે છે કે જગત્‌માં જીવનનો વ્યર્થ વિનાશ શા માટે? જગત્‌માં દુઃખ શા માટે? અને એનો ઉત્તર પણ ટેનિસન અને બ્રાઉનિંગની સરણિએ જ એ મેળવે છે. એ કહે છે:

"એ મહાશિલ્પી ને મહાકવિ તણી
પરમ સર્જનકળા છે જ એવી;
વ્યર્થ સૌ અંશ તોડી છણી નાખીને
મૂર્તિ કલ્પિત કરે સિદ્ધ તેવી!
તો પછી જીવનથી જે છણાઈ જતું,
તે થકી શોક શા કાજ કરવો?
વસ્તુયે વ્યક્તિનો અર્થ નવ કંઈ રહ્યો,
તે જતાં ઉપડશે ઘાટ ગરવો!
ઘાટ આ જે ઘડાશે જીવન આખરે,
તેની થઈ પ્રથમથી રૂપરેખા;
જીવન પૂરૂં ઘડાઈ રહે તે પછી
દે તહીં જીવન નિજ પૂર્ણ દેખા.

\+ \+ \+

દુઃખ જ્યમ જ્યમ દિસે જીવનમાં વાધતું.
જીવન ત્યમ ત્યમ દિસે અધિક મોંઘું;
જીવન આસ્વાદ પણ હોય બહુ છીછરો,
જીવનનું મૂલ્ય જ્યાં હોય સોંઘું;
જગતમાં જીવન જે મધુરમાં મધુર છે,
તે અધિક દુઃખમાં રહે દળાતું:
મિષ્ટમાં મિષ્ટ ફળ વૃક્ષ પર હોય તે
કીટ ને પક્ષીનો ભક્ષ થાતું!"

ઊતારા ઘણા અપાઈ ગયા. જો કે આ પુસ્તકના પ્રમાણમાં એ થોડા જ છે. પણ આટલાથી આ જાતની કવિતાની—એટલે કે

દર્શનશાસ્ત્ર ઉપર રચાએલાં કાવ્યોની—મર્યાદા અને છતાં એની શક્યતાનો ખ્યાલ વાચકને આવ્યો હશે. રા. ખબરદાર પોતાના યત્નની મુશ્કેલી સમજે છે, અને એવે મુશ્કેલ પ્રસંગે જે નમ્રતાથી લખવું જોઈએ તે નમ્રતા પણ એમનામાં છે. પ્રસ્તાવનામાં કહે છે: " તત્ત્વજ્ઞાનને કવિતામાં ઉતારવાનું કાર્ય કેટલું વિકટ છે, તે તો ખરા કવિઓ જ જાણે છે. કવિતાના પ્રવાહને તત્ત્વજ્ઞાન તરફ વળતાં માર્ગમાં ભારે મોટા ખડકો અને ઊંડી ખીણોની ભીતિ હોય છે...અંગ્રેજ તત્ત્વદર્શક મહાકવિ વર્ડ્સ્વર્થની એવી સેંકડો ને હજારો પંક્તિઓ ગદ્ય રૂપે જ ગણાય છે......આ વિસ્તૃત કાવ્યમાં કવિતાના આત્મારૂપ રસ અને કલ્પના અખંડપણે વહે છે કે નહીં, અને એમાં ફીધેલું તત્ત્વદર્શન કાવ્યના સ્વાભાવિક ઉચ્ચ પ્રવાહને કોઈ રીતે શુષ્કતામાં ઉતારી દે છે કે નહીં, તે તો રસિક અને રસજ્ઞ વાચકને જે લાગે તે ખરૂં."

આવા કાવ્યની આકર્ષકતા વાચકના મનના બંધારણ ઉપર બહુ આધાર રાખે છે. પણ આ જાતનાં કાવ્યને કાવ્યવર્ગમાં સ્થાન છે એટલું સ્વીકારવાને જે તત્પર છે તેને આ કાવ્યમાં ઘણું આકર્ષે એવું મળી આવશે. રા. ખબરદારનાં સર્વ કાવ્યોમાં આ છેલ્લું કાવ્ય મૂર્ધાભિષિક્ત છે કે કેમ એ વળી જુદો પ્રશ્ન છે. પરંતુ એ સૌથી ગંભીરમાં ગંભીર છે એની તો કોઈથી ના કહેવાશે નહિ. અને જેનું હૃદય આવા વિષયોમાં સવિશેષ રાચે છે, તેને તો એ સૌથી વધારે હૃદયંગમ થઈ પડશે.

[વસંતઃ વર્ષ ૩૦, અંક ૬, કાર્ત્તિક, સં. ૧૯૮૮]

૪. રા. નરસિંહરાવની પોણી શતાબ્દી

કેટલાક મિત્રો, વિદ્યાર્થીઓ અને પત્રકારો તરફથી રા. ભાઈ નરસિંહરાવની પોણી શતાબ્દી ઊજવવાની સૂચના થઈ છે. કહેવાની જરૂર નથી કે અમે આ સૂચના પૂર્ણ હૃદયથી વધાવી લઈએ છીએ.

અમારો ભાઈ જેવો હૃદયભર્યો સંબન્ધ ક્ષણવાર વિચારબહાર રાખતાં પણ 'વસન્ત'ના તન્ત્રી તરીકે અમારા ઉપર એમનો જે ઉપકાર થયો છે તેનો બદલો અમે કે અમારા વાચકો આ શુભ પ્રસંગમાં ભાગ લઈને પણ વાળી શકીએ એમ નથી. એમના અસંખ્ય લેખોની નીચેનાં ટિપ્પણ 'વસન્ત'માં પ્રકટ થએલા એમના લેખોના ઉલ્લેખથી ભરપૂર છે.

રા. નરસિંહરાવ કેવળ કવિ નથી, વિદ્વાન નથી, ભાષાશાસ્ત્રી નથી; સર્વ છે અને સર્વમાં બહુ ઉચ્ચ સ્થાને છે. હમણાં જ નર્મદ શતાબ્દી ઉત્સવને પ્રસંગે એક સ્થળે બોલતાં એમણે નર્મદનો 'Gigantic mind' યાને પ્રચંડ મનોઘટનાશાલી મહાપુરુષ તરીકે પરિચય કરાવ્યો હતો. એ જ લાક્ષણિક સ્વરૂપ રા. નરસિંહરાવમાં નર્મદ કરતાં પણ વધારે વિશાળ માપમાં છે. એમની પોણી શતાબ્દી ઊજવવામાં જેટલું રા. નરસિંહરાવનું નહિ તેટલું ગૂજરાતનું પોતાનું અભિનન્દન રહેલું છે, અને અમને નિશ્ચય છે કે આ નોંધ વાચક આગળ આવતાં પહેલા ગૂજરાતે યથોચિત યોજના આરંભી મૂકી હશે.

[વસંતઃ વર્ષ ૩૨, અંક ૪, આશ્વિન, સં. ૧૯૮૯]

૫. રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆ અને રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ

ગુજરાતના આ બે મહાન સાક્ષરોના જીવનની પાદોન શતાબ્દી —પંચોતર વર્ષની વર્ષગ્રન્થિ—થઈ, એ નિમિત્તે ગૂજરાત એમને કંઠે એના હર્ષ—કુસુમોની જે માળ ચઢાવે છે તેમાં આ મ્હારો અલ્પ ઉપહાર—કુસુમની પાંખડી પણ નહિ, પણ માત્ર એક સૂકું પત્ર!—પણ તે પૂર્ણ પ્રેમ અને આદરથી અર્પું છું.

આશરે પચાસેક વર્ષ ઉપર આ બે સાક્ષરોએ એમનો ઉચ્ચ વિદ્યાઅભ્યાસ સમાપ્ત કર્યો અને વ્યવહારિક જીવનને પન્થે ચઢ્યા. એમના એ જીવનપન્થ એકબીજાથી તદ્દન ભિન્ન દિશામાં હતા; છતાં આજ ભાગ્યે ગૂજરાતના બીજા બે સાક્ષરો એવા હશે કે જેમને, આમની માફક, એક જ સાક્ષરવર્ગમાં મૂકી શકાય.

સરસ્વતીના ઉપાસક તરીકે રા નરસિંહરાવ અને રા. કેશવલાલ એ બે વચ્ચે એટલું બધું સામ્ય દેખાય છે કે એ બે વચ્ચે વયની સમાનતા એ તો એક નજીવો અકસ્માત્ ગણવો ઘટે.

આ બન્ને સાક્ષરો વિદ્વાન છે તેમ રસિક પણ છે. એકે રસ ઉત્પાદનમાં બીજા કરતાં બહુ વધારે કાર્ય કર્યું છે, તો બીજાએ પોતાને ગમતા રસનો ઉપભોગ કરવામાં અને પોતાને ગમી રસપ્રસાદી ગૂજરાતમાં વ્હેંચવામાં ઊણપ રાખી નથી.

આ બંને સાક્ષરોની સાક્ષરતાની શોભા મૂળમાં સંસ્કૃત સાહિત્યના જ્ઞાનમાંથી આવે છે. પરંતુ એકે એ સાહિત્યના જ્ઞાનને યથાર્થ સુન્દર અને સૌષ્ઠવયુક્ત શબ્દોથી વિશિષ્ટ શૈલી ઉત્પન્ન કરવામાં અને એ દ્વારા ગૂજરાતી ભાષાની સમૃદ્ધિ વધારવામાં ઉપયોગમાં લીધું છે, તો બીજાએ સંસ્કૃત સાહિત્યનાં અનેક કાવ્યો અને નાટકોને ગૂજરાતીમાં ઊતારી સંસ્કૃત સાહિત્ય ઉપરનો પોતાનો ઊછળતો પ્રેમ બતાવી આપ્યો છે.

રા. નરસિંહરાવ એમની કવિતાના પ્રદેશમાં ગૂજરાતના અદ્વિતીય કવિ છે; તેમ રા. કેશવલાલ પોતાને પ્રિય સંસ્કૃત કાવ્યો અને નાટકોના અદ્વિતીય ભાષાન્તરકાર છે. રા. નરસિંહરાવ સંસ્કૃત ઉપરાંત પશ્ચિમના સાહિત્યનો ઉપભોગ લઈ ગૂજરાતને અનેક નવા રસપ્રદેશોનું દર્શન કરાવ્યું છે, એટલું જ નહિ પણ ગૂજરાતના ગદ્યસાહિત્યમાં 'નિબન્ધ', 'વિવેચન', 'આલેખન', વગેરે અનેક નવા પ્રદેશો ઊમેર્યા છે, તો રા. કેશવલાલે મૂળ સંસ્કૃત કૃતિઓનું ગૂજરાતીમાં

ભાષાન્તર કરવામાં, એ ભાષાન્તરમાં મૂળનું યથા-અર્થ પ્રતિબિમ્બ પાડવાની સાથે, એને ખરેખરાં રસવાહી બનાવ્યાં છે.

વસ્તુની ‘ખોજ’ કરવાની ટેવ દ્વારા બંને વિદ્વાનોએ એમની વિદ્વત્તા કેળવી છે, અને જે જે વસ્તુ હાથમાં લીધી છે તેનું સમગ્ર સ્વરૂપ—સપાટીથી તે તળીઆ સુધી—બલ્કે એની બહાર ચારે દિશામાં દૂર દૂર સુધી તપાસી નાખ્યું છે. રા. નરસિંહરાવનાં ‘વિલ્સન ફાઇલૉ-લૉજિકલ લેક્ચર્સ’ અને રા. કેશવલાલની ‘ગીતગોવિન્દ,’ ‘મુદ્રારાક્ષસ’ અને ભાસનાં નાટકોની પ્રસ્તાવના આનાં ઝગઝગતાં ઉદાહરણો છે.

પરંતુ આ બે વિદ્વાનોનું સામ્ય ધ્યાન ખેંચે છે તેમ એમનો ભેદ પણ થોડો આકર્ષક નથી, અને એ બતાવે છે કે સરસ્વતીના ઉદ્યાનના એક ખંડમાં પણ જુદા જુદા ક્યારામાં જુદાં જુદાં પણ સહુ સરખી રીતે સુંદર એવાં પુષ્પો ઊગે છે. બંને વિદ્વાનો ભાષાશાસ્ત્રી છે, પણ એકે સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના વ્યાકરણના બળે ગૂજરાતી ભાષાનો અભ્યાસ કરવામાં અધિક સમય ગાળ્યો છે, તો બીજાએ ગૂજરાતી ભાષાના ઇતિહાસ ઉપર—અર્થાત્ એના સમય-સમયનાં સ્વરૂપ નક્કી કરવા ઉપર—અધિક ધ્યાન દીધું છે. અર્વાચીન ગૂજરાતીનું ભાગ્યે કોઈ પુસ્તક રા. નરસિંહરાવની દૃષ્ટિ નીચે આવ્યા વિના રહ્યું હશે; બલ્કે ઊછરતા કવિઓ અને નવલકથા-તથા વાર્તા-કારો પોતાની અભિનવ કૃતિઓ ઉપર રા. નરસિંહરાવની અમી-દૃષ્ટિ અને માર્ગદર્શન ચાહે છે. તે જ પ્રમાણે પ્રાચીન અને મધ્ય-કાલીન ગૂજરાતીનું કોઈ પણ કાવ્ય નહિ હોય કે જે રા. કેશવલાલના જોવામાં કે જાણવામાં નહિ હોય, અને જે સંબન્ધી એમનું વચન અન્તિમ પ્રમાણ ગણાતું ન હોય. ‘नामूलं लिख्यते किंचित्’—એ પ્રતિજ્ઞાથી પ્રમાણસિદ્ધ વસ્તુ જ કહેવી એ રા. નરસિંહરાવની વિદ્વત્તાનો પ્રકાર છે; ‘वाचमर्थोऽनुधावति’ એવી શ્રદ્ધાથી પોતાની કલ્પના પ્રકટ કરવી એ રા. કેશવલાલની રીતિ છે. એક પોતે માનેલા સત્ય ખાતર અનન્ત વાદવિવાદમાં ઊતરવા તત્પર છે; બીજા વાદવિવાદથી એવા

દૂર રહે છે કે 'वादे वादे जायते तत्त्वबोधः' એ સૂત્રનો લાભ લેવા પણ રાજી નથી.

રા. નરસિંહરાવનો મ્હારા ઉપર જ્યેષ્ઠ બન્ધુ જેવો પ્રેમ છે; રા. કેશવલાલ એમની સ્વાભાવિક નમ્રતાથી મ્હારા ગુરુ ગણાવા ના પાડે છે, તથાપિ એક દિન એ મ્હારા ગુરુ હતા એ હું ભૂલી શકતો નથી. તેથી એ બંને મહાન સાક્ષરોને આ શુભ પ્રસંગે હું પ્રણામ કરું છું.

[વસન્ત: વર્ષ ૩૩, અંક ૬, આષાઢ, સં. ૧૯૯૦]

૬. વિદ્યાબ્હેનના જીવનનો મણિમહોત્સવ

બ્હેન વિદ્યાબ્હેનના જીવનનો 'મણિમહોત્સવ' અમદાવાદમાં બહુ પ્રીતિ અને આદરથી ઊજવવામાં આવ્યો.

લગભગ સોળ વર્ષનાં વિદ્યાબ્હેન ગૂજરાત કોલેજમાં દાખલ થયાં એ સમય અમારાં નેત્ર આગળ વર્તમાનવત્ રમે છે; ત્યાં તો તેમને આ વર્ષે સાઠ વર્ષ થયાં! કાલભગવાનની માયા અદ્ભુત છે! આટલાં વર્ષોમાં જગત્ અને તે સાથે આપણું જીવન પણ કેટલું બધું બદલાઈ ગયું! આપણું 'સ્થિર સ્થાવર' જીવન—જે સેંકડો વર્ષ રૂઢિરૂપી ગિરિમાળના મધ્યમાં એક સરોવર જેવું બંધાઈ પડ્યું હતું—એનાં નીર કવચિત્ ક્રમેક્રમે અને કવચિત્ ઊછળતા પ્રવાહે બંધ તોડી બહાર વહી રહ્યાં છે. જે આત્માઓ કાલપ્રવાહમાં ભગવાન્‌ની મૂર્તિ જુવે છે તેઓને આ દૃશ્ય જોઈ આનન્દ જ થાય છે, ક્ષોભ જરા પણ થતો નથી, કારણ કે એમને શ્રદ્ધા છે કે અત્યારે જે જળ ક્ષુબ્ધ છે તે આગળ વહી ગંભીર નદીરૂપે વહેશે અને જગતનું કલ્યાણ જ કરશે.

મહર્ષિ રાનડે કહેતા કે આપણા ગ્રૅડ્યુએટો—નવશિક્ષિત જનો—નું કર્તવ્ય કેવળ વિદ્યા[illegible] કરવાનું નથી. વિદ્યા ઉપરાંત

દેશસેવાનો ધર્મ પણ એમને શિર છે. આ દૃષ્ટિએ જોતાં, વિદ્યાબ્હેને માત્ર પોતાનું નામ સાર્થક ન કરતાં પોતાનું જીવન સાર્થક કર્યું છે.

સુધરેલા કુટુમ્બમાં જન્મી સુધરેલા કુટુમ્બમાં લગ્નસંબન્ધથી જોડાઈ સુખી થએલાં વિદ્યાબ્હેનને આપણા સ્ત્રીજીવનની રૂઢિઓનાં દુઃખો અનુભવવાનો પ્રસંગ આવ્યો ન હતો. પણ કેળવણીથી પ્રાપ્ત થતી, અને પ્રાપ્ત થવી જોઈએ એવી, જે પ્રતિભાશક્તિ, તે વડે એમણે એ દુઃખો કલ્પનાથી અનુભવી લીધાં છે, અને તેથી એમનું હૃદય સ્ત્રીઓ પ્રત્યે દયાથી હમેશાં આર્દ્ર રહે છે. એમણે પોતાનું આખું જીવન દુઃખી બ્હેનોનાં દુઃખ ટાળવામાં જ ગાળ્યું છે, અને એવી અસંખ્ય બ્હેનો અને એમની વિષમ દશામાં જન્મેલાં એમનાં બાળકો વિદ્યાબ્હેનને આશીર્વાદ દે છે.

પણ આવાં દુઃખો ટાળવાનો સ્થિર ઉપાય સ્ત્રીઓની કેળવણી છે. અને તેથી એમની કેળવણીના કાર્યમાં એ પોતાનો ઘણો સમય રોકે છે. વિના ઘોંઘાટે સેવા કરનારની સેવા જાણતાં જગતને વાર લાગે છે, પરંતુ એ સેવા ઢાંકી રહેતી નથી, અને તેથી હવે ગૂજરાત ઉપરાંત બીજા પ્રાન્તો પણ વિદ્યાબ્હેનની ગંભીર સેવાની કદર કરતા થયા છે, અને હિન્દુસ્થાનમાં વિવિધ સ્ત્રીમંડળમાં એમને યોગ્ય પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ છે.

જેમ વર્તમાન સુશિક્ષિત જનો ઉપર દેશસેવાનો ધર્મ છે, તેમ એમની એ દેશસેવા પણ ચારિત્ર્યની શુદ્ધિ વિના શોભતી નથી. વિદ્યાબ્હેનનું ઉચ્ચ ચારિત્ર્ય અને પ્રાચીન પ્રણાલીની વિધવાને પણ શરમાવે એવી એમના જીવનની સાદાઈ એ વિષે અમે અનેક વાર ઉલ્લેખ કર્યો છે. વધુ કહેવાની જરૂર નથી. પ્રભુ એમને દીર્ઘાયુ કરો !

' સ્મરણસંહિતા ' : કરુણપ્રશસ્તિ

આ લઘુ કાવ્ય જેને અંગ્રેજીમાં 'Elegy' ('એલેજી') કહે છે એ જાતિનું છે. 'Elegy' એ આપણે જેને કરુણરસપ્રધાન કાવ્યો કહીએ છીએ તેની એક પેટાજાતિ છે, અને એનાં લક્ષણભૂત સઘળાં તત્ત્વોનો વિચાર કરતાં એને માટે ' મરણનિમિત્તક કરુણપ્રશસ્તિ ' અથવા ટૂંકામાં ' કરુણપ્રશસ્તિ ' એવું નામ યોજવું ઠીક લાગે છે. × આ નામ યોજવામાં તાત્પર્ય એવું છે કે ' Elegy ' માં મરણ-નિમિત્તક કરુણ શોકોદ્ગાર ઉપરાંત જેને નિમિત્તે એ શોકોદ્ગાર થયો હોય એના ગુણાનુવાદ પ્રશસ્તિરૂપે એમાં હોવા જોઈએ.

---

* યૂરોપનું જેમ ઘણુંખરૂં સાહિત્ય અને તત્ત્વજ્ઞાન ગ્રીસમાંથી આવે છે તેમ એ બે વિષયની શાસ્ત્રીય પરિભાષા પણ એ ન્હાના પણ અદ્ભુત દેશમાંથી જ અન્યત્ર પ્રસરી છે. પણ મૂળ ગ્રીક ભાષાનું જ્ઞાન યૂરોપના મધ્ય યુગમાં એવું આછું બલ્કે લુપ્ત થઈ ગયું કે એ ભાષામાંથી મેળવેલા શબ્દો એ ને એ રહ્યા, તો પણ એના પ્રયોગ જુદા અર્થમાં થવા લાગ્યા. વળી નવા યુગમાં નવી ભાવનાઓ, નવા ઉલ્લાસ, નવા રસો, નવી કલ્પનાઓ ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. અને તે કારણથી પણ જૂની પરિભાષા કાયમ રહ્યા છતાં એના અર્થમાં ઘણું રૂપાન્તર, ઘણો પરિવર્ત થઈ ગયો. આ પ્રમાણે જો કે Elegyનો મૂળ ગ્રીક શબ્દ ' Elegeia ' કરુણ કાવ્યને જ લાગુ પાડવામાં આવે એમ નિયમ ન હતો—પ્રેમ અને શૌર્યનાં તત્ત્વો પણ એ જાતનાં કાવ્યોમાં જોવામાં આવતાં, તથાપિ અંગ્રેજી ભાષામાં તો અમુક પ્રકારના કરુણ કાવ્યને માટે જ 'Elegy' શબ્દ વપરાય છે.

રઘુવંશમાં ઇન્દુમતીના મરણથી ઉત્પન્ન થએલો અજવિલાપ, કે કુમારસંભવમાં કામદેવના મૃત્યુથી થએલો રતિવિલાપ એ કરુણ શોકોદ્ગાર છે—અને એ શોકોદ્ગારને લક્ષીને એને 'Elegiac Stanzas' કહેવાય, પણ જે વિશિષ્ટ આકારના કાવ્યને 'Elegy' નામ આપવામાં આવે છે તે એ નથી. બીજું;—એ વિલાપોમાં ઇન્દુમતી અને કામદેવના ગુણાનુવાદ પણ કરવામાં આવ્યા છે, પરંતુ તે આલંબનવિભાવના ગુણો રસમાં ઉદ્દીપક થાય છે તે રીતેઃ એ ગુણાનુવાદ પ્રશસ્તિરૂપ નથી. વળી કોઈ મહાપુરુષના સ્મરણાર્થે શોકોદ્ગાર કરવામાં આવે તો તેમાં 'Elegy'નું ઉપાદાન (Stuff) છે એમ કહી શકાય, પણ એના ઉપર જ્યાં સુધી રસિક કલાવિધાન કરીને એને યોગ્ય અને સ્વતન્ત્ર આકૃતિ (artistic form) આપવામાં ન આવે ત્યાં સુધી એ 'Elegy' ના વિશિષ્ટ નામને પાત્ર ન થાય. આ કારણથી સ્કોટના Marmion માં આરંભના ઉપોદ્ઘાત–ભાગમાં નેલ્સન, પિટ વિગેરે મહાપુરુષોની પ્રશસ્તિઓ છે એ પણ 'Elegy' ન કહેવાય. અંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં ક્રમે ક્રમે 'Elegy' નું જે સ્વરૂપ બંધાયું છે એનાં સઘળાં તત્ત્વો ન લેતાં, એનું મૂળતત્ત્વ લઈએ તો 'Elegy'નું આ પ્રમાણે લક્ષણ બાંધી શકાયઃ—"In its simplest form......this is a brief lyric or mourning of direct utterance of personal bereavement of sorrow" * "એના સાદામાં સાદા રૂપમાં 'Elegy' એ મરણનિમિત્તક શોકોદ્ગારનું ટૂંકું સંગીતકલ્પ કાવ્ય છે—જેમાં સ્વજનના મૃત્યુજન્ય શોકનો સાક્ષાત્ ઉદ્ગાર કરવામાં આવેલો હોય છે. આ સામાન્ય અર્થમાં સ્વજનનો વિયોગ (મૃત્યુ) અને તજ્જન્ય શોકોદ્ગાર એ બે તત્ત્વવાળું હરકોઈ સંગીતકલ્પ સ્વતન્ત્ર કાવ્ય 'Elegy' ના નામને પાત્ર થાય છે. આ રીતે આપણા 'રાજીઆ' અને 'રાસડા' એ Elegy જાતિનાં કાવ્ય

* Prof. W. H. Hudson.

છે, અને તે પૂર્વોક્ત સામાન્ય અર્થ કરતાં પણ વિશેષ અર્થમાં, કારણ કે, એમાં સ્વજનના મૃત્યનિમિત્ત શોકોદ્ગાર ઉપરાંત મરનારના ગુણાનુવાદની પ્રશસ્તિનું રૂપ આપવામાં આવેલું હોય છે. પણ જતે દહાડે અંગ્રેજી સાહિત્યની કરુણપ્રશસ્તિઓમાં બીજાં પણ કેટલાંક તત્ત્વો ઊમેરાયાં છે જે એ પ્રશસ્તિઓના થોડાક વિવેચન દ્વારા અત્રે બતાવીશું.

અંગ્રેજી ભાષામાં 'Elegy'ની જાતનાં કાવ્યોમાં મુખ્ય—સુપ્રસિદ્ધ, લોકપ્રિય અને કાવ્યશાસ્ત્રની ઊંચી કસોટીએ સારી રીતે ચઢી શકે એવાં આ છ છેઃ—

(૧) મિલ્ટનનું 'Lycidas.'
(૨) ગ્રેનું 'Elegy written on a Country Churchyard.'
(૩) શેલિનું 'Adonais.'
(૪) ટેનિસનનું 'In Memorium.'
(૫) રોબર્ટ બ્રાઉનિંગનું 'La Saisiaz.'
(૬) મેથ્યુ આર્નોલ્ડનું 'Thyrsis.'

પણ આ સર્વ કાવ્ય એક જ વર્ગનાં હોવા છતાં, એમના સ્વરૂપમાં કેટલોક લક્ષ્યમાં રાખવા જેવો ભેદ છે. મિલ્ટનનું 'Lycidas' એ એના મિત્રના મૃત્યુથી ઉત્પન્ન થએલા શોકોદ્ગારવાળી પ્રશસ્તિ છે, અને એનું ખાસ સ્વરૂપ એ છે કે એ પ્રશસ્તિને 'Pastoral' ('ગોપકાવ્ય') માં સ્વીકારાતી કલ્પનાના આકારમાં મૂકી છે. ગ્રેની Elegy અંગ્રેજી ભાષામાં એક અસાધારણ મનોહરતાવાળું કાવ્ય છે—એમાં ઈંગ્લાંડના એક 'Country Churchyard' (જાનપદ શ્મશાન વા પ્રેતશાળા)ને આલંબન કરીને એમાંથી સૂઝી આવતા વિચાર તથા ઇંગ્લાંડના જનપદનું મનોહર ચિત્ર ભૂમિકારૂપે—વગેરે વાનાં કવિએ રજુ કર્યાં છેઃ પણ એ કાવ્યનું ખાસ લક્ષણ એ છે કે એમાં હેમ્પડન, મિલ્ટન, ક્રોમ્વેલ, વગેરે ઉપરાંત સામાન્ય જનની

પ્રશસ્તિ છે-કોઈ અમુક મહાપુરુષ કે પ્રિયજનની પ્રશસ્તિ માટે એ કાવ્ય રચાએલું નથી. શેલિનું "Adonais" પોતાના કવિબન્ધુ કીટ્સના મૃત્યુથી પ્રેરાએલી એક ઉત્તમ પ્રશસ્તિ છે. મિલ્ટનના 'Lycidas'ની માફક આમાં પણ શોકોદ્ગાર સાથે ચિન્તન ભળેલું છે પણ તે સામાન્ય ચિન્તન ન હોઈ, તત્ત્વજ્ઞાનના મહાવિષયમાં એ ચિન્તન પ્રવેશ કરે છે. મૅથ્યુ આર્નોલ્ડનું 'Thyrsis' મિલ્ટનના 'Lycidas'ની માફક Pastoral ની કલ્પના ઉપર રચાએલું છે. એમાં ગ્રેના જનપદવર્ણનને મળતું ઑક્સફર્ડનું વર્ણન છે. પણ આ Elegy ગ્રેના કાવ્ય માફક સામાન્ય જનની પ્રશસ્તિરૂપ ન હોતાં એક પ્રિયજન-આર્થર કલફ—ના મૃત્યુથી પ્રેરાએલું છે, અને એના સ્મરણરૂપ છે. વળી એ કાવ્ય ગતકાળનું ચિન્તન છે, પણ તત્ત્વજ્ઞાનનું ચિન્તન નથી. ટેનિસનનું 'In Memorium' અને બ્રાઉનિંગનું 'La Saisiaz' બંને તત્ત્વચિન્તનપ્રધાન કરુણપ્રશસ્તિઓ છે; શેલીના 'Adonais'ની માફક આ બંને કાવ્ય પ્રિયજનના મૃત્યુથી પ્રેરાએલા શોકોદ્ગાર કરવા ઉપરાંત તત્ત્વચિન્તનમાં ઊતરે છે—તત્ત્વચિન્તન બંનેમાં પ્રધાન સ્થાને છે, 'La Saisiaz'માં તો એ બહુ ઉત્કટરૂપે પ્રતીત થાય છે.

હવે, આ ઐતિહાસિક અવલોકનને અન્તે આપણે એટલું જોઈ શકીશું કે 'Elegy'માં સ્વજનના મરણનિમિત્તક શોકોદ્ગાર હોવાની સાથે કેટલુંક ચિન્તન હોવું જોઈએ. તે માટે એડમન્ડ ગૉસ *'Elegy –a short poem of lamentation or regret called forth by the decease of a beloved or revered person, or by a general sense of the pathos of mortaiity' "પ્રિય વા પૂજ્યજનના મરણથી, અથવા તો મૃત્યુવશતાની કરુણ સ્થિતિના સામાન્ય લક્ષણથી શરૂ કરી, આખરે,

---

* જુવો Encyclopœdia Britanica XI Edition–Article on Elegy.

"It must be mournful meditaion, and short without being ejaculatory"—"મરણ નિમિત્તક કરુણ-રસથી ભરેલું, ધ્યાનાત્મક વા ચિન્તનાત્મક, તથા ટૂંકું અને વિલાપ-રૂપ નહિ એવું કાવ્ય" એવા વિશેષ, અતિશય સંકુચિત, લક્ષણથી સમાપ્તિ કરે છે. એડમન્ડ ગોસે બતાવેલાં તત્ત્વોમાંનાં બધાં સ્વીકારતાં ટેનિસનનું "In Memorium' જેવું કાવ્ય બાતલ થઈ જાય.+ તેથી એમાંથી એક તત્ત્વ—"Meditative"—જે ઇતિહાસસિદ્ધ છે તે જ લઈ, એને પૂર્વોક્ત લક્ષણમાં ઉમેરીને કહીએ કેઃ 'Elegy' એટલે **મરણનિમિત્તક: ચિન્તનાત્મક કરુણપ્રશસ્તિ.**

આ વચલા માપનું લક્ષણ લેતાં ટેનિસનનું 'In Memorium' Elegy નું ઉત્તમ ઉદાહરણ છે, એ આદર્શને જ સમક્ષ રાખી રા. નરસિંહરાવે આ કાવ્ય રચ્યું છે, અને એનું નામ પણ ટેનિસનના કાવ્ય પ્રમાણે પાડ્યું છે. એમાં આકારની યોજના 'In Memorium' ની છે, પણ એનું સૌન્દર્ય તદ્દન સ્વતન્ત્ર છે. બે કાવ્યની સરખામણી અંગ્રેજી અને ગૂજરાતી જાણનાર વાચકને બહુ રસિક થઈ પડે એવી છે, પણ એ સરખામણીનો આનન્દ વિવેચનથી જાણ્યા કરતાં, બંને કાવ્ય જાતે વાંચીને સરખાવવાથી વધારે સારો આવી શકશે.

હવે આ જાતની Elegyનું ઉપર જણાવેલું લક્ષણ લઈ, એને અંગે વિચારવાનાં તત્ત્વ આ કાવ્યમાં કેવાં છે એ જોઈએ. એ તત્ત્વ નીચે પ્રમાણે :—

+ "Thus Tennyson's 'In Memorium' is excluded by its length; it may at the best be treated as collection of elegies Wordsworth's 'Lucy', on the other hand, is a dirge: This is too brief a burst of emotion to be styled an elegy. 'Lycidas' and 'Adonais' remain the two unapproachable types of what a personal elegy ought to be in English." (E. G. Enc. Br. XI Edn.)

(૧) કાવ્યમાં કરુણરસ કેવો છે?

(૨) એ કરુણરસ વિલાપનું રૂપ તો નથી લેતો?

(૩) એમાં ચિન્તન કેવું છે?

(૪) બધાં અવયવોની પરસ્પરઘટના કેવી છે? તથા એ અવયવો મળી એક સ્વતન્ત્ર અવયવી—સ્વપર્યાપ્ત એક કાવ્ય બને છે કે કેમ?

આ ઉપરાંત,

(૫) એક સામાન્ય કાવ્ય તરીકે એમાં શું શું આકર્ષક છે? પ્રસિદ્ધ કહેવત પ્રમાણે 'ન્હાને માથે મ્હોટી પાઘડી' પ્હેરાવ્યાનો કદૂપો દેખાવ ન થાય તે માટે આ પ્રશ્નોના અહીં ટૂંકમાં જ ઉત્તર આપીશું.

૧. કરુણરસઃ—Elegy માં શોકની લાગણી સાચી હોવી જોઈએ.* પિતા કવિના આ કાવ્યમાં એ લાગણી સાચી છે એમ કહેવાની જરૂર જ નથી. પણ જે નિકટ લોહીના સંબંધથી એ લાગણી સાચી બને છે તે જ સંબન્ધથી આલંબન વિભાવના ગુણોની અત્યુક્તિ થઈ કરુણરસ બગડી જવાનો સંભવ હતો, પરંતુ તેમ બગડ્યો નથી. મરનારના ગુણોનું કોઈ કોઈ સ્થળે વર્ણન છે તે કરુણરસને પોષે, તથા એ રસની ભૂમિકા ઉપર રચાએલા શાન્ત રસને અનુકૂળ થાય, એટલા જ પ્રમાણમાં છે. વિશેષમાં, પિતાના શોકોદ્ગારમાં મનુષ્ય-હૃદયને સર્વત્ર અને સર્વકાળે સ્પર્શે એવાં જે તત્ત્વો રહેલાં છે અને જે કરુણરસનું ખરૂં સ્વરૂપ છે એ સાદી અને અસરકારક ભાષામાં કવિએ પ્રકટ કર્યાં છેઃ

---

* " Prithee have done,
And do not play in wench-like words with that
Which is serious. . "

—Cymbeline.

એવા આક્ષેપોનો સંભવ ઉપજવો ન જોઈએ.

કાવ્ય જે રમતો હતો
પૂર જીવન જોસમાં
આજ એ ચાલી ગયો
હા! લાડકો મુજ રોષમાં [ખં. ૧, શ્લો. ૯]

* * *

કાળ ઓ! તું તૃપ્ત થા
બાળ મુજ મોંઘો હરી!
મા પ્રહાર નવો તું દે
તુજ મન્ત્ર વિસ્મૃતિનો ધરી. [ખં. ૨, શ્લો. ૧૨]

૨. વિશેષ અર્થમાં આપણે 'Elegy'નું જે લક્ષણ બાંધ્યું તેમાં ચિન્તન એ એનું આવશ્યક તત્ત્વ છે. અર્થાત્ એમાં કરુણરસે કેવળ શોકોદ્ગાર મટી, મરનારની આકૃતિ ખડી કરી, એનાં મધુરાં સ્મરણરૂપ બનવું જોઈએ. તે એ બને છે, એટલું જ નહિ, પણ 'Adonais', 'In Memorium' અને 'La Saisiaz' એ ત્રણની પેઠે આમાં ચિન્તન તે તત્ત્વચિન્તન થાય છે. એટલે કે આ કાવ્યનો રસ શુદ્ધ કરુણ નથી—કરુણ સાથે શાન્ત અને ભક્તિ-રસનું મિશ્રણ છે. કરુણમાંથી વૈરાગ્ય ઊપજીને શુદ્ધ શાન્ત વા ભક્તિ-રસ ઊપજવો એ રસનું મિશ્રણ નથી. જેમકે, નરસિંહ મહેતા પુત્રના મરણથી ઉદ્ગાર કાઢે છે કે—

"ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ."

—ત્યાં કરુણને પ્રસંગે, કરુણ ઊડી જઈ, ભક્તિરસ જન્મે, પણ કરુણ અને ભક્તિરસનું મિશ્રણ બને નહિ. પણ 'Elegy'માં તો આ મિશ્રણ આવશ્યક છે. તદનુસાર, આ કાવ્યમાં કરુણરસ, શાન્ત અને ભક્તિરસની એવડમાં રહી એ બે રસની અંદરથી—વસ્ત્રે લપેટેલા સંગમનીય મિણની માફક—બહુ સુન્દર રીતે પોતાની છાંય પ્રકટાવ્યાં કરે છે.

નિત્ય નિત્ય યમાલયે
જાય જગના જીવ જો !
એથી શાસન નહિં મળે ?
શું પ્રિયજનો ખોવાં પ્રભો ? [ખં. ૩, શ્લો. ૩૫]

કવિને પરમાત્મામાં પુત્રનું વિસ્મરણ નથી થતું, પુત્રનું દર્શન થાય છે.

તાત-અંકે તું વસ્યો,
તદપિ મુજને પદપદે
તું હવે પ્રત્યક્ષ છે.
નથી નષ્ટ તું,-મુજ ઉર વદે.
ને સદા અમ-આત્મમાં
પૂર્ણ ઓતપ્રોત તું
સૂક્ષ્મરૂપે ચિર વશી
પ્રગટાવ્ય પ્રેમજ્યોત તું. [ખં. ૩, શ્લો. ૫૮-૫૯]

૩. હવે આ મિશ્ર રસનાં કાવ્યમાં **તત્ત્વચિંતન**નો ભાગ છૂટો પાડી અવલોકીએ, તો એ તત્ત્વચિન્તનને અંગે નીચેના સિદ્ધાન્તો કવિએ પ્રકટ કરેલા જોવામાં આવે છે:

(૧) આ વિશ્વમાં કશું ગૂઢ નથી—માત્ર મિથ્યા કલ્પનામાંથી ધર્મની ભ્રમણા ઊપજી છે એમ જે નાસ્તિકતાનો પૂર્વપક્ષ છે તે હૃદયને પ્રતીતિ ઊપજાવી શકતો નથી. પ્રભુ ઉપર શ્રદ્ધા અને 'હૃદયમતિ' પરજીવનનાં દ્વાર ઊઘાડી આપે છે.

(૨) એ દ્વાર ઊઘાડતાં જણાય છે કે પ્રેમનું આલમ્બન નષ્ટ થતું નથી. પરજીવનમાં એ પ્રભુને ચરણે વસે છે, અને આ જીવનના સંબન્ધીઓના આત્મામાં એ ઓતપ્રોત રહે છે.

(૩) મૃત્યુ અને દુઃખ એ દયામય પ્રભુની રચેલી આ સૃષ્ટિમાં અસ્થાને દેખાય છે, પણ ઊંડો વિચાર કરતાં એમ નથી. જે પ્રભુનું જ્ઞાન તર્કશાસ્ત્રની હજારો વાદકોટીઓ કરાવી શકતી નથી, તે આ

જગતમાં દુઃખ અને મૃત્યુ કરાવે છે. આ રીતે અનિષ્ટ દેખાતા આ બન્ને પદાર્થોનું વિશ્વમાં ઉત્તમ પ્રયોજન છે. કવિ કહે છેઃ

ઓ મૃત્યુ! ઓ દુઃખ! ભલે જ મ્હાલો!
આ વિશ્વમાં પૂર્ણ પ્રતાપ ધારો!
ત્હમે ખરાં બન્ધુ ગણી વધાવું,
દંષ્ટ્રા કરાલ નિરખી નહિં ખિન્ન થાઉં.

[ખંડ ૨, શ્લો. ૨૬]

દુઃખ એ ઔષધ સમાન છેઃ

રોગ શાન્તિ સધાવવા,
આત્મબળને પોષવા,
પાયું ઔષધ પીવું તે
મુજ વૈદ્યને દઉં દોષ કાં? [ખંડ ૨, શ્લો. ૩૨]

મૃત્યુ એ જીવનસિન્ધુમાં બુદ્દબુદરૂપ છે. જેમ બુદ્દબુદ એ સિન્ધુ જ છે, તેમ મૃત્યુ એ પણ જીવન જ છે, જીવનનું રૂપાન્તર છે અને નામાન્તર છે. પરમાર્થ દૃષ્ટિથી સનાતન જીવનનું સંવેદન થતાં મૃત્યુ એવો પદાર્થ જ રહેતો નથી.

ચૉગમ નાંખી નજર નિહાળું હું—
મૃત્યુ ક્યહાં રહ્યું રે લોલ?
મારા દેહ ધરતું એહ જ
મુત્યુ મરી ગયું રે લોલ.
દીઠું જીવનતત્ત્વ સનાતન,
સત્ય પ્રકાશિયું રે લોલ;
અમરણું પ્રગટ્યું પછી તત્ક્ષણ
મૃત્યુ મરી ગયું રે લોલ.

[ખં. ૩, શ્લો. ૫૨–૫૩]

(૪) મૃત્યુ ભલે હો, પણ પિતા પહેલાં પુત્ર જાય એવો વિપરીત ક્રમ શા માટે? આમ શંકા થાય છે. પણ વસ્તુતઃ પ્રભુના

મંગળ નિયમ ઉપર શ્રદ્ધાથી આ પ્રશ્ન વિચારવામાં આવે તો આ જીવન અને પરજીવનનો સંબંધ સમઝાય :

ગીત એ નથી વિરમિયું,
વ્યર્થ નથી સ્વરયોગ એ,
અધિક ઉત્ક્રમ પામતું
સંગીતનાયક તે સુણે.
મર્ત્ય જીવન તો ખરે
માત્ર પૂર્વાલાપ છે;
પૂર્ણ ગીત સમૃદ્ધિ તો
પરકાળ સંગી તે વસે. [ખં. ૩, શ્લો. ૨૦–૨૧]
મૃત્યુ ના પૂરું કરે
જીવનું જીવન અહિં
અધિક અધિક વિકાસની
છે ભૂમિ અન્ય; જવું તહિં; [ખં. ૩, શ્લો. ૭]
પૂર્ણ થઇ મુજ બાળનો
આંહિ આત્મવિકાસ જો !
અધિક ઉત્ક્રાન્તિ થવા
તાતે લીધો નિજ પાસ જો ! [ખં. ૩, શ્લો. ૩૯]

(૫) આ બ્રહ્માણ્ડ તે પરમાત્માનું સંગીત છેઃ વિવિધ સૂરની નિત્ય વિકસતી સુરાવટ છે, પરમાત્મા એ સંગીતનો યોજક, નાયક, શ્રોતા અને અનુમન્તા છે :

યન્ત્ર આ બ્રહ્માણ્ડનો
ગૂઢ નિયમે ચાલતો,
એક લક્ષ્યસ્થળ ભણી
જાતો વિકાસે મ્હાલતો.
અણગણ્યાં બ્રહ્માણ્ડના

ગણુ રહ્યા આ તરવરી,
એહ લક્ષ્યસ્થળ ભણી
ચાલ્યા જતા પદ સ્થિર ધરી.
માનવી જીવન તણો
ભવ્ય જે ઈતિહાસ તે,
અધિક એથી ભવ્ય વળી
ભાવિ તણો જ વિકાસ તે.
નિયમવશ ઉત્ક્રાન્તિમાં
મેળ હેનો છાજતો;
ઘટિતઘટનાયોગ એ
સંગીત સ્વરસમ રાજતો.
સર્વ સ્થળમાં વ્યાપિયું
નિયમનું સંગીત એ,
મૂળ સ્વર એ ગીતનો
ઇચ્છા નિયંતાની ખરે.
એહ સ્વર જ પ્રધાન છે,
અન્ય તે સંગે ગૂંથ્યા
તીવ્ર કોમળ રૂપ સહુ
બનતા વિકારો નવનવા.
ગૂઢ છે કંઈ યોજના
ભવ્ય એ સંગીતની,
એક **યોજક દિવ્ય** ને
સંગીતનાયક રહે બની.
દિવ્ય નાયક ગીતનોં
સ્નેહવાત્સલ્યે ભર્યો,
ગીતને અનુમોદતો
સુણતો રહે ત્યહાં તો ખરો.

[ખં. ૩. શ્લો. ૭ થી ૧૦–૧૪, ૨૩]

(૬) પરમાત્માની ઇચ્છાને વશ થવું કે શરણ થવું એમ નહિ, પણ એની ઇચ્છા સાથે આપણી ઈચ્છા ભેળવવી એ મનુષ્યનો પરમ ધર્મ :

ઇશ—ઇચ્છા સંગમાં
ભેળું ઈચ્છા માહરી,
બે પ્રવાહો એકઠા
થાતાં મધુરતા છે ખરી;
ઈશની ઇચ્છાતણા
સ્વરનોં સંગે મેળવું
મ્હારોં ઇચ્છાના સ્વરો;
સંગીત એ તો અવનવું. [ખં. ૩, શ્લો. ૩–૪]

૪. હવે આ કાવ્યનાં અવયવોની પરસ્પરઘટના તપાસીએ તો તેમાં બહુ સારું કળાવિધાન નજરે પડે છે. કરુણના ઉદ્ગાર અને જ્ઞાનનું સમાધાન—એવા બે પરસ્પર અસંભિન્ન કૌશલ્યહીન વિભાગ નથી. પ્રકૃતિનાં ચિત્ર, કરુણના ઉદ્ગાર, મરનારનાં સ્મરણ, પ્રશ્નોના હૃદયમતિએ આપેલા ઉત્તર વગેરે તત્ત્વો એકબીજાં સાથે કુશળતાથી ભેળવવામાં આવ્યાં છે; કોઈ ભાગ અસાધારણ લંબાવવામાં કે વિસારે પાડવામાં આવ્યો નથી. વિચાર કે છન્દની એકસૂરી નીરસતા ન થાય તે માટે, વચ્ચે શૃગાલ–સન્ધ્યાવતીનું આખ્યાન અને ભૈરવી ગરબી વગેરે રસિક અંશો દાખલ કર્યા છે—જે, એક સુંદરવાડીમાં ન્હાનાંમ્હોટાં વૃક્ષોની વચ્ચે રમણીય ટેકરી અને નિર્મળ ઝરણાંની માફક, સમગ્રની એકતાનો ભંગ કર્યા વગર હૃદયને આનન્દ આપે છે.

૫, છેવટે, એક સામાન્ય કાવ્ય તરીકે આ કૃતિમાં શું શું આકર્ષક છે તે જોઈ આ અવલોકન સમાપ્ત કરીએઃ

(૧) તેમાં એક તો—કરુણ અને શાન્ત તથા ભક્તિરસની અદ્દભુત મિલાવટ—જે ઉપર બતાવી—એ આપણું ધ્યાન ખેંચે છે.

(૨) પ્રકૃતિના સુંદર દેખાવોનું યથોચિત વર્ણન એ એનું બીજું રમણીય તત્ત્વ છે. રા. નરસિંહરાવે પોતાનાં કાવ્યોમાં મનુષ્યહૃદયના અમુક અમુક ભાવો બહુ સુંદર રીતે પ્રકટ કર્યા છે: પણ એમની કવિ તરીકે વિશિષ્ટતા પ્રકૃતિના કવિ તરીકે અધિક છે, તેમાં પણ વિશેષ અવલોકન કરતાં જણાય છે કે—પ્રકૃતિના નવા નવા પ્રદેશો શોધી, એનાં નવાં નવાં રૂપો જોવાં અને પ્રકટ કરવાં એ રા. નરસિંહરાવની કવિત્વશકિતનું લક્ષણ નથી. પ્રકૃતિના અમુક અમુક પ્રદેશ ઉપર જ એમની આંખ ઠરે છે, પણ જ્યાં ઠરે છે ત્યાં પૂર્ણ અને સાચા આનન્દથી ઠરે છે. એમનાં કાવ્યોમાં ઉષા સિન્ધુ—ચન્દ્રિકા-તારા-મેઘ વગેરેનાં વર્ણન વારંવાર થતાં વાંચી કેટલાક વાચકોને કંટાળો આવે છે, પણ તેઓને પ્રકૃતિના આ વિશિષ્ટ પદાર્થોમાં મનુષ્યહૃદયને આનન્દ આપવાની જે અખૂટ અને સનાતન શકિત ભરી છે તેનો અનુભવ થયો હશે કે કેમ એ વિશે શંકા ઊપજવા જેવું છે. અક્ષર આનન્દ આપનારા આ પ્રકૃતિના પદાર્થોમાંના કેટલાક સિન્ધુ-ઉષા-ચન્દ્રિકા-ઘન ખંડ—આ કાવ્યમાં પણ દર્શન દે છે. પણ એનો ઉપયોગ આછો, રસને દબાવી ન દે એવો છે; બલ્કે, અત્રે આલેખેલા મનુષ્યહૃદયના સુન્દર અને ભવ્ય—આર્દ્ર અને ગંભીર—ભાવોને વધારે રસિક બનાવવા માટે જોઈતી અનુરૂપ ભૂમિકા પૂરી પાડે છે.

(૩) રા. નરસિંહરાવની ભાષા—ઉત્તમ સંસ્કૃત કવિની ભાષા છે. જેમને સંસ્કૃત ભાષાનું જ્ઞાન નથી તેમને એ ભાષા કૃત્રિમ લાગે એમાં નવાઈ નહિ. પણ સંસ્કૃત સાથે પ્રેમ અને પરિચય ધરાવતા વાચકોને તો એમની શબ્દની પસંદગી એવી યથાર્થ, રુચિર અને સૌષ્ઠવવાળી લાગે છે કે એમનાં કાવ્યોમાં અર્થ અને શબ્દ વચ્ચે અધિક મનોહરતા કોની ગણવી એ એક પ્રશ્ન થઈ પડે છે. રા.

નરસિંહરાવનાં કાવ્યોમાં દરેક ભાવ, વિચાર, આકૃતિ, ક્રિયા અને ગુણ માટે એવો યથાર્થ શબ્દ પસંદ કરેલો જોવામાં આવે છે કે એ ઠેકાણે બીજો સૂચવતાં વાચકનું કોશજ્ઞાન કુંઠિત થાય છે. વળી જેવી શબ્દની પસંદગી છે તેવું જ મનોહર છંદ અને સંગીતનું માધુર્ય છે. છંદમાં ખંડહરિગીત અને ઉપજાતિ--વસન્તતિલકા આ કાવ્યમાં એમને ખાસ પ્રિય થએલા જોવામાં આવે છે. સાદા તેમજ ગંભીર હૃદયના ભાવ અને સૃષ્ટિ દેખાવ સાદી રીતે વર્ણવવાને માટે આ વૃત્ત બહુ અનુકૂળ છે. પણ જ્યાં કલ્પનાને પરમ શિખરે પહોંચવાની જરૂર જણાઈ છે ત્યાં ઔચિત્ય-વિચાર-પુરઃસર ભૈરવીની યોજના કરી છે. એમાં ભક્તિ કરુણ અને વાત્સલ્ય કેવી આર્દ્રતાથી અને સુકુમારતાથી પ્રકટ થયાં છે! સાંભળો:

મંગલ મન્દિર ખોલો, દયામય! મંગલ મન્દિર ખોલો!
જીવન વન અતિ વેગે વટાવ્યું, દ્વાર ઊભો શિશુ ભોળો;
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો, શિશુને ઉરમાં લ્યો, લ્યો.
દયામય! મંગલ મન્દિર ખોલો!

નામ મધુર તમ રટ્યો નિરન્તર, શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર આવ્યો બાલક, પ્રેમ--અમીરસ ઢોળો!
દયામય! મંગલ મદિર ખોલો!

આપણે પણ આ છેલ્લા જ શબ્દોથી--પરજીવનની ઝાંખી કરતા કરતા--આ અવલોકન સમાપ્ત કરીએ અને છેવટે કઠોપનિષદ્‌ની ફળ-શ્રુતિ ઉચ્ચારીએ કે

मृत्युप्रोक्तां नचिकेतोऽथ लब्ध्वा विद्यामेतां योगविधिं च कृत्स्नम् ॥
ब्रह्मप्राप्तो विरजोऽभूद्विमृत्युरन्योऽप्येवं यो विदध्यात्ममेव ॥

[સ્મરણસંહિતાની પ્રસ્તાવના, સં. ૧૯૭૧]

કાવ્ય વિષે રવીન્દ્રનાથ*

ડૉ. ટાગોરના ભાષણમાંથી અમે તો બે રત્નો સંઘરી રાખ્યાં છે; એક રત્ન તો એમનું અણુયોજ્યું, માત્ર પ્રસંગવશાત્ ઉચ્ચારાઈ ગએલું કાવ્યનું લક્ષણઃ

" ...to give a rhythmic expression to life on a colourful background of imagination."

આટલા થોડા શબ્દોમાં 'કાવ્ય'નું સ્વરૂપ વધારે પૂર્ણરૂપે બતાવાએલું અમે જોયું નથી. આનું વિવરણ કરીએઃ (૧) કાવ્યનું શરીર જે શબ્દ તેમાં એક તો છન્દ જોઈએઃ માત્રામેળ હો, અક્ષરમેળ હો વા કેવળ 'વૃત્તગન્ધિ × હો, અર્થાત્ જ્ઞાત, અજ્ઞાત, કોઈ પણ વૃત્તની છાયા હો.

---

* હિંદુ યુનિવ્હર્સિટિમાં ડૉ. રવીન્દ્રનાથ ટાગોરનું પદવીદાન સમારંભનું ભાષણ.

× આ વામનના કાવ્યાલંકારનો શબ્દ છે. વૃત્તનો જેમાં ગન્ધ સરખો પણ હોય તે 'વૃત્તગન્ધિ'. સંસ્કૃત સાહિત્યશાસ્ત્રીઓએ વૃત્ત બલ્કે વૃત્તની છાયા પણ કાવ્યમાં આવશ્યક માની નથી. કાવ્યનાં શરીરના પણ પદ્ય અને ગદ્ય એ જુદાં જુદાં રૂપ માન્યાં છે. આ પ્રસંગમાં "કાવ્ય એ ગદ્યથી ઊલટું નથી, પણ સાયન્સથી ઊલટું છે" એ પ્રસિદ્ધ અંગ્રેજી વાક્ય અમને યાદ આવે છે.

(૨) કાવ્યમાં **જીવનનો ઉચ્ચાર** હોવો જોઈએ. મૅથ્યુ આર્નોલ્ડે કાવ્યને જીવનની સમાલોચના યાને સારાસાર વિવેચનરૂપ ('criticism of life') કહ્યું છે એનાં પછીના અંગ્રેજ લેખકોનાં લખાણોમાં અસંખ્ય ચૂંથણાં થયાં છે, પણ એમાં એમને મૂળ એ લક્ષણમાં અપૂર્ણતા છે, પણ અયથાર્થતા નથી. પણ ડૉ. ટાગોરે તો કાવ્યને જીવનનું 'criticism' 'વિવેચન' નહિ પણ 'expression' 'ઉચ્ચારણ' કહ્યું છે એટલે એ આક્ષેપો એમના લક્ષણને લાગુ પડશે નહિ.

(૩) ત્રીજું કાવ્યની પશ્ચાદ્ભૂમિ યાને ચિત્રની પાછળની ભોંય—(background) **કલ્પનાના રંગથી** ભરપૂર હોવી જોઈએ—અર્થાત્ જે ભૂમિ, પટ કે દિવાલ ઉપર ચિત્ર દોરવામાં આવે તે કલ્પનાની રંગથી ભરેલી હોવી જોઈએ; અર્થાત્ realistic picture હોય, એટલે કે વાસ્તવિક જીવનનું ચિત્ર દોર્યું હોય તોપણ એ જીવનને કલ્પનાની સૃષ્ટિમાં બેસાડવું જોઈએ—તાત્પર્ય કે કલ્પનાની ભિત્તિ-કલ્પનાનું વાતાવરણ કાવ્યમાં આવશ્યક છે.

બીજું રત્ન સૃષ્ટિસૌન્દર્યની મનુષ્યજીવનને ઉન્નત બનાવવાની શક્તિ અને તેથી શિક્ષણમાં એનું સ્થાન એ વિષે બોલતાં ડૉ. ટાગોરે કાલિદાસના મેઘદૂતના વસ્તુ પરત્વે જે અપૂર્વ રહસ્યકલ્પના કરી છે એ રમણીય છે. એ કવિવર કહે છે કે યક્ષ—જે સૃષ્ટિસૌન્દર્યના રમ્ય પ્રદેશમાંથી નીકળી સામાન્ય જનતાની ભૂમિમાં આવી પડ્યો છે એ એના દૂત મેઘને નદી નાળાં, ડુંગર, ખેતર આદિ ગ્રામજીવનનાં અને વનલીલાનાં અનેક દૃશ્યો ઉપર થંભાવે છે એ અકારણ નથી. કવિવર ટાગોરના સુન્દર શબ્દોમાં—

"Is it not significant that in this poem, the lover's errant fancy, in the quest of the beloved

who dwelt in the paradise of eternal beauty, lingered with a deliberate delay of enjoyment round every hill, stream, or forest over which it passed; watched the graceful dark eyes of the peasant girls welcoming the rain-laden clouds of June; listening to some village elder reciting under the banyan tree a wellknown love-legend that ever remained fresh with the tears and smiles of generations of simple hearts ?

[વસન્ત; વર્ષ ૩૪, અંક ૧, માઘ, સં. ૧૯૮૧]

સરસ્વતીચંદ્ર : પુરાણ*

૧. પ્રસ્તાવના

સ્વ૦ ગોવર્ધનરામભાઈને નિવાપાંજલિરૂપે ગૂજરાતના વિદ્વાનોની કલમથી લખાએલી એક લેખમાળા અર્પવાનો અમે જે સંકલ્પ કર્યો હતો તે આજ સિદ્ધ થયો જોઈ અમારૂં હૃદય અત્યન્ત સન્તોષ પામે છે.

આ ‘પુરુષોત્તમ માસ’માં પુરુષોત્તમસ્વરૂપ ગોવર્ધનરામજીના ગુણાનુવાદ પ્રસિદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો એમાં અણધાર્યું ઔચિત્ય છે. સ્વ૦ ગોવર્ધનરામજીને પુરુષોત્તમ સ્વરૂપ કહેવાથી પરમાત્માની નિરવધિ મહત્તાની અમે અવગણના કરતા નથી; બલ્કે એ મહત્તા અમને એવી નિરવધિ પ્રતીત થાય છે કે કોઈ પણ મંગળ ગુણ પરમાત્મા શિવાય અન્યનો હોઈ શકે એમ અમે કલ્પી જ શકતા નથી. આવી સમઝણથી સ્વ૦ ગોવર્ધનરામના મંગળ ગુણોમાં અમે પરમાત્માની જ વિભૂતિનું દર્શન કરીએ છીએ, અને અમારા મિત્રોની મદદથી પુરુષોત્તમ માસમાં એ વિભૂતિનું અભિજ્ઞાન કરવાનો અમારા વાચકોને અમે એક પ્રસંગ આપી શકીએ છીએ—એ વિચારી અમને હર્ષ થાય છે.

વાચક સહજ જોઈ લેશે કે આ લેખમાળામાં ગૂજરાતના સારા સારા લેખકોએ—અમારૂં આમંત્રણ સ્વીકારીને—ભાગ લીધો છે. તેઓ

× સાક્ષરશ્રી ગોવર્ધનરામના મૃત્યુ પછી નીકળેલા ખાસ અંક ‘ગોવર્ધનરામાંક’ની પ્રસ્તાવના અને પૂર્ણાહુતિના લેખો. સં.

સર્વ પ્રતિષ્ઠિત લેખકો હોવા ઉપરાંત સ્વ૦ ગોવર્ધનભાઈ સાથે જુદી જુદી રીતનો સંબન્ધ ધરાવનારા છે, અને તેથી તેઓ એમના જીવન વિષે વિવિધ દૃષ્ટિબિન્દુનાં નિરૂપણ કરવાને અધિકારી છે.

સ્વ. ગોવર્ધનરામભાઈ જેવા જ્યેષ્ઠ બન્ધુ પ્રતિ પોતાનો પ્રેમ અને આદર દર્શાવવાની ગૂજરાતના વિદ્વાનોની ઇચ્છા હોય તે સ્વાભાવિક છે. પણ તેથી આજકાલના વ્યવસાયના સમયમાં ગમે તેમ કરી ફુરસદ કાઢી આમન્ત્રણાનુસાર જેઓએ લેખ લખી મોકલ્યા તેઓનો ઉપકાર માનવાની અમારી ફરજ ઓછી થતી નથી. જે થોડાએક વિદ્વાનો અનિવાર્ય કારણને લીધે અમારૂં આમન્ત્રણ સ્વીકારી શક્યા નથી તેઓએ પણ આ ઉપક્રમને જય ઇચ્છ્યો છે. એ સર્વ મંડળની શુભ સહાયતા અને શુભ ઇચ્છા માટે ઉપકાર માની—આ લેખમાળા અમે અત્રે પ્રસિદ્ધ કરીએ છીએ.

૨. પૂર્ણાહુતિ

* * *

સ્વ. ગોવર્ધનરામના જીવનને લગતાં વિવિધ સ્મરણો, તે દ્વારા થતું એમના અન્તરાત્માનું સ્વરૂપદર્શન, તથા એમના ન્હાના મ્હોટા લેખોનું સામાન્ય અવલોકન—જે જુદા જુદા દૃષ્ટિબિન્દુના લેખકો તરફથી અત્રે પ્રકટ કરવામાં આવ્યાં છે—તેમાં આ પ્રસંગે અમે બહુ ઊમેરો કરી શકીએ એમ નથી. સ્વ. ગોવર્ધનરામ એવા ઋજુ અને [1]ઉત્તાન હૃદયના હતા કે એક વખતે કુટુમ્બના એક માણસે કરેલી વાત બીજા માણસને કહેવાઈ જવાથી કુટુમ્બકલેશનો પ્રસંગ ઊપજવા જેવું થએલું, અને તે વખતે જ્યારે રહસ્યરક્ષણની બાબતમાં એમની સ્હામે ફરિયાદ ઊઠાવવામાં આવી ત્યારે એમણે જવાબ આપ્યો કે "તમારે જે વાત છાની રાખવી હોય તે મને ન કહેવી." આ સ્વભાવના કારણથી સ્વ. ગોવર્ધનરામને મુખેથી એક વાત અનેક જનોના સાંભળવામાં આવતી, અને તેથી એમનાં સ્મરણોમાં

---

[1] ચતા દિલના, ખુલ્લા મનના.

નવીન કહેવાનો અવકાશ થોડો રહે છે. વળી, એમનું જીવનચરિત્ર એવું એકાન્તતઃ વિશુદ્ધ છે કે મલિન પડો ભેદી એની પાર રહેલા કોઈક શુદ્ધ સત્ત્વનું ભાન કરાવવાનો શ્રમ લેવાની જરૂર પડતી નથી. માત્ર એમના 'સાક્ષરદેહ'—સંબન્ધી એક વિસ્તીર્ણ અને રહસ્યચિન્તક લેખ લખવાનો જ્યારે જોઈએ ત્યારે પુષ્કળ અવકાશ રહે છે. પણ તે લખવાનો ઉપક્રમ બહુ ભારે થઈ પડે—અને વિશેષમાં, આ અંક લગભગ દોઢસો પાનાંનો થવા આવ્યો છે એટલે સ્થળની મર્યાદા પણ આડી આવે છે. છતાં માત્ર પુરોહિતનું કાર્ય કરી બેસી રહેવું અક્ષન્તવ્ય ગણાશે એમ સમઝી, અત્રે સમાપ્તિમાં થોડુંક ઉમેરવું અમે આવશ્યક ધારીએ છીએ.

સ્વ. ગોવર્ધનરામનું પ્રથમ દર્શન આ લેખકને *ઇ. સ. ૧૮૮૧માં ભાવનગર રેલ્વે ઊઘડી તે પ્રસંગે થએલા આરંભ વખતે થયું હતું. મ્હારી બાર વર્ષની ઉંમરે, તે પણ માત્ર કોઈકની સાથે સાથે જ જવા રૂપે, થએલા સમાગમનું મને આજ એટલું જ સ્મરણ છે કે તે વખતે રા. ગોવર્ધનભાઈ બહુ સાદી અને કરકસરી રીતે રહેતા, અને એમને મળીને અમે બહાર નીકળ્યા ત્યારે અમારી સાથેના કોઈ કે મશ્કરીમાં ટીકા કરી 'ગોવર્ધનભાઈ ઈશ્વરની શોધમાં છે!' આ જૂજ દેખાતી હકીકત હું એટલા માટે નોંધું છું કે તે કાળનો એમનો માનસિક વ્યવસાય કેવો ઉત્કટ હશે કે જેથી સામાન્ય જનોને પણ એમના હૃદયના મન્થનનો ધ્વનિ સંભળાએલો, એ આથી જણાઈ આવે છે; એટલું જ નહિ પણ રા. રણજિતરામે અન્યત્ર જે એક અંગ્રેજી કવિતા ઊતારી છે તેની સાથે આનો સમય મળતો આવી, આ વખતના રા. ગોવર્ધનરામના વિચારની દિશા સમઝાય છે.

* આ વગેરે સાલો અત્યારે જેવી યાદ આવે છે તેવી મૂકી છે. કદાચ એમાં થોડોઘણો ફેરફાર હશે, પણ તે નક્કી કરવાનાં અત્રે બહાર ગામમાં સાધન હાજર નથી એટલે થોડીઘણી ભૂલ સહી લેવા વાચકને વિનંતિ છે.

પણ ઈશ્વર છે કે નહિ એ પ્રશ્ને, આ સમય પછી લાંબો વખત રા. ગોવર્ધનરામનું મન મથ્યું હોય એમ લાગતું નથી. ઇ. સ. ૧૮૮૭ માં 'સરસ્વતીચન્દ્ર'નો પહેલો ભાગ બહાર પડ્યો તેની પ્રસ્તાવનામાં રા. ગોવર્ધનરામ લખે છે કે—

"આ ગ્રન્થમાં એકથી વધારે કથાઓની ફુલગુંથણી છે...... ઈશ્વરની લીલાનું સદર્થે ચિત્ર આપવું એ જ પ્રયાસ છે.........

"વાર્તાનો સમય છેક સમીપનો અને પ્રદેશ આપણી ગુર્જર વસ્તીનો રાખેલો છે. એટલે, હજી સુધી આપણા કાનમાં વાગતા ભૂત દશાના ભણકારા, વર્તમાન દશાનો પ્રત્યક્ષ પડઘો, અને ભવિષ્યકાળમાં વિદ્યાની થનાર અવસ્થાની, આજથી આપણી કલ્પના પર પડતી પ્રતિચ્છાયાઃ—એ સર્વનું મિશ્રણ કરવાથી શાસ્ત્રીય દેશોદ્ધારકોને કાંઈ સૂચના મળશે એવી કલ્પના છે."

આમ, ઈશ્વરનો પ્રશ્ન પતી જઈ, દેશોદ્ધારનો પ્રશ્ન મુખ્ય થઈ પડ્યો છે.

'શાસ્ત્રીય દેશોદ્ધારક'—એમાં 'શાસ્ત્રીય' એ વિશેષણ બહુ મુદ્દાનું છે, અને એનું તાત્પર્ય એક બીજા પ્રસંગની વાર્તાથી ઠીક સમઝાશે. આ સમયથી બે વર્ષ પહેલાં એટલે કે ઇ. સ. ૧૮૮૫ ના અરસામાં રા. ગોવર્ધનરામે મુંબઈની પ્રસિદ્ધ 'હિન્દુ યુનિયન કલબ'-માં સંસારસુધારા ઉપર એક ભાષણ આપ્યું હતું, મિ. કાશીનાથ તેલંગ પ્રમુખસ્થાને હતા, અને ભાષણ ઉપર સભામાં બહુ કડુ વાદ-વિવાદ ચાલ્યો હતો. રા. ગોવર્ધનરામને મિ. તેલંગ માટે બહુ માન હતું. અને તેથી તેમણે મિ. તેલંગને ભાષણ ઉપર કાંઈક લેખી ટીકા કરવા કહ્યું હતું, તે વખતે મિ. તેલંગના પોતાના કે રા. ગોવર્ધન-ભાઈના હસ્તાક્ષરમાં પેન્સિલથી કરેલી નોંધ ગોવર્ધનભાઈના જૂના કાગળોમાં મ્હેં જોઈ હતી એમ મને કંઈક સ્મરણ છે. એ નિબન્ધમાં વિધવાવિવાહનો પ્રશ્ન ચર્ચતાં રા. ગોવર્ધનભાઈએ કહ્યું હતું કે સમસ્ત હિન્દુ જનસમાજના બન્ધારણનું શાસ્ત્રીય અવલોકન કર્યા વિના

કયી સંસ્થા લાભકારક છે અને કયી નહિ એ વિષે અભિપ્રાય બાંધવો અને તદનુસાર આપણા સાંસારિક રિવાજોમાં ઉથલપાથલ કરવી એ જોખમભરેલું છે. આ વિરુદ્ધ મિ. તેલંગે એવી નોંધ કરી હતી કે આ પ્રશ્ન 'Equity and Justice'—એટલે કે ન્યાયનો છેઃ સ્ત્રીને વિધવા થયા પછી ફરી પરણવાનો હક છે કે નહિ, ફરી પરણવું કે કેમ તે વિષે નિર્ણય કરવાની એક મનુષ્ય તરીકે એને સ્વતન્ત્રતા છે કે નહિ, એ પ્રશ્ન છે; અને એ પ્રશ્નનો જવાબ પણ ખુલ્લો છે. અર્થાત્ રા. ગોવર્ધનરામે એક હર્બર્ટ સ્પેન્સરના અનુયાયીની માફક, 'Social efficiency'ને ધોરણ બાંધી તે વડે નિર્ણય ઉપર આવવાનું ઠરાવ્યું હતું; અને મિ. તેલંગનું દૃષ્ટિબિન્દુ મિલના સ્વતન્ત્રતા અને હકના સિદ્ધાન્તની રીતિથી બંધાયું હતું. મિ. તેલંગે કરેલી ટીકા રા. ગોવર્ધનરામે મને વંચાવી તે વખતની એમની શાન્ત પ્રસન્ન અને ઉદાર મુખમુદ્રા મને અત્યારે યાદ આવે છે. 'સુધારા'ના હિમાયતી કે પ્રતિપક્ષી આવા વિષયોની વાતચીત થતાં જે જુસ્સા અને આગ્રહથી બોલે છે તેમાંનું રા. ગોવર્ધનરામમાં કદી પણ જોવામાં ન આવતું. અને મિ. તેલંગની ટીકાથી પોતાના વિચાર ફર્યા ન હતા એ પ્રસિદ્ધ છે, છતાં સ્હામા પક્ષની એ ટીકા વંચાવતાં પણ એમના મુખ ઉપર હર્ષ અને આદરની જ વૃત્તિઓ પ્રસરતી એ જોઈ મને એ મહાન પુરુષની ઉદારતા માટે બહુ માન ઊપજ્યું.

હવે પ્રસંગોપાત રા. ગોવર્ધનરામના 'સુધારા'સંબન્ધી વિચારનું અવલોકન કરીએ તો એમાં પદ્ધતિની 'શાસ્ત્રીયતા' એ તે પહેલાંના ગૂજરાતના સુધારકોથી એમને જુદા પાડી આપનાર મુખ્ય લક્ષણ જણાય છે. પહેલાંના સુધારકો જુસ્સાદાર, લાગણીવાળા, પણ સ્થૂલ અને સાદી રીતિએ નિર્ણય કરનારા હતા, એ પદ્ધતિમાં રહેલું અવિચારીપણું રા. મણિલાલની માફક ગોવર્ધનરામને પણ પ્રતીત થયું હતું; પણ બંનેએ આ મહાપ્રશ્નનો નિર્ણય પોતપોતાની જ રીતે

કર્યો છે. રા. મણિલાલે તત્ત્વજ્ઞાનની પદ્ધતિ લીધેલી સુપ્રસિદ્ધ છે. રા. ગોવર્ધનરામે કવિની ભાવનાના વિવિધ રંગથી રંગાએલો હિન્દુસંસાર કેવો દીપે છે એ બતાવી, એ ભાવનાને લક્ષ્યરૂપે સૂચવી, એ મનોહરદ્વીપ તરફ 'સુધારા'નું સુકાન ફેરવવા ઉપદેશ કર્યો છે. રા. ગોવર્ધનરામના પોતાના જ શબ્દો એમની પદ્ધતિનું સારૂં ભાન કરાવી શકશે.

'સરસ્વતીચંદ્ર'—ત્રીજા ભાગ—ની પ્રસ્તાવનામાં એ લખે છે કે-

"To the artist the world is not so much a mass of errors as a prospect of beauty, even where it errs; and he can simply propose to his own soul to enlarge the vistas which he is picturing, only with a view to add to the beauty, and not to the logic, of his work. As the Athenian believed, his beauty carries a silent logic more potent than reason and her quarrelsome ways."

રાજકીય વિષયમાં રા. ગોવર્ધનરામ રાનડે અને તેલંગના દૃષ્ટિબિન્દુએ જોનારા હતા: અર્થાત્ અંગ્રેજો તરફ શત્રુબુદ્ધિ રાખવી એ એમને સ્વદેશાભિમાનની કસોટી ન હતી, એટલું જ નહિ પણ અંગ્રેજના રાજ્યદ્વારા હિન્દુસ્તાન ઉદ્ધારને માર્ગે ચઢે છે એમ તેઓ ખરા દિલથી માનતા. 'સરસ્વતીચન્દ્ર'ના ચોથા ભાગમાં એક સ્થળે એમણે નીચે પ્રમાણે વિચારો દર્શાવ્યા છેઃ—

"આવું છતાં મ્હારો બન્ધુ હનૂમાન ત્હારા આ શત્રુઓને વિષયે મ્હારા જેટલો જ જાગૃત રહે છે તે જો. દુષ્કાળ અને વ્યાધિઓને કાળે એની ચિન્તાઓનું, ઉજાગરાનું અને શ્રમનું, સૂક્ષ્મ અવલોકન તું કરીશ તો તને દયા આવ્યા વિના નહી રહે. વાલી પેલા પશ્ચિમ દેશમાં રહી હનૂમાનને રામને નામે આજ્ઞાઓ કરે તો તેને

વિષયે જાગૃત રહેવાને માટે હું હાલ, એ દેશમાં ફર્યાં કરું છું, કપિ-લોકનાં હૃદયને જાગૃત કરું છું, ને તારાની પોતાની ધર્મબુદ્ધિનું ને દયાનું પ્રોત્સાહન કરું છું.[૧] ત્હારાં બાળકને મ્હેં આ દેશમાં આ જ કાર્યને માટે આકર્ષવા માંડયાં છે તે તું જાણે છે.[૨]

"પૂર્વ દેશ—જ્યાં તું અમારાથી વિયુક્ત થઈ આજ રોતી સુતી છે—એ આર્યોના પૂર્વ દેશમાં પણ વર્તમાનપત્રો, કોન્ગ્રેસના સમાજ અને એવે અનેક રૂપે મારી જાગૃતિની છાયાઓ સ્થળે સ્થળે ફરવા લાગી છે અને તે પણ હનૂમાનની ઇચ્છાથી જ થયું છે તે શું તું નથી જાણતી ? એ હનૂમાનનો અને સુગ્રીવનો સંયોગ કરાવી વાલી લોક પાસે જ ત્હારી પ્રજાને હનૂમાનના અમાત્યયૂથમાં મ્હેં અધિકાર અપાવ્યો[૩] છે તેથી જ તે અમાત્યોને અનેક પ્રશ્નો[૪] પુછી ત્હારા પુત્રો તેમને ઉંચા નીચા કરે છે એ પણ મ્હારી જ છાયા છે માટે પાગ-ચાલી ધૈર્ય રાખ ને આશ્વાસન પામ."

[૫]કોન્ગ્રેસમાં રા. ગોવર્ધનરામ પોતાના શરીરને ઘટતા ઉત્સાહથી, પણ હૃદયને શોભતા પ્રેમપૂર્વક, ભાગ લેતાઃ અને એમના નિવૃત્તિ-કાળમાં પણ તેઓ હિન્દુસ્થાનની આ વિષયની પ્રવૃત્તિ સંબન્ધી સઘળી હકીકત પ્રતિદિન બહુ કાળજીથી વાંચતા તથા લક્ષ્યમાં રાખતા. પણ રા. ગોવર્ધનરામનો સ્વભાવ કદી પણ પારકાના દોષ કાઢવામાં

---

૧. "ઇગ્લાંડમાં હિંદુસ્થાનને વિષયે જ્ઞાન અને સમભાવ ઉત્પન્ન કરવા ઈંડિયન કમીટી વગેરેના યત્નો વડે.

૨. આ દેશના દેશીઓ ઈંગ્લાંડમાં અને પાર્લમેંટમાં કેવળ દેશકલ્યાણને ઉદ્દેશી જવા લાગ્યા છે તે વિષયનો આ ધ્વનિ છે.

૩. નવા કાઉન્સીલ એકટથી. ૪. ન્ટર્પોલેશન–પ્રશ્નો.

૫. હિંદુસ્થાનના ગવર્નર જનરલ લોર્ડ ડફરીનની સૂચનાથી ઇંગ્રેજ મહાશયોએ કોન્ગ્રેસની સ્થાપના કરી છે તે વિષયનો વિસ્તાર મદ્રાસમાં છપાએલા 'Indian Politics'મા મિ. ડબલ્યુ. સી. બેનર્જીએ લખેલી પ્રસ્તાવનામાં આપેલો છે.

કૃતકૃત્ય માનવાનો ન હતો; અને તેથી દેશી રાજ્યોમાં આપણું હિત આપણી મેળે સાધવાની જે અનુકૂલતા છે, તેનો લાભ લેવા તેઓ 'સરસ્વતીચંદ્ર'માં સવિસ્તર ઉપદેશ કરે છે. તોડવા કરતાં ચણવા ઉપર રા. ગોવર્ધનરામને અધિક પ્રેમ હતો અને તેથી મિ. રાનડેએ ચણવા માંડેલી એક સુન્દર ઈમારત—'સાર્વજનિક સભા' —મિ. તિલકે પોતાના દુષ્ટ આગ્રહથી તોડી પાડી એમ કહી, એ બાતે તેઓ ઘણીવાર ખેદ દર્શાવતા; અને પ્રસંગોપાત્ત અત્રે કહી લેવું જોઈએ કે આવી બાબતમાં એમની શાન્ત મુખમુદ્રા પણ શુભ ક્રોધની છાયાથી છવાતી.

'સાર્વજનિક સભા'નું નામ મને એમના દક્ષિણી મિત્રોનું સ્મરણ કરાવે છે. મને લાગે છે કે થોડાક જ દક્ષિણીઓ જેટલી પ્રીતિથી કોઈ પણ ગૂજરાતી તરફ જોતા હશે તેટલી પ્રીતિથી ગોવર્ધનરામ એમના દક્ષિણી બંધુઓ તરફ જોતા. રા. ગોવર્ધનરામને એ વર્ગ માટે બહુ માન હતું, જો કે એના દોષો એમનાથી અજાણ્યા ન હતા. ગૂજરાત અને દક્ષિણના ગુણદોષના ભેદ સંબન્ધી રા. ગોવર્ધનરામે એમના શરૂઆતના કવિત્વકાળમાં એક બહુ રમુજી કાવ્ય લખ્યું છે—અને રમુજી સ્વરથી, રમુજી ગાવાની ઢબથી, અને રમુજી દેખાવ સાથે તે મને સંભળાવેલું: એ પ્રસંગ મારા નેત્ર આગળથી ખસતો નથી. એ કાવ્ય 'વસંત'માં પ્રસિદ્ધ કરવું કે કેમ એ વિષે વિચાર કરતાં, એની બાળપણને છાજતી વિનોદી શૈલી અને કેટલાંક વાક્યોને લીધે તેમ કરવું અમને તે વખતે ઉચિત લાગ્યું નહિ. પણ હું ધારું છું, કે હવે એ કાવ્ય પ્રસિદ્ધ કરવામાં કાંઈ બાધ હોવો ન જોઈએ.

મિ. રાનડે માટે રા. ગોવર્ધનભાઈને બહુ પૂજ્ય બુદ્ધિ હતી. મિ. ચંદાવરકર, મિ. ખરે, તથા મિ. ચૌબલ માટે મિત્રભાવ ધરાવતા —પણ એમના સ્નેહાર્દ્ર હૃદયના ઊમળકા તો મ્હેં મ્હોટા ગોખલે, એમના ભાઈ દાક્તર ગોખલે, તથા મિ. મહાદેવ ચિમનાજી આપ્ટે

એમના ઉપર જ વારંવાર નીકળતા જોયા છે. મ્હોટા ગોખલેનો તો રા. ગોવર્ધનરામને કૉલેજમાંથી જ પરિચય હતો પણ ઉપર ગણાવેલા ત્રણે જનોમાં એમના હૃદયને ખાસ પ્રેમપાશમાં બાંધનારો ગુણ તેઓનો સ્વાર્થત્યાગ અને પરોપકાર હતો. મિ. મહાદેવ ચિમણાજી આપ્ટેએ પોતાના સર્વસ્વનું—સઘળી માલમિલ્કતનું—સ્વામિત્વ ત્યજી, સંન્યાસ લઈ, આનન્દાશ્રમ બાંધ્યો —એ કથા રા. ગોવર્ધનરામ બહુ સાનન્દાશ્ચર્યથી કહેતા. મિ. રાનડે અને મિ. તેલંગ માટે એમને અસાધારણ માન હતું; પણ એ એમાં પણ મિ. તેલંગ તરફ તો માન સાથે સ્નેહની લાગણી પણ ખરી, કારણ કે મિ. તેલંગ સાથે એમણે વધારે વર્ષો કાઢ્યાં હતાં, તેમ જ બંનેની બુદ્ધિના બંધારણમાં પણ કેટલુંક સામ્ય હતું.

અત્યાર સુધી દક્ષિણી મિત્રોની વાત થતી હોવાથી, ગૂજરાતી અને અન્ય કોમના મિત્રો વિષે હજી સુધી મ્હેં કંઈ કહ્યું નથી. પણ વસ્તુતઃ મને લાગે છે કે અભ્યાસના સમયમાં સ્વ. હરિરામ ભટ્ટ (જેઓ સંસ્કૃતના સારા વિદ્વાન હતા, અને કચ્છમાં મૂંઝારો થઈને એકાએક ગુજરી ગયા) સિવાય કોઈ પણ ગૂજરાતી મિત્ર તરફ એમનું હૃદય બહુ ધસ્યું હોય એમ લાગતું નથી. એમના અન્ય કોમના મિત્રોમાં અથવા તો માનપાત્ર જનોમાં મુખ્ય સર ફિરોજશાહ મહેતા એ અનિર્વાચ્ય અનુભવગમ્ય મહિમાવાળા મહાપુરુષમાં જે અદ્ભુત ગુણો છે તેની રા. ગોવર્ધનરામને પૂર્ણ કદર હતી. દેશી રાજ્યના રાજ્યતન્ત્રીઓમાં દિવાન બહાદુર મણિભાઈ જસભાઈ તથા હરિદાસ વિહારીદાસ માટે એમને સારૂં માન હતું; અને ભાવનગરના દિવાન સ્વ. સામળદાસ—જેમના પ્રાઇવેટ સેક્રેટરી તરીકે પોતે કામ કર્યું હતું—તેમના ગુણોનું પણ કેટલીક વાર એ વર્ણન કરતા.

ઉપરની મિત્રો અને માનપાત્ર જનોની ગણતરીમાં, રા. મનસુખરામનું નામ અમે ગણાવ્યું નથી—તે જાણી જોઈને જ. એમનો સંબન્ધ રા. ગોવર્ધનરામ સાથે સૌથી વહેલો જ બંધાયેલો હતો.

રા. ગોવર્ધનરામના ‘ઉર’નું તાત્ત્વિક સ્વરૂપ બહારની કોઈ શક્તિથી નિર્માયું ન હતું, તથાપિ એ સ્વરૂપને ‘લક્ષ્ય’ની ભૂમિકામાં આવવાની અનુકૂલતા આપનાર, તેને અનુભવ અને વિચારનો બહોળો પ્રદેશ કરી આપનાર, ‘ઉરમાળી’ તો રા. મનઃસુખરામ જ. એ ‘ઉરમાળી’ સાથેના સહવાસની આખ્યાયિકાઓ કોઈ સ્થળે નોંધાઈ રહી હશે કે કેમ એ અમે જાણતા નથી. પણ નોંધાઈ હશે તો આ બે વિદ્યાભક્તોની પરસ્પર માનભરી વાતચીતમાંથી ભવિષ્યમાં ઘણું જાણવા જેવું મળશે. રા. ગોવર્ધનરામનો પ્રાચીન ભારત ઉપરનો પ્રેમ, એની સંસ્થાઓનું રહસ્ય સમઝવાનો આગ્રહ, અને યોગવાસિષ્ઠની દૃષ્ટિએ જગત્ જોવાની રીતિ—એ રા. મનઃસુખરામમાંથી ઘણે અંશે આવેલાં એમ અનુમાન કરવું ખોટું નથી. પણ સ્વતન્ત્ર બુદ્ધિશાલી રા. ગોવર્ધનભાઈ સર્વાંશે રા. રા. મનઃસુખરામના અનુયાયી નહોતા. પોતે ભક્તિસંપ્રદાયમાં જન્મ્યા હતા, તથા ખરા પ્રેમથી અંગ્રેજી કેળવણીનો સંસ્કાર પામ્યા હતા, અને વળી કલ્પના ઊડાવવામાં એમની બુદ્ધિ સ્વભાવથી જ નીડર હતી—તેથી ભક્તિમાર્ગ, હર્બર્ટ સ્પેન્સર અને માયાદ્વૈત એ સર્વનું વિલક્ષણ મિશ્રણ—અને સંકર કહો યા ઘટના કહો—તે આપણે ‘લક્ષ્યાલક્ષ્ય’ સિદ્ધાન્તમાં જોઇએ છીએ. રા. ગોવર્ધનરામની બુદ્ધિ લક્ષ્યને અવગણતી નહતી, પણ એમનું હૃદય તો સદા અલક્ષ્યને માટે જ તલસતું હતું, અને તદનુસાર એમના જીવનમાં વૈરાગ્યભાવના વિશેષ પ્રવેશ પામેલી હતી.

રા. ગોવર્ધનરામનું અમર નામ એમના ‘લક્ષ્યાલક્ષ્ય’ના સિદ્ધાન્ત ઉપર, કે એમણે અંગ્રેજીમાં લખી રાખેલા ‘Philosophy of Consumption’ નામના એક વિચિત્ર નિબન્ધ ઉપર, કે એમણે હમણાં હમણાંમાં આદરેલા અભ્યાસ ઉપર (એ અભ્યાસ ફળ પર્યન્ત પહોંચ્યો હોત તોપણ) બન્યું રહે એમ અમને લાગતું નથી. સ્વ. ગોવર્ધનરામની ઉજ્જ્વળ કીર્તિ તો ‘સરસ્વતીચન્દ્ર’ ઉપર જ ઝળજાની માફક ઝળક્યાં કરશે, અને તેમાં પણ એમનાં સ્ત્રીપાત્રો

ઉપરઃ એમ અમારી કલ્પના જાય છે. આપણા સ્વદેશી બન્ધુઓને પશ્ચિમના મહાન પુરુષો સાથે તો કેમ જ સરખાવાય, એવો આપણી વર્તમાન અધમ દશાથી ઉત્પન્ન થએલી પરદેશપૂજાથી જન્મ પામેલો, સંકોચ છાંડી—કહેવું જોઈએ કે સ્વ. ગોવર્ધનરામની 'કુમુદ' શેક્સ્પિયર અને ડેન્ટીનાં ઉત્તમ સ્ત્રીપાત્ર સાથે જરા પણ અતિપ્રશંસા વિના મૂકી શકાય એમ છે. 'સરસ્વતીચન્દ્ર' ને નવલકથા કહેવી કે નહિ એ શબ્દપ્રયોગનો પ્રશ્ન છે. નવલકથાના બંધારણના આજ પર્યંત અંગ્રેજી સાહિત્યમાં જે નિયમો પ્રચલિત છે તે સર્વથા અર્થહીન છે એમ કહેવાનું તાત્પર્ય નથી. પણ કથાની આકૃતિમાં જ નવલકથાની સઘળી ખૂબી સમાઈ રહે છે એ વાત કબૂલ થાય તેવી નથી. જગત્‌ની એક જ પ્રજા—અંગ્રેજ કે ગ્રીક જ—સાહિત્યના જે નમુના આપે તેમાંથી જ રસશાસ્ત્રના નિયમ બંધાય એમ માનવું એ તો બુદ્ધિનું પારતન્ત્ર્ય છે. એ પારતન્ત્ર્યમાંથી મુક્ત રહી, 'સરસ્વતીચન્દ્ર'ની કિંમત આંકવામાં આવે તો અમને લાગે છે કે એ કિંમત ઘણી ઊંચી થાય. 'સરસ્વતીચન્દ્ર' એ અર્વાચીન સમયના હિન્દુસ્તાનના સાંસારિક, રાજકીય, ધાર્મિક વગેરે મહાપ્રશ્નોની ચર્ચાનો 'આકર-ગ્રન્થ' છે. હાલની તરેહની પ્રસ્તાવનાને બદલે પ્રાચીન રીતિની એની પ્રસ્તાવના લખાઈ હોત તો તે કદાચ આ પ્રમાણે લખાતઃ—
"કલિકાલમાં જ્યારે ભરતખંડના મનુષ્યોની બુદ્ધિનો હ્રાસ થયો અને મહાભારતનું રહસ્ય સમજી શકાયું નહિ ત્યારે વ્યાસજીએ પોતે દયા લાવીને મનુષ્યોને દેશકાલાનુસાર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચતુર્વિધ પુરુષાર્થ સમઝાવવા માટે પ્રાકૃત ભાષામાં આ 'સરસ્વતીચન્દ્ર *પુરાણ' રચ્યું."

---

* 'પુરાણ'—શબ્દ કોઈને મશ્કરી જેવો લાગશે; અમને નથી લાગતો—બલ્કે પુરાણમાં જ અમને પ્રાચીન ભારતનો ખરો મહિમા દેખાય છે. અને તેથી અમને આ વિશેષણ વડે 'સરસ્વતીચન્દ્ર'નું ગૌરવ કરતાં સંકોચ આવતો નથી.

પણ આ આવો બોધક ગ્રન્થ છે એટલાથી જ કેટલાકને ખાસ અસન્તોષ થશે. પણ જેઓને મનોહર સ્ત્રીપુરુષોના હાવભાવ કે સુખદુ:ખની કહાણીથી જ સન્તોષ પામવો હોય તેને આજકાલ નવલકથાની અને નાટકોની ક્યાં ખોટ છે કે એ વર્ગનો આ ગ્રન્થ નથી એમ કહી નિસાસો મૂકવાનું કારણ હોય ? રા. ગોવર્ધનરામ કહે છે કે "સુંદર થવું એ સ્ત્રીનું તેમ જ નવલકથાનું લક્ષ્ય છે, પરંતુ એ લક્ષ્યની સંપત્તિ તે માત્ર કોઈ ગુરુતર લક્ષ્ય પામવાનું પગથિયું છે— એ પગથિયે ચ્હડીને પછી ત્યાં અટકવાથી ચ્હડવું નકામું થાય છે, હાનિકારક થાય છે." અને એ ધોરણ 'સરસ્વતીચન્દ્ર'ની પરીક્ષા કરતી વખતે લક્ષ્યમાં રાખવાનું છે.

પણ આ સ્થળ 'સરસ્વતીચન્દ્ર'ના ગુણદોષ તપાસવાનું નથી. માત્ર એ ગ્રન્થ ઉપર થતા એ મ્હોટા આક્ષેપ સંબન્ધી રા. ગોવર્ધનરામનો ખુલાસો જાણવા જોગ હોવાથી એ જણાવી આ લેખ અમે સમાપ્ત કરીશું.

એક વખત રેલ્વે મુસાફરીમાં રા. ગોવર્ધનભાઈ સાથે એક ગ્રેડયુએટ ગૃહસ્થ હતા. તેમણે 'સરસ્વતીચન્દ્ર'ની ભાષા કઠિણ છે અને તે બૈરાંથી પણ સમજાય એવી સરળ હોવી જોઈએ એ ટીકા બહુ સુન્દર રૂપમાં આ પ્રમાણે કરી:—

"ગો'ર્ધનભાઈ! આપે તો અમારા ઘરમાં કજિયો દાખલ કર્યો!"

રા. ગોવર્ધનભાઈએ પૂછ્યું—"કેમ ?"

પેલા ગૃહસ્થે ખુલાસો કર્યો—

"અમારાં બૈરાં 'સરસ્વતીચન્દ્ર'માંના શબ્દોના અર્થ અમને પૂછપૂછ કરે છે. અમારે એમની સાથે વાંચવા બેસવું પડે છે. અને કોઈક વખત તો અમને પણ એ શબ્દોના અર્થ આવડતા નથી અને ડિક્ષનેરી જોવી પડે છે, ત્યારે અમારી બૈરાં આગળ આબરૂ જાય છે."

રા. ગોવર્ધનરામે એમના હંમેશના સ્મિતપૂર્વક જવાબ વાળ્યો:—

"હું આ સાંભળીને બે રીતે ખુશી થયો. તમારાં બૈરાં સાથે તમારે વાંચવા બેસવું પડે એ એક ખુશીની વાત. અને ડિક્ષનેરી

ઉથ્રાડવી પડતી હશે તો તેથી તમારો પણ અભ્યાસ વધતો હશે—એ બીજી ખુશીની વાત.”

સરસ્વતીચન્દ્ર છેવટે કુસુમને પરણી જાય છે એથી ઘણાં રસિક હૃદયોને ધક્કો લાગ્યો છે. અને અમે પણ એ સંબન્ધમાં રા. ગોવર્ધનરામની કૃતિને નિર્દોષ માનીએ છીએ એમ નથી. તથાપિ એ વિષે એટલું જણાવીએ છીએ કે રા. ગોવર્ધનરામ અને મિ. ગિડુમલ વચ્ચે આ સંબંધી પત્રવ્યવહાર ચાલેલો, એ વાંચવા જેવો છે. મિ. દયારામે સિન્ધીમાં એક નવલકથા રચી છે વા રચવા માંડી છે અને તેમાં ‘સરસ્વતીચન્દ્ર’ માંથી ‘મધુરી’—એ નામ લીધું છે. એ બાબતમાંથી એ પત્રવ્યવહાર શરૂ થયો હતો. એમાં રા. ગોવર્ધનરામે પોતાનાં કારણો સબળ રીતે દર્શાવ્યાં છે; તેમ ‘સરસ્વતીચન્દ્ર’ માં પણ આ પ્રશ્નનું સમાધાન કરવાનો કવિએ પોતે યત્ન કર્યો છે.

પણ રા. ગોવર્ધનરામનો એક બચાવ હું અત્રે નોંધવા જેવો ગણું છું: રા. ગોવર્ધનરામે એક વખત આ ચર્ચાને અંગે મને પૂછ્યું હતું કે “સરસ્વતીચન્દ્ર કુસુમને પરણ્યો ન હોત તો કુમુદ અને સરસ્વતીચન્દ્ર, શુદ્ધ પ્રેમથી પણ, એકઠાં શી રીતે રહેત?*” આ પ્રશ્ન સાથે હું એક પ્રશ્ન મારા તરફથી પણ ઉમેરૂં છું કે—“સરસ્વતીચન્દ્ર કુસુમને પરણી ગયો ન હોત, તો ભગવી ચૂંદડીએ શોભતી ‘મધુરી મૈયા’ માં મૂર્તિમન્ત થતું સ્ત્રીનું માહાત્મ્ય—પુરુષને શરમાવનાર અને નારીપ્રતિષ્ઠાને ઉચ્ચતર કરનાર સ્ત્રીનું દૈવી લક્ષણ—શી રીતે પ્રત્યક્ષ કરાત? અને શું નારીપ્રતિષ્ઠા એ જ વર્તમાન સમયના હિન્દુસ્થાનનો એક મ્હોટામાં મ્હોટો પ્રશ્ન નથી?”

[વસન્ત : વર્ષ ૬, અંક ૩, ચૈત્ર, સં. ૧૯૬૩]

---

* વિધવાવિવાહ તો રસિક દૃષ્ટિએ જોતાં નિર્વિવાદ રીતે દૂરાપાસ્ત હતો: અને નાયક કે નાયિકાના મરણમાં પર્યવસાન ન લાવવું એમ મ્હારૂં પણ કહેવું હતું: એટલે આ બે માર્ગ બંધ હતા.

'સરસ્વતીચન્દ્ર'નો ઉપસંહાર

રા. ચન્દ્રશંકરે 'સરસ્વતીચંદ્રનાં બે ગિરિશૃંગો' ઉપર જે ચર્ચા કરી હતી તે આ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ થઈ છે, એમાંનું બીજું 'ગિરિશૃંગ'—માત્ર ત્રણ શબ્દનું ઊર્મિકાવ્ય "ઘેલી મ્હારી કુસુમ!" એને હું એમાં રહેલી વ્યંજનાને કારણે હમેશાં ઉત્તમ કવિની પ્રતિભારૂપે પૂજતો આવ્યો છું અને તેથી શ્રીયુત કનૈયાલાલ મુનશીએ એને 'inartistic' કહ્યું છે એમ સાંભળી મને આશ્ચર્ય થયું. શ્રી. મુનશીના 'Gujarat and its Literature' નામના કર્તાની બુદ્ધિના પ્રભાવ અને વેગથી ભર્યા પુસ્તકની મ્હેં પ્રરોચના લખી તે પહેલાં એ પુસ્તક હું ઉપરઉપરથી જોઈ ગયો હતો, પરંતુ બહુ બારીકાઈથી નહિ—અને તેથી રા. ચન્દ્રશંકરનો આક્ષેપ કેટલો યથાર્થ છે એ પુસ્તક જોઈ નક્કી કરવાનું મ્હેં મુલતવી રાખ્યું હતું. આજ શ્રીયુત મુનશીનું પુસ્તક જોયું; અને જોઈને રાજી થયો કે શ્રી મુનશીએ શ્રી ચન્દ્રશંકર માને છે તેવું કહ્યું નથી. શ્રી મુનશી લખે છે: " The end is inartistic in the extreme " એ શબ્દોથી શ્રી ચંદ્રશંકર ભ્રાન્તિમાં પડ્યા છે. વસ્તુતઃ શ્રી મુનશીની ટીકા "ઘેલી મ્હારી કુસુમ" એ અન્તિમ વાક્ય ઉપર નથી, પણ સામાન્ય રીતે 'સરસ્વીતીચંદ્ર'ની વાર્તાનો અન્ત અર્થાત્ ચતુર્થ ભાગ અને તેમાં અન્તે સરસ્વતીચંદ્રનું કુમુદને ન પરણવું એ ઉપર છે. ઉપરના વાક્ય પછી તુરત પછીનું વાક્ય " The only

relieving feature is a short living picture of Chandrakant's domestic life" એથી સ્પષ્ટ જણાય છે કે રા. મુનશી ચોથા ભાગના છેલ્લા વાક્ય વિષે ટીકા કરતા નથી, પણ ચોથા ભાગનાં ઉપસંહારનાં પ્રકરણ વિષે જ બોલે છે. શ્રી મુનશીના અસંતોષનું બીજ અમને એમની પોતાની સ્વભાવસિદ્ધ realistic રુચિ અને સાહિત્યકૃતિના સ્વરૂપમાં દેખાય છે, એમાં બીજો ઉમેરો સંસારસુધારાના વિચારે પણ કર્યો હશે, કારણ કે એમણે એ જ પૃષ્ઠને આરંભે લખ્યું છે કે " The lovers swear eternal love and companionship but decide not to marry, evidently for no better reason than that Kusum is a widow. " (અહીં 'eternal' અને 'for no better reason' એ શબ્દો સખ્ત ટીકાના કટાક્ષથી ભરેલા છે.)

હું પણ માનું છું કે વિધવાવિવાહ સ્ત્રી પુરુષ વચ્ચે ન્યાય ખાતર, તેમજ મનુષ્યની નિર્બળતાની વ્યાવહારિક દૃષ્ટિએ, ઈષ્ટ છે; અને સંસારસુધારાનો 'propagandist' પ્રચાર માટે નવલકથા લખતો હોય તો તેને એનાં નાયકનાયિકાને વિધવાવિવાહથી જોડવાનો હક છે. પણ શુદ્ધ કવિએ શું કરવું જોઈએ ? હું તો નિઃસંદેહ માનું છું કે— લગ્નની ભાવના સાથે વિધવાવિવાહ કે વિધુરવિવાહ એમાંથી એકે સંગત નથી—અને સરસ્વતીચંદ્ર અને કુમુદ પરણ્યાં હોત તો એ ઉપસંહાર પ્રમાદધન અને કુમુદ વચ્ચે થએલા લગ્નાભાસની દૃષ્ટિએ ક્ષન્તવ્ય થાત, પણ રસની દૃષ્ટિએ તો એમાં રસક્ષતિ જ આવત.

આ કારણથી હું શ્રીયુત મુનશીની ટીકામાં સંમત થતો નથી— મ્હારાં અને એમનાં સાહિત્ય સંબન્ધી દૃષ્ટિબિન્દુઓ જુદાં છે. એ સાહિત્યના વિષયમાં 'realistic' (ભાવનાવાદી નહિ, પણ મૂર્તવાદી) છે, અને એમની કૃતિઓમાં પણ જે સરસાઈ છે તે મનુષ્યવ્યક્તિઓનાં ગુણદોષ લોહી માંસ મજ્જાદિક સપ્તધાતુઓની મનુષ્યવ્યક્તિ ચીતરીને એમાં પ્રત્યક્ષ કરાવવામાં રહેલી છે. પરંતુ વસ્તુતઃ 'realistic'

અને ' idealiste ' (મૂર્ત અને ભાવનાત્મક) રા. મુનશી–રમણલાલ, અને ગોવર્ધનરામ–ન્હાનાલાલ, બંને વર્ગની કૃતિઓનો આસ્વાદ લેવો અશક્ય નથી, માત્ર જુદાં જુદાં દૃષ્ટિબિન્દુથી એ બે વર્ગને અવલોકવા જોઈએ; અને મનુષ્યહૃદય એવું વિશાળ છે કે એમાં બને રસવૃત્તિ સમાઈ શકે છે.

રા. ચન્દ્રશંકર અન્તભાગનો જે બચાવ કરે છે તે સ્વતન્ત્ર રસવૃત્તિની કસોટીથી નહિ, પણ હિન્દુજનસમાજનાં લોકમત અને લોકલાગણી ધ્યાનમાં લઈ સ્વ. ગોવર્ધનરામને અમુક મધ્યમ માર્ગ લેવો પડ્યો એવી સગવડ અને અગતિકતાની દલીલ આગળ ધરીને. અને તે માટે સ્વ. ગોવર્ધનરામને ' realistic ' પણ કહી દે છે. સ્વ. ગોવર્ધનરામ એમના વ્યવહારમાં ' realistic ' હતા કે નહિ એ વાત સાથે આપણે લેવાદેવા નથી. તેમ સ્વ. દયારામ ગિડુમલ અને સ્વ. ગોવર્ધનરામ વચ્ચે આ અન્તભાગ વિષે પત્રવ્યવહાર ચાલેલો એનાથી રા. ચન્દ્રશંકર છક થઈ ગયા છે તે થવાનો પણ એમને અધિકાર છે. અમે તો માનીએ છીએ કે એ પત્રવ્યવહારમાં રા. ગોવર્ધનરામે પોતાના બચાવમાં ગમે તે દલીલ કરી હોય તે સાથે પણ આપણે સંબન્ધ નથી, કારણ કે કવિ પોતાની કૃતિ જગત આગળ મૂકે પછી એના ઉપર કવિનો હક રહેતો નથી, જગત એ કૃતિને નિહાળવાને અને એને એનો અર્થ કરવાને સ્વતન્ત્ર છે. અત્યારે એ પત્રવ્યવહાર અમારી પાસે નથી, પણ સ્મરણ આવે છે કે અમે જ્યારે એ વાંચેલો ત્યારે અમને થએલું કે સાદા રસના પ્રશ્ન ઉપર અહીં મગજ અને શાહી કાગળનું વધારે પડતું ખર્ચ થયું છે.

તે માટે હવે એ પત્રવ્યવહાર બાજુ પર રાખી અમે કહીએ છીએ કે, " લોકસેવકે લોકાપવાદને કારણ ન આપવું એ શક્તિસંરક્ષણનું શાણપણ છે. સુધારકો અણસમજથી આપત્તિઓને આમન્ત્રે છે." ઈત્યાદિ રા. ચન્દ્રશંકરની સગવડ અને વસ્તુસ્થિતિની દલીલ અમારા હૃદયને સ્પર્શતી નથી. અમે તો સ્પષ્ટ રસદૃષ્ટિએ જ આ પ્રશ્ન

વિચારીએ છીએ અને એ દૃષ્ટિએ ગોવર્ધનરામની કૃતિની પૂર્ણ કદર કરીએ છીએ. રા ચન્દ્રશંકરે કરેલી ક્ષન્તવ્યતાની દલીલમાં અમે ભળીશું નહિ—અને રા. ચન્દ્રશંકરને અમે એટલું જ પૂછીશું કે 'વિધવાવિવાહ' એ હિન્દુજનસમાજમાં નિન્દ્ય છે અને તેથી સ્વ. ગોવર્ધનરામે કુમુદ અને સરસ્વતીચંદ્રનાં લગ્ન ન કર્યાં, તો શું 'લગ્નમાં બ્રહ્મચર્ય' એ હિન્દુજનસમાજમાં ઇષ્ટ કે શક્ય મનાય છે?

કવિ જ્યાંથી વસ્તુ છોડી દે ત્યાંથી જ વાચકે પણ છોડી દેવી જોઈએ. 'કલ્યાણગ્રામ'ની યોજના કુસુમ અને સરસ્વતીચન્દ્રના લગ્નથી સબળ થશે કે કેમ એ વિચારવાનું કામ આપણું નથી. કુસુમ અને સરસ્વતીચન્દ્રના પછીના જીવન માટે તો હું કુસુમ કહે છે તેજ ખરૂં માનું છું કે— "મ્હારા હૃદયની કેવી વૃત્તિ છે તે હું સમજી શકતી નથી. મ્હરા શરીરમાં માંહ્ય શું છે તે હું જાણતી નથી તેમ મ્હારા હૃદયમાં કેવી નાડીઓ છે તે પણ જાણતી નથી." કોણ કહી શકશે કે કુસુમ આગળ ઉપર 'ઘેલી' નહિ જ થાય? અને કુસુમની સરસ્વતીચન્દ્રની અને કુમુદની કથા લંબાઈને, કરુણાન્ત થાય અને કોઈ કવિ એની ભવ્ય 'tragedy' (કરૂણાન્ત મહાકથા) રચે તો શું અશક્ય છે? અમને તો આ કથામાં આટલે સુધી સ્ત્રી–કુમુદનું જીવન્ત દેહે દિવ્યરૂપે સ્વર્ગારોહણ, અને પુરુષ–સરસ્વતીચન્દ્રનું કરુણ મનુષ્યજીવન પ્રત્યક્ષ થાય છે.

હવે શ્રીયુત મુનશીની 'સરસ્વતીચન્દ્ર'ની સામાન્ય કદરનાં સંબન્ધમાં એટલું કહીશું કે 'form'ની દૃષ્ટિએ ભલે 'સરસ્વતીચન્દ્ર 'inartistic' ઠરે, પણ નવલકથાની કદરમાં 'form' એ જ એક વસ્તુ છે? જગતનાં કેટલાં બધાં નાટકો અને નવલકથાઓ અને મહાકાવ્યો એના 'form'ની દૃષ્ટિએ ન જોવાતાં એનાં અનેક બીજાં તત્ત્વોના કારણથી ઉત્તમ કોટિમાં મૂકાયાં છે?

[વસન્ત : વર્ષ ૩૫. અંક ૭, શ્રાવણ–આશ્વિન, સં. ૧૯૯૨]

'સુદર્શનગદ્યાવલિ'ની પ્રસ્તાવના

કોઈ પણ ગ્રન્થની પ્રસ્તાવના લખવાનો એક મુખ્ય હેતુ એ હોય છે કે—વાચકને અમુક દૃષ્ટિબિન્દુ પ્રાપ્ત કરી આપવું, જ્યાં ઊભા રહીને દૃષ્ટિ નાંખવાથી સમસ્ત પ્રદેશ એકાકાર અને યથાસ્થિત જોઈ શકાય.

આ કાર્ય બે રીતે થઈ શકે; ગ્રન્થકારના ગ્રન્થમાંથી સામાન્ય વિચારસૂત્ર તારવી આપીને, અગર તો ગ્રન્થકારનો જીવનવૃત્તાન્ત આલેખીને.

આમાંની પ્રથમ પદ્ધતિએ કરવાનું કામ મ્હેં, યથાશક્તિ, મણિલાલના દેહત્યાગ પછી તુરત જ કર્યું હતું, અને 'A man may once say a thing as he would have it said, he cannot say it twice' એ મતલબની મિ. જૉન મોર્લિએ એક સ્થળે ટાંકેલી ગ્રીક ઉક્તિને માન આપી, તે કામ ફરી આદરતાં હું અટકું છું.

બીજી પદ્ધતિ—જે જીવનવૃત્તાન્ત આલેખવાની, તે માટે જોઈતાં સાધનો હજી પૂરાં મેળવાયાં નથી, અને જે થોડાંઘણાં ઉપલબ્ધ છે તે હજી ઉપયોગમાં લઈ શકાય એવી સ્થિતિમાં નથી. તથાપિ, મણિલાલના કેળવણીકાળની થોડીક હકીકત—જે જાણવાજોગ જણાઈ તે—જેવી મળી તેવી—એમની એક જયન્તીને પ્રસંગે મ્હેં બહાર મૂકી હતી, અને એમની કેળવણીનો એમના ગ્રન્થો સાથેનો આંતર સંબંધ પણ તે જ પ્રસંગે મ્હેં બતાવ્યો હતો.

પૂર્વોક્ત બન્ને લેખ આ પુસ્તકમાં+ દાખલ કર્યા છે, અને હું આશા રાખું છું કે શબ્દાન્તરથી કરેલી પુનરુક્તિ કરતાં મુદ્રણાન્તરથી કરેલી આ પુનરુક્તિ વધારે ક્ષમ્ય ગણાશે.

જળની શોધમાં ફરતા તૃષિત પાન્થ આગળ અમુક જળાશયના ગુણ વર્ણવવા બેસવું તે કરતાં એ જળાશય તરફ અંગુલિનિર્દેશ કરવો એ વધારે ઇષ્ટ છે; તથાપિ છેલ્લાં સાઠ વર્ષનો આપણા સાહિત્યનો ઇતિહાસ વિલોકતાં એટલો ઉદ્ગાર કાઢ્યા વિના રહેવાતું નથી કે ખરેખર આપણી ભૂમિ ઉપર પ્રભુની મહેર છે! આ સમયનો આપણો સાહિત્યપ્રદેશ પૂર્વભાગ કરતાં ઉત્તરભાગમાં જરા પણ ઓછો રસાળ નથી. આપણે આપણી વાટમાં નર્મદ અને નવલરામરૂપી જે જળાશયો પાછળ મૂક્યાં તે કરતાં ગોવર્ધનરામ અને મણિલાલનાં જળ કાંઈ ઓછાં મનોહર નથી. આ ચારમાં જો નર્મદનો જળધોધ સૌથી વધારે વેગ અને જુસ્સાવાળો હતો અને નવલરામનું શાન્ત તળાવ વધારે નિર્મળ હતું—તો મનુષ્યબુદ્ધિ અને હૃદયના અસંખ્ય તરંગોથી છવાએલો ગોવર્ધનરામનો 'મીઠો મહેરામણ' સૌથી વધારે વિશાળ અને ગંભીર, અને મણિલાલની મહાનદી આડાંઅવળાં વહેતાં અનેક ન્હાનાં ઝરણાંને પોતામાં ખેંચી લઈ આસપાસનાં ખેતરોને વધારે ફળદ્રુપ કરતી જોવામાં આવે છે.

મણિલાલના સાક્ષરજીવનનું આ સ્વરૂપ 'પ્રિયંવદા' અને 'સુદર્શન' આ એમના લેખમાં બહુ સારી રીતે પ્રકટ થાય છે. 'સુધારા'નાં જે જે વ્હેણ એમને ઉદ્દેશવિનાનાં કે સુન્દર વનસ્પતિને ઊખેડી નાંખે એવી વિનાશકારક રીતે વ્હેતાં લાગ્યાં તેમને, પ્રાચીન મૂળમાંથી વ્હેતી આવતી અદ્વૈત મહાનદીમાં ભેળવી લઈ, એમના બળને સીધે માર્ગે ઊતાર્યું અને કાંઠે આવેલાં ખેતરોને એ વધારે ઉપકારક થાય એવી પ્રવૃત્તિ આરંભી.

+આ પુસ્તકમાં પૃ. [illegible]

ગ્રૅડ્યુએટ થઈને આપણું પ્રથમ કર્તવ્ય, માત્ર મ્હોટા ગ્રન્થો રચીને, આપણી બુદ્ધિના કોઈ કોઈ વખતના વિલાસોથી કે હૃદયના ઊભરાઓથી જગત્‌ને ચકિત કરવામાં રહેલું નથી; પણ આપણા દેશને આપણું સાક્ષરજીવન સતત અર્પી દેવું, અને એની ન્હાની ન્હાની સેવા કરવા પણ દિનપ્રતિદિન તત્પર રહેવું એમાં જ સમાએલું છે; આવી સમઝણથી આપણાં અજ્ઞાન ભાંડુઓને—તેમાં પણ વિશેષ કરી સ્ત્રીવર્ગને—કેળવવા મણિલાલે 'પ્રિયંવદા' પત્ર શરૂ કર્યું: પ્રથમ સ્ત્રીકેળવણીમાં ધર્મનું પ્રાધાન્ય આવશ્યક જણાવાથી, અને પછી એ જ ધર્મ ઉપર પુરુષનું વ્યવહારતન્ત્ર પણ રચાવું જોઈએ એમ લાગવાથી, મણિલાલની પ્રવૃત્તિ સ્ત્રી–પુરુષ ઉભય વર્ગને અનુકૂળ થઈ, 'પ્રિયંવદા'નું 'સુદર્શન'માં રૂપાન્તર થયું, અને આ અદ્વૈત-ચક્રપ્રવર્તન એમના મરણપર્યન્ત પૂર્ણ જુસ્સાથી, દૃઢ નિશ્ચયથી અને એકનિષ્ઠાથી ચાલ્યું.

પણ મણિલાલનું અદ્વૈત તે રસભર્યો મધપૂડો છે; ખાલી ખોખું નથી; તેથી ધર્મ, ગૃહ, રાજ્ય અને સાહિત્ય એમ ચાર ચાર વિષયમાં એમણે પોતાની પ્રવૃત્તિ ગોઠવી છે, અને એને અંગે એમણે અર્થઘન અને સ્વમુદ્રાંકિત વાક્યવિન્યાસથી ઝળકતા અનેક સમર્થ લેખો લખ્યા છે.

'પ્રિયંવદા' અને 'સુદર્શન'માં વિખરાએલા પડેલા એ સર્વ લેખ એકઠા કરી ગૂજરાતી વાંચક આગળ અત્યારે ફરી રજુ કરવામાં આવે છે.—જે શુભ પ્રયાસનો સર્વે ધન્યવાદ મણિલાલના અનુજ રા. રા. માધવલાલ નભુભાઈને, "કૂટસ્થ" નામ ધરાવનાર એક સાહિત્યપ્રેમી મુનિજનને અને એમની પ્રેરણાથી સર્ત્રભાર આનંદપૂર્વક ઊપાડી લેનાર આ ગદ્યાવલિના પ્રકાશક ગૃહસ્થો—રા. રા. હિંમતલાલ છોટાલાલ પંડ્યા અને રા. રા. પ્રાણશંકર ગૌરીશંકર—એઓને ઘટે છે.

[તા. ૧૯ જુલાઈ, ૧૯૦૯]

‘સુદર્શન’ના આદ્ય દ્રષ્ટા અને પ્રવર્તક

“ The fountains of divine philosophy
Feld not his thirsting lips and all of great,
Or good, or lovely, which the sacred past
In truth or fable consecrates he felt
And knew.” —*Shelley*

“ All greatness is formative ” —*Goethe*

“ मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् ”—भर्तृहरिः

“ વૃદ્ધિ, ઉન્નતિ એને અર્થે જીવિત છે. વિશ્વક્રમમાં વિનાશ એવું કાંઈ છે જ નહિ. વસ્તુ માત્ર રૂપાન્તર લેતી જ ચાલી જાય છે. અને મરણ એ રૂપાન્તર કરી આપનાર એક મુકામ વિશ્વરચનામાં ઠરાવેલો છે.”—રા. રા. મણિલાલ નભુભાઈ

“ રસિકડાં નવ કરશો કોઈ શોક. ” —નર્મદ

“The world of scholars will deeply mourn the sad death of professor *manilal N. Dvivedi.* India, which in ages past, was the envied land of philosophers and poets, is, at present, sadly wanting in men who have made the pursuit of truth their sole and all absorbing end in life. She is rich in politi-

cians and social reformers though here too the purer and higher type is not sufficiently large; but she is much deficient in men of letters and philosophers. Those who spend their lives in philosophic thought, in seeking light, in the inward recesses of their mind for the solution of those higher problems of life and death, and adorn the literature of the world with the result of their sublime speculation, represent the highest type of philanthropy and humanity. In this class of world benefactors, a respectable place must unquestionably be accorded to the late Professor Dvivedi." —*The Indu prakash*

તેર વર્ષ પર્યન્ત ગૂજરાતી વાચકમંડળને પોતાની ભવ્ય બુદ્ધિ અને કલ્પનાનો પ્રસાદ આપી, ગૂજરાતનો—આ ભૂમંડળનો—એક મહાન્ આત્મા તા. ૧ લી ઓકટોબર સને ૧૮૯૮ ને રોજ મધ્યરાત્રિએ પરલોકવાસી થયો ! એના જવાથી ગૂજરાતને અપાર ખોટ પડી છે, અને એ ખોટનું યથાસ્થિત વર્ણન કરી શકે એવી કલમ પણ પાછળ રહી નથી. 'પ્રિયંવદા' નાં મધુર વાક્યોદ્વારા વાચકને પ્રાચીન રીતિસ્થિતિ ઉપર રુચિ ઉત્પન્ન કરી, પાછળથી એજ વસ્તુ વિચારપુરઃસર અવલોકવાનો 'સુદર્શન'માં એ મહાત્માએ એક ઉદાર પ્રયત્ન આરંભ્યો હતો, પણ એ પ્રયત્નનું ફળ પરિપકવ થતાં પહેલાં તો એને અત્રેથી ચાલી જવું પડ્યું ! મનુષ્યહૃદયમાં ધર્મભાવનાના જે ગૂઢ પ્રવાહો સતત વહ્યા કરે છે તેને પ્રત્યક્ષ કરી આપવાના 'મોંઘા મંત્રો' રા. રા. મણિલાલને જ વિદિત હતા. અને એ મંત્રો ભણી પ્રાચીન વહનમાર્ગમાં ગૂજરાતનો જે નૂતન ધર્મપ્રવાહ એમણે

પ્રવર્તાવ્યો છે તે અનેક વર્ષો સુધી રા. રા. મણિલાલનું નામ કાયમ રાખશે—એ નિઃસંદેહ છે. આ જલ પ્રથમ પંકથી કલુષિત હોય એ સ્વાભાવિક છે, અને તેને શુદ્ધ કરવાની ક્રિયા એ વિદ્વાને માત્ર થોડા વખત ઉપરજ આરંભી હતી. પરંતુ એ અર્થ સિદ્ધ થવાને કેટલોક વખત જોઇએ, તે પહેલાં તો ગૂજરાતનું દુર્ભાગ્ય વિજયી નીવડ્યું! હવે શું કરવું? વિશ્વવ્યવસ્થા અગમ્ય છે. નિયંતાનો આ અકસ્માત બનાવમાં શો નિગૂઢ હેતુ સમાએલો હશે એ મનુષ્યબુદ્ધિ કળી શકે એમ નથી. આપણું ભવિષ્ય એને સોંપી વર્તમાનમાં રહી પ્રાપ્ત કર્તવ્ય કરવાનો શ્રીમદ્ ભગવદ્ગીતાનો ઉપદેશ છે, રા. રા. મણિલાલનો પણ એજ ઉપદેશ છે, તો હવે એ નરરત્નના આત્માને આપણા આત્મામાં જાગ્રત્ રાખવો, અને એ આત્મા જેમ 'વૃદ્ધિ', 'ઉન્નતિ' તરફ પ્રયાણ કરતો હતો તેમ આપણા આત્માને પણ એજ પંથે ચઢાવવો એ ઉત્તમ માર્ગ છે.

"Weep not for death,
'Tis but a fever stilled,
A pain suppressed,—a fear at rest.
A solemn hope fulfilled.
The moon-shine on the slumbering deep,
Is scarcely calmer. Wherefor Weep?
Weep not for death!
The fount of tears is sealed,
Who knows how bright the inward light,
To those closed eyes revealed?
Who knows what holy love may fill
The heart that seems so cold and still."

"ગગને આજ, પ્રેમની ઝલક છાઈરે, ગગને આજ—પ્રેમની૦
પૃથિવી રહી છવાઈ,
પરવતો રહ્યા નાહી, સચરાચરે ભરાઈ રે—ગગને૦ ૧
ભૂત ને ભવિષ્ય ગયા,
વર્તમાન સર્વ થયા, એકમાં અનેક રહ્યા રે—ગગને૦ ૨

એ આત્માને ભૂત અને ભવિષ્ય મટી જઈ સર્વ વર્તમાન થઈ રહ્યું! સકલ વિશ્વમાં દિવ્ય પ્રેમનો સાક્ષાત્કાર થયો! એમ સમઝી હૃદયનું સમાધાન કરવું,—એમના વિશાળ અને ગંભીર સિદ્ધાન્તોનું મનન એ જ એમના આત્માનું ઉત્તમોત્તમ સ્મરણ છે, એમ માની એમણે કરેલો "ધર્મ—ગૃહ—રાજ્ય—અને સાહિત્ય—એમનાં સ્વરૂપ અને સંબંધનો વિચાર" ટૂંકામાં વિચારી જવો,—એટલું જ કર્તવ્ય રહ્યું છે.

(૧) ધર્મ એ મનુષ્યના આત્માનું ઊંડામાં ઊંડું રહસ્ય છે, અને એના ઉપર એની સર્વ પ્રવૃત્તિનો આધાર છે. ધર્મ સારો તો પ્રવૃત્તિ સારી, એટલે પ્રવૃત્તિ સિદ્ધ કરવા માટે, અને તે દ્વારા ગૃહમંડલનાં ગૃહ–રાજ્ય વગેરે સર્વ અંગોને આરોગ્ય અને બલ અર્પવા માટે ધર્મની પરિશુદ્ધિ કરવાની જરૂર છે. આ પરિશુદ્ધિનું મુખ્ય સાધન પ્રાચીન આર્યાવર્તમાં પ્રવર્તતી અદ્વૈતભાવના છે. આ અદ્વૈતભાવના—જે 'વેદાન્ત' નામે ઓળખાય છે તે—કેવલ 'શુષ્ક તર્કજાલ' રૂપ ન હોતાં, પ્રેમ (Love) અને કર્તવ્ય (Duty) ના મનોહર સ્તમ્ભ ઉપર રચાએલી ઈમારત છે. 'પ્રેમજીવન', 'અભેદોર્મિ', 'અભ્યાસ', 'પ્રાચીન અને અર્વાચીન વેદાન્ત', 'શ્રીમદ્ ભગવદ્ગીતાનો વેદાન્ત' ઇત્યાદિ અનેકાનેક લેખો આ સિદ્ધાન્તના પ્રતિપાદક છે; છતાં રા. રા. મણિલાલ પોતે શુષ્ક તર્કજાલના પણ સારા અભ્યાસી હતા, એ એમનાં 'શ્રીમદ્ભગવદ્ગીતા', 'વૃત્તિપ્રભાકર' વગેરે જોતાં સ્પષ્ટ પ્રતીત થાય છે. ધર્મથી નીતિને જુદી પાડી, નીતિના પાયા ઉપર સર્વ વ્યવહાર રચવાનો પ્રયત્ન કેટલાક વિદ્વાનો કરે છે, પણ તે પ્રયત્ન

અશાસ્ત્રીય અને વૃથા છે, એમ રા. રા. મણિલાલ વારંવાર કહે છે. "અમે એમ સ્પષ્ટ રીતે માનીએ છીએ કે ધર્મ સંબંધી કોઈ પણ નિશ્ચય વિના એટલે કે જીવિતના ઉદ્દેશનો નિર્ણય થયા વિના નીતિની રચના સંભવિત નથી. ધર્મવિહીનનીતિ મનુષ્યને એકઉપયોગી યંત્ર કરતાં વધારે સારૂં બનાવી શકે એ શંકાવાળું છે." નીતિના વિષયમાં 'Smiles-Character'ને આધારે 'ચારિત્ર' નામનો એમણે ગ્રન્થ રચ્યો છે—જે મનન કરવા યોગ્ય છે. ધર્મના વિશેષ સ્વરૂપ માટે રા. રા. મણિલાલ 'અધિકારભેદની' વ્યવસ્થા માનતા અર્થાત્ સર્વ ધર્મનાં સ્વરૂપો અદ્વૈતભાવનાએ પહોંચવાનાં પગથીઆં છે એમ એ પ્રતિપાદન કરતા. પ્રાચીન ધર્મ ઉપર રુચિ ઊપજાવવા માટે રા. રા. મણિલાલે એક જાણવા જેવું સાધન વાપર્યું હતું, જેનું પ્રયોજન સિદ્ધ થતાં એમણે એ દૂર કરી દીધું આ સાધન તે રા. રા. મણિલાલનો 'પ્રાણવિનિમય' નામનો ગ્રન્થ હતો. 'પ્રાચીન' તેટલું વ્હેમનું ભરેલું એવો સામાન્ય પ્રવાદ કેળવાએલા જનોમાં એક વખત પ્રવર્તતો, તેને મેસ્મેરિઝમ ('પ્રાણવિનિમય') ના પ્રયોગો કરી એમણે ખોટો પાડ્યો. પણ પ્રાકૃતજનો માટે 'પ્રાણવિનિમય' ની લાલસા ભયંકર છે, એમ નિશ્ચય કરી પાછળથી એમનું સમસ્ત જીવન એમણે 'રાજયોગ' ની સેવામાં ગાળ્યું. ક્ષુદ્ર આત્માઓના કેટલાક અનુભવ પછી, 'સિદ્ધિઓ' ઉપર એ વિદ્વાનને એવો તિરસ્કાર ઊપજ્યો હતો કે 'પ્રાણવિનિમય' નું પુસ્તક પુનઃ પ્રસિદ્ધ ન કરવું એવો પાછળથી એમનો નિશ્ચય હતો. જાતિભેદની બાબતમાં રા. મણિલાલ મધ્યમમાર્ગી હતા. 'ज्ञातिश्चेदनलेन किम्' એ પંક્તિનો ઉપયોગ કરી, અર્વાચીન હિંદુસ્થાનમાં પડેલી અસંખ્ય નાતજાતના ભેદ તરફ પોતાનો તિરસ્કાર દર્શાવતા. 'ગુજરાતના બ્રાહ્મણો' એ નામના એક લઘુલેખમાં બ્રાહ્મણ જ્ઞાતિઓના એકીકરણ તરફ રા. રા. મણિલાલનો યત્ન છે. આ સાથે 'વર્ણસંકર'ની એ તદ્દન વિરુદ્ધ હતા—એટલે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર ભેદ એ આવશ્યક માનતા.

(૨) રા. રા. મણિલાલની 'ગૃહભાવના' ધર્મભાવના—એટલે અદ્વૈતભાવના—ને આધારે ઘડાએલી હતી. અને આ વિષયમાં 'નારી-પ્રતિષ્ઠા' નામનું એક ન્હાનું પણ અર્થભરપૂર પુસ્તક એમણે ઘણાં વર્ષ ઉપર લખી પ્રસિદ્ધ કર્યું હતું. એ પુસ્તકે ગૂજરાતી વાચકમંડલને જુદી જ વિચારશ્રેણિ ઉપર ચઢાવ્યું. 'સુધારા'ની એટલે 'સ્ત્રી પુરુષના સમાન હક' ના સિદ્ધાંતની ખામી બતાવી, 'નારી' તરફ આપણું—પુરુષનું—શું કર્તવ્ય છે એ સમઝાવ્યું. સ્ત્રી અને પુરુષ એવું દ્વૈત વસ્તુતઃ નથી, ઉભય મળીને એક અદ્વૈત છે, અને ઉભયનું પરસ્પર કર્ત્તવ્ય છે, 'હક' નથી, અને 'લગ્નગ્રન્થી એ પવિત્ર ગ્રન્થી છે.' એટલે વિધવા પુનર્વિવાહને અવકાશ જ નથી—આ રા. મણિલાલનાં પ્રકૃત વિષયનાં સર્વ વચનોનો સાર છે. નારીપ્રતિષ્ઠા સંબંધે 'Mill's subjection of women' અને "Tennyson's The Princess" એ બે ગ્રન્થોના ઉપદેશ વચ્ચે જેટલો તફાવત છે એટલો કેટલાક 'સુધારાવાળા' અને રા. મણિલાલ વચ્ચે છે. હાલના હિંદુ સંસારમાં ઘણે ભાગે જોવામાં આવતી નારીસ્થિતિ કાયમ રાખવા રા. મણિલાલની ભલામણ છે એમ 'પ્રાચીનો' કે 'નવીનો' એ બેમાંથી એક પણ પક્ષવાળા માનતા હોય તો તે ભ્રાન્તિ છે.

'For woman is not undevelopt man
But diverse: could we make her as the man,
Sweet love were slain; his dearest bond is this,
Not like to like, but like in difference.,

× × × ×

"Dear but let us type them now.
In our own lives, and this watchward rest
Of equal, seeing either sex alone
Is half, itself and in true marriage lies

Nor equal nor unequal: each fulfils
Defect in each and always thought in thought,
Purpose in purpose, will in will, they grow
The single pure and perfect animal,
The two-cell'd heart beating, with one full stroke
Life."

એ ટેનિસનની પંક્તિઓ તથા "સ્ત્રી ઘરની દેવી છે, પુરૂષ બ્હારનો રાજા છે," એ રા. રા. મણિલાલનું સૂત્ર-ઉભય એક જ ગંભીર તત્ત્વનું ઉત્તમ શબ્દોમાં પ્રતિપાદન છે, અને બંને પોતપોતાની ભાષામાં હંમેશ માટે કાયમ રહી જશે એમ સમઝાય છે.

(૩) 'રાજ્ય'ના વિષયમાં રા. મણિલાલને બહુ રુચિ ન હતી. ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનો પ્રયત્ન હાલ ચાલતી રીત્યનુસાર ઉત્તમ છે એમ સમઝી તે પસંદ કરતા, તથા તેમાં કાંઈક કાંઈક ભાગ પણ લેતા પણ વર્તમાન સમયની 'વ્યક્તિપ્રધાન' રાજ્યનીતિ એમના હૃદયને બિલકુલ ન ગમતી; અને અનુભવ થતાં 'ઇલિકશન'ના ક્લેશ કલહ અદ્વૈતભાવનાને વિરોધી છે એમ ગણી એ વિષયમાં પોતે વારંવાર કંટાળો દર્શાવતા. 'પૂર્વ અને પશ્ચિમ' એ પુસ્તક 'રાજ્ય'ના વિષયમાં મૂકી શકાય. પણ એમાં ઘણે ભાગે 'પૂર્વ' અને 'પશ્ચિમ'ની ભાવનાઓનું સ્પષ્ટીકરણ છે.

(૪) 'સાહિત્ય'ના વિષયમાં એટલે કવિ તરીકે તથા અવલોકનકાર તરીકે પણ—ગૂજરાતી ભાષાને એમણે અતુલ સેવા બજાવી છે. એમનાં 'માલતીમાધવ' તથા 'ઉત્તરરામચરિત'નાં ભાષાન્તરોમાં એમનાં કાવ્યરસનું ભાન સારી રીતે થાય છે. અને જો કેટલેક સ્થળે 'સંસ્કૃતમય' ગૂજરાતી જોવામાં આવે છે, તો તેમ થવાનું કારણ મૂલની 'સંસ્કૃતમયતા' સિવાય અન્ય નથી. 'કાન્તા' નાટકને આપણાં 'સર્વાનુભવરસિક' કાવ્યોમાં પ્રથમ પદ મળ્યું છે, અને તે ગૂજરાતના એક પ્રતિષ્ઠિત પરીક્ષકને હાથે, એટલું કહેવું

બસ છે. આ ઉપરાંત ‘ પ્રેમજીવન ’, ‘અભેદોર્મિ’ તથા ‘સુદર્શન’માં વખતોવખત પ્રસિદ્ધ થતાં એમનાં કાવ્યો ‘ સ્વાનુભવરસિકતા ’ નાં અપ્રતિમ ઉદાહરણો છે. ઉન્નત અને પ્રબલ રસતરંગોથી ઊભરાતાં એ કાવ્યો ગુર્જર પ્રજાને મુખે અનેક વર્ષો પર્યન્ત રહેશે એમ લાગે છે.

“Thoughts that inspire and mould our inner life,
Strengthen to bravely bear amid world-strife,
And one large Hope, full-orb'd as summer sun,
That souls shall surely meet when Life is won.

× × × ×

So round thy memory we our thanks entwine
Men are the better for these songs of thine.”

સાહિત્યના વિષયમાં એમની છેલ્લી કૃતિ ‘નૃસિંહાવતાર’ અથવા ‘ પ્રહ્લાદાખ્યાન ’ કરીને છે—જે પ્રસિદ્ધ થવી બાકી છે. ગદ્યમાં ‘ગુલાબસિંહ’ પણ સ્મરણ રાખવા લાયક ગ્રન્થ છે. નવલકથાના ગ્રન્થ તરીકે કદાચિત્ ‘ ઝનોની ’ જેનું ‘ ગુલાબસિંહ ’ અનુકરણ છે તે પ્રથમ વર્ગમાં ન મૂકી શકાય, તો પણ એના કેટલાક પૅરેગ્રાફોમાં જે જીવન ભર્યું છે તે વાંચનારને સચેત કર્યા વિના રહે એવું નથી. શૈલી પણ અપૂર્વ, ઉદાત્ત અને ઓજવાળી છે. કાવ્યના અવલોકનકાર તરીકે રા. રા. મણિલાલનું સ્થાન જરા સૂક્ષ્મતાથી નક્કી કરવાનું છે. આ વિષયમાં એમનાં સામાન્ય સૂત્રો ‘ ત્રિકાલાબાધ ’ છે. ખરા અંતઃકરણથી આપણા અદ્વૈત વેદાન્તનો ઝંડો ઊપાડનાર આ વિદ્વાન્ કવચિત્ ક્રિશ્ચિઍનિટિ વા પાશ્ચાત્ય વિચારનો જેમાં ઝાંખો ઝાંખો પણ આભાસ થતો લાગે એવાં કાવ્યોમાં આસ્વાદ ન લઈ શકે એ સ્વાભાવિક છે. વળી આ સાથે એ પણ સ્મરણમાં રાખવાનું છે કે કેટલાક જનોને બાહ્ય સૃષ્ટિદ્વારા પરમાત્માનું દર્શન થાય છે તો કેટલાકને આંતર જગત્દ્વારા થાય છે. એ બે પક્ષમાં રા. મણિલાલનું વલણ આ બીજા પક્ષ તરફ હતું. અને તેથી એમનાં કાવ્યોમાં

'સૃષ્ટિસૌંદર્ય' થોડું આવતું, અને એમના કાવ્યત્વના ધોરણમાં પણ વિચારને અધિક પદ મળતું. આથી કાવ્ય કરતાં વિચારના અવલોકનકાર તરીકે રા. રા. મણિલાલ વધારે ઉચ્ચ સ્થાન ભોગવે છે. અને આ બાબતમાં એમની બરાબરી કરનાર આપણને કદાચ એક કરતાં વધારે લેખક મળી શકે એમ લાગતું નથી. 'કવિ દલપતરામ તથા નર્મદાશંકર' ઉપરનો એમનો આર્ટિકલ, અમુક આન્તર તત્ત્વો લઈ તે વડે બહારના સ્વરૂપનો ખુલાસો કરવાની અવલોકનપદ્ધતિનું ઉત્તમ દૃષ્ટાન્ત છે. તથા 'ગુજરાતના લેખકો' એ મથાળા નીચે લખાએલો આર્ટિકલ એમની વિશાળતા અને વિચારશીલતાનો હંમેશનો પુરાવો છે. આ શિવાય રા. મણિલાલની અવલોકનશક્તિનો એક ભવ્ય નમુનો--જે 'ધર્મ'ના વિષયમાં પણ લઈ શકાય—તે પ્રાચીન કાળથી આરંભી આજ પર્યન્ત ભરતખંડના વિચારપ્રવાહના ઇતિહાસ રૂપે લખાયેલો 'સિદ્ધાન્તસાર' નામનો ગ્રન્થ છે—જે એમના દશેક વર્ષ ઉપરના મંદવાડ સમયે—"ફલના આધારરૂપ વૃક્ષનો ભંગ થવાનો સંભવ દેખી" રચાયો હતો. આ ગ્રન્થમાં ભાષાનો ચમત્કાર એવો છે કે તે દ્વારા, પ્રાચીન ભરતખંડનું પ્રત્યક્ષ દર્શન લેતી ગ્રન્થકર્તાની પ્રતિભા અનાયાસે વાચકના આત્મામાં સંક્રાન્ત થાય છે, અને આરંભમાં મૂકેલી અને નીચે ફરી એક વાર ટાંકેલી શૈલીની પંક્તિઓને રા. રા. મણિલાલને સંબંધે પ્રયોજવાનું મન થઈ આવે છે.

"The fountains of divine philosophy,
Fled not his thirsting lips and all of great
Or good or lovely, which the sacred past
In truth or fable consecrates, he felt
And knew.

He felt!--એમાં જ રા. રા. મણિલાલનો અનન્ય સાધારણ પ્રભાવ છે.

રા. રા. મણિલાલનાં ગૂજરાતી પુસ્તકોમાં આ ઉપરાંત શાળાનું શિક્ષણ સુધારવા માટે લખેલા કેટલાક નિબંધો તથા 'બાલવિલાસ' નામનો એક ઉદાહરણ ગ્રન્થ તથા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડના આશ્રય નીચે પ્રસિદ્ધ થએલાં પ્રાચીન ગૂજરાતને લગતાં બીજાં કેટલાંક પુસ્તકો છે—જેની નોંધ લેવા જતાં અત્રે વિસ્તાર બહુ થઈ જાય એમ છે. અંગ્રેજીમાં રા. મણિલાલે રાજયોગ, 'અદ્વૈતિઝમ ઑર મોનિઝમ', યોગસૂત્ર, માંડૂક્યોપનિષદ્, ઇમિટેશન ઑફ શંકર, તર્ક-કૌમુદી, સિમ્બોલોજી, હિંદુઈઝમ્ વગેરે લેખો લખેલા છે.× પરંતુ એમાંના ઘણાખરાનો સાર એમના ગૂજરાતી પુસ્તકમાં આવી જાય છે, એટલે એ સંબન્ધમાં અત્રે વધારે વક્તવ્ય રહેતું નથી. એટલું કહેવું બસ છે કે એમનાં અંગ્રેજી પુસ્તકોએ એમનું તેમજ ગૂજરાતનું નામ દેશ પરદેશ અમેરિકા સુધી પ્રસિદ્ધ કર્યું. અને એક વિદ્વાનને મુખે એમના સંબંધમાં એટલે સુધી ઉદ્‌ગાર નીકળ્યો કેઃ—

"Nor does poona or Bombay contain any Shastree with clearer conclusions on Hindoo theology and philophy, better command of lucid language, or ideas more enlightened and profound than Mr. Manillal Nabhubhai Dvivedi......whose book just published on the Rajayoga ought to become widely known in Europe, and to converse with whom has been a real privilege." [*sir E. Arnold*]

આ પ્રમાણે રા. રા. મણિલાલના સિદ્ધાન્તોનો ટુંકામાં સાર છે. હવે એ સિદ્ધાન્તોના સ્વરૂપ ઉપરથી તેમજ તેને પ્રતિપાદન

---

* 'સ્યાદ્વાદ' નામનો એક જૈન ગ્રન્થ અંગ્રેજી ટીકા સાથે એમણે તૈયાર કર્યો છે. તે બોમ્બે સંસ્કૃત સીરીઝમાં ઘણું કરી થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.

કરવાની પદ્ધતિ ઉપરથી, રા. મણિલાલની બુદ્ધિના ખાસ ધર્મો શા હતા એ વિચારવાનું છે. જે બુદ્ધિ આપણા અવલોકનો વિષય છે એની મહત્તા અને ભવ્યતા જોતાં એ સંબંધી એકદમ વિચાર બાંધવો એ જરા સાહસ જેવું છે. છતાં નિર્વિવાદ રીતે સ્વીકારાઇ શકાય એવા કેટલાક ગુણો આપણી દૃષ્ટિએ પડે છે, તો એનું ટુંકાણમાં કથન કરી જવું એ અયોગ્ય નહિ ગણાય. રા. રા. મણિલાલના સર્વ સિદ્ધાન્તોને એકત્ર કરી એમનો પરસ્પર સંબન્ધ તપાસતાં જણાય છે કે એ વિદ્વાન હૃદયનું વલણ (૧) **પ્રાચીનતા** અને (૨) **શાસ્ત્રીયતા** (scientificના અર્થમાં theoreticના અર્થમાં નહિ) તરફ હતું. આ ઉપરાંત બીજા બે ધર્મો પ્રતીત થાય છે તે (૩) **વિશાળતા** અને (૪) **ઉદ્દેશનું ઐક્ય** (Unity of purpose) એ છે. આ સર્વની 'ધર્મ, ગૃહ, રાજ્ય અને સાહિત્ય'ના વિષયમાં રા. સા. મણિલાલ ઉપર શી શી અસર થઈ એ જોઈએ. (૧) ધર્મ અને ગૃહના વિષયમાં **પ્રાચીનતાને** સંપૂર્ણ અવકાશ હતો. સાહિત્યના વિષયમાં પણ બહુધા હતો. અને તેથી એ ત્રણ વિષયમાં રા. રા. મણિલાલની કૃતિઓ સંખ્યાબંધ છે અને ગુણમાં પણ ઉત્કૃષ્ટ છે. રાજ્યપદ્ધતિ હાલ જેવી ચાલે છે એ સર્વથા અર્વાચીન હોવાથી તેમાં રા. મણિલાલની બુદ્ધિને વિચારવાનો પ્રસંગ થોડો હતો અને તેથી જણાવ્યું છે તેમ એમણે આ વિષયમાં બહુ જ થોડું લખ્યું છે (૨) **શાસ્ત્રીયતા**—જેને વિચારશીલતા પણ કહી શકાય—એ આ બુદ્ધિનું બીજું લક્ષણ હતું. જો કે શુષ્ક તર્કજાળને એ નિંદે છે, તથા અધિકારભેદની વ્યવસ્થા માને છે તો પણ ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજવું, 'જીવિતના ઉદ્દેશનો નિર્ણય કરવો' અને આ રીતે જે નિર્ણય આવે તે ઉપર નીતિની સ્થાપના કરવી એવો સાધારણ રીતે રા. મણિલાલનો સર્વ પ્રતિ ઉપદેશ છે. રા. મણિલાલથી ગૂજરાતને જે અતુલ લાભ થયો છે. એમાં વિચારને જાગ્રત કરવાના એમના પ્રયત્નોની પ્રથમ ગણના છે. **युक्तियुक्तमुपादेयं वचनं**

बालकादपि। अन्यत्तृणमिव त्याज्यमप्युक्तं पद्मजन्मना ॥ * એ વસિષ્ઠ-વાક્ય રા. રા. મણિલાલનો 'ઈમિટેશન ઑફ શંકરને' આરંભે સ્વીકારેલો સિદ્ધાન્ત છે. હાલ જે નીતિ પ્રવર્તે છે તેનું આંખો મીંચી અનુસરણ કરવું વા સામાન્ય બુદ્ધિમાં જે આવે તે શાસ્ત્રીય વિચાર કર્યા વિના ગ્રહણ કરી લેવું એ એમને સર્વથા અનિષ્ટ છે, અને આ વલણને લીધે એમણે નીતિના આચાર કરતાં નીતિના વિચાર ઉપર ગૂજરાતનું અધિક લક્ષ્ય ખેંચ્યું છે; એમ બતાવીને—અને તે યથાર્થ રીતે જ—કે વિચાર હશે તો આચાર આવશે. પાછળના વખતમાં 'કર્મ કરતાં કરતાં અધિકાર પ્રાપ્ત થાય છે,' એ સિદ્ધાન્ત ઉપર એમણે વિશેષ ભાર મૂક્યો. પણ ઊંડી દૃષ્ટિએ તપાસતાં આ બે સિદ્ધાન્ત વચ્ચે વિરોધ નથી. અને વિરોધ માનીએ તોપણ, અને તત્ત્વજ્ઞાનનો દૂર ઉપયોગ જોતાં પાછળના સિદ્ધાન્તમાં કેટલુંક સત્ય ભાસે છે તો પણ, એટલું તો ખરૂં જ કે રા. મણિલાલની મહત્તા એમના પૂર્વના સિદ્ધાન્તમાંજ રહેલી છે. ગૂજરાતમાં અતિ 'પ્રાચીનો' જેને કર્મ કહે છે, તે તો અનેક વર્ષો સુધી થયાં, હવે સમય વિચારનો, તત્ત્વજ્ઞાનનો છે, અને અધિકારભેદ, કર્મ અને વિચાર, વચ્ચે નથી પણ વિચારમાં જુદાં જુદાં સ્વરૂપો—ખરી ભક્તિ, ખરૂં જ્ઞાન વગેરે--વચ્ચે છે. હવે 'ગૃહ'ના વિષયમાં આ શાસ્ત્રીયતાની શી અસર થઈ છે તે જોઈએ. ધર્મના વિષયમાં રા. મણિલાલની અસર જેટલી સ્પષ્ટ છે એટલી ગૃહના વિષયમાં નથી એમ કદાચિત્ કેટલાક માનશે. એટલું ખરૂં છે કે આચાર ને વિચારની ગૂંથણી ઘણી નિકટ હોઈ આચારની વિચાર ઉપર કેટલીક વાર અસર થાય છે; અને વિચારમાં ફેરફાર થતાં પહેલાં આચારને બદલવાનો માર્ગ કેટલેક અંશે લેવાની જરૂર પડે છે. પણ ઘણે ભાગે વિચારદ્વારા આચાર સુધારવાનું

* 'યુક્તિયુક્ત,' કહેતાં વિચારવાળું—એવું વચન બાલક પાસેથી પણ ગ્રહણ કરવું; અને એથી ઊલટું એટલે યુક્તિરહિત બ્રહ્મદેવે કહ્યું હોય તથાપિ ત્યાગ કરવું.

ધોરણ શાસ્ત્રીય છે. જોકે વિચાર સામાન્ય જન માટે કઠિન માર્ગ છે, અને કાર્ય સાધવામાં એ પદ્ધતિ ધીમી થઈ પડે છે ખરી, છતાં કહેવું જોઈએ કે એ રીતે મેળવેલો જય જ ચિરસ્થાયી નીવડવા સંભવ રહે છે. આમ હોવાથી ગુણના વિષયમાં હાલ નિષ્ફળ જેવી દેખાતી રા. મણિલાલની પ્રવૃત્તિ લાંબે ગાળે સફળ નીવડશે, એમ આશા છે. અત્યારે તો એટલું કબૂલ કરવું પડશે કે 'નારીપ્રતિષ્ઠા'ની અસર 'નવીનો'ની ભૂલ બતાવવા ઉપરાંત 'પ્રાચીનો'ને સ્વકર્તવ્યમાં દોરવા તરફ થોડી જ થઈ છે. રાજ્યના વિષયમાં શાસ્ત્રીયતા પ્રાચીનતાની સાથે જોડાએલી હોવાથી—પ્રાચીનતાની માફક જ નિરવકાશ નીવડી. સાહિત્યમાં એ શાસ્ત્રીયતા સ્વયં વિચારપ્રધાન કાવ્ય તરફ અને અવલોકન તરીકે પરીક્ષામાં વિચારને અધિક પદ આપવા દોરી ગઈ, પરિણામ છેક ખોટું જ આવ્યું એમ કોણ કહી શકશે?

(૩) **વિશાલતા** એ આ બુદ્ધિનું ત્રીજું લક્ષણ છે. આ વિશાલતા વિષયની પસંદગીમાં અને એક પ્રકારે પ્રત્યેક વિષયની પરીક્ષામાં સંપૂર્ણ પ્રકાશે છે. રા. રા. મણિલાલના ગ્રંથોમાં મનુષ્યજ્ઞાનના અનેકાનેક વિષયોનો સમાવેશ છે—જે સિદ્ધ કરવાને એ ગ્રન્થોની ટીપ આપવી એટલું બસ છે, જેમાંથી ઘણાંખરાંનું પરિગણન ઉપર થઈ ગયું છે. પ્રત્યેક વિષયની પરીક્ષામાં જે વિશાલતા પ્રતીત થાય છે તે વિષયને અનેક દૃષ્ટિબિંદુથી વિચારી જોવાની વિશાલતા નથી, પણ એક બાજુ વિશાલ દૃષ્ટિએ અવલોકવાની વિશાલતા છે. આ વિશાલતા સિદ્ધાન્તસાર, અદ્વૈતિઝમ્, શ્રીમદ્ભગવદ્ગીતા, ઇમિટેશન ઑફ શંકર વગેરેના ઉપોદ્ઘાતો, 'ગુજરાતના લેખકો' વગેરે લેખોમાં સ્પષ્ટ છે. વાંચનારની પ્રવૃત્તિ–નિવૃત્તિ કરવાના હેતુથી રા. મણિલાલના હાથે વસ્તુની એક જ બાજુ ઉપર કેટલીક વાર ભાર મૂકવામાં આવતો. પણ આ પદ્ધતિ સદોષ છે એમ કહેતાં પહેલાં એટલું જરા ધ્યાનમાં રાખવાનું છે કે રા. મણિલાલનો ઉદ્દેશ પંડિત (Scholar) માં ખપવાનો નહિ પણ એક ઉપદેશક (Teacher)

થઈ ગુર્જર જનમંડલના આચારવિચાર ઉપર અસર કરવાનો હતો. (૪) છેવટે વિચારવાનું લક્ષણ તે રા. મણિલાલના **ઉદ્દેશની એકતા** છે. માત્ર કીર્તિની સ્પૃહાથી દોરાઈ જઈ, અનેક વિષયો ચર્ચનાર અનેક ગ્રન્થો રચનાર વિદ્વાન્ ગમે તેમ ગમે તેવા વિષયો પસંદ કરે અને જુદેજુદે સ્થળે જુદેજુદે રૂપે ભાસે એ સ્વાભાવિક છે. પણ રા. રા. મણિલાલમાં એમ ન હતું. સર્વત્ર રા. મણિલાલની વિચારમુદ્રા એક રૂપે જ પ્રકાશે છે. 'જીવિતના ઉદ્દેશનો નિર્ણય' કરવાની સાથે ગ્રન્થકાર તરીકેના એના ઉદ્દેશનો નિર્ણય પણ એણે કર્યો હતો. એનું સમસ્ત જીવન—અને તે સાથે ગ્રન્થકાર તરીકે એની પ્રવૃત્તિ એક જ ઉદ્દેશથી ઘડાએલાં હતાં. અને ઉદ્દેશ તે 'અભેદાનુભવ' આ ઉદ્દેશને અનુકૂલ તે સારૂં; પ્રતિકૂલ તે ખોટું. ધર્મમાં, નીતિમાં કાવ્યમાં, ગૃહમાં, રાજ્યમાં સર્વત્ર સારાખોટાનું એક જ ધોરણ **'અભેદમાર્ગ—પ્રવાસી'** તે માન્ય છે. આ જ હેતુથી એમણે નવલકથાના અનુકરણ માટે ડિકન્સ કે થેકેરે, કે જ્યોર્જ ઇલિઅટ જેવા કથાકારને ન લેતાં લિટનને 'ગુલાબસિંહ' માટે પસંદ કર્યો. એમને હાથે શેકસપિયરનું ભાષાન્તર થયું હોત તો એમની કીર્તિને તેમજ ગૂજરાતી સાહિત્યને ઘણો લાભ થાત. પણ એ કામ રા. મણિલાલના ઉદ્દેશની બહાર હતું, અને તેથી તે એમણે હાથ ન ધર્યું.

એક ગ્રન્થકાર તરીકે રા. રા. મણિલાલનું મનન કર્યા પછી એમની જાત માટે બહુ લખવું બાકી રહેતું નથી, કેમકે મણિલાલનાં પુસ્તકો મણિલાલના અંતર આત્માના આદર્શ જેવાં છે. એ પ્રેમભર્યું હૃદય, એ અશાન્ત ઉગ્ર પ્રભાવવાળી બુદ્ધિ, એ સ્વદેશાભિમાન, એ ઉત્સાહ, અને એ સામર્થ્ય જે ક્ષણવાર પણ વિસરી શકાતાં નથી— એ રા. મણિલાલનાં પુસ્તકોમાં પગલે પગલે પ્રત્યક્ષ થાય છે. 'કરવામાં ન કરવું' અને 'ન કરવામાં કરવું' એ સમતાના સૂત્રનો દંભ અનેક વેદાન્તીઓ કરે છે, છતાં એનો મર્મ સમજી એને યથાર્થ રીતે આચરનાર આપણામાં એક જ પુરુષ હતો જે આજ અસ્ત થઈ

ગયો ! 'નિરાશા એ જ છે આશા' એ જેના હૃદયનો ક્ષણિક ઊભરો ન હતો, અને જે નિરાશાના અસંખ્ય મોજાંથી વીંટાએલો છતાં પણ આશાના ખડક ઉપર દૃઢ નિશ્ચયથી સ્તંભી રહી, 'કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે' એમ ઉન્નત પ્રયાણને અનુકૂલ સ્વરે ગાતો, એ **જ્ઞાનવીર** હવે નથી !

"પ્રીતિ પ્રેમ વંદુ જય જય જયવાણી !
ભર્યાં પ્રેમ થકી પવન આભપાણી:
શીત પ્રાણ સા'ય આપતો સમીર
સૂરજ ચંદ્ર તણો પ્રેમ શો ગભીર."

એ જેના જીવનનો આદ્ય ઉદ્ગાર હતો, મધ્યે પણ જે 'પ્રેમ પદારથ પારખે તેને લાધે અભેદનું રાજ', 'આ જામથી ઇશ્કમાં ખૂબી ભરી કહીં કહીં', 'જપીને પ્રેમમંત્રોથી જગાડ્યું મેં શું આ આજે' ઇત્યાદિ ગાઈ રહ્યો હતો—તેનો અન્તસમયે પણ કંઠ '**પ્રેમ**'થી જ ભરપૂર હતો—

"હજારો ઓલિયા મુર્શિદ ગયા માશૂકમાં ડૂલી
ન ડૂલ્યા તે મુવા એવી કલામો સખ્ત ગાઈ છે."

એ આ 'પ્રેમ'—મય જીવિતના છેલ્લા શબ્દો થઈ પડ્યા !

['સુદર્શન ગદ્યાવલિ'ને આરંભે મૂકેલો લેખ]

મણિલાલ નભુભાઈની આત્મકથા

: ૧ :

ભાઈ મણિલાલ ૧૮૯૭માં એટલે લગભગ પાંત્રીસ વર્ષ ઉપર સ્વર્ગસ્થ થયા. એમના જીવનની આત્મકથા જે મ્હારી પાસે એમના અવસાનના સમયથી પડી રહી હતી અને જે કેટલાંક ખુલ્લાં કારણસર હું પ્રસિદ્ધ કરવા નારાજ હતો એ પ્રસિદ્ધ કરવા ઘણા યુવક સાક્ષરો તરફથી મને આગ્રહ થયો, અને મ્હેં એ આગ્રહને માન આપી એ કથા વસન્તમાં પ્રસિદ્ધ કરવા માંડી. કેટલાક મિત્રોને મ્હારું કૃત્ય ગમ્યું, અને કેટલાકને ન ગમ્યું. ન ગમ્યું તે સકારણ હતું, કારણ કે તેમ ન હોત તો હું આટલાં વર્ષો એ કથા મ્હારી પાસે નાંખી શા માટે મૂકત? પણ એ ભાઈઓને હું સામા પક્ષ તરફથી પણ ક્ષણવાર વિચાર કરવા વિનંતી કરૂં છું. વર્તમાન જમાનો તે ગઈ સદીનો જમાનો નથી; ઇંગ્લંડમાં હાલનો સમય તે વિક્ટોરીઆ રાણીનો સમય નથી તે જ પ્રમાણે. આજકાલ સર્વત્ર વિક્ટોરિયન યુગના ઢોંગ અને "ઢાંક–પીછોડા" ને ઠેકાણે વર્તમાન યુગની નિખાલસ વૃત્તિની પ્રસંશા કરવામાં આવે છે; એ પ્રશંસા યથાર્થ હો વા ન હો, પણ ગાંધીજીની આત્મકથાના યુગમાં યુવક વર્ગ સત્ય—કડવાં અને દુઃખદ સત્ય પણ—ડાહ્યાં ડમરાં અસત્ય કરતાં વધારે પસંદ કરે એમાં નવાઈ નથી. તેમ, આ આત્મકથાના મહાન લેખક સ્વ. મણિલાલ નભુભાઈ સર્વ પ્રકારના ઢોંગના કટ્ટા શત્રુ હતા,

જે સર્વવિદિત છે, એ જોતાં પણ આ આત્મકથાનું પ્રકાશન હવે મને અનુચિત લાગતું નથી. એ કથામાંથી ગયા જમાનાની અમુક અંશમાં નૈતિક દરિદ્રતા અને બીજા અંશમાં વિદ્યાનો પ્રેમ, સ્વાશ્રય આદિ ગુણોનું દર્શન વાંચકોને થયું જ હશે. અને પ્રિય વાંચક! કથાના નાયકની નૈતિક નબળાઈ જોઈ તમને તિરસ્કાર ઉપજે તો ખાતરી રાખજો કે એ તિરસ્કાર એ નાયકના આત્મતિરસ્કાર કરતાં વધે એમ નથી. અને તિરસ્કારને બદલે દયાથી, અને દયા કરતાં પણ ઉદાર ક્ષમાથી, અને ક્ષમા કરતાં પણ મનુષ્ય તરીકેના સમભાવથી આ ચિત્ર તરફ જોતાં થઈશું તો આપણો આત્મા ખરેખર એક ભૂમિકા ઉન્નતિને માર્ગે ઊંચો ચઢશે.

[વસન્ત : વર્ષ ૩૦, અંક ૧, માઘ, સં. ૧૯૮૭]

: ૨ :

સ્વ. મણિલાલનો 'આત્મવૃત્તાન્ત' કેટલાક વખતથી આ પત્રમાં પ્રસિદ્ધ થાય છે. લગભગ અડધો ભાગ ગયો, હજી અડધોક બાકી છે. અત્યારે એ વસ્તુસ્થિતિ પ્રાપ્ત થઈ છે કે જ્યારે એ પ્રસિદ્ધ કરવાના સંબન્ધમાં કાંઈક ખુલાસો કરવો જરૂરનો છે, અને સમગ્ર સત્ય અને બોધની દૃષ્ટિએ શું ધ્યાનમાં રાખવા જેવું છે એ પણ સૂચવવાની અગત્ય છે. વાચક જાણે છે જ કે એક વખત સ્વ. મણિલાલ ઉપર ભાષણ આપતી વખતે મ્હેં 'આત્મવૃત્તાન્ત'માંથી એમની કેળવણી સંબન્ધી કેટલીક હકીકત આપી હતી, પણ તે સિવાય મ્હારે હાથે મ્હેં એ લેખનો બીજો ઉપયોગ કર્યો નથી. એ લેખ મ્હારી પાસે લગભગ તેત્રીસ વર્ષ—એટલે કે ત્રીસ વર્ષનો જમાનો ગણતાં, એક જમાના કરતાં પણ અધિક સમય—રહ્યો, છતાં મ્હેં મ્હારી પુરાણી શિષ્ટ બુદ્ધ્યનુસાર એને અપ્રકટ રાખવો જ યોગ્ય ગણ્યો. પણ ગયે વર્ષે સાહિત્યવિલાસી કેટલાક યુવકજનો તરફથી બહુ આગ્રહથી અને ઉચ્ચ રવે માગણી થઈ કે—ગૂજરાતની આ મિલ્કત મ્હારે દાબી રાખવી ન જોઈએ, અને છેલ્લાં તેત્રીસ વર્ષમાં

એક બે વખત આ લેખ મ્હારી પાસેથી સ્વ. મણિલાલના ભાઈ સ્વ. માધવલાલ પાસે ગયો હતો તે દરમિયાન એમાંની કેટલીક હકીકત બ્હાર સંચરી જવાથી, ગૂજરાતના એક પત્રમાં ભાગીતૂટી કેટલીક વાત પ્રસિદ્ધ પણ થઈ હતી. આ કારણથી આખરે મ્હારી પુરાણી શિષ્ટતાની દૃષ્ટિને મ્હેં નવા જમાનાને શરણે કરી. એ માટે આજ મને ખેદ પણ નથી. ઘણીવાર સંરક્ષક વૃત્તિથી આપણે અમુક આચારવિચારને વળગી રહીએ છીએ અને એમાં લાભ પણ હોય છે, પરંતુ પ્રસંગવશાત્ એ વૃત્તિ છોડી આપણે નવીન માર્ગે ચઢીએ છીએ ત્યારે આખરે આપણને એ માર્ગથી પણ કેટલાક લાભ જોવામાં આવે છે, અને તે જ પ્રમાણે પ્રકૃતમાં પણ થયું છે. વાચકે જોયું હશે કે અત્યાર સુધી પ્રસિદ્ધ થએલા વૃત્તાન્તમાંથી–બે વાત જાણવા જેવી, સ્વ. મણિલાલના જીવન સંબંધી જે હકીકત છે તે ઉપરાંત, ઐતિહાસિક વસ્તુસ્થિતિરૂપે તરી આવી છેઃ એક સ્વ. મણિલાલના સમયની કેળવણીની સ્થિતિ; અને બીજું, એમના સમયની સામાજિક, આર્થિક અને નૈતિક સ્થિતિ યાને વાતાવરણ. આ બે વાત સ્વ. મણિલાલ જેવા વિદ્વાન લેખકની કલમે લખાએલી વાંચીને વાચકે આ વિષયમાં નિશ્ચય પ્રાપ્ત કર્યો હશે જ.

આ બધા લાભની દૃષ્ટિ પણ મને નવે માર્ગે ન લોભાવી શકત, જો મ્હારા મનમાં એક પ્રતીતિ ન હોત તોઃ મ્હારા મનમાં આરંભથી જ એક દૃઢ પ્રત્યય (વિશ્વાસ) હતો કે સ્વ. મણિલાલના ચારિત્ર્ય વિષે અસંખ્ય નિન્દાઓ થાય છે, અને એને બહુ અંશે આ લેખથી ટેકો પણ મળશે—પણ આખરે આ લેખ વાંચીને વાચકની દૃષ્ટિમાં આ મહાનુભાવ પુરુષ ઊતરી પડવાને બદલે એક વેંત ઊંચો ચઢશે. આપણે સર્વે મનુષ્ય છીએ, મનુષ્યતાની સ્વાભાવિક નબળાઈઓથી ભરેલા છીએ, એમાં કોઈમાં એક પ્રકાર અધિક તો કોઈમાં બીજો, પણ સવિતાના તેજમાં આપણા દોષો મૂકી દેવાથી સર્વનું અઘમર્ષણ થઈ જાય છે.

પરંતુ—આ લેખના પ્રામાણ્યની મર્યાદા સમઝવા માટે થોડીક હકીક્ત ધ્યાનમાં રાખવાની છે. પ્રથમ તો, ભૂલવું નહિ કે આ લેખ દિન પ્રતિદિન લખાએલી 'Diary' (હિન્દીમાં જેને માટે 'દૈનંદિની' શબ્દ યોજ્યો છે) એ નથી. હકીકત બની ગયા પછી ઘણે વર્ષે એનું સ્મરણ કરીને આ લેખ રચેલો છે. અને તેટલું જ એનું પ્રામાણ્ય મર્યાદિત છે. બીજું, અમુક અનુભવ, જ્ઞાન, સંસ્કાર, અભિપ્રાય અમુક વ્યકિતનો જ છે અને તેથી આ લેખમાં જણાવેલું એવું નથી કે જેનાથી ભિન્ન સ્થિતિ વસ્તુતઃ હોઈ ન જ શકે. અત્યારે કેટલીક જીવંત વ્યક્તિઓ પણ હશે કે જેઓ પોતાનો પુરાવો આમાંની હકીકતની સામે આપી શકે. ત્રીજું, એ પણ યાદ રાખવાનું છે કે સ્વ. મણિલાલ તીવ્ર વૃત્તિઓ ધરાવનાર પુરુષ હતા, અને તેથી પ્રેમ વા વિરોધ એમની કલમની પાછળ પૂર્ણ જોસથી કામ કરી રહેતો હતો. પણ આ સઘળાં કારણોથી આપણે જો કે સ્વ. મણિલાલના વચનને યથોક્ત આકારે પ્રમાણ માની શકતા નથી, તોપણ એમાંનું 'subjective element' યાને સ્વ. મણિલાલનું માનસતત્ત્વ દૂર રાખીને પણ 'objective reality' યાને વસ્તુસ્થિતિ સંબન્ધી આપણે ઘણા નિર્ણયો ઉપર આવી શકીએ છીએ.

[વસંત : વર્ષ ૩૧, અંક ૧, માઘ, સં. ૧૯૮૮]

‘ વસન્તવિજય ’*

(એનું સ્વલ્પ રસવિવેચન)

ગૂજરાત વિવેચનનું ભૂખ્યું છે પણ તે કરતાં એ રસપાનનું તરસ્યું હોય તો વધારે સારૂં નહિ?—એમ કેટલીક વાર લાગે છે. અમુક કાવ્ય કેમ ગમે છે એનો જાતે વિચાર ન કરીએ અને સામાને એ પ્રશ્નનો ઉત્તર આપવો ન પડે તો કેવું સારૂં! મણિશંકરના સઘળાં કાવ્યોમાં ‘વસન્તવિજય,’ ‘મત્તમયૂર,’ અને ‘સાગર અને શશી’ મને મૂળથી જ ગમ્યાં છે. વિચાર કરતાં મને એમનાં બીજાં ઘણાં કાવ્યો એટલાં જ સારાં, અને કોઈ કોઈ વધારે સારાં પણ જણાયાં છે, પણ ગમી ગયાં છે ઉપર કહ્યાં તે જ ત્રણ, વિશેષે કરીને પ્હેલું અને ત્રીજું. જે ગમી જાય તેનું વિવેચન ન કરવું પડે તો ઠીક.

પણ એક વખત પ્રસંગ એવો બન્યો કે એક રસજ્ઞ જૂના વિદ્યાર્થી મિત્રે મને પૂછ્યું: “આપે ‘વસન્તવિજય’ ને એક ઠેકાણે સર્વાંગસુંદર કાવ્ય કહ્યું છે તે શી રીતે?” મને એ સુંદરતાને વિવેચનથી ચૂંથવી ન ગમી, તથાપિ મ્હેં ઉત્તર આપ્યો: “મ્હારી રુચિનું કારણ એને સર્વાંગસુંદર કહેવામાં જ મ્હેં આપી દીધું નથી? જો કોઈ

---

* આ લેખ મૂળ ‘પ્રસ્થાન’ માટે લખેલો, એ ત્યાં પણ હમણાં જ પ્રસિદ્ધ થયો છે. પ્રૂફ વાંચતી વખતે અહીં સ્હેજસ્હાજ ઉમેરો કે ફેરફાર કર્યો છે.

કાવ્યનાં અંગ જાણે છે, અને તમે તો જાણો છો જ, તેને તે તે અંગ સૌંદર્યભર્યું છે કે કેમ એટલું જાતે જ જોઈ લેવાનું રહે છે. કાવ્યનાં સુપ્રસિદ્ધ અંગ ત્રણ: શબ્દ અર્થ અને રસ. શબ્દમાં એના માધુર્ય, પ્રસાદ, ઓજસ વગેરે ગુણો અને ગુણોથી બંધાએલી શૈલી, તેમજ વૃત્તની રચના, પસંદગી, વગેરે આવી જાય; અર્થમાં એની અલંકૃતિ, એની ઉદાત્તતા, એનું ગૌરવ, એનું સૌકુમાર્ય વગેરે આવે. અને રસમાં તદંગભૂત વિવિધ ભાવ ઉપરાંત વિભાવ—અનુભાવનું આલેખન આવે. એટલું જ નહિ, પણ સર્વાંગસુન્દર શરીરમાં પ્રત્યેક સુન્દર નિવેશ—પણ આવશ્યક છે, તેમ એ અંગોનું મનોહર સંવાદિત્વ યાને પરસ્પર મેળ એ પણ જરૂરનો છે. આ ગુણ થોડા નથી; બલ્કે આમાં કાવ્યના સર્વ ગુણ આવી જાય છે એમ કહીએ તો ચાલે. છતાં એમ કહેવામાં મને સંકોચ નથી આવતો કે મણિશંકરનું–'વસંતવિજય' એ સર્વાંગસુંદર કાવ્ય છે. મને અત્યુક્તિનો શોખ નથી, અને તેથી ભ્રાન્તિ થાય તે માટે એટલું સ્પષ્ટ કરી દઉં કે સર્વાંગસુંદર કાવ્યો પણ જુદી જુદી ચઢતીઊતરતી ભૂમિકાનાં હોઈ શકે; અને તેથી ઉક્ત વિશેષણ લગાડીને 'વસન્તવિજય' તે જગતનું ઉત્તમોત્તમ અથવા તો ઉત્તમોત્તમ પંક્તિનું કાવ્ય છે એમ વિવક્ષિત નથી!

પણ મ્હારો આ ઉત્તર એ મિત્ર માટે નકામો હતો એમ મને તુરત સમઝાયું. ઉક્ત રીતે 'વસન્તવિજય' સર્વાંગસુંદર કાવ્ય છે એ નિરૂપણની એમના ઉપર કાંઈ જ અસર થઈ નહિ, કારણ કે એમનો આક્ષેપ ઊંડો હતો: "આપ નથી માનતા કે કાવ્યમાત્રનો ઉદ્દેશ મનુષ્યઆત્માની ઉન્નતિ સાધવાનો છે, અને હોવો જોઈએ?" એ મિત્રને સીધી શિખામણની વાત કાવ્ય તરીકે અભિમત છે, અથવા તો જરા આડકતરી રીતે તોપણ મુખ્ય ભાગે નીતિનો બોધ કરવામાં જ કાવ્યનું તત્ત્વ સમાએલું એ માને છે—એવો સંસ્કારી અરસિકતાનો એમને આરોપ કરવો વાજબી ન હતો, અને તેથી એ માર્ગે વાદવિવાદ ન ચલાવતાં, મ્હેં એમના પ્રશ્નનો હકારમાં જ

ઉત્તર દીધો : " બેશક, મનુષ્યાત્માની ઉન્નતિ એ જ કાવ્યનો ઉદ્દેશ હોવો જોઈએ." પેલા મિત્ર એમના આક્ષેપના મુદ્દા પર આવ્યા. "'વસન્તવિજય'માં આત્માની ઉન્નતિ સાધે એવું શું છે? માત્ર કામવાસનાના જયનું એ ચિત્ર છે." મ્હેં ઉત્તર દીધો: " ખરૂં; પણ એટલું જ ?" મિત્રે વધારે ખુલાસો કરતાં કહ્યું: " પાંડુ કામવાસનાથી વિવશ બની મૃત્યુના પાસમાં પડે છે." મ્હેં ટીકા કરી: "એ થોડું છે!" ત્યાં જ કરુણરસનું ઉપાદાન નથી આવતું ? એ ઉપાદાનને લઈ કવિએ એક અનુપમ સુંદરતાભર્યું કાવ્ય રચ્યું છે એમ મ્હારૂં કહેવું છે. મિત્ર—"પણ એથી આપણા આત્માની ઉન્નતિ શી થઈ?" ઉત્તર—" કરુણરસ જેવો આત્માની ઉન્નતિ સાધનાર બીજો કયો રસ છે?" અહીંથી અમારી વાત બંધ રહી. એ જ પ્રશ્ન જરા આગળ લંબાવી 'વસન્તવિજય'ના કરુણરસ પરત્વે થોડુંક વિવેચન કરીએ.

ગયે વર્ષે તા. ૧૬મી જુને અમદાવાદમાં પ્રેમાભાઈ હોલમાં સ્વ. કાન્તની અવસાનતિથિ નિમિત્તે મળેલા મેળાવડામાં પ્રમુખ તરીકે બોલતાં મ્હેં કહ્યું હતું કે " કરુણરસ બે પ્રકારનો હોય છે. એક મૃદુતાભર્યો: અર્ધખીલેલી કળી મર્દાઈ જાય અને તેથી શોક થાય એ જાતનો; ઉદાહરણ, ડેસ્ડેમોનાનો; બીજો, ભવ્યતાભર્યો. મનુષ્યઆત્મા વિપરીત પરિસ્થિતિ અને ક્રૂર નિયતિના વિરોધ અને પ્રહાર સહન કરે, પણ પોતાના નિશ્ચયમાં—સ્વસ્વરૂપમાં 'અચલપ્રતિષ્ઠ' —અડગ—રહે એ જાતનો; ઉદાહરણ, रामस्य करूणो रसः, અને તે જ પ્રમાણે હરિશ્ચન્દ્રનો, યુધિષ્ઠિરનો, પ્રોમીથીઅસનો. એમાં એક ત્રીજો પ્રકાર ઉમેરવો જોઈએ એમ આજ મને લાગે છે; જેનું ઉદાહરણ 'વસન્તવિજય'નો પાંડુ છે. અધ્યાપક ભાઈ રામનારાયણ પાઠક 'વસન્તવિજય'માં પાંડુને 'અન્ધચેતનહીન અર્થહીન વસન્તબલ સામે થતો, તરફડિયાં મારતો' જુવે છે. પરન્તુ મને એ દર્શન યથાર્થ જણાતું નથી.

" શાને થવું પતિત આશ્રમધર્મનાથી
સૌન્દર્ય શું ? જગત શું ? તપ એજ સાથી."

—રાજાનો એ નિશ્ચય પર્ણકુટીમાં માદ્રીને જોયા પછી ગળી જતાં વાર લાગતી નથી. અને 'તરફડિયાં'ને બદલે ઋતુનું ઘેન ચઢતું દેખાય છે. ભાઈ રામનારાયણનું ઝીણું પૃથક્કરણ સ્વીકારીને કહું તો પહેલો પ્રકાર શુદ્ધ કરુણનો છે, બીજો કરુણ, વીર અને અદ્‌ભુતના મિશ્રણનો છે. પણ ત્રીજો–'વસન્તવિજય'નો જ–એઓ માને છે તેમ એ જ જાતનો મને નથી લાગતો, પણ એથી જુદો—કરુણ અને શૃંગારના મિશ્રણનો જણાય છે. "અહો! અન્ધ ચેતનહીન અર્થહીન પ્રકૃતિ મનુજહૃદયને કેવી ઊથલાવી નાંખે છે!" એમ અહોકારપૂર્વક અદ્‌ભુત પણ એમાં ભળેલો માની શકાય. પરંતુ અદ્‌ભુતની એટલી છાંટ તો સાધારણ રીતે સારી પીંછીથી આલેખાએલા બધા જ અનુભાવ–વિભાવમાં બલ્કે સાહિત્યદર્પણકાર કહે છે તેમ કાવ્યમાત્રમાં આવે છે. ગમે તેમ હો, પણ વીરની તો એક રેખા પણ અહીં નજરે પડતી નથી.

એક બીજું વિચારવા જેવું અહીં પ્રાપ્ત થાય છે. ભાઈ રામનારાયણ કહે છે: "આ ઘટનાનું કારણ જે શાપ હતો, તે વસ્તુ કવિ આપણને કહેતો નથી. કારણ કે કાવ્યનિષ્પાદ્ય કરુણમાં તે બાધક છે. તેણે એવો રસાસ્વાદ લેતા મૃગયુગલને માર્યું હતું એમ જો વાંચનારના મનમાં સ્ફુટ વિચાર આવે તો પાંડુનું મરણ પણ કરુણ છતાં ન્યાયી લાગે અને તેથી કવિને વિષમતામાંથી જે કરુણ ધ્વનિ કરવો છે તે ન થાય."

આ ઝીણવટ તો, આપણે ત્યાં કર્મ અને પુનર્જન્મનો સિદ્ધાન્ત મનાતો હોઈ આપણા સાહિત્યમાં કરુણરસ બની શકતો નથી એ ડૉ. કીથના મતને અનુસરતી થાય. અને એ મતને અનુસરીએ તો એથી આગળ વધીને ત્યાં સુધી પણ કહેવું પડે કે એ સિદ્ધાન્ત સ્વીકારતાં હિન્દુસ્થાનના સાહિત્યમાં કરુણને તો શું પણ હિન્દુઓના જીવનમાં કરુણને અવકાશ નથી! આ કલ્પનાનો ઉત્તર કર્મવાદી છતાં કરુણામય ગૌતમબુદ્ધના ઉદાહરણથી મળી જાય છે. પાંડુના મરણની પાછળ કોઈ અદ્‌ભુત ન્યાય કામ કરતો જણાય એથી એ

મરણની કરુણતા ઘટતી નથી, પ્રભુના પ્રેમમાં પૂર્ણ શ્રદ્ધા છતાં જીસસ ક્રાઇસ્ટમાં એ થોડી ન હતી. "કરુણનો શામક શાન્ત છે" એ ખરૂં, પણ શાન્ત જે અર્થમાં રસ છે તે અર્થમાં એની સાથે કરુણ અસંગત નથી. "જગત પરની અપૂર્ણતાઓ સ્વામીના ધામમાં પૂર્ણ થવાની."—

"God's in His Heaven,
All's right with the world." (બ્રાઉનિંગ)

એ ભાવ જેમ કરુણ સાથે અસંગત નથી, તેમ પાંડુનું મરણ પણ ન્યાયી લાગે તેટલાથી એના કરુણને બાધ ન આવે. જેમ માયાના બળનું જ્ઞાન કરુણરસમાં બાધક થતું નથી, બલ્કે એ બળ આગળ મનુષ્યની નિર્બળતા એ જ કરુણરસનું ઉપાદાન બને છે, તેમ કર્મ અને ફળના ન્યાયનું જ્ઞાન પણ કરુણ રસમાં ક્ષતિ કરતું નથી; બલ્કે એ ન્યાયનો મહાનિયમ મનુષ્ય ઉપર ઊતરે છે એ સ્થિતિ જ કરુણ રસની નિષ્પાદક બને છે. કરુણરસમાં દેવોનો અન્યાય યાને વિધિની ક્રૂરતા આવશ્યક ગણવી એ 'Pagan'—યાને સત્યધર્મના સંસ્કાર વિહીન—દૃષ્ટિ છે. ધાર્મિક દૃષ્ટિ વિશ્વમાં ન્યાય જોતાં છતાં પણ એ ન્યાયના ભોગ થઈ પડતા જીવો ઉપર કરુણા ધરી શકે છે. ખરૂં કરુણરસગ્રાહી આર્દ્રહૃદય આર્દ્ર જ રહે છે, ન્યાય અને ધર્મની બુદ્ધિ એને શુષ્ક કે જડ બનાવી શકતી નથી. સીતાજીને ત્યજવામાં રામચંદ્રજીએ અધર્મ કર્યો એ સમઝણ સીતાજીના કરુણરસમાં આવશ્યક છે? સીતાજીનો ત્યાગ ધર્મ ગણીને પણ સીતાજીનો કરુણરસ ન સંભવે?

હવે 'વસન્તવિજય'ના કરુણરસનું સ્વરૂપ વધારે ઊંડા ઊતરીને જોઈએ. એનો કરુણરસ શેમાં રહેલો છે? પાંડુરાજાનો વાનપ્રસ્થ ધર્મ થકી ભ્રંશ થઈ એનું મરણ થયું એમાં? એ તો એક સાધારણ દૃષ્ટિ છે. મને લાગે છે કે ઉગ્ર રાજધર્મની જ્વાળામાં સુકુમાર પ્રેમની આહુતિ એ જેમ રામચંદ્રજીના મુખ્ય કરુણરસનું તત્ત્વ છે, તેમ

અહીં ઉગ્ર વાનપ્રસ્થધર્મમાં ગૃહસ્થાશ્રમની આહુતિ આપવી પડી એ પાંડુરાજાના જીવનનું કારુણ્ય છે અને અન્તે સૌન્દર્યભોગના યજ્ઞમાં વાનપ્રસ્થધર્મની આહુતિ થઈ એ એના મરણનું કારુણ્ય છે. આમ દ્વિવિધ કરુણરસ, અને તે પણ જીવનની એક બીજીથી વિરુદ્ધ ભાવનામાંથી નીકળતો આ કાવ્યમાંથી ઝરે છે.

વાચક જોશે કે 'વસન્તવિજય'ના કરુણરસની આ સમઝણ ભાઈ રામનારાયણની સમઝણથી કાંઈક જુદી છે. મ્હારી સમઝણ પ્રમાણે આ કાવ્યનો કરુણરસ 'અન્ધ ચેતનહીન અર્થહીન' પ્રકૃતિના બળ આગળ, પાંડુની નિર્બળતામાં જ સમાએલો નથી. પણ એના નવીન આશ્રમધર્મના દેખીતા શાન્તમાં જે ત્યાગ રહેલો છે એ ત્યાગમાં જ એક મહાન કરુણ વસેલો છે.

અહીં આપણી સામે રસાસ્વાદનો એક ઝીણો પ્રશ્ન આવીને ઊભો રહે છે. આ કાવ્યનું તત્ત્વ શું? પાંડુની હાર અને વસન્તનો વિજય? કે મૃત્યુ ઉપર સૌન્દર્યનો વિજય? "સૌન્દર્ય શું? જગત શું? તપ એ જ સાથી" એ નિશ્ચય "ઘણા દિવસનું પેલું યોગાન્ધત્વ" નહિ? "સૃષ્ટિસૌન્દર્યને જોતાં" એ "યોગાન્ધત્વ ગયું"–એ યોગી કે તાપસની દૃષ્ટિએ ભલે વિનિપાત હો, પણ કવિની દૃષ્ટિએ તો એ યોગ્ય જ થયું એમ નહિ? કવિની દૃષ્ટિએ મનુષ્ય દેવ થાય એ સુન્દર કે મનુષ્ય રહે એ સુન્દર? ભલે મહાદેવ મદનને ભસ્માવશેષ કરે, પણ મનુજ પાંડુ તાપસ રહીને હજારો વર્ષ જીવ્યો હોત એ સારૂં થાત કે મૃત્યુથી ન બ્હીતાં સૌન્દર્યવશ થયો એ સારૂં થયું? ખરો કરુણરસ ક્યાં? આદિમાં કે અન્તમાં?

મહાભારતની દૃષ્ટિએ આનો ઉત્તર—"અન્તમાં જ." મહાભારતકારે કિંદમઋષિના આખ્યાનથી પ્રાણીમાં કામવાસના કેવી પ્રબળ છે એ બતાવ્યું. તે સાથે ઋષિને મૃગ બનાવીને, એ વાસનાની તૃપ્તિ એ પશુધર્મ છે એમ પણ સૂચવ્યું. પાંડુરાજાએ વાનપ્રસ્થધર્મ સ્વીકાર્યો

તે મરણથી બ્હીને નહિ, માત્ર આ પ્રસંગથી એની આંખો ઊઘડી ગઈ અને જીવનની પ્રગતિમાં એક પગલું ઊંચું ભરવાનો એણે નિશ્ચય કર્યો, અને નવું જીવન શરૂ કર્યું. એ નવા જીવનના સ્વીકારમાં કરુણ નથી, પણ જ્ઞાનવીર છે. મનુષ્ય પ્રગતિ માટે નિર્માયો છે–મનુષ્યે મનુષ્યમાંથી દેવ થવાનું છે, ભીષ્મ ભીષ્મ–પ્રતિજ્ઞાથી દેવવ્રત થયો. કવિઓ મનુષ્ય-નિર્બળતા ઉપર એમની પ્રતિભાનો પ્રકાશ નાંખે છે એ એ નિર્બળતા કાયમ કરવા માટે કે એની પ્રશંસા કરવા માટે નહિ, પણ એ નિર્બળતાનું પૂરેપૂરું ભાન કરાવી સબળતાને માર્ગે મૂકવા માટે. એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં જવું–ગૃહસ્થાશ્રમમાંથી વાનપ્રસ્થ કે સંન્યાસમાં—એ સાધારણ રીતે આત્માને એ ઉચ્ચ જીવન માટે ક્રમે —ક્રમે કેળવવાથી જ બની શકે છે. આપણાં શાસ્ત્રોની વાણીમાં એ અધિકાર ધીમે ધીમે જ પ્રાપ્ત થાય છે. તપમાં મચેલા કિંદમ ઋષિને એ પ્રાપ્ત થએલો ન હતો, તો ગૃહસ્થાશ્રમમાં તાજા પ્રવેશેલા પાંડુ રાજાને શેનો જ હોય? છતાં ઉદાત્તભાવનાવાળા એ રાજાએ વાનપ્રસ્થનું ઉચ્ચ જીવન ગાળવાનો નિશ્ચય કર્યો. એ 'યોગાન્ધત્વ' ન હતું, પણ ઉચ્ચ જીવનનો મનોહર પ્રકાશ હતો. આવો ઉચ્ચ અભિલાષ હોવા છતાં રાજા પોતાને પૂરેપૂરો જાણતો ન હતો. જગત્‌માં ઊંચી ભાવનાવાળા ભાવના ઊંચી છતાં, આધ્યાત્મિક બળ ઓછું હોવાથી ભાવના પૂરેપૂરી સિદ્ધ કરી શકતા નથી, અને પડે છે. તેમ પાંડુરાજા પણ પડ્યો. મરણ એ એનું પ્રાયશ્ચિત્ત થયું. આ આ આખ્યાનનો કરુણરસ.

[વસન્ત ; વર્ષ ૨૯, અંક ૫, જ્યેષ્ઠ, સં. ૧૯૮૩]

નવલકથા–મુનશી

: ૧ :

મહિલા પાઠશાળાવાળા ભાઈ નવલરામ જગન્નાથ ત્રિવેદીએ "કન્હૈયાલાલ મુનશીનું કલાવિધાન" એ ઉપર એક વિચારવંત પણ ઉત્સાહભર્યું વ્યાખ્યાન આપ્યું. રા. બ. રમણભાઈ પ્રમુખસ્થાને હતા. હું મોડો પડ્યો હતો અને તેથી એ વ્યાખ્યાન આદિથી સાંભળવાનો મને લાભ મળ્યો ન હતો. અન્તના ભાગમાં વ્યાખ્યાનકારે રા. મુનશીની નવલકથાના કરુણ, શૃંગાર, અદ્ભુત અને હાસ્યરસની તથા એમની રાષ્ટ્રીય ભાવનાની ઉદાહરણ આપીને પ્રશંસા કરી. ખાસ મતભેદ દર્શાવવા જેવું મને કાંઈ ન લાગ્યું—જો કે મ્હારે કબૂલ કરવું જોઈએ કે ઉપર કહ્યું તેમ હું મોડો હોઈ વ્યાખ્યાનના અગ્ર ભાગનો સંદર્ભ પણ બરાબર પકડી શક્યો ન હતો. પરંતુ આ વિષયમાં મ્હારા એકએ સામાન્ય વિચાર દર્શાવું. મ્હારૂં માનવું એવું છે કે રા. મુનશીને એમના પ્રશંસકો તથા નિન્દકોએ બંનેએ અન્યાય કર્યો છે અને કુભાગ્યે અવલોકનકારમાં ત્રીજો મધ્યગામી વર્ગ જ ન હોય એમ દીસે છે. અમુક પ્રશંસાનું તત્ત્વ ન સમઝી અને અતિશય માની લઈ વિરુદ્ધ પક્ષે એના ઉપર આક્ષેપ કર્યો છે, અને જ્યારે ખરો દોષ બતાવવામાં આવ્યો છે ત્યારે પ્રશંસક વર્ગે પણ એ સહન ન કરીને બચાવ ખાતર ઉદ્દામ ઉત્તર આપ્યા છે. રા. નરસિંહરાવે મુનશીની પાત્રસૃષ્ટિ શેક્સપિયર અને ડિકન્સની તરેહની કહી, તેથી

શું એમણે મુનશીને શેક્સપિયર અને ડિકન્સની સમાન ગણ્યા ? પાત્રાલેખનનો પ્રકાર જ જ્યાં બતાવવાનો આશય છે ત્યાં પાત્રાલેખનની શક્તિ સર્વથા સમાન છે એવું તાત્પર્ય કલ્પી લેવું યથાર્થ નથી. રા. નરસિંહરાવે સ્પષ્ટ કહ્યું છે કે " 'સરસ્વતીચન્દ્ર'ના સમર્થ રચનારની કૃતિ જોડે આ વાર્તાઓની સરખામણી કરવા માટે સમાન ભૂમિ નથી." તો પછી ગોવર્ધનભાઈ કરતાં મુનશી ચઢે એવો નિર્વિશેષ મત રા. નરસિંહરાવને શા માટે આરોપવો જોઈએ ? એમણે તો ફોડ પાડીને જે અંશમાં ગોવર્ધનરામ અને મુનશીની સરખામણી શક્ય છે—અર્થાત્ 'પાત્રસૃષ્ટિની કલાનો સમાન અંશ'—તેમાં જ ગોવર્ધનભાઈ કરતાં મુનશીને ચઢીઆતા કહ્યા છે : "ગોવર્ધનભાઈની સૃષ્ટિ યદ્યપિ સજીવ છે તથાપિ રા. કન્હૈયાલાલની પાત્રસૃષ્ટિ આગળ એ સૃષ્ટિની સજીવતા ઊતરતી લાગે છે." એ મતમાં આપણે ન મળીએ, હું મળતો નથી, તોપણ જે અંશમાં એ સરખામણી કરે છે તે અંશની બહાર જઈ સર્વથા ચઢતાઊતરતાપણાનો મત એમને આરોપવો એ વાજબી નથી. વળી "પાંડિત્યદર્શક અથવા ફિલસૂફીમાં રમનારી લાંબી લાંબી અપ્રસ્તુત ચર્ચાઓ ઇત્યાદિ ખેલ" પરત્વે પણ રા. નરસિંહરાવ સાથે આપણે નહિ મળીએ, પણ એકંદરે 'સરસ્વતીચન્દ્ર' કરતાં રા. મુનશીની કૃતિઓ વધારે સમર્થ છે એમ જ્યાં સુધી એમણે નથી કહ્યું, ત્યાં સુધી એમને એવો મત આરોપવો એ વૃથા લઢાઈ ઊભી કરવા જેવું છે.

રા. મુનશીનાં પાત્રની આકૃતિઓ બહુ સ્પષ્ટ રેખાથી આલેખાએલી છે, પ્રત્યેકમાં વિશિષ્ટતા છે, વિવિધતા છે, એમની વસ્તુસંકલના બહુ દક્ષતાભરી છે, અને તે વાચકને અસ્ખલિત વાર્તાના પ્રવાહમાં ખેંચે છે એમાં કોઈથી ના કહેવાશે ? પાત્રાલેખનની પદ્ધતિમાં પણ ગોવર્ધનરામ સાથે મુનશીની સરખામણી કરવી વૃથા છે : એ પદ્ધતિઓ પણ શું જુદી જુદી નથી હોતી ? રા. નરસિંહરાવે ગ્રામ્યનો પ્રકાર દર્શાવવા નિર્દેશેલા શેક્સપિયર અને ડિકન્સ લઈએ તો એ

વચ્ચે પણ પાત્રાલેખનની પદ્ધતિના પ્રકારમાં ભેદ નથી ! ડિકન્સનાં પાત્રો "રસ્તે જતાં મળે છે," તે જ રીતે શેક્સપિયરનાં નાટકોમાં પ્રધાન લક્ષ્ય પાત્રાલેખન છે કે માનવહૃદયના ભાવનાં યુદ્ધ છે એ કહેવું મુશ્કેલ નથી ? કદાચ બીજું જ છે એમ કહેવું વધારે યથાર્થ નથી ? અને ડિકન્સમાં તે નથી જ, અને પાત્રાલેખન એ જ લક્ષ્ય છે, અથવા તો પાત્રાલેખનદ્વારા અમુક જનસમાજ વાચક આગળ પ્રત્યક્ષ કરવો એ જ ઉદ્દેશ છે, એમ કહેવું જ ખરૂં નથી ? મને મુનશીની શક્તિ શેકસપિયર કરતાં ડિકન્સના પ્રકારને વધારે મળતી દેખાય છે. (ડિકન્સનાં પાત્રો મુનશીનાં પાત્રોથી સામાજિક ભૂમિકા પરત્વે ભિન્ન વર્ગનાં છે એ વાત જુદી.) અને આ બીજો પ્રકાર તે ગોવર્ધનરામનો છે જ નહિ, તેથી પાત્રાલેખનના વિષયમાં પણ ગોવર્ધનરામ સાથે એમની તુલના કરવી એ મને ઠીક લાગતું નથી.

હાલમાં એક મિત્ર મને મળવા આવ્યા હતા—એમણે મને પૂછ્યું: મુનશી અને ન્હાનાલાલ એ બે વચ્ચે તમને કોણ ચઢીઆતું લાગે છે ? એ મિત્રનો પ્રશ્ન પાત્રાલેખન પરત્વે જ હોવો જોઈએ એમ સમઝી મ્હેં આ ઉત્તર આપ્યો કે મુનશીની નવલકથાનાં પાત્રોમાં જે 'માંસ અને રુધિર' છે તે ન્હાનાલાલનાં નાટકોનાં પાત્રમાં નથી, પણ ન્હાનાલાલનાં પાત્રોમાં જે ઊંચી ભાવનાનાં તેજ છે તે મુનશીનાં પાત્રોમાં નથી, તેથી અહીં ચઢીઆતા–ઊતરતા-પણાની વાત કરવી વૃથા છે. વળી, એક નવલકથાકાર છે અને બીજો કવિ છે એ રીતે પણ એનાં પાત્રાલેખનમાં ભેદ હોય એ સ્વાભાવિક બલ્કે જરૂરનું નથી ?

૨. મુનશીની વાતમાં મીનળદેવીના પાત્રાલેખન સંબન્ધે એમના પ્રતિપક્ષીઓએ ભારે ચર્ચા ઊઠાવી છેઃ અને એ ચર્ચાએ "નવલ-કથાકારને ઇતિહાસમાં ફેરફાર કરવાનો કેટલો હક છે ?" એ સામાન્ય પ્રશ્નનું સ્વરૂપ પકડ્યું છે. આ સામાન્ય પ્રશ્ન ઉપર તો અંગ્રેજીમાં એટલું બધું વિવેચન થએલું છે કે કોઈને કાંઈ જ નવું ઊમેરવાનું

નથી. પણ રા. મુનશીનો બચાવ કરવા જતાં રા. નરસિંહરાવ નિષ્પક્ષપાતતાની મર્યાદા ઓળંગી ગયા છે, અને કહી દીધું છે કે 'મીનળદેવી' ના ચારિત્ર્યમાં ઇતિહાસ જ ક્યાં છે કે એના વિરોધનો સંભવ ઉપપન્ન લાગે—અર્થાત્ જે છે તે કિંવદન્તી જ છે. 'ગૂજરાતનો નાથ'—ના ઉપોદ્‌ઘાતમાં ' ઐતિહાસિક અંશને ત્યાગ કરીને કલ્પિત રચના " નાં ઉદાહરણોમાં મુંજાલની યુવાવસ્થામાં દ્રવિડ દેશમાં મુસાફરી, ચન્દ્રપુરમાં મીનળદેવી જોડે સ્નેહસમાગમ, મીનળદેવીનો ગૂજરાતના રાજા કર્ણદેવ જોડે લગ્ન કરવામાં મુંજાલના સાહચર્યનો મર્મહેતુ, સારાંશ મુંજાલ અને મીનળદેવી વચ્ચેનો વિલક્ષણ સ્નેહ-સંબન્ધ—એ ગણાવ્યા પછી, એ ' કલ્પિત રચના ' માં 'ઐતિહાસિક અંશનો ત્યાગ ' નથી એમ કહેવું એ મને અત્યુત્સાહી વકીલાત લાગે છે. રા. મુનશીના કેટલાક પ્રતિપક્ષીઓએ મીનળદેવી સંબન્ધી કરેલી કલ્પનાને 'સીતા માટે એવી જ કલ્પના કરી હોય તો કેવું લાગે ?' એવી મીનળદેવી અને સીતાની સરખામણીરૂપી ખોટી કસોટીથી રા. મુનશીના દોષને મ્હોટું માપ આપી દીધું છે. વસ્તુતઃ મુનશીએ રસની દૃષ્ટિએ પણ મીનળદેવીની લોકભાવનાને— ઐતિહાસિક અનૈતિહાસિકનો પ્રશ્ન બાજુ પર મૂકતાં પણ—લોકભાવનાને અવગણવી જોઈતી ન હતી, કારણ કે રસનું ઉપાદાન લોકહૃદય જ છે. કલાકાર તરીકે અન્ય પાત્ર સર્જીને પણ એ ' વિલક્ષણ સ્નેહસંબન્ધ ' અને ' હૃદયોનું અન્તર્ગત લગ્ન ' પોતે આલેખી શકત. પણ આ દોષ ઉપર જ્યારે ઘોર આક્ષેપો થાય છે ત્યારે વાચકને સ્મરણ આપ્યા વિના ચાલતું નથી કે રસમીમાંસકોએ "रतिः संभोगशृङ्गाररूपा उत्तमदेवविषया न वर्णनीया। तद्वर्णनं हि पित्रोः संभोगवर्णनमिवात्यन्तमनुचितम् " એમ દોષ દર્શાવ્યા છતાં કાલિદાસના કુમારસંભવની ગણના હજી મહાકાવ્યોમાં જ થાય છે.

ચર્ચા લાંબી થઈ ગઈ, અને વસ્તુતઃ એને રા. નવલરામ જગન્નાથ ત્રિવેદીના વ્યાખ્યાન સાથે સંબન્ધ નથી. પણ આ 'પ્રાસંગિક નોંધ' માં ઘણાં અપ્રાસંગિક નોંધવાનો રિવાજ પડ્યો છે !

: ૨ :*

આ વિષય ઉપર રેડિયોમાં બોલવાનું મને નિમન્ત્રણ આપવામાં આવ્યું તે સાથે પ્રસંગોચિત અથવા આવશ્યકતાવશાત્ કેટલાંક નિયન્ત્રણ પણ પડ્યાં. એક તો એ કે મ્હારૂં વ્યાખ્યાન વીસ મીનીટ કરતાં વધારે સમય લે એવું ન હોવું જોઈએ. આ તો મને ગમતી જ વાત હતી. પણ ૨૦ મિનિટમાં કાંઈ ગૂજરાતની નવલકથાના ઇતિહાસમાં શ્રીયુત મુનશીનું સ્થાન નક્કી કરવું કે એમની સઘળી નવલકથાઓનું વિવેચન કરવું એ શક્ય છે? તેથી મ્હેં મ્હારા વિવેચન માટે એમાંથી એક જ—'**ગૂજરાતનો નાથ**'—એ એક જ નવલકથા પસંદ કરવાની છૂટ લીધી છે; અને આટલા સમયમાં એ એક પણ હું બધાં જ દૃષ્ટિબિન્દુથી અવલોકી શકીશ નહિ તે માટે ક્ષમા કરશો.

આરમ્ભમાં જ મને ચાળીશ પચાસ વર્ષ ઉપર ગૂજરાતના બે સમર્થ પત્રકારો—મણિલાલ અને રમણભાઈ—ની વચ્ચે ચાલેલો એક વાદવિવાદ યાદ આવે છે. સાહિત્યવિવેચકનું કર્તવ્ય શું? આ પ્રશ્નના ઉત્તરમાં મણિલાલ કહે છે : **કેવળ અવલોકન**; રમણભાઈ કહે છે : **મૂલ્યાંકન.** આ બેમાં ખરૂં શું? અવલોકન કે મૂલ્યાંકન? હું તો પૂછું શા માટે એક? અને બંને નહિ? મને તો લાગે છે કે, 'કે' જ આપણા સર્વ ઝઘડાનું મૂળ છે. ઉત્પન્ન ધનનો અધિકારી કોણ? મિલમાલેક કે મજૂર? હમણાં જ એ પ્રશ્ન અમદાવાદમાં ચર્ચાયો હતો. ઉત્તમ રાજ્યતન્ત્ર કયું? Democracy કે Dictatorship? એટલે કે પ્રજા પોતે પોતાનું રાજતંત્ર ચલાવે

* ગઇ તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૩૯ને દિને 'ઑલ ઇન્ડિયા રેડિયો'ના બોમ્બે સ્ટેશનથી ડો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ-એમણે '**નવલકથા મુનશી**' એ વિષય ઉપર કરેલું એક લઘુ વ્યાખ્યાન. એ રેડિયો સ્ટેશનની સૌજન્યભરેલી પરવાનગીથી અત્રે છાપવામાં આવ્યું છે, (નૂજ સુધારાવધારા સાથે.) —વ્યવસ્થાપક, 'વસન્ત'

તે સારૂં કે એક મહાપુરુષ પ્રજાનો નેતા થઈ રાજ્ય ચલાવે તે સારૂં ? મને તો લાગે છે કે આ બંને પક્ષો એના આત્યન્તિક રૂપમાં અધૂરાં સત્યો છે. અને Political Scienceનો આવતી વીશીનો પ્રશ્ન બંનેનો સમન્વય કરવો એ જ રહેશે. ચાલતો વિષય લઈએ તો—જેમ એક તરફ કર્તાનો ઉદ્દેશ અને દૃષ્ટિબિન્દુ સમઝાયા વિના કરેલું મૂલ્યાંકન ભૂલભરેલું નીવડે છે; તેમ બીજી તરફ—આપણું માનસ એક અખંડ તંત્ર હોઈ, અવલોકન કર્યા પછી ઇચ્છા–અનિચ્છાએ મૂલ્યાંકન પણ કરે છે જ. અવલોકનના પક્ષમાં મણિલાલ મલ્લિનાથ જેવા સંસ્કૃત ટીકાકારોનું ઉદાહરણ આપે છે. પરંતુ તે સંતોષકારક નથી. ધ્યાનમાં રાખવું જોઈએ કે "उत्तरे रामचरिते भवभूतिर्विशिष्यते।" અર્થાત્ કાલિદાસ કરતાં, ઉત્તરરામચરિતમાં ભવભૂતિ ચઢે—ઇત્યાદિ મૂલ્યાંકનનાં અસંખ્ય વાક્યો જાણીતાં છે. ક્ષેમેન્દ્રનું "औचित्यविचारचर्या" એ બહુ અંશે subjective પદ્ધતિએ એટલે કે પોતાની રુચિ અનુસાર કરેલાં મૂલ્યાંકનનો ગ્રન્થ છે. એટલું જ નહિ, પણ બધા જ કાવ્યશાસ્ત્રીઓ પોતાના ગ્રન્થમાં 'દોષ-નિરૂપણ'નું એક પ્રકરણ રચે છે; એ મૂલ્યાંકન નહિ તો બીજું શું છે? પરંતુ એટલું ખરૂં છે કે વર્તમાન વિવેચકો ઘણીવાર કર્તાના માનસનો objective, યાને પોતાની લાગણીથી સ્વતંત્ર એવો યથાસ્થિત વસ્તુનો પરિચય કરવા કે કરાવવાને બદલે, એ સંબન્ધી, Subjective દૃષ્ટિએ, પોતાની લાગણી પ્રકટ કરવા બેસી જાય છે. ખરૂં જોતાં, મૂલ્યાંકન ભલે થાઓ, પણ તે કરતાં પહેલાં કર્તાનું માનસ, કૃતિનો ઉદ્દેશ, પૂરેપૂરાં સમઝી લેવાં જોઈએ. શેક્સપિયર ઉપર જે અસંખ્ય વિવરણો લખાયાં છે તેમાં શેક્સપિયરના મૂલ્યાંકનને બદલે શેક્સપિયરની કૃતિને યથાસ્થિત સમઝવાનો પ્રયત્ન થયો છે–જેમાં કેટલીકવાર શેક્સપિયરનું ખરેખર વિવક્ષિત શું હતું એની પણ દરકાર રાખ્યા વિના શેક્સ-પિયરની કૃતિ શું કહે છે, એની વાણીના ઉંડાણમાં શો અર્થ ભર્યો છે એ વિચારવામાં અને બહાર લાવવામાં પુષ્કળ શક્તિ વપરાઈ છે.

આ દૃષ્ટિએ હવે મૂલ્યાંકન કરતાં ગ્રન્થકારના ઉદ્દેશને વધારે માન આપી શ્રીયુત મુનશીની એક પ્રધાન નવલકથા—ગૂજરાતનો નાથ—એનું અવલોકન કરીશું.

ગૂજરાતના નવલકારો—જેઓમાં રા. મુનશીનું નામ પ્રથમ પંક્તિમાં ઊંચું છે—એમાં કાલિક ક્રમે પ્રથમ 'કરણઘેલાના' કર્તા રા. નન્દશંકર તુળજાશંકર આવે છે. સ્વદેશાભિમાન અને સ્વદેશ-ભક્તિથી પ્રેરાઈ, ગૂજરાતના રાજપૂત સમયના ઇતિહાસનો એક દુઃખદ પ્રસંગ લઈ, એના ઉપર એમણે એમની નવલકથા રચી છે. ધાર્મિક વ્હેમો, રિવાજો, અને પરસ્પરના ઝગડાઓથી, તેમજ એક તરફ અનીતિ અને બીજી તરફ દેશભકિતની ખામીથી.—એકંદરે જીવનના પાયા અને દિવાલો જીર્ણ થઈ જવાથી રાજપૂત રાજ્યોની ભવ્ય ઇમારત કેવી રીતે પડી તેનું એમાં ચિત્ર છે. પરંતુ આ નવલકથા —એની પ્રસિદ્ધિ પછી તુરતના સમયમાં, વાંચકને પ્રિય થઈ પડી હતી તે યુગપલટાના એક ભભકદાર ચિત્ર કે ચિન્તનથી નહિ પણ વચ્ચે વચ્ચે પથરાએલાં સુન્દર વર્ણનોને લીધે, તેમજ એની સંસ્કારી ગૌરવવાળી છતાં સાદી એવી ભાષાને લીધે. વર્ણનોમાં વસ્તુના આન્તર આત્મા કરતાં એની બાહ્ય આકૃતિ ઉપર વધારે લક્ષ્ય દેવાયું છે, અને તેથી વર્તમાન જમાનો જે આત્માનું ઊંડાણ માગે છે તે આ નવલકથાની ઉપેક્ષા જ કરે છે—જો કે જેઓની રસવૃત્તિ વધારે વિશાળ છે, અને જેઓ જુદે જુદે સમયે, જુદી જુદી માનસિક સ્થિતિમાં વિવિધ પ્રકારના સાહિત્યમાં આનન્દ લઈ શકે છે તેઓ તો 'કરણઘેલા' ને કદી વીસરી કે વીસરવા દઈ શકશે નહિ.

જેમ 'કરણઘેલો'–મુખ્યત્વે કરી, શુદ્ધ સાહિત્યસેવાના હેતુથી નહિ, પણ દેશસેવાના હેતુથી લખાયો છે, તેમ ગોવર્ધનરામનો 'સરસ્વતીચન્દ્ર' પણ એ જ રીતે દેશસેવાના હેતુથી લખાયો છે. એનો ઉદ્દેશ વર્તમાન જમાનાના એક મૌલિક પ્રશ્ન ઉપર પ્રકાશ નાંખવાનો છે. એ પ્રશ્ન તે પ્રાચીન ભારતવર્ષ, અર્વાચીન હિન્દ, અને

અર્વાચીન યૂરોપ—એ ત્રણના સંગમરૂપ ત્રિવેણી, જે અત્યારે આપણી સમક્ષ—બલ્કે આપણા જીવનમાં—વહી રહી છે, તેનું યથાર્થ સ્વરૂપ શું છે? અને તેને અંગે શાં શાં કર્તવ્યો આપણે માટે ઊભાં થાય છે? આ અસાધારણ ગૌરવવાળો પ્રશ્ન છે. વિષયની વિશાળતાને લીધે ગ્રન્થ પણ વિશાળ થયો છે, અને એકનું ગૌરવ બીજામાં પણ ઊતર્યું છે, એની "પાંડિત્યદર્શક અથવા ફિલસુફીમાં રમનારી લાંબી લાંબી અપ્રસ્તુત ચર્ચાઓ" કર્તાના દૃષ્ટિબિન્દુએ અપ્રસ્તુત નથી. કલાના ભક્તને એ બોજારૂપ લાગે એ સ્વાભાવિક છે, પણ વિષયનું સ્વરૂપ જોતાં એ અનિવાર્ય છે. જેમ વ્યાસજીનું મહાભારત યુગપલટા વખતે જીવનના મહાસાગરમાં દીવાદાંડી પેઠે ઊભું હતું તેમ ગોવર્ધનરામનો 'સરસ્વતીચન્દ્ર' પણ સંસ્કૃતિના પલટા સમયે એક દીવાદાંડીની ગરજ સારે છે. એમાં વિચારનું ગામ્ભીર્ય, ઉદારતા, સાવધાનતા વગેરે નિબન્ધના ગુણો છે, તેમ વસ્તુની સંકલના અને રસિકતા, પાત્રોની વિવિધતા અને તેઓનો ચિતાર, તેમ મનુષ્યહૃદયની અનેકવિધ વૃત્તિઓમાં સૂક્ષ્મ અને ઊંડી દૃષ્ટિ—ઈત્યાદિ સારી નવલકથાના પણ ગુણો છે. ગોવર્ધનરામ પોતે જ કહે છે તેમ, ઉપર જણાવેલા મહાપ્રશ્ન ઉપરનો એક નિબન્ધ જ નવલકથારૂપે પોતે વાચક આગળ મૂક્યો છે. તેથી એને સામાન્ય નવલકથાના નિયમોથી તપાસવો એ અન્યાય્ય છે. આ નિયમોના સંબન્ધમાં એ પણ કહેવું જોઈએ કે મૂળ કથાના સ્વરૂપમાંથી વિકસી 'જગ રૂપ ધરે તું નવાં જ નવાં' તેમ જગના દર્પણરૂપ નવલકથાએ પણ અગણિત સ્વરૂપો ધારણ કર્યાં છે, અને એમાં પ્રસંગાનુસાર નવો નવો વધારો થયાં જ કરે છે. આ સ્થિતિમાં નવલકથાના સ્વરૂપ માટે અમુક દૃઢ નિયમો બાંધી શકાતા નથી. અમુક જાતની નવલકથા લોકપ્રિય થાય છે કે કેમ એ જ નિત્ય વિકાસ પામતી નવલકથાની કલાની ખરી કસોટી છે. ભલે એ એના સુન્દર વસ્તુથી હો, જમાનાના મહાપ્રશ્નોનો ઉત્તર આપે છે અગર એ ઉપર પ્રકાશ નાંખે છે તે કારણથી હો, પણ

'સરસ્વતીચન્દ્ર' એક ઉત્તમ દરજ્જાની નવલકથા છે એમાં સંશય નથી. એમાં આપણા ગૃહસંસારનું વૈવિધ્યવાળું તેજસ્વી ચિત્ર છે, એ ગૃહસંસારના દેખીતા દોષ પાછળ પણ કેટલા બધા ગુણ રહેલા છે એનું ચિન્તન છે, અને પાત્રોનું આલેખન પણ એવી દૃઢ પીંછીથી કરવામાં આવ્યું છે કે મને તો રા. નરસિંહરાવે આ વિષયમાં શિથિલતાનો દોષ 'સરસ્વતીચન્દ્રના' કર્તા ઉપર કેમ મૂક્યો હશે એ સમઝાતું નથી. નરસિંહરાવ કહે છે: "ગોવર્ધનરામનાં પાત્રો જગત્માં શોધવા જઈએ અને જરાક શ્રમ લઈએ તો જડે ખરાં." જડે તો શું? જડવાં જ જોઈએ. એ જ ખરી વાસ્તવતાની કલા છે કે જેમાં Universal particular ભળી તે Individual ઉપજાવે છે. ન જડે તો પણ શું? કલ્પના એ જ કવિતાનો પ્રાણ છે. ગોવર્ધનરામ જે મહાપ્રશ્નનું સ્વરૂપ દર્શાવવા ઇચ્છતા હતા તેના મિશ્ર સ્વરૂપને લીધે વાસ્તવતા અને કલ્પના બંનેનું મિશ્રણ કરવાની એમને જરૂર હતી. જેમ કોઈ મહાન વિજ્ઞાનશાસ્ત્રી પર્યાલોચન અને કલ્પના બંનેના સુયોગથી મહાન શોધ કરે છે તેમ પ્રકૃત વિષયમાં આર્ષદૃષ્ટિ પ્રાપ્ત કરવા ગોવર્ધનરામને કરવું પડયું છે.

હવે ત્રીજા મહાન નવલકથાકાર શ્રીયુત કન્હૈયાલાલ મુનશી: દેશસેવા ખાતર સાહિત્યસેવા નહિ, પણ શુદ્ધ સાહિત્યસેવા ખાતર જ સાહિત્યસેવા કરનાર પ્રથમ પંક્તિના નવલકથાકાર શ્રીયુત કન્હૈયાલાલ મુનશી છે. એમના નવલકથાકાર તરીકેના અસાધારણ ગુણ મ્હારા સ્વર્ગસ્થ મિત્ર સાક્ષરવર્ય શ્રી. નરસિંહરાવે પારખ્યા છે. અને તે રા. મુનશીની 'ગૂજરાતનો નાથ' એ નવલકથાના ઉપોદ્ઘાતમાં વિસ્તૃત વિવેચન કરીને બતાવ્યા છે. નિશાળોમાંથી નિશાળીઆઓને ક્લાસમાં નંબર આપવાની પદ્ધતિ જતી રહી, તેમ સાહિત્યકારોને નંબર આપવાની પદ્ધતિ પણ હવે જતી જાય છે. હવે એ જૂની રીત છોડી દઈને એમની કૃતિના અન્તર્માં રહેલા કર્તાના ઉદ્દેશો, સિદ્ધાન્તો, દૃષ્ટિબિન્દુઓ જોવાં અને તારવી કાઢવાં એ વધારે ઈષ્ટ ગણાય છે.

એ ઉપર જણાવેલો સિદ્ધાન્ત રસિકતાથી ધ્યાનમાં રાખી, હવે 'ગૂજરાતનો નાથ' અવલોકીએ.

'પાટણની પ્રભુતા' અને એના અનુસન્ધાનમાં 'ગૂજરાતનો નાથ'' એ નવલકથાઓમાં પશ્ચિમની નવલકથાઓનું અનુકરણ છે એમ એક આક્ષેપ થયો છે. એના ઉત્તરમાં તો એટલું જ કહું કે આ નવલકથાઓ વાંચતી વખતે પશ્ચિમની નવલકથાઓનું સ્મરણ થતું નથી. પછી દોષ ક્યાં રહ્યો ? પશ્ચિમમાં તેમજ પૂર્વમાં માનવીઓ વસે છે, એ બે ભૂખંડના ઇતિહાસમાં પણ ઘણાં સામ્ય દેખાય છે, અને એને પરિણામે કવચિત્ પાત્રમાં કે પ્રસંગમાં અણધાર્યું સામ્ય આવે તો તેથી કર્તાની કૃતિનું મૂલ્ય ઘટતું નથી. બીજો આક્ષેપ એ થયો છે કે શ્રીયુત મુનશીએ ઐતિહાસિક સત્યને અવગણ્યાં છે. સાહિત્યકલા ખાતર ઇતિહાસમાં ફેરફાર કરી લેવાની સત્તા સાહિત્યકારને છે એમ સહુ કોઈ માને છે, અને તેમ કર્યા છતાં સાહિત્યકાર તરીકે તેમની મૂલ્યપ્રતિષ્ઠા જરા પણ ઘટી નથી, એવાં શેક્સપિયર વગેરે અસંખ્ય ઉદાહરણો સાહિત્યના ઇતિહાસમાં મળે છે. પણ જરા વિચારવા જેવો આક્ષેપ છે તે એ છે કે પૂજ્ય સતીત્વનું આદર્શભૂત ઐતિહાસિક પાત્ર—મીનળદેવી—તેને શ્રીયુત મુનશીએ મુંજાલ સાથે પ્રેમમાં નાંખીને એક પવિત્ર મહિલાના યશને કલંકિત કર્યો નથી ? આના ઉત્તરમાં હું એક ગંભીર વિચારે ચઢવા તમને નિમન્ત્રું છું. ધ્યાનમાં રાખો કે મહાન સ્ત્રીપુરુષો પણ મનુષ્ય છે, અને એઓ **મનુષ્ય રહીને** જ મહાન થાય છે. એમાં જ એમની મહત્તા છે. અવતારવાદનું આ જ રહસ્ય છે. દેવ કરતાં પણ અવતાર અધિક છે, કારણ કે એમાં મનુષ્યતા આવે છે. **મનુષ્યતાનું બીજું નામ રસ છે. નિર્ગુણ બ્રહ્મ એ કાવ્યનો વિષય ન થઈ શકે, એને કાવ્યનો વિષય કરવા માટે સગુણ કરવું જ પડે. બ્રહ્મ તે આ જ રીતે કૃષ્ણ થાય** છે. કવિઓએ શાંતિની ભાવનારૂપ શિવજીને પણ ભીલડીની પાછળ દોડાવ્યા છે એ કરતાં મુનશીએ

મીનળદેવીને મુંજાલના પ્રેમમાં નાંખી એ અપરાધ—અપરાધ હોય તો મ્હોટો નથી. વસ્તુતઃ એ અપરાધ જ નથી. ખરૂં જોતાં કાવ્યશાસ્ત્ર જ આ છૂટ, બલ્કે હક, માગી લે છે. તેમાં પણ જે ઔચિત્ય સાચવવું જોઈએ તે મુનશીએ સારી રીતે સાચવ્યું છે. મુંજાલ દક્ષિણમાં ગયો ત્યારે મીનળદેવી સાથે ઓળખાણ થયું, અને તેઓ વચ્ચે પ્રેમ બંધાયો. 'મુંજાલ મ્હારી આંખ આગળ રહે' તે માટે મીનળદેવી ગૂજરાત આવી અને કર્ણદેવની રાણી થઈ, રાજાની અણમાનીતી પણ થઈ, પણ મહામાત્ય મુંજાલે પાછી એને માનીતી કરાવી. કર્ણદેવ સ્વર્ગસ્થ થયા પછી મુંજાલની મદદથી, બલ્કે એના હાથમાં સર્વ રાજ્યતન્ત્ર સોંપીને મીનળદેવીએ રાજમાતા (જયદેવ યાને ભવિષ્યના સિદ્ધરાજ જયસિંહની મા) તરીકે રાજ્ય ચલાવ્યું. એ દરમિયાન રાજ્યખટપટ-થી બે વચ્ચે કોઈ કોઈવાર વૈમનસ્ય થાય છે, પણ તે અન્તે મુંજાલની અસાધારણ શક્તિથી અને મીનળદેવીના ઊંડા પ્રેમબળથી શમી જાય છે. તેમ બે વચ્ચે એકાન્ત સમાગમના ઘણા પ્રસંગ આવે છે, પણ એમનો વિશુદ્ધ પ્રેમ સદા અણીશુદ્ધ રહે છે. આ પ્રકારની પવિત્રતાનું પ્રથમ દર્શન ગોવર્ધનરામે કુસુદ અને સરસ્વતીચંદ્રના સંબંધમાં કરાવ્યું હતું–તે સંપ્રદાય ન્હાનાલાલના 'જયાજયન્ત'માં, મુનશીની પ્રકૃત નવલકથા–' ગૂજરાતનો નાથ '–માં, અને તે પછી રમણલાલની ' પૂર્ણિમા 'માં ચાલતો રહ્યો છે. દરેકની રીત કાંઈ કાંઈ જુદી છે, પણ ભાવના એક છે, અને તે એ કે પ્રેમ આત્માના લગ્નમાં રહેલો છે, દેહલગ્નમાં રહેલો નથીઃ તૃપ્તિ કરતાં ત્યાગ મ્હોટો છે. છેક સુધી મીનળદેવી અને મુંજાલનો પ્રેમ અચ્છોદ સરોવર જેવો નિર્મળ અને ગંભીર છે, એની જળલહરીઓ એના જીવંતપણાની સાક્ષી પૂરે છે. 'હૃદયયજ્ઞ' નું પ્રકરણ ગોવર્ધનરામની કલમને—બલ્કે કોઈ પણ દેશના પ્રથમ પંક્તિના સાહિત્યને પણ—શોભાવે એવું છે.

કાક અને મંજરીની પ્રેમકથા જુદા જ પ્રકારની છે—કાક, લાટનો સુભટ જોદ્ધો છે અને આ નવલકથામાં એ મ્હોટો ભાગ

ભજવે છે. એ વિદ્વાન નથી, અને મંજરી અસાધારણ સંસ્કૃત વિદ્યાની વિદ્વત્તાથી ભરેલી, બલ્કે એ વિદ્વત્તામાં ગાંડી છે. જ્યારે કાશ્મીરાદેવીએ એને કાકભટને પરણવાનું કહ્યું, ત્યારે એ વિષેની વાતચીતમાં મંજરી બોલીઃ

"બા, હું તમારા કાળની નથી, ત્રિભુવન ગજાવનારા મહાકવિઓના કાળની છું. હું પાટણની બ્રાહ્મણી નથી, પણ બ્રહ્મા, વિષ્ણુ, અને ચન્દ્રને ખોળામાં છુપાવવાની હોંશ ધરતી બીજી અનસૂયા છું."

"તમને પરણે જે સુખ મળે છે તેથી વધારે મારા નાથો મને આપે છે." 'નાથો' એ બહુવચનનો શબ્દ સાંભળી કાશ્મીરાદેવી ચમકી. ખુલાસો પૂછતાં મંજરી કહે છેઃ "પહેલો મારો નાથ મ્હારા પિતાએ સોંપેલો પહેલો મુકુટમણિ કોણ તે જાણો છો? —કાલિદાસ....કાલિદાસ મ્હારા હૈયાનો હાર. અહોનિશ તે મારી સાથે સંચરે છે." મંજરીએ કહ્યું: "ખાતાં, ઊઠતાં, બેસતાં અમારાં હૃદયો એક જ તાન મારે છે; અમે સાથે સાથે ગગને વિહરતા મેઘો જોઈએ છીએ—પાસે છતાં આઘાં બની મેઘદૂતોથી સંદેશા કહાવીએ છીએ; તે......જીવનના લ્હાવા લઈ અમારાં છોકરાં ઊછેરીએ છીએ ......હા, અમને છોકરાં છે—શકુંતલા, પુરૂરવા, માલવિકા, બધાં ઘણાં........મ્હારો મહાપ્રતાપી સ્વામી, વીરોમાં પણ વીર, એવો સકલ શસ્ત્રવિદ્યાનો પિતા પરશુરામ છે. મારા પરશુરામ ત્રિપુરારિનો અવતાર—અનેક ભીષ્મ અને કર્ણને શસ્ત્રવિદ્યા શીખવનાર મહાગુરુ ......સર્વશાસ્ત્રવિશારદ મહર્ષિ, પલકમાં આખી ધરા દાનમાં દેનાર જમદગ્નિનો પુત્ર !......પ્રાણ અર્પવો તે એવાને." કાશ્મીરા બોલીઃ "પણ એવી વાતો તે શા કામની? તેને તે કૈં સદેહ પરણાયું!" મંજરીઃ "કેમ નહીં? તમે મંડલેશ્વર (ત્રિભુવનપાલ) ને જુઓ છો તેથી વધારે સ્પષ્ટતાથી હું તેને નિરખું છું......તમને તે નહીં દેખાતા હોય, પણ હું તેને જોઉં છું." આ ભાવનાની વાસ્તવિકતાનો

મ્હારો કવિસૃષ્ટિનો સિદ્ધાંત. આ મંજરી—કાક મંજરીને અનેક આક્રમણોમાંથી, સંકટમાંથી, કેદખાનામાંથી ઉદ્ધારી છે પણ એકએ ઉપકારથી એનું હૃદય પીગળતું નથી. જ્યારે ઉદા મહેતાના પંઝામાં પડતી એને બચાવવાનો એક જ રસ્તો રહ્યો કે કાકને પરણવું ત્યારે તે એને પરણીઃ આંખમાં આંસુ સાથે પરણી. "એક ઉપકાર વધારે કરશો ?"—દયામણા અવાજેઃ "મને પરણ્યા પછી મારા દાદાને ઘેર મૂકી આવજો." કાકે કબૂલ કર્યું. કાક વીર છે, જુલ્મી નથી—કાકને હજી બહુમાં બહુ તે "**सौभाग्यनाथो मम**" એમ જ કહી શકતી. તે એક પ્રસંગે મુંજાલ કીર્તિદેવનો વધ કરવા ઊઠ્યો અને કાક વચમાં પડ્યો, અને મુંજાલે કાક ઉપર તરવાર ઉગામી તેટલામાં કૂદીને મંજરી વચ્ચે પડી અને "કોણ છે તું?" એમ મુંજાલનો પ્રશ્ન થતાં—મંજરીએ જવાબ દીધોઃ "કાકભટ્ટની અર્ધાંગના." પછી કાકને ગળે વળગી પડી, વળગી રહી—અને નરસિંહરાવ કહે છે તેમ "બધા ખુલાસા થઈ ગયા!"

આ અદ્ભુત કથા શ્રીયુત મુનશીની સૃષ્ટિ છે. ગોવર્ધનરામની કુસુમ અંગ્રેજી સાહિત્યની મત્ત હતી તેની સામે સંસ્કૃત સાહિત્યમાં ઘેલી બનેલી મંજરી મૂકવા જેવી છે. આ કલ્પનામાં મુનશીનો સંસ્કૃત સાહિત્ય ઉપરનો પ્રેમ અને સંસ્કૃત સાહિત્યના મૂલ્યાંકન માટે જોઈતી virile—વીર્યવાળી ખરી દૃષ્ટિ પ્રકટ થાય છે. મુનશીને પૂરેપૂરા સમજવા માટે આ ઉપરાંત એમના બેત્રણ અંગત ગુણો જે સાહિત્યમાં પણ પ્રકટ થાય છે તે ધ્યાનમાં રાખવા જોઈએઃ એક તો હિમ્મત, અમાપ હિમ્મત અને દઢતાઃ અને બીજું—'Idealism' એટલે કે પ્રતિભાથી સર્જેલું— 'જોએલું' કહું તો તે વિશેષ ઉચિત ગણાશે—એ જગત્ આ સ્થૂલ નેત્રે દેખાતા જગત્ કરતા વિશેષ સાચું છે—મંજરીની દૃષ્ટિ એ બાલિશ દૃષ્ટિ નથી. છતાં પણ એ અપૂર્ણ છે. સાહિત્ય એ જીવનનું ચૈતન્ય છે, પણ જીવન એ સાહિત્ય કરતાં વિશાળ છે. શ્રીયુત મુનશીનાં બીજાં ઓપાનો અવલોકવા જેટલો

અત્યારે સમય નથી. પણ એ સંબન્ધીમાં એક વાત વિચારવા જેવી મને ઉપસ્થિત થાય છે: શ્રીયુત મુનશી પુરૂષ અને સ્ત્રીના પ્રેમકલહમાં આખરે સ્ત્રીને જ કેમ નમાવે છે? હું જાણતો નથી. સ્ત્રીની આ નબળાઈના કારણથી? તે તો બીલકુલ ગમતું નથી. સ્ત્રીની કોમળતાના કારણથી? તો તે શોભે છે. પણ આડકતરી રીતે પુરૂષ–જાતિ ને એની કઠોરતા માટે ઠપકો દેવાનો હેતુ હોય તો તેમાં હું સર્વથા સંમત છું.

હવે હું પ્રેમકથાના પ્રદેશમાંથી નીકળી રાજ્યનીતિનો એક પ્રશ્ન લઉં: એ બે વચ્ચે હિંદુસ્થાનની રાજનીતિનો એક પ્રશ્ન ઉત્પન્ન થયો છે. કીર્તિદેવ અવન્તી તરફથી પાટણ સાથે સન્ધિ કરવા ઇચ્છે છે, મુંજાલ સન્ધિની વિરુદ્ધ છે. હવે આ સંબન્ધી મતભેદ શ્રીયુત મુનશીના શબ્દોમાં જ હું બતાવીશ:—

કીર્તિદેવ મુંજાલને: "મહારાજ! તમારા જેવાએ માત્ર એક રાષ્ટ્રની રાજનીતિ પાછળ જીવન સમર્પવું ન જોઈએ. આખા આર્યાવર્તની રાજનીતિ હાથ કરો; છિન્નભિન્ન થઈ ગએલાં રાષ્ટ્રો, કુસંપી બનેલાં રાજ્યોને એક તન્તુએ બાંધો. તમારા જેવાની શક્તિ વિના તે કાંઈ કરી શકાવાનું નથી.

"મહારાજ! માત્ર પાટણ અને અવન્તી વચ્ચે કુસંપ છે, એમ નથી; સપાદલક્ષ (અજમેર) અને માળવાને વેર છે; કાન્યકુબ્જાધિપ ચન્દ્રદેવ મહારાજ માળવા અને સપાદલક્ષ બંને સાથે લઢે છે; ચેદિરાજ કીર્તિવર્મા સાથે વઢે છે; ચિતોડના રાવળની મહેચ્છા દિન પ્રતિદિન વધતી જાય છે. આ બધાનાં વેર શમાવવાં છે, આ બધાને ભેગા કરી એક મહાપ્રબલ સૈન્ય પેદા કરવું છે, એ બધું કરવા આર્યાવર્તને એક મુત્સદ્દી જોઈએ છે. એ પદવી તમે લેશો?"

મુંજાલ; "કીર્તિદેવજી! તમારી વાત સાચી છે, પણ મારાથી કે ગૂજરાતથી એમાંનું કૈં નહિ બને."

"કેમ ?" ચમકીને કીર્તિદેવે પૂછ્યું.

મુંજાલ: " તમે બાળક છો; નહીં સમજો પણ ચાર વરસ પર એક અમારો જતી હતો તે પણ એમ જ કહેતો હતો. મને તેના બોલો યાદ આવે છે: તે કહી ગયો હતો કે: તમારા મન્ત્રીઓની મહેનત ધૂળ મળશે; તમારાં દીકરાદીકરી પરદેશનાં બજારમાં વેચાશે."

કીર્તિદેવ: " તે વાત સાચી છે. માટે જ કહું છું કે મારૂં કહ્યું માનો."

મુંજાલ; " કીર્તિદેવ! તમારી વાત સાચી ભલે હોય, પણ દરેક સત્ય વાત શકય નથી હોતી."

કીર્તિદેવ " શકય ન હોય તો થવી જોઈએ."

મુંજાલ: " ગૂજરાત નાનું છે; તે હજી હમણાં જ પગભર થાય છે, તે એવી આશા રાખે તો મૂર્ખ ઠરે. યવનો તો કોણ જાણે કયારે હારે પણ આવતે વર્ષે અમારૂં નખોદ વળી જાય......મહા મહેનતે મેં મારી ઝૂંપડી ઊભી કરી છે; આર્યાવર્તનો મહેલ ચણવા જાઉં તો એ ઝૂંપડી ચગદાઈ જાય સમજ્યા? તમને જે મહેલ બાંધવાની હોંશ છે તે તમે ભલે બાંધો; મુંજાલ તો એની મઢુલી જ સંભાળશે."

હજી પરમાત્માની શુભ યોજનામાં મોગલ, મરાઠા અને બ્રિટિશ સામ્રાજ્યના ઇતિહાસમાંથી પસાર થવાનું નિર્મિત હતું.

મુંજાલની દૃષ્ટિ આજની છે, કીર્તિદેવની કાલની છે. કાલની દૃષ્ટિ આજમાંથી જન્મે છે. આ મુંજાલ અને કીર્તિદેવના સગપણનો ગર્ભિત અર્થ.

આ નવલકથા ઘણું કરી ૧૯૧૬માં લખાઈ હતી. પણ તે પછી ગંગાનાં નીર બહુ વહી ગયાં છે. આજ શ્રીયુત મુનશી મુંજાલની માફક એમની ગૂજરાતરૂપી પ્રિય 'મઢુલી' જ સાચવીને બેસશે. કે ભારતીય વિદ્યાનો મહેલ બાંધવાનો અભિલાષ ધરાવશે?

પરિશિષ્ટ×

આપણો ગૂજરાત પ્રાન્ત આનર્ત, સૌરાષ્ટ્ર અને લાટ એ ત્રણ પ્રદેશ મળીને થએલો છે. તેમાં—

(૧) **આનર્ત**–એ ઉત્તરે આબુ, પશ્ચિમે કાઠિયાવાડ, પૂર્વે માળવા અને દક્ષિણે મહીઅને ખંભાત અને લગભગ નર્મદાના કાંઠા સુધી પહોંચે છે. એના મુખ્ય પ્રાચીન નગરો; વડનગર, ચાંપાનેર, અણહિલવાડ પાટણ, કર્ણાવતી (હાલનું અમદાવાદ) અને ખંભાત.

(૨) **સૌરાષ્ટ્ર**–હાલનું કાઠિયાવાડ. એનાં મુખ્ય શહેરો; પંચાસર, વલ્લભી, જૂનાગઢ, પોરબંદર અને દ્વારકા.

(૩) **લાટ**–અશોકનું રાષ્ટ્ર, એ રાષ્ટ્રનો છેલ્લો ભાગ—એનાં મુખ્ય શહેર ભરૂચ વગેરે. એનો વિસ્તાર મહી અને નર્મદાથી માંડી દક્ષિણે દંડકારણ્ય અને નવસારી દમણ સુધી. એનું મુખ્ય બંદર સોપારા. એની દક્ષિણે કોંકણ અને અપરાંત એટલે કે અશોકના રાજ્યનો અપર એટલે કે બીજો પશ્ચિમનો અન્ત—છેડો. એની પૂર્વે રાષ્ટ્રકૂટ વંશનું મહારાજ્ય. ઉત્તરમાં એક વખતે એ મહારાજ્ય આનર્તની દક્ષિણની હદ સુધી એટલે કે નર્મદા કાંઠા સુધી પહોંચતું. આ ત્રણ પ્રદેશ મળીને થએલી ભૂમિની આસપાસના પડોશીઓ તે એક (૧) કચ્છ; જે લગભગ કાઠિયાવાડનો જ ભાગ ગણાય; (૨) **સૌવીર** આનર્તની ઉત્તરે. એના વીરપુરુષો માટે ઇતિહાસમાં હંમેશાં પંકાતો રહ્યો છે. એની મુખ્ય રાજધાની શ્રીમાળ યા ભિન્નમાળ. એ પ્રદેશ એક વખતે આનર્ત સાથે લગભગ ભળેલો હતો. (૩) પૂર્વે માળવા યા અવન્તી એ પશ્ચિમ અશોકના સામ્રાજ્ય-

---

× આ ભાગ વાચવામાં આવ્યો ન હતો, પણ જે વિદ્યાર્થીઓ માટે આ લેખ તૈયાર કરવામાં આવ્યો છે તેમને શિક્ષકોએ નકશો આગળ રાખીને તે સમયની ભૂગોળ આંખ આગળ તરતી કરવી જોઇએ.

ની રાજ્યધાની. અશોકના સામ્રાજ્યની પૂર્વ રાજ્યધાની પાટલિપુત્ર તેમ પશ્ચિમ રાજ્યધાની અવન્તી અથવા તો ઉજ્જયિની. એ સામ્રાજ્યની પ્રસિદ્ધ હદ. આસામથી જેટલું પાટલિપુત્ર દૂર, પશ્ચિમ સમુદ્રથી અવન્તી યા ઉજ્જયિની પણ એટલું જ દૂર; જેમ ખ્રિસ્તી યૂરોપના પૂર્વ વિભાગની રાજ્યધાની કૉન્સ્ટન્ટિનોપલ (ઇસ્તાંબુલ), અને પશ્ચિમના યૂરોપની રાજ્યધાની રોમ, તે જ પ્રમાણે. આ સર્વ ઉપર ગણાવેલા પ્રદેશોની હદ હંમેશાં આપણા દેશના પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસમાં હીંચકા ખાતી જ રહી છે.

[વસન્ત; વર્ષ ૩૭, અંક ૪, કાર્તિક–પૌષ; સં. ૧૯૯૫]

શ્રી. મુનશીનું સંસદ્‌માં ભાષણ

શ્રીયુત કન્હૈયાલાલ મુનશીનું 'સંસદ્' આગળનું વાર્ષિક વ્યાખ્યાન—ન્હાનામ્હોટાનો ભેદ બાજુ પર રાખીને બોલીએ—તો મહર્ષિ રાનડેના સોશ્યલ કોન્ફરન્સ આગળના વ્યાખ્યાન જેટલી જિજ્ઞાસા અને માનની લાગણીથી જોવાય છે. શ્રી. મુનશી હવે 'ગુજરાત અને ગુજરાતી'નાજ કાર્યક્ષેત્રમાં બંધાઈ રહ્યા નથી. એ હવે ભારતીય સાહિત્ય સાથે સંબન્ધ ધરાવે છે, અને તેથી એમની સાહિત્યદૃષ્ટિ પહેલાં કરતાં વિશાળ થઈ જણાય છે. આ વાત એમણે 'સંસદ્' આગળ આપેલા છેલ્લા ભાષણમાં સ્પષ્ટ જણાઇ આવે છે.

(૧) એ માનનીય વ્યાખ્યાનને અંગે શ્રી. મુનશીએ કહ્યું:—

'સંસ્કૃતના સામાન્ય તત્ત્વ ઉપર ભાર દેતાં હું જરાય શરમાતો કે ખંચાતો નથી. સાહિત્યની પ્રાંતીય વાણી આજે સંસ્કૃતમય છે અને તેને સંસ્કૃતમય રાખ્યા સિવાય સાહિત્યમાં સમૃદ્ધિ આવવાની નથી. જો મારે ઉચ્ચ આદર્શો ને ઊંડા વિચારો વ્યક્ત કરવા હોય, જો મારે રસસમૃદ્ધ શબ્દો વડે સર્જકતા ખીલવવી હોય તો મને સુગમ એવી સંસ્કૃત ભાષાનો ભંડાર મૂકી હું ક્યાં જાઉં? હું અંગ્રેજી શબ્દો વાપરું તો કેટલા સમજશે? હું અરબ્બી શબ્દો વાપરવા માટે પરશીયન કે અરબી ભાષા શીખવા જાઉં? જો સત્ય જ વસ્તુ જોઈએ અને કહીએ તો તે એક જ છે કે સંસ્કૃત ભાષાએ પ્રાંતીય ભાષાઓને જે સમૃદ્ધિ અને એકતા આપ્યાં છે તેના વડે જ રાષ્ટ્ર-

ભાષામાં પ્રગટેલા સાહિત્યમાં એકતા અને સમૃદ્ધિ આવશે, બીજી રીતે નહીં આવે.'

સમસ્ત ભારતનો અનુભવ થતાં શ્રી. મુનશીની દૃષ્ટિ વધારે વિશાળ થઈ છે એમ કહીએ તો અમો આશા રાખીએ છીએ કે શ્રી. મુનશી ખોટું નહિ લગાડે. હવે આ દૃષ્ટિએ યુનિવર્સિટિના અભ્યાસક્રમમાં, ભાવી ગૂજરાતી સાહિત્યકારોને માટે, સંસ્કૃતને સ્થાન ખરું કે નહિ એ પ્રશ્ન ફરી વિચારી જોવા અમે એમને વિનંતિ કરીએ છીએ *

(૨) વળી રા. મુનશી કહે છે: "દરેક ભાષાનાં બે સ્વરૂપ હોય છે; એક સ્વરૂપ જીવનના વ્યવહાર માટે હોય છે; બીજું સ્વરૂપ કલ્પનાવિલાસ અને વિચારને વ્યક્ત કરવા માટે. પહેલું સ્વરૂપ સર્વગમ્ય હોવું જોઇએ., બીજું સ્વરૂપ વિચાર અને ઉડ્ડયનોને વ્યક્ત કરે અને પોષે એવું હોવું જોઈએ. લોકગીતોની ભાષા વડે શિષ્ટ સાહિત્ય ન રચી શકાય, સોહિણી મેહારની ભાષાસમૃદ્ધિથી ગીતગોવિંદ ન લખાય. સર્વગમ્ય અને સરસતા મૂર્તિમાન કરનાર શિષ્ટ સાહિત્યની વચ્ચે જે ભેદ છે તે ભેદ લોકોપયોગી ભાષા વચ્ચે અને સરસતાના વાહનરૂપ ભાષા વચ્ચે છે—આર્યાવર્તનાં ગામડાંઓમાં દુષ્યંતના દુહાઓ બોલાતા હશે અને જેનું સંસ્કાર સ્વરૂપ મહાભારતમાં આપ્યું છે તેની વચ્ચે અને કાલિદાસના 'શાકુંતલ' વચ્ચે છે તે જ દુસ્તર ભેદ. શિષ્ટ સાહિત્ય અને તેની ભાષા એ બજારનો વિષય નથી. સામાન્ય જનતાને કદી એ સુગમ નહિ થાય. દરેક કારીગર તાજમહેલ ન બાંધી શકે. દરેક ગામડીઓ રહી શકે એવો તાજમહલ ન બંધાય. અને જો પ્રાંતીય ભાષા ને રાષ્ટ્રભાષાદ્વારા કલ્પનાના તાજમહેલો

---

* સુભાગ્યે યુનિવર્સિટિએ એના નવા અભ્યાસક્રમમાં સંસ્કૃતનું ગૌરવ કાયમ રાખ્યું છે, અને હવે અમે આશા રાખીએ છીએ કે શ્રી. મુનશી સંસ્કૃતને સહાયતા આપતા રહેશે.

બાંધવા હોય અને તેમનું સૌન્દર્ય હિંદભરમાં પૂજાતું કરવું હોય, તો સંસ્કૃત સાહિત્યના સુરમ્ય આરસપહાણની સામગ્રી વિના છૂટકો નથી."

આ કંડિકા પણ સુન્દર છે. સામાન્ય લોકોની ભાષા અને સાહિત્યની ભાષા વચ્ચે અમે હમેશાં ભેદ પાડતા આવ્યા છીએ, અને સામાન્ય લોકભાષા તરીકે જ હિન્દી કે હિન્દુસ્થાનીને રાષ્ટ્રભાષા બનાવી શકાય; સાહિત્યની ભાષા તરીકે તો હિન્દુસ્થાનની ને તે તે પ્રાન્તની ભાષાઓ ભિન્ન રહેવાનો જ અને રાખવાની.

[વસંત: વર્ષ–૩૫, અંક ૭–૯, શ્રાવણ–આશ્વિન સં. ૧૯૯૨]

કાવ્યમાં શબ્દબન્ધ

બીજું ભાષણ રાષ્ટ્રીય વિદ્યાપીઠના અધ્યાપક રામનારાયણ પાઠકનું હતું. એનો વિષય 'કાવ્યમાં વર્ણનું સ્થાન' એવો હતો. યદ્યપિ એમણે નિરૂપલો વર્ણનો મહિમા જાણીતો છે તથાપિ એનાં ઉદાહરણો એમણે એવાં સચોટ અને વિવિધતાભર્યાં આપ્યાં કે દોઢ કલાક શ્રોતાજનને એમણે ધ્યાનબદ્ધ રાખ્યા. એમનો ગૂજરાતી સાહિત્યનો પરિચય બહુ વિશાળ જણાયો, અને કાવ્યનો રસાસ્વાદ લેવાની એમની ઝીણી શક્તિ પદેપદે પ્રકટ થતી હતી. વ્યાખ્યાનકારે "અતિશય આનન્દ આપવાના હેતુથી ઉપાદાનમાં ભાવ સાકાર કરવો" એ કલાસામાન્યનું સ્વરૂપ જણાવી, કાવ્યમાં ઉપાદાન શબ્દ હોય છે અને શબ્દ એ શ્રાવ્ય છે તેથી જો કે અનુપ્રાસ, યમક, વગેરેને કાવ્યમાં સ્થાન છે, પણ મુરજબન્ધ-ખડ્ગબન્ધ વગેરે જે આલેખ્ય છે તેને ખરૂં જોતાં એ નથી એમ કહ્યું. આમાં નિગમન ખરૂં હોઈને પણ સાધન ખોટું છે એમ મને લાગે છે. સંસ્કૃતમાં કાવ્ય જે વિશાળ અર્થમાં લેવાય છે તેમાં નાટકનો પણ સમાવેશ છે, અને તેથી દૃશ્ય અને શ્રાવ્ય બંને એમાં આવે છે. આથી જ શબ્દની પેઠે અભિનય પણ રસબોધક બને છે. વળી જેમાં અમુક ધ્વનિનું અનુકરણ હોય તે પણ રસોદ્‍બોધક નથી, પણ એ ધ્વનિનું જેમાં સૂચન હોય એ જ રસ ઉપજાવે છે; જેમકે ગાય હાંકનાર ગોવાળીઆનો 'ડચડચ' શબ્દ કાવ્યની જ પંક્તિમાં ગૂંથવામાં આવે તો એમાં ચમત્કાર નથી, પણ અમુક વર્ણસમૂહ

એવો ગોઠવવામાં આવે કે જેમાંથી કોયલનો અવાજ કાને પડતો લાગે તો તેમાં રસ રહેલો છે. આ કહેવું બરાબર છે—પણ એમાં વાચ્યાર્થ અને વ્યંગ્યાર્થ વચ્ચે જેટલો ભેદ છે તેટલો જ વર્ણસમૂહના આ બે પ્રકાર વચ્ચે મને લાગે છે. 'ભોજનપ્રબન્ધ'ના પેલા કાલિદાસના શ્લોકમાં "ઠંઠંઠંઠં ઠઠંઠંઠઠંઠઃ પનિયારીને માથેથી પડી જતા બેડાની શબ્દાનુકૃતિ કાવ્યમાં અસ્થાને નથી. જોકે કોકિલ કે રાજહંસનો ધ્વનિ સૂચવતી વર્ણમાળા વધારે રસ ઊપજાવે છે. વ્યંજનની પેઠે સ્વર પણ અર્થને અનુગુણ થઈશકે છે; જેમકે "લાંબા લાંબા પંથ" એ પંકિતમાં 'લાંબા લાંબા' એમ ઉપરાઉપરિ આવતા દીર્ઘ આકારથી પંથનું લાંબાપણું બહુ અસરકારક રીતે સૂચવાય છે. આ સંબન્ધમાં વ્યાખ્યાનકારે વેદની ઋચાઓ પણ ઉદાહરણ તરીકે ટાંકી સંસ્કૃતમાંથી પ્રાકૃત અને દેશી ભાષામાં ઊતરતા શબ્દનો બન્ધ કેટલીક વાર શિથિલ થાય છે એ ઓજસ પ્રકટ કરવામાં પ્રતિકૂલ પડે છે એમ બતાવ્યું. વળી સારા અનુપ્રાસના દાખલામાં સ્વ. કાન્તની "પરિષદો છે પુરાણી પ્રથા આપણી" એ પંકિત ટાંકી અને ખરાબ અનુપ્રાસનો દાખલો આપતાં મમ્મટે આપેલો અધમ કાવ્યનો स्वच्छन्दोच्छलदच्छ० શ્લોક ટાંક્યો. બંને ઉદાહરણોમાં અમારો મત તદ્દન વિપરીત છે. "પરિષદો છે પુરાણી પ્રથા આપણી" એ નીરસ પંક્તિમાં પકારનો અનુપ્રાસ કાંઈ જ કામ કરતો નથી.

અને:—

न्दोच्छल–

/ \

स्वच्छ– दच्छ–

कच्छ–

कुहर–

च्छातेतराम्बुच्छटा–

—એ પંક્તિમાં અમે ગંગાને હિમાલય ઉપરથી પડતી, એક કરાડ ઉપરથી બીજી કરાડ ઉપર ઊતરતી, સાંભળીએ છીએ, જોઈએ છીએ. બેશક કવિ અનુપ્રાસના મોહથી છેવટે એટલા બધા ખેંચાઈ જાય છે કે 'उद्यदुदारदर्दुरदरी०' એમ માત્ર દકાર અને રકારનો અનુપ્રાસ લાવવા માટે ભવ્ય હિમાલયની ખીણોમાં દેડકાં કુદાવે છે! એ દોષ જ છે. ભાઈ રામનારાયણ પાઠકે અનુપ્રાસની કદર કરીને વર્તમાન કાવ્યપરીક્ષામાં અવગણના પામેલા એ તત્ત્વની યોગ્ય કિંમત કરી છે. અંગ્રેજીમાં સ્પેન્સર અને ટેનિસન આ કલા માટે પ્રખ્યાત છે અને હોમરના અનુવાદોમાં અર્થને અનુકૂલ સ્વર અને વ્યંજનના ઉપયોગ ઉપર એ મહાકવિના કાવ્યનો રસ આધાર રાખે છે એ જાણીતું છે. કાલિદાસે લઘુસ્વરના ઉપયોગથી એક પ્રસંગે કેવું અદ્ભુત કલાવિધાન રચ્યું છે એ જુવો:

"न खलु न खलु बाणः संनिपात्योऽयमस्मिन्
मृदुनि मृगशरीरे पुष्पराशाविवाग्निः ॥"

એ સ્થળે લઘુસ્વરમાળાથી આરંભાતા માલિનીવૃત્તને બદલે શાર્દૂલવિક્રીડિત કે સ્રગ્ધરાવૃત્ત યોજ્યું હોત તો તે ઔચિત્યની દૃષ્ટિએ અનુચિત થાત, કારણ કે એનો ઉચ્ચાર થતાં સુધીમાં બિચારૂં હરણું ક્યારનું એ બાણથી વીંધાઈ ચૂક્યું હોત!

વળી શબ્દબન્ધ ક્યાં સુશ્લિષ્ટ રાખવો અને ક્યાં શિથિલ રાખવો એનો વિવેક પણ કેટલાક સંસ્કૃત કવિઓએ બહુ ઉત્તમ રીતે જાળવ્યો છે:

क्षुद्राः संत्रासमेनं विजहितहरयः क्षुण्णशक्रेभकुम्भा
युष्मद्देहेषु लज्जां दधति परममी सायका निष्पतन्तः ।
सौमित्रे तिष्ठ मात्रं त्वमसि न हि रुषां नन्वहं मेघनादः
किंचिद्भ्रूभङ्गलीलानियमितजलधिं राममन्वेषयामि ॥

આ શ્લોકમાં સમાસ અને બન્ધની સુશ્લિષ્ટતા અને શિથિલતા તે તે ભાવ પ્રમાણે છે.

[વસન્તઃ વર્ષ ૨૪, અંક ૭, શ્રાવણ, સં. ૧૯૮૧]

દિ. બ. અંબાલાલ સાકરલાલની મુલાકાત

આજ સ્હવારે નદીની પાર ખેતરોમાં ફરતો ફરતે હું દિ. બ. અંબાલાલ સાકરલાલને બંગલે ગયો. એ વૃદ્ધ અને અનુભવી પુરુષ સંસારની અનેક વિષમતાના—બલ્કે સંકટના પ્રસંગોમાં પણ આત્માની શાન્તિ અને દેશહિતની લાગણી જાળવી રહ્યા છે, અને એમની વિચારશીલતા એવી સાધારણ છે કે કોઈ પણ વિષય ઉપર એમની સાથે દસ મિનિટ વાત કરવી એ કેળવણી સમાન છે.

એમના ટેબલ ઉપર એક લખેલી સ્લેટ પડી હતી, અને એમના પૌત્રોને મારાં જતાં પહેલાં પોતે કાંઈક શિક્ષણ આપી રહ્યા હતા એમ એ સ્લેટ ઉપરથી જણાતું હતું.

દિવાન બહાદુરઃ તમે અહીં ક્યાંથી?

મ્હેં કહ્યુંઃ હું ફરવા નીકળ્યો હતો; ફરતાં ફરતાં, આપના સમાગમનો દસ મિનિટ લાભ લેવાની ઈચ્છા થઈ, અને તેથી આવ્યો.

દિવાન બહાદુરે ખુશી બતાવી અને આજકાલ પોતે જે વ્યવસાયમાં પડ્યા છે—અર્થાત્ '**ગુજરાત કેળવણી મંડળી**' એ વિષે તુરત વાત શરૂ કરી. શરૂ કરતાં કરતાં કહ્યુંઃ તમે કાંઈ ખાસ વાત કરવા આવ્યા હો તો કહેજો. આપણે પહેલી એ વાત કરીશું.

મ્હેં ઉત્તર દીધોઃ હું એક સ્વાર્થ માટે આવ્યો છું; પણ તે આપ વાત શરૂ કરો છો તે કરી લ્યો, ત્યાર પછી છેવટે હું આપને કહીશ.

દિ. બ.: આપણી 'મંડળી'ના કાર્યસંબન્ધી તમારા શા વિચાર છે?

આ પ્રશ્ન એમણે મને વારંવાર પૂછેલો છે અને મ્હેં ઘણીવાર ઉત્તર આપેલો છે. પોતે સ્થાપેલી 'કેળવણી મંડળી'ના કાર્ય ઉપર એમનું એવું સતત લક્ષ્ય રહ્યાં કરે છે કે એ સંબન્ધી જે કાંઈ સૂચના મળે તે મેળવવા એમનો હમેશાં યત્ન હોય છે જ.

મ્હેં ઉત્તર દીધો: આપણે રાત્રિશાળા ઊઘાડી છે એ બહુ સારું કર્યું છે. દેશી ભાષાદ્વારા ઉચ્ચ શિક્ષણ આપનાર એક નમૂનેદાર શાળા આપણે ઊઘાડી શકીએ, પણ એ બહુદ્રવ્યસાધ્ય છે અને એની સફળતા અને ઇષ્ટિતા અત્યારે શંકાસ્પદ છે. અત્યારે તો રાત્રિશાળા જેવી ગરીબ અભણ વર્ગને ઉપયોગી થાય એવી શાળાઓ કાઢીએ તો બસ. અત્યારે આપણા પ્રયત્નો માત્ર 'supplementary'—કેળવણીખાતાને મદદ રૂપ—થવા જોઈએ. એક બીજું હું વારંવાર આપને કહ્યાં કરું છું: હાલ આપણે છૂટક છૂટક એક એક ભાષણ અપાવીએ છીએ તે ઠીક છે: 'બાલમરણ' કે 'શરીરસ્વાસ્થ્ય' ઉપરનાં ભાષણો નકામાં નથી—પણ મને એથી આપણી મંડળીનું ખરું કર્તવ્ય સધાતું હોય એમ લાગતું નથી. એમાં છૂટક છૂટક ભાષણને બદલે એક એક વિષય લઈ એની ઉપર એક set of lectures—say, six or eight lectures—(ભાષણ-માળા: દાખલા તરીકે છ આઠ ભાષણો) અપાવવાં જોઈએ—Ambulance (અકસ્માત્ વખતના ઇલાજો)નાં લેકચરો જેવાં—જેનો લાભ માત્ર ગૂજરાતી જ જાણનારાને નહિ પણ અંગ્રેજી જાણનારા-ઓને પણ થશે. છ ભાષણથી ફિઝિક્સ કે કેમિસ્ટ્રિનું બધું જ્ઞાન આવી જાય નહિ, પણ એટલાં ભાષણથી એવા એકાદ ખંડનું એટલું જ્ઞાન મેળવી શકાય કે જેથી કાંઇક આપણે જાણ્યું એમ થાય, અને એ વિષયમાં અધિક જાણવાનો આપણને રસ ઉપજે, અને પરિણામે અધિક જાણીએ. પરન્તુ આવાં ભાષણો અપાવવા માટે થોડુંક

નામનું—સોએક રૂપિયા જેટલું—પણ પારિતોષિક રાખ્યું હોય તો ઠીક. વર્ષમાં બે વખતે આવું ખર્ચ કર્યા વગર આપણે લોકને સંગીન લાભ આપી શકીશું નહિ.

દિ. બ.: પણ અત્યારે આપણી પાસે એટલા પૈસા આપવા જેટલી મૂડી ક્યાં છે?

મ્હેં ઉત્તર દીધો: હું જાણું છું કે નથી જ. અને અત્યારે આપણે કર્તવ્યમાં ચૂકીએ છીએ એમ મ્હારૂં કહેવું પણ નથી. પણ આપણે ધીમે ધીમે દ્રવ્ય એકઠું કરીને અમુક માર્ગે સેવા કરવી જોઈએ એટલું જ મ્હારૂં તાત્પર્ય છે, અત્યારે તો આપણે રાત્રીશાળાનું કામ ઊપાડ્યું છે તે ઠીક છે.

દિ. બ. : મોહનલાલભાઈ ડેપ્યુટિના દીકરા—રા. કૃષ્ણલાલ ઝવેરી—મને કહેતા હતા કે મુંબઈમાં રાત્રીશાળાઓ બહુ ફતેહમંદ નીવડી છે.

મ્હેં કહ્યું: ખરૂં છે. અને એ જ માર્ગે આપણો પ્રયત્ન સતત ચાલુ રહેવો જોઈએ. અમે કૉલેજમાં અભ્યાસ કરતા હતા, તે સમયમાં પ્રો. પાદશાહ (મિ. ટાટાના સેક્રેટરી બરજોરજી બાદશાહના ભાઈ, જે પછીથી બૅરિસ્ટર થયા હતા અને થોડાંક વર્ષ ઉપર ગુજરી ગયા) એમણે આપણા શહેરમાં રાત્રિશાળાઓ કાઢી હતી અને તે બહુ સારી ચાલતી હતી—પણ એમના ઈંગ્લંડ ગયા પછી એ બંધ થઈ ગઈ. આપણી મંડળીનું ફંડ સારૂં એકઠું થાય, અને તે પછી એનો ટ્રસ્ટ થઈ જાય—તો આપણે સ્થાપેલી શાળાઓની સ્થિરતા સંબન્ધી કાંઈ શંકા ન રહે.

દિ. બ. (ફંડ એકઠું કરવાના વિચારમાં ગૂંથાયા હોય એમ) : પૈસા આપનારા ઘણા છે, જો આપણે આપણા ન્હાના સર્કલની બહાર જઈ મેળવીએ તો. આપણા નવી કેળવણી પામેલા વર્ગે પોતાના સર્કલની બહાર—જૂના વર્ગમાં—હળવુંમળવું જોઈએ.

હું (વચમાં): કેળવાએલાઓની પણ કાંઈક અંશે એક ' 'caste' (નાત) બંધાઈ ગઈ છે.

દિ. બ.: ખરૂં છે. આપણે અંગ્રેજી અમલદારો વિષે ફરિયાદ કરીએ છીએ કે તેઓ આપણા લોકો સાથે ભળતા નથી. પણ આપણા કેળવાએલા વર્ગમાં પણ એ જ ખામી છે. એટલું ખરૂં કે વગર ભળે પણ—આપણા શિક્ષિત અને અશિક્ષિત વર્ગનું લોહી ને સંસાર એક છે, અને તેથી કેટલુંક વગર પ્રયાસે જાણી લેવાય છે. હું આપણા અજ્ઞાન અને જૂની ઢબના લોકથી છૂટા પડવું પસન્દ કરતો નથી, અને એ જ તમારા સુધારાવાળાઓ સામે મ્હારો વાંધો છે. બન્ધન તોડીને એકલા આઘા નાશી જવાથી સુધારો થવાનો નથી. પ્રથમ તો 'common ideas'—એક જ વિચાર—કરવા જોઈએ.

હું વચમાં: પણ સાહેબ આપને નથી લાગતું કે 'ideas' અને 'કૃતિ' એક બીજા ઉપર 'act' અને 're-act'—પરસ્પર અસર કરે છે, અને એ રીતે ગડમથલ ચાલ્યાં જ કરે છે? બાહ્ય અને આન્તર્નો એવો સંબન્ધ છે કે હું અત્રે આવ્યો અને આપની સાથે વાતચીત કરી તો બાહ્ય કૃતિની મ્હારાં અન્તર્માં અસર થઈ?

દિ. બ.: બેશક, 'ideas' અને 'institutions' વચ્ચે 'Interaction' થાય છે, પણ માત્ર પશ્ચિમનું જોઈને આપણું તોડી નાખવું એ બરાબર નથી. આપણો ઉદ્દેશ શો છે, આપણે ક્યાં જવું છે, એ વિષે આપણા જનમંડળના વિચારમાં એકતા થવી જોઈએ.

મ્હેં કહ્યું: હું પણ એ વાતમાં તો આપની સાથે મળું છું,

દિ. બ.: આપણે કેળવણીની વાત કરતા હતા ત્યાં આવીએ. સરકાર કેળવણી આપે છે તે ઠીક છે. પણ આપણે ખરેખર કેવી કેળવણીની જરૂર છે એના દૃષ્ટાન્તરૂપ એક શાળા તો થવી જોઈએ.

મ્હેં રવીન્દ્રનાથ ટાગોરની બોલપુરની શાળાનું સ્મરણ આપ્યું.

દિ. બ.: મને એ શાળાના અભ્યાસક્રમની માહિતી નથી. પણ આર્યસમાજીઓના ગુરુકુલ વિષે કેટલુંક જાણ્યું

મ્હેં કહ્યું : પણ આ તરેહના યત્નોમાં હમેશાં એક મુશ્કેલી આવીને ઊભી રહે છે: આ વિદ્યાર્થીઓનું કરવું શું?

દિ, બ. : આ વીસ લાખ આર્યો (આર્ય સમાજિસ્ટો) છે, તેઓ સ્વદેશી બૅન્કો અને કારખાનાંઓ વગેરે કાઢે, અને એમાં એમના વિદ્યાર્થીઓ ધન્ધે લાગે.

હું : પણ સાહેબ એકલા આર્ય સમાજિસ્ટો ઉપર આખા દેશના કાર્યનો ભાર નાખી શકાય? આર્ય સમાજિસ્ટો એવાં કેટલાં ખાતાં કાઢે? એ તો 'naturally' ઉત્પન્ન થાય તો જ પહોંચી વળાય.

દિ. બ.: ' natural ' ની વ્યાખ્યા કરવી કઠણ છે.

હું : —હું ' natura'l થી આ સ્થળે શું કહેવા માગું છું એ આપને સ્પષ્ટ કરૂં. દેશમાં ''self-consciousness '—સ્વાત્મભાન આવે અને એને પરિણામે પ્રજા એક તરફ જેમ પોતાને જોઈતી કેળવણી ઉત્પન્ન કરે, તેમ બીજી તરફ એવાં સ્વદેશી કારખાનાંઓ પણ એની મેળે—અર્થાત્ એ કેળવણીની સંસ્થાઓ રચનારને હાથે નહિ, પણ મ્હેં કહી તેવી ' self-conciousness ' ને પરિણામે —ઉત્પન્ન થાય, ત્યારે જ એ કેળવણીના વિદ્યાર્થીઓ ઠેકાણે પડે. બાકી અત્યારે તો, સરકારી કેળવણીના ચક્રમાં ગોઠવાઈ ન જાય એવી કોઈ પણ કેળવણીની સંસ્થા ફતેહમંદ નીવડવાનો સંભવ નથી. દૃષ્ટાન્તરૂપે કદાચ થોડીક શાળાઓ બની શકે, પણ તે અપવાદરૂપ જ રહે: એને ''universalize ' કરી ન શકાય.

દિ. બ. : પણ આપણી રાત્રિશાળામાં તો એ વાંધો આવનાર નથી. આપણે તો એ મજૂર વર્ગ જે શીખવા માગે તે શીખવીશું. તેની સાથે ' Hygiene ' આરોગ્ય વગેરે જરૂરની બાબતો થોડી થોડી ભેળવતા જઈશું. પણ એક વાત ધ્યાનમાં રાખીશું કે એમની જરૂરીઆતો જેવી એ જાણે તેવી આપણે ન જાણીએ. સરકારી કેળવણીમાં એ ઉપર લક્ષ્ય અપાતું નથી એ એક મ્હોટી ખામી છે. બીજી એક ખામી એ લાગે છે કે દેશી ભાષા ખીલવવાના તરફ એમાં

કોઈનું લક્ષ્ય જ નથી. આપણી અદાલતોમાં જ્યાં સુધી અંગ્રેજીમાં જ ભાષણ કરવાનો રિવાજ ચાલે ત્યાં સુધી આપણે ત્યાં એસ્કિવથ અને કાર્સન જેવા વકીલ વક્તાઓ શી રીતે ઉત્પન્ન થાય? બીજી ભાષામાં બોલ્યા કરવાથી, માતૃભાષામાં શબ્દોની આસપાસ જે 'associations' વળગણો—બંધાવા જોઈએ તે બંધાતાં નથી.

હું: આપનું કહેવું યથાર્થ છે. પણ આ સંબન્ધમાં એક બાબત વિચારવા જેવી છે. માતૃભાષાદ્વારા કેળવણી આપવાના પ્રશ્નમાં તો થોડોક જ મતભેદ છે. પણ અંગ્રેજી કેળવણી વિના એકલી માતૃભાષાની કેળવણી હાલના સમયમાં ચાલે? હિન્દુસ્થાનના જુદા જુદા પ્રાંતોમાં એકતા શી રીતે આવવાની? એ એકતાને બળે જ—અત્યારે લોકમતનું માન પડે છે. કેટલાક સુધારા થઈ શકે છે, અને સ્વદેશી કારખાનાં વગેરે સ્થાપી ફતેહમંદ કરી શકાય છે.

દિ. બ.: એ ખરૂં પણ ગૂજરાતી ભાષા તદ્દન લુપ્ત થઈને આખા હિન્દુસ્થાનની એક ભાષા થશે એમ મારી કલ્પનામાં આવતું નથી. આપણી ગરબીઓમાં જે ખૂબી છે તે બીજી કયી ભાષામાં છે? અને તે લુપ્ત કેમ થવા દેવાય? હું તો આ વિષયમાં 'Federation'—અનેકના એકત્રપણા—નું ધોરણ માનું છું.

હું: હું પણ આપ સાથે એ બાબતમાં મળું છું. આપણા દેશની વિવિધ ભાષાઓને લુપ્ત થવા ન જ દેવાય. અનન્ત ભવિષ્યમાં અમુક જ થશે અને અમુક નહિ થાય એમ કહેવું અશક્ય છે, પણ અત્યારે આપણી કલ્પના પહોંચે છે ત્યાં સુધી તો આપણી ભાષાઓ રહેવાની અને રહે એ જ ઇષ્ટ છે, અને તે સારી રીતે કેળવાવી જોઇએ.

આટલી વાત કરી—"કેળવણી મંડળ"ની એક રજીસ્ટર્ડ ઑફિસ કરવી તથા ક્લાર્ક નીમવો વગેરે બાબત તથા એક બીજી રાત્રીશાળા ઉઘાડવી એ બાબત કેટલીક વાતચીત કરી.

પછી દિવાન બહાદુરે કહ્યું: હવે તમારે જે વાત કરવાની હતી તે કહો.

મ્હેં કહ્યું : મારી વાત મારા સ્વાર્થની છે. **આપના સમયનાં થોડાંક ‘Reminiscences’ (સંસ્મરણો) ‘વસન્ત’ માટે ન લખો ?**—આપના સમયની કેળવણી, સંસારસુધારો, તથા એના નેતા પુરુષો સંબન્ધી આપ થોડાંક સ્મરણો આપો, તો તેથી ગૂજરાતને ઘણો લાભ થાય. એક વાત આપે મને કહેલી તે મને યાદ છે: આપ હવે શ્રમ લઈ લખી શકો એમ નથી, પણ આપ કાંઈ વખતોવખત લખાવો નહિ ?

દિ. બ. : બધા વિચાર એકઠા કરી લખતાં જરા શ્રમ પડે. પણ તમે પૂછો તેના ઉત્તર આપું.

દિવાન બહાદુર પોતે પોતાના સમય વિષે લખે એથી જેવું પૂર્ણ ચિત્ર નજર આગળ દોરાય, તેવું એમના સમય વિષે કાંઈ જ ન જાણનારાના છૂટાછવાયા પ્રશ્નોથી ન જ દોરાય. અને તેમાં પણ, તે સમયના ઐતિહાસિક પુસ્તકોનાં સાધનથી પ્રશ્નમાળા રચી હોય, અને એ ઉપર ઉત્તર લેવાયા હોય, તો કદાચ સારી માહિતી મળે. પણ તે માટે પણ હું પહેલેથી તૈયાર થઈને ગયો ન હતો. તેથી સમયસૂચકતા રાખી મ્હેં વિચાર કર્યો કે ‘A bird in hand is worth two in the bush’ ‘अल्पस्य हेतोर्बहुहातुमिच्छन्’ અલ્પની ખાતર બહુને છોડી દે એ માણુસ હમેશાં મૂર્ખ જ નથી—કેટલીકવાર એમ કરવામાં જ ડહાપણ રહેલું હોય છે. ભવિષ્યમાં દિવાન બહાદુર કાંઈ લખશે અગર લખાવશે એ આશા ઉપર રહ્યા કરતાં અત્યારે પ્રશ્ન પૂછવાનું મને કહે છે તો તે પૂછું; અને કાંઈક જાણું એ જ સારૂં છે.

પ્રશ્ન : આપના સમયમાં શિક્ષાગુરુઓ કેવા હતા? કેળવણીનાં સાધન શાં શાં હતાં? એ આપવાની પદ્ધતિ કેવી હતી?

દિ. બ. : અમારા વખતમાં અહીંની અંગ્રેજી સ્કૂલના હેડમાસ્ટર મિ. કર્ટિસ હતા, અને મોનિટર સિસ્ટમ ચાલતી. આગળ પડતા, ઉપલા વર્ગના વિદ્યાર્થીઓને નીચલા વર્ગ શીખવવાનું કેટલુંક કામ સોંપવામાં આવતું.

હું : 'મૉનિટર સિસ્ટમ' એક વાર ઈંગ્લંડમાં પણ ચાલતી, તે હવે પસંદ થતી નથી.

દિ. બ. : વિદ્યાર્થીઓની 'character'—નીતિ—ઘડવામાં એ લાભકારક ગણાતી નથી તેથી તે હવે બંધ થઈ છે.

હું : પણ એથી મૉનિટરને એક ફાયદો થતો હશે. એમનું પોતાનું જ્ઞાન વધારે ચોક્કસ અને ચોખ્ખું થતું હશે ?

દિ. બ. : બેશક; બીજાને શીખવવાથી આપણું પોતાનું જ્ઞાન વધારે સારૂં થાય છે. એક બાળકના પ્રશ્ન ઉપરથી પણ કેટલીક વાર આપણને નવું દૃષ્ટિબિન્દુ સૂઝે છે. તમારા ડૉ. ભાંડારકર તો કહેતા કે મ્હારૂં ઘણુંખરૂં જ્ઞાન શીખવતાં શીખવતાં મ્હેં મેળવ્યું છે. બીજું, વિદ્યાર્થી વિદ્યાર્થીની—સરખી ઉમ્મરનાની—મુશ્કેલીઓ સારી સમઝે છે.

હું વચમાં—ખરૂં; મ્હોટા શિક્ષકે બાળકની ભૂમિકા ઉપર કૃત્રિમ રીતે ઊતરવું પડે છે. તેમ મૉનિટર તરીકે કામ કરવાના માસિક પાંચ રૂપીઆ મળતા. એડ્યુકેશન તો માત્ર ઈંગ્લંડમાં જ મોંઘું છે. હમણાં જર્મનીની કેળવણી સંબન્ધી હું એક પુસ્તક વાંચતો હતો—ત્યાં શિક્ષકોના પગાર બહુ થોડા છે.

હું : પણ એકંદર વિચાર કરતાં અત્યારે આપણે મૉનિટરની પદ્ધતિ ભાગ્યે જ પસંદ કરીએ. 'Primitive' અને કેળવણીની 'initial stages' (આરંભ ભૂમિકા–પહેલાં પહેલાં)નું એ લક્ષણ લાગે છે.

દિ. બ. : એમ તો ખરૂં. તે વખતના શિક્ષક પણ 'scholar' (વિદ્વાન) નહિ. કર્ટિસ સાહેબ એક ગરીબ માબાપના પુત્ર હતા, અને 'Christ Hospital' નામની ગરીબ વિદ્યાર્થીઓની શાળામાં શીખ્યા હતા. સુરતમાં એક સાર્જન્ટ drummer (લશ્કરી પડઘમચી) અંગ્રેજી શીખવતો. આ લોકો મહેનતુ સારા હતા. બહુ વિદ્વાન નહિ, પણ હમેશાં તરજુમા કરાવવા વગેરે કામ બહુ ખંતથી કરતા.

પ્રશ્ન : તરજુમા અંગ્રેજીમાંથી ગુજરાતી, અને ગૂજરાતીમાંથી અંગ્રેજી એમ બે, કે એક જ ?

દિ. બહાદુર : બંને. કર્ટિસ સાહેબને ગૂજરાતી આવડતું હતું. ત્રીજી વારે ગૂજરાતી પરીક્ષામાં એ પાસ થયા હતા, અને ત્યાં સુધી એમનો પગાર વધ્યો નહોતો. એ અંગ્રેજી અક્ષર બહુ સારા લખતા.

પ્રશ્ન : આપના વખતમાં અંગ્રેજી સ્કૂલમાં શાં શાં પુસ્તકો ચાલતાં?

દિ. બ. : મૅકક્લોક (Mac Culloch) નામના એક સ્કૉચની કરેલી વાચનમાળા ચાલતી. શરૂઆતના અધિકારીઓ સ્કૉચ હતા, અને કેળવણીખાતામાં પણ સ્કૉચનું જોર હતું. હાવર્ડ પછી જ ઑક્સ-ફર્ડના ગ્રેડ્યુએટો તો આવવા લાગ્યા. એક મૅકક્લોકની વાચનમાળામાં સારા સારા અંગ્રેજી ગ્રન્થકારોના ઊતારા હતા, અને તે સાથે સાયન્સની પણ કેટલીક હકીકત જેમકે 'કલર' (રંગ)ની મૂળ જાત અને એમાં મિશ્રણ વગેરે હકીકત આપેલી હતી. ૧૮૬૧–૬૨ માં હાવર્ડ સાહેબે સીરિઝ લખી, પણ તે બહુ 'happy' (સુરેખ) ન થઈ.

પ્રશ્ન : મૅકક્લોકની સીરીઝ તો હાલની રૉયલ રીડર્સ જેવી હશે એમ આપના વર્ણન ઉપરથી સમઝાય છે. આપના વખતમાં સાયન્સનું શિક્ષણ ખરૂં કે નહિ?

દિ. બ. : વાચનમાળામાં આવે એટલું જ.

પ્રશ્ન : પણ બે રંગ લઈ એનું મિશ્રણ કરી કોઈ બતાવે ખરૂં?

દિ. બ. : ના, એ રીતના પ્રયોગ કરી શીખવવાનું તો છેક '૭૫–૭૭ પછી થયું. સેમ્યુઅલ હુક પાસે પીલ* સાહેબે સાયન્સની ચોપડીઓ લખાવી, જુદીજુદી હાઈસ્કૂલમાંથી એક એક શિક્ષકને સેમ્યુઅલ હુક પાસે મોકલી સાયન્સનું શિક્ષણ અપાવ્યું, અને એ રીતે નિશાળોમાં સાયન્સ શીખવવાની શરૂઆત થઈ. આપણી આ (અમદાવાદ) હાઈસ્કૂલમાંથી ડાહ્યાભાઈ જાગીરદારને મોકલ્યા હતા.

પ્રશ્ન : આપના વખતમાં સંસ્કૃત શિક્ષણ કેવું?

દિ. બ. : મારા વખતમાં અમદાવાદ હાઈસ્કૂલમાં તો સંસ્કૃત

---

* સર જેમ્સ પીલ કેટલોક વખત કેળવણીખાતાના ડિરેક્ટર થયા હતા.

શીખવાતું જ નહિ. હું ગૂજરાતી લઈને મૅટ્રિક પાસ થયો હતો. પછી થોડું લૅટિન કર્યું અને પછી સંસ્કૃત.

દિ. બ. લૅટિન શીખ્યા હશે એ મ્હેં પહેલવહેલું જ જાણ્યું અને તેથી આશ્ચર્ય પામી મ્હેં પૂછ્યું: લૅટિન કેમ ?

દિ. બ. (જરા સ્મિત સાથે) : અમારા વખતમાં નવેમ્બર-ડીસેમ્બરમાં મૅટ્રિકની પરીક્ષા થઈ જતી અને માર્ચમાં સ્કૉલરશિપ પરીક્ષા થતી. ત્રણ ચાર મહિના મળ્યા એટલામાં મ્હેં એ પરીક્ષા જેટલું લૅટિન કરી લીધું અને એમાં હું પહેલે નંબરે પાસ થયો. લૅટિન સહેલું છે. સંસ્કૃત જેવું અટપટું નથી. 'લૅટિન થ્રૂ ઇંગ્લિશ' નામનું એક પુસ્તક અને બીજું થોડુંક વાંચવું પડતું. માર્ચ પછી મ્હેં સંસ્કૃત કરવા માંડ્યું. તે વખતે તુરત જ ડૉ. ભાંડારકરની પહેલી ચોપડી બહાર પડી હતી. સેકન્ડ બુક તો બહુ મોડી તૈયાર થઈ. તેલંગ સંસ્કૃત લઈને મૅટ્રિક પાસ થયા હતા. એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં સંસ્કૃત શીખવાતું હતું. દાક્તર ભાલચન્દ્રના બાપ કૃષ્ણશાસ્ત્રી ભાટવડેકર શીખવતા.

પ્રશ્ન: ડૉ. ભાંડારકરનું પુસ્તક નહોતું—ત્યારે પ્રાચીન વ્યાકરણ-દ્વારા શીખવતા હશે ?

દિ. બ. : હા; જૂની પદ્ધતિએ. થોડું વ્યાકરણ શીખવે અને તે સાથે કાવ્ય વંચાવે—વગેરે પરચુરણ ચાલતું.

પ્રશ્ન: આપના વખતમાં સંસ્કૃત હાલના કરતાં સહેલું કે કઠણ ?

દિ. બ. : હાલ મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં બહુ સહેલું પૂછે છે. એવું સહેલું તો પહેલાં નહિ.

હું વચમાં—અમારા વખતમાં પણ આવું સહેલું નહિ. ઉપલી પરીક્ષામાં કેવું ?

દિ. બ. : સહેલું નહિ. જગન્નાથ શંકરશેઠ વગેરે ઈનામો અને સ્કૉલરશિપો થઈ ત્યારથી તો કઠણ. ડૉ. કીલહૉર્ન અને ડૉ. વિલ્સન અમારા ભગવાનદાસ માર્કેતા પરીક્ષક હતા.

પ્રશ્ન: ડૉ. કીલહૉર્ન તો સારા સ્કૉલર હતા એ હું જાણું છું. પણ ડૉ. વિલ્સન કેવા ?

દિ. બ. : એ સ્કૉલર નહિ, પણ પરચુરણ સંસ્કૃત બહુ વાંચેલું.

પ્રશ્ન : સેકન્ડરિ એડ્યુકેશનમાંથી આપણે કૉલેજના એડ્યુકેશનમાં ચઢી ગયા. સેકન્ડરિ એડ્યુકેશન સંબન્ધી એક બે વાત આપ કહો તો પૂછી લઉં.

દિ. બ. : ખુશીથી.

પ્રશ્ન : આપના વખતમાં ઇતિહાસ–ભૂગોળનું શિક્ષણ કેવું ?

દિ. બ. : ભૂગોળમાં માત્ર 'location' (નકશામાં સ્થળ)—અમુક ક્યાં આવ્યું એ જ જાણવાનું.

પ્રશ્ન : હાલ કમર્સ્યલ જ્યૉગ્રૉફિ (વ્યાપારી ભૂગોળ) શીખવે છે તેવું કાંઈ નહિ ?

દિ. બ. : કાંઈ નહિ.

હું વચમાં : હાલ પણ ઘઉં, રૂ, તેલનાં બીઆં વગેરે પદાર્થોના લિસ્ટમાંથી અમુક અમુક ચીજો વારંવાર આવે છે તે ઉપરથી છોકરાઓ પરીક્ષામાં ઘણીવાર બેત્રણ નામ આશારે ગણાવી જાય છે ! કમર્સ્યલ જ્યૉગ્રૉફિ ખરેખર રીતે શીખવાતી નથી—તેમ એ વિષયનો ખરો ઉપયોગ પણ મ્હોટી ઉમ્મરે છે, એટલે કેટલુંક ગોખણ ચાલે છે. હવે સાહેબ, ઇતિહાસની બાબતમાં કેમ ?

દિ. બ. : મૅટ્રિકમાં અમારે એક 'Universal History' અને ચાર ઈતિહાસ તૈયાર કરવાના હતા: હિન્દુસ્થાન, ઇંગ્લંડ, ગ્રીસ અને રોમ.

હું ચકિત થઇને: એટલું બધું શી રીતે તૈયાર થતું ?

દિ. બ. : એમાંથી જે જાણવા જેવું હોય તે ગૂજરાતીમાં શિક્ષક ઘણીવાર સમઝાવતા; ને મૅટ્રિક ક્લાસમાં તેના દરરોજ પાઠ હતા. Expression ની power થોડી આવતી, પણ એથી જાણવા જેવું યાદ રહી જતું. બાકી કેટલુંક સાલ વગેરે વાંચીને

તૈયાર પણ કરવું પડતું. પરીક્ષા હોય તેમાં કેટલુંક 'cram' તો કરવું પડે જ.

મ્હેં કબૂલ કર્યું. વિશેષ વાત ચલાવતાં, મ્હેં પૂછ્યું: આપ તો આપના વર્ગમાં top boy હતા; પણ સામાન્ય વિદ્યાર્થીઓ આ બધું શિક્ષણ લઈ શકતા ?

દિ. બ. : લેતા. અમારા શિક્ષકો બહુ વિદ્વાન નહિ પણ 'earnest' હતા.

હું : They loved their work (તેઓને પોતાના કામ ઉપર પ્રીતિ હતી.)

દિ. બ. : Just so (એમ જ).

હું : પણ સાહેબ, તે સાથે તે વખતની કેળવણી ફતેહમંદ નીવડવાનાં મને બે કારણો લાગે છે: એક તો અંગ્રેજી શિક્ષણ નવીન હોઈ એમાં શિક્ષકોનો તેમ જ વિદ્યાર્થીઓનો રસ હતો; બીજું, વિદ્યાર્થીઓને ભણીને સારે દરજ્જે ચઢવાની અને પૈસા કમાવાની સારી આશા હતી. તેથી ભણતરમાં એમનો ઉત્સાહ સારો રહેતો. આજ તો ફર્સ્ટ ક્લાસ વિદ્યાર્થીઓને માટે પણ ભવિષ્ય મુશીબતવાળું છે, અને તેથી નિરાશાની છાપ એમના મગજ ઉપર સતત પડેલી જ રહે છે.

દિ. બ. : તમારૂં કહેવું ખરૂં છે. ભણીને શું કરીશું એ સવાલ અમારા વખતમાં નહોતો. તેમ તમે કહો છો તે નવીનતા પણ ઉત્સાહનું કારણ ખરૂં.

હું : પણ એ જમાનાના વિદ્યાર્થીઓને એટલો ન્યાય કરવો જોઈએ કે—તેઓને કુટુમ્બ તરફની વ્યાવહારિક પ્રતિકૂળતાઓ થોડી નહોતી. ભણવાનું ખર્ચ માબાપ આપવા નારાજ હતાં, અને વિદ્યાર્થી મોનિટરનું કામ કરીને અગર એવી બીજી કોઈ રીતે મહેનત કરીને નિશાળનું ખર્ચ કાઢતા—એમ મ્હેં મારા મામા પાસેથી સાંભળ્યું છે. (મારા મામાને દિ. બ. ઓળખતા હતા.)

દિ. બ. : એ ખરૂં છે. અમારા વખતના વિદ્યાર્થીઓ જાતમહેનતથી અને કષ્ટ વેઠીને ભણતા.

પ્રશ્ન : આપના વખતમાં સાહેબ, એક એક વર્ષે ધોરણ ચઢાવતા કે એક વર્ષમાં બે ધોરણ કરી શકાતાં ?

દિ. બ. : મ્હેં એક વર્ષમાં બે ધોરણ એટલે બે ચોપડીઓ કરી હતી. આગળ ભણવાની ચોપડી ઉપરથી વર્ગ ઓળખાતા. ધોરણ પાછળથી ૧૮૬૨-૬૩ થી થયાં છે. અમારા વખતમાં પણ સામાન્ય નિયમ તો એક વર્ષમાં એક ચોપડી કરવાનો જ. અમારા વખતમાં દરેક વિદ્યાર્થીના મનમાં એટલું ખરૂં કે જે ભણીએ તે પાકું ભણીએ. માબાપને પણ એમ કે મારો છોકરો પાકું ભણે તો સારૂં. શિક્ષકો પણ 'character' વાળા—ઊંચી નીતિવાળા હતા.

પ્રશ્ન : કેવી તરેહની નીતિ ?

દિ. બ. : સત્ય બોલવું અને સત્ય આચરવું. હું જૂઠું નહિ બોલું અને જૂઠું નહિ આચરૂં એમ એમનો નિશ્ચય ખરો. એના પ્રત્યક્ષ દાખલા બન્યા છે. ભોગીલાલભાઈ—ભોગીલાલ પ્રાણજીવનદાસ પ્રથમ અહીંની સ્કૂલમાં હેડમાસ્ટર હતા. ૧૮૬૪-૬૫ માં એક બૅન્ક નીકળી એમાં એમને અને એક બીજા ગૃહસ્થને (એ ડેપ્યુટિ કલેકટર હતા એમનું નામ આપવાની જરૂર નથી) સારા પગારની નોકરી મળવાની હતી—પેલા ગૃહસ્થે શરીરે કામ કરવાને અશક્ત છું એવું ખોટું 'ઇન્વેલિડ સર્ટિફિકેટ' (અશક્તિનું સર્ટિફિકેટ) મેળવી પેન્શન લીધું અને બૅન્કમાં જોડાયા. ભોગીલાલભાઈએ કહ્યું : હું કામ કરવાને શક્તિમાન છું છતાં નથી એમ નહિ કહું—ભલે મને પેન્શન ન મળે. પછી રાજીનામું આપી પેન્શનનું નુકસાન વેઠીને બૅન્કમાં દાખલ થયા, પણ જૂઠું ન જ બોલ્યા. બૅન્ક તૂટ્યા પછી એ ભૂજ ગયા હતા, અને ત્યાંથી કર્નલ બાર સાહેબ એમને વડોદરે લાવ્યા હતા.

પ્રશ્ન : આપના વખતમાં ગૂજરાતી નિશાળો કેવી ?

દિ. બ. : ગૂજરાતી નિશાળમાં એક મહેતાજી અને એક શિક્ષક—નિશાળો મહેતાજીના નામથી ઓળખાતી. તમારા નાગરો બધા તુળજારામ મહેતાજીની નિશાળે ભણેલા. બીજી એક લાલભાઈ રૂપરામની નિશાળ હતી, એવી બધી મળીને—અમદાવાદમાં—ચાર નિશાળો હતી.

પ્રશ્ન : તે વખતે 'Pedagogy'—શિક્ષણશાસ્ત્રનું ટ્રેનિંગ ખરૂં કે ?

દિ. બ. : નહિ જ. માત્ર મુંબાઈમાં એક 'નૉર્મલ સ્કૂલ' હતી. અત્રે પહેલી એક નૉર્મલ ક્લાસ રા. લાલભાઈ રૂપરામને ગુરુ ઠરાવી કાઢી, આશરે ૧૮૫૮–૫૯ માં. પછીથી મહીપતરામભાઈને એ શિક્ષણ લેવા વિલાયત મોકલ્યા હતા.

હું : હું જાણું છું તે પ્રમાણે ઇંગ્લંડમાં પણ એ જમાનામાં 'Pedagogy'ની શરૂઆત જ હતી: દરેક નવો પ્રયોગ કૉન્ટિનન્ટ ઉપર એકવાર થઈ જાય ત્યાર પછી ઇંગ્લંડ એને સ્વીકારે છે.

દિ. બ. : અંગ્રેજો બહુ 'practical' (વ્યવહારૂ) છે.

પ્રશ્ન : સાહેબ, આ બધી વાત ઉપરથી હું એટલો સાર કાઢું છું કે તે સમયમાં શિક્ષણ છેક આરંભદશાનું જ, અત્યારે એ ન ચાલે. પણ આપ કહો છો તે 'earnestness', બીજું નવીનતા, અને ત્રીજું આશા—એ ત્રણ કારણોથી એ ફતેહમંદ નીવડ્યું.

દિ. બ. : એમ જ.

પ્રશ્ન : હવે, સાહેબ, હું ઉચ્ચ શિક્ષણ—કૉલેજના શિક્ષણ ઉપર આવું. વિદ્યાર્થીઓના જે ગુણો આપે કહ્યા તે તો કૉલેજમાં પણ ખરા; એટલે એ સંબન્ધી હું બહુ પૂછતો નથી. આપના વખતના પ્રોફેસરો કેવા ?

દિ. બ. : મહેનતુ ખરા. વિદ્વાન પણ ખરા. ૧૮૬૧–૬૨ પછી સર ઍલેક્ઝાન્ડર ગ્રૅન્ટ વગેરે ઑક્સફર્ડના ઍગ્રેજો આવવા લાગ્યા. તેમાં કેટલાકે ઇંગ્લાંડમાં પણ સારી પ્રતિષ્ઠા મેળવી.

હું : સર ઍલેકઝાંડર ગ્રેન્ટે 'Aristotle's Nicomachaean Ethics' એડિટ કર્યું છે તે હજી પણ 'supersede' થયું નથી.

દિ. બ. : હાવર્ડ તે વખતે ડિરેક્ટર હતા—એ પોતે સારા વિદ્વાન હતા. પણ નોકરી છોડી હાઈકોર્ટમાં બૅરિસ્ટર તરીકે પ્રેક્ટિસ કરવા લાગ્યા. નોકરી છોડતી વખતે એમણે કહ્યું હતું કે સર ઍલેકઝાંડર મારા કરતાં પણ વધારે વિદ્વાન છે. હાવર્ડ, મુંબાઈ અને પૂના વચ્ચે ઘાટમાં બે ટ્રેઈનો અથડાઈ તેમાં મરણ પામ્યા. ઓવન કરીને એક 'મૉડર્ન હિસ્ટરિ'ના પ્રોફેસર હતા તે પણ સારા વિદ્વાન હતા—પછી ઑાક્સફર્ડમાં નીમાયા હતા, અને થોડાક વખત ઉપર જ મરણ પામ્યા છે. એ તમારું સૂત્ર-શૈલીનું લખાણ પસંદ કરતા. કૉમ્પોઝિશનમાં એક શબ્દ વધારે પડ્યો હોય તો તે કાઢી નાંખે. દરેકે દરેક શબ્દ justify—જરૂરનો છે એમ સિદ્ધ કરી આપવું પડે.

મ્હેં વચમાં ઊમેર્યું—એ વખતમાં સર એડવિન આર્નોલ્ડ, કીલહોર્ન, બૂલર વગેરે પણ સારા થઈ ગયા. પણ તેમાંના કેટલાક તો બહુ જ થોડો વખત અત્રે રહી ગયા. આપણે સર ઍલેકઝાંડર, સર એડવિન વગેરેનાં વખાણ કરીએ છીએ, પણ તે લાંબું રહ્યા નથી.

દિ. બ. : ઘણાખરા 'discontented' (અસન્તુષ્ટ) થઇને ગયા. ઉત્સાહથી આવ્યા, પણ સિવિલિયનના જેટલો અધિકાર નહિ, પગાર નહિ વગેરે કારણથી અસન્તુષ્ટ થઈ થોડો થોડો વખત રહી ચાલ્યા ગયા. પ્રો. વર્ડ્ઝવર્થ આવ્યા ત્યારે સાધારણ હતા, પણ એકાન્તવાસી હતા અને બહુ વાંચતા—તેથી પાછળથી પંકાયા. સૌ મહેનતુ ખરા.

હું : મહેનત તો, સાહેબ, હાલ જે પ્રોફેસરો આવે છે તે થોડી નથી કરતા. અમારા વખતના પ્રોફેસરો વધારે સારા હતા એમ સર ફિરોજશાહ વગેરે તરફથી વારંવાર કહેવામાં આવે છે તેથી—લોક-મતના ભયથી—હાલના પ્રોફેસરો પણ સારા મહેનત

દિ. બઃ પણ એક લોકમતના ભયથી, અને બીજા પોતાની મેળે, એ ભેદ થોડો છે ?

હું: પણ, સાહેબ, હાલના સ્ટાફમાં પણ બેઈન ફ્રેઝર× વગેરે કેટલાક ઇંગ્લંડની કૉલેજોમાં પણ માન પામેલા અને વિદ્વત્તાના કારણથી ત્યાંના ફેલો થએલા—એવા છે.

દિ. બ. : તે હશે.

પ્રશ્નઃ સાહેબ, ડૉ. ભાંડારકર આપના વખતમાં ફેલો હશે. અને તે પછી દક્ષિણમાં હેડમાસ્ટર થયા, અને ડૉ, બૂલર સંસ્કૃતના પ્રોફેસર હતા તે વખતે એ ઍસિસ્ટન્ટ હતા. એમને ડૉ. બૂલરનો લાભ નહિ મળ્યો હોય ?

દિ. બ. : મુખ્ય તો સરકારે એમને ભંડાર તપાસવાના કામ ઉપર મોકલ્યા તેમાં એ કામ શીખ્યા. આર્કિઑલૉજિમાં એ સારા થયા.

હું: ઘણા જ 'accurate' અને 'critical' : એ ગુણ મ્હેં એમનામાં જોયા છે. અંગ્રેજીની બહુ ખૂબી નહિ, પણ બીજો માણસ સો પાનામાં લખે તે ડૉક્ટર ભાંડારકરનાં પચીસ પાનાંમાં ભરેલું હોય. આર્કિઑલૉજિમાં એમણે એમના એક પુત્ર દેવદત્તને બહુ સારા કેળવ્યા છે. આખું કુટુમ્બ સાચું, સીધું અને કેળવણીમાં લાગેલું છે.

દિ. બ. : સુધારક તરીકે પણ ભાંડારકર બહુ honest છે.

દિવાન બહાદુરનો મ્હેં બહુ વખત લીધો, અને તડકો બહુ ચઢી જતો હતો તેથી મ્હેં મ્હારા પ્રશ્નો હવે સંકેલવા માંડ્યા. પણ એક પ્રશ્ન જરૂરનો લાગવાથી છેવટે પૂછ્યોઃ

પ્રશ્ન : આપના સમયમાં સ્વદેશાભિમાન તો પુષ્કળ ?

દિ. બ. જરા શંકાગ્રસ્ત જણાયા. તેથી મ્હેં જ આગળ વાત ચલાવી.

× આ ગૃહસ્થ વિષે ડૉ. ભાંડારકરનાં સ્મરણ 'એલ્ફિન્સ્ટોનિયન'માં થોડા વખત ઉપર પ્રસિદ્ધ થયાં હતાં. તેના ઉપર મેં 'વસન્ત'માં એક પ્રાસંગિક નોંધ લખી છે.

પ્રશ્ન : મારા દેશમાં સુધારો કરું એમ તો દરેકને ખરું ને ?

દિ. બ. : ઘણે ભાગે તો છૂટ લેવી એટલું જ હતું અને એના દુર્ગુણો પણ પુષ્કળ હતા.

મ્હેં ઊમેર્યું : એ વાત તો હું પણ બહુ નિઃશંક પ્રમાણને આધારે જાણું છું.

પ્રશ્ન: પણ સાહેબ, સ્વદેશી હુન્નરની આપણે આજ જે વાતો કરીએ છીએ તેનો આરંભ એ વખતના લોકોએ કર્યો હતો. આપણા ગામમાં એક સ્વદેશી કારીગરીને ઉત્તેજન આપનારી મંડળી હતી અને એમાં સ્વદેશી માલ વેચાતો. એમાં ભોળાનાથભાઈ મુખ્ય હતા અને મ્હારા પિતા પણ એમાં હતા એમ મને કાંઈક સ્મરણ છે.

દિ. બ. : પણ એ તો ૧૯૭૦-૭૫ નાં વર્ષોમાં. તમને ૭૦—૭૫ નો વખત જૂનો લાગે છે. પણ અમને એ નવો લાગે છે. એ દેશી કારીગરીની હિલચાલ તો પૂનામાં રાનડેએ કરી અને તે ઉપરથી અમદાવાદમાં થઈ. રાનડે પહેલેથી 'protection' ના મતના હતા.

દિવાન બહાદુર સાધારણ રીતે કાંઈ પણ મ્હોટા નામથી સ્તબ્ધ બને એવા નથી, પણ રાનડેનું નામ ઉચ્ચારતાંની સાથે, એમના મુખ ઉપર એ મહાપુરુષ માટે માનની મુદ્રા જણાવા લાગી, અને મ્હારું હૃદય પણ એ મહાપુરુષનો આ દેશ ઉપર થએલો ઉપકાર હજાર વખત જાણ્યા છતાં, એકવાર વધારે, માન અને ઉપકારથી ઊભરાવા લાગ્યું ! નીચે અવાજે ચાર શબ્દોનો એક સાદો પ્રશ્ન પૂછ્યો:

પ્રશ્ન: રાનડે સંબન્ધી કાંઈ કહેશો ?

દિ. બ. : ડૉકટર ભાંડારકર ઉત્પન્ન કરી શકાય: પણ રાનડે ઉત્પન્ન કરી ન શકાય.

મ્હેં ઊમેર્યું : સાહેબ, ભૂતકાળની આસપાસ આપણા મનમાં હમેશાં એક 'halo' રહે છે, અને એ સંબન્ધી અતિશયોક્તિ પણ સાંભળીએ છીએ. પણ થોડાંક વર્ષ ઉપર એલ્ફિન્સ્ટન કૉલેજમાં

રાનડેએ ફેલો તરીકે જે કામ કરેલું અને પુસ્તકો વાંચેલાં તેનું વર્ણન અને ટીપ પ્રસિદ્ધ થયાં હતાં; એ લેખી પ્રમાણ માન્યા વિના કેમ ચાલે ?

દિ. બ. : 'Sociology'—વિશાળ અર્થમાં, જેના પેટામાં History, Economics વગેરે વિષયો આવે છે—એમાં એમણે ઘણું વાંચેલું હતું. અને બુદ્ધિ પણ બહુ જ વિશાળ અને સ્વદેશાભિમાન પણ એવું જ. રાનડે જેવા પુરુષ ઉત્પન્ન કરવા કઠણ.

આ મહાપુરુષના નામસ્મરણ સાથે અમે અમારી વાતચીત પૂરી કરી અને મ્હેં દિવાન બહાદુરની રજા લીધી. મ્હેં આરંભમાં જ કહ્યું છે તેમ—એક વાતચીત—અને તે પણ સાધનની તૈયારી વિનાની વાતચીત—દિવાન બહાદુરના પોતાના હાથના લેખની ગરજ સારે એમ નથી. તોપણ એથી મને ઘણું જાણવાનું મળ્યું છે—અને મ્હારી આ નોંધ 'વસન્ત'ના વાચકને કાંઇક અંશે પણ ઉપયોગી થશે એમ ધારી —દિવાન બહાદુરની પરવાનગીથી× પ્રસિદ્ધ થવા મોકલું છું.

[વસન્તઃ વર્ષ ૧૩, અંક ૪, વૈશાખ, સં. ૧૯૭૦]

× દિવાન બહાદુરે આ વાતચીતનાં પ્રૂફ જોઇ જવા કૃપા કરી છે.

ઇતિહાસનું તત્ત્વચિન્તન

" ઇતિહાસની આરસી સાહી, મેં જોયું માંહી,
થિર થાવર દીઠું ન કાંઈ, ફરતી છે છાંઈ."

આ રા. નવલરામની પ્રસિદ્ધ પંક્તિઓમાંથી 'ઇતિહાસની આરસી' એ શબ્દો લઈ, એ મથાળા નીચે મ્હેં ઘણાં વર્ષો ઉપર જગતના ઇતિહાસ ઉપર નિબન્ધ લખવાનો શરૂ કર્યો હતો. એના બે ચાર ખંડ લખ્યા પણ હતા. પરંતુ આગળ ચાલતાં મને થયું કે 'ઇતિહાસની આરસી' એ રૂપક જ મ્હેં ખોટું લીધું છે. અને આ ભૂલના ભાનથી મન્દોત્સાહ થઈ મ્હેં મ્હારો નિબન્ધ અધૂરો જ છોડી દીધો. એ રૂપક ખોટું એવી રીતે છે કે—ઇતિહાસ તે માત્ર અસ્થિર પદાર્થોની ફરતી છાંય ગ્રહણ કરનારી આરસી જ નથી. જગતના પદાર્થોનો નિઃસત્ત્વ અને નશ્વર સ્વભાવ જણાવવા માટે આ રૂપક ઠીક છે, પણ ઇતિહાસમાં જે ગંભીર અર્થવત્તા અને કાર્યકારણભાવની ઘટના રહેલી છે તે એ વડે બિલકુલ સૂચવાતી નથી.

ઇતિહાસ એ અસંબદ્ધ બનાવોની નોંધપોથી નથી. જેમ પ્રકૃતિના બનાવો કાર્યકારણના મહાનિયમથી બંધાએલા છે, તેમ મનુષ્ય–ઇતિહાસના બનાવો પણ એ જ નિયમને વશ છે. પ્રકૃતિ કરતાં મનુષ્ય જેટલો વિશેષ અદ્ભુત છે અને એનું માનસિક બંધારણ વિશેષ દુર્ગમ છે, તેટલી એની કૃતિઓ વિશેષ ચમત્કારક અને ગૂઢ દેખાય

છે—પણ વસ્તુતઃ એ કાર્યકારણના નિયમની બહાર નથી. એ નિયમ ઉકેલવો ગમે તેટલો કઠણ હોય, પણ વસ્તુસ્થિતિમાં એ નિયમ પ્રવર્તે છે એમાં સંશય નથી. તો પછી એ નિયમ શો છે એ શોધવાની—એની ગહનતાથી જરા પણ પરાસ્ત ન થતાં શોધવાની—આપણી ફરજ છે.

૧. આ શોધને અંગે એક મત એવો પ્રદર્શિત કરવામાં આવ્યો છે કે મનુષ્યઇતિહાસ તે માત્ર જગત્‌ના **મહાન પુરુષોનાં જીવનચરિત્રોનો** સમુદાય છે. આ મત બહુ સામર્થ્યથી વિક્ટોરિયન યુગના મહાન ગદ્યલેખક કાર્લાઈલે પ્રતિપાદન કર્યો હતો. મહાન પુરુષો પોતાના યુગ ઉપર જે પ્રબળ અસર કરી જાય છે, તેમજ ભવિષ્યના ઇતિહાસનાં જે બીજ રોપી જાય છે—તે ઉપર નજર કરતાં ઇતિહાસનાં સ્વરૂપનો આ ખુલાસો બરાબર છે. પણ જરા ઊંડા ઊતરીને જોતાં આ ખુલાસો, અર્ધસત્યરૂપ હોઈ, પૂર્ણ સન્તોષ ઉપજાવતો નથી. જ્વાળામુખી પર્વત ફાટે છે અને ચોતરફની ભૂમિ ઉપર અસર કરે છે, ત્યારે એ અસરના કારણરૂપે જ્વાળામુખી પર્વતને જ બતાવવો એ સંતોષકારક નથી. પર્વતો જ્વાળામુખી શી રીતે થાય છે, એનો અગ્નિ ક્યાંથી આવે છે; ઇત્યાદિ કારણપરંપરામાં પાછળ જવાની જરૂર છે—અને એમ પાછળ દૃષ્ટિ નાંખીએ છીએ ત્યારે જ્વાળામુખી પર્વત એ કારણ મટી માત્ર દ્વારરૂપ સમઝાય છે. તેજ પ્રમાણે મહાન પુરુષો એમના અને એમની પછીના યુગ ઉપર અસર કરે છે એ ખરું છે; પણ તેઓ પોતે ભૂતકાળના પુત્રો અને વર્તમાનકાળના બન્ધુઓ છે. મહાનમાં મહાન પુરુષ પણ એના જમાનાથી સર્વથા સ્વતન્ત્ર હોતો નથીઃ પુત્ર પિતા કરતાં ચઢી જાય અને પિતાનો પરાભવ કરે તોપણ પિતાનાં અંગ અને હૃદય એનાં અંગ અને હૃદયમાં રહેલાં હોય છે; અને એક બન્ધુ બીજા બન્ધુ કરતાં શારીરિક અને માનસિક પરાક્રમમાં ભિન્ન પડે, તો પણ એકકુટુમ્બીપણાનાં કેટલાંક તત્ત્વો એમના જીવનમાં સ્પષ્ટ પારખી શકાય છે. એટલું જ નહિ પણ મહાન પુરુષોના જીવન—

ચરિત્રની બહાર રહેલી પ્રકૃતિની વિવિધ શક્તિઓ પણ ઇતિહાસ ઉપર પુષ્કળ અસર કરે છે. માટે ઇતિહાસનો મહાન પુરુષોના જીવનચરિત્રરૂપે જ ખુલાસો કરવો એ કાર્યકારણની પરંપરામાં અધૂરૂં અન્વેષણ છે એટલું જ નહિ, પણ ખંડકારણને સમગ્રકારણ રૂપે સ્થાપી દેવાનો બીજો દોષ પણ એમાં રહેલો છે.

૨. હવે, આ મતથી તદ્દન ઉલટો બીજો મત એવો છે કે—ભૂમિરચના વગેરે આસપાસની જડ પ્રકૃતિ એ ઇતિહાસનાં તાળાં ઊઘાડવાની ખરી કૂંચી છે. આ કૂંચી ગઈ સદીના ઉત્તરાર્ધમાં પ્રસિદ્ધ ઇતિહાસચિન્તક બકલે બતાવી હતી, જુદા જુદા દેશનો બહુ વિગતવાર પૂરાવો આપીને એણે એમ સાબીત કરવા પ્રયત્ન કર્યો હતો કે ભૂમિરચના અને આબોહવાથી તે તે દેશની પ્રજાના ગુણો બંધાય છે; એટલું જ નહિ, પણ એ વડે એમના ધાર્મિક વિચારો, એમની સાહિત્યની કલ્પનાઓ, એમની રાજકીય સંસ્થાઓ અને એમના સાંસારિક રિવાજો—ઇત્યાદિ મનુષ્યસુધારાનાં સર્વ અંગો ઘડાય છે, બકલના આ વિચારને+ મળતો વિચાર બીજરૂપે

+ બકલના કારણચિન્તનમાં જડ—ભૌતિક—પ્રકૃતિ પ્રધાન સ્થાન ભોગવે છે તેથી આ એના મતનું સામાન્ય સ્વરૂપ માનવામાં આવે છે. પણ વસ્તુતઃ એ પોતે જ એના પુસ્તકમાં કહે છે કે જડ પ્રકૃતિને જીતી જવાનું મનુષ્યબુદ્ધિનું સામર્થ્ય છે, અને તે યૂરોપના સુધારામાં સ્પષ્ટ જોવામાં આવે છેઃ—

"The advance of European civlization is charactrized by a diminishing influence of physical laws and an increasing influence of mental laws.'

"The measure of civilization is the triumph of the mind over external agents. It becomes clear that of the two classes of laws which regulate progress of mankind, the mental class is more important than the physical."

એમની પહેલાં અઢી હજાર વર્ષ ઉપર ઇરાનના બાદશાહ સાઇરસે દર્શાવ્યો હતો. એકવાર સાઇરસ પાસે એના અમીરોએ આવીને કહ્યું: "મહારાજ! આપણું રાજ્ય ઘણું વિસ્તર્યું છે, અને આપણા ઇરાન કરતાં વધારે ફળદ્રુપ દેશ પણ આપણા તાબામાં છે. તો હવે આપણે આ કઠણ ભૂમિ છોડી વધારે રસાળ દેશમાં જઈને વસીએ. આપણી રાજધાની હવે એવે જ સ્થળે શોભે." આ સૂચનાના ઉત્તરમાં સાઇરસે કહ્યું: "અમીરો! તમારે એ રસાળ દેશમાં વસવા જવું હોય તો ભલે જાઓ. પણ અત્યારે તમે બીજા ઉપર રાજ્ય કરો છો તેને બદલે બીજા તમારા ઉપર રાજ્ય કરે તો તે માટે તૈયાર થઈ રહેજો. એક જ જમીનમાં રસીલાં ફળ અને બહાદુર પુરુષો બંને નીપજે એમ કદી બનતું નથી."

હવે. ખરૂં જોતાં મનુષ્યના શારીરિક અને માનસિક ગુણો ઉપર, અને તે દ્વારા જનસમાજની સંસ્થાઓ વગેરે ઉપર, ભૂમિ અને આબોહવાની અસર કેટલેક અંશે થાય છે. પરતુ એ કારણ અને એ કાર્ય એક બીજા સાથે એવાં જડાએલાં છે કે અમુક જાતની ભૂમિ અને હવા હોય ત્યાં અમુક જ ગુણ અને સ્વભાવના લોક ઉત્પન્ન થાય, અને જ્યા એ ગુણ અને સ્વભાવ જોવામાં આવે ત્યાં અમુક જ જાતની ભૂમિ અને હવા હોવાં જોઈએ—એવો નિયમ બાંધી શકાતો નથી. બકલના સિદ્ધાન્ત સામે એક સ્થળે પ્રસંગોપાત્ત ચેસ્ટર્ટન નામે એક વર્તમાન અંગ્રેજ લેખકે ઉઠાવેલો વાંધો ખરો છે કે:—

"It may be that the Highlanders are poetical because they inhabit mountains; but are the Swiss prosaic because they inhabit mountains? It may be the Swiss have fought for freedom, because they had hills; did the Dutch fight for freedom because they had not?"

આમ બનવાનું ખરૂં કારણ એમ છે કે ચૈતન્ય એ દૈશિક ઉપાધિથી પર છે—જડ પ્રકૃતિના સામા વ્હેણે તરવાનું એનામાં સામર્થ્ય છે, અને તેથી પ્રકૃતિના જડ નિયમોથી ચૈતન્યના વિલાસનો ખુલાસો કરવો અશક્ય છે.

૩. વળી એક મત એવો છે કે—મનુષ્યનો ઇતિહાસ એની સામાજિક, રાજકીય વગેરે **સંસ્થાઓથી** જ નિર્માય છે. બેશક આ સંસ્થાઓ એની ઉન્નતિમાં ઉપકારક કે અપકારક થાય, અને તેથી એનો ઇતિહાસ ઘડાય. પણ એ ઇતિહાસ એ સંસ્થાઓનું જ પરિણામ છે એમ માનીએ તો એમાં—એ સંસ્થાઓ પોતે જ મનુષ્યની કૃતિ છે અને તે અમુક બાહ્ય અને આન્તર જરૂરિયાતો પૂરી પાડવા માટે ઉત્પન્ન થાય છે એ વાતનું વિસ્મરણ રહેલું છે. તાત્પર્ય કે—સંસ્થાઓને કારણરૂપે માનવામાં વસ્તુતઃ મનુષ્ય પોતે જ કારણરૂપ ઠરે છે; એટલું જ નહિ, પણ એ સંસ્થાઓ અમુક પરિસ્થિતિને અનુકૂલ થવા માટે ઉત્પન્ન થાય છે એટલે એ પરિસ્થિતિ તે એ સંસ્થાઓનું કારણ બને છે. અર્થાત્, ઇતિહાસ સંસ્થાઓમાંથી ફલિત થવાને બદલે, સંસ્થાઓ પોતે જ ઇતિહાસમાંથી ફલિત થતી દેખાય છે. સંસ્થા અને ઇતિહાસના સંબન્ધની આ વિચારણા અર્થહીન વાક્ચાતુરી નથી. આમાં એક તાત્ત્વિક મતભેદ રહેલો છે, અને એણે જગત્ના વિચાર અને આચારના ઇતિહાસ ઉપર ભારે અસર કરેલી છે. ઉદાહરણ તરીકે—રૂસોનું એવું માનવું હતું કે મનુષ્યે જે કૃત્રિમ સંસ્થાઓ ઉપજાવી છે તે જ એનાં સર્વ દુઃખનું નિદાન છે, માટે એ સંસ્થાઓ તોડી પાડો અને પ્રકૃતિના મૂળ સ્વરૂપને અનુસરો—એટલે સઘળાં સારાં વાનાં થશે. રૂસોના અંગ્રેજી અનુયાયીઓ જે આટલે સુધી જતા ન હતા—અર્થાત્ સંસ્થાઓ તોડી નાંખો એમ કહેતા ન હતા—તે એટલું તો કહેતા હતા કે કાયદાઓ અને સંસ્થાઓ સુધારો એટલે મનુષ્ય સુખી થશે. અર્થાત્ સર્વ કલ્યાણની કૂંચી કાયદાના અને સંસ્થાના સુધારામાં રહેલી એમને પ્રતીત થતી હતી. બેન્થામ મિલ વિગેરે સુધારકો આ મતના હતા,

૪. હવે આથી વિરુદ્ધ સ્પેન્સર વગેરે તત્ત્વચિન્તકોનો એવો મત હતો કે દરેક સંસ્થા મનુષ્યની **પરિસ્થિતિ** અને **જરૂરિયાતને** અનુસરીને ઉત્પન્ન થાય છે, અને તે ઉત્પન્ન થતી વખતે સારી જ હોય છે. નવી પરિસ્થિતિમાં અને નવી જરૂરિયાતો પૂરી પાડવા માટે નવી સંસ્થાની જરૂર પડે છે, અને તે ઉત્પન્ન થવામાં જૂની સંસ્થા થોડો વખત કદાચ વિઘ્નરૂપ રહે છે, પણ પરિણામે એ નાશ પામી નવીન સંસ્થાઓને માટે જગ્યા કરે છે જ. આ રીતે જોતાં, સંસ્થાઓ નહિ, પણ મનુષ્યના જીવનકલહમાં વિવિધ કાળે અને વિવિધ સ્થળે જે વિવિધ જરૂરિયાતો ઉત્પન્ન થાય છે તે જ એના ઇતિહાસનું—વર્તમાન અને ભવિષ્ય સ્વરૂપ ઘડવામાં—ખરું કારણ છે. આ મતભેદ આપણા દેશના વર્તમાન વિચારમાં પણ પ્રતિબિમ્બ પામેલો જોશો: એક વખત એવો હતો કે જ્યારે સુધારકો હિન્દુસ્થાનની જ્ઞાતિઓ અને ધાર્મિક સંસ્થાઓને પેટભરૂ બ્રાહ્મણોએ ઉત્પન્ન કરેલી માનતા, અને એનો ઉચ્છેદ કરો એટલે "ફતેહ છે આગે' એવી ખાતરી આપતા. અત્યારે વિચારવંત પુરુષોનો એવો મત થયો છે કે એ સંસ્થાઓ વર્તમાન સમયે ભલે નકામી હો,—પણ એક વખતે જન-સમાજની ઉન્નતિમાં એ કામની હતી, એટલા માટે જ ઉત્પન્ન થઈ હતી—અને પ્રકૃતિમાં જેમ અસત્‌માંથી સત્‌ ઊપજાવી શકાતું નથી તેમ જૂની સંસ્થાઓનો પણ ઉચ્છેદ યાને લોપ કરી નવી સંસ્થાઓ—પાટી ઉપર નવા અક્ષરની માફક—ઉત્પન્ન કરવી અશક્ય છે.

૫. આમ સંસ્થાઓની પાર જઈ પરિસ્થિતિને કારણ માનવી ઠીક છે. પરંતુ તે સામે એક વાત ભૂલવી જોઈતી નથી; મનુષ્ય કાંઈ માટીનો લોચો નથી કે એને કાલચક્ર ઉપર ચઢાવી, અગર હાથે ટપલા મારી, ફાવે તેવો આકાર પરિસ્થિતિ આપી શકે. પરિસ્થિતિ કાંઈ, પૃથ્વીની આસપાસ વાતાવરણ વીંટાઈ રહ્યું છે તેમ, મનુષ્યની આસપાસ વીંટાઈને જ રહેતી નથી. એ તો—વૃક્ષમાં જેમ જળ વાયુ અને તેજ વગેરે બાહ્યના પદાર્થો અંદર પેસીને વૃક્ષનું જીવન

નિર્મે છે, તેમ મનુષ્યની અંદર દાખલ થઈને એના જીવન ઉપર અસર કરે છે. અને એવી રીતે **જીવનસ્થિતિ** ઉત્પન્ન થાય છે તેને આપણે મનુષ્યસુધારો કહીએ છીએ. તાત્પર્ય કે ભૂમિરચના, આબોહવા, જીવનની જરૂરિયાતો વગેરે ગમે તે કારણે મનુષ્ય ઉપર અસર કરતાં હોય, પણ એ અસરમાંથી જે જીવનસ્થિતિ ઉત્પન્ન થાય છે તેના ઉપર પ્રજાના ભવિષ્યનો આધાર છે. ગૃહ–દ્રવ્ય–રાજ્ય –સાહિત્ય–કલા–ફિલસૂફી વગેરે જે જે મનુષ્યસુધારાનાં તત્ત્વો ઉત્પન્ન થાય છે એનું ભવિષ્ય—અર્થાત્ ઇતિહાસ ઘડવામાં સમર્થ ભાગ લે છે. પણ અનેક તત્ત્વોથી સંકુલ એવા મનુષ્યસુધારામાં કયા તત્ત્વનું પ્રાધાન્ય રહે છે એ નક્કી કરવા જતાં અનેક મતભેદ ઉપજે છે. કોઈ કહે છે કે પ્રજાની **રાજકીય** સ્થિતિ એના ઇતિહાસ ઉપર સૌથી વધારે અસર છે. કોઈ **આર્થિક** સ્થિતિને મહત્ત્વ આપે છે. કોઈ એની **સામાજિક** સ્થિતિને વિશેષ ગણે છે. કોઈ એ સમાજનો પાયો ગૃહ છે એમ માની, **ગૃહ** અને કુટુમ્બની વ્યવસ્થાને આગળ કરે છે. ઇત્યાદિ અનેક મતભેદ ચાલે છે. તેમાંના દરેકના ગુણદોષ સવિસ્તર તપાસીએ એટલો અહીં અવકાશ નથી, તથાપિ એનું કાંઈક કાંઈક—અતીવ અલ્પ—દિગ્દર્શન કરીને સન્તોષ માનીશું.

(૧) જેઓ પ્રજાના ઇતિહાસમાં **રાજકીય** સ્થિતિને પ્રાધાન્ય આપે છે તેઓની દલીલ તો સ્પષ્ટ છે. રાજાની સત્તા, પ્રજાની સત્તા, મન્ત્રીની સત્તા, રાજ્યના કાયદા, રાજ્યનો આશ્રય, રાજ્યનો પ્રતિબન્ધ, તેમજ પરરાજ્ય સાથે સન્ધિ–વિગ્રહ વગેરેને લઈ ઉત્પન્ન થતી સ્થિતિ, ઇત્યાદિ બાબતો દેશના જીવન ઉપર પ્રબળ અસર કરે છે એની કોઈથી ના પાડી શકાશે નહિ. ઉત્તમ રાજકીય બન્ધારણથી ઇંગ્લંડ સઘળી સુધરેલી પ્રજાઓમાં આગળ પડતું થઈ ગયું, અને સુધારામાં એક વખતે આગળ વધેલો આપણો દેશ રાજકીય અન્ધાધુન્ધીથી પાછળ પડી ગયો એ બે અન્વય અને વ્યતિરેકનાં

ઉદાહરણો મનુષ્યની ઉન્નતિમાં રાજકીય સ્થિતિનું કેવું મ્હોટું સ્થાન છે એ બતાવવા માટે બસ છે. ધર્મની રક્ષા રાજ્ય કરે છે; દ્રવ્યની ઉત્પત્તિ અને વિનિમય રાજ્યના છત્ર નીચે અને રાજ્યના કાયદા મુજબ થાય છે; રાજ્યવહીવટમાં ભાગ લેતી પ્રજા સ્વાતન્ત્ર્ય અને સ્વાત્મમાનની વૃત્તિ સમઝે છે—ઈત્યાદિ જોતાં પ્રજાના જીવન સાથે રાજ્યનો સંબન્ધ ઊઘાડો છે. પરંતુ તે ઉપરાંત સુધારાના આદિ—કાળમાં જ્યારે ધર્મની જ અસર પ્રબળ ગણાય છે ત્યારે પણ રાજકીય સ્થિતિ ધર્મ ઉપર કેવી અસર કરે છે તેનું એક ઉદાહરણ એ છે કે—જ્યારે ન્હાની ન્હાની જાતિઓ એકઠી મળીને એક પ્રજા બને છે ત્યારે દરેક જાતિના જુદા જુદા દેવો મળી એક દેવમંડળ થાય છે, અને તેમાં એક જાતિ વધારે પ્રબળ હોય છે તો એ અનેક દેવમાં એક દેવ મુખ્ય ગણાય છે, અને જતે દહાડે એ સર્વ જાતિઓ તદ્દન એક થઇ જાય છે ત્યારે ન્હાના ન્હાના દેવ લોપાઈ એ મુખ્ય દેવ તે એક જ દેવરૂપે—એક ઇશ્વરરૂપે—મનાવા લાગે છે. આમ પ્રજાના ધાર્મિક વિચારો પણ રાજકીય સ્થિતિથી ઘડાય છે

(૨) પ્રજાના જીવનમાં રાજકીય સ્થિતિના મહિમાની વાત ઠીક છે. પણ વસ્તુતઃ, રાજકીય બળ પણ ધન વિના નકામું છે. દેશનું **આર્થિક** બળ કેટલા મહત્ત્વનું છે એ સમઝવું હોય તો વર્તમાન કાળના જગત્ ઉપર દૃષ્ટિ નાખોઃ દરેક પ્રજાને પોતાનું રાજકીય બળ ટકાવી રાખવા માટે જળ અને સ્થળનાં સૈન્ય ઉપર કરોડો રૂપિયાનું ખર્ચ કરવું પડે છે, એ આર્થિક બળ વિના અશક્ય છે. વળી રાજ્યના પરસ્પર સંબન્ધોમાં પણ પોતપોતાના વ્યાપારનું હિત કેમ સાચવવું અને નવી કમાણી માટે નવા દેશો કેમ વસાવવા એ જ ઉદ્દેશ પ્રધાનપણે રહે છે. દેશના અન્દરની રાજ્યવ્યવસ્થા જોશો તો તેમાં પણ રાજ્યવહીવટની સત્તા જુદાજુદા દ્રવ્યવિભાગને અનુસરે છેઃ જેમકે, જમીનદાર અમીરો, મિલો, બેન્કો અને અન્ય વ્યાપારી મંડળો, ... વગેરે

વિવિધ કારખાનાંના મજૂરો ઇત્યાદિ પ્રજાના આર્થિક વર્ગો ઉપર રાજ્યનું બન્ધારણ રચાય છે. આ રીતે વર્તમાન યુગમાં જગતની સર્વ મ્હોટી પ્રજાઓમાં આર્થિક સ્થિતિ એ રાજકીય સ્થિતિનો પ્રાણ છે, અને જગતનો ઇતિહાસ ઘડવામાં એ એક મહાન બળવાળી શક્તિ થઈ પડી છે—એમ કહીએ તો ચાલે. અત્યારે જે વાત વધારે ઉત્કટ રૂપમાં જણાઈ આવે છે તે ભૂતકાળમાં પણ વસ્તુતઃ પ્રવર્તતી હતી જ. જેમ વ્યક્તિનું જીવન એના ઉદરનિર્વાહ ઉપર ટકી રહે છે અને તેથી ઉદરનિર્વાહનાં સાધનો અને યોજનાઓ એ એના જીવનમાં આધારભૂત છે, તેમ જનસમાજનું જીવન પણ એની આર્થિક સ્થિતિ ઉપર—એટલે કે અર્થ કમાવાની અને વાપરવાની શક્તિ અને યોજના ઉપર—આધાર રાખે છે.

(૩) પણ પ્રજાની આર્થિક ઉન્નતિ સારી **સામાજિક** સ્થિતિ વિના બનવી અશક્ય છે. જનસમાજના વિવિધ અવયવો એક બીજા સાથે યોગ્ય રીતે સંકળાઈ પોતાનું કર્તવ્ય કરે, ત્યારે જ એની આર્થિક સ્થિતિ પણ સુધરે. એક વાવે, અને બીજો લણે—એ ન્યાયે સમાજની વ્યવસ્થા કરવામાં આવે તો તે કદી પણ ફતેહમન્દ થાય નહિ. પ્રાચીન કાળમાં ગ્રીસ અને રોમમાં ગુલામો પાસે કામ લેવામાં આવતું, તેથી પ્રજાના આર્થિક બળને નુકસાન હતું. સ્વતન્ત્રતા સિવાય અને સ્વહિતની લાગણી સિવાય કામમાં જીવ પરોવાતો નથી, અને કામ સુધરતું નથી. વર્તમાન સમયમાં ગુલામગીરીની સંસ્થા બંધ પડી છે. પણ જ્યાં ધનાધિપો, (Capitalists—ધનાઢ્ય કારખાનાંના માલિકો) મજૂરોની તન્દુરસ્તી, ગૃહસુખ કે આર્થિક શ્રેયની દરકાર કર્યા વગર તેઓની પાસેથી ગુલામ જેવું કામ લે છે, ત્યાં પરિણામે એ ધનિક વર્ગને જ નુકસાન ખમવું વડે છે; અને જ્યાં એ વર્ગને નુકસાન થતું નથી દેખાતું, ત્યાં પણ પ્રજાને તો નુકસાન થાય છે જ. જ્યાં સમાજનો એક વર્ગ જમીન કે મ્હોટી નોકરીઓ વગેરે આર્થિક લાભનાં સાધનો દબાવી બેસે છે, ત્યાં એ

સાધનોનો, હરીફાઈને અભાવે, પૂરતો ઉપયોગ થતો નથી—અને દેશનું આર્થિક શ્રેય બગડે છે. વળી આ સમાજિક સ્થિતિની રાજ્ય ઉપર પણ અસર થયા વિના રહેતી નથી. અમીરો અને ધર્મગુરુઓના સ્વાર્થથી કચરાઈ ગએલું ફ્રાન્સ જ્યારે ૧૭૮૯માં ખળભળી ઊઠ્યું, ત્યારે એ ખળભળાટ મૂળ જેટલો રાજકીય નહિ તેટલો સામાજિક હતો, પણ પરિણામે એણે રાજ્ય ઉપર તેમ જ દેશની આર્થિક વ્યવસ્થા ઉપર અમાપ અસર કરી. વળી આપણા દેશમાં પ્રજાના સામાજિક બન્ધારણથી એના ઇતિહાસનું સ્વરૂપ થોડું ઘડાયું નથી. અખંડ 'ચાતુવર્ણ્ય×' (ચાર અવયવોનું એક શરીર) તૂટીને જ્યારે ચાર છૂટા વર્ણ થયા, અને ચાર વર્ણમાંથી ચોરાશી નાતો થઈ, અને એ નાતોની સેંકડો પેટાનાતો અને પેટાનાતોનાં તડો થયાં—ત્યારથી એ વાતે હિન્દુસ્થાનની રાજકીય અને આર્થિક સ્થિતિ ઉપર કેટલી બધી અસર કરી છે એ સૌના જાણવામાં છે.

(૪) ઉપર પ્રજાની આર્થિક જરૂરિયાતને આપણે ઉદરનિર્વાહ સાથે સરખાવી પણ જેમ ઉદરનિર્વાહ જીવન માટે જરૂરનો છે, પણ ઉદરનિર્વાહ એ જ જીવન નથી, તેમ જનસમાજનું જીવન પણ અર્થ કમાવામાં અને ભોગવવામાં સમાપ્ત થઈ જતું નથી. રાજ્યસત્તા અને દ્રવ્યપ્રાપ્તિ કરતાં પણ જીવનમાં વધારે ઊંડા અને વધારે ઉન્નત પુરુષાર્થ છે; અને પુરુષાર્થની સિદ્ધિ ઉપર કેટલીકવાર દ્રવ્ય અને રાજ્યનો પણ આધાર રહે છે એમ કહીએ તો ચાલે. તેમાં ગૃહ એ ઇતિહાસને ઘડનારી જેવીતેવી શક્તિ નથી. આર્ય પ્રજાની સર્વ શાખામાં ધર્મનું કેન્દ્ર ગૃહ છે: હિન્દુસ્થાનના ધર્મમાં અગ્નિહોત્ર અને ગાર્હપત્યઅગ્નિનું સ્થાન સુપ્રસિદ્ધ છે. અને તે જ પ્રમાણે, ગ્રીક આર્યો હેસ્ટીઆ (Hestia, Hearth-goddess)નું અને રોમન આર્યો વેસ્ટ ('Vesta' Vestal fier' ગૃહાગ્નિ)નું

× ચારે વર્ણ મળી એક અખંડ જનસમાજ બંધાય એમ એના વ્યાકરણ[illegible]

સૂજન કરતા. એટલું જ નહિ, પણ પ્રાચીન આર્યોના સામાજિક બન્ધારણમાં અને તે દ્વારા રાજકીય બન્ધારણમાં ગૃહની કુટુમ્બ-ભાવના આધારભૂત હતી

વળી જુવો કે—પાડોશી કે જેના પ્રત્યેના ધર્મમાં સમાજ અને રાજ્યનાં કર્તવ્ય સમાય છે, તેને ભાઈ સમાન ગણવાનો ઉપદેશ છે, ભાઈને પાડોશી સમાન ગણવાનું કોઈ એ કહ્યું નથી. તાત્પર્ય કે રાજ્યની ભાવના ગૃહ ઉપર રચાએલી છે, ગૃહ રાજ્ય ઉપર રચાએલું નથી. પણ ગૃહ તે સમાજ અને રાજ્યનો માત્ર પાયો જ નથી. ગૃહ એ મનુષ્યનું મનુષ્યત્વ કેળવવાનું ઉત્તમ સ્થાન છે; અને જો જગતનો ઇતિહાસ એ મનુષ્યના મનુષ્યત્વનો જ ઇતિહાસ છે, તો એ ઇતિ-હાસમાં ગૃહનું સ્થાન કેવું મ્હોટું છે એ સમઝવું કઠણ નથી. ગૃહની અવ્યવસ્થાથી મ્હોટાં મ્હોટાં રાજ્યો પાયમાલ થઈ ગયાં એમ ઇતિ-હાસ બતાવે છે. શાહજહાં અને ઔરંગઝેબની ગૃહભાવનાનો ધ્વંસ—એ મોઘલ પાદશાહીનો ધ્વંસ નીવડ્યો. એ ગૃહભાવનાના વિનાશથી ગ્રીસ અને રોમ અવનતિમાં આવ્યાં, મુસલમાન રાજ્ય નિર્બળ થઈ ગયાં, અને પેશવાઈ ગઈ. ગૂજરાતના 'છેલ્લા રજપૂત રાજા' કરણનો વિનાશ—અને તે સાથે રજપૂત રાજ્યનો વિનાશ પણ એક જ તત્ત્વ—ગૃહ—ની અવગણના કરવામાંથી ઉત્પન્ન થયો. વિશેષ પૂરાવો શો જોઈએ ? જગતનાં અનેક મહાકાવ્યો અને નાટકો—દાખલા તરીકે, રામાયણ તે રામનો જય અને રાવણનો પરાજય વર્ણવીને—એ એક જ તત્ત્વનો મહિમા ગાય છે.

(૫) પણ મનુષ્યના ઇતિહાસ ઉપર અસર કરનારી આ પ્રબળ શક્તિઓમાં એક મ્હોટામાં મ્હોટી તે એના બાહ્ય અને આન્તર જગતના સંસ્પર્શ અને અવલોકનમાંથી ઉત્પન્ન થતાં કાવ્ય, કલા, ફિલસુફી વગેરે માનવબુદ્ધિ અને હૃદયના આવિર્ભાવો છે. આ વસ્તુઓ દેખાતી ઘણી સૂક્ષ્મ અને નજીવી લાગે છે—અને પ્રાકૃત લોક તો એને ક્ષણભર આનન્દ લેવાનાં સાધન તરીકે જ સમઝે છે, પણ

વસ્તુતઃ તેમ નથી. એક નવો તત્ત્વવિચાર કે એક નવી કાવ્યપ્રતિભા જગત્‌માં એવી ઉથલપાથલ કરી નાંખે છે કે સેંકડો વર્ષથી ચાલી આવેલી સંસ્થાઓ પણ એની શકિત આગળ પ્રાતઃકાળના ધુમ્મસની માફક છેદાઈ–ભેદાઈ જાય છે. એક બંસીના નાદે સ્ત્રી–શૂદ્રાદિક સર્વ જગત્‌ને એક કર્યું, ઋષિઓના કઠોર યજ્ઞ કરતાં ગોપીના નવનીત (માખણ) સરખા કોમળ હૃદયને અધિક ઠરાવ્યું, અને ઇન્દ્રાદિક દેવોને નિર્માન કરી દીધા. બીજો દાખલો જુવો––તો પ્રથમ બોધિ-વૃક્ષ તળે અને પછી કાશીક્ષેત્રમાં પ્રકટ થએલા એક ન્હાના સરખા ધર્મસૂત્રે હિન્દુસ્થાનનો બલ્કે જગતનો ઇતિહાસ બદલી નાંખ્યો, એટલું જ નહિ, પણ હિન્દુસ્થાનની બહાર પણ એણે જે ધર્મચક્ર પ્રવર્તાવ્યું તેની અસર ઇજિપ્ત અને પેલેસ્ટાઈન સુધી પહોંચી. ક્રાઈસ્ટના* ‘ધર્મરાજ્ય’ ના ઉપદેશે યૂરોપનાં મહારાજ્યો જીતી લીધાં. એક અરબના કલ્માએ એંશી વર્ષમાં મોરોક્કોથી ચીન સુધી રાજ્ય અને ધર્મનો પ્રવર્ત કરી નાંખ્યો. એક જર્મન સાધુની વિટનબર્ગના દરવાજા ઉપર ચોઢેલી સાદી પત્રિકાએ આખા યૂરોપના બે કડકા પાડી નાંખ્યા. ફિલસૂફોના ‘સમાનતા અને સ્વતન્ત્રતા’ ના સિદ્ધાન્તે બેસ્ટીલનો કિલ્લો તોડ્યો, અને આખા યૂરોપમાં રાજકીય અને સામાજિક દાવાનળ પ્રકટાવ્યો, અને દરિયાપાર અમેરિકા સુધી પણ એની અસર પ્હોંચી. આ અને આવા અસંખ્ય દાખલાઓથી બતાવી શકાય કે જગતની સ્થૂલ શકિતઓ કરતાં પણ સૂક્ષ્મ શકિતઓ વધારે પ્રબળ છે અને જગતના ઇતિહાસ ઉપર એ અમાપ અસર કરે છે.

---

*“ Christ who, being the holiest among the mighty, the mightiest among the holy, lifted with his pierced hand empires off their hinges, turned the stream of centuries out of its channel, and still governs the ages.”

—*Jean Paul Richter*

(૬) ઇતિહાસની શક્તિઓનો વિચાર કરતાં કરતાં આપણે ફરી મહાપુરુષોના મહિમા ઉપર આવી પહોંચ્યા; કારણ કે ઉપર જે ઇતિહાસની સૂક્ષ્મ શક્તિઓ કહી એ મહાપુરુષોમાંથી પ્રકટતી જ્વાળાઓ જ છે. પણ એ મહાપુરુષોને જ એ શક્તિઓનાં અન્તિમ અને સ્વતન્ત્ર કારણરૂપે માનવાથી કેવી અડચણો આવે છે એ આરંભમાં જ આપણે જોયું છે, એટલે મહાપુરુષની બહાર રહેલું કોઈક તત્ત્વ શોધવા આપણે નીકળવું પડશે. **એ તત્ત્વ તે જનસમાજમાં વસતું સમષ્ટિચૈતન્ય** છે. શેક્સપિયર ગમે તેટલો મહાન નાટકકાર છે, તથાપિ ઇલિઝાબેથના સમયથી એ સ્વતન્ત્ર નથી. ક્રાઈસ્ટ ગમે તેવા મહાન ધર્મોપદેષ્ટા છે, તથાપિ 'પ્રભુના રાજ્ય' માટે વાટ જોઈ બેઠેલા યાહુદીમાંનો જ એક છે. અને એ જ પ્રમાણે સર્વ મહાન પુરુષો પોતપોતાના સમય સાથે જોડાએલા છે. હવે પ્રશ્ન એ ઊઠે છે કે આ જે સમષ્ટિચૈતન્ય કહ્યું તે સર્વ પ્રજામાં એકસરખું છે કે જુદીજુદી પ્રજાનું જુદુંજુદું છે? બેશક, દેશ અને કાલની ઉપાધિએ કરીને તો જુદી જુદી પ્રજામાં અને એક જ પ્રજાના જુદા જુદા સમયમાં એ જુદું જુદું છે જ; પણ તત્ત્વતઃ એ એકસરખું છે, કે એક બીજાથી વિલક્ષણ છે એ પ્રશ્ન છે. આ સંબન્ધી મ્હેં પ્રથમ ઘણાં વર્ષો ઉપર વાંચેલું એક પુસ્તક અત્યારે યાદ આવે છે. એનું નામ "The Psychology of Peoples; its Influence on their Evolution' છે એ એક ફ્રેંચ વિદ્વાને લખેલું છે અને એમાં એવો સિદ્ધાન્ત પ્રતિપાદન કર્યો છે કે જગતની જુદી જુદી પ્રજાઓનાં માનસિક બંધારણ જુદાં જુદાં છે, અને તેને લીધે એમનાં સાહિત્ય, સંસ્થાઓ વગેરેમાં, ભેદ પડે છે, અને તદનુસાર એમનો ઈતિહાસ પણ ભિન્ન થાય છે. દાખલા તરીકે, ઇંગ્લિશ અને ફ્રેંચ પ્રજાનો ઇતિહાસ કદી પણ એકસરખો હોઈ શકે નહિ, કારણ કે એ બે પ્રજાના મૂળ સ્વભાવ વચ્ચે જ તાત્ત્વિક ભેદ છે, અને એ જ પ્રમાણે રોમન, ગ્રીક, હિન્દુ વગેરે વિવિધ

પ્રજાના જનસમાજનું સૂક્ષ્મ નિરીક્ષણ અને પૃથક્કરણ કરીને એ લેખકે બતાવ્યું છે કે, દરેક પ્રજાનો એક ખાસ આત્મા ('The soul of a people') હોય છે, અને એ એના ઇતિહાસમાં પ્રકટ થાય છે. (વિવિધ પ્રજા લગ્નાદિકથી સંકીર્ણ થવાથી ફેર પડે છે કે કેમ અને તે કેટલે સુધી અને ક્યારે, ઇત્યાદિ પ્રશ્નો પણ વિચાર્યાં છે—પણ એમાં ઊતરતાં આ લેખ બહુ લાંબો થઈ જાય તેથી અહીં અટકવું પડે છે.) આ પુસ્તક વાંચી થોડોક વખત હિન્દુસ્થાનના ભવિષ્ય પરત્વે મ્હારૂં મન બહુ શોક અને નિરાશાથી ભરાઈ ગયું હતું. પણ ઊંડા વિચાર કરતાં એ પુસ્તકના પાયા મને લૂલા લાગ્યા. એમાં પ્રતિપાદન કરેલો સિદ્ધાન્ત જો ખરો હોય તો અજ્ઞાન લોકો જેને 'fate' 'કિસ્મત,' 'કર્મ' 'નસીબ' વગેરે કહે છે, તેના કરતાં પણ વધારે જડ અને સખ્ત શંખલા મનુષ્યના પગમાં પડે છે, અને પ્રજા તરીકે પુરુષાર્થ અને પરાક્રમના માર્ગમાં છૂટથી પગલાં ભરવાનો એને કાંઈ પણ અવકાશ રહેતો નથી. પણ વસ્તુત: એ સિદ્ધાન્ત માનવા જેવો જ નથી—કારણ કે એ અર્ધ સત્યથી દૂષિત છે. તમારા ભાઈના મુખ સામું જોશો, શરીર સામું જોશો, વર્તન સામું જોશો, અને ક્યાં ક્યાં તમારાં મુખ શરીર વગેરેથી એ ભિન્ન પડે છે એ જ જોયાં કરશો તો તમને ભેદ વિના બીજું કાંઈ જ જણાશે નહિ. પણ એ જ વસ્તુઓમાં, તેમ જ એની પાછળ જઈ, એકતા ક્યાં છે એ જોવા બેસશો, તો તેનાં પણ તમને પુષ્કળ ચિહ્નો દેખાશે. એક ભાઈને સારી સોબત હોય કે સારી કેળવણી મળી હોય કે એ મ્હોટે ઘેર પરણ્યો હોય, કે એની સ્ત્રી સુશીલ હોય, કે એનાં સઘળાં સન્તાન જીવ્યાં ઊછર્યાં અને પરાક્રમી નીકળ્યાં હોય—તો એનું ભવિષ્ય એક તરેહનું થાય છે; બીજો ભાઈ આ સઘળી બાબતમાં ખામી કે વિપરીત દશા ભોગવતો હોય તો તેનું ભવિષ્ય ઊલટું જ નીવડે છે. પરંતુ તેથી બે ભાઈ વચ્ચે ભાઈ તરીકે જે સમાનતાનું તત્ત્વ છે તે લુપ્ત થતું નથી. તે જ પ્રમાણે જુદી જુદી

પ્રજાનો જુદો જુદો ઇતિહાસ થયો છે, અને એ ઇતિહાસને પરિણામે એમના સ્વભાવ ઉપર જુદા જુદા સંસ્કાર પણ પડતા ગયા છે; તથાપિ મનુષ્ય માત્રમાં એ **સમષ્ટિચૈતન્ય*** વ્યાપેલું છે, અને એના આવિર્ભાવો ઇતિહાસમાં થયાં જ કરે છે. એ સમષ્ટિચૈતન્ય તે જડ પ્રકૃતિ નથી; તેમ જગતના છૂટાછવાયા મહાન પુરુષો પણ નથી; વળી તે તે સંસ્થાઓ પૂરતી જનહિતની વ્યવસ્થાઓ પણ એ નથી. એ સર્વ છે, અને સર્વથી અધિક છે; સૌની અંતર્ અને સૌથી પાર વિરાજતું જગતનું જે અન્તર્યામી પરમ ચૈતન્ય તે એ છે. એ દેશ, કાલ અને સ્વભાવરૂપ ઉપાધિ ગ્રહણ કરી ઇતિહાસમાં પ્રકટ થાય છે.

---

* આ સમષ્ટિચૈતન્ય તે વ્યષ્ટિચૈતન્યનું માત્ર ટોળું જ ન સમજવું. પચીસ માણસનું ટોળું તે પચીસ માણસ કરતાં વિશેષ નથી—એ માણસોનું એકત્ર સ્થિતિમાં માત્ર નામાન્તર છે. અને તેમાં પણ પહેલા એ માણસો, અને પછી એમનું ટોળું. સમષ્ટિચૈતન્ય અને વ્યષ્ટિચૈતન્યનો સંબન્ધ આથી જુદી તરેહનો છે: સમષ્ટિચૈતન્ય પહેલું છે, અને વ્યષ્ટિચૈતન્ય પછી છે; સમષ્ટિચૈતન્યને અખો જેને 'આપોપું' (યાને આત્મત્વ) કહે છે તે છે અને તેથી વ્યષ્ટિચૈતન્યના **સમુદાય** કરતાં અધિકપણું છે. જેમ પાંચ નટ મળીને એક નાટક નથી બનતું; પ્રથમ નાટક હોય છે, અને પછી એને ભજવવા માટે નટ એકઠા થાય છે, અને પોતપોતાના વિવિધ નાટ્યવડે એક નાટક ભજવે છે—જે નાટકનો કર્તા એ સૌથી પૂર્વે છે; તેમ વ્યષ્ટિચૈતન્ય ઇતિહાસરૂપી નાટક ભજવે છે, પણ એ નાટકનો કર્તા એની પૂર્વે છે. વળી એક એ યાદ રાખવું કે વ્યષ્ટિચૈતન્ય તે નટ છે, પૂતળાં નથી; અર્થાત્ નાટકકારના ભાવ પોતાની કૃતિમાં પ્રકટ કરવાનું કામ એનું છે અને એ રીતે એનું સ્વાતન્ત્ર્ય અને જવાબદારી ઊભાં રહે છે. આ ઉપમામાંથી શેલિના એક વાક્યનું સ્મરણ થઇ આવે છેઃ—
"History is the cyclic poem written by Time upon the memories of men. The past like an inspired rhapsodist fills the theatre of everlasting generations with her harmony."

એ રાસેશ્વરની લીલા સ્વતન્ત્ર છે, પણ ઉન્મત્ત નથીઃ એની લીલામાં અમુક નિયમો પ્રકટ થાય છે, એને સમજવા, એને અનુવર્તવું, અને એ રીતે માનવઉન્નતિનો રાસ ગૂંથતા ચાલવું, એ દરેક ગોપ-ગોપિકાનો અધિકાર અને કર્તવ્ય છે.

[વસંત : વર્ષ ૧૨, અંક ૮, ભાદ્રપદ, સં. ૧૯૬૯]

મ્હારા ન્હાનપણના સાથી

મુંબઈ યુનિવ્હર્સિટિની એમ. એ. ની 'ભાષા અને સાહિત્ય'ની પરીક્ષામાં એક અંગ્રેજી નિબન્ધ લખવાનો હોય છે. ઘણા જૂના—યુનિવ્હર્સિટિના લગભગ આરંભના કાળમાં વિદ્યાર્થીઓ પાસે નિબન્ધને ઠેકાણે એક અંગ્રેજી કવિતા રચાવવાનો રિવાજ હતો. આમ પરીક્ષા માટે કવિતા રચાવવાથી કાંઈ કવિઓ ઉત્પન્ન કરી શકાતા નથી, પણ પદ્યરચનાના મ્હાવરાથી કાન કેળવાઈ કાવ્યનો આનન્દ લેવાનું એક મુખ્ય સાધન પ્રાપ્ત થતું હશે એમ તો લાગે જ છે. જતે દહાડે કવિતાને ઠેકાણે ગદ્ય નિબન્ધ દાખલ થયો. હાલ આ નિબન્ધ, પરીક્ષા માટે નીમેલાં પુસ્તકોમાંના, અગર તેને લગતા, કોઈક વિષય ઉપર લખાવવામાં આવે છેઃ પણ અમારા વખતમાં એમ મનાતું કે—પરીક્ષક ગમે તે વિષય ઉપર નિબન્ધ લખાવી શકેઃ દાખલા તરીકે, સાહિત્યના વિદ્યાર્થીને 'સાઈક્લોન' વિષે નિબન્ધ લખવાનું પણ કહે! અંગ્રેજી ભાષાના કાબુ ઉપરાંત નિબન્ધની વસ્તુમાં સત્ત્વ પણ આવવું જોઈએ તે માટે અમારા પ્રોફેસરે અમને જુદાં જુદાં શાસ્ત્રોની માર્ગોપદેશિકા ('Science Primers') વાંચવાની ભલામણ કરી હતી. આથી કાંઈ અમે તે તે શાસ્ત્રોમાં નિષ્ણાત થઈ જતા એમ નહિ; પણ જુદાં જુદાં શાસ્ત્રો પ્રત્યે અમને રુચિ ઉત્પન્ન થતી, તથા સર્વ શાસ્ત્રનું થોડું થોડું જ્ઞાન એકઠું થઈ અમારી કેળવણી વધારે સંસ્કારી બનતી. પણ અમારા પ્રોફેસરે આ ઉપરાંત અમને એક બીજી કીમતી સલાહ

આપી હતી તે એ કે અંગ્રેજી પહેલી ચોપડીથી માંડી બી. એ. સુધીના અભ્યાસક્રમમાં જે જે ચોપડીઓ અમારે આવી હોય તે ક્રમવાર ફરી વાંચી જવી. આ જાતનું પુનરાવર્તન કેટલું લાભકારી છે એ કહેવાની જરૂર નથી. એ સલાહ મ્હારા હૃદયમાં એવી ઊતરી ગઈ કે ત્યારપછી ઘણીવાર મ્હારાં ન્હાનપણમાં સ્કૂલ અને કૉલેજમાં વાંચેલાં પુસ્તકો હું ફરી વાંચું છું, અને કેટલાંકની તો જૂની એની એ નકલ હજુ મારી પાસે હોવાથી તે વાંચતાં "अहो जानामि तस्मिन्नेव स्थाने तस्मिन्नेव काले वर्ते"–એવો આહ્લાદભર્યો અનુભવ અનુભવું છું.

ખરેખર ! જાણે એ જ સ્થાન અને એ જ કાળ ! છતાં પણ કેટલો બધો ભેદ ! પૂર્વે સરળ હૃદય જ્યાં માત્ર કાવ્યના સંસ્કાર જ ઝીલતું, ત્યાં અત્યારે, વિચારપરાયણ બુદ્ધિ એ સંસ્કારને દુનીઆના અનુભવ અને પુસ્તકોના જ્ઞાન સાથે મેળવે છે, ભેળવે છે, એમાંથી સાર ખેંચે છે, કેટલીકવાર બગાડી નીરસ પણ કરી નાંખે છે.

હમણાં જ મ્હેં ગોલ્ડસ્મિથનાં 'ડિઝર્ટેડ વિલેજ' અને 'વ્હિકાર ઑફ વેઈકફીલ્ડ' ફરી વાંચ્યાં. એ કવિનાં પુસ્તકો અમારા છેક બાળપણનાં સાથી હતાં ('ડિઝર્ટેડ વિલેજ' ચોથા ધોરણમાં, 'વ્હિકાર' છઠ્ઠામાં અને 'ગુડનેચર્ડ મેન' અને 'શી સ્ટૂપ્સ ટુ કૉન્કર' પ્રીવિયસમાં અમારાં વાંચવામાં આવ્યાં હતાં.), એ કારણ હો અથવા તો એ કવિમાં જે મોહક નિર્દોષતા અને સરળતા છે એ કારણ હો, ગમે તેમ હો, પણ એના સમાગમમાં ઘડીક બેસીએ છીએ ત્યાં એમ જ થાય છે કે જેમને મિલ્ટન, વર્ડ્ઝવર્થ અને બ્રાઉનિંગ જોઈતા હોય તે ભલે લો, અમને તો અમારો બાળકવિ ગોલ્ડસ્મિથ જ આપો !

આ વાંચી કેટલાકને એમ થશે કે—એક સાર્વજનિક ગૂજરાતી માસિકમાં, આ આત્મવૃત્તાન્તનું, અંગ્રેજી કવિની કૃતિના અવલોકનનું શું પ્રયોજન ? હું અત્રે આત્મવૃત્તાન્ત લખવા નથી બેઠો, અને ગોલ્ડસ્મિથના ગ્રન્થો ઉપર વિવેચન ચલાવવા પણ નથી માગતો—જો કે મને એમ તો લાગે છે કે આપણા વિદ્વાનો, દિ. બ. અંબાલાલ-

ભાઈથી માંડી તાજામાં તાજા ગ્રેડ્યુએટ પર્યંત, પોતપોતાના સમયની કેળવણીનું વર્ણન આપે તો એમાંથી આપણાં છેલ્લાં સાઠ વર્ષની કેળવણીનો બહુ રસિક અને બોધકારક ઇતિહાસ ઊભો થાય; તેમજ અંગ્રેજી કવિઓ વિષે કોઈ કોઈવાર ગૂજરાતી માસિકોમાં અવલોકન આવે તો તે પણ નિરર્થક નથી; કારણ કે એથી જે વર્ગને અંગ્રેજીનો લાભ મળેલો નથી, તેને એ ભાષાના કવિઓના વિચારો સાથે પરિચય થાય અને તેઓની સાહિત્યવિષયક દૃષ્ટિમર્યાદા વિસ્તરે, તથા જેઓ અંગ્રેજી જાણે છે તેમને પણ માતૃભાષામાં એ સંબન્ધી પોતાના વિચારોનો પરસ્પર વિનિમય કરવાથી એ વિચારો પરાયા મટી પોતાના થઈ જાય. પરંતુ અત્યારે આ બેમાંથી એક હેતુથી મ્હેં આ નોંધ લખવા માંડી નથી. મ્હારો ઉદ્દેશ માત્ર ગોલ્ડસ્મિથની પૂર્વોક્ત કૃતિઓ આજ વાંચતાં, આપણા દેશની વર્તમાન જરૂરિયાતો વિષે જે વિચારો સુઝ્યા છે તે જ ટૂંકામાં નોંધવાનો છે.

'ડિઝર્ટેડ વિલેજમાં' માં એક સુખી ગામડું કેવું હોય, અને તેની વસ્તી જતી રહેતાં એ કેવું થાય, તેનું બહુ અસરકારક વર્ણન છે. કવિ એના વ્હાલા ગામને સંબોધી એના સુખના દિવસો સંભારે છે, અને અત્યારે એ ઊજડ થઈ ગયું છે તે માટે શોક કરે છે. ગામડાંના મેળાવડાઓ, જેમાં આખો દિવસ કામ કરી પરવારીને ગામડાંનાં તરુણ અને વૃદ્ધ સ્ત્રીપુરુષો એકઠાં મળે છે, જેમાં બહાદુર જુવાનીઆઓ અંગ-કસરતની રમતો રમે છે, અને વાતોડીઆ ઘરડાઓ પાસે બેસીને વાહવાહ કહી ઉત્તેજન આપે છે, એનું મનોહર વર્ણન કરે છે; અને તે પછી ગામના પાદરી અને મહેતાજીનાં બહુ મઝાહનાં ચિત્રો દોરે છે. આ વાંચી પ્રશ્ન થયા વિના રહેતો નથી કે—**હિન્દુસ્થાનની અત્યારે ખરામાં ખરી અને મ્હોટામાં મ્હોટી જરૂર તે એનાં ગામડાંની સ્થિતિમાં સુધારો કરવો એજ નથી?** હિંદુસ્તાનની વસ્તીનો ઘણો મ્હોટો ભાગ ગામડાંમાં જ વસે છે. અને તેથી આ દેશનું ખરૂં કલ્યાણ ગામડાંની સ્થિતિ સુધારવા ઉપર આધાર રાખે

છે. ગામડાંનાં ખેડૂત અને મજૂર વર્ગનાં માણસો પાસેના મ્હોટા શહેરનાં કારખાનાંમાં મજૂરી કરવા જાય અને એને પરિણામે ગામડાંની ખેતી પડી ભાગે એથી એકંદરે લાભ નથી. કારખાનાંનો નફો શહેરના ધનિક વર્ગમાં જ પ્હોંચાય છે, અને મજૂર ગામડીઆને એમાંથી મજૂરીના ચાર પૈસા ગામડાં કરતાં વધારે મળે છે, પરંતુ એને બદલે શહેરનાં દુર્વ્યસનો વળગી તનથી અને ધનથી એ મજૂર વર્ગ વધારે ખરાબ થાય છે. ગામડાં ભાગી વસ્તી શહેર તરફ વળે એ વધતા સુધારાનું સ્વાભાવિક ચિહ્ન છે, અને તે અનિવાર્ય છે એટલું જ નહિ પણ ઇષ્ટ છે, એમ મિ. જસ્ટિસ રાનડેના એક લેખને અનુસરી ઘણા માને છે. એ લેખ બહુ વર્ષો ઉપર હું ધારૂં છું કે લોકમાં હુન્નરકારીગરીનાં નવાં કારખાનાંઓ કાઢવાનો ઉત્સાહ પ્રેરવાના ખાસ ઉદ્દેશથી જ લખાએલો હતો. અને જો ખેતીને પણ જમીન ઉપર હળવતી દશવીસ લીટા ખેંચી એ ઉપર દાણા વેરી આકાશ સામું જોઈને બેસી રહેવા કરતાં વધારે બુદ્ધિ અને પુરુષાર્થવાળો હુન્નર બનાવવામાં આવે + તો હું ધારૂં છું કે આજ મિ. જસ્ટિસ રાનડે એ પ્રવૃત્તિને બહુ ઉમંગથી વધાવી લે, એટલું જ નહિ પણ એ તરફ લોકનો ઉત્સાહ પ્રેરે.

૧. ખેતીને બુદ્ધિ અને પુરુષાર્થવાળો હુન્નર શી રીતે બનાવવો? આ પ્રશ્નનો ઉત્તર ટૂંકામાં ટૂંકા શબ્દોમાં આપું, તો ગયા ઑક્ટોબર માસના 'Review of Reviews'ના "Give us this day our daily bread" એ મથાળાના એક સમર્થ લેખમાંની નીચેની પંક્તિઓ ઊતારૂં:—

"The section of agriculture should be composed of four bureaus. The first should

+ "The agricultural industry must pe industrialized" —J. Nugent Harris, Secretary, Agricultural Organization Society. (જુવો નવેમ્બરનું 'Review of Reviews.')

deal with administration, associations and guilds, rearrangements of farms, irrigation, agricultural instruction, and Congresses. The second should deal with the improvement of agricultural products, the destruction of harmful insects, breaking up of new ground, and improvement of industries. The third bureau should deal with the improvement in the breeding of domestic animals, the choice and inspection of breeding studs, and veterinary and blacksmith affairs. The fourth should deal with the improvement of horses, the inspection of stallions, and supervision of stud farms and stables. In countries where agriculture is seriously regarded the Ministry of Agriculture is by far the most efficiently organised Department."

ઉપરની સૂચનાઓ ઇંગ્લાંડની ખેતી સુધારવા માટે ઘડાએલી છે, પણ એમાંની છેલ્લી સૂચનાઓ ઘોડાને બદલે બળદ મૂકી લઈએ તો જાણે હિંદુસ્થાનની જરૂરિયાતને માટે જ એ ઘડવામાં આવી હોય એમ લાગે. એ સૂચનાઓ આપણી લોકોક્તિના 'ખેડ ખાતર અને પાણી' અને તે માટે જોઈતી નાણાંની સગવડ—એટલા શબ્દોમાં સાદે રૂપે સમાવી શકાય. અને તે આપણા ખેડૂતોને, તથા એમનું કલ્યાણ કરવાનું જેમના હાથમાં છે તેમને, સારી રીતે જાણીતી છે, પણ એને ક્રિયામાં મૂકવા માટે આપણા પ્રાન્તમાં સર્વતોમુખ અને સર્વાંશી યત્ન થતો જણાતો નથી. મારા સાંભળ્યા પ્રમાણે દખ્ખણના જેવું સૂબામાં પણ એક 'એગ્રિકલ્ચરલ એસોસિયેશન' યાને ખેતીનો

ઉત્કર્ષ કરવા ઇચ્છતું મંડળ છે. પણ દિલગીરીની વાત એટલી જ છે કે દક્ષિણનું મંડળ બહુ ઉત્સાહથી, અને પૂનાની ખેતીવાડીની કૉલેજનો અને ખાસ કરીને એના ઉત્સાહી પ્રિન્સિપાલ ડૉ. મેનનો પૂર્ણ લાભ લઈને, કામ કરે છે, ત્યારે આપણું ગૂજરાતનું મંડળ અસ્તિત્વમાં છે કે નહિ એ પણ કોઈ ભાગ્યે જ જાણે છે. આવાં મંડળનું શું કામ હોવું જોઈએ તે એ લેખમાં નીચે પ્રમાણે બતાવ્યું છેઃ—

1 Meetings, Congresses, Exhibitions, sale agricultural museum and handicraft Conferences.
2 Reports, lectures and analyses.
3 Distribution and exchange of seeds, of fertilisers, of agriculturel machines and breeding animals.
4 Preventive and destructive measures against pests.
5 Drainage and irrigation, and the adjustment of lands.
6 Encouragement and preparatory work.
7 Agricultural and industrial output.
8 Agricultural statistics.
9 Replying to the official questions.
10 The question of improvement and development.

૨. ખેતીનો સુધારો માત્ર બાહ્ય સાધનો ઉપર જ આધાર રાખતો નથી, ગોલ્ડસ્મિથ એના પૂર્વોક્ત કાવ્યમાં સુખી ગામડાની સ્થિતિ—

"Where health and plenty cheered the labouring swain."

—એ શબ્દોવડે બહુ સારી રીતે દર્શાવે છેઃ પહેલી તન્દુરસ્તી (health) અને પછી સમૃદ્ધિ (plent) એમ ક્રમ છે; અને જ્યાં મહેનતુપણું (labour) છે ત્યાં જ એ બે આવે એ પણ ખરૂં છે. પરંતુ આપણા ખેડૂતોને જો કે અંગતોડ મહેનત કરવાની તો ટેવ છે, તોપણ દારિદ્ર અને અજ્ઞાનને લીધે તન્દુરસ્તીના બીજા નિયમો પાળવાની તેઓમાં શક્તિ નથી અને આવડ પણ નથી. આ કારણથી આપણાં ગામડામાં હવા અને પાણીની સ્વચ્છતા રખાવવાના યત્નો હજી જોઈએ તેવા સફળ થયા નથી. છતાં સરકારના યત્નોને ગામના લોક તરફથી મદદ મળે અને કેળવાએલા લોકો આ વિષયમાં અજ્ઞાન લોકને વ્યવહારૂ ઉપદેશ કરે તો કેટલુંક કાર્ય સિદ્ધ થાય.

૩. પણ આ માટે ખરી કેળવણીની જરૂર છે. આખા દેશમાં ગામેગામ નિશાળ સ્થાપવાની અને મફત અને ફરજિયાત કેળવણી દાખલ કરવાની સરકાર પાસે માગણી કરવામાં આવે છે. એ માગણી ગમે ત્યારે સફળ થાઓ, પણ અત્યારે તો ખરા દેશભક્તોનું એ કર્તવ્ય છે કે સરકારના ઉપર આધાર ન રાખતાં એ તરફ આપણાં ધર્માદા ફંડ વાળવાં જોઈએ. ગોલ્ડસ્મિથ પોતાના વ્હાલા ગામડામાં પણ મહેતાજીનું મહત્ત્વ નોંધવું ચૂક્યો નથી. એમાં દોરેલું મહેતાજીનું રમૂજી ચિત્ર કદી પણ ભૂલાય એવું નથીઃ

"Beside you straggling fence that skirts way,
With blossomed furze unprofitably gay,
There, in his noisy mansion skilled to rule,
The village master taught his little school.
A man severe he was, and stern to view,
We knew him well, and every truant knew.
Well had the boding tremblers learned to trace
The day's disasters in his morning face;
Full Well they laughed with counterfeited glee,

At all his jokes, for many a joke had he:
Full well the busy whisper, circling round.
Conveyed the dismal tidings when he frowned;
Yet he was kind, or if severe in aught,

The love he bore to learning was in fault;
The village all declared how much he knew;
'Twas certain he could write and cipher too,

Lands he could measure, terms and ties presage,
And even the story ran that he could gauge;
In arguing too, the person owned his skill,
For e'en though vanquished, he could argue still;
While words of learned length and thunder-
ing sound

Amazed the gazing rustics ranged around,
And still they gazed, and still the wonder grew,
That one small head should carry all he knew."

× × ×

આ વાંચી બેશક આપણને એ સમયના મહેતાજીના સાદા જ્ઞાન ઉપર હસવું આવે છે—પણ જરા વિચાર કરીએ તો, જે જીવ નાંખીને અને પોતાના ઉમદા ધંધામાં તન્મય બનીને એ મહેતાજી કામ કરતા દેખાય છે, તેવું આપણા ટ્રેઈન્ડ કોલેજિયન મહેતાજીઓ કરતા હશે કે કેમ એ વિષે મને ઘણો શક છે.

૪. આ ગામડાની બીજી મહત્ત્વની વ્યક્તિ તે ત્યાંનો સન્તોષી, પવિત્ર, માયાળુ અને પરોપકારી ધર્મગુરુ (પાદરી) છે. ગોલ્ડસ્મિથ એનું ચિત્ર નીચે પ્રમાણે આપે છે :

"A man (the village preacher) he was, to all the country dear,
And passing rich with forty pounds a year,
Remote from towns he ran his godly race,
Nor e'er had changed, nor wished to change, his place;
Unskilful he to fawn, or seek for power
By doctrines fashioned to the varying hour:
Far other aims his heart had learnt to prize,
More bent to raise the wretched than to rise.

× × ×

At church with meek and unaffected grace,
His looks adorned the venerable place;
Truth from his lips prevailed with double sway,
And fools, who came to scoff, remained to pray.
The service past, around the pious man,
With steady zeal, each honest rustic ran;
Even children followed, with endearing wile,
And plucked his gown, to share the good man's smile,
His ready smile a parent's warmth expressed:
Their welfare pleased him, and their cared distressed;
To them his heart, his love, his griefs, were given,
But all his serious thought had rest in heaven;
As some tall cliff that lifts its awful form,

Smells from the vale, and midway leaves the storm,
Though round its breast the rolling clouds are spread,
Eternal sunshine settles on its head."

ખેદ થયા વિના રહેતો નથી કે જ્યાં આવા સાદા પણ ઉન્નત ધાર્મિક જીવન ગાળતા ધાર્મિક નેતાની જરૂર છે, ત્યાં આપણાં દેશમાં અત્યારે નિરુદ્યમી બાવાનાં ઝુંડ ગામને ગાંદરે અડંગા નાંખી પેટ ભરવામાં કૃતાર્થતા માને છે! આપણા દેશમાં ધાર્મિક સાહિત્યની ખોટ નથી, એના પ્રચાર માટે ગામેગામ દેવસ્થાનમાં કથા કરવાનો રિવાજ પ્રાચીન કાળથી જાણીતો છે. પરંતુ એ જૂની સંસ્થા યોગ્ય મનુષ્યને અભાવે નિરર્થક અને અસ્તપ્રાય બની ગઈ છે. ગામના દેવસ્થાનમાં હજી પણ કોઈવાર એકાદ સંતપુરુષ વસતો હોય છે તો તે ગામના લોકને જીવનથી અને ઉપદેશથી કેવો ઉપકાર કરી શકે છે, એમના જીવનમાં કેવી સાચ, પ્રામાણિકતા, દયા, શાન્તિ, સ્વચ્છતા વગેરે અનેક ગુણો પ્રેરી શકે છે—એ તદ્દન અજ્ઞાત નથી. વળી ખરા સંતપુરુષનું જીવન ગૃહસ્થાશ્રમમાં પણ બની શકે છે,: અને તે કેવું હોવું જોઈએ એ ગોલ્ડસ્મિથે 'વિકાર ઑફ વેઈકફીલ્ડ'માં વધારે સ્પષ્ટતાથી અને વિસ્તારથી બતાવ્યું છે.

ડૉ. પ્રિમરોઝ નામનો એક ગામનો પાદરી એ નવલકથાનો નાયક છે. એના ઘરનું સાદું પણ ખરા દિલનું અને નિરર્ગળ આતિથ્ય 'ચાળીસમી પેઢી'નાં સગાં-વ્હાલાંને માટે ખુલ્લું છે. એ પાદરી દેશદેશાવર ફરેલો માણસ નથી, અને એની સ્ત્રી પણ જમાનાના પ્રમાણમાં જ કેળવાએલી હતી.—ગોલ્ડસ્મિથ કહે છે તેમ, એ 'રસોઈ, અથાણાં અને મુરબ્બા કરી જાણતી તથા ભાગ્યાતૂટ્યા એ શબ્દ વાંચી જાણતી.' બંને બહુ કુટુમ્બવત્સલ હતાં. મ્હોટા છોકરાનાં લગ્ન પાસેના કોઈ પાદરીની છોકરી સાથે થવાનાં હતાં એટલામાં

લંડનનો એક વેપારી ભાંગ્યો, અને એમાં ડૉ. પ્રિમરોઝની બધી પૂંજી ગઈ! સામા પાદરીને એણે પોતાની બદલાએલી સ્થિતિ જણાવી અને એને પરિણામે છોકરાનો વિવાહ ભાંગ્યો. ડૉ. પ્રિમરોઝે પોતાના કુટુમ્બને પોતાની બદલાએલી સ્થિતિને અનુકૂળ થઈ જવા ઉપદેશ કર્યો અને સર્વ હવે ગરીબાઈથી રહેવા લાગ્યાં. મ્હોટો છોકરો ભણી ઊતર્યો હતો અને વિદ્વાન થયો હતો--તેને લંડનમાં કમાવા મોકલ્યો. પ્રસ્થાન વખતે પિતાએ પુત્રને આપેલો ઉપદેશ અને વાત્સલ્યનો ઉદ્ગાર થોડા પણ બહુ અસરકારક શબ્દોમાં ગોલ્ડસ્મિથે મૂક્યો છેઃ—

"I have been young, and now am old; yet never saw I the righteous man forsaken, or his seed begging their bread. Let this be your consolation as you travel on. Go, my boy; whatever be the fortune, let me see thee once a year; still keep a good heart, and farewell."

સત્યપુરુષને પ્રભુ તાવે તો છે, પણ કદી ત્યજતો નથી. માથે દુઃખ આવવાં એ સંસારી જીવની સ્વાભાવિક સ્થિતિ છે, અને એ જીવની વિશુદ્ધિની અને પરમાત્મપ્રેમની એ કસોટી છે. દુઃખ એ પ્રભુના ત્યાગની નિશાની નથી, એ ત્યાગની ખરી નિશાની સન્નિષ્ઠામાંથી ચ્યુત થવું એ જ છે. સત્ય ધર્મનો આ પરમ સાર વિકાર (પાદરી)ના જીવનમાં ગોલ્ડસ્મિથે આપણને બતાવ્યો.

ડૉ. પ્રિમરોઝને હવે જીવનનિર્વાહ માટે બીજા ગામનું પાદરીપણું લેવું પડ્યું. બધું કુટુમ્બ નવે ગામ ગયું, અને ત્યાં સાદી રીતે દિવસો નિર્ગમવા માંડ્યા. પહેલે જ રવિવારે દેવળમાં જવા માદીકરીઓ ટાપટીપ કરીને મેડીએથી ઊતર્યાં—એ જોઈ ડૉ. પ્રિમરોઝને ખેદ થયો કે હજી એ બિચારાં પોતાની ખરી સ્થિતિ સમઝ્યાં નથી. ડૉ. પ્રિમરોઝ બોલ્યોઃ "ઊભાં રહો, ભાડે બગી મંગાવીએ! આ વેષે

તમારાથી ચાલતાં જવાશે નહિ—ચાલતાં જશો તો ગામનાં છોકરાં મશ્કરી કરશે !" મા અને દીકરીઓ શરમાઈ ગયાં. મા બોલી: "મ્હેં જાણ્યું—સૌને સ્વચ્છ વસ્ત્ર પહેરેલાં જોઈને તમે રાજી થશો." ડૉ. પ્રિમરોઝે કહ્યું:—"ખરૂં; પણ ટાપટીપ અને સ્વચ્છતા તે એક નથી. આ લૂગડાંમાં જે નકામી ચીજો બાંધી છે અને નિરર્થક ઘેર રાખ્યા છે—તે કાઢી નાંખો તો એટલા લૂગડાંમાંથી બિચારાં નવસ્ત્રાં ગરીબ લોકનાં શરીર ઢંકાય." કુટુંબ ડૉ. પ્રિમરોઝની ઉમદા અસર નીચે ઊછર્યું હતું—એટલે આ ઉપદેશ માન્ય કરતાં કોઈને વાર લાગી નહિ.

ગરીબ અવસ્થાના કેટલાક ગુણ છે—સાદાઈ, ઉદ્યોગ વગેરે—તેમ એક દોષ પણ છે: પૈસાદારને જોઈ ગરીબનું મન ઘણીવાર અંજાઈ જાય છે અને વિવશ બની જાય છે. ડૉ. પ્રિમરોઝના મહાન આત્માને તો પૈસાનો ચળકાટ કદી પણ મોહ ઊપજાવે એમ ન હતું, પણ એના ઘરમાં પાસેનો 'સ્કૂવાયર' (ગામનો જમીનદાર ધણી—ન્હાનો લૉર્ડ) આવતો જતો થયો. એને જમાઈ કરવાની ડૉ. પ્રિમરોઝની સ્ત્રીને અને છોકરીઓને લાલસા ઉત્પન્ન થઈ. આ વખતથી ડૉ. પ્રિમરોઝને માથે સંકટોની પરંપરા આવવા લાગી. ડૉ. પ્રિમરોઝ સુધ્ધાં આખું કુટુમ્બ ભોળિયું હતું—અને એમને ધૂતારાઓ ઠગી જતા; અને પેલો 'સ્કૂવાયર' તો વિહકારની એક છોકરીને કાઢી નાશી ગયો ! બિચારા વિહકારનું ઘર બળી ગયું, ન્હાનાં છોકરાને બચાવવા જતાં એનો હાથ બળ્યો ! ભાડા માટે એને સાધારણ ગુન્હેગારો ભેગો તુરંગમાં રાખવામાં આવ્યો—પણ 'સુખડને જેમ જેમ ઘસો તેમ તેમ એમાંથી સુગન્ધ જ નીકળે છે' એ ન્યાયે આ અત્યંત સંકટની દશામાં પણ એણે પોતાના સહવાસથી બંદીવાનોને ધર્મ અને નીતિનો ઉપદેશ કરી એમનું કલ્યાણ કરવામાં જ વખત કાઢ્યો. ઉદાર દિલે એ સ્કૂવાયરની દુષ્ટતાને ક્ષમા કરે છે—પણ સ્કૂવાયર એની બીજી દીકરીને પણ કઢાવી જાય છે; અને મ્હોટા છોકરા ઉપર ખૂનનો ખોટો આરોપ લાવી બંદીખાનામાં નંખાવે છે. બિચારા ડોસાનું હૃદય ભાંગી

જાય છે—એ મરણતોલ થઈ પડ્યો છે, પથારીમાં પરાણે બેસી શકે છે, પણ એ અવસ્થામાં પણ છોકરાને ને માને ટેકો દઈ બેઠો થઈ—સંસારના સુખદુ:ખના રહસ્ય ઉપર પોતાના છોકરાને અને બંદીવાનોને ઉપદેશ દે છે. એ ઉપદેશનો સાર એવો છે કે—નાસ્તિક તત્ત્વજ્ઞાન એક રહસ્યનો જે ખુલાસો કરે છે તે યથાર્થ નથી, એનો ખરો ખુલાસો ધર્મથી જ મળે છે: એ તત્ત્વજ્ઞાન કહે છે કે આપણે સુખ ભોગવી જાણીએ તો દુનિયા પુષ્કળ સુખથી ભરેલી છે—થોડાંક અનિવાર્ય દુ:ખ છે ખરાં, પણ જિંદગી ટૂંકી છે એટલે એનો જલદી છેડો આવી જાય છે. તેથી દુ:ખો માટે ફરિયાદ કરવાનું કારણ રહેતું નથી. ડૉ. પ્રિમરોઝ કહે છે કે જિંદગીમાં સુખદુ:ખના રહસ્યનો આ ખરો ખુલાસો નથી—કારણ કે એમાં વ્યાઘાત દોષ આવે છે. જો જિંદગી સુખથી ભરેલી છે પણ તે જ સાથે જો તમે કહો છો, તેમ એ ટૂંકી છે, તો તેની ટૂંકાઈ એ જ મ્હોટું દુ:ખ છે, અને એ લાંબી છે એમ કહો તો જે દુ:ખો તમે કબૂલ કરો છો એ લાંબો વખત ચાલ્યાં કરીને સુખને દાબી નાંખે છે. ધર્મ—જે પરલોકનું અસ્તિત્વ મનાવે છે—એ જ રહસ્યનો ખરો ખુલાસો આપે છે: તે એવી રીતે કે, જો આપણે સુખી છીએ તો પરલોકમાં પણ એ સુખ અનન્તગણું થઈ ચાલતું રહેશે; અને જો અહીં આપણે દુ:ખી છીએ તો એ દુ:ખનો અન્ત આવી પરલોકમાં સુખ થશે. પ્રભુ 'અનાથનો નાથ,' 'નિર્ધનનું ધન' 'દીનનો દયાળ' છે—એમ કહેવામાં આવે છે તે યોગ્ય છે, કારણ કે પ્રભુના ધામનું સુખ, જેવું આ દુનિયાના દુ:ખી જીવને મીઠું લાગે છે તેવું સુખી જીવને લાગી શકતું નથી. ઇત્યાદિ.

આખરે ડૉ. પ્રિમરોઝનો અને આખા કુટુંબનો દિવસ ફરે છે. સ્કૂવાયર સુદ્ધાન્ત એના દુશ્મનો પણ પસ્તાઈને ઠેકાણે આવે છે. છોકરા છોકરીઓ ઠેકાણે પડે છે. દેવાળું કાઢી નાશી ગએલો વેપારી બેલ્જીઅમમાં પકડાય છે, એની મિલ્કતમાંથી ડૉ. પ્રિમરોઝનું ગયું ધન પણ પાછું આવે છે અને સઘળાં સારાં વાનાં થાય છે.

આજે મને આ વાર્તામાં ડૉ. પ્રિમરોઝનું અડગ ધૈર્ય, એની અદ્દભુત પ્રસન્નવૃત્તિ, એનું ભોળું ક્ષમાળું હૃદય, અને એનો પ્રભુ ઉપર પૂર્ણ વિશ્વાસ—એ તત્ત્વો આકર્ષક લાગે છે. અને તેથી એના ગુણોના વર્ણનમાં ધાર્યા કરતાં મ્હારાથી વધારે લંબાણ થઈ ગયું, પણ મ્હારે કહેવું જોઇએ કે ન્હાનપણમાં મને—અને હું ધારૂં છું મ્હારી સાથેના સર્વ વિદ્યાર્થીઓને જે વધારેમાં વધારે ગમતું અને જેનો અત્યારે હું ઉપર ઉલ્લેખ કરવો પણ ભૂલી ગયો, તે ડૉ. પ્રિમરોઝનાં બે ટટ્ટુ—એક કાંણું અને બીજું બાંડું,—અને એ ઉપર દેવળ જવા ચઢેલી કુટુમ્બની સ્વારી—પાસેના શહેરના શુક્રવારમાં ટટ્ટુ વેચવા ગએલો અને એને બદલે પાંચછ આનાનાં ચશ્માં લઇ પાછો આવેલો મોઝીઝ (વિહકારનો ન્હાનો છોકરો), અને વિહકારને પણ મંત્રી ગએલો પેલો મ્હોટી દાઢીવાળો શબ્દાડંબરી ફિલસૂફ ધૂતારો–મિ. જેન્કિન્સ.×


[વસંત : વર્ષ ૩૭, અંક ૨, વૈશાખ–આષાઢ, સં. ૧૯૯૪]


× વસન્ત, વર્ષ ૧૧, અંક ૧૧, કાર્તિક, સંવત ૧૯૬૯માંથી એટલે આજથી લગભગ ૨૫ વર્ષ ઉપર ઈ. સ. ૧૯૧૩માં લખેલો આ લેખ અહીં ઊતારૂં છું તે એમ બતાવવાને કે અમે અંગ્રેજીના પાઠમાં પણ રસ લેતા. અને એમાંથી જીવનભર કામ આવે એવું ઘણું શીખેલા. આપણા દેશના ઋષિઓનાં અને સંતોનાં ચરિત્રો મ્હેં વાંચ્યાં છે, પણ એ જ સંતચરિતાવલીમાં ડૉ. પ્રિમરોઝને એક સાંખ્યયોગી તરીકે ઊમેરૂં અને એમ કહું કે અંગ્રેજીએ પણ મને લાભ કર્યો છે તો એમાં ખોટું છે ?

—તન્ત્રી : સંવત ૧૯૯૪, અષાઢ શુ, ૧૧

અંગ્રેજી નામોની સૂચી

શબ્દસૂચી




ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા
ગાંધીરસ્તા : અમદાવાદ.

આચાર્યશ્રીનાં

અન્ય પુસ્તકો

૧	શ્રી ભાષ્ય	.... ૯–૦
૨	હિંદુધર્મની બાળપોથી	૦–૮
૩	નીતિશિક્ષણ	.... ૧–૪
૪	ધર્મવર્ણન	....
૫	હિંદુ વેદધર્મ	.... ૪–૪
૬	આપણો ધર્મ	.... ૪–૦
૭	કાવ્યતત્ત્વવિચાર	.... ૪–૮
૮	સાહિત્ય વિચાર	.... ૫–૮
૯	દિગ્દર્શન	.... ૨–૦
૧૦	સ્યાદ્વાદમંજરી (બોમ્બે સંસ્કૃત સીરીઝ)	.... ૧૧–૦
૧૧	न्यायप्रवेश (ગાયકવાડ ઓરીએ૦ સીરીઝ)	૪–૦



: પ્રાપ્તિસ્થાન :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો : અમદાવાદ.

જેકેટ : શારદા મુદ્રણાલય, અમદાવાદ